|૫૯૯૪|

વર્ષ : ૫ ● અંક : ૧ ● ● તા. ૧૬-૧-૧૯૯૪ ● ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## ચરણ-ચલણનો મહિમા

કેટલાક સમય પહેલાં અમે અમેરિકામાં હતાં ત્યારે ત્યાંના એક મિત્રને સાંજે જમ્યા પછી ખાટા ઓડકાર આવવા લાગ્યા અને છાતીમાં ગભરામણ થઈ. તરત તેઓ ડૉક્ટરને ત્યાં પહોંચ્યા. બધી તપાસ કરીને ડૉક્ટરે કહ્યું, તમને કોઈ ગંભીર રોગ નથી. તમારે ચાલવાની જરૂર છે. દવાથી થોડી રાહત થશે, પણ રોજ ઓછામાં ઓછા બે માઈલ ચાલવાનું રાખશો તો બધી તકલીફ દૂર થઈ જશે. નહિ ચાલો તો ગંભીર માંદગી આવશે.'

એ મિત્ર દિવસમાં બસો ડગલાં પણ ચાલતા નહોતા. ચાલવાનું ચાલુ કર્યા પછી એમની તકલીફ દૂર થઈ ગઈ.

દુનિયાના સમૃદ્ધ દેશોમાં ઘણાખરા માણસો પાસે પોતાની માલિકીની મોટરકાર હોય છે. ઘરમાંથીજ સીધા ગેરેજમાં જવાય એવી વ્યવસ્થા હોય છે. ગાડીમાંથી ઊતરવું ન પડે એટલા માટે ડ્રાઈવ-ઈન બેંક, પોસ્ટઓફિસ, દુકાનો, રેસ્ટોરાં હોય છે. મોટાં સ્ટેશનો, એરપોર્ટ વગેરેમાં ચાલવું ન પડે તેમાટે કન્વેયર બેલ્ટ કે ટ્રોલી કારની સગવડ હોય છે. જેટ વિમાનોની શોધ પછી દુનિયામાં માણસોનું પરિભ્રમણ ઘણું જ વધી ગયું છે, પણ ચાલવાનું ઘટી ગયું છે. ઓછું ચાલવાને કારણે માણસની માત્ર શારીરિક જ નહીં, પણ માનસિક સમસ્યાઓ પણ વધી ગઈ છે, [illegible]મૃદ્ધ દેશો આ બાબતમાં હવે સભાન થઈ ગયા છે. ઘણા ડૉક્ટરો દર્દીને પ્રિસ્ક્રિપ્શનમાં ફક્ત એક જ દવા લખી આપે છે : WALK.

વિદેશોમાં કેટલેય ઠેકાણે એટલી બધી સગવડ હોય છે કે પગે ચાલવાની જરૂર નથી પડતી, પરંતુ એને લીધે જ્યારે શારીરિક તકલીફો ઊભી થયા છે ત્યારે ડૉક્ટર ચાલવાની સલાહ આપે છે. ત્યાં જીવન એટલું બધું વ્યસ્ત હોય છે અને ઋતુ. અંતર વગેરેને કારણે બહાર ચાલવા જવાની અનુકૂળતા નથી મળતી ત્યારે કટેલાય લોકો ઘરમાં ચાલવાનાં સાધનો વસાવી લે છે. વ્યાયામનાં એવા સાધનો નીકળ્યાં છે કે માણસ એના ઉપર [illegible]હાથ પકડી ઊભો રહે તો પગ નીચેથી સરકતા પટ્ટા ઉપર તેને પરાણે ચાલવું પડે. ઘાંચીનો બળદ પાંચ માઈલ ચાલે [illegible] ત્યાં જ હોય તેવી રીતે આવાં સાધનો ઉપર ચાલવાની [illegible]ર વ્યક્તિ પાંચ માઈલ ચાલે છતાં ત્યાંની ત્યાં જ હોય. [illegible]માં જરૂરિયાત અનુસાર નવા નવા ઉપાયો વિચારાય છે અને [illegible] સાધનો નીકળતાં રહે છે. જેમ ચાલવા માટેના [illegible]થિયાં ચઢવાના સાધનો પણ નીકળ્યાં છે. ઘરમાં [illegible] દસ-પંદર માળ જેટલાં પગથિયાં ચઢી જાય છે અને છ[illegible] ત્યાં જ ઊભો હોય છે. મોટા મોટા હાઈવે થતાં દૂર દૂરનાં નાનાં નાનાં ગામડાં વિખૂટાં પડી ગયા હતાં. હવે પગે ચાલનારાનાં મંડળો હાઈવે છોડી ગામડાને રસ્તે (Cross-country) ચાલે છે અને એવાં ગામડઓમાં રાત્રિમુકામ માટે Walkers Inn થવા લાગી છે. પગે ચાલનારાઓ માટે જુદા જુદા નકશા અને માહિતીપત્રકો છપાવા લાગ્યાં છે.

વિદેશોમાં ચાલવાની બાબતમાં હવે દિવસે દિવસે વધુ સભાનતા આવતી જાય છે. મોટી મોટી કંપનીઓના સ્ટાફના માણસો માટે 'Walkers Club'ની સ્થાપના થવા લાગી છે. રિસેસના વખતમાં ક્લબના સભ્યો નાના નાન જૂથમાં પાર્કિંગ એરિયામાં પાંચ, પંદર રાઉન્ડ મારી આવે છે. પોતાની ગાડી ઓફિસની નજીકમાં નજીક પાર્ક કરવાની મનોવૃત્તિ બદલાતી જાય છે અને શક્ય તેટલે દૂર પાર્ક કરાય છે કે જેથી એટલું વધુ ચાલવાની તક મળે. નવા જગતની નવી સમસ્યાઓના નિરાકરણ માટે જીવનના ઉપક્રમમાં કેવાં કેવાં પરિવર્તનોની આવશ્યકતા ઊભી થાય છે તે આના ઉપરથી જોઈ શકાય છે.

યુગે યુગે નવાં નવાં વાહનોની શોધ થવાને લીધે મનુષ્યનું જીવન વધારે સગવડભર્યું બનતું જાય છે. માણસની રહેણી-કરણીમાં પણ તે પ્રમાણે પરિવર્તન આવતું જાય છે. કેટલાય પાશ્ચાત્ય દેશોમાં પોતાની અંગત માલિકીની મોટરકાર હોવી એ હવે મોજશોખની બાબત નહિ પણ જરૂરિયાત બની ગઈ છે. વધુ કામો કરવાં હોય અને પોતાની સગવડ અનુસાર સમય સાચવવો હોય તો પોતાનું અંગત વાહન હોવું જરૂરી છે. માણસ ઘરેથી નીકળે અને ઓફિસે જાય અને સાંજે ઘરે પાછો આવે ત્યાં સુધી એના પગને રસ્તાનો સ્પર્શ થતો નથી. Door to Door Service આવાં સાધનોને લીધે મળતી હોવાથી કેટલાય સમૃદ્ધ દેશોમાં અનેક લોકોને રસ્તા પર ચાલવાની તક ઘણી જ ઓછી મળે છે. પરંતુ એને લીધે જ થોડાં વર્ષોમાં માણસને જાત જાતની શારીરિક વ્યાધિઓ ચાલુ થાય છે. શિયાળામાં બરફ પડતો હોય, ઠંડો પવન સુસવાટા કરતો ફૂંકાતો હોય તેવે વખતે આવી મોટરકાર આશીર્વાદરૂપ નીવડે છે. પરંતુ વાહનની પરાધીનતા ધીમે ધીમે માણસના ચિત્તમાં એટલું ઘર કરી જાય છે કે સારી અનુકૂળ ઋતુમાં પણ એકાદ બે ફર્લાંગ જેટલું પણ માણસને ચાલવાનું મન થતું નથી.

એમ કહેવાય છે કે મનુષ્યના શરીરમાં કુલ જેટલાં હાડકાં છે તેના ચોથા ભાગનાં હાડકાં તો ફક્ત બે પગની અંદર આવેલાં છે. એટલે કુદરતે જ ચરણને કેટલું મહત્ત્વ આપ્યું છે તે શરીરની રચના ઉપરથી જોઈ શકાય છે. હૃદયથી સૌથી દૂર આવેલું શરીરનું અંગ તે ચરણ છે. લોહીનું પરિભ્રમણ બરાબર ન હોય તો ચરણ ચાડી ખાય છે. શિયાળામાં પગે ઠંડી વધારે લાગે છે. હૃદય ચરણનું ઉષ્ણતામાન અને સંવેદનશીલતા બરાબર જાળવી શકે એ સારા આરોગ્યની નિશાની છે. મૃત્યુ પામતા

માણસના શરીરમાં સૌથી પહેલી અસર ચરણને થાય છે. માટે જ ચરણને ચાલતા રાખવાનો, ઉષ્ણ ચરણચલણનો મહિમા છે.

જીવશાસ્ત્રીઓ બતાવે છે કે બીજાં પ્રાણીઓ કરતાં મનુષ્યની વિશિષ્ટતા એ છે કે તે બે પગે ટટ્ટાર ઊભો રહીને સીધો ચાલી શકે છે. પ્રાણીઓ ઘણુ ખરું ચોપગાં હોય છે. મનુષ્યને આગળના બે પગને બદલે બે હાથ મળ્યા છે, જેનો તે વિવિધ રીતે ઉપયોગ કરી શકે છે. બે પગ ઉપર આખા વજનદાર શરીરને સ્થિર રાખવું એ જેવી તેવી વાત નથી. આપણે માણસને ઊભો રહેલો દિવસરાત જોઈએ છીએ, એટલે એ બાબત આપણને સ્વાભાવિક અને સહજ લાગે છે, પરંતુ જરા સૂક્ષ્મ રીતે વિચાર કરીએ તો એ વાત જરૂર નવાઈ ઉપજાવે એવી છે. ઈતર જીવસૃષ્ટિની દૃષ્ટિએ વિચારીએ તો આ જેવું તેવું આશ્ચર્ય નથી. મનુષ્યની શક્તિનો, એના જ્ઞાનતંતુઓનો એમાં વિકાસક્રમ રહેલો છે. કેટલાંક ચોપગાં પ્રાણી જન્મતાંની સાથે ચારેપગે ચાલવા માંડે છે, કુદાકૂદ કરવા માંડે છે, પરંતુ માનવ શિશુ જન્મતાંની સાથે બે પગે ઊભું રહી શકતું નથી. બાળક જન્મે છે, ત્યારપછી કેટલાક સમય સુધી તે, માત્ર ચત્તુ સૂઈ રહે છે; પછી પડખું ફરે છે; પછી ઊંધું પડે છે, પછી જ્યારે બેસતાં શીખે છે ત્યારે એની કરોડરજ્જુ અને એના જ્ઞાનતંતુઓ કંઈક વધુ શક્તિવાળા બને છે, ત્યાર પછી બાળક સ્થિર ઊભા રહેતાં શીખે છે અને એકાદ વર્ષનું થવા આવે ત્યાર પછી ડગલાં માંડીને ચાલતાં શીખે છે, ત્યારે એને જાણે કશુંક સિધ્દ કર્યાનો આનંદ થાય છે. એની કરોડરજ્જુનો અને એના જ્ઞાનતંતુઓનો આ રીતે વિકાસ થાય છે. વૃધ્દાવસ્થા આવતાં માણસના જ્ઞાનતંતુઓ નબળા પડે છે. ચાલવાની, ઊભા રહેવાની, બેસવાની તાકાત ક્રમે ક્રમે ઘટી જાય છે. કેટલાક અતિશય વૃધ્દ માણસો જીવનના અંતિમ વર્ષો સૂતાં સૂતાં પસાર કરે છે. આમ ચરણને ચલાવવામાં જ્ઞાનતંતુઓની શક્તિ મનુષ્ય જીવનમાં ઘણો મહત્વનો ભાગ ભજવે છે.

મનુષ્યના શરીરમાં મસ્તક એનું ઉત્તમાંગ ગણાય છે, કારણ કે મસ્તકમાં સ્પર્શાદિ પાંચે ઈન્દ્રિયો તથા મન આવેલાં છે. મસ્તક મનુષ્યની ઓળખનું તથા તેના વ્યક્તિત્વની પરખનું સૌથી ઉત્તમ અંગ છે. મનુષ્યના શરીરમાં બીજે છેડે આવેલા ચરણને મધ્યમ કે નિકૃષ્ટ પ્રકારના અંગ તરીકે ગણાવામાં આવે છે. સામુદ્રિક લક્ષણ પ્રમાણે કમરથી ઉપર આવેલાં શરીરના અંગોને શુભ અને કમરથી નીચે આવેલાં, શરીરનાં મળમૂત્રાદિની નિકટ આવેલાં શરીરનાં અંગોને અશુભ તરીકે ગણવામાં આવે છે. પરંતુ તેમાં પગનું સ્થાન વિલક્ષણ છે. પાદપ્રહારને કારણે, ધૂળ સાથે સતત સંગથી મલિન થવાને કારણે તથા એના દ્વારા પાશવી શક્તિનો ઉપયોગ થતો હોવાને કારણે પગ વગોવાયેલું અંગ છે. કેટલીકવાર તે ખોટી રીતે પણ બદનામ થાય છે. માણસની નજર જ્યારે સામે, ઊંચે કે આજુબાજુ હોય અને નીચે પગની ઠેસ વાગે તો ઘણીવાર દોષ પગનો નીકળે છે અને ઈજા પણ પગને થાય છે. શિર મોટા તે સત્કર્મી અને પગ મોટા તે અપકર્મી જેવી કહેવત પણ પગને ગૌરવ અપાવતી નથી. આમ પગ વગોવાય છે, છતાં પણ પવિત્ર પુરુષો પોતાના પગને ધન્ય બનાવે છે. અનેક લોકો સંત મહાત્માઓનાં ચરણમાં વંદન કરે છે, ચરણનો સ્પર્શ કરે છે, ચરણને કમળ તરીકે ઓળખાવે છે. પદ્મિની સ્ત્રીના બે ચરણને કમળની આકૃતિની જેમ ગોઠવી શકાય છે.

સ્વર્ગસ્થ થયેલા મહાત્માઓની ચરણપાદુકા બનાવીને તેને પૂજવામાં આવે છે. માણસના પગમાંથી સૂક્ષ્મ વિદ્યુત પ્રવાહ અર્થાત શક્તિ સ્ત્રોત વહ્યા કરે છે. તેને લીધે સંત મહાત્માઓના ચરણમાં વંદન કરવાનો મહિમા ચાલ્યો આવે છે. 'અમારું મસ્તક (ઉત્તમાંગ) તે આપના ચરણ (નિકૃષ્ટાંગ) તુલ્ય પણ નથી' એવી લઘુતા કે નમ્રતા વિનયપૂર્વક દર્શાવવા માટે પણ સંતોના ચરણમાં મસ્તક નમાવાય છે.

પ્રાચીન ભારતીય શાસ્ત્રોમાં શરીરનાં અંગાંગોના અભ્યાસને લગતાં શાસ્ત્રો પણ રચાયાં છે. અંગવિદ્યા અથવા સામુદ્રિક શાસ્ત્રમાં શરીરના બીજાં અંગાંગોની જેમ ચરણનાં લક્ષણોનો પણ ઊંડો અભ્યાસ થયેલો છે. ઉ. ત. પુરુષનાં પગનાં તળિયાં માટે કહેવાયું છે :

अस्वेदमुष्णमरुणं कमलोदरकान्ति मांसलं श्लक्ष्णम् ।
स्निग्धं समं पदतलं नृपसंतत्तिं दिशति पुंसाम् ॥
पादचरस्यापि चरणतलं यस्य कोमलं तत्र ।
पूर्णस्फुटोदुर्ध्वरेखा म विश्वम्भराधीशः ॥

[પરસેવા વગરનું, ઉષ્ણ, લાલાશવાળું, કમલગર્ભ જેવી કાન્તિવાળું, માંસલ, મૃદુ, સ્નિગ્ધ અને સમપ્રમાણ હોય એવું પગનું તળિયું મનુષ્યોને રાજ્યસંપત્તિનો અધિકારી બનાવે છે. જે પગપાળો ફરતો હોય છતાં એનું પગનું તળિયું કોમળ હોય અને તેની ઉપર પૂરેપૂરી તથા સ્પષ્ટ ઊર્ધ્વરેખા હોય તો તે રાજા હોય છે.]

પગનાં તળિયાનાં લક્ષણો દર્શાવતાં વળી કહેવાયનું છે; ખરાબ લાગતા પગ વંશચ્છેદ કરે છે; પકવેલી માટી જેવો પગના તળિયાનો રંગ જેનો હોય તો તે દ્વિજ હત્યા કરે છે, પીળા રંગના તળિયાવાળો અગમ્યાગમન કરે છે, કાળા રંગના તળિયાંવાળો મદ્યપાન કરે છે, પાંડુ રંગના તળિયાંવાળો અભક્ષ્ય ભક્ષણ કરે છે, પગનું તળિયું અંદરની બાજુ દબાઇ ગયેલું હોય તો તે સ્ત્રીને કારણે મૃત્યુ પામે છે, માંસ વગરનું હોય તો તેને ભારે રોગ થાય છે, ઉપસી આવેલું હોય તે ઘણી મુસાફરી કરે છે.

પગના તળિયામાં શંખ, છત્ર, અંકુશ, વજ, ચંદ્ર તથા ધ્વજની આકૃતિને સુરેખ અને સ્પષ્ટ બતાવતી રેખાઓ હોય તો તે પુરુષ હંમેશા ભાગ્યશાળી રહે છે. આ આકૃતિઓની રેખાઓ મધ્યમ પ્રકારની હોય તો પાછલી જિંદગીમાં તે ધનસંપત્તિ ભોગવે છે. પગના તળિયામાં ઉંદર પાડો, શિયાળ, કાગડો, ઘો, ગીધ જેવી આકૃતિની રેખાઓ હોય તે તે માણસ દરિદ્ર રહે છે.

સામુદ્રિક શાસ્ત્રમાં આવી જ રીતે સ્ત્રીના પગનાં તળિયનાં લક્ષણો દર્શાવ્યાં છે, જેમકે,

चक्रस्वस्तिकशंखध्वजांकुशच्छत्रमीनमकाराद्याः ।
जायन्ते पादतले यस्याः सा राजपत्नी स्यात ॥
श्वश्रृगालमहिषमूषककाकोलुकाहिकोकरभाद्याः ।
चरणतले जायन्ते यस्याः सा दुःखमाप्ननोति ॥

[જે સ્ત્રીના પગના તળિયામાં ચક્ર, સ્વસ્તિક, શંખ, ધજા, અંકુશ, છત્ર, માછલી, મગર, ઈત્યાદિ આકૃતિઓ હોય તે સ્ત્રી રાણી થાય છે. જે સ્ત્રીના પગના તળિયામાં કૂતરું, શિયાળ, પાડો, ઉંદર, કાગડો, ઘૂવડ, સાપ, વરુ, ઊંટ વગેરેની આકૃતિ હોય તો તે દુઃખી થાય છે.]

આ તો નમૂનારૂપ થોડાં લક્ષણો અહીં બતાવ્યાં છે. બીજા પણ ઘણાં લક્ષણો સામુદ્રિક શાસ્ત્રોમાં બતાવ્યાં છે. પગનાં તળિયાં ઉપરાંત, પગના અંગૂઠા, આંગળીઓ, નખ, એડી, ઘૂંટી, ઘૂંટણ, પિંડી વગેરેનાં વિવિધ પ્રકારના લક્ષણો એમાં દર્શાવાયાં છે. આ ઉપરથી જણાય છે કે એ શાસ્ત્રના રચયિતાઓએ કેટલું બધું ઝીણવટ ભર્યું, સૂક્ષ્મ અવલોકન કર્યું હશે !

કેટલાક કહેતા હોય છે કે ભગવાને માણસને પગ આપ્યા છે તે વાપરવા માટે આપ્યા છે, સાચવી રાખવા માટે નહિ. વસ્તુતઃ ચાલવાથી જ પગ વધુ સારી રીતે સચવાય છે. વપરાય નહિ તો પગ નકામા થઈ જાય., જેઓના પગ નકામા થઈ ગયા હોય છે અથવા જેઓ એક અથવા બંને પગે અપંગ હોય છે, તેઓને પગનું મહત્ત્વ બરાબર સમજાય છે એમને કોઈક સાધનથી ચાલવા મળે છે તો તેમના આનંદાશ્ચર્યનો પાર રહેતો નથી.

ચાલવાથી આખા શરીરને—પગની એડી, ઘૂંટણ, કમર, હાથ, ડોક વગેરે તમામ અવયવોની માંસપેશીઓને જરૂરી વ્યાયામ મળી રહે છે. તદુપરાંત ચાલવાથી પાચનશક્તિ સારી રહે છે તથા જ્ઞાનતંતુઓને પણ

સારી કસરત મળે છે. એટલા માટે જ એમ કહેવાય છે કે, માણસને એના બે પગ રૂપી બે ડૉક્ટર મળ્યા છે. તેનાથી ઉત્તમ બીજા કોઈ ડૉક્ટર નથી. ચાલવાથી શરીરના સ્નાયુઓને વધુ પ્રાણવાયુની જરૂર પડે છે. એથી માણસની શ્વાસોચ્છ્વાસની ક્રિયા વધુ સતેજ બને છે, તેથી એનાં ફેફસાંઓની ક્ષમતા અને સ્થિતિસ્થાપકતા વધે છે. એથી નસોમાં લોહીનું પરિભ્રમણ વધતાં ધમનીઓ ખૂલી જાય છે. એથી લોહીના દબાણના રોગ ઉપર અંકુશ આવે છે. ચાલવાથી શરીરમાં રહેતી વધુ પડતી ચરબીનું પ્રમાણ ઘટે છે. એથી શરીરનો ઘાટ સપ્રમાણ રહે છે.

શારીરિક કસરતોમાં ચાલવાની કસરત જેવી બીજી કોઈ કસરત નથી. આ કસરતમાં બધી કસરત આવી જાય છે. આ કસરત તદ્દન સાદી અને સૌ કોઈ કરી શકે તેવી સુલભ છે. તેમાં નથી કોઈ ખર્ચ કે નથી તેમાં બીજાં કોઈ સાધનોની અપેક્ષા. કેટલીક કસરતો કઠિન કે કષ્ટસાધ્ય હોય છે. તે માટે કેટલીક પૂર્વ તૈયારી કરવી પડે છે. તેમાં અમુક સમયનું પણ બંધન રહે છે. પરંતુ ચાલવામાં એવી કોઈ મુશ્કેલીઓ રહેતી નથી. વર્તમના સમયમાં વિવિધ પ્રકારના વ્યાયામ માટે તથા રમત ગમત માટે જાતજાતનાં સસ્તાં કે મોંઘાં સાધનો નીકળ્યાં છે. ચાલવાની કસરતમાં એવાં કોઈ ઉપકરણોની અનિવાર્યતા નથી. અલબત્ત, ઉત્સાહ વધે તેવાં વસ્ત્ર કે પગરખાંનો જરૂર વિચાર કરી શકાય (કયારેક તે શ્રીમંતાઈના પ્રદર્શનરૂપ હોય છે), પરંતુ તેની અનિવાર્યતા નથી. ચાલવાની કસરત આગળ ગરીબ-તવંગરનો ભેદ નથી. બીજી કસરતો કરતાં ચાલવાની કસરત માટે ચિત્ત પહેલું તૈયાર થઈ જાય છે. ભારે કસરતો કરવા માટે ક્યારેક મન આળસી જાય છે, પરંતુ ચાલવામાં કોઈ માનસિક પૂર્વ તૈયારી કરવાની રહેતી નથી. શારીરિક હલનચલન જીવનના અંગરૂપ હોવાથી ઊભા થઈને ચાલવા માટે માણસ ધારે ત્યારે તત્પર બની શકે છે.

વાહનોની સગવડને લીધે માણસની ચાલવાની ટેવ અને વૃત્તિ ઓછાં થતાં જાય છે. માણસનું જીવન શારીરિક દૃષ્ટિએ બેઠાડુ અને પ્રમાદી થતું જાય છે. માણસ દુકાન કે ઓફિસમાં પોતપોતના વ્યવસાય અર્થે આખો દિવસ બેઠાં બેઠાં માનસિક કામ ઘણું કરે છે, પરંતુ ચાલવાની વાત આવે ત્યાં એનું મન ઢીલું બની જાય છે. એમાં પણ જો વાહનની સુલભતા હોય તો માણસને તરત તેનો ઉપયોગ કરવાનું મન થાય છે. પગે ચાલીને અંતર કાપવાની ટેવવાલા લોકોને પણ અચાનક જો કોઈ વાહન મળે તો તે રાજી રાજી થઈ જાય છે. જૂના વખતમાં પણ કહેવાતું કે 'ગાડું જોઈને ગુડા ગળ્યાં'. વાહનના ઘણા લાભ છે. એમાં મુખ્યત્વે સમયનો બચાવ થાય છે અને પગને શ્રમ પડતો નથી. સાંસ્કૃતિક વિકાસની સાથે સાથે મનુષ્યની ગ્રંથિઓ પણ એવી બંધાઈ ગઈ છે કે જે વ્યક્તિ પાસે વધુ સારું અને મોઘું વાહન તેની પ્રતિષ્ઠા વધારે, એથી શ્રીમંત માણસોનું પગે ચાલવા તરફ જેટલું લક્ષ રહેવું જોઈએ તેટલું રહેતું નથી. કેટલીક વાર પગે ચાલતાં તેઓને શરમ આવે છે.

યૌવન કરતાં પણ પ્રૌઢાવસ્થા કે વૃદ્ધાસ્થામાં ચાલવાની વિશેષ જરૂર રહે છે, કારણ કે ત્યારે શરીરના સ્નાયુઓ શિથિલ થવા લાગે છે, પાચનતંત્રમાં ફરક પડતો જાય છે અને કે લોહીના પરિભ્રમણમાં અનિયમિતતા આવવા લાગે છે. વળી પ્રૌઢાવસ્થા કે વૃદ્ધાવસ્થામાં શરીરના સાંધાઓમાં—પગના ઘૂંટણમાં, કમરમાં, ખભામાં, ડોકમાં આવેલા સાંધાઓમાં આમવાત થવાને કારણે સંધિવાનો દુઃખાવો ચાલુ થાય છે, એવે વખતે સવાર-સાંજ નિયમિત ચાલવાથી એવો દુઃખાવો થતો નથી અને થાય તો તરત તેમાં રાહત મળે છે. તદુપરાંત જેઓને મધુપ્રમેહ (ડાયબિટીસ) હોય તથા લોહીનું દબાણ ઊંચું રહેતું હોય (હાઈ બ્લડ પ્રેશર હોય) તેઓ પણ જો સવાર-સાંજ નિયમિત ચાલવાનું રાખે તો તેમનો મધુપ્રમેહ અને બ્લડ પ્રેશર અંકુશમાં રહે છે. પોતાને ચાલવાની જરૂર હોવા છતાં તે બાબતમાં જેઓ પ્રમાદ કરે છે તેઓના જીવનમાં અનુક્રમે એક વિષચક્ર ચાલુ થઈ જાય છે. ચાલવાનું ગમતું નથી એટલે શરીરમાં ચરબીનો વધારો થાય છે. શરીરમાં ચરબીનો વધારો થાય એટલે ચાલવાનું કુદરતી રીતે ગમતુ નતી.

આમ ન ચાલે તો શરીરમાં મેદ વધે અને મેદ વધે એટલે ચાલવાનું ગમે નહિ. એમ કરતાં એક વખત એવો આવે છે કે જ્યારે ચાલવું હોય તો પણ ચાલી શકાતું નથી. જેઓની મેદની શરીર પ્રકૃતિ હોય તેઓએ તો આ બાબતમાં વેળાસર સભાન થઈને ચાલવાનું ચાલું કરી દેવું જોઈએ. કેટલીક સ્ત્રીઓ શરીરે એટલી ભારે અને બેડોળ થઈ જાય છે કે પછી બહાર રસ્ના ઉપર ચાલતાં એને શરમ આવે છે. ન ચાલવાને લીધે તેનું શરીર વધતું જાય છે અને પછી ઊલટાની વધારે શરમ આવે છે. આવી મહિલાઓએ લજ્જાના ભાવનો ત્યાગ કરીને, લોક ટીકા સામે મનોબળ કેળવીને પણ ચાલવાનું ચાલુ કરી દેવું જોઈએ, કારણ કે તેમ જો ન કરે તો તેઓનું શરીર અનેક વ્યાધિઓનો શિકાર બની જાય છે. અને તેઓ અકાળે મૃત્યુને નોતરે છે.

ચાલવાની કસરત શરીરને તો સુદૃઢ રાખે છે, પણ ચિત્તને પણ સુદૃઢ રાખી શકે છે. દુનિયાના મનોવૈજ્ઞાનિકો એ બાબતમાં સહમત છે કે માણસને જ્યારે કોઈ એક પ્રશ્ન બહુ સતાવતો હોય, તેની માનસિક ચિંતા વધી ગઈ હોય. તેવે વખતે જો તે ઘરની કે ઓફિસની બહાર જઈને અડધો માઈલ ચાલી આવે તો તેની ચિંતાની વ્યગ્રતાનું પ્રમાણ ઓછું થઈ જાય છે. ઘરના કે ઓફિસના વાતાવરણ અને ઉષ્ણતામાન કરતાં બહારના વાતાવરણ અને ઉષ્ણતામાનમાં ફરક હોવાને લીધે, બહાર જઈને ચાલવાથી માણસના ચિત્તના આંદોલનમાં તરત ફરક પડે છે. તેનું મન હળવું બને છે. એ તો દેખીતું જ છે કે ચાલવાને લીધે માણસને ડગલાં જોઈને માંડવા પડે છે. વળી તેની નજર આસપાસના પદાર્થોમાં, ઘરોમાં, દુકાનોમાં, પસાર થતા માણસોમાં પરોવાતી જાય છે. વળી ચાલતાં ચાલતાં પોતે ક્યાંક ભટકાઈ ન પડે તે માટે જાગૃત રહેવું પડે છે. એથી એના ચિત્તમાં ચાલતા ચિંતાના આંદોલનોનું સાતત્ય તૂટી જાય છે. તેથી ચિંતાની તીવ્રતા હળવી બની જાય છે. આ અનુભવ સિદ્ધ ઉપાય છે. માનસશાસ્ત્રીઓ પણ તેની ભલામણ કરે છે. વેપાર, ઉદ્યોગ, નાણાંની લેવડ-દેવડ કૌટુંબિક સમસ્યાઓ, વેરઝેર વગેરેની માનસિક વ્યાધિ ઘણાંને સતાવે છે. જે માણસો કૌટુંબિક, સામાજિક, આર્થિક કે ઈતર પ્રકારની અંગત સમસ્યાઓને કારણે માનસિક વ્યથા અનુભવતા હોય તેઓ ખુલ્લી હવામાં ચાલવાંનું રાખે તો તેઓની માનસિક વ્યથા ઓછી થાય છે. બર્ટ્રાન્ડ રસેલે કહ્યું છે, "unhappy businessman, I am convinced, would increase their happiness by walking six miles everyday than by any concievable change of philosophy.

ઘરકામ કરવામાં સ્ત્રીઓને કે ઓફિસમાં પટ્ટાવાળા વગેરેને દિવસ દરમિયાન છટુંછવાયું ઘણું ચાલવાનું થાય છે. હજાર કિલોમિટર વિમાનના પ્રવાસમાં ઍરહોસ્ટેસ એક-બે કિલોમિટર જેટલુ ચાલે છે. આવું ચાલવાથી થોડો ફાયદો જરૂર થાય છે, પરંતુ એ પ્રકારનું ચાલવું તે સ્વેચ્છાએ આનંદથી કરેલી કરસરત નથી. ફરજરૂપે કરેલી થકવનારી તે શારીરિક ક્રિયા છે. ચાલવા ખાતર ચાલવા માટે ઘરની બહાર ખુલ્લી તાજી હવામાં જવું જોઈએ. એથી ફાયદો વધુ થાય છે. અલબત્ત ખુલ્લામાં ચાલનારે પણ એટલું લક્ષમાં રાખવાનું રહે છે કે ખૂબ શ્વાસ ભરાઈ જાય એવી રીતે ન ચાલવું જોઈએ. એ બાબતમાં દરેકે પોતાની શક્તિ અને પ્રકૃતિ અનુસાર તથા ચાલવાથી પ્રસન્નતા વધે છે કે થાક વધે છે એના આધારે પોતાની ઝડપનું માપ કાઢી લેવું જોઈએ.

પગે ચાલવાને લીધે માણસ પોતાના ચિત્ત ઉપર સંયમ મેળવે છે તેવી જ રીતે પોતાની ઈન્દ્રિયો ઉપર પણ સંયમ મેળવી શકે છે. સ્વેચ્છાએ ચાલતા માણસને ભૂખ કે તરસ બહુ સતાવતાં નથી, કારણ કે એનું ચિત્ત પ્રસન્નતા અનુભવે છે. આ તો એક સામાન્ય વાત થઈ, પરંતુ એથી વિશેષ મહત્ત્વની વાત તો એ છે કે રોજ નિયમિત ચાલનાર માણસ

બ્રહ્મચર્યનું પાલન પણ સારી રીતે કરી શકે છે. ચાલવાને કારણે માણસના પગને, ઘૂંટણને અને સાથળને જે વ્યાયામ મળે છે એથી એની ગ્રંથિઓ ઉપર સંયમ આવે છે જે એના ચિત્તને સંયમમાં રાખવામાં સહાયભૂત બને છે. ભારતીય પરંપરામાં 'સાધુ તો ચલતા ભલા' એમ જે કહેવાયું છે તે સર્વથા સાચું જ છે. ચાલવાને કારણે, એટલે કે એક સ્થળેથી બીજે સ્થળે વિહાર કરવાને કારણે સાધુ પુરુષોને કોઇ એક સ્થળ માટે કે તે સ્થળની વ્યક્તિઓ માટે રાગ કે દ્વેષનાં કોઇ બંધનો થતાં નથી. અને થયાં હોય તો તે ગાઢ થતાં નથી. તેઓનું ચિત્ત તેવી બાબતોમાંથી તરત નિવૃત્ત થઇ જાય છે. ચાલવાના લાભમાં આ એક અત્યંત મહત્ત્વનું આધ્યાત્મિક કારણ તો ખરું જ, પરંતુ તે ઉપરાંત બ્રહ્મચર્યના પાલનમાં પણ તે ઉપકારક નીવડે છે એ પણ જેવો તેવો લાભ નથી. જૈન ધર્મમાં ભગવાન મહાવીરે સાધુઓના સતત વિહાર ઉપર ભાર મૂક્યો છે તેમાં આવી વ્યવહારુ દીર્ઘદૃષ્ટિ પણ રહેલી છે.

નજીક નજીકના કોઇ પણ બે ગામ વચ્ચે કેડી અવશ્ય કંડારાઇ જાય છે. વિવિધ હેતુ માટે નજીકનાં બે ગામના લોકો વચ્ચે આદાન-પ્રદાનનો વ્યવહાર હંમેશાં રહે જ છે. એવી અવરજવરથી નાની કેડી, મોટો રસ્તો કે ગાડાંના ચીલા વગેરે થઇ જાય છે. આમ એક ગામથી બીજા ગામ સુધી અને એ રીતે સળંગ અનેક ગામો સુધી આવા રસ્તાઓનું સાતત્ય રહેલું હોય છે. સૈકાઓ પૂર્વે પણ સાધુ સંન્યાસીઓ નદી, નાળાં, જંગલો અને ડુંગરો વટાવી ભારતની ચારધામની યાત્રા કરતા હતા. ક્યાંથી ક્યાં જવું, ક્યો રસ્તો ટૂંકો પડે, ક્યો રસ્તો વિકટ છે, ક્યે રસ્તે પાણી મળે, ક્યે રસ્તે વસતી અને મુસાફરોની અવર જવર મળે, ક્યો રસ્તો વાઘ-વરુ કે લૂટારુના ભયવાળો છે, ક્યો રસ્તો જંગલી લોકોના ડરવાળો છે એ બધું તેઓ જાણતા અને અજાણ્યા પ્રવાસીઓને યોગ્ય માર્ગદર્શન આપતાં.

ચાલીને લાંબુ અંતર કાપવામાં વાર લાગે છે એ સાચું પરંતુ જેમને ચાલવું જ છે અને ચાલીને જ અંતર કાપવું છે એમને માટે કશું દૂર નથી. પ્રાચીન સમયમાં પગે ચાલીને પ્રવાસીઓ, યાત્રિકો ક્યાંના ક્યાં પહોંચી જતાં. ચીનથી નીકળેલા પ્રવાસીઓ હ્યુ એન સંગ અને ફાહિયેન ભારત આવ્યા હતા. યુરોપમાંથી નીકળેલો પ્રસિદ્ધ પ્રવાસી માર્કોપોલો ચાલતો ચાલતો ચીન સુધી પહોંચ્યો હતો. બૌદ્ધ ભિખ્ખુઓ વિહાર કરતા કરતા ચીન-કોરિયા અને જાપાન સુધી પહોંચ્યા હતા. આજે પણ જૈન સાધુઓ પગે ચાલીને, વિહાર કરીને ભારતમાં બધે પહોંચી જાય છે. એક વખત ચાલવાનો નિર્ણય ચિત્તમાં અડગ થઇ જાય અને બીજા કોઇ વિકલ્પો ન ઊઠે તો બધું જ આયોજન ધારણા પ્રમાણે પાર પડે છે, કારણ કે ચાલનારને વાહન ઇત્યાદિની કોઇ પરાધીનતા રહેતી નથી.

પર્વતીય વિસ્તારોમાં જ્યાં કોઇ વાહનની સગવડ થવી શક્ય નથી ત્યાં માણસોને પગે ચાલ્યા વગર છૂટકો નથી. એવા પ્રદેશોમાં કેટલું અંતર કપાયું તેનું માપ કાઢવા માટે જૂના વખતમાં ચોકસાઇવાળાં સાધનો ન હતાં. ઘડિયાળ પણ નહોતી. જ્યાં ઊંચી નીચી જમીન હોય, વચ્ચે ટેકરીઓ આવતી હોય ત્યાં એ જમાનાના લોકો સમયના આધારે માપ કાઢતા. એટલું અંતર ચાલવામાં કેટલા સમયનો રસ્તો છે તે સૂર્ય, ચંદ્ર કે નક્ષત્રના આધારે તેઓ જણાવતાં. ક્યાંક લોકો પોતાની જીવન પદ્ધતિ અનુસાર તેનું માપ કહેતા. જૂના વખતમાં તિબેટમાં કોઇ સ્થળનું અંતર પૂછવામાં આવે તો લોકો ચાના પ્યાલા અનુસાર જણાવતા. તિબેટના લોકો પોતાની માખણ, મીઠાંવાળી જુદી જ જાતની ચા (એને મરજ્યાં કહે છે) અમુક અમુક સમયગાળાના અંતરે પીએ છે. એટલે કોઇ રસ્તા વિશે જ્યારે પૂછવામાં આવે ત્યારે તેઓ તે અંતર ચાના પ્યાલા ગણીને જણાવે. દા. ત. કોઇ સ્થળનું અંતર કેટલું છે એમ પૂછવામાં આવે અને તેઓ જો જવાબ આપે કે ચાના ત્રણ પ્યાલા, તો તેનો અર્થ એ થયો કે ચાના ત્રણ પ્યાલા પીવા વચ્ચે જેટલો સમય ગાળો રહે એટલો સમય એ સ્થળે પહોંચતાં લાગે. એવી જ રીતે જૂના વખતમાં યુરોપના કેટલાક પ્રવાસીઓ દિવસમાં ત્રણ-ચાર વખત ચલમમાં તંબાકુ ભરીને પીતા. એટલે બે ચલમ વચ્ચે જેટલો સમય લાગે તેટલો સમય ચાલવાના અંતર માટે તેઓ જણાવતા. અમુક અંતર ચાલ્યા પછી તેઓ ચલમ પીવા રોકાતા. જૂની તંબાકુ કાઢી નાખીને ચલમને સાફ કરવામાં આવતી. તેટલા સમયે આવતાં સ્થળને તેઓ તે રીતે ઓળખાવતા. મોરેશિયસમાં 'ક્યૂરપિપ' નામનું સ્થળ છે. એ નામ cure-pipe શબ્દ ઉપરથી આપેલું છે. એ સ્થળે પ્રવાસીઓ આરામ કરતાં અને પોતાની ચલમ સાફ કરી નવી તમાકુ ભરીને ચલમ પીતા.

ચાલવું એ પણ એક કળા છે. ચાલવાની ગતિમાં અને પગલામાં પ્રત્યેક વ્યક્તિની મુદ્રા અંકિત થાય છે. પ્રત્યેક માણસનો અવાજ જેમ જુદો હોય છે તેમ પ્રત્યેક માણસની ચાલવાની ગતિ-રીતિ પણ જુદી હોય છે. આ વાત તરત માનવામાં આવે એવી નથી. પરંતુ જો એવો કોઇ પ્રયોગ કરવામાં આવે કે ચાલતી વખતે માણસનાં પગલાં બરોબર અંકિત થાય તો આ વાતની ખાતરી થયા વગર રહે નહિ. ભીની રેતી કે માટીમાં જુદા જુદા માણસોને અડધો ફર્લાંગ જેટલું ચાલવાનું કહેવામાં આવે અને તેઓના પગલાંઓને જો સરખાવવામાં આવે તો આ આ વાતની તરત પ્રતીતિ થશે. કોઇકવાર ઘરમાં આવતી નવવધૂને કે સગર્ભા સૌભાગ્યવતીને કંકુવાળાં કે કેસરવાળાં પગલાં કરીને સફેદ વસ્ત્ર ઉપર ચલાવવામાં આવે છે. એવાં પગલાંઓને સરખાવવાથી પણ આ વાતની ખાત્રી થશે. માણસ બંને પગ ઉપર એક સરખો ભાર આપીને એક સરખાં માપનાં ડગલાં જવલ્લેજ ભરતો હોય છે. એની ખાત્રી કરવી હોય તો માણસના બૂટ કે ચંપલની એડીને લાગેલા ઘસારાને સરખાવવા જોઇએ. જવલ્લે જ જમણા પગના અને ડાબા પગનાં પગરખાંની એડીઓ એક સરખી ઘસાઇ હશે!

એકની એક વ્યક્તિ પણ ઉલ્લાસથી ચાલતી હોય, ચિંતામાં ચાલતી હોય, અધીરાઇથી ચાલતી હોય, થાકથી ચાલતી હોય, મન વગર ચાલતી હોય તો તે દરેક વખતે એનાં પગલાં જુદાં જુદાં પડતાં હોય છે. કેટલાંક નિરીક્ષકો તો વળી એમ પણ કહે છે કે માણસ એક સરખી સીધી લીટીમાં ચાલી શકતો નથી. એટલા માટે જ લશ્કરના સૈનિકોને ઠીક ઠીક તાલીમ આપવામાં આવે છે કે જે પછી તેઓ એક સરખી લીટીમાં, એક સરખાં અંતરનાં પગલાં સાથે ચાલી શકે છે.

લશ્કરના સૈનિકોને યુદ્ધના વખતે અચાનક ચાલવાનું કે દોડવાનું કેટલું આવે તે કહી શકાય નહિ. એટલા માટે જ લશ્કરલના સૈનિકોને ચાલવાનો, માર્ચ કરવાનો મહાવરો સતત આપતા રહેવાની પ્રથા દુનિયાના બધા જ દેશોમાં છે. સશક્ત યુવાન સૈનિક આખા દિવસમાં ઓછામાં ઓછા ચાલીસ માઇલ ચાલવાની શક્તિ ધરાવતો હોવો જોઇએ. બંને હાથ હલાવીને, માપસરનાં કદમ ભરીને બીજા સૈનિકો સાથે કદમ મિલાવીને સૈનિકો માર્ચ કરે છે. સામાન્ય નાગરિકો કદમ મિલાવીને સાથે જવલ્લે જ ચાલે છે. સૈનિકોની એ વિશિષ્ટતા એમની તાલીમને આભારી છે.

ચાલવાની રીત દરેકની પોતપોતાની હોવાને લીધે કેટલીકવાર સામેથી કે પાછળથી માણસના ફક્ત ચાલતા બે પગ જ દેખાય, તો પણ એ ચાલનાર વ્યક્તિ પરિચિત જનોને પરખાઇ આવે છે. ચલચિત્રોમાં એવાં દૃશ્યો ક્યારેક બતાવવામાં આવે છે. ચાલતી વખતે પગલાંનો કે પગરખાંનો અવાજ સાંભળીને પતિ કે પત્ની એક બીજાનાં આગમનને તરત જાણી લે છે. કેટલાંક માતા પિતા સંતાનોનાં પગલાંનાં અવાજને કળી શકે છે.

કેટલાંકની ચાલમાં લાલિત્ય હોય છે, તો કેટલાંકની ચાલમાં કર્કશતા કે ગરબડ હોય છે. સંસ્કૃત સાહિત્યમાં નાયિકાઓ માટે હંસગામિની, ગજગામિની જેવા શબ્દો પ્રયોજાયા છે તે સહેતુક છે અને સાર્થક છે. કેટલાંકની ચાલ મંદ ગતિની હોય છે. તો કેટલાકની ચાલ ત્વરિત ગતિની હોય છે. લશ્કરમાં મંદ ગતિની ચાલમાં-Slow Marchમાં કદમ જુદી

જ રીતે ઉઠાવવાનાં હોય છે. મોટા માણસોને સલામી આપનાર સેનાનાયકે પધ્ધતિસર Slow March કરવાની હોય છે.

જેમ માણસની વ્યક્તિગત ચાલ જુદી જુદી હોય છે તેમ જુદા જુદા દેશની પ્રજાઓની ચાલમાં પણ વિશિષ્ટ લક્ષણો જોવા મળે છે. સામ્યવાદી શાસનકાળ દરમિયાન રશિયા, પૂર્વજર્મની, હંગેરી વગેરે દેશોમાં જ્યાં બે ગામ વચ્ચે વાહનોની સગવડ નહોતી ત્યાં માણસોને લાંબાં લાંબાં ડગલાં ભરીને અત્યંત ઝડપથી ચાલતા જોયા છે. જાપાનના લોકો અને તેમાં પણ મહિલાઓને નાનાં નાનાં કદમ નજીક નજીક ભરીને ચાલવાનો ખાસ મહાવરો કરાવવામાં આવે છે. સહેજ વાંકા વળીને આવી રીતે કદમ ભરતી મહિલાના દેહલાલિત્યમાં વિનય અને વિનમ્રતા દેખાવાં જોઇએ એવી જાપાની માન્યતા છે.

પર્વતીય પ્રદેશમાં રહેતા લોકોની અને સપાટ મેદાનના પ્રદેશમાં રહેતા લોકોની ચાલવાની રોજિંદી ટેવમાં ફરક જણાશે. સપાટ મેદાનોમાં રહેતા લોકોના પગ જમીનથી સહેજ જ ઊંચા થઇને ગતિ કરી છે. ડુંગરાળ પ્રદેશોમાં રસ્તામાં આવતા પથ્થરો, ખડકો વગેરેને કારણે ત્યાં રહેતા લોકોમાં કુદરતી રીતે જ પગ સહેજ ઊંચકીને કદમ ભરવાની ટેવ પડી જાય છે, જેથી અજાણતાં ઠેસ લાગે નહિ.

સમૃધ્ધ દેશમાં જ્યાં રસ્તાઓ સીધા અને સપાટ હોય છે તથા મોટા મોટા સ્ટોર, થિએટરો, રેલવે સ્ટેશનો, એરપોર્ટ વગેરેમાં જ્યાં ફરસ એકસરખી હોય છે ત્યાં ઊંચુ જોઇને ચાલનાર માણસને પણ ઠેસ ન લાગે. જરાક ઊંચીનીચી જગ્યા આવી તો તરત ત્યાં Watch your stepનું પાટીયું આવ્યા વગર રહે નહિ. જ્યાં અજાણતાં માણસ ભૂલ કરે એવો સંભવ હોય અને ઠેસ વાગવાનો કે પડી જવાનો સંભવ હોય ત્યાં પગથિયાને બદલે કુદરતી ઢાળ જેવી રચના કરવામાં આવે છે.

આરોગ્યની દૃષ્ટિએ ચાલવાની કસરત અંગે બધાના અનુભવો એક સરખા ન હોઇ શકે. કોઇકને જાતે એકલા જ ચાલવું ગમે, તો કોઇકને સાથે એકાદ જણ હોય તો જ ગમે. કેટલાકને બે ચાર જણના સમૂહમાં વાતો કરતાં કરતાં ચાલવું ગમે, તો કોઇકને મૂગાં મૂગાં ચાલવું ગમે. ચીની ફિલસૂફ લાઓત્સેને મૂંગા મૂંગા ચાલવું ગમતું. વાતો કરનારને તેઓ પોતાની સાથે ફરવા આવવાની મનાઇ કરી દેતા.

દિવસે નહિ પણ રાતે એકલા ચાલ્યા જવાનો આનંદ પણ અનોખો હોય છે. તેમાં ચાદની રાત હોય તો તો વળી ઓર મજા. પરંતુ અંધારામાં વનવગડામાં એકલા ચાલ્યા જવાનો આનંદ કેવો અકલ્પ્ય હોય છે તે તો કોઇ ભીલ કે એવા કોઇ આદિવાસીને પૂછીએ તો ખબર પડે.

ડુંગરાળ પ્રદેશોમાં પણ એવી જાતિના લોકોના પગલાં કેડીઓના મહાવરાને લીધે વ્યવસ્થિત રીતે પડતાં હોય છે. એવા લોકોને રાતના વખતે અંધારામાં વાઘ-વરુ કે સાપનો ભય પણ લાગતો નથી. તેમનો ઉછેર જ એ રીતે થયેલો હોય છે. એક વખત એક જંગલમાં અમે જીપમાં બેસીને જતા હતા ત્યારે પંદરેક વર્ષની એક આદિવાસી છોકરી લાકડાં વીણીને પોતાના ટોપલામાં નાખતી ચાલી જતી હતી. તેને જોઇને અમને આશ્ચર્ય થયું. જીપમાં બેઠેલા અમને અચાનક વાઘ આવી ચડે તેનો ડર હતો, પરંતુ એ છોકરીને વાઘનો ડર નહોતો. અમે પૂછ્યું ત્યારે એણે કહ્યું, 'વાઘ અમને કંઇ કરે નહિ, હાઉં !' કુદરતને ખોળે ઉછરેલા માનવીઓ પોતાની પરિસ્થિતિનો કેવો સ્વીકાર કરી લે છે તે આવા પ્રસંગો ઉપરથી જોઇ શકાય છે.

વનવગડાંમાં એકલા એકલા નિરુદેશે આમતેમ ચાલ્યા જવાનો જે આનંદ છે તે કેટલો અનોખો છે તે તો જેણે સ્વાનુભવ હોય તે જ કહી શકે. માણસ જ્યારે એકલો ચાલ્યો જતો હોય છે ત્યારે નિસર્ગ સાથે તે કોઇ જુદી જ જાતનું ઐક્ય અનુભવે છે. ક્યારેક એને પંખીઓ ઉપરાંત વૃક્ષો, લત્તાઓ, પાંદડાઓ કે ખળખળ વહેતાં ઝરણાઓ પણ બોલતાં, પોતાની સાથે વાતો કરતાં, ગાતાં સંભળાય છે. કુદરતમાં એકાંતમાં કોઇક સ્થળે એકલા બેસવાનો જેવો આનંદ છે તેથી પણ કંઇક વિશિષ્ટ કોટિનો આનંદ એકલા એકલા ચાલ્યા જવાનો છે. માણસ તેવે વખતે જાત સાથે પણ વાતો કરી શકે છે, અજાણતાં વાતો કરવા લાગે છે. ક્યારેક તે ગીતો લલકારે છે. ચાલતાં ચાલતાં મુક્તકંઠે પોતાની જાતને વાચા દ્વારા વ્યક્ત કરવાનો એને ત્યારે એક અનોખો અવસર સાંપડે છે.

ચાલવાનો મહિમા ઘણો મોટો છે, પરંતુ શું ચાલવાથી જ દીર્ઘાયુષ્ય મળે છે ? ઘરમાં શાંત બેસી રહેનાર વ્યક્તિ શું દીર્ઘાયુષ્ય ન થઈ થઈ શકે ? એનો ઉત્તર એ છે કે ઘરમાં બેસીને સમય પસાર કરનાર વ્યક્તિ પણ જરૂર દીર્ઘાયુષ્ય થઈ શકે છે, પરંતુ તેવી વ્યક્તિએ પોતાના શરીરના ઓછા હલનચલનને લક્ષમાં રાખીને પોતાના આહારનાં પ્રકાર અને પ્રમાણ નક્કી કરી લેવાં જોઈએ. જેઓ તેવી સ્થિતિને અનુરૂપ થઈને આહાર-પાણી ઉપર સંયમ રાખે છે તેઓને માટે ચાલવાની કસરતની અનિવાર્યતા નથી. કેટલાક એવા યોગી મહાત્માઓ કે ગૃહસ્થ વૃદ્ધો જોવા મળશે કે જેઓ ચોવીસ કલાક પોતાના ધામમાં કે ઘરમાં બેઠા હોય અને છતાં નેવુંની ઉંમર વટાવી ચૂક્યા હોય. વ્યસન-રહિતતા, નિયમિત સમતોલ નિઆહાર ઊણોદરી વગેરે વ્રત અને વિશેષ તો ચિત્તની પ્રસન્નતા આરોગ્ય જાળવવામાં સહાયરૂપ થાય છે. વૃદ્ધાવસ્થા આવે અને શરીર અશક્ત થઈ જાય ત્યારે સ્થિરવાસ કરી દેનાર કેટલાય સાધુ મહાત્માઓ અને ગૃહસ્થો ઠીક ઠીક દીર્ઘાયુષ્ય ભોગવતા હોય છે. નેવું વર્ષની વયે સ્વર્ગવાસ પામનાર સાક્ષરવર્ય શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જીવનનાં છેલ્લાં ત્રીસ વર્ષ ઘરની બહાર જવલ્લેજ નીકળ્યા હતા. મહાયોગી શ્રી અરવિંદ પણ છેલ્લાં લગભગ ૩૭ વર્ષ ઘરની બહાર નીકળ્યા નહોતા.

અલબત્ત, આવાં ઉદાહરણોનું પ્રમાણ અલ્પ રહેવાનું. ચાલનાર વ્યક્તિને, ફરનાર વ્યક્તિને ભૌતિક, માનસિક તેમજ આધ્યાત્મિક ઘણા લાભ થાય છે. 'ફરે તે ચરે' એ કહેવતમાં ઘણું તથ્ય છે. માણસે સતત જાગૃત અને ક્રિયાશીલ રહેવું જોઈએ એ ઉદ્દેશને લક્ષમાં રાખીને ઠેઠ પ્રાચીનકાળથી ભારતીય તત્ત્વચિંતકોએ કહ્યું છે : 'चराति चरतो भगः' એટલે કે જે ચાલે છે તેનું ભાગ્ય પણ ચાલે છે, જે બેસી રહે છે તેનું ભાગ્ય પણ બેસી રહે અને જે સૂતો રહે છે તેનું ભાગ્ય પણ સૂતું રહે છે. ચાલવું શબ્દ અહીંયા માત્ર અભિધાની દૃષ્ટિએ ન લેતાં લક્ષણાથી તથા ભાવાર્થથી પણ લેવાનો છે. તેમાં ચાલવાની સ્થૂલ ક્રિયાનો સમાવેશ થઈ જાય છે. જે માણસે સારું ભાગ્ય, સારી તક મેળવવી હોય તે વ્યક્તિએ હરતાં ફરતાં રહેવું જોઈએ. ઘરમાં હાથ પગ જોડીને બેસી રહેનારને સારી તક મળતી નથી.

આમ ચાલવાનો, ચરણ-ચલણનો મહિમા દુનિયામાં સર્વત્ર, સર્વકાળ માટે સ્વીકારાયો છે. ચાર્લ્સ ડિકન્સે એક સ્થળે કહ્યું છે : The sum of the whole is this : Walk and be happy; walk and be healty. The best way to lengthen out our days is to walk steadily and with a purpose. the wanderign man knows of certain ancients, far gone in years, who have staved off infirmities and dissolution, by earnest walking-hale fellows, close upon ninety, but brisk as boys.

चरैव इति ।

❑ રમણલાલ ચી. શાહ

## નેત્રયજ્ઞ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આર્થિક સહયોગથી માંડવી (જી. સુરત)ની નેત્રયજ્ઞ સમિતિ દ્વારા સુરત જિલ્લાના માંડવી ગામે રવિવાર, તા. ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૪ના રોજ નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

❑ મંત્રીઓ

# ચારની ચોકડી

❑ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

મનુષ્યાદિના જીવનમાં શુભાશુભ લેશ્યાઓ દ્વારા થતાં અધ્યવસાયો મરણોત્તર ભાવી જીવનના નિર્દેશક બને છે. તીવ્રતર આર્ત ધ્યાન તથા તીવ્રતમ રૌદ્રધ્યાન નરકગતિના કારણો ગણાવી શકાય. ભાવનાનું અદ્વિતિય બળ છે. તેથી તો દૃઢપ્રહારી, વંકચૂલ, ચિલાતીપુત્રે નકરમાં જાય તેવાં ક્રૂર કર્મો કર્યા, પણ એમનો આયુષ્યનો બંધ પડેલો નહિ એટલે નિમિત્ત મળતાં પાપનો બંધ તોડી આત્મકલ્યાણ કર્યું.

આ સંદર્ભમાં કેટલાંક દૃષ્ટાંતો અને તેમાં રહેલું તત્ત્વ સમજીએ. રસ્તે ચાલનારની આંગળીઓ કાપી, તેનો હાર બનાવી પહેરતો હતો તેથી તેનું નામ અંગુલિમાળ પડયું. ભગવાન બુદ્ધનો સમાગમ થતાં તેના જીવનની તાસીર બદલાઈ ગઈ. હિંસાનું તત્ત્વજ્ઞાન જાણ્યા પછી અહિંસકનું જીવન જીવી કલ્યાણ સાધ્યું.

જીવનમાં પલટો ખાવાનો પ્રસંગ સંયતિરાજા માટે હતો. શિકાર કરેલો મૃગ મુનિના ચરણમાં પડ્યો. મુનિના મૃગનું મૃત્યુ થશે તો કોપાયમાન મુનિથી કરોડો લોકો ભસ્મીભૂત થઈ જશે. તેથી વંદન કરી મુનિની માફી માંગી. મુનિએ કહ્યું : હે રાજન અભસો પત્થિવા તુબ્ભં, અભયદાયા ભવાહિં'. પાપથી ખરડાયેલા જીવનને અહિંસામય બનાવ. તેમના એક વચને તે હિંસક મટી અહિંસક બન્યો, ભોગી મટી યોગી બન્યો. કેવો પ્રતાપ અહિંસાનો ! ખૂનીમાંથી મુનિ બન્યા.

યક્ષની પૂજા કરવા નગર બહાર ગયેલા અર્જુનમાળી અને તેની પત્ની બંધુમતીને જોઈ છ જણાની ટોળી તોફાને ચઢી. બંધુમતીનું અનેરું સૌંદર્ય જોઈ કામાતુર થયેલા તેઓએ પતિને બાંધી પત્ની સાથે ભોગ ભોગવવા લાગ્યા. અર્જુનમાળી યક્ષને કહે છે અમારી પૂજા વ્યર્થ ગઈ, તું સાચો દેવ નથી, પત્થર લાગે છે. તેથી કોપાયમાન થયેલા યક્ષે ભારે ગદા ઉપાડી છ જણા તથા પત્નીનો નાશ કર્યો. સાતનો ઘાટ ઘડયો. આ રીતે તે મહિનાઓ સુધી એક સ્ત્રી તથા છ પુરૂષોની હત્યા કરવા લાગ્યો, તેથી જ્યાં સુધી સાતની હત્યા ન થાય ત્યાંસુધી નગરના દરવાજા બંધ રહેતા.

ભગવાન મહાવીરની રાજગૃહીમાં પધરામણી થતાં ભગવાનનો ભક્ત સુદર્શન નગરના લોકોની મના છતાં 'કાર્ય સાધયામિ યા દેહં પાતયામિ' સૂત્રને ચરિતાર્થ કરવા વગર હથિયારે જવા લાગ્યો. ભગવાનનું નામસ્મરણ કરતો તેની પાસે પહોંચ્યો. શેઠે અરિહંતાદિ ચારનું શરણ સ્વીકાર્યું, ધ્યાનસ્થ થઈ ગયા. પંચપરમેષ્ઠિની શક્તિથી ગદા થંભી ગઈ, જમીન પર તે પટકાઈ ગયો. નિસ્તેજ, નિશ્ચેષ્ટ, નિસ્પ્રભ થઈ ભગવાનના ભક્ત આગળ નમી ગયો. તેણે ભગવાન પાસે દીક્ષાની માંગણી કરી. ભગવાને તે સ્વીકારી. હવે તે મુનિ અર્જુનમાળી થયો. ઘોર તપશ્ચર્યા આદરી. છઠ્ઠના પારણે તેઓ છઠ્ઠ કરવા લાગ્યા. ગોચરી માટે તેઓ નગરમાં જતા ત્યારે લોકો કડવા વેણ સંભળાવે છે, ગાળો દે છે. થુંકે છે, ઈંટ, પથ્થર, લાકડીનો પ્રહાર કરે છે, હત્યારો છે વગેરે વગેરે. ભગવાનની વાણીના અમીપાન પછી પાપને ખાળવા સમતાભાવ રાખી પરિષહો છ મહિના સુધી સહન કરે છે. અપૂર્વ સમતા કેળવી પાપનો તીવ્ર પશ્ચાતાપ કરી કેવળજ્ઞાન મેળવીને નિર્વાણ પામે છે. આવો પાપાત્મા પણ જન્મમાં કરેલી આરાધનાના બળે ચાર શરણાનું અનન્યભાવે શરણુ લેવાથી, ભગવાનની ભક્તિ રૂપી નામસ્મરણના રટણથી તથા તીવ્ર પશ્ચાતાપથી શું મેળવી શકાય તે આ પ્રસંગથી સમજી શકાય છે.

ચિલાતીપુત્રનો જન્મ રાજગૃહીમાં એક ગરીબ દાસીના પેટે થયો હતો. એક શેઠને ત્યાં તે મોટો થયો. પરચુરણ ઘરકામ તથા બાળકોને તે રમાડતો. શેઠને ચાર પુત્ર પર એક પુત્રી. દર્શન માત્રથી તે સુખ ઉપજાવતી હતી તેથી તેનું નામ સુષુમા રાખ્યું. રમાડતાં રમાડતાં સુષુમાં જ ચિલાતીનું જીવન બની ગઈ. પૂર્વ જન્મના લેણાદેણીથી તે બંને અહીં ભેગા થયા હતા. નારાજ બનેલા શેઠે તેને કાઢી મૂક્યો. તેનો જીવ સુષુમામાં ભરાઈ રહ્યો. ત્યારપછી બે ઠેકાણે નોકરીમાં ચિત્ત ન ચોંટતા તે જુગારી બન્યો અને તે દ્વારા આનુષંગિક દુર્ગુણો જેવાં કે ચોરી, મદ્યપાન, વેશ્યાગમન અને મારફાડ કરતો થઈ ગયો. તે ચોરપલ્લીમાં પહોંચ્યો અને તેના સાહસ, નિર્દયતા અને ક્રૂરતાથી પલ્લીપતિની કૃપાપાત્ર બન્યો. તેથી તે ચોરી, ધાડપાડવી, લૂંટફાટ ખૂન કરતો થઈ ગયો. તેણે એકવાર સારી તૈયારી કરી સાર્થવાહને ત્યાં ધાડ પાડી. સાથીદારોના હાથમાં પુષ્કળ માલ આવ્યો. તે હજી સુષુમાને ભૂલ્યો ન હતો. તેણે સુષુમાને શોધી હરણ કરી ભાગી નીકળ્યો. ધન્ય સાર્થવાહે જાણ્યું કે પુષ્કળ માલ સાથે સુષુમાને ઉપાડી ગયો છે તેથી તેનો પીછો કર્યો. તેણે જાણ્યું કે શેઠ સુષમા માટે જ પીછો કરે છે તેથી તલવારના એક ઝાટકે સુષુમાનું માથું ઉડાવી, ધડ ત્યાં રહેવા દઈ ભાગ્યો. સાર્થવાહે પોતાની પુત્રીની કરપીણ હત્યા થયેલી જોઈ કલ્પાંત કરી પાછો ફર્યો. તે આગળ વધ્યો. જંગલમાં જાનવરોના ચિત્કારથી તે ડર્યો નહિ. ભુખ-તરસ લાગવાથી તેણે એક વૃક્ષ નીચે સાધુ જોયા ત્યાં જઈ તેમને ધર્મ સંભળાવવા વિનંતિ કરી; નહીં તો સુષુમા જેવા હાલ કરીશ. મહાપુરુષો ધમકીથી ડરતા નથી હોતા. ચારણલબ્ધિ પ્રાપ્ત કરેલા આ સાધુ ઉચ્ચકોટિના હતા. તેમણે ત્રણ શબ્દો જેવાં કે ઉપશમ, વિવેક, સંવર' વડે સંબોધન કરી પોતાની લબ્ધિ વડે આકાશમાં ગમન કરી ગયા. ચિલાતીપુત્ર તે શબ્દો પર વિચાર કરે છે, વિમર્શ કરતા કરતાં વિચાર્યું કે સાધુ શક્તિશાળી, ચમત્કારી હતા. તેમની વાત મગજમાં ઠસી ગઈ. ચિંતન-મનનથી તેમના ઉપદેશનો મર્મ સમજ્યો. જ્ઞાન બહારથી નથી આવતું. તે અંદરથી પ્રગટે છે. તેમાં ચિંતન-મનન નિમિત્ત બને છે. તે હવે સમજ્યો કે ઉપશમ એટલે ઉપશમવું, શાંત પડવું, ક્રોધ છોડી દેવો. ક્રોધના પ્રતિકરૂપ તલવાર તેણે ફેંકી દીધી. વિવેક પર વિચાર કરતાં સ્વજનોનો, તન, ધનાદિનો મોહ છોડયો. મોહનું કારણ સુષુમાનું મસ્તક ફેંકી દીધું.

ત્રીજા સંવર પદ પર વિચાર કરતાં સમજાયું કે ઈન્દ્રિયો અને મનની પ્રવૃત્તિઓ રોકવી. તેથી મનને રોકવા શાંત થઈ, સ્થિર ચિત્તે ઉભો રહ્યો. સંવર દ્વારા સાધુતા આવી. તે ભાવસાધુ બન્યો. શુભ કર્મના ઉદયે જંગલમાં મંગલકારી સાધુના દર્શન થયા, ઉપદેશના વચન પર શ્રદ્ધા થઈ, જે સમજાયું તે અમલમાં મૂક્યું, પરિણિતી થઈ. શાસ્ત્રકારોએ કહ્યું છે કે :

ચત્તારિ પરમંગાણિ, દુલ્લાહાણીહ જંતુણો.
માણુંસત્તં સુઈ સદ્ધા, સંજમંમ્મિય વીરિયં

ભાવસાધુની કોટીમાં પહોંચી ગયેલો ચિલાતી ધ્યાનમાં મગ્ન છે, તેનો દેહ તાજા લોહીથી ખરડાયેલો છે, તેની ગંધથી વનકીડીઓ તેના શરીર પર ચઢી ચટકા ભરવા લાગી. એક ચટકે ઉંચાનીચા થઈ જવાય. અહીં સેંકડો કીડીનું વિશાળ સૈન્ય છે. ઉપશમનું રહસ્ય સમજેલો તેણે કીડી પર ક્રોધ ન કર્યો, વિવેકથી શરીરની મમતા ન રાખી, સંવરના રહસ્યથી દુઃખનો પ્રતિકાર ન કર્યો. કીડીનો ઉપદ્રવ ઘડી બે ઘડીનો નહીં, પણ પૂરા અઢી દિવસ ચાલ્યો, પરિષહ સમતાપૂર્વક સહ્યો. જ્યારે

તેણે દેહ છોડ્યો ત્યારે ચિત્તમાં શાંતિ હતી, સમતા હતી, સમાધિ હતી. સ્વર્ગે સીધાવી તે દૈવી સુખ ભોગવવા લાગ્યો. મનુષ્યના જીવનમાં કેવું પરિવર્તન આવે છે, તેનું આ જ્વલંત ઉદાહરણ છે.

જે નિશાન કદાપિ ચૂકી ન જાય, લક્ષ્યને બરાબર પેલી પાર મોકલી દે, તેવો બ્રાહ્મણ પુત્ર દૃઢપ્રહારી ખરાબ સોબતથી જુગારાદિ વ્યસનો આત્મસાત્ કરી લે છે; રાજા દ્વારા દેશનિકાલ કરાયો. તે સમયના રિવાજ પ્રમાણે મોંઢે મેંશ ચોપડી ખાસડાનો હાર પહેરાવી ગધેડે બેસાડી નગર બહાર લઈ જતા.

તેને ચોરોએ અટવીમાં પકડ્યો. માણસ પારખું તેમના ચોર રાજા સમક્ષ હાજર કર્યો. કામનો છે તેમ જાણી તેને ટોળીમાં દાખલ કર્યો તે મોટી મોટી ચોરી કરતો, મોટી ધાડ પાડતો; સામનો કરનારનું તલવારથી ડોકું ધડથી છૂટું કરતો. તેણે એક વાર સાથીઓ સાથે એક નગરમાં બેફામ લૂંટ ચલાવી. એક ચોરે કોઈ ગરીબ બ્રાહ્મણના ઘરમાં ભીખ માંગેલી. ક્ષીર પીરસી છોકરાં આરોગતાં હતાં ત્યાં તે પહોંચ્યો અને ક્ષીર ભરેલું વાસણ લઈ લીધું. આ સહન ન થવાથી ભોગળ લઈ બ્રાહ્મણે સામનો કર્યો. દૃઢપ્રહારી ત્યાં આવી પહોંચી તલવારના એકજ ઘાએ બ્રાહ્મણનું ડોકું ઉડાવી દીધું. તેથી આંગણામાં સામનો કરી રહેલી ગાયનો પણ શિરચ્છેદ કરી નાખ્યો. બંનેના વધથી બ્રાહ્મણી ખૂબ ઉશ્કેરાઈ, ગાળો દેતી તેને મારવા દોડી. ત્યાં દૃઢપ્રહારીએ તેના પેટમાં તલવાર ખોસી દીધી. તે પેટમાં રહેલા ગર્ભ સાથે ભૂમિ પર તૂટી પડી, ગર્ભનો લોચો પણ બહાર આવી ગયો.

આ આકસ્મિક દૃશ્યથી દૃઢપ્રહારીનું હૈયું હચમચી ગયું. મેં આ શું કરી નાખ્યું ? એક સાથે ચારની હત્યા ! અને તે પણ નિર્દોષ ગાય બ્રાહ્મણ, સ્ત્રી અને બાળક ! મારા જેવો પાપી અધમ, નીચ, દુષ્ટ, નિર્દય હત્યારો કોણ હોઈ શકે ? નગર છોડી દીધું પેલું કરુણાજનક દશ્ય વારંવાર નજર સમક્ષ તરવરવા લાગ્યું. પોતાના દુષ્ટ, પાપી કૃત્યની નિંદા કરવા સાથે પશ્ચાતાપના અશ્રુ ટપટપ ટપકવા લાગ્યા તે હવે આગળ વધે છે. અરણ્યમાં એક ધ્યાનસ્થ મુનિ જોયા. તેમના ચરણ પકડી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. મુનિએ કહ્યું 'હે મહાનુભાવ ! તું શાંત થા. આટલો શોક સંતાપ શા માટે ? તેણે કહ્યું : 'હે પ્રભુ ! હું અધમ, નીચ, ક્રૂર હત્યારો છું. નજીવા કારણસર મેં ચારની હત્યા કરી છે. મારું શું થશે ? મને બચાવો, મારું રક્ષણ કરો.' મુનિએ કહ્યું કે થઈ ગયેલી ભૂલ માટે જિનેશ્વરોએ સાચા હૃદયની માફી, તીવ્ર પશ્ચાત્તાપ તથા અહિંસા, સત્ય, અસ્તેય બ્રહ્મચર્ય, અપરિગ્રહ એ પાંચ મહાવ્રતો ધારણ કરીશ તો તું પવિત્ર થઈ મુક્ત થઈ જશે. મુનિના વચનથી મનનું સમાધાન થયું. તેણે પાંચ મહાવ્રતો ધારણ કર્યા. એવો અભિગ્રહ ધારણ કર્યો કે જ્યાં સુધી આ ચાર હત્યાઓનું મને સ્મરણ થાય ત્યાં સુધી અન્ન- પાણીનો ત્યાગ. લૂંટેલા નગરજનો તેને જોઈ બોલવા લાગ્યા : આ ઢોંગી છે, ધૂતારો છે. તેની પૂજા ખાસડાથી થવી જોઈએ. તેના પર ઈંટ, ધૂળ, પત્થરનો વરસાદ વરસાવ્યો. તે જરાપણ ચલાયમાન ન થયો. તેના નાક સુધી ઈંટાદિનો ઢગલો થયો. આ પ્રમાણે તે નગરના ચારે દરવાજે આ પરિષહ સહન કરવા લાગ્યો. આ ઘોર તપશ્ચર્યાથી આત્માની સંપૂર્ણ શુદ્ધિ થઈ અને અપૂર્વ એવું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

ભરહેસરની સજ્ઝાય જે રાઈપ્રતિક્રમણમાં' આવે છે તેમાં ઉપર જણાવેલાં ચારમાંથી બેનો ઉલ્લેખ આમ કરાયો છે':

ધન્નો ઈલાઈપુત્તો ચિલાઈપુત્તો અ બાહુમુણી;

પભવો વિણ્હુકુમારો, અદ્દકુમારો દૃઢપ્પહારી અ.

ઉપરના ચાર પ્રસંગોના સમાપનમાં જૈન દર્શનનું તત્ત્વ આ રીતે છે. પાપી કરતાં પાપની ઘૃણા. તિરસ્કાર, ભર્ત્સના, નિંદા, ગર્હાદિ કરવાનું સૂચવ્યું છે. પાપી તો દયાને પાત્ર છે, કેમકે વ્યક્તિ પાપનુબંધી પૂણ્યથી પાપ કરે છે. સાચા હૃદયથી પશ્ચાતાપપૂર્વક પાપની નિંદા ગર્હાદિ કરે, પરિણતિ થાય તેવાં અનુષ્ઠાનો કરે, અકરણનિયમ અંગિકાર કરે તો મહાપાપી પણ જીવન જીતી મોક્ષ અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. તેના જ્વલંત ઉદાહરણો અંગૂલિમાળ, અર્જુનમાળી, ચિલાતીપુત્ર, દૃઢપ્રહારાદિ ગણાવી શકાય.

જૈનદર્શન કહે છે કે પાપ કરે તે પાપી કહેવાય તેવો એકાન્તિક નિયમ ઘડી ન શકાય. પાપ કર્યા પછી જેના હૃદયમાં આંતરિક તીવ્રતમ પશ્ચાતાપ થાય, તે ખરી રીતે પાપી નથી. પરંતુ ધર્મી છે. માનવમાં પણ છેલ્લા મૃત્યુ સમયે પણ જે વ્યક્તિ જીવનના સઘળાં પાપોનું આલોચના, ગર્હાદિ સહિત પ્રાયશ્ચિત કરે છે; તે વ્યક્તિ પાપાત્મા નથી, પરંતુ ધર્માત્મા છે. કેટલું સુંદર આશ્વાસન ! આ વિચારસરણી જીવનને ઊર્ધ્વગતિ બનાવવા શું પૂરતી નથી ? આના દૃષ્ટાંત તરીકે પોતાની મેળે ભગવાન મહાવીરનો શિષ્ય થઈ બેઠેલો ગોશાલો છે. અસંખ્ય અઘટિત કાર્યો પછી જેની પાસેથી તેજોલેશ્યા શીખ્યો તેના પર જ તેનો પ્રયોગ ! પરંતુ, મૃત્યુ પહેલાં જે તીવ્ર આલોચના, ગર્હા, પશ્ચાત્તાપ કર્યા તેના પરિપાક રૂપે એક વખત તો તે બારમા દેવલોક સુધી જઈ શક્યો ને ?

હવે જીવનમાં પરિવર્તન લાવનારા જીવન તરફ વળીએ. એક વખતનો ધાડપાડુ જયતાક ગૂર્જરેશ્વર કુમારપાલ બન્યો. શિષ્યો સાથે આવનાર જૈનચાર્ય યશોભદ્રસૂરિના ધર્મબોધથી જ ને ! નોકર તરીકે શેઠ પાસેથી ભેટ મળેલી પાંચ કોડીના અઢાર પુષ્પોથી જિન પૂજા કરનારે ઉછળતા ભાવોલ્લાસ સાથે પ્રભુભક્તિ કરી તેથી અઢાર દેશોનો માલિક થયો અને પછી પ્રથમ તીર્થંકર પદ્મનાભના તે કુમારપાળ રાજા પ્રથમ ગણધર થશે. કુમારપાળ આ સિદ્ધિ કેવી રીતે હાંસલ કરી શક્યા ? પૂર્વભવમાં માત્ર પાંચ કોડીના ફૂલથી જે ભાવોલ્લાસ તથા તલ્લીનતાથી પ્રભુ પૂજા કરી હતી તેના ગુણાકારના પરિપાક રૂપે કુમારપાળ જાહોજલાલી મેળવી શક્યા, પુણ્યાનુબંધી પુણ્યથી મેળવેલી રિદ્ધિ-સિદ્ધિનો ગુણાકાર થાય તેવી રીતે વાપરી.

તેઓ મંગળપાઠથી જાગતા ,નમસ્કાર મંત્રનો જાપ કરતા દાંત બત્રીસ છે માટે 'વીતરાગસ્તોત્ર' અને યોગશાસ્ત્રના બત્રીસ પ્રકાશોનું સ્વાધ્યાયરૂપ ભાવભંજન કરતા. જિનમંદિરે દર્શન, ચૈત્યવંદન, કુમારવિહારની પરિપાટી કરતા. ગૃહમંદિરમાં નૈવેદ્ય ધરીને જમતા. સાંજે ઘરદેરાસરમાં અંગરચના, આરતી, પ્રભુભક્તિ કરતા. રાત્રે મહાપુરુષોના જીવન વિષે ચિંતન કરતા સુઈ જતા. આઠમ-ચૌદસે એકાસણું તથા સવાર-સાંજ સામાયિકમાં મૌન રાખતા. કાલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યને સંપૂર્ણતઃ સમર્પિત ગૂર્જરેશ્વર કુમારપાળ રોજ ચતુરંગિણિ સેના સાથે સંપૂર્ણ ઠાઠથી નીકળતાં અને માર્ગમાં સખ્યાબંધ કરોડપતિઓ જોડાતા. જે મંદિરે પૂજા કરતા તે છન્નું કરોડ સોનામહોરના વ્યયથી બંધાવ્યું હતું જે 'ત્રિભુવનપાળ વિહાર' તરીકે જગજાહેર બન્યું.

ઉપર ટાંકેલાં ઉદાહરણોના નિષ્કર્ષરૂપે કહી શકાય કે સાચા દિલનો પશ્ચાત્તાપ તથા ગુરુ સમક્ષ કરેલી આલોચના અને તેમણે આપેલું પ્રાયશ્ચિત કરાય તો ભવ્ય જીવ મોક્ષ સુધી પહોંચી શકે છે. પરંતુ રાજકન્યા લક્ષ્મણા જે ચોરીમાં વિધવા બની અને ત્યાર પછી જેણે સંસાર સુખને તિલાંજલિ દઈ સાધ્વી બન્યા પછી ચકલા-ચકલીનું મૈથુન જોઈ તીર્થંકરના વચન પ્રત્યે અવિશ્વાસ વ્યક્ત કરી માયાશલ્ય હૃદયમાં રાખી ગુરુ સમક્ષ પોતાના પાપને પ્રદર્શિત ન કર્યું. પછી આવું પાપ કોઈ કરે તો શું પ્રાયશ્ચિત આવે તે જાણી ગુરુએ બતાવેલા પ્રાયશ્ચિતથી ઘણું વધારે

પ્રાયશ્ચિત પચાસ વર્ષો સુધી કર્યા કર્યું તેમાં આયંબિલ, એકાસણા, ઉપવાસ છઠ્ઠના પારણે છઠ્ઠ કરી માયા રાખી તેથી તે ૮૦ ચોવીસી સુધી સંસારમાં રખડી; આગામી ઉત્સર્પિણીમાં પ્રથમ તીર્થંકર પદ્મનાભના સમયમાં મુક્ત થશે. આથી ઉલટું સ્થૂલભદ્ર બાર બાર વર્ષો સુધી કોશાને ત્યા રહી પરિણતી થતાં જે રીતે કામ સાધી લીધું તેથી ૮૪ ચોવીસ સુધી તેમનું નામ અમર કરી ગયા.

સંક્ષેપમાં જૈન તત્ત્વજ્ઞાનની દૃષ્ટિમાં પાપ કરે તે પાપી નહીં; જો તે તેના માટે ખરેખરો પશ્ચાતાપ કરી પરિણતી તથા અકરણનિયમ અખત્યાર કરે, ૮૪ લાખ યોનિ કે ૨૪ દંડકમા ભટકનારા જીવો કર્મને લીધે સંસાર અટવિમાં ભમ્યા કરે છે. ૧૪ રાજલોકમાં બેની જ સત્તા ચાલે છે એક કર્મની અને બીજી ધર્મની. કર્મની સત્તા કરતાં ધર્મસત્તા પ્રબળ છે. ઉપરનાં ઉદાહરણોમાં ભયંકર ક્રૂરતા, ઘાતકી કાર્ય કરનારા જીવોએ કર્મ તો કર્યા પણ પરિણતી થતાં જે અકરણનિયમ પકડયો અને તેથી કરેલાં કર્મોને નેસ્તનાબુદ કરવા માટે ધર્મશાસ્ત્રનો જે ઉપયોગ કર્યો તેથી ક્રૂર કર્મો કાપી સંસારનો અંત લાવવા સુધીની કક્ષા સુધી પહોંચી આત્મકલ્યાણ સાધી લીધું.

સંક્ષેપમાં લખાણમાંથી નવનીત કાઢવું હોય તો આટલું નિશ્ચિત કહી શકાય કે ખરા દિલથી કરેલો પશ્ચાતાપ કે કરેલું પ્રાયશ્ચિત અપૂર્વકરણ સુધી જીવને લઈ જાય છે અને તે દ્વારા પ્રાપ્ત થનાર અપૂર્વ સામર્થ્ય અને ઉલ્લાસના બળે પાપી જીવ પણ કરેલાં ક્રૂર કર્મોને બાળી કર્મવિહિન કક્ષા સુધી પહોંચી ક્રમબધ્ધ ક્ષપકશ્રેણિએ ચઢતાં કેવળજ્ઞાન કે મોક્ષ સુધી પહોંચી શકે છે. ક્રૂર, ઘાતકી, હિંસક કૃત્યકલાપો કરનારા પ્રાયશ્ચિતાદિથી પરિશુધ્ધ થઈ કલ્યાણ સાધે છે. પરંતુ પાપનો પરિતાપ ન કરતાં રાજીપો રાખે તો તે વ્યક્તિ નરકગામી બને છે.

મહાશતકને તેર પત્નીઓ હતી, તેમાંની એક રેવતી હતી. તેને બાર શોકયો હતી. રેવતી તેમાંથી છનો શસ્ત્ર વડે ઘાત કરે છે અને બીજી છને ઝેર આપી મારી નાંખે છે. તદુપરાંત પૌષધવ્રતમાં રહેલા પતિનું કાસળ કાઢીનાંખે છે તેથી તે નરકે જાય છે. આવી બીજી સ્ત્રી તે સૂર્યકાન્તા રાણી છે તે પોતાના એક સમયના પ્રાણીપ્રિય પતિને પણ ઝેર આપી દે છે તથા પ્રેમ કરવાનો ડોળ કરતી હોય તેમ ઝેર આપ્યા છતાં પણ ત્વરિત મૃત્યુ લાવવા પોતાનો છૂટો કેશકલાપ તેના ગળે વિંટાળી દઈ ટૂંપો દઈ મારી નાખે છે. આ બંને સ્ત્રીઓઓના કેવા હિચકારાં કૃત્યો !

❑❑❑

# પાટણમાં નેત્રયજ્ઞ

❑ અહેવાલ : શ્રી એલ. એમ. મહેતા (કાર્યાલય-મેનેજર)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે ચિખોદરાની હોસ્પિટલ દ્વારા તાજેતરમાં નેત્રયજ્ઞનું આયોજન પાટણ મુકામે થયું હતું.

જૂની કહેવતો ધીરે ધીરે ભૂંસાઇ જતી હોય તેમ લાગે છે. 'પાટણ જાવ તો પાટણનું પટોળું જરૂર લાવજો'. પાટણવાળાને પાટણના પટોળા વિષે પૂછવામાં આવે તો તેનો જવાબ 'અહીં કરતાં સૂરત કે મુંબઇમાં સસ્તાં અને સારાં મળશે. પચાસ કે સાઠ સિત્તેર હજારનું પટોળું લેવું હોય તો વાત કરજો. એ પણ આજે ઓર્ડર આપો એટલે આવતા વર્ષે આ જ તારીખે તમને મળે !'

શ્રી મફતલાલ ભીખાચંદ શાહના પરિવારના સભ્યો અને મિત્રો તરફથી તા. ૨૫-૧૧-૯૩ના રોજ પાટણમાં રાખેલ નેત્રયજ્ઞમાં જવાનો અમને એક સરસ અવસર મળ્યો. અવારનવાર તેમની સાથે નેત્રયજ્ઞમાં જવાનું થતું. તેમના કુટુંબ તરફથી ચિખોદરામાં પૂ. રવિશંકર મહારાજની આંખની હોસ્પિટલ મારફત શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા હોસ્પિટલના ડૉ. રમણીકભાઇ દોશીના નેજા નીચે આજુબાજુના ગામમાં ચાર નેત્રયજ્ઞ કરી ચૂક્યાં હતાં. આ વખતનો નેત્રયજ્ઞ તેમના કુટુંબની ભાવના અનુસાર પોતાનાં વતન પાટણમાં કરવો તેવો તેમનો આગ્રહ હતો. નેત્રયજ્ઞમાં આવનાર માટે ચાર દિવસનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. નેત્રયજ્ઞ પૂરો થયા પછી આવનાર વ્યક્તિને પાટણની આજુબાજુના સ્થળો જોવા મળે-યાત્રાનો લાભ પણ મળે તેવી ગોઠવણ કરવામાં આવી હતી.આવવા-જવાની ટિકિટનો પ્રબંધ પોતે જ કર્યો હતો. ચાર દિવસ માટે મેટાડોર રોકવામાં આવી હતી.

અમે બોમ્બે સેન્ટ્રલ સ્ટેશને પહોંચ્યા ત્યારે શ્રી મફતભાઇના પુત્ર શ્રી પ્રવીણભાઇ, બીજા પુત્ર શ્રી મહેન્દ્રભાઇના પત્ની શ્રી રશ્મિબહેન, શ્રી યશોમતીબહેન, શ્રી જયવદનભાઇ મુખત્યાર તથા શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ આવી ગયા હતા.

અમે સવારે છ વાગ્યે અમદાવાદ ઉતર્યાં. પાટણ જવા માટે મેટાડોર ઊભેલી હતી. નેત્રયજ્ઞના સંયોજક અને અમારી સમિતિના સભ્ય શ્રી રસિકલાલ લહેરચંદ શાહ ત્યાંથી જોડાવાના હતાં. શ્રી પ્રવીણભાઇના પુત્રી શ્રી સોનલબેન નગરશેઠે ભાવનગરથી હોસ્પિટલને ભેટ આપવા માટે ધાબળાં મોકલી આપ્યાં હતાં. મેટાડોરમાં સમાવેશ કરી પાટણ તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં મહેસાણામાં શ્રી સિમંધરસ્વામીનું દેરાસર આવતાં દર્શન કરીને પાટણ પહોંચ્યાં. શ્રી મફતભાઇ તથા તેમના પત્ની શ્રી વિમળાબહેન એક દિવસ વહેલાં આવી ગયા હતાં. શ્રી મફતભાઇએ સૌને આવકાર્યાં-ખૂબજ આનંદથી ભેટીને મળ્યાં. જમ્યા પછી અમે રાણકીવાવ જોવા ગયા. ગુજરાત સરકારે ત્રણ માળ સુધીનું ખોદકામ કરીને સિધ્ધરાજ જયસિંહના સમયમાં પથ્થરમાં કોતરેલ દેવદેવીઓની મૂર્તિઓ તથા રામાયણ અને મહાભારતના કથાપ્રસંગો કોતરેલી દિવાલો તેમજ અન્ય કોતરેલી મૂર્તિઓવાળું આ ઐતિહાસિક સ્થળ જોવાલાયક છે.

બીજે દિવસે નેત્રયજ્ઞ હતો. નેત્રયજ્ઞના સ્થળે પહોંચ્યા ત્યારે ચિખોદરાથી ડૉ. રમણીકભાઇ દોશી સાથેના ડૉકટરો, પૂ. રવિશંકર મહારાજના પુત્ર ડૉ. મેધાવ્રતભાઇ, સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ તરફથી શ્રી સુભાષભાઇ તથા પાટણના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ ડૉ. સેવંતીલાલ વગેરે આવી ગયા હતા. મોતિયાના ઓપરેશન માટે ૧૦૮ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા હતાં.

ભારતીય આરોગ્યનિધિની વિશાળ જગ્યાની વચ્ચે આંખની હૉસ્પિટલ હતી. આજુ-બાજુ લીમડાના તથા આંબાના ઘટાદાર વૃક્ષો ઉભેલા હતાં. હૉસ્પિટલમાં જવા માટે એક એક કેડી બનાવવામાં આવી હતી બાજુમાં સભા સમારંભ માટે મંડપ બાંધવામાં આવ્યો હતો. આંખમાં ઝામરવાને તપાસવા માટેનું મશીન શ્રી મફતભાઇ તરફથી ચિખોદરાની હૉસ્પિટલને ભેટ આપવાનું હતું. મશીન ટોનોમીટર પરદેશથી આવવાનું હતું. પ્લેન મોડું પડતાં જે ડૉકટર લાવવાનાં હતાં તે ડૉકટર તેની રાહ ન જોતાં મોટર મારફત અમદાવાદથી આવી ગયા હતા. મશીન પાછળથી આવતાં ચિખોદરા હોસ્પિટલને મોકલી આપવામાં આવ્યું હતું.

સ્ટેજ પર નામાંકિત વ્યક્તિઓને બેસાડવામાં આવી હતી. પોતાના તરફથી નેત્રયજ્ઞ હોવા છતાં શ્રી મફતભાઇએ પોતાની બેઠક સ્ટેજ પર ન લેતાં નીચે રહીને, હાથ જોડીને બધાંઓને આવકારતા હતાં. પોતે વેપારી હોવા છતાં આ સમારંભનું સંચાલન શ્રી મફતભાઇના પુત્ર શ્રી પ્રવીણભાઇએ ખૂબ જ સુંદર અને સરળ રીતે કર્યું હતું. સ્ટેજ પરથી બોલનાર મહાનુભાવોએ પ્રસંગોચિત સુંદર વકતવ્ય રજૂ કર્યાં.

નેત્રયજ્ઞનું સ્થળ નક્કી કરવા માટે આ હૉસ્પિટલનું સ્થળ નક્કી કરતાં પહેલાં થોડી મુસીબત ઊભી થઇ હતી. હૉસ્પિટલના ટ્રસ્ટી શ્રી શિરિષભાઇ પોપટલાલ શાહ મુંબઇમાં રહેતા હતાં. શ્રી મફતભાઇ તેમને મળવા ગયા. બધી વાત કરી. તેઓ ખૂબ જ ખૂશ થયા. સંમતિ આપી. પણ કોઇ કારણસર હૉસ્પિટલમાં તેમના કર્મચારીઓ તરફથી હડતાલ ચાલતી હતી. તેનો ઉકેલ લાવવાની જવાબદારી શ્રી મફતભાઇએ લીધી. તેઓ પાટણ આવ્યા. ડૉ. રમણીકભાઇ દોશી સાથે યુનિયનના લીડરને મળ્યા. ખૂબ જ સરસ રીતે પ્રશ્ન રજૂ કર્યો. તેઓ સમજી ગયા. આ કાર્યક્રમ સુધી પોતે હડતાળ પાછી ખેંચી લઇ પૂરો સહકાર આપવાની ખાત્રી આપી અને નેત્રયજ્ઞ કરવા માટે આ સ્થળ નક્કી કરવામાં આવ્યું.

જમ્યા પછી અમે પાટણના સુપ્રસિધ્ધ હેમચંદ્રાચાર્ય જ્ઞાનભંડારની મુલાકાત લીધી. ડૉ. રમણભાઇ શાહ આ ભંડારની અગાઉ ઘણી વખત મુલાકાત લઇ ચૂક્યા હતાં. મોટી જગ્યામાં હસ્તપ્રતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેનું બાંધકામ તિજોરી ટાઇપનું હતું. બધાં દરવાજા બંધ કરો એટલે બહારથી તિજોરી બંધ કરી હોય તેવું લાગે. કિંમતી પુસ્તકો-સંશોધન કરવા માટેના પુસ્તકો તેમ જ ખૂબ જ પુરાણા ગ્રંથોને કારણે ખૂબ જ કાળજી રાખવી જરૂરી હોય છે. ઘણાં ગ્રંથો સુવર્ણ તથા ચાંદીના અક્ષરથી, વિવિધ ભાષામાં કાગળ તથા તાડપત્ર પર લખાએલા હતાં. ગ્રંથોની જાળવણી માટે કિંમતી દવાઓનો ઉપયોગ કરવામાં આવતો હતો. કેટલીક હસ્તપ્રતો માટે લાકડાનું એક એક બોક્ષ બનાવવામાં આવ્યું હતું.

મેટાડોરની સગવડ શ્રી મફતભાઇએ કરી હતી એ કારણે આજુબાજુના સુંદર તીર્થસ્થળો અમને જોવા મળ્યાં તદુપરાંત વાવ, ચારૂપ, ભીલડીઆજી, શંખેશ્વર, તારંગા વગેરે તીર્થોમાં દર્શન-પૂજા કરવાનો મોકો મળ્યો. કોઇ કોઇ જગ્યાએ નવાં દેરાસરો પણ બંધાતા હતાં. પાછા આવીએ ત્યારે થાક અનુભવતા હોઇએ છતાં આ આનંદ વધુ હતો.

થોડા મહિના પહેલાં ડૉ. રમણભાઇ શાહ ઉપર ડીસા પાસેના ખરડોસણ ગામના એક વિદ્યાર્થીનો પત્ર આવેલો. 'મેં બારમા ધોરણ સુધી અભ્યાસ કર્યો છે. આ વર્ષે જ અભ્યાસ છોડ્યો છે' પાઠ્ય પુસ્તકમાં તમારા પાઠ વાંચ્યાં છે. ત્યાર પછી, કોઇની પાસેથી આપનું પુસ્તક 'પાસપોર્ટની પાંખે' વાંચવા મળ્યું. મેં એ પુસ્તક વાચ્યું. ખૂબ જ ગમ્યું. વાંચ્યાં પછી જાણે અહીં ઘરમાં રહીને આખી દુનિયાની મુસાફરી કરી હોય એવો મને અનુભવ થયો. આપ આ બાજુ આવો ત્યારે મારે ગામ-મારે ઘેર જરૂર આવશો. હું તો આપને મળી શકું તેમ નથી. કારણ કે બંને પગે અપંગ છું. બેઠો બેઠો ચાલું છું. ગામની બહાર જઇ શકતો નથી. વિદ્યાર્થીએ પોતાનું સરનામું લખ્યું હતું. એ ગામ પાટણથી દૂર હતું. અમારી પાસે સમય નહોતો. રાતનો વખત હતો. ખૂબ જ ફરવાના કારણે બધાં થાકી ગયા હતાં. છતાં ડૉ. રમણભાઇની તે વિદ્યાર્થીને મળવાની ઝંખનાને તેઓ રોકી શકતા નહોતા. 'હું અહીં સુધી આવ્યો છું તો મારે જરૂર મળવું જોઇએ.' એ ગામ કાચા રસ્તે ચાર પાંચ કિલોમિટર અંદર હતું.

અમો વિદ્યાર્થીને ઘરે પહોંચ્યા ત્યારે વિદ્યાર્થી બીજાને ઘેર હતો. આવ્યો ત્યારે ડૉ. રમણભાઇના એક જ પ્રશ્નથી પાસપોર્ટની પાંખેના લેખકને ઓળખી ગયો. 'આપ મારે ત્યાં !' વિદ્યાર્થી ગળગળો થઇ ગયો. સુંદર તેજસ્વી એનો ચહેરો હતો. શબ્દો તથા હાસ્યમાં મધુરતા હતી. એની ચિંતાગ્રસ્ત આંખો-કુદરતે આપેલી સજા-ઉદાસ રીતે અમારી સામે મીટ માંડી રહી હતી. અમારી મેટાડોર જોઇને ગામ ભેગુ થઇ ગયું હતું. વિદ્યાર્થીનું ઘર ગામના બધા લોકોથી ભરાઇ ગયું હતું. એમના માતાપિતામાં પ્રેમ અને આત્મીયતા નીતરતા હતાં. એની બિમારીના ઇલાજ માટે ચર્ચા ચાલી. બંને પગ ઘૂંટણ સુધી હતાં. જયપુર ફૂટની વિચારણા ચાલી. ડૉ. રમણભાઇએ કહ્યું 'સારા ડૉક્ટરને બતાવવાથી સારૂં થતું હોયતો અમદાવાદ જઇને બધી તપાસ કરો. જે કંઇ ખર્ચ થશે તેનો પ્રબંધ થઇ જશે.' શ્રી જયવદનભાઇએ બધો ખર્ચ ભોગવી લેવાની તૈયારી બતાવી. વિદ્યાર્થીની માતાએ અમને બધાંને ખૂબ જ આગ્રહથી ચ્હા પાઇ.

આવે પ્રસંગે ખાલી હાથે પાછા આવવું એ જ ભારે દુ:ખકર છે. ફૂલ નહિતો ફૂલની પાંખડી રૂપે અમે દરેકે વિદ્યાર્થીને ભેટ રકમ આપી.

પાછા ફરતાં આ પ્રસંગ વિષે હું વિચારે ચઢી ગયો. ડૉ રમણભાઇ પોતે ખૂબ જ થાકી ગયા હતાં. તેમની પાસે સમય પણ નહોતો. કોઇ પણ વ્યક્તિ મળવા માટે આ વાતને ટાળી દે. પત્રથી આપલે કરી શકે. વિદ્યાર્થીનો એવો ક્યો સંબંધ હતો કે મુસીબત વેઠીને તેના ઘેર જવાનું-ફક્ત એક પત્રના આધારે બંને એક બીજાને ઓળખતા પણ નથી પણ રમણભાઇ પોતાના પુસ્તકના વાચક તરીકે ઓળખે છે. એમના પુસ્તકોનો વાચકવર્ગ તો ઘણો છે. ન ગયા હોત તો પોતે ગુન્હેગાર ન ગણાત. માનવીના હૃદયમાં રહેલી કરુણાનાં અહીં અમને દર્શન થાય છે. એક અપંગ વિદ્યાર્થીનો પત્ર, લેખકને મળવાની ઝંખના. મેં જોયું છે કે નાનામાં નાની વ્યક્તિનું પણ ડૉ. રમણભાઇ ધ્યાન રાખતા હોય છે. સાચો માનવી એ જ છે. જે નાનામાં નાના માનવીના અંત:કરણ સુધી પહોંચે છે. એમના અંત:કરણમાં વાત્સલ્યભાવનું પૂર ઉભરાતું મેં જોયું છે. પાટણમાં શ્રી મફતભાઇના કુટુંબીઓએ અમારી સરભરા કરવામાં કોઇ કચાશ આવવા દીધી નહોતી. છેલ્લે પણ પાટણની મીઠાઇનાં બોક્ષ આપીને અમોને પ્રેમભરી વિદાય આપી હતી. □□□

## સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્ર (વર્ષ-૧૭)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે શનિવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૪ના રોજ ઇન્ડિયન મરચન્ટસ્ ચેમ્બર (ચર્ચગેટ) ની કમિટિરૂમમાં સાંજના ૪-૩૦ થી ૬-૩૦ ના સમયે સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રના વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિદ્યાસત્રમાં ડૉ. નંદિનીબહેન ઉમાશંકર જોશી 'વ્યથા અને વિકલ્પ' એ વિષય ઉપર બે વ્યાખ્યાનો આપશે. કાર્યક્રમનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ સંભાળશે.

સર્વેને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

તારાબહેન ર. શાહ — સંયોજક

નિરુબહેન એસ. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ
મંત્રીઓ

## સંઘનાં નવાં પ્રકાશનો

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા નીચેના ગ્રંથો પ્રગટ થયા છે.

**ડૉ. રમણલાલ ચી. શાહ કૃત ગ્રંથો**

- □ જિનતત્ત્વ ભાગ ૪, મૂલ્ય રૂ. ૨૦/-
- □ જિનતત્ત્વ ભા.૫ મૂલ્ય રૂ. ૨૦/-
- □ પ્રભાવક સ્થવિરો ભા. ૩ મૂલ્ય રૂ. ૨૦/-
- □ પ્રભાવક સ્થવિરો ભા. ૪ મૂલ્ય રૂ. ૨૦/-
- □ તિવિહેણ વંદામિ ભા. ૪ મૂલ્ય રૂ. ૨૦/-
- □ સાંપ્રત સહચિંતન ભા. ૪ મૂલ્ય રૂ. ૨૫/-

**પ્રા. તારાબહેન રમણલાલ શાહ સંપાદિત**

- □ આપણા તીર્થંકરો (બીજી આવૃત્તિ) મૂલ્ય રૂ. ૪૦/-

ઉપરનાં પુસ્તકો શ્રી જૈન યુવક સંઘના કાર્યાલયમાંથી મળી શકશે.

□ મંત્રીઓ

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

## વાર્ષિક વૃત્તાંત

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તેની ૬૪ વર્ષની યાત્રા પૂર્ણ કરે છે, ત્યારે વિતેલા વર્ષની વિવિધ પ્રવૃત્તિઓનું અહીં દિગ્દર્શન કરાવતાં અમે આનંદ અનુભવીએ છીએ. વર્ષ દરમિયાન હાથ ધરાયેલી મોટાભાગની પ્રવૃત્તિઓનો સવિગત અહેવાલ 'પ્રબુદ્ધજીવન'માં પ્રગટ થયેલ છે એટલે અહીં એ પ્રવૃત્તિઓનો સંક્ષેપમાં સળંગ અહેવાલ આપીએ છીએ.

**સંઘના સભ્યો :** સંઘના સભ્યોની સંખ્યા હાલ આ પ્રમાણે છે પેટ્રન : ૧૮૨, આજીવન સભ્ય ૨૧૮૮, સામાન્ય સભ્ય ૭૧ અને પ્રબુદ્ધજીવનનાં ગ્રાહકો ૧૭૦.

**પ્રબુદ્ધજીવન :** છેલ્લા ચોપન વર્ષથી સંઘનું માસિક મુખપત્ર 'પ્રબુદ્ધજીવન' નિયમિત પ્રગટ થતું રહ્યું છે. સુપ્રતિષ્ઠિત વિદ્વાન લેખકોનો 'પ્રબુદ્ધજીવન'ને સારો સહયોગ મળતો રહ્યો છે, જે માટે અમે તેમના આભારી છીએ. 'પ્રબુદ્ધજીવન'ના તંત્રી તરીકે સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ માનદ્ સેવા આપી રહ્યા છે, જે માટે અમે તેમના ઘણા આભારી છીએ. તદુપરાંત પ્રબુદ્ધજીવનના મુદ્રણ કાર્ય માટે 'મુદ્રાંકન'ના પણ અમે આભારી છીએ.

**શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય :** પુસ્તકાલયમાં વર્ષ દરમિયાન રૂ. ૩૬૬૯/-ના પુસ્તકો વસાવવામાં આવ્યા છે. વર્ષ આખરે ૧૩૪૭૫ પુસ્તકો છે. પુસ્તકાલયની પ્રવૃત્તિ માટે પુસ્તકાલય સમિતિના મંત્રી શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહના અમે આભારી છીએ.

**પ્રેમળજ્યોતિ :** સંઘ સંચાલિત અને શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઈ ખંભાતવાળા પ્રેરિત પ્રેમળજ્યોતિ દ્વારા દર્દીઓને દવા, કપડાં, સ્કૂલ ફી, યુનિફોર્મ વગેરેની સહાય આપવાની પ્રવૃત્તિ વર્ષ દરમિયાન સારી રીતે ચાલી રહી છે. સંયોજકો તરીકે શ્રી નિરુબહેન શાહ અને શ્રી નટુભાઈ પટેલ પ્રશસ્ય સેવા આપે છે. આ માટે અમે તેમના અને અન્ય કાર્યકર બહેનોના આભારી છીએ.

**વિલેપાર્લાની પ્રેમળજ્યોતિ શાખા :** આ શાખાની બહેનો દર ગુરુવારે વિલેપાર્લાની નાણાવટી હોસ્પિટલના દર્દીઓને દવાઓ તથા આર્થિક સહાય આપે છે. આ શાખાના સંયોજકો તરીકે શ્રીમતી સ્મિતાબહેન કામદાર અને શ્રીમતી સુલીબહેન હીરાણી સેવા આપે છે, તેની સાભાર નોંધ લઈએ છીએ.

**અસ્થિ સારવાર કેન્દ્ર :** સંઘના કાર્યાલયમાં તા. ૩૧-૭-૮૩થી અસ્થિ સારવાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રમાં હાડકાંના દર્દોના નિષ્ણાંત ડૉક્ટર શ્રી જે. પી. પીઠાવાલા દર રવિવારે નિયમિત પણે સવારના ૧૦-૦૦થી બપોરના ૨-૦૦ વાગ્યા સુધી હાડકાંના દર્દીઓને વિનામૂલ્યે માનદ્ સારવાર આપે છે. ડૉ. પીઠાવાલાના તેમજ તેમના સાથી કાર્યકરોના તથા સંયોજકો શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ તથા શ્રીમતી જયાબહેન વીરાના અમે આભારી છીએ.

**અંધેરીમાં અસ્થિ સારવાર કેન્દ્ર :** આ કેન્દ્રમાં દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૨-૩૦ થી ૫-૩૦ સુધી ડૉ. જે. પી. પીઠાવાળા સેવા આપે છે. આ કેન્દ્રના સંયોજક તરીકે શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ સેવા આપે છે. અંધેરી ખાતેની આ પ્રવૃત્તિ માટે શ્રી વર્ધમાન સ્થાનકવાસી શ્રાવક સંઘ તરફથી તેમની જગ્યાનો ઉપયોગ કરવા દેવા માટે અમે તેમના આભારી છીએ.

**સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ પુસ્તક પ્રકાશન ટ્રસ્ટ :** સંઘના ભૂતપૂર્વ મંત્રી સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહ પરિવાર તરફથી એમની સ્મૃતિમાં જૈન ધર્મના પુસ્તકોના પ્રકાશન માટે ભેટ રકમ આપવામાં આવી હતી. અને ત્યાર પછી તેમાં વખતોવખત ઉમેરો થતો રહ્યો છે. આ ટ્રસ્ટના ઉપક્રમે વર્ષ દરમિયાન જિનતત્ત્વ ભાગ-૫, પ્રભાવક સ્થવિરો ભાગ-૩ અને ૪, તિવિહેણ વંદામિ તથા આપણા તીર્થંકરો (બીજી આવૃત્તિ) પ્રગટ થયા છે.

**સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક :** 'પ્રબુદ્ધજીવન'માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલ લખાણોમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર લેખકને સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક અપાય છે. ૧૯૯૨ના વર્ષ માટેનું પારિતોષિક ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયાને આપવામાં આવ્યું હતું. આ પારિતોષિક માટે નિર્ણાયક તરીકે ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી ઘનશ્યામ દેસાઈ અને શ્રી પન્નાલાલ ર. શાહે સેવા આપી હતી.

**શ્રીમતી ધીરજબહેન દીપચંદ શાહ રમકડાંઘર :** સંઘ દ્વારા બાળકોને ઘરે રમવા માટે રમકડાં આપવાની આ પ્રવૃત્તિ દર રવિવારે બપોરના ૩-૦૦થી ૫-૦૦ સુધી નિયમિત ચલાવવામાં આવે છે. આ વર્ષે બાળકોની સભ્ય સંખ્યા ૨૫૦ જેટલી રહી છે. રમકડાં ઘર માટે વખતોવખત નવાં રમકડાં ખરીદવામાં આવે છે. આ પ્રવૃત્તિના સંયોજકો ડૉ. અમુલ શાહ અને શ્રીમતી જયાબહેન વીરાના અમે આભારી છીએ.

**શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ :** શ્રી જે. એચ. મહેતાનાં કુટુંબીજનો તરફથી રૂ. ૨૫૦૦૦/-ની રકમ અનાજ રાહત ફંડમાં મળી છે. અને તેમાં વખતોવખત ઉમેરો થતો રહ્યો છે. એમાંથી જરૂરિયાતવાળા કુટુંબોને સસ્તા દરે અનાજ આપવાનું કાર્ય સારી રીતે ચાલી રહ્યું છે. આ પ્રવૃત્તિના સંયોજક તરીકે શ્રી ઉષાબહેન મહેતા, શ્રી રમાબહેન મહેતા અને અન્ય બહેનો સેવા આપી રહ્યા છે. અમે તેમના આભારી છીએ.

**કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ :** સ્વ. કિશોર ટિમ્બડિયાની સ્મૃતિમાં તેમના પરિવાર તરફથી શિષ્યવૃત્તિ માટે સંઘને રૂપિયા એક લાખનું દાન મળ્યું છે. આ ફંડમાંથી બૃહદ મુંબઈની કોલેજ કે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનોને આર્થિક સહાય આપવામાં આવે છે. આ પ્રવૃત્તિના સંયોજક શ્રી વસુમતીબહેન ભણસાલી, શ્રી ઉષાબહેન મહેતા અને શ્રી રમાબહેન મહેતાના અમે આભારી છીએ.

**શ્રી સરસ્વતીબહેન ડાહ્યાભાઈ ઝવેરી ચશ્મા બેન્ક :** સંઘના ઉપક્રમે સાધારણ સ્થિતિવાળા દર્દીઓને મફત ચશ્મા આપવામાં આવે છે. શ્રીમતી સરસ્વતીબહેન ડાહ્યાભાઈ ઝવેરી તરફથી સંઘને મળેલી આર્થિક સહાયમાંથી આ પ્રવૃત્તિ સારી રીતે ચાલી રહી છે.

**ભક્તિ સંગીતના વર્ગો :** સંઘના ઉપક્રમે ચાલુ વર્ષે ભક્તિ સંગીતના વર્ગો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા હતા. શ્રી શ્યામ ગોગટેએ આ તાલીમવર્ગના અધ્યાપક તરીકે અને શ્રી ઉષાબહેન મહેતાએ આ વર્ગના સંયોજક તરીકે સેવાઓ આપી હતી. બંનેના અમે આભારી છીએ.

**પર્યુષણ વ્યાખ્યાનમાળા :** સંઘના ઉપક્રમે સોમવાર, તા. ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૨થી સોમવાર, તા. ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૨

સુધી એમ આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઈ ખાતે યોજવામાં આવી હતી. આ આઠેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહે શોભાવ્યું હતું. ગત વર્ષની માફક આ વર્ષે પણ ક્લોઝ સરકીટ ટી. વી. ની વ્યવસ્થા રાખવામાં આવી હતી. વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ અને વિષયોની વિગતો આ પ્રમાણે છે:

❑ પૂ. સાધ્વી શ્રી જીનબાળાજી-જૈન જીવન શૈલી
❑ પૂ. સાધ્વી શ્રી જયંતપ્રભાશ્રીજી-પશ્ચાતાપનાં આંસુ
❑ શ્રીમતી છાયબહેન પી. શાહ-પ્રતિક્રમણની પવિત્રતા
❑ ડૉ. શેખરચંદ્ર જૈન-કર્મકી વૈજ્ઞાનિકતા
❑ પ્રો. ગુલાબ દેઢિયા-આર્જવ
❑ ડૉ. નરેશ વેદ-ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન
❑ ડૉ. શશિકાંત શાહ-જીવનવ્યવહારમાં સમયનું વ્યવસ્થાપન
❑ શ્રી મદનરાજ ભંડારી-વનસ્પતિ જગત, પર્યાવરણ એવમ્ માનવતા
❑ શ્રી નેમચંદ ગાલા-જન્મ પુર્નજન્મ
❑ ડૉ. રમણલાલ ચી. શાહ-અનર્થ દંડ
❑ શ્રી વસંતભાઈ ખોખાણી-પૂર્ણ યોગના મહાયોગીન્દ્ર શ્રીમદ રાજચંદ્ર
❑ ડૉ. સુષમા સંઘવી-ષડાવશ્યક એક નિરુપણ
❑ ડૉ. હુકમચંદ ભારિલ્લ-ભગવાન મહાવીર ઔર ઉનકી અહિંસા
❑ પ્રા. તારાબહેન ર. શાહ-અનેકાંતવાદ
❑ ડૉ. સાગરમલ જૈન-સમભાવકી સાધના હી સામાયિક હૈ
❑ પ્રા. તારાબહેન ર. શાહ-ધર્મધ્યાનની ચાર ભાવના

આ વ્યાખ્યાનમાળા દરમિયાન દરરોજ વ્યાખ્યાનનાં પ્રારંભ પહેલાં એક કલાકનો ભક્તિ સંગતીનો કાર્યક્રમ સર્વશ્રી ચંદ્રાબહેન કોઠારી, ઈન્દુબહેન શાહ, જ્યોત્સનાબહેન વોરા, મનમોહન સાયગલ, અલકાબહેન શાહ, અવનીબહેન પારેખ, શોભાબહેન સંઘવી અને મીરાંબહેન શાહે આપ્યો હતો. અમે શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના, સર્વ વ્યાખ્યાતાઓના, સંગીતકારોના તથા સહકાર આપનાર સર્વના આભારી છીએ.

**આનંદઘનજીનાં સ્તવનો પર ભક્તિ સંગીત અને પ્રવચનો :** સંઘના ઉપક્રમે આનંદઘનજીનાં સ્તવનો પર, ભક્તિસંગીતનો કાર્યક્રમ તા. ૧૭, ૧૮, માર્ચ, ૧૯૯૩ના રોજ પરમાનંદ કાપડિયા હોલમાં સાંજના સમયે યોજવામાં આવ્યો હતો. શ્રીમતી પૂર્ણિમાબહેન સેવંતીલાલ શેઠે આનંદઘનજીનાં સ્તવનો મધુર કંઠે રજૂ કર્યા હતા. તે પર ડૉ. રમણલાલ ચી. શાહે વિવેચનાત્મક પ્રવચનો આપ્યાં હતાં. આ કાર્યક્રમ માટે ડૉ. રમણભાઈ શાહ, શ્રીમતી પૂર્ણિમાબહેન શેઠ અને સંયોજક શ્રીમતી રમાબહેન વોરાના અમે આભારી છીએ.

**વિદ્યાસત્ર :** સંઘના ઉપક્રમે સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રના વ્યાખ્યાનો શનિવાર, તા. ૨૭મી માર્ચ, ૧૯૯૩ના રોજ ઈન્ડિયન મરચન્ટ્સ ચેમ્બરના કમિટિરૂમમાં યોજવામાં આવ્યાં હતાં. સર્વોદય કાર્યકર અને પ્રખર ચિંતક શ્રી નારાયણ દેસાઈએ 'મહાદેવભાઈ, અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' એ વિષય ઉપર તથા 'દેશની વર્તમાન પરિસ્થિતિ અને સાંપ્રદાયિકતા' એ વિષય પર અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો આપ્યાં હતાં. કાર્યક્રમના સંયોજક તરીકે પ્રા. તારાબહેન ર. શાહે સેવા આપી હતી. અમે વિદ્વાન વ્યાખ્યાતાના અને કાર્યક્રમના સંયોજક બહેનશ્રીના આભારી છીએ.

**વાર્ષિક સ્નેહમિલન :** શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઈ ખંભાતવાળાના આર્થિક સહયોગથી સંઘના સર્વ સભ્યોનું વાર્ષિક સ્નેહ મિલન રવિવાર, તા. ૨૮મી માર્ચ, ૧૯૯૩નાં રોજ સવારના ૧૦-૩૦ વાગે બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીમતી ચંદ્રાબહેન કોઠારીએ મહાવીર વંદનાના ભક્તિસંગીતનો સુંદર કાર્યક્રમ આપ્યો હતો. સંઘના પ્રમુખ ડૉ. રમણભાઈ શાહે કાર્યક્રમની ભૂમિકા સમજાવી હતી. સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે કાર્યક્રમનું સંચાલન કર્યું હતી.

**મહિલાઓની મેનાપોઝની સમસ્યાઓ વિશે વ્યાખ્યાન :** સંઘના ઉપક્રમે તા. ૨૬મી મે, ૧૯૯૩ના રોજ સાંજના છ વાગે ઈન્ડિયન મરચન્ટ્સ ચેમ્બરના કમિટી રૂમમાં ડૉ. પ્રવીણભાઈ મહેતા એમ. ડી. (ગાયનેક)નો 'મહિલાઓની મેનોપોઝની સમસ્યાઓ' એ વિષય પર વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. અમે વ્યાખ્યાતા ડૉ. મહેતાના આભારી છીએ.

**વિદ્યાર્થીઓ માટે ગીત-સંગીતના વર્ગો :** સંઘના ઉપક્રમે તા. ૧૭મી એપ્રિલ, ૧૯૯૩થી તા. ૧૨મી જૂન, ૧૯૯૩ સુધી પરમાનંદ કાપડિયા હોલમાં વિદ્યાર્થીઓ માટે ગીત-સંગીતના વર્ગો યોજવામાં આવ્યા હતા. આ વર્ગોનું સંચાલન કુ. જ્યોતિબહેન પારેખે કર્યું હતું અને બસંરીબહેન પારેખે સંયોજક તરીકે સેવા આપી હતી. બાળકોના આ સંગીત વર્ગની પૂર્ણાહુતિનો કાર્યક્રમ તા. ૧૫મી જૂનના રોજ પરમાનંદ કાપડિયા હોલમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાળકોએ અભિનય સાથે ગીતો રજૂ કર્યા હતા. બાળકોને આકર્ષક ભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન બંસરીબહેને અને જ્યોતિબહેને કર્યું હતું તે માટે તેઓના અમે આભારી છીએ.

**નેત્રયજ્ઞ :** સંઘના ઉપક્રમે નીચે મુજબ નેત્રયજ્ઞોનું આયોજન થયું હતું. (૧) વિશ્વવાત્સલ્ય ઔષધાલયના સહયોગથી ગુંદી મુકામે તા. ૨૧મી નવેમ્બર, ૧૯૯૨ના રોજ નેત્રયજ્ઞનું આયોજન થયું હતું. (૨) સ્વ. શાંતિલાલ મહેતાના સ્મરણાર્થે શ્રીમતી કલાવતીબહેન શાંતિલાલ મહેતાના આર્થિક સહયોગથી ચિખોદરા આંખની હોસ્પિટલ દ્વારા ભરૂચ જિલ્લામાં સરભોણ ગામે તા. ૨૮મી નવેમ્બર, ૧૯૯૨ના રોજ નેત્રયજ્ઞનું આયોજન થયું હતું. (૩) ફોર્બસ ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈની આર્થિક સહાયથી રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ ચિખોદરા દ્વારા વ્યારા પાસેના ગોપાલપુરા ગામે તા. ૩૦મી મે, ૧૯૯૩ના રોજ નેત્રયજ્ઞનું આયોજન થયું હતું. (૪) શ્રી જયંતીલાલ રાયચંદ ખંધારના આર્થિક સહયોગથી

## સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક

'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલા લખાણોમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર લેખકને સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક અપાય છે. અમને જણાવતાં આનંદ થાય છે કે ૧૯૯૩ના વર્ષ માટેનું પારિતોષિક **પ્રા. ચી. ના. પટેલ**ને તેમના લેખો માટે આપવામાં આવે છે.

આ પારિતોષિક માટે નિર્ણાયક તરીકે ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી ઘનશ્યામ દેસાઈ અને શ્રી પન્નાલાલ્ આર. શાહે સેવા આપી છે.

અમે શ્રી ચી. ના. પટેલને અભિનંદન આપીએ છીએ અને નિર્ણાયકોનો આભાર માનીએ છીએ.

❑ મંત્રીઓ

ચિખોદરાની આંખની હોસ્પિટલ દ્વારા ભરૂચ જિલ્લાના અટાલી ગામે તા. ૧૩મી જૂન, ૧૯૯૩ના રોજ નેત્રયજ્ઞનું આયોજન થયું હતું. (૫) મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર ચિંચણી (જિ. થાણે) મુકામે તા. ૨૪મી માર્ચ, ૧૯૯૩ના રોજ નેત્રયજ્ઞનું આયોજન થયું હતું.

આ નેત્રયજ્ઞોમાં અનુકૂળતા મુજબ સંઘના પદાધિકારીઓ તથા સમિતિના સભ્યોએ હાજરી આપી હતી. ચિંચણીના નેત્રયજ્ઞની મુલાકાત માટે સંઘના સભ્યોને મુંબઈથી બસમાં લઈ જવામાં આવ્યા હતા.

**મોતીયાના ઓપરેશન :** સંઘના ઉપક્રમે ડૉ. કુમુદ પ્રવીણ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી મોતીયાના દર્દીઓને લેન્સ બેસાડવા સાથે મફત ઓપરેશન કરવાની યોજના કરવામાં આવી હતી. ઘણા દર્દીઓએ એનો લાભ લીધો હતો. આ કાર્યમાં સહયોગ આપવા માટે અમે ડૉ. પ્રવીણ મહેતાના આભારી છીએ.

**ચામડીના રોગો માટેના કેન્દ્રો :** સંઘના ઉપક્રમે સંઘની આર્થિક સહાયથી ડૉ. કુમુદ પ્રવીણ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચામડીના રોગોના નિવારણ માટેના ત્રણ કેમ્પ એપ્રિલ અને મે મહિનામાં વલસાડ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં માણેકપુર, ઝરોલી અને વારણા ગામે યોજવામાં આવ્યા હતા. સંઘના પ્રમુખ, મંત્રી તથા સમિતિના સભ્યો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

**શ્રદ્ધાંજલિ :** વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો **શ્રી અમર જરીવાલા અને શ્રી જોરમલભાઈ મંગળજી મહેતાના** અવસાન થયાં હતાં. તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને શોક પ્રસ્તાવ તેમના પરિવારજનોને મોકલી આપવામાં આવ્યો હતો.

**આભાર :**

❑ વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિની ૧૦ (દસ) સભા મળી હતી. કારોબારી સમિતિનાં સર્વ સભ્યોનો દિલ અને ઉમંગથી સહકાર મળે છે એનો આનંદ છે.

❑ વિવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ માતબર રકમના દાન ઉપરાંત પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રસંગે વર્ષ દરમિયાન સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ માટે અવારનવાર અર્થ સિંચન કરનાર દાતાઓને કેમ ભૂલાય? સર્વ દાતાઓનો આ તકે હાર્દિક આભાર માનીએ છીએ.

❑ સંઘની વિવિધ પ્રવૃત્તિઓને લોકો સુધી પહોંચાડનારું માધ્યમ છે પ્રેસ. ચોથી જાગીરના ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષાના અખબારોએ અને એમના સંચાલકોએ સંઘની વિવિધ પ્રવૃત્તિના અહેવાલ યોગ્ય રીતે પ્રગટ કરી સંઘને નવું પરિમાણ આપ્યું છે. તે દરેક વર્તમાન પત્રોનો અને સામયિકોનો અત્રે અમે આભાર માનીએ છીએ.

❑ આપણી વ્યાખ્યાનમાળાઓ, વ્યાખ્યાનશ્રેણીઓ અને વાર્તાલાપના વિદ્વાન વક્તાઓ આપણી પ્રવૃત્તિનું અંગ છે. એમના સહકાર માટે અમે દરેક વ્યાખ્યાતાઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

❑ સંઘને અનેકવિધ પ્રવૃત્તિઓથી સતત ધબકતો રાખવા માટે અને સંઘના સર્વ સભ્યોને પ્રેમભરી હૂંફ આપવા માટે સંઘના પ્રમુખ **ડૉ. રમણલાલ ચી. શાહના** આ તકે અમે અત્યંત આભારી છીએ.

❑ સંસ્થાના હિસાબો ચિવટપૂર્વક જોઈ તપાસી આપવા માટે ઓડિટર્સ મે. યુ. એસ. શાહ એન્ડ એસોસિએટ્સના શ્રી ઉત્તમચંદ એસ. શાહના અમે આભારી છીએ.

❑ સંઘનો કર્મચારીગણ પણ સંઘની પ્રવૃત્તિઓમાં એટલો જ ઉપયોગી રહ્યો છે. એમની ચીવટ અને ખંતની નોંધ લેતાં અમને આનંદ થાય છે.

અમને આશા, વિશ્વાસ, અને શ્રદ્ધા છે કે આવો ઉમંગભર્યો સહકાર ભવિષ્યમાં સંઘને સૌ તરફથી મળતો રહેશે અને એથી સંઘની અવિરત વિકાસ યાત્રા ચાલુ રહેશે.

નિરુબહેન એસ. શાહ    પ્રવીણચંદ્ર કે. શાહ
માનદ્ મંત્રીઓ

❑❑❑

## મહાત્મા ગાંધીજીની સવા શતાબ્દી નિમિત્તે શ્રી નેમચંદ ગાલાનું વ્યાખ્યાન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને શ્રી ગાંધી સ્મારક નિધિના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની સવા શતાબ્દીના અવસરે નીચે પ્રમાણેનો વ્યાખ્યાનનો એક કાર્યક્રમ **ડૉ. રમણલાલ ચી. શાહના** પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો છે.

**વ્યાખ્યાતા : શ્રી નેમચંદ ગાલા**

**વિષય : મહાત્મા ગાંધીજી અને શ્રીમદ્ રાજચંદ્ર**

**સ્થળ :** ભારતીય વિદ્યા ભવન, ગીતા મંદિર હૉલ, ચોપાટી, મુંબઈ-૪૦૦૦૦૭.

**દિવસ :** શનિવાર, તા. ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૪.

**સમય :** સાંજના ૫-૩૦ કલાકે

આ કાર્યક્રમમાં સર્વેને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

❑ મંત્રીઓ

## નરસિંહ મહેતાના પદો-ભક્તિ-સંગીત અને પ્રવચનનો કાર્યક્રમ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે નરસિંહ મહેતાનાં પદોના ભક્તિ-સંગીતનો અને પ્રવચનનો કાર્યક્રમ નીચે પ્રમાણે યોજવામાં આવ્યો છે.

**ભક્તિ સંગીત :** શ્રીમતી પૂર્ણિમાબહેન સેવંતીલાલ શેઠ

**પ્રવચન :** ડૉ. રમણલાલ ચી. શાહ

**દિવસ :** મંગળવાર તથા બુધવાર, તા. ૧લી અને બીજી માર્ચ, ૧૯૯૪

**સમય :** બપોરના ૩૦૩૦ થી ૫-૩૦

**સ્થળ :** પરમાનંદ કાપડિયા સભાગૃહ

૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, મુંબઈ-૪૦૦૦૦૪.

બંને દિવસે નરસિંહ મહેતાનાં પસંદ કરાયેલાં પદોનું સંગીત સહીત ગાન થશે અને તેનું રહસ્ય સમજાવવામાં આવશે. શ્રોતાઓને નરસિંહ મહેતાનાં પદોની નકલ કાર્યક્રમમાં આપવામાં આવશે.

સર્વેને પધારવા વિનંતી છે.

રમાબહેન વોરા    નિરુબહેન એસ. શાહ
સંયોજક    પ્રવીણચંદ્ર કે. શાહ
મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૫ ● અંક : ૨ ● ● તા. ૧૬-૨-૧૯૯૪ ● ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. ચીમનભાઇ પટેલ

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ચીમનભાઇ પટેલનું ગુરુવાર તા. ૧૭મી ફેબ્રુઆરીના રોજ પાંસઠ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી અણધાર્યું અવસાન થયું. એમના અવસાનથી ગુજરાતના રાજદ્વારી ક્ષેત્રની એક શક્તિશાળી વ્યક્તિ આપણે ગુમાવી છે. અંગત રીતે મેં મારા એક ઉદારદિલ મિત્રને ગુમાવ્યા છે.

રાજદ્વારી ક્ષેત્રમાં કામ કરવું અને વિવાદથી પર રહેવું એ સરળ વાત નથી. તેમાં પણ ભારતના રાજકારણમાં તો ભલભલી વ્યક્તિઓ વિવાદના વંટોળે ચડી જાય છે. રાજકારણમાં પડેલી વ્યક્તિઓનાં અંગત જીવન અને જાહેર જીવન એકરૂપ બની જાય છે. અંગત જીવનનો પ્રભાવ એમના જાહેર જીવન ઉપર પડ્યા વિના રહેતો નથી. અને જાહેર જીવનનો પ્રભાવ અંગત જીવન ઉપર પડ્યા વિના રહેતો નથી. આથી ભારતીય રાજદ્વારી ક્ષેત્ર ઘણું કલુષિત બની ગયું છે. એવા વાતાવરણમાં પણ સત્તાસ્થાને રહી ચીમનભાઇએ ગુજરાત માટે ઘણું સંગીન કાર્ય કર્યું છે.

ચીમનભાઇ એક સાધારણ કુટુંબની વ્યક્તિમાંથી ક્રમે ક્રમે ગુજરાતના મુખ્ય મંત્રીના પદ સુધી પહોંચ્યા એ જેવી તેવી સિદ્ધિ નથી. રાજ્યના મુખ્યમંત્રીના પદ સુધી પહોંચવું એ આંતરિક શક્તિ વિના શક્ય નથી. સમગ્ર ગુજરાતના વિવિધ પ્રકારના પ્રશ્નોની સારી જાણકારી તે માટે હોવી જરૂરી છે. વળી તે તે વિષયોમાં ઊભી થતી સમસ્યાઓ સમજવી, તેના નિરાકરણના ઉપાયો વિચારવા અને તેનો અમલ કરવા માટે કેવાં વહીવટી પગલાં લેવા જોઇએ તે અંગેની સૂઝ તથા આવડત જરૂરી છે. વહીવટી તંત્ર દ્વારા નિર્ણયોના ત્વરિત અમલ માટેની ચીવટ હોય તો જ ઉચ્ચ સત્તાસ્થાન પર ટકી શકાય, કારણ કે ભારતમાં વહીવટીતંત્ર પણ અમુક કક્ષાના પ્રધાનોને ગાંઠતું નથી. વર્ષોના અનુભવોને લીધે ચીમનભાઇમાં એ શક્તિ ઘણી ઘણી ખીલી હતી.

સ્વ. ચીમનભાઇનો જન્મ તા. ૩જી જુન, ૧૯૨૯ના રોજ વડોદરા જિલ્લાના સંખેડા તાલુકાના ચિખોદ્રા ગામમાં સાધારણ સ્થિતિના એક ખેડૂત કુટુંબમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ ચિખોદ્રામાં લીધા પછી તેમણે વડોદરામાં માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ લીધું હતું. તેઓ એમ. એસ. યુનિવર્સિટિમાંથી અર્થશાસ્ત્રના વિષય સાથે બી. એ. અને એમ. એ. થયા હતા. વિદ્યાર્થી અવસ્થામાં જ તેમનામાં નેતૃત્વના ગુણો વિકસ્યા હતા. તેમણે એમ. એસ. યુનિવર્સિટિના સ્ટુડન્ટસ્ કોંગ્રેસમાં પણ ભાગ લેવો ચાલુ કર્યો હતો. આગળ જતાં તેઓ ગુજરાત સ્ટુડન્ટસ્ કોંગ્રેસના મંત્રી બન્યા હતા. એમ. એ. થયા પછી તેમણે અમદાવાદમાં એલ. ડી. આર્ટસ્ કોલેજમાં એક વર્ષ અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કામ કર્યું હતું. ત્યારપછી તેઓ અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે જોડાયા હતા. આ સમય દરમ્યાન તેઓ અમદાવાદમાં યુવક કોંગ્રેસમાં સક્રિય કાર્યકર્તા થયા હતા અને યુવક કોંગ્રેસના મંત્રી બન્યા હતા. આમ યુવાનીના આરંભનાં થોડાં વર્ષોમાં જ તેઓ અનેક નેતાઓના સંપર્કમાં આવ્યા હતા અને પોતાની કાર્યદક્ષતાથી તેઓને પ્રભાવિત કર્યા હતા. તેમનો સ્વભાવ પ્રસન્ન અને મિલનસાર હતો. તેઓ મૈત્રીની કલામાં નિપુણ હતા. વિરોધીઓનું પણ હૃદય જીતી લેવાની કળા તેઓ જાણતા હતા. આથી જ બહુ થોડાં વર્ષોમાં તેમણે ઘણી સારી પ્રગતિ સાધી હતી. તેમનામાં નીડરતા અને મહત્ત્વાકાંક્ષા હતી. એટલે ગતાનુગતિક રીતે મોટા થઇ ગયેલા અને ઊંચા આસને બેસી રહેલા નેતાઓની સામે ચૂંટણીમાં ઝંપલાવતાં તેઓ સંકોચ અનુભવતા નહિ. પરાજિત થવું એ તો જીવનનો એક ક્રમ છે, એમાં ડરવાનું ન હોય. એમ સમજીને તેઓ ક્યારેય પરાજિત થવાથી નિરાશ થતાં નહોતા. અધ્યાપક તરીકે ગુજરાત યુનિવર્સિટીની સેનેટ, સિન્ડિકેટ તથા જુદી જુદી કમિટિઓના સ્થાન માટે તેઓ સતત ચૂંટણી લડતા રહ્યા હતા. અને કોઇકમાં જીતતા, તો કોઇકમાં પરાજિત થતા. આ બધી પ્રવૃત્તિઓને કારણે તેમનું મિત્રવર્તુળ ઘણું મોટું થયું હતું, જે આગળ જતાં ગુજરાત રાજ્યની વિધાનસભાની ટિકિટ મેળવવામાં અને ચૂંટણી લડવામાં તેમને સહાયરૂપ થયું હતું, તેઓ પોતાના મત વિસ્તાર સંખેડા તાલુકાની ઘણી દરકાર કરતા અને લોકોના સતત સંપર્કમાં રહેતા. એથી વિધાનસભાની એમની બેઠક ઘણું ઘણું નિશ્ચિત બની જતી. એ મત વિસ્તારમાંથી એમની સામે ઊભા રહી એમને હરાવવાનું કામ સહેલું નહોતું. એથી જ વખતોવખત વિધાનસભાની બેઠક જીતીને તેઓ ગુજરાતના એક સક્રિય રાજદ્વારી પુરુષ બની ગયા હતા.

સ્વ. ચીમનભાઇ પટેલનો પહેલો પરિચય મને ઇ. સ. ૧૯૫૫માં અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં થયો હતો. એ વર્ષે અમદાવાદમાં ફક્ત આર્ટસ્ વિભાગની સેન્ટ ઝેવિયર્સ કોલેજ સ્થાપવાનું નક્કી થયું અને મુંબઇની સેન્ટ ઝેવિયર્સ કોલેજના પ્રાધ્યાપકોમાંથી ફાધર લોબોને અને મને એક વર્ષ માટે અમદાવાદ મોકલવાનું નક્કી થયું.અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજના સ્ટાફના સભ્યોની નિમણૂંક કરવાની હતી. નવી કોલેજના બજેટને અનુસરી ઘણાખરા પ્રાધ્યાપકો નવા અથવા બે-ચાર વર્ષનાં અનુભવી હોય એવાને લેવાનું વિચારાયું હતું. અમદાવાદમાં મિરઝાપુર વિસ્તારમાં આવેલી સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કુલના મકાનમાં /

કોલેજ ચાલુ કરવાનું નક્કી થયું. એટલે કોલેજનો સમય પણ સવારના સાતથી દસનો રાખવામાં આવ્યો હતો જેથી હાઇસ્કુલના સમયમાં વિક્ષેપ પડે નહિ. ફાધર લોબોની કોલેજના પ્રિન્સિપલ તરીકે નિમણૂંક થઇ હતી અને અધ્યાપકોમાં સૌથી સિનિયર અધ્યાપક તરીકે મારી નિમણૂંક થઇ હતી. એ વખતે અર્થશાસ્ત્રના અધ્યાપક તરીકે શ્રી ચીમનભાઇ પટેલની નિમણૂંક થઇ હતી. એ રીતે ચીમનભાઇને મળવાનું અને એમની સાથે કામ કરવાનું થયું હતું. ચીમનભાઈ મારા કરતાં ત્રણેક વર્ષ નાના હતા અધ્યાપનનો એમનો અનુભવ એકાદ વર્ષનો હતો.

કોલેજના પ્રિન્સિપલ તરીકે ફાધર લોબોનો સ્વભાવ અત્યંત કડક અને આગ્રહી હતો. એથી વિદ્યાર્થીઓ અને અધ્યાપકો એમને મળતાં ક્ષોભ અનુભવતા. મુંબઇની કોલેજમાં અમે સાથે હતા એટલે અમારો પરિચય જૂનો અને ગાઢ હતો. એટલે દેખીતી રીતે ફાધર લોબો કોલેજની કેટલીક વહીવટી બાબતો માટે મારો અભિપ્રાય પૂછતા. ફાધર લોબોને ગુજરાતી ભાષા આવડતી નહિ. એ વર્ષોમાં કોલેજ કક્ષાએ અંગ્રેજી માધ્યમ કાઢી નખાયું હતું એટલે ગુજરાતી વિદ્યાર્થીઓનું અને કેટલાક અધ્યાપકોનું પણ અંગ્રેજી થોડું કાચું રહેતું. ફાધર લોબો અમેરિકામાં ભણીને આવ્યા હતા એટલે એમના અમેરિકન ઉચ્ચારો પણ તરત પકડી શકાય નહિ તેવા હતા.

કોલેજમાં બે પિરિયડ પછી રિસેસમાં સ્ટાફ રૂમમાં સ્ટાફના સભ્યો માટે ચા-કોફી આવતાં. એ વખતે અધ્યાપકો પરસ્પર મળી શકતા. એ દિવસોમાં મારે સૌથી વધુ ગાઢ મૈત્રી ચીમનભાઇ પટેલ સાથે થઇ હતી. અમારા રસના વિષયો સમાન હતા. કેટલીય બાબતોમાં વિચારોનું પણ સામ્ય હતું. મારી જેમ એમને પણ વિદ્યાર્થીઓની ઇતર પ્રવૃત્તિઓમાં રસ હતો. કોલેજમાં ગુજરાતી સાહિત્ય મંડળની સ્થાપના થયેલી. એના પ્રમુખ તરીકેની જવાબદારી મને સોંપવામાં આવી હતી. ચીમનભાઇ મંડળની પ્રવૃત્તિઓમાં ઉપસ્થિત રહી સક્રિયપણે ભાગ લેતા. એ દિવસોમાં મારી પાસે સાઇકલ નહોતી. એટલે હું બસમાં જતો આવતો. ચીમનભાઇ સાઇકલ ઉપર આવતા. ચીમનભાઇની અધ્યાપક તરીકેની કારકિર્દીના શરૂઆતના એ દિવસો હતા. રોજ કોલેજમાથી છૂટ્યા પછી અમે સાથે નીકળતા. ચીમનભાઇ મારી સાથે લાલ દરવાજાના બસ સ્ટોપ સુધી સાઇકલ લઇ ચાલતા આવતા. હું બસમાં બેસું તે પછી તેઓ પોતાની સાઇકલ પર ઘરે જતા. આમ કોલેજમાંથી છૂટ્યા પછી રોજ જ એકાદ કલાક અમારે સાથે રહેવાનું થતું. એમના પત્ની ઊર્મિલાબહેને ત્યારે હજુ અધ્યાપકના ક્ષેત્રે પ્રવેશ કર્યો ન હતો. પુત્ર સિધ્ધાર્થનો ત્યારે જન્મ થયો હતો.

ઝેવિયર્સ કોલેજ નવી અને નાની હતી, એટલે કુલ વિદ્યાર્થીઓની સંખ્યા પણ અઢીસોથી વધુ ન હતી. એથી ઘણાં વિદ્યાર્થીઓ સાથે અંગત પરિચયમાં આવી શકાયું હતું. અમદાવાદના એ વર્ષ દરમિયાન મેં 'ગુલામોનો મુક્તિદાતા' નામના મારા પુસ્તકનું લેખન કાર્ય શરૂ કર્યું હતું. અમદાવાદની એક પ્રકાશક કંપની તરફથી તે પ્રગટ થઇ રહ્યું હતું. એ દિવસોમાં એ પુસ્તકને અંગે કોલેજમાંથી દસ વાગ્યે છૂટ્યા પછી હું ઘણીવાર પ્રકાશકની ઓફીસે જતો. ચીમનભાઇ પણ મારી સાથે આવતા. પ્રકાશક ત્યારે શાળાઓના પુસ્તકો છાપવાના વ્યવસાયમાંથી કોલેજના પુસ્તકો છાપવાની દિશામાં કાર્ય કરવા ઇચ્છતા હતા. કારણ કે કોલેજ કક્ષાએ માધ્યમ ગુજરાતી ભાષા થઇ હતી. ગુજરાતી ભાષા અને સાહિત્ય માટે તેઓએ મારા પુસ્તકો છાપ્યાં હતાં, ત્યાર પછી કોલેજમાં ચાલતા અર્થશાસ્ત્રના વિષય માટે ગુજરાતી ભાષામાં તેઓ પુસ્તક છાપવા ઇચ્છતા હતા. મેં તે માટે ચીમનભાઇના નામની ભલામણ કરી હતી. ચીમનભાઇને એ વિષયમાં પુસ્તક લખવાનું કામ સોંપવામાં આવ્યું, પરંતુ ચીમનભાઇના લખાણથી પ્રકાશકોને જોઇએ તેટલો સંતોષ થયો નહિ કારણ કે ચીમનભાઇનો આ પહેલો લેખનપ્રયાસ હતો અને તેમાં ભાષા, જોડણી, વ્યાકરણ અને શૈલીની કેટલીક ક્ષતિઓ રહી ગઇ હતી. કોલેજ કક્ષાએ ગુજરાતી માધ્યમની શરૂઆતનું વર્ષ હતું. એટલે પારિભાષિક શબ્દોની દૃષ્ટિએ અધ્યાપકો ગુજરાતી ભાષામાં એટલા પ્રવીણ ન હોય એ દેખીતું હતું. કોલેજમાં પણ અધ્યાપકોને ગુજરાતી સાથે અંગ્રેજીમાં પણ વચ્ચે વચ્ચે ભણાવવાની છૂટ યુનિવર્સિટીએ આપી હતી. એટલે આમ બનવું સ્વાભાવિક હતું. વળી પુરસ્કારની રકમ અંગે પણ ચીમનભાઇ અને પ્રકાશક વચ્ચે ગેરસમજ થઇ હતી. પ્રકાશક અને ચીમનભાઇ વચ્ચેની ગેરસમજનું સુખદ નિરાકરણ મારે કરાવી આપવું પડ્યું હતું. ત્યારપછી ચીમનભાઇ અને પ્રકાશક વચ્ચેનો સંબંધ ક્રમે ક્રમે ગાઢ થતો ગયો. અને પ્રકાશકે ત્યારપછી ચીમનભાઇનાં (અન્ય અધ્યાપકો સાથેના) પ્રકાશનો પણ પ્રગટ કર્યાં.

ઇ. સ. ૧૯૫૬માં ૧૫મી માર્ચે કોલેજનું વર્ષ પૂરું થતાં બીજે જ દિવસે હું મુંબઇ આવી પહોંચ્યો. એક વર્ષની મારી અધ્યાપકીય જવાબદારી પૂરી થતી હતી. એટલે મારે મુંબઇની કોલેજમાં કાયમ માટે પાછા આવી જવાનું હતું. બીજું વધુ એક વર્ષ અમદાવાદ રહેવા માટે ફાધર લોબોએ મને ઘણો આગ્રહ કર્યો હતો.વધુ પગાર આપવાનું પ્રલોભન પણ બતાવ્યું હતું, પરંતુ કુટુંબ-પરિવાર મુંબઇમાં હોવાને લીધે કોલેજની એ દરખાસ્ત મેં સ્વીકારી ન હતી. એટલે કોલેજના અધ્યાપક મિત્રો અને વિદ્યાર્થીઓની વિદાય લઇને હું મુંબઇ આવી ગયો હતો.પંદરેક દિવસ પછી તા. ૧લી એપ્રિલ, ૧૯૫૬ના રોજ ચીમનભાઇ પટેલનો અમદાવાદથી તાર આવ્યો. એ દિવસોમાં ખાસ મહત્ત્વના કામ વિના કોઇ તાર કરતું નહિ. શુભ કરતાં અશુભ પ્રસંગે તાર કરવાનું પ્રમાણ વધુ હતું. કોઇના ઘરે તાર આવે એટલે આડોશી-પાડોશી પણ એકઠાં થઇ જાય. ચીમનભાઇના તારમાં લખ્યું હતું 'તમારી તબિયત કેમ છે તેનો તારથી જવાબ આપો.' આવો તાર કેમ આવ્યો હશે તે સમજી શકાયું નહિ. એ દિવસોમાં ઘણાં ઓછા લોકોના ઘરે ટેલિફોન હતા અને ટ્રન્કકોલ મળતાં પણ કલાકો લાગતા. ચીમનભાઇના આવા તારથી અમે મૂંઝવણમાં પડ્યા. પરંતુ તરત એક્સપ્રેસ તારથી મેં જણાવી દીધું હતું કે 'મારી તબિયત સારી છે, પરંતુ તમારે આવો તાર કરવાની શી જરૂર પડી ?' એવામાં બપોરે અમારા એક સંબંધી કે જેમને ત્યાં ટેલિફોન હતો, તેમને ત્યાં અમદાવાદથી અમારા એક સગા શ્રી પોપટલાલભાઇનો અરજન્ટ ટ્રંકકોલ આવ્યો. એમણે કોલમાં બધી જે વિગત કહી હતી તે વિગત મુંબઇના આ સંબંધીએ અમારા ઘરે આવીને કહી. તેમના કહેવા પ્રમાણે એ દિવસે સવારના અમદાવાદના 'ગુજરાત સમાચાર'માં સ્થાનિક કાર્યક્રમની કોલમમાં એવા એક કાર્યક્રમની નોંધ હતી કે 'પ્રો. રમણલાલ શાહનું મુંબઇ ખાતે અવસાન થયું છે. તે માટે સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં સાંજના પાંચ વાગે શોકસભાનું આયોજન થયું છે. સર્વ વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોને શોકસભામાં ઉપસ્થિત રહેવા વિનંતિ છે.' એપ્રિલફૂલની મજાક શોકસભા યોજવા જેટલી હદે થઇ શકે એવી કલ્પના છાપાવાળાને કે લોકોને ન આવી શકે. ઘણાખરા વાચકોએ એ વાત સાચી માની. હું અમદાવાદમાં નહોતો એટલે આવા સમાચારમાં તરત તપાસ થઇ શકે નહિ. એ દૃષ્ટિએ કોઇક તોફાની વિદ્યાર્થીએ મારા નામનો ઉપયોગ કર્યો હતો. ચીમનભાઇનો તાર શા માટે આવ્યો હતો તે હવે સમજી શકાયું. બપોર સુધીમાં તો અમદાવાદમાં આ શોકસભાના સમાચારની ચર્ચા ઠેરઠેર થઇ અને આ એપ્રિલફૂલ છે એ વાતની સ્પષ્ટતા ઘણા લોકોને થઇ ગઇ. તેમ છતાં ચીમનભાઇ તે દિવસે સાંજે ઝેવિયર્સ કોલેજ ઉપર મારો તાર લઇને હાજર રહ્યા હતા અને જે કોઇ આવે તે દરેકને આ

એપ્રિલફૂલની ઘટના છે એ સમજાવતા હતા. બીજે દિવસે 'ગુજરાત સમાચાર'માં મારી માફી માંગતું નિવેદન તંત્રીએ પ્રથમ પાને મોટા અક્ષરે છાપ્યું હતું અને અંદર તંત્રીલેખમાં પણ પહેલી એપ્રિલે આવી, પણ આ મજાક તો ન થવી જોઇએ તે અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવા સાથે આવા કાર્યને સખત રીતે વખોડી કાઢ્યું હતું. આ એક યાદગાર ઘટના બની ગઇ. આ ઘટના પછી હું અને ચીમનભાઇ જ્યારે જ્યારે મળીએ ત્યારે આ ઘટનાને રમૂજ સાથે અચૂક યાદ કરતા. નવનિર્માણના આંદોલન પછી તો ચીમનભાઈ મને કહેતા કે 'રમણભાઈ, તમારી તો શોકસભા વિચારાઈ હતી અને તે પણ મજાકમાં, પરંતુ મારી તો નનામી નીકળી હતી, એક કરતાં વધારે અને તે પણ રોષ સાથે.'

પ્રકાશકો સાથેનો ચીમનભાઇનો સંબંધ ઉત્તરોત્તર ગાઢ બનતો ગયો. આથી જ બે એક વર્ષ પછી પ્રકાશકોએ જ્યારે જુદા એક ટ્રસ્ટ-મંડળ દ્વારા સરદાર પટેલના નામ સાથે જોડાયેલી એક નવી કોલેજ ચાલુ કરવાનું નક્કી કર્યું ત્યારે તેના આચાર્યપદ માટે તેઓએ ચીમનભાઇ પટેલનું નામ વિચાર્યું. આમ ઝેવિયર્સ કોલેજના અધ્યાપકમાંથી ચીમનભાઇ સરદાર પટેલ કોલેજના આચાર્ય બન્યા. દરમિયાન પુસ્તક પ્રકાશનમાંથી પણ તેમને રોયલ્ટીની ઠીક ઠીક રકમ મળવા માંડી.તેઓ હવે સાઇકલ છોડીને મોટર સાઇકલ દોડાવા લાગ્યા હતા. ત્યારપછી તે પણ છોડીને તેમણે મોટરકાર પણ વસાવી હતી. હું જ્યારે એમને અમદાવાદમાં તેમની કોલેજ ઉપર મળવા ગયો હતો ત્યારે ચીમનભાઇએ મને કહ્યું કે મોટરકાર ચલાવતાં મેં હમણાં જ શીખી લીધું છે. લાયસન્સ મળ્યાંને ત્રણ દિવસ થયા છે. આ એક જૂની મોટરકાર પણ મેં ખરીદી લીધી છે. ચીમનભાઇની સાથે મોટરકારમાં હું બેઠો. દ્રઢ આત્મવિશ્વાસથી તેમણે કાર ચાલુ કરી, પરંતુ કોલેજના કમ્પાઉન્ડમાં જ એક ઝાડ સાથે તે અથડાઇ પડી. આગળ થોડો ગોબો પણ પડ્યો. પરંતુ ચીમનભાઇ એથી અસ્વસ્થ થાય તેવા નહોતા. એમણે કહ્યું કે આમ કરતાં કરતાં જ મોટરકાર ચલાવતાં બરાબર શીખી લેવાશે. પછીથી એમણે સારી મોટરકાર લીધી અને સરસ ચલાવવા લાગ્યા.

ચીમનભાઇ યુવાન વયથી જ યુવક કોંગ્રેસના કાર્યકર્તા તરીકે કાર્ય કરતા રહ્યા હતા. કોલેજમાંથી છૂટીને સવારે અથવા સાંજે તેઓ અચૂક કોંગ્રેસ હાઉસમાં જતા. એને લીધે એ સમયના વડીલ કોંગ્રેસી નેતાઓના અંગત ગાઢ સંપર્કમાં આવવાની તેમને ઘણી સારી તક મળી હતી. શ્રી મોરારજી દેસાઇ, શ્રી ઢેબરભાઇ, શ્રી જીવરાજ મહેતા, શ્રી ઇન્દુમતીબહેન ચીમનલાલ, શ્રી બળવંતરાય મહેતા, શ્રી હિતેન્દ્ર દેસાઇ, શ્રી ઠાકોરભાઇ દેસાઇ શ્રી મગનભાઈ દેસાઈ વગેરે પીઢ નેતાઓને આ નવયુવાન ચીમનભાઇમાં ઘણી સારી શક્તિ જણાઇ હતી.

ચીમનભાઇ જુવાન વયથી જ મહત્વાકાંક્ષી હતા. કોલેજના અધ્યાપક તરીકે તેઓ ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ, સિન્ડિકેટ વગેરેની ચૂંટણીમાં ઊભા રહેતા હતા કેટલીકવાર પરાજિત થતા તો કેટલીકવાર ચૂંટાઇ આવ્યા હતા. અધ્યાપકીય ક્ષેત્રમાં તેમણે થોડા વર્ષમાં ઘણા બધા અધ્યાપકો સાથે મૈત્રી કેળવી હતી અને દિવસે દિવસે તેમનું અધ્યાપકીય મિત્રવર્તુળ વૃદ્ધિ પામતું જતું હતું. એ મિત્રવર્તુળને કારણે જ ચીમનભાઇએ કોલેજની સાથે સાથે યુનિવર્સિટીમાં પણ મહત્ત્વનું સ્થાન મેળવી લીધું હતું. ચીમનભાઇ નીડર હતા, સ્પષ્ટ વક્તા હતા, પરાજિત થવાના ક્ષોભ વિનાના હતા. તેઓ ગુજરાત યુનિવર્સિટીમાં રાજકારણ અને જૂથબંધી લઇ આવ્યા. બીજી બાજુ સ્થાપિત હિતો અને જૂની જૂથબંધીને તોડવામાં તેમણે સક્રિય કાર્ય કર્યું કહેવાય છે.

સરદાર પટેલ કોલેજમાં ચીમનભાઇ આચાર્ય થયા એટલે એમણે પોતાની કોલેજમાં પોતાની પત્ની ઊર્મિલાબહેનને પણ અધ્યાપિકા તરીકે નિમણૂંક આપી. આ રીતે એ દંપતી એક જ વ્યવસાયમાં એક જ કોલેજમાં સાથે રહ્યાં. એટલે જ્યારે ચીમનભાઇ અધ્યાપનનું ક્ષેત્ર છોડી રાજકારણમાં પૂર્ણપણે સક્રિય બન્યા ત્યારે એ કોલેજનું આચાર્યપદ તેમણે ઊર્મિલાબહેનને અપાવ્યું હતું.

ઇ. સ. ૧૯૬૭માં ચીમનભાઇ વિધાનસભામાં ચૂંટાઇ આવ્યા અને હિતેન્દ્ર દેસાઇએ પોતાના મંત્રી મંડળમાં ચીમનભાઇને સ્થાન આપ્યું. ચીમનભાઇ પ્રથમવાર મંત્રી બન્યા. વાહન વ્યવહાર અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું ખાતું તેમને સોંપવામાં આવ્યું. ચીમનભાઇ હવે વધુ પ્રગતિશીલ બની ગયા હતા.તેઓ મંત્રી નહોતા બન્યા ત્યાં સુધી અમે અમદાવાદ જઇએ અને નવા શારદા મંદિર વિસ્તારમાં આવેલા એમના ઘરે એમને મળીએ તેમાં ઘણી સરળતા રહેતી. મંત્રી બન્યા પછી તેઓ મંત્રીના બંગલે શાહીબાગમાં રહેવા ગયા.દેખીતી રીતે જ તેમને મળવા માટે બે-ત્રણ ચોકી વટાવવી પડે અને ઠીક ઠીક રાહ જોવી પડે. બીજા મુલાકાતીઓ પણ ઘણા રાહ જોઇને બેઠા હોય. એટલે નિરાંતનો એટલો સમય રહેતો નહિ. એમના બંગલે અમે મળવા જતા, પરંતુ વધુ સમય અમને ઊર્મિલાબહેન આપતા. ચીમનભાઇ થોડીવાર મળીને પાછા પોતાના કામમાં ગૂંથાઇ જતા. ટેલિફોન પણ એટલા ચાલે, સંદેશાઓ પણ એટલા આવે. એટલે એમની સાથેના મિલનમાં પહેલાં જેટલી નિરાંત રહી નહોતી. તેઓ મુંબઇ આવે ત્યારે અચૂક અમારે ઘરે આવી ચડે. મુંબઇ આવે ત્યારે ઠીક ઠીક સમય કાઢી નિરાંતે બેસતા. પોતાને જ્યાં જવું હોય ત્યાં સાથે લઇ જતા. પણ પછીથી એ પણ ઓછું થવા લાગ્યું. તેમને બંગલે મળવા કરતાં જાહેર સભામાં ઊભા ઊભા મળી લેવાનું વધુ અનુકૂળ રહેતું. અમારી મૈત્રી નિ:સ્વાર્થ હતી એટલે બહુ મળવાનું અનિવાર્ય પણ નહોતું. આમ ક્રમે ક્રમે અમારો સંપર્ક ઓછો થતો ગયો, પણ જ્યારે પણ તેઓ મળે ત્યારે એટલો જ ઉમળકો હોય.

રાજકારણમાં શત્રુનો શત્રુ તે આપણો મિત્ર એ ચાણક્યનીતિ મશહૂર છે. પરંતુ એથી જ રાજકારણમાં કોઇ કાયમના મિત્ર નથી હોતા કે નથી હોતા કાયમના શત્રુ. એથી જ ક્યારે કોના ઉપર કેટલો ભરોસો મૂકવો એ તો રાજકારણના પીઢ અનુભવીઓ જ સમજી શકે.

ચીમનભાઇ નાની ઉંમરે ૧૯૭૩માં ગુજરાતના મુખ્ય મંત્રી તો બન્યા, પરંતુ એ જ પ્રકારના રાજદ્વારી કાવાદાવાના તેઓ ભોગ બન્યા. એમની સરકાર સાત મહિનાથી વધુ ટકી શકી નહિ. અમદાવાદની એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થીઓની એક નાની સરખી સમસ્યામાંથી નવ નિર્માણનું મોટું આંદોલન ચાલ્યું. આંદોલનને કચડવા ચીમનભાઇએ બળનો વધુ ઉપયોગ કર્યો. કેટલાક માણસો ગોળીબારમાં મૃત્યુ પામ્યા અને છેવટે તેમને સત્તા છોડવી પડી. વડા પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી સાથે તેમને સંઘર્ષ થયો તે એટલી હદ સુધી કે કોંગ્રેસના સભ્યપદેથી તેમને બરતરફ કરવામાં આવ્યા. ચીમનભાઇએ યુનિવર્સિટીમાં અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસમાં જેમ એક બાજુ સત્તા મેળવી અને મિત્રો બનાવ્યા તેમ બીજી બાજુ એટલા જ દુશ્મનો બનાવ્યા હતા. એને લીધે જ એમની સામેના નવનિર્માણના આંદોલનને વેગ અપાવવામાં એમના વિરોધીઓનો પ્રગટ કે અપ્રગટ રીતે ઘણો મોટો સહકાર રહ્યો હતો.

ઇ. સ. ૧૯૭૩માં ચીમનભાઇ સત્તાસ્થાન ઉપરથી નીકળી ગયા તે જ વખતે અમારે અમદાવાદ જવાનું થયું હતું. અમે અમદાવાદમાં તેમના ઘરે ફરી મળવાનું ચાલુ કર્યું હતું. ત્યારે તેઓ નિરાંતે મળી શકતા હતા એમ કહેવા કરતાં અમે મળવા જઇએ તો તેઓ ઘણા રાજી થતાં અને વધુ બેસવા માટે આગ્રહ કરતા. એ એવા કપરા દિવસો એમના માટે હતા. શારદા મંદિરમાં આવેલા એમના ઘરે અમે જતા ત્યારે તેઓ ઘણા વિષમ કાળમાંથી પસાર થઇ રહ્યા હતા. પોતાની સોસાયટીમાં તેઓ રસ્તા ઉપર બહાર નીકળે તો પણ નાનાં મોટાં છોકરાંઓ તેમને 'ચીમન ચોર'ની બૂમો પાડી સતાવતા. એમની મોટરકાર ઉપર જાત જાતના

અક્ષરો ચીતરી જતા. ત્યારે ચીમનભાઇ ઉપર કેટલાય નનામા ફોન આવતા. એમાં કેટલાક એમને અશ્લીલ શબ્દો પણ સંભળાવતા. એમના ઘરે વારંવાર જઇને અમે બેસતા. એમની સૂચનાથી એમના વતી ફોન અમે લેતા અને ફોન કરનાર અજાણ્યા માણસને શાંતિથી સમજાવતા. ચીમનભાઇ સાથે આ રીતે જૂનો સંબંધ ફરી પ્રસ્થાપિત થયો. મળવાનું વારંવાર થવા લાગ્યું. પરંતુ ફરી તેઓ વિધાનસભામાં ચૂંટાયા અને રાજકારણમાં વધુ સક્રિય બન્યા. એટલે અમારું મળવાનું ફરી પાછું ઓછું થઇ ગયું.

રાજકારણમાં વગોવાઇને સત્તાસ્થાનેથી ફેંકાઇ ગયા પછી ફરી સત્તા ઉપર આવવું એ ઘણી અઘરી વાત છે. ચીમનભાઇએ કિસાન-મજદૂર લોકપક્ષ (કિમલોપ)ની સ્થાપના કરી,પરંતુ એ પક્ષનું સંગઠન જોઇએ તેટલું મોટું થયું નહિ. શ્રી બાબુભાઇ જશભાઇ પટેલની સરકારની રચનામાં અને એ પછી એજ સરકારને ઉથલાવવામાં ચીમનભાઇના કીમલોપ પક્ષનું સક્રિય બળ રહ્યું હતું, પરંતુ સમય જતાં ચીમનભાઇ પોતે કીમલોપનું વિસર્જન કરી જનતા પક્ષમાં જોડાઇ ગયા હતા. રાજકીય ક્ષેત્રે ઘણી ચડતી-પડતી દરમિયાન ચીમનભાઇની મહત્ત્વાકાંક્ષા ઓછી થઇ નહોતી. તેઓ ગુજરાતમાં બધે ઘૂમી વળતા. દિલ્હી પણ અનેકવાર જઇ આવતા અને ટોચના મોટા મોટા રાજદ્વારી નેતાઓથી માંડીને તાલુકાના નાના નાના રાજદ્વારી નેતાઓ સુધી તેઓ અંગત સંપર્ક સાધતા રહેતા, મિત્રો બનાવતા અને અનેક બાબતોની છણાવટ કરીને રાજદ્વારી કુનેહના પાઠ શીખતા અને શીખવાડતા.

૧૯૯૦માં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી બન્યા પછી વિપરિત સંજોગોમાં પણ તેમને પોતાનું સત્તા સ્થાન ટકાવી રાખ્યું. એ તેમની કુનેહ બતાવે છે. નર્મદાના પ્રશ્નને ગુજરાતના સૌથી મહત્ત્વના પ્રશ્ન તરીકે મોખરે રજૂ કરીને વિવિધ પક્ષના રાજદ્વારી નેતાઓના દિલ જીતી લઈ તેમણે પોતાની સરકાર ટકાવી રાખવાનું બળ મેળવ્યું હતું. શ્રી બાબુભાઇ જશભાઇ પટેલ તથા સનત મહેતા જેવા વિરોધીઓને પણ નર્મદા યોજનામાં યોગ્ય સત્તાસ્થાન આપવામાં તેમણે કુનેહભરી દીર્ઘદૃષ્ટિ બતાવી હતી અને એથી જ કેન્દ્ર સરકારની વિવિધ દરખાસ્તો આગળ તેઓ અણનમ રહી શક્યા હતા. નર્મદા યોજના માટે તેમણે દર્શાવેલી કુનેહને કારણે લોકોના હૃદયમાં તેમનું સ્થાન દૃઢ થઇ ગયું હતું. તેમની લોકપ્રિયતા ઘણી વધી હતી. આ સત્તા કાળ દરમ્યાન તેમણે ગુજરાતને ઔદ્યોગિક દૃષ્ટિએ તથા ખેતીવાડીની દૃષ્ટિએ સમૃદ્ધ બનાવવામાં ઘણી મહત્ત્વની કામગીરી બજાવી હતી.

ઇ. સ. ૧૯૯૧માં પાલિતાણામાં જૈન સાહિત્ય સમારોહનું આયોજન મારા મિત્ર શ્રી કિશોરભાઇ વર્ધનના સહયોગથી કરવામાં આવ્યું હતું. એ સમારોહનું ઉદ્દ્ઘાટન કરવા માટે શ્રી ચીમનભાઇ પધાર્યા હતા. એ વખતે મંચ ઉપર ત્રણ કલાક એમની બાજુમાં બેસવા મળ્યું હતું. ત્યારે ચીમનભાઇએ જૂની મૈત્રીના સંભારણા સાથે નિખાલસતાથી મને કહ્યું હતું કે 'રમણભાઇ, ઉદ્દ્ઘાટન પ્રવચનમાં અમે રાજદ્વારી માણસો ગમે તે બોલવાને ટેવાયેલા હોઇએ છીએ. પરંતુ તમારે ખાસ કોઇ બાબતનો નિર્દેશ કરવો હોય તો તે મને જણાવો, કારણ કે જૈન સાહિત્ય વિશે મારી કશી જ જાણકારી નથી. એ વખતે પોતાના વક્તવ્ય માટે તેમણે કેટલાક મુદ્દાઓની મારી સાથે વિચારણા કરી લીધી હતી. તે મુદ્દાઓને પોતાના વક્તવ્યમાં સ્વાભાવિક રીતે વણી લીધા હતા. એમણે વળી મંચ ઉપરથી કહ્યું હતું કે 'ભાગ્યે જ કોઇને ખબર હશે હું અને રમણભાઇ બહુ જૂના મિત્રો છીએ. કોલેજમાં એક વર્ષ અમે અધ્યાપક તરીકે સાથે કામ કર્યું છે. રમણભાઇ અને તારાબહેન સાથે અમારો કૌટુમ્બિક સંબંધ ઘણો ગાઢ રહ્યો હતો.' એમના આ ઉલ્લેખથી અમારા ઘણા સાથીદારો, સાહિત્યકારોને આશ્ચર્ય થયું હતું. ચીમનભાઇ ઘણીવાર કહેતા 'you may either hate me or love me, but you cannot ignore me.' રાજકારણમાં Love and Hate બંને સાથે ચાલતાં હોય છે. પરંતુ શક્તિસંપન્ન વ્યક્તિને ignore કરી શકાતી નથી. ચીમનભાઇમાં એવી શક્તિ હતી એટલે જ તેઓ આત્મવિશ્વાસપૂર્વક એમ કહી શકતા.

ચીમનભાઇ સત્તા ઉપર હતા ત્યારે જ એમણે વિદાય લીધી. એ પણ એક યોગાનુયોગ ગણાય. તેઓ પૂરા માનપાન સાથે ગયા.

મારા અંગત મિત્ર સ્વ. ચીમનભાઇ પટેલને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પું છું.

❑ રમણલાલ ચી. શાહ

❑❑❑

# ૧૯૯૪/૯૫ના વર્ષ માટે સંઘના પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ૧૯૯૪/૯૫ ના વર્ષ માટે પદાધિકારીઓની અને કાર્યવાહક સમિતિની સર્વાનુમતે નીચે મુજબ વરણી કરવામાં આવી છે :

**❑ પદાધિકારીઓ :**

(૧) ડૉ. રમણલાલ ચી. શાહ-પ્રમુખ
(૨) શ્રી ચીમનલાલ જે. શાહ-ઉપપ્રમુખ
(૩) શ્રી નિરુબહેન એસ. શાહ-મંત્રી
(૪) શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ-મંત્રી
(૫) શ્રી પન્નાલાલ ર. શાહ-કોષાધ્યક્ષ

**❑ કાર્યવાહક સમિતિ :**

(૧) પ્રા. તારાબહેન ર. શાહ
(૨) શ્રી સુબોધભાઇ એમ. શાહ
(૩) શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
(૪) શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
(૫) શ્રી કે. પી. શાહ
(૬) શ્રી ઉષાબહેન મહેતા
(૭) શ્રી વસુબહેન ભણસાળી
(૮) શ્રી પુષ્પાબહેન સી. પરીખ
(૯) શ્રી શૈલેશભાઇ હિંમતલાલ કોઠારી
(૧૦) શ્રી ધીરજલાલ ફૂલચંદ શાહ
(૧૧) શ્રી નેમચંદ એમ. ગાલા
(૧૨) શ્રી જયંતીલાલ પી. શાહ
(૧૩) શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ
(૧૪) શ્રી જયાબહેન ટોકરશી વીરા
(૧૫) શ્રી મીનાબહેન એન. શાહ

**❑ કો-ઓપ્ટ સભ્યો :**

(૧) શ્રી કુસુમબહેન એન. ભાઉ
(૨) શ્રી રમાબહેન વી. મહેતા
(૩) શ્રી દિલીપભાઇ એન. શાહ
(૪) શ્રી વી. આર. ઘેલાણી
(૫) શ્રી ગુણવંતલાલ અમૃતલાલ શાહ

**❑ નિમંત્રિત સભ્યો :**

(૧) શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ
(૨) શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ
(૩) શ્રી જયંતીલાલ ફતેહચંદ શાહ
(૪) શ્રી મહાસુખભાઇ કામદાર
(૫) શ્રી યશોમતીબહેન શાહ
(૬) શ્રી નટુભાઇ પટેલ
(૭) શ્રી રમાબહેન જે. વોરા
(૮) શ્રી ચંપકલાલ એમ. અજમેરા
(૯) શ્રી કલાવતીબહેન શાંતિલાલ મહેતા
(૧૦) શ્રી ચંદ્રાબહેન હરસુખભાઇ શાહ

**❑ શ્રી મ. મો. શાહ સાર્વજનિક પુસ્તકાલય અને વાચનાલય સમિતિ.**

(૧) શ્રી નેમચંદ એમ. ગાલા-મંત્રી
(૨) શ્રી તારાબહેન ર. શાહ
(૩) શ્રી નિરુબહેન એસ. શાહ
(૪) શ્રી ઉષાબહેન મહેતા
(૫) શ્રી વસુમતીબહેન ભણસાલી
(૬) શ્રી કુસુમબહેન એમ. ભાઉ
(૭) શ્રી પુષ્પાબહેન પરીખ

# તારું ભેજું વાપર !

❑ 'સત્સંગી'

બાળકોના ગિજુભાઈ તેમની શરૂઆતની કારકિર્દીમાં આફ્રિકામાં યુરોપીયન સોલિસિટરને ત્યાં નોકરી કરતા હતા. જ્યારે તેઓ તેમનાં કામ અંગે તેમને પૂછવા જતા ત્યારે સોલિસિટર આવો જવાબ આપતા; 'use your brains તારું ભેજવું વાપર'. આવા જવાબથી ગિજુભાઈ ભેજું વાપરતા થયા એટલું જ નહિ, પરંતુ તેમનાં જીવન માટે તેમણે આ સૂત્ર અપનાવી લીધું. તેમની શિક્ષણક્ષેત્રની સેવાઓ સુવિદિત છે. તેઓશ્રીએ બાળકોના શિક્ષક તરીકે, શિક્ષકોના શિક્ષક તરીકે અને બાળ સાહિત્ય શિક્ષણના લેખક તરીકે ગુજરાતને બાલિશિક્ષણની જે ભેટ આપી છે. તે અમૂલ્ય છે. અંગ્રેજોના શાસનકાળમાં આર્થિક અગવડો અને સમાજનાં જુનવાણી માનસનાં વાતાવરણમાં તેમણે જે અનન્ય પુરુષાર્થ કર્યો તેમાં 'તારું ભેજું વાપર' એ સૂત્રનો ઉપયોગ તેમણે સહૃદયતાથી અને આનંદથી કર્યો હતો.

માણસે પોતાનાં જીવનમાં પ્રગતિનાં સંતોષ અને સુખશાંતિ મેળવવાં હોય તો લાગવગ અને પૈસાની જરૂર નથી, પરંતુ આ સૂત્ર 'તારું ભેજુ વાપર' અપનાવવાની જરૂર છે. લાગવગથી કામ થતું હોય તો ભેજાંને કંઈ જ તકલીફ ન પડે તેવી વાત છે. આર્થિક સધ્ધરતા હોય તો માણસ જે માગે તે તેને એવી સ્થિતિમાં ભેજું વાપરવાનો પ્રશ્ન રહેતો નથી. જે માગે તે મળે તેવાં આર્થિક સધ્ધરતા અને લાગવગનું વાતાવરણ બાળકના યોગ્ય માનસિક વિકાસ માટે અને માણસની મગજશક્તિના ઉપયોગ માટે ઈચ્છનીય નથી એમ પ્રખ્યાત વાર્તાકાર સ્ટીફન ઝ્વીગ તેમની વાર્તાઓમાં સુંદર રીતે બતાવે છે. બધી સગવડો હોય અને જીવન સરળ ચાલ્યું જતું હોય છતાં જીવન એવું અટપટું અને જટિલ છે કે જીવનના કોઈ પણ તબક્કે ભેજું વાપરવાથી જ જીવનનો આનંદ મળે છે.

માણસ માત્રને ભેંજાની કુદરતી બક્ષિસ મળેલી છે અને સૌ ભેજું વાપરે છે. પરંતુ સામાન્ય ઘરેડિયા જીવન પૂરતું જે ભેજું વપરાય છે તે ભેજું વાપર્યું ન ગણાય એવો આ સૂત્ર 'તારું ભેજું વાપર'નો અર્થ છે. માણસ માને છે તેના કરતાં તેનામાં બુધ્ધિશક્તિ વધારે છે. માણસમાં રહેલી અજબ બુધ્ધિશક્તિનો ઉપગોય સામાન્ય રોજિંદા કામ પૂરતો જ થાય એમાં માણસનો ઉધ્ધાર થાય તેવી વાત નથી. પોતે જીવનમાં કંઈક વિશિષ્ટ મેળવે, પોતાનું કાર્ય સારી રીતે કર્યાનો સંતોષ મેળવે અને પોતાનું જીવન ભર્યું ભર્યું અનુભવે એવાં જીવનની માણસને આછીપાતળી કલ્પના રહે છે, પરંતુ તે પોતાનું ભેજું વાપરતો નથી તેથી તે ઘરેડિયું જીવન જીવતો રહે છે. કેટલીક વાર પોતાનું ભેજું સામાન્ય પ્રકારનું છે એમ માનીને પોતે જ જીવન જીવે છે તે બરાબર છે એવું આશ્વાસન લઈ લે છે. પરંતુ પોતાનું ભેજું બરાબર છે એવો વિશ્વાસ રાખીને તે ભેજું વાપરતો રહે તો તેને પોતાને નવાઈ થાય એવું તેનું જીવન બનવા પામે.

કુશળ ચોર કે ઘરફાડૂ પોતે ચોરી કરી છે એવો કોઈ જ પુરાવો ન રહેવા દે એ રીતે સિફતથી ચોરી કરે તેમાં તે ભેજું વાપરે છે એમ કહેવાય, પરંતુ એમાં તેણે ભેજાનો દુરુપયોગ કર્યો એ સ્પષ્ટ છે, આજે એવાં ન્યુક્લીઅર શસ્ત્રો અસ્તિત્વમાં છે કે તેમના ઉપયોગથી સમગ્ર વિશ્વ થોડા જ સમયમાં નાશ પામે અને માણસનાં હાડકાં પણ ઓગળી જાય. આ વૈજ્ઞાનિકોનાં ભેજાંની અદ્દભૂત કરામત જ છે ને ? પરંતુ અફસોસ કે સત્તાધારીઓ વૈજ્ઞાનિકો પાસે ભેજાંનો દુરુપયોગ કરાવે છે ! બીજી બાજુથી જંગલમાં ભટકતો માણસ આજે લિફટવાળાં બહુમાળી મકાનમાં વિવિધ સુવિધાઓ સાથે રહે છે, એક મિનિટમાં તો ખૂબ દૂરને સ્થળે વાતચીત કે વેપારનો સોદો કરી શકે છે, થોડા જ કલાકોની અંદર ખૂબ દૂરના સ્થલે પહોંચી શકે છે, ભયંકર દર્દો મટી શકે છે, કમ્પ્યુટરની શોધ, વગેરે માનવીનાં ભેજાંની કમાલ જ છે ને ! આગળ ચાલીએ તો, માનુષી શરીર અને મગજની રચના માટે કેવળ 'અદ્દભૂત ! અદ્દભૂત !' એવા જ ઉદ્દગારો નીકળે. સમગ્ર વિશ્વની રચના જોઈએ તો, માણસમાંથી માણસ થાય, પશુમાંથી પશુ થાય અને પક્ષીમાંથી પક્ષી થાય એવો નિયમબંધ ક્રમ ચાલતો રહ્યો છે. સૂરજ, ચંદ્ર અને તારા તેમનાં નિયત સ્થાને તેમનો ધર્મ નિયમિત રીતે બજાવે છે. કોઈ પણ આધાર વિના આકાશની વિશાળતા, મર્યાદા ન છોડનાર સમુદ્ર, ઋતુચક્ર, પૃથ્વી, વગેરે એવાં આશ્ચર્યપૂર્ણ અને જિજ્ઞાસાપ્રેરક દૃષ્ટાંતો છે કે આ રચના અંગે સમજણ અને સમાધાન પ્રાપ્ત કરવા માટે માનવીનું અદ્દભૂત ભેજું લાચાર બને છે, તેથી માણસ વિશ્વની પરમ સત્તાની અદ્વિતીય શક્તિ આગળ નતમસ્તકે અહોભાવ અનુભવે છે.

આખરે તો ભેજાંનો સદુપયોગ વ્યક્તિ અને સમષ્ટિ માટે ઈષ્ટ છે, જ્યારે ભેજાંનો દુરુપયોગ સર્વથા અનિષ્ટ છે. ભેજાંનો સદુપયોગ માનવસમાજનાં તમામ ક્ષેત્રોમાં અત્યંત ઉપકારક બને છે. દાખલા તરીકે, દેખીતા બાહ્ય પુરાવા પરથી પોલીસ નિર્દોષ માણસને ગુનેગાર ઠરાવે છે. પોલિસ ખાતું ભેજું વાપરતું નથી; જ્યારે ડીટેક્ટીવ પોતાનું ભેજું વાપરીને સાચો ગુનેગાર શોધી આપે છે. પ્રખ્યાત અંગ્રેજ સાહિત્યકાર સર આર્થર કોનન ડોઈલેની એક ટૂંકી વાર્તા છે 'The Blue Carbuncle' ભૂરું રત્ન' આ કિંમતી રત્નની ચોરી થઈ હોય છે. પોલિસે બાહ્ય પુરાવા પરથી એક નિર્દોષ માણસને પકડ્યો હોય છે. પરંતુ આ વાર્તામાં ડીટેક્ટીવ શેરલોક હોમ્સને દરવાન પીટર્સન એક બતક અને એક જૂની, મેલી, ગંદી હેટ આપે છે. એટલા જ પુરાવા પરથી રત્નનો ખરો ચોર કોણ છે એ તે શોધી શકે છે અને નિર્દોષ માણસને સાત વર્ષની સખત કેદની સજા થાત તેમાંથી બચાવે છે. અલબત્ત શેરલોક હોમ્સ તો ખરા ગુનેગારને જીવનભર ગુનેગાર બનતો અટકાવવા માટે માફ કરી દે છે. શેરલોક હોમ્સ શરૂમાં બતક અને જૂની હેટ અંગે અદ્દભૂત રીતે ભેજું વાપરે છે. ત્યાં પીટરસને શેરલોક હોમ્સને રત્ન બતાવીને કહ્યું કે આ રત્ન બતકનાં ગળાં નીચેની કોથળીમાંથી મળ્યું છે. આ જ રત્ન કોસ્મોપોલિટન હોટેલમાંથી મોરકાનીની કાઉન્ટેસની પેટીમાંથી ચોરાયું હતું. શેરલોક હોમ્સ રત્ન જોઈને સાવધ બને છે અને તેનો ખરો ચોર શોધવા માટે ભેજું વાપરે છે. વાર્તા રસપ્રદ છે.

ભેજું વાપરવું એટલે કોઈ ચમત્કાર કરવો તેવો અર્થ નથી. તેમ અદ્દભૂત વૈજ્ઞાનિક શોધ થાય તો જ ભેજું વાપર્યું ગણાય એવો પણ તેનો અર્થ નથી. આપણા સામાન્ય જીવનવ્યવહારમાં પણ ભેજું વાપરવું જરૂરી છે. દાખલા તરીકે, એક યુવાનને સરકારી ઓફિસમાં કારકુનની નોકરી મળે તેને અમુક પ્રકારનું કામ સોંપવામા આવે છે. આપણા દેશમાં નવા કર્મચારીને માર્ગદર્શન આપવાની વાત નહિવત છે. કારકુનનાં કામમાં વિશેષ બુધ્ધિની જરૂર નથી કે ભેજું વાપરવાની જરૂર નથી એમ માનવામાં સમાજના આ અનિવાર્ય વર્ગને અન્યાય કર્યો ગણાશે. હવે આ યુવાન કારકુન પોતાના કામથી માહિતગાર થતો રહે છે; વળી કંઈ મૂંઝવણ પણ થાય અને લાગતાવળગતાઓને પૂછે તો તેને સંતોષ ન થાય એવો જવાબ પણ મળે. આ તબક્કે તે યુવાન નિરાશ ન થાય અને ભેજું વાપરવા માટે કૃતનિશ્ચયી બને તો તેનાં કામમાં સરળતા થવા લાગે. પોતાને સોંપાયેલું કામ તે રસપૂર્વક સમજે, ખરેખર શું કરવાનું છે એ મગજમાં બેસાડે, આગલી ફાઈલોનો અભ્યાસ કરે અને ઉદ્યમી બનવામાં આનંદ માને તો તેને ભેજું વાપરવાની તરકીબ હાથ આવતી જાય. પરિણામમાં પ્રગતિ અને આનંદ.

હાઈસ્કૂલોમાં અંગ્રેજીભાષાના શિક્ષકોને વાક્યોનું પૃથ્થકરણ (Analysis) અને સંયોગીકરણ (Synthesis) શીખવવાનાં હોય છે. અંગ્રેજીભાષાના વ્યાકરણમાં આ અઘરા મુદ્દાઓ છે. નમૂનાનાં વાક્યો તો શિક્ષકો સરળતાથી સમજાવી શકતા હોય છે, પરંતુ મહાવરાનાં અટપટાં વાક્યો શરૂમાં તેમને પણ કોયડારૂપ લાગે. તેથી મહાવરાનાં વાક્યોમાંના ઘણાંખરાં વિદ્યાર્થીઓ જાતે કરી લે એ રીતે છોડી દેવામાં આવે છે, પરંતુ અંગ્રેજી ભાષાનો શિક્ષક પોતાનું ભેજું વાપરે તો મહાવરાનાં અટપટાં વાક્યોની પણ તેને સારી ફાવટ આવી જાય. તેવી જ રીતે ગણિતના

શિક્ષકોને રીતસર મનોયત્નો કરવાનાં હોય છે. ગણિતનો શિક્ષક વિશિષ્ટ રીતના દાખલા બ્લેકબોર્ડ પર સમજાવે, પરંતુ અઘરા દાખલા છોડી દે એવું પણ બને. અહીં પણ શિક્ષકના પક્ષે ભેજું વાપવાનો પ્રશ્ન છે. અઘરા દાખલા, કૂટ પ્રશ્ન વગેરેમાં શિક્ષક ખરેખર પોતાનું ભેજું વાપરે તો તે ગણિતનો નિષ્ણાત શિક્ષક પણ બને. વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજી ભાષાના શિક્ષકો ટ્યુશનની આવકનાં પ્રેરકબળને લીધે ભેજું વાપરવા લાગે છે. અને સારી આવક મેળવતા હોય છે. તેમ છતાં કેટલાક શિક્ષકો અને કારકુનો સામાન્ય રહે છે તેનું કારણ તેઓમાં એવી શક્તિ નથી એમ નથી, પરંતુ તેઓ તેમનું ભેજું વાપરતા હોતા નથી એ કારણ હોય છે. જો તેઓ તેમના વિષયમાં ઊંડા ઉતરે, મુદ્દાઓ અને વિગતો સમજવા માટે સક્રિય વિચારણા રાખે અને જ્યાં ન સમજાય ત્યાં સ્પષ્ટતા માટે મથે તો તેઓ પણ સારા શિક્ષકો જ બને.

એવો પ્રશ્ન ઉદ્‌ભવે કે ભેજું વાપરવાથી વૈયક્તિક દૃષ્ટિએ તેમજ સમષ્ટિની દૃષ્ટિએ પ્રશ્નો ઉકેલી શકાય, છતાં વ્યક્તિને પોતાના પ્રશ્નો માટે તેમજ સમાજ અથવા રાષ્ટ્રની દૃષ્ટિએ પ્રશ્નો ઉકેલવા માટે ભેજું વાપરવામાં શી નડતર થાય છે ? વ્યક્તિની દૃષ્ટિએ વિચારીએ તો વ્યક્તિ પોતાના પ્રશ્નો ઉકેલવામાં વાસ્તવિકતા પર પકડ ધરાવવાને બદલે ઈંદ્રિયસુખો અને પોતાની અનુકૂળતાનાં આકર્ષણોમાં સવિશેષ આવી જાય છે. ભેજું વાપરવું એટલે જાદુ કે ચમત્કાર નથી એ સત્ય વ્યક્તિ ભૂલી જાય છે. વ્યક્તિ વાસ્તવિક પરિસ્થિતિની ભૂમિકા પર સ્થિર રહીને અગવડ અને પ્રતિકૂળતા સહન કરવા તૈયાર હોય તો ભેજું વાપરવાથી તેના પ્રશ્નો ઉકેલાય. ભેજું વાપરવાથી શૂન્યમાંથી સર્જન થાય છે, પણ માણસ જે રીતે શૂન્યમાંથી એકાએક ચમત્કારની જેમ સર્જન ઈચ્છે તે અર્થમાં શૂન્યમાંથી સર્જન થઈ શકતું નથી. ભેજું ક્યારે વાપર્યું કહેવાય એવો પ્રશ્ન થાય. જે પરિસ્થિતિ હોય તેનો સ્પષ્ટ ખ્યાલ લેવાય, કાલ્પનિક પ્રલોભનોને લેશમાત્ર વશ ન થવાય અને પોતાની સુંવાળી અનુકૂળતાઓ બાજુ પર રાખીને પ્રશ્નનાં સઘળાં પાસાં સ્વસ્થ રીતે વિચારવામાં આવે ત્યારે ભેજું વાપર્યું ગણાય. કોઈ વાર પ્રશ્ન ઉકેલતાં સમય લાગે તેથી નિરાશ થવાનું હોય નહિ. યંત્રવત જીવન કરતાં ચમત્કારોની આશા સાથે જીવન જીવવા કરતાં કે વધુ પડતી અપેક્ષાવાળાં જીવન કરતાં ભેજું વાપરતા રહેવાય એવું જીવન સર્વથા લાભદાયી અને હિતકારી છે.

રાષ્ટ્રની સમસ્યાઓની રીતે વિચારવામાં આવે તો દેશમાં ઘણા બુદ્ધિશાળી લોકો છે તો પછી તેઓ સમસ્યાના ઉકેલ માટે તેમનું ભેજું નહિ વાપરતા હોય ? તેઓ ભેજું તો અવશ્ય વાપરે છે, પરંતુ સત્તાની ખુરશી અને પોતાના ભૌતિક ફાયદાઓને લક્ષમાં રાખીને ભેજું વાપરે છે. પરિણામે, જે પક્ષને સત્તા મળે છે તે પક્ષ સત્તા ટકાવવા માટે સઘળા પ્રયત્નો કરતો રહે છે, તેથી સમસ્યાઓ ઉકેલવા માટે સત્તા ટકાવવાની ગાળાડૂબ સ્થિતિને લીધે તેઓ યોગ્ય રીતે ભેજું વાપરી શકતા નથી. ભારતમાં રાજકારણીઓને રાજકારણ સિવાય પોતાના વ્યવસાયમાં ઓછો રસ હોય છે, તેથી તેઓ રાજકારણને વ્યવસાયનું ક્ષેત્ર ગણે છે. વિધિની વિચિત્રતા તો એ છે કે કોઈ માણસ વિશેષ બુદ્ધિશાળી હોય તેને 'ભેજું છે' એમ ઓળખાવી શકીએ એવા બુદ્ધિશાળી મણસો આપણા દેશમાં ઘણા હોય એ દેખીતું છે, તેમ છતાં દેશના પ્રશ્નો ઉકેલવાને બદલે સવિશેષ વિકટ બનતા રહે છે. આનું કારણ એ છે કે ભેજું વાપરવાની પ્રક્રિયામાં આવેશ, રોષ, પૂર્વગ્રહો, વધુ પડતો અહમ્, સ્વાર્થ, રાજકારણ સિવાય નભી નહિ શકાય એવી અકથ્ય લાચારી વગેરે બાબતો નડતરરૂપ બને છે. પરિણામે, નથી તો તેઓ પોતે સુખી બની શકતા કે નથી પ્રજા માટે કંઈ કરી શકતા.

કેટલીક વાર માણસ કહે છે કે આ બાબતમાં મારું ભેજું ચાલતું નથી અથવા અત્યારે મારું ભેજું કામ કરે એમ નથી એ સૌના અનુભવની વાત છે. માટે ભેજું કામ કરે છે એવો આપણને અનુભવ થાય અને ભેજું વાપરીએ છીએ એવો સંતોષ રહે તે માટે આપણે કેટલીક બાબતોની કાળજી લેવી જોઈએ.

ભેજું વાપરવા માટે શારીરિક સ્વસ્થ્ય યોગ્ય હોવું જોઈએ. શારીરિક અસ્વસ્થતા ભેજું વાપરવામાં નડતરરૂપ બને છે. ગેસ, કબજીઆત વગેરેની તકલીફો ધરાવતો માણસ સારુ સ્વાસ્થ્ય ધરાવનારની જેમ ભેજું વાપરવાનો આનંદ માણી શકે નહિ. માટે સાદો ખોરાક માફકસર લેવાય, તીખું, તળેલું, ખાટું વગેરે અલ્પ પ્રમાણમાં જ લેવાય, દૂધ, દહીં છાશ, માખણ, ઘી, વગેરે પચે તેટલા પ્રમાણમાં લેવાય અને લીલાં શાકભાજી એ પ્રકારનો ખોરાક યોગ્ય ગણાય. વ્યસનો, કેફી પીણાં, વગેરેને સ્થાન હોવું ન જ ઘટે.દારૂ પીવાથી ભેજું સારું ચાલે એ ભ્રમ છે. નશો કર્યા પછી ભેજું નશીલી રીતે ચાલે એમ જરૂર કહેવાય. સ્વાસ્થ્ય જાળવવા માટે સાત્ત્વિક ખાનપાન જરૂરી છે. તેવી જ રીતે યોગ્ય સ્વાસ્થ્ય માટે પૂરતી ઊંઘ અનિવાર્ય છે.

શરીરનો વ્યાયામ કરવાથી ભેજાંનો સહકાર સારો મળે છે. મગજનું કામ કરતા લોકો માટે શીર્ષાસન અનિવાર્ય ગણાય છે. યોગાસનો અને પ્રાણાયામ શારીરિક સ્વાસ્થ્ય અને ભેજાંની સક્રિયતા માટે અપનાવવા જેવાં છે. એ સિવાય શારીરિક શ્રમ, રમતો, ચાલવું, વગેરે તન અને મન બંનેની તંદુરસ્તી માટે ખૂબ સુંદર બાબતો છે. વ્યક્તિને પોતાને જે અનુકૂળ લાગે તેવો એમાંથી કોઈ એક પ્રકારનો વ્યાયામ તો રાખવો જ જોઈ. આ બાબતોનું સત્ય અનુભવથી જ સમજાય તેવું છે.

પોતાને જીવનમાં જે સ્થાન મળ્યું હોય તેનો સ્વીકાર કરવો ઘટે. સામાન્ય રીતે માણસને અન્ય માણસનું સ્થાન સારું લાગે છે જે અતંદુરસ્ત વલણ છે. પોતાનાં સ્થાનમાં આનંદ માનનાર અને વાસ્તવિકતાને લેશમાત્ર ન ભૂલનાર વ્યક્તિ પોતાનું ભેજું સારી રીતે વાપરી શકે છે. સાથે સાથે સાદું જીવન અને ઉચ્ચ વિચારણા - Plain living and high thinking જીવનનો મુદ્રાલેખ હોવો જોઈએ. પોતાનાં સ્થાનથી રાજી રહીને પોતનાં કાર્યક્ષેત્ર અને ફરજોમાં રસ લેવો જોઈએ, ઘડીભર આમાં રસ ન પડતો હોય એમ લાગે તો રસને કેળવતા રહેવું જોઈએ. ભેજું તંદુરસ્ત રીતે વાપરવા માટે આટલી માનસિક શિસ્ત જરૂરી છે.

જે જે લોકો જીવનમાં કંઈક નોંધપાત્ર પ્રગતિ કરી શક્યા છે તેમનાં જીવનમાં ભેજું વાપરવાની વાત રહેલી છે, હોય છે. ભેજું ન વાપરનારા લોકો કોઈક દિવસ પ્રારબ્ધ જાગશે એવા આશ્વાસન સાથે સામાન્ય પ્રકારનું જીવન જીવતા રહે છે. માણસ ભેજું વાપરે એટલે તેને પુરુષાર્થની જરૂર નથી એવો તેનો મનફાવતો અર્થ કરવાનો હોતો નથી. ભેજું વાપરવાથી રસ્તો મળે છે. ઉકેલ જડે છે, નવું સત્ય હાથ આવે છે. પછી તરત જ તદનુરૂપ પુરુષાર્થ કરવાનો જ રહે છે. પુરુષાર્થ વિના કેવળ ભેજાંનો ઉપયોગ વંધ્ય છે; ભેજાંના ઉપયોગ વિનાનો પુરુષાર્થ વૈતરુ છે. ભેજું વાપરવાથી મહાપુરુષ બનાશે એવી માન્યતાથી ભેજું વાપરવામાં સહૃદયતા નહિ આવે અને અહમ્ પોષાતો રહેશે. શિક્ષક, કારકૂન કે ટપાલી પોતાનું ભેજું વાપરીને ફરજો બજાવે, નવરાશના સમયમાં પોતાના શોખની બાબત અંગે ભેજું વાપરીને થોડો દ્રવ્યલાભ મેળવે અને પોતાના કુટુંબ સાથે આનંદકિલ્લોલથી રહે એ ઘણું છે.

ગાંધીજીનાં જીવનમાં ભેજાંનો ઉપયોગ કેવો હતો તેનો એક દાખલો મજાનો છે. એક ભગવાં વસ્ત્રધારી સાધુ ગાંધીજી પાસે આવ્યા અને પોતે સેવા કરવા માગે છે એવી તેમણે ઈચ્છા દર્શાવી. ગાંધીજીએ કહ્યું તમે ખુશીથી સેવા કરો, પરંતુ તમે ભગવાં વસ્ત્ર પહેર્યાં હશે ત્યાં સુધી તમે સેવા નહિ કરી શકે. લોકો તમારા પગમાં પડશે અને તમને સેવા નહિ કરવા દે.' આ સાધુએ ભગવાં વસ્ત્ર પહેરવાં છોડી દીધાં અને તેઓ ગાંધીજીના અનુયાયી તરીકે આજીવન સેવક રહ્યા અને તે હતા સ્વામી આનંદ. અલબત્ત સ્વામી આનંદ સાધુ જ રહ્યા હતા. પરંતુ તેઓ ભગવાં વસ્ત્રધારી સાધુ તરીકે જે પામી શક્યા હોત અને સમાજને ઉપયોગી બની શક્યા હોત તેનાં કરતાં સફેદ વસ્ત્રધારી સેવક તરીકે તેઓ જે પામ્યા અને સમાજને ઉપયોગી બન્યા એ સવિશેષ આદરણીય છે એમ તેમનાં જીવન, સેવા અને લેખન પરથી કહી શકાય.

❑❑❑

# સ્વ. કવિ નાથાલાલ દવે

❑ રતુભાઈ દેસાઈ

કવિ અને કિરતાર આ બન્ને શબ્દો અને તેમાંનું ભાવતત્ત્વ અવિનાભાવ સૂચવે છે. કવિને ક્રાંતદ્રષ્ટા, ઋષિ, પયગંબર પણ કહેવામાં આવ્યો છે. કવિ પર કિરતારની કૃપા વરસે છે, તો કદીક એમ પણ લાગ છે કે કિરતાર કવિની અકારણ કસોટી પણ કરે છે. કવિને કાજે કવિતા વરદાન છે કે અભિશાપ ? એમ પણ પૂછવાનું મન થઈ જાય છે. વરદાનના પરિતોષમાંથી અને અભિશાપના અંજપા અને યાતનામાંથી કવિતા જન્મતી લાગે છે. જો એમ ન હોય તો કિરતાર કવિની કસોટી શા માટે કરે છે ? કવિતા, જે અવનિનું અમૃત છે, તેનું પ્રદાન કરનાર કવિઓને અંતકાળે શા કાજે વ્યથા ને વેદના વેઠવી પડે છે ? આનાં દ્રષ્ટાંતો આ લેખકે નજરો નજર જોયાં છે. કવિ કાંતે જેને માટે 'ઉગ્યો પ્રફુલ્લ અમીવર્ષણ ચંદ્રરાજ' જેવા ઉદ્‌ગારો કાઢ્યા અને જે કવિએ પોતાના વાસંતિક નવકિલ્લોલથી, કલ્પના પ્રચુર કાવ્યોથી તથા પ્રેમ ભક્તિની ભાવનાથી ગુજરાતને ઘેલું કર્યું હતું, તે કવિવર નાનાલાલના આખરી દિવસો બહુ દોયલા ગયાં હતા. કવિને તેમના પુત્ર અનુપમ પાસે મુંબઈની કોટ વિસ્તારની એક નાની ઓરડીમાં પ્રતિકૂળ અને લાચાર દશામાં જીવતા મેં જોયા છે. તે જ રીતે મારા નિકટ પરિચયના કવિ ખબરદાર, જેમના યોગક્ષેમની ચિંતા ગાંધીજીએ માથે લઈ, તેમને મુંબઈમાં માંડ સ્થિર કર્યા હતા, તેમને શારીરિક કષ્ટથી અને માનસિક યાતનાથી મુંબઈ છોડી ફરીવાર મદ્રાસ જઈ, થોડા કાળમાં મૃત્યુને આધીન થવું પડ્યું હતું. આ કવિઓની કરુણ કથાને સપ્રયોજન સંભારવી પડે છે. કારણ કે તા. ૨૫-૧૨-૯૩ને દિને ભાવનગરમાં ત્રીસી ચાળીસીની પેઢીના કવિ નાથાલાલ દવે પણ કષ્ટદાયક દશામાં ચિર વિદાય લઈ ગયા ! છેલ્લા બે ત્રણ વર્ષથી નાથાલાલ દુર્ભાગ્યે સ્મૃતિભ્રંશથી પીડાતા હતા. અને ત્યારથી જ જાણે ગુજરાતે એક જાગ્રત અને ચેતોવિસ્તાર યુક્ત કવિને ગુમાવ્યો હતો. તેમનું લેખન ને અન્ય આવશ્યક પ્રવૃત્તિઓ બંધ પડી ગઈ હતી. એટલે લેખના પ્રાસ્તાવિક પરિચ્છેદમાં જે ઉલ્લેખાયું છે, તે પ્રશ્ન બની પરિણમે છે કે આમ શાને ?

કવિ નાથાલાલ તા. ૨૫-૧૨-૯૩ને દિને, વર્ષાન્તે વિદાય થયા, ત્યારે તેમની ઉંમર ૮૨-૮૩ ની હતી, આ ઉંમરે માણસને મોત લઈ જાય તો બહું ખરખરો કરવા જેવું નથી. પણ આપણાં શોકસંતાપ, વ્યથા, વેદના એક કવિ લખતો બંધ થયો ને કવિતાની સરવાણી બંધ થઈ તે માટેનાં છે.

કવિ નાથાલાલે તેમનો પ્રથમ યશદાયી સંગ્રહ સન ૧૯૪૨માં પ્રસિદ્ધ કર્યો, જેનું નામ 'કાલિંદી' હતું આપણા મૂર્ધન્ય કવિ ઉમાશંકરે કવિ નાથાલાલના આ સંગ્રહને એક સુંદર વિસ્તૃત પ્રશસ્ય આમુખ આપ્યું હતું. અને કવિ નાથાલાલની રચનાઓને કાલિદાસીય કીમિયાથી અંકિત થયેલી અને સાથો સાથ કવિવર રવીન્દ્રની સ્વર સંગીતની બાનીથી પ્રભાવિત થયેલી બતાવી હતી. આમ, યશોજ્જવલ રીતે કવિ જીવનનો તેમણે આરંભ કર્યો હતો. આ લેખકે, તે કાળે તેમની 'કાલિંદી'નું વિસ્તૃત અવલોકન કવિ ઈંદુલાલ ગાંધી, કોલક અને મારા સહસંપાદકથી પ્રસિદ્ધ થતા 'કવિતા' માસિકના એક અંકમાં 'ત્રિ' ને ઉપનામે કર્યું હતું. એ અવલોકન 'ત્રિ' એટલે ત્રિભુવનદાસ લુહાર-કવિ સુંદરમે કર્યું છે એવી પ્રસન્નતા ને કૌતુક ઘણાએ અનુભવ્યાં હતાં. હકીકતમાં એ સમીક્ષા તંત્રીત્રિપુટીનાં 'ત્રિ'ના નામથી મારાથી થઈ હતી. અત્યારે આજે 'કાલિંદી' હાથવગી નથી. છતાં એમાંના કેટકેટલાં કાવ્યોને યાદ કરીએ ? પરસાળમાં બેસી ચોખા વીણતી રમાનું કાવ્ય, રાજાની સવારીનું કાવ્ય, પિયા બિન નાહિ આવત ચૈનનું સંમોહિત કરી નાખનારું અને સંગીત ગુરુ અબ્દુલ કરીમ સાહેબની ઠુમરીના શબ્દોને અમરતા બક્ષતું કાવ્ય, સંસ્કૃત પ્રચૂર શબ્દના વર્ણનથી અંકિત થયેલી 'કાલિંદી' કાવ્ય-વગેરેના રણકાર તાજા છે.

આપણા કવિતા સાહિત્યમાં મરાઠીમાંથી અંજની અને મરાઠી સાખી જેવા છંદોનો પ્રવેશ ગુજરાતીમાં કરાવનાર કવિ કાંત અને કલાપી હતા. અંજની, મરાઠી સાખી ગુજરાતીમાં લોકપ્રિય કરવાનું શ્રેય આ કવિયુગલને જાય છે તેવી જ રીતે બંગાળી પયાર છંદને ગુજરાતીમાં 'કાલિંદી' દ્વારા સફળ પ્રયોગ કરી લાવવાનું કામ શ્રી નાથાલાલે કર્યું છે. આ પયાર છંદમાં આ લેખકે તથા આપણા આજના શ્રેષ્ઠ કવિ રાજેન્દ્ર શાહે અનેક રચનાઓ કરી તેને સુગમ અને લોકપ્રિય બનાવ્યો છે. તેમા અવારનવાર પ્રયોગો કરીને પણ કવિ નાથાલાલ 'કાલિંદી' પછી 'જાહનવી' નામક સંગ્રહ આપ્યો પરંતુ તેઓ એકમાર્ગી કે એકાંગી કવિ નહોતા. તેમના પર ટાગોર, અરવિંદ અને ગાંધીજીની ગાઢ અસર હતી. તેથી તેમણે દેશભક્તિનાં, સર્વોદયના, રાજકીય ઉપહાસ-કટાક્ષનાં કાવ્યો ભરમાર આપ્યા.

મુંબઈથી વર્ષોથી પ્રસિદ્ધ થતા માસિક 'ચેતન'ના દરેક અંકમાં પ્રથમ પાના પર વર્ષોથી તેમની લાક્ષણિક નર્મ મર્મ ઉપહાસ કટાક્ષની રચનાઓ પ્રગટ થતી રહી હતી. તેમણે સ્થાપિત સાહિત્ય હિત વિરુદ્ધ પણ આક્રોશ વ્યક્ત કર્યો છે. તેમણે મુખવાસ નામે લઘુ કાવ્યો, મુક્તકો પણ લખ્યાં છે. મૂળે તેઓ ભાવનગરના, સૌરાષ્ટ્રની નીપજ જેવા હતા. મેઘાણી તેમના પૂર્વસૂરિ જેવા હતા. તેથી તેમનાં જેવી રચનાઓ પણ તેમણે આપી છે. અને છેલ્લે ગઝલ પ્રકારમાં તેમણે હાથ અજમાવ્યો હતો. ગઝલની કવિતા પ્રકારની ઠેકડી ઉડાવતી રચનાઓ પણ તેમણે રજૂ કરી છે. પરંતુ તેમનું બીજું ધ્યાનકર્ષક પ્રદાન ભજનો અને ભક્તિ-આરઝુના કાવ્યોમાં થયું છે. તેમાં છેવટના પુસ્તક 'આનંદધારા'માં તે ઝીલાયું છે અને આપણા સાહિત્યમનીષી જેવા શ્રી યશવંત શુક્લે તેની નોંધ હૃદયપૂર્વક લીધી છે. તેમણે ટાગોરના બહુખ્યાત ઉત્તમ કથાકાવ્યોને 'રવીન્દ્ર વૈભવ'ને નામે સમશ્લોકી છંદમાં કે ઢાળમાં સફળ રીતે ઊતારી અનુવાદનું મહત્વનું કામ કર્યું છે. જેને આપણા ઋષિતુલ્ય સાક્ષર સ્વ. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ મુક્તકંઠે બિરદાવ્યું છે. તેમણે ટૂંકી વાર્તાઓ પણ લખી. તેમના બે વાર્તા સંગ્રહો ' શિખરોને પેલે પાર' અને 'મીઠી છે જિંદગી' સુપ્રસિદ્ધ છે. આ વાર્તાઓ પારિતોષિકોથી પુરસ્કૃત થઈ ચૂકી છે ને પ્રથમ વાર્તા સંગ્રહની એકથી વધુ આવૃત્તિ પણ થઈ છે. આ કવિ મૂલ્યોના અને સંસ્કૃતિરક્ષાના કવિ હતા. જેથી તેમણે કોઈની ઓથ શોધી નથી. કોઈની કંઠી બાંધી નહીં. પ્રસિદ્ધિથી દૂર રહી કાવ્યતપ કર્યા કીધું.

તેઓ કોઈ મોટા સંગઠનકાર નહોતા. પણ ભાવનગરમાં 'સાહિત્યભારતી' જેવી સંસ્થાની એકલે હાથે સંસ્થાપના કરી વર્ષો સુધી તે પાંગરે એવી કોશીશ કરી છે અને ઘણા સર્જકોનાં માન સન્માન તેમણે યોજ્યાં છે. પોતે પાછળ રહી બીજા અનેકોને આગળ કરનાર તેઓ હતા. તો વળી અલ્પસ્વલ્પ સર્જન કરનારનારને નાનાને પુચકારનાર ને સ્વીકારનાર પણ હતા.

એક કવિ, એક માણસના સાચા અર્થમાં અને રહસ્યમાં ન હોય તો આવું ન બને તેઓ કોમળ કાવ્યકલાના રંગીન કસબી હતા. આછંદસના વિરોધી હતા. શ્રી વિષ્ણુભાઈ પેઠે અછાંદસ ચિરાયુ કાવ્ય પ્રકાર ન બની શકે એવી તેમની માન્યતા હતી.

તેમની અનેક કૃતિઓમાંથી પાસાદાર કર્ણપ્રિય કે સૂત્રાત્મક પંક્તિઓ ટાંકવાનો લોભ સ્થળ ને સમયની મર્યાદાને કારણે જતો કરવો પડે છે પણ ગુજરાતી કવિતાને જોમ આપે અને લાંબો કાળ વાંચવી ગમે ફરી ફરી-એવી તેમની ઘણી કૃતિઓ અવશ્ય છે. કવિ નાથાલાલ બારે માસ મૂસળધાર વરસતા મેઘ જેવા કવિ નહોતા. તેમની કાવ્યદૃષ્ટિનો પરિઘ સંસ્કૃત, અંગ્રેજી, બંગાળી ને ગુજરાતી કવિતાના અભ્યાસથી મંડિત રસાયેલો હતો. એક અર્થમાં શ્રાવણની સરી જતી અને વારંવાર વરસી જતી વાદળીઓ જેવા તે કવિ હતા. 'સરસ્વતીચંદ્ર'કાર શ્રી ગોવર્ધનરામે નવલરામ માટે જે લખ્યું ને કહ્યું હતું તે આમ હતું :- 'મોટાં નાનાં, વધુ મોટામાં; તો નાનાં પણ મોટાં 'વ્યોમદીપ રવિ નભબિન્દુ, તો ઘરદીવડા નહીં ખોટાં'

તે જ પંક્તિઓ કવિ નાથાલાલને લાગુ પાડી શકાય છે. વ્યોમમાં ઝગઝગાટ વિદ્યુત લિસોટા સમ ઝળકી, આંખોને આંજી દઈ અદ્રશ્ય થઈ જનાર નહીં. પરંતુ ચિરકાળ મંદ મંદ કોડિયાંના મધુર પ્રકાશથી આપણી રંક કવિતાકુટિરોને ઉજાળનાર તે એક લઘુદીપ સમા હતા. આવા ઋતુહૃદયી, પ્રેમાળ, સદા એકધારું કાવ્યતપ કરનાર કવિ નાથાલાલ હતા. તેમના પરિવાર પ્રતિ આપણી સમસંવેદના હો ! તેમની સદ્‌ગતિ માટેની આપણી સૌની હાર્દિક પ્રાર્થના હો ! અને તેમના નિર્મમ કાવ્યાર્પણને પણ આપણી પ્રેમપૂર્ણ અંજલિ હો !

❑❑❑

# 'ચરણ-ચલણ' વિશે

❑ ડૉ. એમ. એમ. ભમગરા

તા. ૧૬ જાન્યુઆરીના 'પ્રબુધ્ધ જીવન'માં 'ચરણ-ચલણનો મહિમા' ગાતો લેખ વાંચી માર કસરતી જીવનને આનંદ થયો. નિસર્ગોપચારમાં શારીરિક વ્યાયામ પર હું ખૂબજ ભાર મૂકું છું. બેઠાડૂ દર્દીઓને મારે ટોકતા રહેવું પડે છે. 'BE MORE ON YOUR FEET, LESS ON YOUR SEAT' પૈસાપાત્ર ગાડીવાળાઓનાં ગાડીનાં ટાયરો જેટલા ઘસાતા રહે છે તેના પ્રમાણમાં એ લોકોના જોડાના તળિયા ઘસાતાં નથી એ ખેદની વાત છે.

'એરોબિક્સ' નામની ઉછળ-કૂદનો જે વ્યાયામ છે તેનો હેતુ શ્વાસોચ્છવાસ ફૂલે ત્યાં સુધી પગ ઉપર જુદી જુદી રીતે કૂદતા રહેવાનો હોય છે. જેથી હૃદય અને ફેફસાં મજબૂત બને, પરંતુ એ વ્યાયામ સશક્ત લોકો માટે છે, કે જેમને હૃદયની, ફેફસાની, 'સ્લીપ ડિસ્કની', ઘૂંટણના વાની કે એવી કોઈ બીમારી નથી. બીજા સૌએ તો બિનહાનિકારક એવી ચાલવાની કસરત જ કરવી રહી. ચાલવું એ પણ એક સારી 'એરોબિક્સ' કસરત બની શકે, પરંતુ તેમ ત્યારે બને જ્યારે (૧) ચાલવામાં શક્ય એટલી સારી ઝડપ હોય (૨) શ્વાસ ધીરે ધીરે અને ઊંડો લેવાય અને તે ધીરે ધીરે અને સંપૂર્ણ કાઢવામાં આવે અને (૩) ચાલતી વેળા વાત ન કરાય, ન તો ચણાસીંગ, પાન-સોપારી કે કશું પણ મોઢામાં નંખાય. ચાલવાની કસરત એ 'વોકિંગ-બ્રિધિંગ' કસરત છે, ફક્ત વોકીંગ નહિ.

કેટલાક વ્યાયામ-પ્રેમીઓ પોતાની 'ફેવરીટ' કસરત જ સર્વશ્રેષ્ઠ છે એમ કહેતા હોય છે પરંતુ ચાલવાની કસરતની તોલે બીજી કોઈ કસરત નહિ, એમ ઘણા કહે છે. વસ્તુતઃ એ ધ્યાનમાં રહે કે શરીર-શાસ્ત્રની દૃષ્ટિએ એ માન્યતા બરાબર નથી. શરીરના છસો ઉપરાંત સ્નાયુમાંથી ચાલવામાં સોએક સ્નાયુઓનેજ અમુક હદે વ્યાયામનો લાભ મળે છે. જે કરી શકે તેમણે અનેક વિવિધ પ્રકારના વ્યાયામ કરવા જોઈએ, જેમાં યોગાસનોનો પણ સમાવેશ કરવો જોઈ.

વ્યાયામ ચિકિત્સા એક અદ્‌ભૂત, ફાયદેમંદ ચિકિત્સા છે, જેનો ઊંડો અભ્યાસ કરવો હોય તો સહેલાઈથી પાંચેક વર્ષ લાગી જાય. લગભગ દરેક રોગ માટે (કેન્સર સુધ્ધાં) વ્યાયામનો ઉપચાર છે. એ વાત ઘણા ડૉક્ટરોને પણ ખબર નથી. હૃદયરોગ હોય, બાય-પાસની નોબત હોય, લીવર, ફેફસાં કે કીડનીના રોગ હોય તેમાં પણ 'LIFE- SAVING'ના EXERCISES હોય છે. LIFE-SAVEING DRUGS ના આપણે ગુણગાન ગાઈએ છીએ પરંતુ LIFE SAVING DIETના કે વ્યાયામના કે ધ્યાનના પ્રયોગનાં ગાન કોઈ ગાતું નથી, એ અફસોસ અને શરમની વાત છે. (અફસોસ દર્દીના દૃષ્ટિકોણની અને 'શરમ' ડૉક્ટરની !!)

બચપણથી શરૂ કરી જીવનના છેલ્લા શ્વાસ સુધી દરેક વ્યક્તિએ રોજ અચૂક યથાશક્તિ વ્યાયામ કરવો જોઈએ. શરીર પ્રત્યે પણ આપણી ફરજ છે. એમાં વ્યાયામ ફરજિયાત છે. મરજિયાત નહિ માનવી છેલ્લા દાયકાઓમાં આળસુ કે કામચોર બનતો ગયો છે. શારીરિક શ્રમનો મહિમા ઓછો થતો જાય છે. શાળા કોલેજોમાં હવે કસરત રોજ કરાવાતી નથી. અભ્યાસ-કાળ પછી, વ્યવસાય, નોકરીમાં પડતાં કે લગ્ન થતાં સમયનો અભાવ છે એવું બહાનું કાઢી, છોકરા, છોકરીઓ વ્યાયામ લગભગ છેકી જ દે છે. આ મોટી ભૂલ છે, આરોગ્ય-નાશક ભૂલ છે. સમય નથી મળતો એ બહાનું હોવું જ ન જોઈએ. ખાવા માટે, સ્નાન માટે, ઊંઘવા માટે, એની આવશ્યકતા જાણીને આપણે જે રીતે આપણો સમય ફાળવીએ છીએ તે રીતે વ્યાયામ માટે પણ સમય ફાળવવો જ જોઈએ. ટી. વી. જોતાં જોતાં પણ વ્યાયામ કરી શકાય; જો કે ધ્યાનપૂર્વક વ્યાયામ કરી, વ્યાયામ કરતી વેળા બીજાં આકર્ષણ ન હોય એ ઉત્તમ ગણાય. ગપસપ કે ગંજીફા કે બીજા વ્યસનો પાછળ વેડફાતો સમય બચાવીને વ્યાયામમાં સમયનો સદઉપયોગ કરવો જરૂરી છે. પગને વાપરવામાં, ચાલવા ઉપરાંત દાદરા ચઢ-ઉતર કરતા રહેવું, લીફ્ટ બનતાં સુધી ન વાપરવી, પાણીમાં તરવું, વગરે અનેક અકસીર વ્યાયામ છે, જે યથાશક્તિ કરતા રહેવું. જેથી અનેકવિધ શારીરિક લાભ મળે.

ચાલવાના માસિક ફાયદા વિષે પણ તમે બરાબર કહ્યું છે. ડૉક્ટર પોલ ડડલી વ્હાઈટ, જેમણે ૯૨ વર્ષની જિંદગીમાં એક પછી એક, પાંચ અમેરિકન પ્રેસિડન્ટના નિયામક કાર્ડીઓલોજીસ્ટ તરીકે ખ્યાતિ મેળવી હતી, અને જેમણે અમેરિકનોને 'પગભર' કર્યા, તેમણે કહ્યું હતું કે અનિદ્રાના રોગ માટે 'સ્લીપીંગ પીલ્સ, શરાબ કે બીજા નશા કરતાં 'LONG WALK' વધુ અકસીર છે. તમે દુઃખ કે હતાશામાં ડૂબેલા હોવ, તો Mood-Changing દવાઓ લેવા કરતાં કે મનો-વિશ્લેષણના ચકકરમાં પડવા કરતાં રોજ પાંચ માઈલ ચાલો તો ફાયદો વિશેષ થશે. માનસિક કામ કરનારે પણ માનસિક થાક ઉતરવા માટે ચાલવું જરૂરી છે. હૃદયની ધમનીઓમાં લોહી ગંઠાઈ ગયું હોય અને એન્જાઈનાનો હળવો દુઃખાવો હોય તો પણ ધીરે ધીરે ચાલવાનો, બાગબાનીનો કે પ્રાણાયામનો વ્યાયામ કરવાથી લાભ થઈ શકે, પરંતુ તે નિષ્ણાત ચિકિત્સકની સલાહ હેઠળ કરવાં જોઈએ. આજના વિશ્વ વિખ્યાત ડૉક્ટર ડીન ઓર્નિષ પણ હૃદય રોગીઓને આવા જ ઉપચાર ફરમાવે છે. અમદાવાદના કાર્ડિયોલોજિસ્ટ ડૉ. રમેશ કાપડિયા પણ લોકોને ચાલવાનો તેમજ યોગનો વ્યાયામ શીખવાડે છે અને ઓર્નિષની જેમ તેલ, ઘી, સાકર મેદાના વપરાશને ન્યૂનતમ કરી, તાજાં શાકભાજી, કચુંબર તેમજ ફળોનો ઉપયોગ વધારે અને રોજ કરવાની સલાહ આપે છે.

લાઓત્સેની જેમ ચાલતી વેળા મૌન પાળવું જોઈએ અને ધીમા ઊંડા શ્વાસ લેવા અને કાઢવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. એ અગત્યનો મુદ્દો છે. ટી. વી. જોતી વેળા અને ચાલુ કે બંધ કરવા યા ચેનલ બદલવા માટે લેવાં પડતાં ત્રણ-ચાર ડગલાં પણ હવે લોકો ટાળતાં થયા છે. કારણ 'રીમોટ-કંટ્રોલ' હાથવગું હોય છે !

જેમ સમાજમાં કોઈ માનવ-સમૂહ ક્ષુદ્ર નથી તેમ તબીબી વિજ્ઞાનની દૃષ્ટિએ શરીરમાં કોઈ અંગ નીચા દરજ્જાનું નથી. આંતરડામાં મળ એકઠો થતો રહે છે, એ આપણી કચરાપેટી છે, માટે આપણે એને નિમ્ન કક્ષાનું અંગ નથી ગણતા. પગ પણ નિકૃષ્ટાંગ નથી. પગને ન વાપરીએ તો લોહીનું ભ્રમણ બરાબર ન થાય. ગુરુત્વાકર્ષણની વિરુધ્ધ લોહીને પગમાંથી પાછું હૃદયમાં લઈ જનાર આપણી પિંડીના સ્નાયું છે, જેને સક્રિય કરનાર અંગ તે પગની પાની છે. હૃદયમાં એટલી તાકાત નથી કે પગના સ્નાયુઓની મદદ વિના, લોહીને પાછું પોતાની અંદર ખેંચી શકે. ચરણને તળિયે આવેલાં 'પ્રેશર પોઈન્ટ્સ'ને અમુક રીતે દાબીને શરીરના કોઈ પણ અવયવ-લીવર, હૃદય અને મસ્તિક સુધ્ધાંને ફાયદો પહોંચાડી શકાય છે, એવું રીફલોક્ષોલોજી અને એક્યુપ્રેશરનું વિજ્ઞાન આપણે કહે છે. મસ્તક કે ભેજું શરીરના દરેક અંગ- ઉપાંગનું સંચાલન કરે છે. એ સ્થૂલ હકીકત છે. શરીરના અબજો કોષોને પોતાનું એક મન હોય છે એ સૂક્ષ્મ વાસ્તવિકતા છે. જે વિષે વિજ્ઞાનના સંશોધનનો આરંભ થઈ ચૂક્યો છે.

છેવટે એક વાત. પગની ચર્ચા કરીએ છીએ ત્યારે પગરખાં વિષે પણ લખવું જોઈએ. જૈનો ચામડાનાં જોડા પહેરે એ હિંસાને પ્રોત્સાહન આપવા જેવું છે. પાટલુંન પર પહેરાતા પટ્ટા, પુરુષોનાં વોલેટ, સ્ત્રીઓનાં પર્સ કે મનીબેગ કે સેન્ડલ કે ચંપલ કોઈ પણ ચીજ ચામડાની ન હોય એ જરૂરી છે. હિંસાથી મેળવેલાં રેશમી વસ્ત્રો કે ચામડાની વસ્તુઓનો તો બહિષ્કાર જ થવો જોઈએ.

❑❑❑

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૫ ● અંક : ૩-૪ ● ● તા. ૧૬-૪-૧૯૯૪ ● ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## નિઃસંતાનત્વ

કેટલાક દિવસ પહેલાં ઓસ્ટ્રેલિયાથી ભારતની મુલાકાતે આવેલા માઈકલ નામના એક યુવાન ઘરે મળવા આવ્યા હતા. પોતે બૌધ્દ ધર્મ પાળે છે. ઓસ્ટ્રેલિયામાં બૌધ્દ ધર્મનો પ્રચાર ઠીક ઠીક છે અને અનેક ગોરા લોકો બૌધ્દ ધર્મના અનુયાયી થયેલા છે. મને ઘરે મળવા આવેલા યુવાનને જૈન ધર્મ અને બૌધ્દ ધર્મ વચ્ચે શો તફાવત છે તે વિશે જાણવું હતું, તેઓ મળવા આવ્યા ત્યારે વાતચીત દરમિયાન જોવા મળ્યું કે બૌધ્દ ધર્મ, ખ્રિસ્તી ધર્મ અને હિન્દુ ધર્મની તેમની જાણકારી આશ્ચર્યચકિત કરી દે તેવી હતી. તેમણે ઉપનિષદો અને શાંકરભાષ્યનું પણ અધ્યયન કર્યું છે. તેમની સાથે લગભગ ત્રણેક કલાક બૌધ્દ ધર્મ, જૈન ધર્મ અને હિન્દુ ધર્મ વિશે ચર્ચા-વિચારણા ચાલી હતી. લગભગ ત્રીસેક વર્ષના આ અત્યંત તેજસ્વી, પ્રભાવશાળી, સુમાહિતગાર યુવાન ભારતમાં અગાઉ કેટલીકવાર આવી ગયા છે. દુનિયાના ઘણા દેશોમાં તેઓ ફર્યા છે. પોતે એન્જિનિયર છે. કોમ્પ્યુટરના ક્ષેત્રના નિષ્ણાત છે. નોકરી કરીને એક સ્થળે બંધાઈ રહેવા કરતાં ઓસ્ટ્રેલિયામાં ચાર-છ મહિના કોમ્પ્યુટર કંપનીઓમાં છૂટક કામ કરીને પોતે જે નાણાં કમાય છે તેમાંથી પછીના છ-આઠ મહિના તેઓ દુનિયાના જુદા જુદા દેશોમાં ફરવા નીકળી પડે છે અને વિવિધ પ્રજા, વિવિધ ભાષા, વિવિધ ધર્મ, વિવિધ સંસ્કૃતિની પ્રત્યક્ષ જાણકારી મેળવવામાં પોતાનો સમય પસાર કરે છે.

આવી રીતે પોતાનાં વર્ષો પસાર કરનાર વ્યક્તિના અંગત જીવન વિશે કેટલીક જિજ્ઞાસા સ્વાભાવિક રીતે થાય, પરંતુ કોઈના અંગત જીવન વિશે પ્રશ્ન પૂછવાની પધ્દતિ ઘણા દેશોમાં નથી. ત્યાં તે શિષ્ટાચારના ભંગ રૂપ મનાય છે. હું ઓસ્ટ્રેલિયામાં દસ વર્ષ પહેલાં ઘણું ફર્યો હતો. ત્યાંના યુવાનોના સંપર્કમાં ત્યારે આવ્યો હતો અને તે સમયના યુવાનોની અને હાલની મનોવૃત્તિમાં બહુ ફરક પડ્યો છે કે કેમ તે જાણવાના આશયથી અમારી વાતચીતમાં છેલ્લે છેલ્લે ઓસ્ટ્રેલિયાની વાત નીકળતાં મેં પ્રશ્ન કર્યો કે 'ઓસ્ટ્રેલિયાની વસતી હવે વધી છે કે નહિ ?' એમણે કહ્યું, 'ખાસ કોઈ વધારો થયો નથી.'

છેલ્લાં દસેક વર્ષથી ઓસ્ટ્રેલિયાની વસતી ખાસ વધતી નથી, બલકે ત્યાંના કેટલાક પ્રદેશોમાં તો ઘટી પણ રહી છે, કારણ કે ઓસ્ટ્રેલિયા જેવા દેશમાં કેટલાંય એવા યુવાનો છે કે જેઓ સંતાન ઇચ્છતા નથી.

આ સંદર્ભમાં જ મારે જે જાણવું હતું તે માઈકલે સામેથી જ મને કહ્યું કે 'મારે સંતાન જોઈતાં નથી. એટલા માટે મેં કેટલાંક વર્ષ પહેલાં વાસેકટોમી કરાવી લીધી છે.' મેં સહજ રીતે પૂછ્યું કે 'તમારી પત્નીની સંમતિથી કરાવી છે ?' તેમણે કહ્યું, 'હું જે સ્ત્રી સાથે રહું છું તેની સાથે મેં વિધિસર લગ્ન કર્યાં નથી, મારે લગ્ન કરવાં પણ નથી. અમે મિત્ર તરીકે જ સાથે રહીએ છીએ. વાસેકટોમી કરાવવી કે નહિ તે મારો અંગત પ્રશ્ન છે. એ માટે મારે કોઈની સંમતિ લેવાની જરૂર નહોતી.'

માઈકલની વાત નવી પેઢીના યુવાનોને સમજવામાં એક ઉદાહરણ રૂપે છે. એવા તો અનેક દાખલાઓ ઓસ્ટ્રેલિયા ઉપરાંત વિશેષતઃ યુરોપ, અમેરિકાના દેશોમાં જોવા મળશે. બીજા વિશ્વયુધ્દ પછી નવી પ્રજામાં એક નવી વિચારધારા ચાલુ થઈ છે. કેટલાંય યુવક-યુવતીઓ એવો મત ધરાવે છે કે સંતાન હોવાં એ એક ખોટી જવાબદારી કે ઉપાધિ છે. યુવાનીના ઉત્તમકાળનાં દસ પંદર વર્ષ સંતાનોના ઉછેર પાછળ વેડફાઈ જાય છે. એથી પોતાનો અંગત વિકાસ રૂંધાય છે. બાળકો બંધનરૂપ બની જાય છે. બાળકોને લીધે દેશ-વિદેશમાં ફરવાનું તો ઓછું થઈ જાય છે, વાંચવા-વિચારવાનું પણ ઓછું થઈ જાય છે, એટલું જ નહિ પોતાના શહેરમાં કોઈ નાટક, સિનેમા કે અન્ય પ્રકારના સરસ કાર્યક્રમોમાં, પાર્ટીઓમાં ઉપસ્થિત રહેવાનું પણ ઓછું થઈ જાય છે. વ્યાવસાયિક કારકિર્દી પણ મંદ પડી જાય છે. જીવનના પંદરેક વર્ષ સંતાનોના ઉછેર પાછળ વેડફી નાખ્યા પછી બદલામાં મળે છે શું ? સંતાનો ઘર છોડીને ચાલ્યા જાય છે. પોતાના મિત્રો સાથે રખડે છે. ક્યાંક પરણી જાય છે. કે પરણ્યા વિના ઘરસંસાર માંડે છે અને માબાપ સુખી છે કે દુઃખી છે, જીવે છે કે મરે છે એની એમને દરકાર પણ હોતી નથી. ક્યારેક તો સંતાનોને કશી શિખામણ આપવા જતાં કે ટોકવા જતાં તેઓ રિવોલ્વર વડે માતાપિતાનું ખૂન કરી નાંખે છે.

આ વિચારધારામાં પાશ્ચાત્ય સંસ્કૃતિનું કેટલુંક પ્રતિબિંબ પડેલું જણાશે. વ્યક્તિવાદી કુટુંબ પ્રથાને કારણે સંતાનો મોટાં થતાં જ મા-બાપથી અલગ થઈ જાય છે. પહેલાંના વખતમાં તો ત્યાં સંતાનો પરણ્યા પછી અલગ થઈ જતાં. હવે તો પરણ્યા હોય કે ન પરણ્યાં હોય, અઢાર, વીસ કે બાવીસ વર્ષના થતાં ઘર છોડીને ચાલ્યા જાય છે. કેટલાંક કિસ્સાઓમાં તો પોતે ક્યાં જાય છે, ક્યારે જાય છે તે માતા-પિતાને કહેવા પણ રોકાતાં નથી.

નિ:સંતાનત્વની વિચારધારાનો જન્મ બહુધા સંતાનોની કૃતઘ્નતામાંથી જન્મેલો છે. પાશ્ચાત્ય દેશોમાં એકંદરે સંતાનો માતા-પિતાને વહેલાં છોડી જાય છે. આથી પણ વૃદ્ધાવસ્થામાં નિરાધાર અને હૂંફ વગરનાં બનેલાં માતા-પિતાને સંતાન પ્રાપ્તિનો પશ્ચાત્તાપ થાય છે. બીજી બાજુ સંતાનોએ માતા-પિતાના કલહભર્યા જીવનને જોયું હોય, તેમના છૂટાછેડાને લીધે પોતાને ગમે ત્યાં રખડવું પડ્યું હોય એવાં લાચાર સંતાનોના બાલમાનસ ઉપર જે પ્રત્યાઘાતો પડે છે તેમાંથી પરણવું નથી અથવા પરણ્યા પછી સંતાનો જોઈતાં નથી એવા વિચારો દૃઢ થઈ જાય છે. કેટલાંક અપવાદરૂપ

યુવક-યુવતી એવાં પણ હોય છે જે બુદ્ધિ અને તર્કથી પોતાના ભાવિનો વિચાર કરીને નિઃસંતાન રહેવાનો નિર્ણય લે છે, પરંતુ તેઓ પોતાનાં માતા-પિતાની એટલી જ સંભાળ લે છે.

પાશ્ચાત્ય દેશોમાં બધે જ નિઃસંતાન રહેવાનો પવન ચાલ્યો છે એમ માની લેવાની જરૂર નથી. સંતાનોનું પોતાને સુખ હોય અને સંતાનો સુખી હોય એવાં પણ અનેક કુટુંબો છે. આ તો છેલ્લાં એક-બે દાયકામાં યુવાનોમાં ઉત્તરોત્તર વધુ પ્રચલિત બનતી જતી વિચારધારાનો અણસાર આપતી ઘટના છે. વળી, ઓસ્ટ્રેલિયા તો પૂર્વમાં આવેલો દેશ છે. ત્યાંની ગોરી સંસ્કૃતિ ઉપર પૂર્વના જીવનની ઊંડી અસર પડેલી છે. ત્યાં કુટુંબ-ભાવના પણ સારી છે. તેમ છતાં ત્યાંના યુવાનોમાં પણ આ વિચારધારાનો પ્રચાર વધતો ચાલ્યો છે. માઇકલે કહ્યું 'છેલ્લાં આઠ-દસ વર્ષમાં મને જે દેશ-વિદેશમાં ફરવા મળ્યું, મેં જે અભ્યાસ કર્યો, અંગત રીતે મારો જે વિકાસ થયો તે બધાંનો જે મને આનંદ મળે છે તે કદાચ સંતાનોની પ્રાપ્તિ દ્વારા મને ન મળ્યો હોત, અને મારો આટલો વિકાસ ન થયો હોત. મારી સાથેના મારા મિત્રો જેમણે લગ્ન કર્યાં છે અને સંતાનો છે તેઓ તેજસ્વી હોવા છતાં સાધારણ નાગરિક બની ગયા છે; કેટલાંક તો દુઃખી પણ થઇ ગયા છે.'

પત્ની (અથવા પતિ) અને સંતાનો જંજાળરૂપ છે એવો વિચાર તો ઠેઠ પ્રાચીનકાળથી ચાલ્યો આવે છે. એટલા માટે તો સાધુ-સંન્યાસીઓની પ્રથા ઊભી થઇ. પરંતુ પરણવું અને પત્ની સાથે (અથવા પરણ્યા વગર સ્ત્રીમિત્ર સાથે) શારીરિક સંબંધ રાખવો, કામભોગનું સુખ માણવું અને છતાં પ્રજોત્પત્તિ બિલકુલ ન ઇચ્છવી એ વલણ આધુનિક સમયનું છે.

સંતાનો જીવનવિકાસમાં અવરોધ રૂપ છે, બંધન રૂપ છે એવી વિચારધારા પાશ્ચાત્ય વ્યક્તિલક્ષી કુટુંબપ્રથામાં વધુ પ્રચલિત બને એ સ્વાભાવિક છે. વળી, જ્યારથી સંતતિ-નિયમનનાં સાધનોની અને જુદી જુદી તબીબી પદ્ધતિની શોધ થઇ અને તેનો પ્રચાર વધ્યો ત્યારથી નિઃસંતાનત્વની વિચારધારા વધુ પ્રચલિત બની છે. બીજા વિશ્વયુદ્ધ પહેલાં નિઃસંતાનત્વની ભાવનાનો આવો પ્રચાર નહોતો, એવી સગવડ પણ નહોતી.

દુનિયાના બધા જ માણસો નિઃસંતાન રહેવાનું પસંદ કરશે તો શું દુનિયાનો અંત નહિ આવી જાય ? આવો પ્રશ્ન માત્ર તર્કના આધારે થાય, પરંતુ વ્યવહારનું અવલોકન કરતાં સમજાશે કે, માનવજાતનો ક્યારેય અંત આવ્યો નથી અને આવવાનો નથી. નિઃ સંતાન રહેવાની વૃત્તિ કરતાં માતૃત્વની ભાવના ઘણી મોટી અને ઘણી પ્રબળ છે. જ્યાં સુધી સ્ત્રીનું અસ્તિત્વ છે ત્યાં સુધી માતૃત્વની ભાવનાનું પણ અસ્તિત્વ રહેવાનું જ. પગલીનો પાડનાર અને ખોળાનો ખૂંદનાર એ સ્ત્રીનું સ્વપ્ન છે. વળી પાંચ પંદર ટકા યુવાનોની નિઃસંતાનત્વની વૃત્તિથી સમગ્ર સંસારનો ઉચ્છેદ થઇ શકે નહિ. એવો ડર રાખવાની જરૂર નથી. યુવાનોમાં પણ આવી વૃત્તિ ઝડપથી ફેલાવા લાગે એવું નથી. અસંખ્ય યુવાનોને પિતા બનવાના કોડ સ્વાભાવિક રીતે રહે છે. પૌરસ્ત્ય સંસ્કૃતિની કુટુંબ-ભાવના ઉપર આ નિઃસંતાનત્વની વિચારધારા બહુ અસર નહિ કરે.

સંતાનપ્રાપ્તિનો આનંદ એક જુદી જ કોટિનો આનંદ છે. અનુભવે એ વિશેષ સમજાય છે. नन्दनं कुलनन्दनम् સંતાનપ્રાપ્તિ પછી સંતાનો દસ-પંદર વર્ષનાં થાય ત્યાં સુધીનો આનંદ પણ એક વિશિષ્ટ પ્રકારનો હોય છે. સંતાનોમાં નિર્દોષતા હોય છે, માતાપિતા પ્રત્યે આદર હોય છે, પરાવલંબીપણાને લીધે તેમનામાં તેવા પ્રકારના ગુણો-વિનય, આજ્ઞાંકિતતા, આદર, સહકાર, ઉત્સાહ, ઉલ્લાસ, અદોષદર્શીપણું, સહિષ્ણુતા વગેરે વિકસેલા રહે છે. એ વર્ષોમાં માતાપિતાને સંતાનો થકી જે આનંદ મળે છે તે માટે આપવો પડતો સમય, શક્તિ, શાંતિ, સગવડ, ધન ઇત્યાદિનો ભોગ સાર્થક લાગે છે. એ કાળ માતાપિતાના જીવનને ધન્ય બનાવે છે. યૌવનનું એક સ્વપ્ન પરિપૂર્ણ થતું લાગે છે. સંતાનોને લીધે પોતાનો જીવનવિકાસ અટકે છે એવી માન્યતા પણ ગૃહસ્થોને માટે ભૂલભરેલી છે. સંતાનના વિકાસ સાથે માણસ ધારે તો પોતાનો વિકાસ સાધી શકે છે. સંતાનોનો વિકાસ એ જ પોતાનો વિકાસ છે એ ભૂમિકાએ પહોંચવાનું પણ અઘરું નથી. સંતાનોના વિકાસમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપવું એ પરમ કર્તવ્યરૂપ મનાય છે.

ભારતીય હિંદુ પરંપરામાં માણસને માથે દેવઋણ, ગુરુઋણ અને પિતૃઋણ એવાં ત્રણ મોટાં ઋણ ગણાવવામાં આવે છે. એમાં પણ પિતૃ-ઋણ સૌથી મોટું ગણાય છે અને તે ઋણમાંથી મુક્ત થવાનું હોય છે. પિતાની જેમ પોતે એક સંતાનને જન્મ આપીને માણસ પિતૃઋણમાંથી મુક્ત થઈ શકે છે. પ્રજાતંતુનો વ્યવચ્છેદ ન કરવાની ગૃહસ્થોને શાસ્ત્રકારો-એ આજ્ઞા કરી છે. સંતાનોથી ઘર ભર્યું ભર્યું લાગે છે. એટલા માટે જ अपुत्रस्य गृहं शून्यम् । એમ કહેવાયું છે. નિઃસંતાનત્વ સામાન્ય કોટિના દંપતીઓને કોરી ખાય છે. વાંઝિયામેણું શાપરૂપ મનાય છે. अपुत्रस्य गतिर्नास्ति । પરંતુ જીવન જીવવાની જેમની પાસે કળા છે અને ઉચ્ચતર જીવનધ્યેય છે તેવાં નિઃસંતાન દંપતી અથવા અપરિણીત યુવક કે યુવતી પોતાના શાપને આશીર્વાદમાં રૂપાંતરિત કરી નાખે છે.

વિષમ કાળની શરૂઆત સંતાનો મોટાં થયાં પછી થાય છે. સંતાનોનો બૌદ્ધિક વિકાસ થાય છે, તેમનામાં સ્વાવલંબીપણું આવે છે, શાળા-કૉલેજમાં કે પોતાના રહેઠાણના વિસ્તારના સારાનરસા મિત્રોની સોબત ચાલુ થાય છે. પછી માતાપિતા સાથે દલીલબાજી થવા લાગે છે; આજ્ઞામાં રહેવાનું ગમતું નથી; કરકસર ગમતી નથી; હઠીલાપણું આવે છે; માતાપિતા પ્રત્યેના આદરની માત્રામાં ઘટાડો થવા લાગે છે, માતાપિતા ઓછી અક્કલવાળાં અને જૂનવાણી લાગે છે, તેમના સાચા-ખોટા દોષો તરત નજરે આવે છે. આ રીતે બે પેઢી વચ્ચે અંતર (generation gap) પડવા લાગે છે. દીકરા-દીકરીનાં લગ્ન પછી, વિશેષતઃ દીકરાઓના લગ્ન પછીનો સમય એથી વધુ વિષમ બને છે. હવે સંતાનોની પોતાની એક જુદી દુનિયા વસવા લાગે છે. માતાપિતા પ્રત્યેના પ્રેમમાં ભાગ પડાવનાર પારકાં પાત્રો આવે છે, જેમને પોતાનાં બનાવવાની પ્રક્રિયા ચાલુ થાય છે. વિચારભેદના વાતાવરણને ટેકો આપનાર, વધુ ઉગ્ર બનાવનાર વ્યક્તિઓ જોડાય છે અને સ્થૂલ-સૂક્ષ્મ સંઘર્ષ ચાલુ થાય છે, ગ્રંથિઓ બંધાવા લાગે છે, સુરક્ષિતતાની ચિંતા થવા લાગે છે. આવે વખતે માતાપિતાને જ્યારે ક્રૂર અનુભવો થાય છે ત્યારે એમને ક્યારેક એમ થઇ જાય છે કે આના કરતાં સંતાનો ન થયાં હોત તો સારું થાત.

સંતાનો જ્યારે યુવાન થાય છે ત્યારે સ્વતંત્ર વિચારશક્તિ ધરાવવા લાગે છે, નવાં નવાં પરાક્રમો કરવાની તમન્ના ધરાવે છે, તેમની આગળ લાંબો ભવિષ્યકાળ હોવાને કારણે વિવિધ પ્રકારનાં સ્વપ્નાં તેઓ સેવવા લાગે છે. ત્યારે તેમને પોતાનાં વૃદ્ધ, અશક્ત, સાહસવિહીન, સ્વપ્નરહિત, નિરાશાવાદી વડીલો પ્રગતિરોધક લાગે છે. એવે વખતે એક બીજાની પ્રતિક્રિયારૂપે વડીલો સંતાનોનો વાંક જુએ છે અને તેમને વગોવે છે. બીજી બાજુ સંતાનો વડીલોના દોષ જુએ છે અને તેમને વગોવે છે. એમાંથી સંઘર્ષ, તંગદિલી સર્જાય છે. આવી ઘટના આજકાલની નથી. આદિકાળથી તે ચાલી આવે છે.

માતા-પિતા અને સંતાનો વચ્ચે વય, ઉછેર, જીવન પ્રણાલિકા અને વિચારધારાની દૃષ્ટિએ હંમેશા અંતર રહેવાનું જ. વ્યક્તિનો જે સ્થળે, જે સંજોગોમાં, જે રીતે ઉછેર થયો હોય તે પ્રમાણે તેનું મન ઘડાય છે. એથી ક્યારેક એના વિચારો બીબાઢાળ બની જાય છે. પોતાના વિચારોમાં તેઓ મક્કમ બની જાય છે. જીવન આવું જ હોવું જોઇએ એવી એની માન્યતા વધુ પડતી દૃઢ થઇ જાય છે. પરંતુ, જીવન સતત પરિવર્તનશીલ છે. સમયે સમયે નવી નવી વૈજ્ઞાનિક શોધોને કારણે ઉપલબ્ધ થતી નવી નવી સગવડોને લીધે જીવન પ્રવાહ સતત બદલાયા કરે છે. નવી પ્રજા, નવા વાતાવરણમાં ઉછરે છે. નવી પ્રજાનું માનસ પોતાના સંજોગોનુસાર

ઘડાય છે. શાળા કોલેજમાં પોતાના મિત્રો સાથે વિચાર વિનિમય કરતાં તેઓને પોતાના વડીલો, જૂનવાણી લાગે છે. એથી કુટુંબમાં વિચારભેદ ચાલુ થાય છે પોતપોતાના વિચારોના અતિશય આગ્રહને કારણે કુટુંબમાં વિચાર સંઘર્ષ પેદા થાય છે. એમાંથી કૌટુંબિક કલેશ, કંકાસ અને ઝઘડા થવા લાગે છે. યુવાનો આવા વાતાવરણથી કંટાળી જઇને ઘર છોડીને ચાલ્યા જવા તૈયાર થાય છે. બે પેઢી વચ્ચેની આવી સોરાબ-રૂસ્તમી હંમેશાં ચાલ્યા કરે છે.

કોઇ પણ માણસે પોતે અત્યંત આધુનિક (Modern) કે અદ્યતન (Latest) છે એવું અભિમાન બહુ કરવા જેવું નથી. એવું અભિમાન વધુ વખત ટકી પણ શકતું નથી. માણસ ક્યારે આધુનિકતામાંથી જૂનવાણીપણામાં સરી પડે છે તેની તેને પોતાને ખબર પણ પડતી નથી. માણસ તો પોતે જેવો હોય છે તેવો જ હોય છે, પરંતુ પગ નીચેથી કાળ રૂપી રેતી એટલી બધી સરકી જાય છે કે જેની એને ખબર પડતી નથી. કેટલાક વખત પહેલાં વિદેશમાં એક ભાઇને મળવાનું થયેલું. ચાલીસેક વર્ષની એમની ઉંમર હશે. ભર યુવાનીનો એમનો કાળ હતો. પોતે પોતાનાં વસ્ત્રો, ઘરવખરી, સાધનસામગ્રી, મોજશોખની ચીજવસ્તુઓ, પ્રસાધનો, મોટરકાર, પુસ્તકો વગેરે તમામની બાબતમાં પોતાની આધુનિકતા માટે ગર્વ લેતા હતા. એમને ત્યાં હંમેશાં બધું latest જ હોય. પરંતુ એક દિવસ એમનો એ ભ્રમ ભાંગી ગયો. એમણે મને પોતાની અંગત વાત કરતાં કહ્યું હતું કે 'મારા સત્તરેક વર્ષની વયના દીકરા સાથે મારે એક દિવસ બહુ દલીલો થઇ. દીકરો હવે કોલેજમાં આવ્યો હતો. એણે ઉશ્કેરાઇને મને કહ્યું 'Daddy! You an old fashioned guy! You are to totally ignorant about the modern world. The world is much changed to-day' દીકરાને મોઢે આવું સાંભળીને પોતાને તે દિવસે ઘણો જ આઘાત લાગ્યો હતો. પરંતુ દીકરાની વાત સાચી હતી. પોતાની જાતને અત્યંત આધુનિક માનતા એ ભાઇ બે ત્રણ દાયકામાં જ જૂનવાણી થઇ ગયા હતા. દુનિયાનો આ સ્વાભઆવિક ક્રમ છે, કારણ કે પરિવર્તનશીલ એવું આ જગત ઘડીકમાં પોતાના કરતાં ઘણું આગળ નીકળી જાય છે.

કેટલીકવાર માતાપિતા સંતાનોના વિકાસને સમજી શકતાં નથી. મોટાં પરણેલાં સંતાનો પણ હજુ નાનાં બાળક હોય તેવી રીતે તેમની સાથે વ્યવહાર કરે છે. વાતે વાતે શિખામણ આપવા લાગી જાય છે. તેમના અંગત જીવનમાં ડગલેને પગલે જ્યારે ડખલગીરી કરે છે ત્યારે સંતાનોની પ્રતિક્રિયા થાય તે સ્વાભાવિક છે. કૌટુંબિક સંબંધો, માલ મિલકત, સગાંઓ સાથેનો વ્યવહાર, જ્ઞાતિ કે કોમના રીતરિવાજો, ધાર્મિક માન્યતાઓ વગેરે ઉપરાંત જીવનના ધ્યેયની બાબતમાં મતભેદો ચાલુ થાય છે. સ્વાર્થ અને અહમ્ જ્યારે ટકરાય છે ત્યારે વિનય અને વાત્સલ્યનું વાતાવરણ વિલીન થઇ જાય છે અને માતાપિતા તથા સંતાનો વચ્ચે વિશેષત: પિતા અને દીકરા વચ્ચે જાણે એક બીજાનાં દુશ્મન હોય તેવી સ્થિતિ પ્રવર્તે છે. પરસ્પર શંકા-કુશંકા સેવાય છે. અવિશ્વાસનું વાતાવરણ સર્જાય છે. પછી ખાનગી થાપણના વિચારો આવે છે, કારણ કે પ્રત્યેકને પોતાના ભાવિની ચિંતા સતાવે છે.

માણસના જીવનમાં એક મોટો આઘાત તે સંતાનોની કૃતઘ્નતા (Filial Ingratitude)નો છે. પોતે જીવનનો અમૂલ્ય ભોગ આપીને પાળીપોષીને, જાતે ભૂખ્યાં રહીને, ઉજાગરા કરીને જેમને મોટાં કર્યાં છે એ જ સંતાનો પછી માતાપિતાનું અપમાન કરે છે, ક્યારેક ઘરની બહાર કાઢી મૂકે છે, તો વળી ક્યારેક, (પશ્ચિમના દેશોમાં વિશેષ બને છે તેમ) આવેશમાં આવી જઇને માતાપુતાનું ખૂન કરી નાખે છે ત્યારે આવી ચોંકાવનારી ઘટનાઓ માણસની આંખ ખોલી નાખે છે. માણસનું મોટામાં મોટું દુ:ખ પોતાના ઘરમાંથી ઊભું થાય છે. પાડોશીઓની કૃતઘ્નતા, મિત્રોની કૃતઘ્નતા, નોકરચાકરોની કૃતઘ્નતા, નોકરી ધંધામાં પોતાના સહકાર્યકરોનાં કૃતઘ્ના, ભાગીદારોની કૃતઘ્નતા, સગાસંબંધીઓની કૃતઘ્નતા વગેરે કરતાં માણસને સૌથી વધુ સતાવતી હોય, શલ્યની જેમ પીડા કરતી હોય તો તે પોતાના જ દીકરાઓની કૃતઘ્નતા છે આ દુ:ખ કંઇ જેવું તેવું નથી. ક્યારેક માતાનો જીવ કકળી ઊઠી બોલે છે. 'આના કરતાં તો પેટે પાણો પાક્યો હોત તો સારું.'

સંતાનોની કૃતઘ્નતાનો ચિતાર શેક્સપિયરના નાટક 'કિંગ લિઅર'માં સચોટ રીતે નિરૂપાયેલો જોવા મળે છે. પોતાની કૃતઘ્ની પુત્રીઓ વિશે તીવ્ર મનોવેદના વ્યક્ત કરતાં રાજા લિઅર કેવા ઉદ્‌ગારો કાઢે છે તે જુઓ :

Ingratitude, thou marble-hearted fiend,
more hideous, when thou show'st
thee in a child,
Than the sea-monster.

❑ ❑ ❑

How sharper than a serpent's tooth it is.
To have a thankless child.

કૃતઘ્નતાનું સ્વરૂપ એવું માયાવી છે કે જે માણસો કૃતઘ્ન થાય છે તેઓ પોતાની કૃતઘ્નતાનો સ્વીકાર કરવા તૈયાર હોતા નથી. તેમની પાસે સ્વબચાવ માટે કુતર્કયુક્ત કે જૂઠાણાં ભરેલી ઘણી દલીલો હોય છે. પરંતુ જેમને મોડી વહેલી પોતાની કૃતઘ્નતા સમજાય છે તેમને પશ્ચાત્તાપ થયા વગર રહેતો નથી. બીજાં પાપો કરતાં કૃતઘ્નતાનું પાપ ઘણું ભયંકર ગણવામાં આવ્યું છે. વાલ્મીકિ રામાયણમાં તો ત્યાં સુધી કહ્યું છે :

गोघ्ने चैव सुरापे च, चौरे भग्नव्रते तथा ।
निष्कृतिर्विहिता सद्‌भिः कृतघ्ने नास्ति निष्कृति ॥

[ગોહત્યા કરનાર, શરાબી, ચોર અને વ્રતભંગ કરનારને માટે સત્પુરુષોએ પ્રાયશ્ચિત્તનું બ્રિધાન કર્યું છે, પરંતુ કૃતઘ્ની માણસ માટે કોઇ પ્રાયશ્ચિત્ત નથી.]

દૂર દૂરના ભાવિને લક્ષમાં રાખી, ત્રીજી ચોથી પેઢીનો વિચાર કરી માણસ નિ:સંતાન રહેવાની ઊંચી ભાવના ધરાવે એ તો વળી જુદી જ વાત છે, સોલંકી યુગમાં થઇ ગયેલાં, આબુ-દેલવાડાનાં પ્રખ્યાત મંદિર બંધાવનાર વિમલ મંત્રીના જીવન વિશે એવી એક દંતકથા છે. વિમલ મંત્રીને સંતાન ન હોતું. પરંતુ સંતાન માટે તેઓ ઝંખતા હતા. એવામાં એક વખત પ્રવાસ દરમિયાન રસ્તામાં એક વાવમાં જઇ પાણી પીને આરામ કરવાનો વિચાર કર્યો. તે વખતે વાવ પાસે ચોકીદારની જેમ ઊભેલા એક છોકરાએ વાવમાં જવા માટે પૈસા માગ્યા. વાવ તો સાર્વજનિક હોય. પીવાના પાણીના પૈસા ન હોય. પરંતુ છોકરાએ દલીલ કરી કે પોતાના દાદાએ એ વાવ બંધાવી છે એટલે પૈસા લેવાનો પોતાને હક છે. વિમલ મંત્રી વિચારે છે કે કેવા ઉચ્ચ શુભ આશયથી દાદાએ આવી સરસ વાવ બંધાવી અને એનો વારસ આ છોકરો હવે પૈસા ઉઘરાવે છે. દાદાનો આત્મા આ જાણે તો કેટલો કકળી ઊઠે. વિમલ મંત્રીને પોતાનો વિચાર આવે છે. પોતાનો કોઇ વારસ આબુ-દેલવાડાના દેરાસર માટે એમ નહિ કરે એની શી ખાતરી ? એ વિચારે ચઢતાં વિમલ મંત્રી એવા નિર્ણય ઉપર આવે છે કે જો પોતાને સંતાન જ ન હોય તો આવી કોઇ સ્થિતિ ઊભી થાય જ નહિ. તેઓ નિર્વંશ રહેવાનો સંકલ્પ કરે છે. વિમલ મંત્રી અંબા માતાના આરાધક હતા. માતાજીએ એક વખત પ્રસન્ન થઇ વિમલ મંત્રીને વરદાન માગવા કહ્યું, વિમલ મંત્રીએ માગ્યું. 'નખોદ' (નિ:સંતાનત્વ). માતાજીને થયું કે વિમલ મંત્રી નિ:સંતાન છે એટલે જરૂર તે સંતાન માગશે. માટે નખોદ માગવામાં કંઇ ભૂલ તો નથી થઇને ? માતાજીએ બીજી વાર પૂછ્યું. વિમલ મંત્રીએ બીજી વાર નખોદ માગ્યું. ત્રીજી વાર પૂછ્યું તો ત્રીજી વાર પણ નખોદ માગ્યું. માતાજી વિમલ મંત્રીની ભાવના સમજી ગયા અને કહ્યું 'તથાસ્તુ.'

સંતાનો થયા પછી, પોતાને સંતાનો ન હોત તો પોતે કેટલાં સુખી હોત એવો વિચાર તો પ્રૌઢાવસ્થા કે વૃદ્ધાવસ્થામાં કેટલાક લોકોને કોઇક વાર આવી જતો હશે. માતાપિતા અને સંતાનો વચ્ચે દરેક કુટુંબમાં એક સરખો સુમેળભર્યો સુખમય સંબંધ સતત રહેતો નથી. જ્યાં એક કરતાં વધુ દીકરાઓ હોય અને તે મોટા થાય ત્યારે તે બધા વચ્ચે સંવેદનશીલતાની અને બૌદ્ધિક સમતુલા જાળવવી સહેલી નથી. એ સમતુલા ખોરવાય છે ત્યારે ઘણી સમસ્યાઓ ઊભી થાય છે. એક જ ઘરમાં રહેતા પિતા-પિત્ર વચ્ચે બોલવાનો વ્યવહાર ન હોય એ કોઇ જેવી તેવી કમનશીબ ઘટના નથી. બીજી બાજુ એક કરતાં વધુ દીકરા હોય અને દીકરાના દીકરાઓ હોય, બધા એક રસોડે જમતા હોય અને આનંદકિલ્લોલપૂર્વક જીવન પસાર થતું હોય, ઉત્તરોત્તર પ્રગતિ કરતું રહેતું હોય એવાં ઉદાહરણો પણ ઓછાં નથી. કુટુંબની વડીલ વ્યક્તિ ઉપર તેનો ઘણો બધો આધાર રહે છે. માણસે નવી દુનિયાને અપનાવવાની ઉદાર દૃષ્ટિ કેળવવી જોઇએ. જૂની આંખે નવા તમાસા જોવાના આવે તો તે જોવા માટે પણ મનથી તૈયાર રહેવું જોઇએ. જીવન-વ્યવહારના કેટકેટલાં ક્ષેત્રોમાંથી પોતાનાં કર્તૃત્વ, મમત્વ ઇત્યાદિ ભાવોને ખેંચી લેવા જોઇએ. નવી પેઢીની વિચારસરણીને ઉદારતાથી સમજવાની પ્રામાણિક કોશિષ કરવી જોઇએ. કુટુંબના બધા સભ્યો સારી રીતે સાથે રહે એવું સહજીવન એ પણ એક કળા છે. જુદા જુદા સ્વભાવની જુદી જુદી ઉંમરની વ્યક્તિઓએ સાથે રહેવું એ સહેલી વાત નથી. એ માટે માણસે પોતાનાં દૃષ્ટિકોણ અને અભિગમને બદલવાં પડે તો બદલવાં જોઇએ. માણસે પોતાની વૃદ્ધાવસ્થાનો સ્વીકાર કરીને ચાલવું જોઇએ અને આગ્રહીપણું છોડી દેવું જોઇએ. સંતાનોના યુવાનીના કાળમાં વૃદ્ધ માતાપિતા અહં, મમત્વ, કર્તૃત્વના ભાવો છોડી દે, પરિસ્થિતિનો અને પોતાની મર્યાદાનો સ્વીકાર કરી કેટકેટલી બાબતોમાં મનથી સમાધાન કેળવી નિવૃત્ત થઇ જાય, પોતાનો સમય વાંચન, ટી. વી. ધર્માચરણ લોકસેવા, શોખની મનગમતી પ્રવૃત્તિઓ વગેરેમાં પરોવી દે અને વાણી ઉપર સંયમ રાખે, જરૂર લાગે તો મૌનવ્રત ધારણ કરે તો કેટલોક સંઘર્ષ જરૂર નિવારી શકે છે.

માતાપિતા અને સંતાનોના સંબંધને વ્યવહારની ભૂમિકાએ એક રીતે જોઇ શકાય અને ધર્મ-તત્ત્વજ્ઞાનની ભૂમિકાએ બીજી રીતે જોઇ શકાય, બધાં જ કુટુંબોમાં એક સરખી ઘટના બનતી નથી અને એક કુટુંબમાં પણ સદાને માટે એકસરખું વાતાવરણ રહેતું નથી. સુમેળ પછી વૈમનસ્ય, વૈમનસ્ય પછી સુમેળ એમ નરમગરમ વાતાવરણ રહ્યાં કરે છે. આ બધું પોતપોતાનાં કર્મ અનુસાર બન્યા કરે છે અને પોતે કરેલાં કર્મો અવશ્ય ભોગવવાનાં આવે છે એવી સમજણ ઘણા માણસોને સાંત્વન આપી શકે છે.

માણસ પોતાનાં સંતાનોમાં પોતાના જ રૂપને જુએ, એમના દ્વારા પોતાનાં અધૂરાં સ્વપ્નોને સાકાર થતાં જુએ અને પોતાનું ઉત્કટ વાત્સલ્ય આશીર્વાદરૂપે અંતરમાં સતત, સહજપણે વરસ્યા કરે એવી સુખદ સ્થિતિનું સદભાગ્ય જેને પ્રાપ્ત થાય છે તેઓની તો વાત જ જુદી છે, ગૃહજીવનનો એજ આદર્શ છે. એટલા માટે જ કહેવાયું છે : पुत्रात् इच्छेत् पराजयम् ।

❑ રમણલાલ ચી. શાહ

# આત્મકેન્દ્રીપણું

❑ 'સત્સંગી'

માણસ સ્વાર્થી છે, સ્વાર્થપરાયણ છે એ ચવાઇ ગયેલા વાક્યપ્રયોગો છે. માણસની સ્વાર્થવૃત્તિ એટલી બધી પ્રબળ છે કે તે આવા શબ્દપ્રયોગોથી સ્પષ્ટ થતી નથી. માણસની પ્રબળ સ્વાર્થવૃત્તિ સચોટતાથી દર્શાવવા માટે આત્મકેન્દ્રી (Self Centred) શબ્દપ્રયોગ યોજાયો છે. આત્મકેન્દ્રી એટલે પોતાની જાતને કેન્દ્રમાં રાખનાર. માણસ જે કંઇ ક્રિયા કરે તેમાં પોતાની જાત કેન્દ્રસ્થાને હોય, પોતે મુખ્ય હોય. જનસમાજમાં આધુનિક માનવીની છાપ આત્મકેન્દ્રી તરીકેની થઇ ચૂકી છે. આજે કુટુંબમાં રહેતા અપરિણીત યુવાન પોતે ભવિષ્યમાં માત-પિતાની સેવા કરશે એવાં સ્વપ્નમાં ભાગ્યે જ રાચતો હશે. પરંતુ પરણીને પોતાની પત્ની સાથે કેવી રીતે રહેશે એ સ્વપ્નમાં અવશ્ય રાચતો રહેશે. પિતા, પુત્ર, ભાઇ, પડોશી, કર્મચારી, નાગરિક વગેરેમાંથી જે પાત્ર ભજવવાનું હોય તેમાં માણસ પોતાની સગવડોના વિચારને અગ્રતાનો ક્રમ આપે છે. બીજાંને જેમ હોય તેમ ચાલે, પરંતુ પોતાની અમુક સગવડો તો જળવાવી જ જોઇએ એવો માણસનો આગ્રહ રહે છે.

માણસનું ઘડતર આત્મકેન્દ્રીપણા પર થાય છે અને તેનાં સઘળી પ્રવૃત્તિઓ અને વ્યવહારો આ ભૂમિકા પર ચાલે છે. તેને અન્યના પ્રશ્નમાં રસ હોતો નથી, પરંતુ પોતાને ફાયદો થતો હોય તો તે અન્યના પ્રશ્નોમાં રસ લે. અહીં પોતાનો ફાયદો મુખ્ય છે.અન્યના પ્રશ્નો ગૌણ છે. એક લેખકે કહ્યું છે કે, 'His Toothache or pimple means more to him than the Famine in the Country or the Drought in the State. અર્થાત્ દેશમાં દુષ્કાળ હોય કે રાજ્યમાં અછતની પરિસ્થિતિ હોય તેના કરતાં માણસને તેનો દાંતનો દુઃખાવો કે તેના ચહેરા પરનું ખીલ વધારે મહત્ત્વનું છે.' આજે મોટા શહેરોમાં પોતાની બાજુમાં કોણ રહે છે એની માણસને ખબર હોતી નથી. બાજુમાં રહેનારથી કંઇ ફાયદો થવાની વાત હોય તો બધી ખબર રહે. ગુરુદેવ ટાગોરની નવલકથા 'વિનોદિની'માં મહેન્દ્રનું પાત્ર છે. મહેન્દ્રને તેની માતા પરણાવવાની દરખાસ્ત મૂકે છે, પણ તે તે દરખાસ્ત સ્વીકારતો નથી. છેવટે તેની માતા આગ્રહથી હા પાડે છે. પછી લગ્નના દિવસને ત્રણ દિવસ રહે છે, ત્યારે તે તેની માને પોતાનાં લગ્ન અંગે ના પાડી દે છે. થોડા સમય પછી મહેન્દ્ર તેના મિત્રને તે કન્યા સાથે પરણવાની દરખાસ્ત મૂકે છે અને છોકરી જોવા જાય છે. મહેન્દ્રને છોકરી ગમી જાય છે, તેથી તે તે છોકરી સાથે પરણવા માંગે છે એમ કહેતાં તે સંકોચ અનુભવતો નથી. અલબત્ત તેનો મિત્ર તેના ભક્ત જેવો છે, તેથી તે કંઇ માઠું લગાડે તેવો નથી. મહેન્દ્ર તેનાં આવાં વર્તનમાં પોતાનો જ વિચાર કરે છે, બીજાનો વિચાર તે કરી શકતો નથી.

માણસ આત્મકેન્દ્રી બન્યો છે તેથી તેનામાં, આત્મપ્રેમ (Self-Love)નું લક્ષણ રહેલું છે તે ફલિત થાય છે.કોઇને પોતાના સોહામણા ચહેરાને લીધે, કોઇને પોતાનાં શારીરિક બળને લીધે, કોઇને વિદ્યાને લીધે, કોઇને બુદ્ધિશક્તિને લીધે, કોઇને સત્તાને લીધે, કોઇને પૈસાને લીધે એમ સૌ કોઇને પોતાની કંઇક વિશિષ્ટ શક્તિને લીધે પોતાની જાત પ્રત્યે પ્રેમ રહે છે. અહીં પ્રેમ એટલે પોતાની શ્રેય સાધવા માટેની ઝંખના નહિ, પરંતુ 'હું આવા સરસ ગુણવાળો છું' એવી આનંદપ્રદ સભાનતા. નાર્સિસસનો ચહેરો અત્યંત સોહામણો હતો. તેને પાણીમાં જોવામાં આવેલું પોતાનું પ્રતિબિંબ ખૂબ ગમી ગયું. તેણે ખાધાપીધા વિના પોતાનું પ્રતિબિંબ જોયે રાખ્યું ? ખાધાપીધા વિના માણસ કેટલા દિવસ જીવે ? ભારતના લોકોમાં નાર્સિસસ જેવી મનોદશા સવિશેષ છે એમ કહેવાય છે. નાર્સિસસે આત્મપ્રેમના નશામાં પોતાનો જાન ગુમાવ્યો. ભારતના લોકો આત્મપ્રેમને લીધે જરૂરી પુરુષાર્થ કરી શકતા નથી.

પરિણામે, પ્રગતિ ઘણી દૂર રહી જાય છે. આત્મપ્રેમી માણસ પોતાને જ સર્વોચ્ચ સ્થાન આપે છે; બીજા ભલે ચડિયાતા હો તો પણ પોતે તે પોતે એવી મીઠી સભાનતામાં તે રાચે છે.

પોતાને સર્વોચ્ચ સ્થાન આપવાનું પરિણામ એ આવે છે કે માણસ બીજા માણસને સમજવાનો કરવો જોઇએ તેવો પ્રયાસ કરી શકતો નથી. 'તમે કેમ સમજતા નથી ?' 'તમે મને સમજતા નથી.' 'આ ઘરમાં મને કોઇ સમજતું નથી,' વગેરે જુદાં જુદાં વાક્યો દ્વારા માણસની ફરિયાદ એવી રહે છે કે તેને કોઇ સમજતા નથી. બીજાઓએ તેને સમજવો જોઇએ પણ તેને બીજાઓને સમજવાની જરૂર નહિ એવું તેનું એકપક્ષી વલણ હોય છે. પોતાને બીજા સમજે અને પોતાને બીજાઓને સમજવાની જરૂર નહિ એવો માણસનો આગ્રહ હોય તો વ્યવહાર કેમ ચાલે ? વ્યવહાર એકપક્ષી ન જ હોય પણ પરસ્પર હોય. આજે વ્યવહાર કરતાં કજીયા વિશેષ છે. માણસ તરત જ કહે છે કે, એમાં તેનો વાંક નથી પણ સામા માણસની ભૂલ છે. કેટલીક વાર તો માણસ એકાંતમાં પણ પોતાની ભૂલ કબૂલ કરતો નથી. આત્મબચાવની યુક્તિઓ (Self-Defence Mechanism) દ્વારા પોતાના વર્તનને તે ન્યાયભર્યું ઠરાવે છે. શિયાળને દ્રાક્ષ તો ખાવી જ હતી, પણ તે દ્રાક્ષ મેળવી શકે એમ નહોતું તેથી તેણે કહ્યું, 'દ્રાક્ષ ખાટી છે.' છગનલાલનો દીકરો તેના મિત્રના દીકરા જેટલો સમજદાર નથી, તેથી છગનલાલનો અહમ્ ઘવાય છે. એટલે પોતાનો દીકરો તો ખૂબ સમજદાર છે એમ બધાને કહેતા ફરશે. પરીક્ષામાં કોઇ વિદ્યાર્થી નિષ્ફળ થાય તો તે પેપર તપાસનારનો વાંક કાઢે પણ પોતાની ખામીનો સ્વીકાર કરતાં તેનો અહમ્ ઘવાય છે. આ રીતે યુક્તિપૂર્વક બચાવ માણસ કરે છે તેને મનોવિજ્ઞાનની ભાષામાં યૌકિતીકરણ (Ralionalization) કહેવાય છે. સાથે સાથે મનોવિજ્ઞાન સ્પષ્ટપણે દર્શાવે છે કે વ્યક્તિ આવો પોતાનો યુક્તિપૂર્વકનો બચાવ સભાનતાપૂર્વક કરતી નથી પરંતુ તેનાં અજાગ્રત મન (Unconscious Mind) દ્વારા થતી આ અભાન પ્રયુક્તિ છે.

બીજાને સમજવાનો પ્રયત્ન માણસની દાદ માંગી લે છે.દાખલા તરીકે, છગન મિત્રભાવે મગનને પોતાને ઘેર લઇ જાય અને કેટલીક વાર બંને સાથે જમે પણ ખરા. પરંતુ મગન છગનને આ રીતે ઘેર લઇ જતો નથી. છગનને મગન પ્રત્યે દિલમાં નારાજી રહે ખરી અને ક્યારેક તેના પર રોષ પણ થાય. પરંતુ મગનને સમજવાનો પ્રયત્ન છગનને પક્ષે થતો નથી. એવું બને કે મગનની પત્ની નોકરી કરતી હોય તેથી તે કોઇને જમવાનું આમંત્રણ આપે એ તેની પત્નીને બોજારૂપ બને અને તેથી તે નારાજ થતી હોય.મગનનાં ઘરનાં સભ્યોને કોઇ અવારનવાર જમવા આવે એ ન રુચતું હોય. મગનની આર્થિક સ્થિતિ બહારથી ઠીક દેખાતી હોય પણ કોઇને અવારનવાર જમાડવાનું પરવડે તેવું પણ ન હોય. મગનની પત્નીને સારી રસોઇ ન આવડતી હોય, મગનને પોતાને ઘેર કોઇને લઇ જતાં સંકોચ થતો હોય. આમાંનાં કોઇ એક કે વધારે કારણોને લીધે પોતાને ઘેર ન લઇ જતો હોય કે તેને જમવાનું આમંત્રણ આપતો ન હોય. માણસ બીજા લોકોને સમજવા માગે ત્યારે કંઇ સૂઝે નહિ એવી તેની માનસિક પરિસ્થિતિ થતી જતી હોય છે. બીજા લોકોને સમજીને સમાધાન મેળવવું એ ઘણી કપરી વાત છે. આપણે બીજા લોકોને સમજી શકતા નથી તેથી જ ઘણી કપરી સમસ્યાઓ ઊભી થાય છે. માણસના માનસિક જીવનમાં પોતાની જાત કેન્દ્રમાં રહે છે તેથી બીજાંની જાત માટેનો અવકાશ જાણે રહેતો જ નથી અને તેથી સામી વ્યક્તિને સમજવાને બદલે તેની ખામીઓ દેખાતી હોવાથી તેને તેના પર રોષ જ થતો હોય છે.

આત્મકેન્દ્રી માણસની બીજી નબળાઇ છે : પોતાનાં વખાણ સાંભળવાની. માણસને પોતાનાં વખાણ સાંભળવા બહુ ગમે છે. આખા દિવસમાં એક વાર પણ તેને પોતાનાં વખાણ સાંભળવાં મળે તો તે ખૂબ રાજી થાય છે. છેલ્લી બાકી તેની પત્ની તેનાં થોડાં વખાણ કરે તો દિવસ સારો ગયો એમ માનીને સંતોષ અનુભવશે. પોતે સારો, કુશળ, માણસ છે, સારા ગુણ ધરાવે છે એમ અન્ય લોકો સ્વીકારે અને તેની આગળ તે સંબંધી તેનાં વખાણ કરે એવી તેને લાગણી રહે છે. સિને જગતનાં અભિનેતા-અભિનેત્રીઓ, ક્રિકેટના ખેલાડીઓ, સત્તાધારીઓ, સારા વક્તાઓ વગેરે પોતાનાં વખાણ સાંભળવા આતુર હોય છે. વખાણ સાંભળવાથી તેમની વિશિષ્ટ શક્તિ તેમજ તેમના વ્યક્તિત્વ પર વિપરીત અસર પડે તો પણ તેઓ વખાણપ્રેમી રહેતા હોય છે.

આત્મકેન્દ્રી માણસ પોતાને અતિ મહાન માની બેસે છે. 'મારે મન આ કાર્ય ડાબા હાથનો ખેલ છે,' 'આનાથી પણ મોટાં કાર્યો કરવા હું સમર્થ છું તો આ સામાન્ય કાર્યની તો ગણતરી જ શી ?' 'તમે મને ઓળખો છો ? હું ગમે તેવી ગુપ્ત માહિતી ૨૪ કલાકમાં મેળવી શકું છું,' વગેરે વાક્યો આત્મકેન્દ્રી માણસની વાણીમાં વખતોવખત સાંભળવા મળશે. નેપોલિઅન બ્રોનાપાર્ટ તો ત્યાં સુધી બોલતો. There is no word 'impossible' in my dictionary-મારા શબ્દકોષમાં 'અશક્ય' શબ્દ જ નથી. કોઇપણ કાર્ય કરવા માટે જુસ્સો જોઇએ, આત્મવિશ્વાસ જોઇએ; પરંતુ આત્મવિશ્વાસ પાછળ અતિ મહાનપણું ન જ રહેવું ઘટે. માણસ કોઇ કાર્ય માટે સર્વસત્તાધીશ છે જ નહિ. આ વિશ્વમાં અદ્રષ્ટ શક્તિ કામ કરે છે જે માણસના ભગીરથ પુરુષાર્થને પણ શૂન્યવત્ બનાવી દે છે. 'મારા શબ્દકોશમાં 'અશક્ય' શબ્દ નથી' એવું કહેનારો નેપોલિઅન ક્યાં વિલીન થઇ ગયો ? માણસનો રોજબરોજનાં જીવનમાં પણ એવી ઘટનાઓ બનતી હોય છે કે માણસનાં આત્મવિશ્વાસ, પુરુષાર્થ વગેરે ગૌણ બની રહે છે અને અદ્રષ્ટ શક્તિનો હાથ ઉપર રહે છે.

માણસ પહેલાં આત્મકેન્દ્રી નહોતો અને હમણાં જ આત્મકેન્દ્રી બન્યો છે એવું નથી; પરંતુ પહેલાં કરતાં આજે માણસ વિશેષ આત્મકેન્દ્રી બન્યો છે. પહેલાં ભારતમાં સંયુક્ત કુટુંબનું જીવન રહેતું તેથી બીજાંનો વિચાર કરવાનાં સંસ્કાર અને તાલીમ સહજ રીતે જ મળતાં. અંગ્રેજી કેળવણીથી અહમ્ વધ્યો એ ખાસ ઉલ્લેખનીય બાબત છે. વિદ્યા કે આવડત માત્રથી અહમ્ વધે, પરંતુ અંગ્રેજી ભણાવનારાઓનો અહમ્ કંઇક વિશિષ્ટ રીતે વધ્યો એ કડવું સત્ય સ્વીકારવાનું જ રહે છે. અંગ્રેજી કેળવણી લીધા બાદ ભારતીય યુવાનોને ખુરશી-ટેબલવાળી નોકરીઓ મળતી રહી. સાથે સાથે અંગ્રેજોના શાસનને લીધે તેમની રહેણી-કરણીથી અંજાતા ગયા. તેમને પશ્ચિમી સંસ્કૃતિ પ્રિય લાગતી ગઇ. પરિણામે યુવાનોની મોટાઇ વધતી ગઇ. અંગ્રેજી કેળવણી લેનારાઓને શહેરોમાં જ નોકરી મળી શકે. એમ હતું. તેથી ગામડાં અને સંયુક્ત કુટુંબની સંસ્થા તૂટવા લાગ્યા અને શહેરી સંસ્કૃતિ વિકસવા લાગી.

અંગ્રેજી કેળવણી લેનાર યુવાનોમાં 'મને આવી સગવડ જોઇએ' એવી દ્રષ્ટિ વધવા લાગી. શહેરી જીવન મોંઘું થવા લાગ્યું. પરિણામે, ખુરશી-ટેબલવાળી નોકરી કરતાં સાહેબો કેવળ પોતાનો અને પોતાનાં બૈરી-છોકરાંઓનો જ વિચાર કરવા લાગ્યા. મા-બાપ ગૌણ બનવા લાગ્યા તો પડોશી અને ઓછા ભાગ્યશાળી લોકોની વાત જ કેવી ?

આજે પોતાનાં સુખ-સગવડની ઝંખના એટલી તીવ્ર છે કે આજનો માણસ પોતાનાં પત્ની-બાળકો સાથે સમભાગી જીવન જીવી શકતો નથી. આજે જે લગ્નો થાય છે તેમાં કેટલાંક ખુલ્લી રીતે સોદાબાજી જેવાં બની ગયાં છે. આજના યુવાનો કેવળ પોતાનો જ વિચાર કરે છે અને આ લગ્નોની સોદાબાજી પરથી સ્પષ્ટ બને છે. પત્ની પિયરથી જે

લાવે તેમાંથી તે થોડાં સુખ-સગવડો ભોગવે તેમાં પતિને વાંધો નથી. પત્ની નોકરી કરીને જે આવક મેળવે તેમાં પણ મોટો હિસ્સો પતિનાં સુખ-સગવડ માટે રહે એવું માણસનું આત્મકેન્દ્રી માનસ બની ચૂક્યું છે. અલબત્ત આજની સ્ત્રીઓ પણ પહેલાંની સ્ત્રીઓ કરતાં વિશેષ આત્મકેન્દ્રી બની છે. પહેલાંની સ્ત્રીઓ જે સહન કરતી તેનો અંશ પણ આજની સ્ત્રી સહન કરી શકે એમ નથી. પહેલાંની સ્ત્રીઓની જેમ આજની સ્ત્રી જેમ હોય તેમ ચલાવી લેવાની વાત પર હસી પણ કાઢે. એકંદરે આજનાં સ્ત્રી-પુરુષો પોતાનો જ વિચાર કરવામાં કુશળ એવાં આત્મકેન્દ્રી સવિશેષ બનતાં રહ્યાં છે એ નિર્વિવાદ છે.

આજે માણસના આત્મકેન્દ્રીપણાને લીધે માનવીય સંબંધો કૃત્રિમ અને સપાટી ઉપરના બનવા લાગ્યા છે; પૈસા અને ભૌતિક ફાયદાની ભૂમિકા પર આ સંબંધો ઊભા છે. બીજા શબ્દોમાં કહીએ તો માણસો આજે પોતપોતાનો આત્મકેન્દ્રી કિલ્લો બનાવીને બેસી ગયા છે. માણસો એકબીજાંને જુએ ત્યાં પરસ્પર સ્વાર્થનું વાતાવરણ સમજી લે છે; પરિણામે, બે માણસો વચ્ચે હેત, મીઠાશ, ભાવ, વગેરે ભાગ્યે જ સંભવે છે. પશ્ચિમના દેશોમાં પતિ-પત્નીના છૂટાછેડાની હકીકત માણસનાં આત્મકેન્દ્રીપણાને લીધે છે. આજે ભારતમાં પતિપત્નીના સંબંધોમાં માણસનાં આત્મકેન્દ્રીપણાને લીધે ઓટ આવી છે અને કુટુંબજીવન પ્રશંસનીય રહ્યું નથી. આજે ખરી મૈત્રી ભાગ્યે જ જોવા મળે છે. આજે માણસ પાસે પૈસો છે અને ઈંદ્રિય સુખો ભોગવે છે, પરંતુ તેનાં આત્મકેન્દ્રીપણાને લીધે તે જીવનમાં ખાલીપો અનુભવે છે.

જીવનવ્યવહાર માટે પૈસા અવશ્ય જોઇએ, પણ પૈસો સર્વસ્વ બની શકે નહિ. કેવળ પૈસાની ભૂમિકા પર જ માનવીય સંબંધો બંધાય તે સ્થાયી રહી શકે નહિ. કેવળ સ્વાર્થ પૂરતી મીઠાશ દાખવવામાં આવે તેમાં ભાવ હોઇ શકતો નથી. આજે ભારતવાસીઓ પૈસાને સર્વસ્વ ગણવા લાગ્યા છે તેથી જીવનની કરુણતાનાં દર્શન થાય છે, તેમ છતાં ભારતવાસીઓનાં જીવનમાં જે કંઇ અલ્પતમ સુખશાંતિ છે તે ભારતીય સંસ્કૃતિ અને ભારતીય વિચારસરણીને લીધે છે એ ભારતવાસીઓએ ન જ ભૂલવું ઘટે. પરદેશોમાં કાયમી વસવાટ કરીને બેઠેલાં ભારતવાસીઓ પોતાનાં સંતાનો માટે સવિશેષ ચિંતિત બન્યા છે અને પોતાના સંતાનોને ભારતીય સંસ્કૃતિ અને ધર્મનું વાતાવરણ મળે તે માટે તેઓ સહૃદયતાથી પ્રયત્ન કરી રહ્યાં છે. તેઓ ભારતના સાધુસંતોને આમંત્રણ આપે છે અને પોતાનાં સંતાનોનાં જીવનની વ્યથા ઠાલવીને માર્ગદર્શન માંગે છે. જ્યારે ભારતમાં રહેતા ભારતવાસીઓ પશ્ચિમની રહેણીકરણી, ખાણીપીણી વગેરેમાં આનંદ માની રહ્યાં છે અને આ પ્રકારનાં અને હોટેલોનાં મોટાં મસ બિલો ચૂકવવામાં ગૌરવ અને ધન્યતા અનુભવી રહ્યાં છે.

આ દુર્દશામાંથી બચવાનો ઉપાય ખરો ? જરૂર છે. પહેલી જ વાત એ છે કે આપણે પશ્ચિમી સંસ્કૃતિને અલવિદા કરીને પોતાની ભારતીય સંસ્કૃતિ જે આપણી જનેતા છે તેના પ્રત્યે પ્રેમ રાખવાની જરૂર છે. ભારતીય સંસ્કૃતિ પ્રદર્શન કે પ્રવચનની બાબત નથી, પણ જીવન જીવવાની બાબત છે. ભારતીય જીવનમાં નોંધપાત્ર બાબત બીજાનો વિચાર કરવાની છે. બીજાનો વિચાર કરવાની વિચારસરણી સમગ્ર વિશ્વનાં સુખશાંતિ માટે અનિવાર્ય માર્ગદર્શક સિદ્ધાંત છે. માણસ અખતરા ખાતર એક દિવસ બીજાનો વિચાર કરવાનું રાખે તો તેને તે દિવસ સારી રીતે પસાર થવાનો અનુભવ થશે અને રાત્રે રોજ કરતાં સારી નિદ્રા આવશે. પોતાનો જ વિચાર કર્યા કરવાથી માણસ સારી રીતે ઊંઘી પણ શકતો નથી. પોતાનાં સુખસગવડો, માન, વખાણ, સલામતી, સ્થાન વગેરેના પ્રશ્નોની હારમાળા એટલી લાંબી હોય છે કે તેને શયનખંડમાં અસુખ શરૂ થઇ જાય. માણસ બીજાંનો વિચાર કરે છે, પણ તે વિચારમાં બીજાથી કેમ આગળ જવું, તેનાથી વધારે કેમ મળે, પછી તેને નુકશાન જાય તો છો જાય એવી દયાજનક મનોદશા રહેલી હોય છે. આ આત્મકેન્દ્રી વિચારણાને ત્યજીને, બીજાંને કેમ સુખ મળે તેવી વિચારણા એટલે બીજાંનો વિચાર કર્યો ગણાય. આ પોથીમાંનાં રીંગણાં નથી, પણ બીજાંને સુખી બનાવવાના વિચાર અને તદ્નુરૂપ કાર્યથી પોતે પણ સુખી થવાય છે એ મનોવૈજ્ઞાનિક સત્ય છે.

બીજી બાબત છે પોતાના ધર્મમાં રસ લઇ ધર્મપરાયણ જીવન જીવવાનો પુરુષાર્થ આદરવો. ભારતીય સંસ્કૃતિ અને ધર્મ અભિન્ન રીતે સંકળાયેલાં છે. આપણાં તહેવારો પણ ધાર્મિક ભૂમિકા પર રહેલાં છે. આપણે ધર્મ પ્રત્યેની સૂગ કાઢવાની તીવ્ર જરૂર છે. ધર્મ પ્રેમ જ શીખવે છે. જીવમાત્ર પ્રત્યે પ્રેમ રાખવાનો સ્પષ્ટ આદેશ ધર્મનો છે. લડાઇ કે યુધ્ધ જરૂર કરવાનાં છે, પણ તે ભૂખમરો, બેકારી, ગરીબી, રોગ, અજ્ઞાન, વહેમ, નિરક્ષરતા, આસુરી વૃત્તિ વગેરે અનિષ્ટ તત્ત્વોને નાબૂદ કરવા માટે કરવાનાં છે; માણસ સામે નહિ. માનવીનું તો મૂલ્ય મૂકવાનું છે, એને ઊંચો લઇ જવાનો છે. અહીં આત્મકેન્દ્રીપણાનો સ્પષ્ટ નકાર છે. અર્થાત્ માણસ જે પ્રકારનો આત્મકેન્દ્રી બન્યો તેનો સ્પષ્ટ નકાર છે. 'સર્વે જનાઃ સુખિનઃ ભવન્તુ'ની ભાવના જેમાં મુખ્ય છે એ ધર્મનો આશ્રય લેવાથી માણસને સાચાં સુખશાંતિ મળશે એ ધર્મજ્ઞાન કદી નિષ્ફળ નીવડે જ નહિ. ❑❑❑

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ભૂતપૂર્વ સૂત્રધાર અને 'પ્રબુદ્ધ જીવન'ના ભૂતપૂર્વ તંત્રી સ્વ. પરમાનંદ કાપડિયાનું આ જન્મશતાબ્દી વર્ષ છે. તા. ૧૭-૪-'૯૪ના રોજ તેમની પુણ્યતિથિ છે. એ પ્રસંગે એમનાં સુપુત્રી કવયિત્રી શ્રીમતી (ડૉ.) ગીતાબહેન પરીખે લખેલું અંજલિ કાવ્ય પ્રગટ કરતાં હર્ષ અનુભવીએ છીએ. -તંત્રી

## જીવંત છો !
### (સોનેટ)

જન્મ્યા તમે સો વરસો પહેલાં,
પૃથ્વી પરે ધન્ય ક્ષણે અનોખી;
જીવ્યા તમે જીવન સાર્થ એવું,
કે જન્મતા સૂક્ષ્મ રૂપે હજીયે.
ઊગી રહેલા રવિની કુમાશે,
મધ્યાહ્નના રુદ્ર તપે પ્રકાશે,
સંધ્યા તણા ગંભીર સ્નિગ્ધ તેજે,
ઝર્યા તમે જીવન દીપ્ત એવું;
કે રાત્રિ કેરા ઘન અંધકારે,
રેલી રહી ચાંદની શીત સૌમ્ય.
જન્મે, જીવે ને વિરમે બધાય,
ના કિન્તુ એવું વિરમ્યા તમે તો;
જીવંત છો માનવ અંતરે શા,
આનંદ પરમ દિવ્ય પ્રબુધ્ધ જીવને !

ગીતા પરીખ

## નેત્રયજ્ઞ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે અને ચિખોદરાની રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ દ્વારા સ્વ. ધીરજબેન દીપચંદ શાહના સ્મરણાર્થે રવિવાર, તા. ૧૭મી એપ્રિલ, ૧૯૯૪ના રોજ રાજપીપળા (જિ. ભરૂચ) મુકામે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

મંત્રીઓ

# નરકના નિવાસીઓ

❑ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

ચૌર્યાસીની ચકડોળમાં રાગદ્વેષથી કલુષિત આત્મા અનંતાનંત પુદ્ગલપરાવર્તન સમય સુધી ભટક્યા કરે છે. સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રની ઉચ્ચ આરાધનાના ફળસ્વરૂપે આત્મા શિવપદ પ્રાપ્ત કરે છે.સમ્યકત્વ પ્રાપ્તિ પછીના ભવોની કિંમત અંકાય છે. ભવોની ગણના તીર્થંકરોની ત્યારપછી કરાય છે. આ રીતે સૌથી વધારે ભવો મહાવીરસ્વામીના ૨૭, ઋષભદેવના ૧૩, શાંતિનાથના ૧૨, નેમિનાથના ૯, પાર્શ્વનાથના ૧૦, તથા બાકીના તીર્થંકરોના ૩ ભવ ગણ્યા છે.

તીર્થંકરો તથા ચક્રવર્તીઓ પણ પૂર્વ ભવમાં નરકના મહેમાન બને છે. મહાવીરના ૨૭ ભવોમાંથી ૧૮માં ભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવનું આયુષ્ય પૂર્ણ થતાં તમસ્તમા નામની સાતમી નરકમાં ગયા કેમકે ત્યારે શય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું રેવડાવ્યું હતું. ૨૧મા ભવમાં ફરી ચોથી નરકમાં ગયા હતા. ત્રિપૃષ્ઠીના ભવમાં વગર શસ્ત્રે સિંહને ચીરી નાંખ્યો હતો તેવી રીતે ૧૬મા ભવમાં ગાયને બે શીંગડાથી પકડી ગોળગોળ આકાશમાં ભમાડી ઉછાળી હતી.તે સમયે વિશ્વભૂતિએ વિશાખાનંદીને મારવાનું નિયાણું કર્યું હતું (ભગવતી સૂત્ર શતક ૧૩, ઉદ્દેશક ૨).

જૈનદર્શન કહે છે કે સમક્તિના અભાવમાં ગમે તેટલાં ઉચ્ચ ચારિત્રના બળે વ્યક્તિ નવગ્રૈવેયક સુધી જાય તો પણ મોક્ષમાં ન માને કે મિથ્યાત્વ દૂર ન થયું હોય તો તે નરકે પણ જાય. આટલા ઉપોદ્ઘાત પછી નરકે કેમ ગયા તેની મીમાંસા કરીએ.

પ્રસન્નચંદ્ર રાજર્ષિ આતાપના લઇ રહ્યા છે. દીક્ષા લીધેલી છે, ભગવાનને વાંદવા તથા વાણી સાંભળવા શ્રેષિક રાજા જઇ રહ્યા છે. તેના બે સૈનિકો વાત કરે છે: આ સાધુના બાળકુંવરની ગાદી સલામત નથી. પોતે શત્રુ તરફના પુત્રના ભયને લીધે એક પછી એક શસ્ત્રો લઇ યુદ્ધ કરે છે. એક પછી એક આયુધો ઉપાડે છે તથા એક પછી એક નરકે જાય છે; સાતમી સુધી પહોંચી જાય છે. મસ્તકનું આયુધ ઉગામતા સાચી સ્થિતિનું ભાન થતાં પલ્ટો થાય છે. વિચારમાં અને તેથી દુંદુભિનાદ અને મોક્ષના અતિથિ. કેમકે 'મન: એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયો:' અધ્યવાસાયોમાં શુભ પરિણતી અને શ્રેષ્ઠ શુભ ફળ.

તંદુલિયો મત્સ્ય નાના ચોખાના દાણા જેટલો હોય છે. મહામત્સ્યની પાંપણમાં રહી તેના મુખમાંથી પસાર થતાં જીવોને જોઇ ખિન્ન થાય છે. આની જગાએ હું હોઉં તો એકેને જીવતા ન જવા દઉં. અહીં પણ અશુભ માનસિક અધ્યવસાયો નરકનું અનન્ય કારણ બને છે અને તે સાતમી નરકે જાય છે.

કૂવામાં પાડા ચીતરી મારવાનો મનસુબો માત્ર કરનાર કાલસૌકસરિક પણ અધ્યવસાયોના બળે જ નરકે ગયો ને !

એક વખતના નાસ્તિક અને શિકારાદિ વ્યસનોમાં મસ્ત એવા શ્રેણિકનો ભેટો અનાથમુનિ સાથે થયો ત્યારપછી તેઓ સમક્તિ બનવા પ્રયત્નશીલ રહ્યા. પરંતુ, મૃગલીની હત્યા અને તે અંગે ઉત્કટ આનંદ થવાથી પહેલી નરક ગયા. પછીથી આરાધનાના પરિપાક રૂપે ક્ષાયિક સમક્તિ થઇ. આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર પદ્મનાભ થશે.

અવાંતર બીના પણ જોઇ લઇએ. માંસાહારી અને મોટી વય સુધી જૈન દર્શનનો તિરસ્કાર કરનાર કુમારપાળ, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના સંપર્કમાં આવ્યા પછી જે દ્રઢતાથી આરાધના કરી તેથી તેમને પરમાર્હતનું બિરૂદ આપવામાં આવ્યું. તેઓ પ્રથમ તીર્થંકર પદ્મનાભના પ્રથમ ગણધર થશે !

જૈનોની માન્યતા પ્રમાણે કૃષ્ણ અત્યારે ત્રીજી નરકમાં છે. ભગવાન નેમિનાથના સાધુવૃન્દની ભાવવિભોર ભક્તિથી સાતમી નરકમાંથી ત્રીજીમાં અત્યારે હોઇ ભાવી ચોવીસીમાં બારમા અમમ નામે તીર્થંકર થશે.

કુરુક અને ઉત્કુરુક બે ભાઇઓએ દીક્ષા લીધા પછી ઉત્કટ તપશ્ચર્યા કરી અનેક પ્રકારની લબ્ધિઓ હાંસલ કરી હતી.એક વખત વિહાર કરતાં કરતાં તેઓ કુણાલા નગરીમાં આવ્યા. ત્યાં વરસાદ ન થયો. લોકો એમ માનવા લાગ્યા કે આ બંનેએ વરસાદને બાંધી રાખ્યો છે.

આ સ્થિતિથી તંગ આવીને કેટલાંક લોકો તેમના ઉપર પત્થર ફેંકવા લાગ્યા, કેટલાંક થૂંકવા લાગ્યા, કેટલાંક ગાળો દેવા લાગ્યા, વળી કેટલાંક તેઓને લાકડીઓથી પ્રહાર કરવા લાગ્યા. તેમની સહિષ્ણુતાની રૂપેરી ચાદરમાં તેઓનું મુનિપણું દીપતું હતું. તપથી કૃશ બનેલી કાયા પર લાઠીઓ ઝીંકવા લાગ્યા. લોહી ટપકવા લાગ્યું. સહિષ્ણુતાની મર્યાદા આવી ગઇ. ભવા તંગ બન્યા. સૌમ્યતાને સ્થાને રૌદ્રતા મુખ પર કંડરાઇ. ચિત્તમાં ખળભળાટ થયો. આંતરિક કષાયોનો વંટોળિયો ઊઠ્યો.

નગરજનોને પરચો બતાવવા કુરુક મુનિ ગુસ્સામાં આકાશ સામે જોઇ બોલ્યા : વર્ષદેવ ! કુણાલાયામ્.

ઉત્કુરુકે આગળ ચલાવ્યું: દિનામિ દશ પંચ ચ:

પણ તે વરસાદ ઝરમર ઝરમર નહીં. કુરુકે પાદપૂર્તિ કરી:-નિત્ય મુશલધારાભિ:(નિત્ય મુશળધારાથી) તેમને આટલાથી સંતોષ ન થયો. જો દિવસે અને તે પણ બે કલાક જ વરસે તો ? આગળ બોલ્યા: યથા રાત્રૌ તથા દિવા (રાત અને દિવસે પણ)

કુણાલા નગરીમાં વિહરાર્થે આવેલા લબ્ધિ સંપન્ન મુનિનું વચન નિષ્ફળ તો ન જાયને ! આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાઇ ગયું. મુશળધાર વરસાદ વરસ્યો. લોકો આનંદ વિભોર થઇ નાચવા લાગ્યા, ખુશખુશ થઇ ગયા !

વરસાદ વણ થંભ્યો એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ, ચાર-પાંચ, છ ,દશ-બાર દિવસ. પંદર દિવસમાં તો નાચી ઉઠેલા લોકો તૂટી રહેલા વૃક્ષો જુવે છે; ઝુપડા તણાવા લાગ્યા, ઢોરો તણાયા, મકાનો પડવા લાગ્યા, માણસો પણ છેવટે તણાયા, સર્વત્ર જળબંબાકાર થઇ ગયું.

કુણાલા નગરી તારાજ થઇ ગઇ. નગરજનોને સજા કરી મુનિઓએ સહિષ્ણુતાને નેવે મૂકી દીધી હતી. ક્રોધાવેશમાં આ લબ્ધિસંપન્ન મુનિવરો ત્યાંથી મૃત્યુ પામી સીધા અસહ્ય, અકાટ્ય વેદનાની ગર્તા સમી સાતમી નરકના મહેમાન થયા ! ઘોર સાધના, ઉગ્ર તપશ્ચર્યા, સંયમની પવિત્ર ચર્ચાઓ નિરર્થક બની. નરકે જવાથી તેના પર પણ પાણી ફરી વળ્યું !

શલાકાપુરુષોમાં અશ્વગ્રીવ પ્રતિવાસુદેવ સાતમી નરકે, ત્રિપૃષ્ઠ વાસુદેવ સાતમી નરકે, તારક પ્રતિવાસુદેવ છઠ્ઠી નરકે, દ્વિપૃષ્ઠ વાસુદેવ છઠ્ઠી નરકે, સ્વયંભૂ વાસુદેવ છઠ્ઠી નરકે, મેરક પ્રતિવાસુદેવ છઠ્ઠી નરકે, પુરુષોત્તમ વાસુદેવ છઠ્ઠી નરકે, મધુ પ્રતિવાસુદેવ છઠ્ઠી નરકે, પુરુષસિંહ વાસુદેવ છઠ્ઠી નરકે, પુરુષ પુંડરિક વાસુદેવ છઠ્ઠી નરકે, સુભૂમ ચક્રવર્તી સાતમી નરકે, દત્ત વાસુદેવ પાંચમી નરકે, લક્ષ્મણ (નારાયણ) વાસુદેવ ચોથી નરકે, રાવણ (દશમુખ) ચોથી નરકે, કૃષ્ણ વાસુદેવ ત્રીજી નરકે, જરાસંધ પ્રતિવાસુદેવ ચોથી નરકે, બ્રહ્મદત્ત ચક્રવર્તી સાતમી નરકે ગયા છે.

સામાન્યત: વાસુદેવો અને પ્રતિવાસુદેવો જૈન માન્યતા મુજબ નરકે જતાં હોય છે. તેવી રીતે ચક્રવર્તીને જો મોક્ષ પામવા જેવાં શુભ કર્મોદય

ન હોય તો બ્રહ્મદત્ત અને સુભૂમ ચક્રવર્તીની જેમ નરકે જાય, કારણ 'રાજેશ્વરી તે નરકેશ્વરી !'

સુભૂમ ચક્રવર્તીના પાપનો ઉદય થયો ત્યારે છ ખંડના ભોકતા, ચૌદ રત્નોના સ્વામી, નવ નિધાનોના અધિપતિ, બે હજાર યક્ષો જેની સેવા કરવામાં તત્પર હતા, છતાં પણ સમુદ્રમાં ડૂબી ગયા ! વળી જે સુભૂમ ચક્રવર્તીના હાથમાં ચાલીશ લાખ અષ્ટાપદ પ્રાણી જેટલું બળ હતું, સ્થળ કે જળમાં વિહાર કરી શકે તેવો હતો; જલના બે ભાગ કરી શકતો, પક્ષીની જેમ આકાશમાં ઊડી શકતો, ભૂમિમાં પેસી ઇચ્છિત સ્થળે નીકળી શકતો, મત્સ્યની જેમ જળમાં ગતિ કરી શકતો, અનેક પ્રકારના વિવિધ મહિમાવાળા રત્નો ઔષધિ વગેરે તથા મંત્ર, તંત્ર, યંત્ર, તંત્રાદિક જેના ભંડારમાં રહેલા હતા, જેને દક્ષિણ અને ઉત્તર શ્રેણિની સ્વામિની ગૌરી, રોહિણી, પ્રજ્ઞપ્તિ વગેરે મહાવિદ્યાઓ સિદ્ધ થયેલી હતી, જેના આદેશ માત્રથી દેવો સદા સેવકની જેમ વાહન ચલાવનારા હતા, જેની પાસે જળ સ્થળમાં ગતિ કરવામાં કુશળ ઘોડા હતા, સમુદ્ર તરવામાં વહાણથી પણ અધિક સમર્થ ચર્મરત્ન હતું, જે હંમેશાં ચૌદ રત્નો, નવ નિધાનાદિના સ્વામી તથા પચીસ હજાર દેવતાથી સેવતો હતો.

જ્યારે પુણ્ય પ્રબળ હતું ત્યારે અતર્હિત રીતે નહિ બોલાવેલ ચક્ર રત્ન પણ ઉત્પન્ન થઇ તેના હાથમાં આવ્યું અને જેના વડે ભરત જીત્યું હતું; તેનો જ પાપોદય થતાં ચક્ર વિદ્યમાન હોવા છતાં પણ કાર્ય સાધવામાં તત્પર થયું નહિ; અને યાન સમુદ્રમાં પડતાં તે ડૂબી ગયો અને નરકમાં જનારો થયો. કારણકે યાન ઉંચકનારા બધાં દેવોને એકી સાથે આવો વિચાર થયો કે હું એકલો જ નહિ ઉંચકુ તો શું થઇ જવાનું હતું? બધાંના આ એકી સમયના આ વિચાર ક્રિયાશીલ બનતાં તે યાન સહિત સમુદ્રમાં ડૂબી ગયો.

નરક ભૂમિઓ પ્રાપ્ત થવામાં પહેલાનાં ભવોમાં સ્વાર્થાંધ, લોભાંધ, વિષયાંધ કે મોહાંધ બનીને જે જીવો સાથે આચરેલાં વૈર, વિરોધ, મારફાડ, ઇર્ષા, અદેખાઇ, ચોરી, બદમાસી, વ્યભિચાર ચાડી, વિશ્વાસઘાત, ક્રૂર મશ્કરી, દ્રોહ, પ્રપંચ, આરંભ-સમારંભના ઘાતકી કાર્યકલાપો નરક ભૂમિમાં ઉત્પન્ન થવાના કારણો છે.

બ્રહ્મદત્ત ચક્રવર્તીએ એક વાર પોતાના બ્રાહ્મણ મિત્રને સહકુટુંબ ભોજનાર્થે નિમંત્ર્ય હતા. અદ્વિતીય ચક્રીની રસવંતીએ તેઓને ભાન ભુલાવી સૃષ્ટિ વિરુદ્ધ સંભોગાદિ અકૃત્યો કરવા પ્રેર્યા. જ્યારે ૭૦૦ વર્ષના આયુષ્યવાળા બ્રહ્મદત્તના ૧૬ વર્ષ, બાકી હતાં, ત્યારે તેણે વૈરભાવથી કોઇની પાસે ગોફણ દ્વારા તેની આંખો ફોડાવી નંખાવી. ક્રોધાંધ બનેલા બ્રહ્મદત્તે કુટુંબ સહિત તે બ્રાહ્મણને મારી નંખાવ્યો. બીજા પણ અનેક બ્રાહ્મણોની હત્યા કરાવી. પ્રતિદિન થાળ ભરીને મરાયેલા બ્રાહ્મણોની આ પ્રકારની શિક્ષા અનુચિત જણાતાં મંત્રીઓ ગુંદાના ચીકણા ઠળીયાથી ભરેલો થાળ તેની આગળ રજૂ કરતા.

ઠળિયાને આંખ સમજી રાજીપા સહિત બ્રહ્મદત્તે ૧૬ વર્ષ સતત અતિશય ચીકણા કર્મો બાંધ્યા. એ આંખો ચોળતા જે આનંદ આવતો તે સ્ત્રીરત્નના સંગમાં પણ ન આવતો ! રૌદ્ર ધ્યાનમાં મરી તે સાતમી નરકે ગયો.

વર્તમાન ચોવીસીના ૧૦ ચક્રવર્તીમાંથી ૮ મોક્ષે ગયા જ્યારે બે નરકે ગયા. નરકે જનાર બીજા ચક્રવર્તી તે સુભૂમ ચક્રવર્તી છે. તેમની શિબિકા દેવો વડે ઉંચકવામાં આવતી. છ ખંડો જીત્યા પછી સાતમો ખંડ જીતવાની મહેચ્છા રાખી. પાલખી ઉંચકનારા દેવો વિચારવા લાગ્યા કે અમારામાંથી એક જણ તે નહીં ઉંચકે તો કશો વાંધો નહીં આવે, આ રીતે એકી સાથે બધાં દેવોએ તે વિચાર ક્રિયામાં મૂક્યો અને સુભૂમ ચક્રવર્તી ત્યાર બાદ સાતમી નરકના સાગરિત બન્યા. કેમકે, જો ચક્રવર્તી દીક્ષા ન લે તો તેનો અંત નરકમાં જવા રૂપે નિશ્ચિત થાય છે જેવી રીતે બ્રહ્મદત્ત ચક્રવર્તી.

બ્રહ્મ પિતા અને ચુલણી માતાનો પુત્ર બ્રહ્મદત્ત, તેની માતાના વ્યભિચારમાં તે આડો આવતો હોવાથી લાક્ષગૃહમાં બાળી નાખવા માએ પ્રયત્ન કરેલો પરંતુ પુણ્યોદયે તેમાંથી બચી ગયો પણ આંખો ચોળતાં જે નિકાચિત કર્મો બાંધ્યા હતા તેના પરિણામ રૂપે સાતમી નરકમાં જવું પડ્યું.

કંડરિક અને પુંડરિક બે ભાઇઓમાંથી પુંડરિકે સંસાર ત્યજી ચારિત્ર ન લીધું જ્યારે કંડરિકે હજાર વર્ષનું સંયમ પાળી મુનિ જીવન જીવી જાણ્યું. પોતાના કૃશપાય થયેલા શરીરને દૂધ, ઘી વગેરે પદાર્થોથી સુધારવા ગયા; અને તે પદાર્થોની રસનાની તીવ્ર લાલસા જાગી પડી. તેનાથી ભયાનક કોટિની તીવ્ર કામવાસના ઉત્પન્ન થઇ ગઇ. તેના પરિણામ રૂપે હજાર વર્ષનું ઉગ્ર સંયમ પાળનાર કંડરિકે મુનિવેશ ત્યજી લાલસાના અતિરાગથી પુષ્કળ ખાવા લાગ્યા. તેના પરિણામે બે દિવસમાં એટલાં બધાં પાપો બાંધ્યા કે ઉત્પન્ન થયેલા પાપના પરિપાક રૂપે પેટમાં થયેલી વેદનાથી મરણ પામી તેઓ નરકે ચાલ્યા ગયા.

આના જેવું સંભૂતિ મુનિના જીવનમાં બન્યું. એકદા ચક્રવર્તીની પટ્ટરાણી તે ઉગ્ર તપસ્વીને વાંદવા આવી. તેની શરતચૂકથી તેના વાળની લટ મુનિના ચરણને સ્પર્શી. એક ક્ષણના ચરણ સ્પર્શથી તેમાં રહેલાં માદક સુગંધ દ્રવ્યોની સુવાસથી મુનિના અસંખ્ય આત્મપ્રદેશો પર નારી માટેની વાસનાની આગ પ્રજ્વળી ઉઠી. તેમણે નિયાણું કર્યું, એટલું જ નહીં પણ રૂક્ષ સંયમ જીવન પ્રતિ પશ્ચાતાપ અને અસંતોષ થયો.

કરેલા નિયાણા પ્રમાણે તે બીજા ભવમાં ચક્રવર્તી તો બન્યા અને અનેક સુંદરી મેળવી. સંસારના ભોગવટાના પરિણામે જીવનનના છેલ્લા વર્ષોમાં અનુભવેલી રિબામણ વગેરેથી તીવ્ર ભોગરસિકતાના પરિણામે તેઓ સાતમી નરકે ચાલ્યા ગયા એટલું જ નહીં, પરંતુ તેની પટ્ટરાણી પણ છઠ્ઠી નરકે જઇ ત્યાં રહ્યાં. એક બીજાને યાદ કરી કરીને ઝુરી રહ્યાં છે.

વિવાગસુય (વિપાકશ્રુત) દુહવિવાગના પહેલા અજઝયણમાં મિયાપુત્ત (મૃગાપુત્ર)નો અધિકાર છે. પૂર્વભવમાં નિર્ઘૃણતાપૂર્વક તીવ્ર પાપો કરેલા તેથી નરકમાં ગયો હતો અને ત્યાંથી જન્મથી જ આંધળો, મૂંગો, બહેરો, કૂબડો જન્મ્યો હતો .

બહુસ્સઇદત્ત (બૃહસ્પતિદત્ત) આવાં કૃત્યોથી મરીને નરકે ગયો.

ઓવવાઇય ઉપાંગમાં દેવ અને નારક તરીકેનાં જન્મ (ઉપાપત) અને મોક્ષગમન આ ઉવંગના વિષયો છે.

આજથી અનંત ચોવીસી પહેલાં ધમ્મસિરિ નામના આચાર્ય જિનશાસના ચોવીસમાં તીર્થંકર હતા. તેમના શાસનમાં કમલપ્રભ નામે મહાન આચાર્ય હતા. જિનશાસનના આચાર-વિચારાદિ ઉપદેશમાં અજોડ હતા. ૫૦૦ શિષ્યોના અધિપતિ હતા. એવા ભાવમાં રમતા હતા કે એકભવમાં મોક્ષે જાય.

પરંતુ, તે સમયે ચૈત્યવાસી સાધુ ચૈત્યમાં રહી સાવધ કર્મ સેવતા. આચાર્ય તેમની સામે શુદ્ધ ઉપદેશ આપતા. તેમને હલકા પાડવા તેઓ કૃતનિશ્ચયી હતા. એકવાર ભક્તિના આવેશમાં આવી જઇ આચાર્યના ચરણને સ્ત્રીએ સ્પર્શ કર્યો. તેઓએ તે જોયું. તેનો જવાબ આપ્યો. ચોથા વ્રતમાં અપવાદ છે એમ ગભરાટ અને અપયશની બીકથી બોલ્યા. ઉત્સૂત્ર પ્રરૂપણાથી સંસાર વધારી દીધો.

કાળક્રમે તેઓ વ્યંતર, ત્યાંથી માંસાહારી, ત્યાંથી કુમારિકાના ઉદરમાં, તેણીએ જન્મ આપી તે જીવને જંગલમાં છોડી દીધો, મોટો થતાં માંસ-મદિરા-લંપટ થયો, ત્યાંથી સાતમી નરકે ગયો. ત્યાંથી વાસુદેવ

પુનઃ ૭મી નરકે, ત્યાંથી ચૌદ રાજલોકમાં પ્રત્યેક આકાશ પ્રદેશમાં ભટકી, પાર્શ્વનાથ ભગવાન કાળમાં મહાવિદેહમાં જન્મી, તીર્થંકરનો યોગ પામી સર્વકર્મ ખપાવી આચાર્યનો જીવ છેવટે મોક્ષે સિધાવ્યો. તેથી કહેવાય છે કે જેનો અંત સારો, જેનું છેવટ સારું તેનું બધું સારું.

ભગવાન મહાવીરસ્વામીના પટ્ટગણધર ગૌતમસ્વામી એકવાર મૃગાપુત્રને જોવા ગયા હતા. માતાએ છેવટે સાચા મૃગાપુત્રને બતાવ્યા. તે રાજારાણીના કુક્ષિએ જન્મ્યો હતો. માત્ર માંસનો પિંડ. નહિ હાથ, નહિ પગ, આંખને ઠેકાણે કાણાં, કાનના માત્ર ચિહ્નો. તેની માતા માની મમતાથી પ્રવાહી દરરોજ ખવડાવતી; જે અંદર જઇ પરૂ-રસીરૂપે બહાર આવતું તેના શરીરમાંથી દુર્ગંધ છૂટે તેથી નાકે કપડું ઢાંક્યા વિના તેની નજીક જવાય નહીં.

પૂર્વભવમાં તે અક્ષાદિ રાઠોડ નામનો રાજા હતો. મદાંધ બની તીવ્ર પાપો કરેલાં. અનેક પ્રકારની હિંસા, દંડ દીધેલા, કરવેરા વધારેલા, અનાચાર પણ સેવેલા, વળી દેવ-ગુરુની નિંદા તથા તેમનો પ્રત્યનીક બનેલો પરિણામે મરીને નરકે ગયેલો. ત્યાંથી નીકળી મનુષ્ય ભવમાં આવ્યો તથા રાજપુત્ર તરીકે જન્મ્યો પણ શરીરની આવી દશા !

જૈન દર્શન પ્રમાણે ૬૩ શલાકાપુરુષોમાં ૧૨ ચક્રવર્તીઓ હોય છે. નિયમાનુસાર ચક્રવર્તીની અનેકાનેક પત્નીઓમાં એક સ્ત્રી રત્ન હોય છે. તે મોટા પાપ જેવાં કે ખૂનખાર લડાઇઓ લડવી, શોક્ય રાણીઓ સાથે લડાઇ-ઝગડા નહીં, પણ વિષયરાગમાં એવાં ચકચૂર હોય છે કે તેઓ અવશ્ય છઠ્ઠી નરકે જાય છે. ભરત ચક્રવર્તીની સ્ત્રીરત્ન સમાન તેની બેન સુંદરી આથી સ્ત્રીરત્ન થવા તૈયાર ન થઇ એટલું નહીં પરંતુ ૬૦૦૦૦ વર્ષ આયંબિલ કરી તે વિકટ પરિસ્થિતિમાંથી મુક્ત થઇ ગઈ!

જૈનોના આગમોમાં સાતમું અંગ ઉવાસગદસા (ઉપાસકદશા) છે ; જેમાં દશ અધ્યાયો છે. મહાસમય (મહાશતક)નો અધિકાર છે. એને તેર પત્નીઓ છે. તેમાં એક રેવઇ (રેવતી) છે. જે બાર પત્નીઓને મારી નાંખે છે. પતિને પોતાની સાથે ત્યારબાદ ખૂબ ભોગ ભોગવવા વિનવે છે. તે ના પાડે છે. તેણે શ્રાવકની ૧૧ પ્રતિમા વહન કરી હોય છે.

એક રાત્રે રેવતી પૌષધશાળમાં આવી મહાશતકને કહે છે તને પ્રત્યક્ષ સ્વર્ગ નરકનો અનુભવ કરાવી શકું તેમ છું. તેઓ ઉપેક્ષા કરી ઉપયોગમાં સ્થિર રહે છે. રેવતી કામયાચના માટે નિષ્ફળ રહી.

જ્ઞાનથી રેવતીની દુર્દશા જોઇ ક્રોધમાં કહ્યું કે 'રેવતી ! આજથી સાત રાત્રિમાં રોગથી મૃત્યુ પામી નરકમાં ઉત્પન્ન થઇશ.' આ નખરાં ભારે પડશે. તે નરકે ગઇ !

ક્યાં આ રેવતી અને ક્યાં મહાવીરસ્વામીને ગોશાળાની તેજોલેશ્યા માટે બીજોરો પાક વહોરાવનારી રેવતી કે જે આવતી ચોવીસીમાં સત્તરમાં તીર્થંકર સમાધિ નામના થશે.

ભગવતી સૂત્રના છઠ્ઠા શતકના ઉદ્દેશક એકમાં; એક શેઠના ચાર દીકરાની ચાર પુત્રવધૂમાંની સૌથી નાની પુત્રવધૂએ કડવી દૂધીનું શાક મહિનાના ઉપવાસીને વહોરાવી દીધું. તેઓ ખાઇ ગયા, પરંતુ તે વધૂ પ્રત્યેક નરકમાં બબ્બે વાર એમ સાતે નરકોમાં ચૌદ વાર ફર્યા છતાં પણ નિકાચીત કર્મોની નિર્જરા ન થઇ, એટલું જ નહીં પરંતુ કેટલાએ તિર્યંચ અવતારોમાં જન્મી અસહ્ય દુઃખો ભોગવી રહી છે.

આજ શતકના આ ઉપદેશમાં ઉપરનો રેવતીનો પ્રસંગ પણ નિરૂપિત થયો છે. તેમજ સત્ય બોલનારા વસુરાજાને કેવળ એક જ વાર ખોટી સાક્ષી દેવી પડી અને તેથી દેવી સમક્ષ જાનવરોની કતલ કરવામાં આવે છે. વસુરાજા અસત્ય બોલવા માત્રથી કતલની પ્રથા કરોડો વર્ષોથી ચાલુ છે તેથી નરકોમાં ભયંકર વેદના ભોગવનારા થયા.

શ્રેણિકના પુત્ર અભયકુમારે દીક્ષા લીધી તેથી મગધનું રાજ્ય કોણિકને મળ્યું. તેના બે ભાઇઓ હલ્લ અને વિહલ્લને દિવ્ય હાર અને સેચનક હાથી મળ્યા. કોણિકની પત્નીએ તે જોયા અને મેળવવાની હઠ લીધી. હલ્લ-વિહલ્લે તે લઇ માતામહ ચેડા રાજાનું શરણું લીધું. ધમ-સાણ યુદ્ધ થયું. જેમાં કરોડો નિર્દોષ મર્યા. કૂલવાલક મુનિ કે જેમનું માગધિકા વેશ્યા દ્વારા પતન થયું તેમણે ભગવાન મુનિસુવ્રતસ્વામીનો સ્તૂપ જે શુભ મુહૂર્તે પ્રતિષ્ઠિત થયો હતો અને જેના પ્રભાવે નગરી જીતી શકાતી ન હતી તે તેણે ખોદાવી કઢાવ્યો, સમ્યકત્વ ગુમાવ્યું. નગરીનું કાસળ કઢાવી ખેદાન-મેદાન કરાવી, એટલે વૈશાલી સાફ કરાવી નાખી, કરોડોને મોતને ઘાટ ઉતાર્યા, કાળ, મહાકાળ વગેરે એકેકને આગેવાની આપેલી તે બધાંને ચેડા રાજાના અમોઘ બાણથી ખત્મ થવું પડ્યું આ અને બીજાં પાપોથી અંતે કોણિક છઠ્ઠી નરકમાં ગયો.

આ કોણિકે બે મહાભયંકર યુદ્ધો જેવાં કે મહાશુલા-કંટક અને રથમૂશલ ખેલ્યા; જેમાં પ્રથમમાં ચોર્યાસી લાખ અને બીજામાં છન્નુ લાખ મનુષ્યો માર્યા ગયા, હાથી, ઉંટ વગેરેનો તો પાર નથી. આ પ્રમાણે માર્યા ગયેલા એક કરોડ એંશી લાખમાંથી કેવળ બે સિવાય બાકીના બધા નરકગામી થયા. (ભગવાતી સુત્ર શતક ૭; ઉદ્દેશક ૯).

ચક્રવર્તીની રાણી શ્રીદેવી પતિવિયોગમાં છ મહિના રૂદન કરે છે, વિલાપ-આક્રંદ કરે છે આના પ્રભાવે આર્તધ્યાનથી મૃત્યુ પામી છઠ્ઠી નરકે જાય છે.

મમ્મણ શેઠે મહારાજને સિંહકેસરીઆ લાડુ વહોરાવ્યા. બહુ ઉંચા ભાવથી વહોરાવ્યા પરંતુ કુમિત્રના કહેવાથી લાડુની કણી પણ ચાખી નહીં તેથી તારું જીવન વ્યર્થ ગયું છે. ભાવથી વહોરાવ્યા છતાં પાછળથી ખૂબ ખેદ થવાથી, દાનસુકૃતની નિંદાથી મમ્મણને અપાર અઢળખ સમૃદ્ધિ મળી, પણ તે ભોગવી ન શક્યો.

દાન કર્યા પછી સાધુ પાસે ફરી માંગવા જાય છે. સાધુ નન્નો સુણાવે છે. તેઓ કહે છે. વહોરાવ્યા પછી મંગાય ? આના ઉપર તો ગુરુ મહારાજનો હક. અમે તો ચિઠ્ઠીના ચાકર.

માંગે છતાં પણ ન અપાય તેથી ન આપ્યો. સાધુએ સીફતથી લાડવાનો ભૂકો કરી ધૂળ ભેગો કરી દીધો.

મમ્મણે પહેલેથી અફસોસી શરૂ કરેલી કે હાય મેં લાડવો ક્યાં વહોરાવી દીધો ? તે આના આર્તધ્યાન અને સંસ્કારનું વાવેતર થયું; તેના ગુણાકાર થયા. આર્તધ્યાનમાંથી રૌદ્રધ્યાનમાં ગયો, તેમાં રમ્યો પરિગ્રહના સંરક્ષણનું ધ્યાન જીવને રૌદ્રધ્યાન સુધી પહોંચાડી દે છે. મમ્મણ મરીને સાતમી નરકે ગયો. તેથી યથાર્થ કહેવાયું છે કે :-

'मन एवं मनुष्याणां कारणं बंधमोक्षयोः'

જૈન કથા સાહિત્યમાં સમરાદિત્ય કેવલિચરિત્ર ઘણી પ્રસિદ્ધ કથા છે. પ્રાકૃત ભાષામાં સમરાઇચ્ચકહા તરીકે હરિભદ્રસૂરિએ તેને લિપિબદ્ધ કરી છે.

અગ્નિશર્મા આ કથામાં પુરોહિત પુત્ર છે. તે શરીર કદરૂપો અને બેડોળ છે તેથી સમાન વયસ્ક રાજપુત્ર ગુણસેન તેની પુષ્કળ સતામણી કરે છે. તેથી કંટાળી તે છેવટે તાપસ બને છે.

માસખમણના પારણે ગુણસેન તેને આમંત્રે, પરંતુ તે વાત ભૂલી જાય છે. આથી બીજી વારનું આમંત્રણ આપે છે. ત્યારે પણ તેવું જ બને છે. ત્રીજી વારના ઉપવાસે પણ પારણ તેના તરફથી થઇ શકતું નથી. ત્રણ ત્રણ માસના ઉપવાસ થયા.

તેથી ભયંકર વૈર ભાવના ભાવે છે. નવ-નવ મનુષ્ય ભવોમાં તે પિતા-પુત્ર, ભાઇ-ભાઇ, પતિ-પત્ની, માતા પુત્ર વગેરે સંબંધોથી જોડાય

છે. પ્રત્યેક ભવમાં ગુણસેનનો જીવ સુકૃત્યોના પરિણામ સ્વરૂપ દેવ બને છે અને અગ્નિશર્મા નરકે જાય છે. બધાં ભવો ગણીએ તો વૈરનું કારણ સત્તર-સત્તર ભવો સુધી ચાલુ રહે છે. ગિરિસેનના નવમાં મનુષ્ય તરીકેના ભવમાં સમરાદિત્યને સળગાવી દે છે આ રીતે અગ્નિશર્માના નવ ભવો નરકના જાય છે.

પરંતુ સોળ ભવના વૈરની પરંપરા આગળ વધતાં અગ્નિશર્માનો જીવ ગિરિસેન તરીકે આવું સળગાવી દેવાનું નિકૃષ્ટતમ અધમ કૃત્ય કરે છે ત્યારે તેના મુખમાં હૃદયપૂર્વકના પશ્ચાત્તાપના બોલ પુણ્ય સ્વરૂપે બીજરૂપે પલ્લવિત થાય છે. છેવટે સત્તર સત્તર ભવની વૈર પરંપરા વધારનાર ગિરિસેન સમરાદિત્યના આ કેવળીના મહોત્સવમાં પુણ્ય બીજવાળો થયો. જગતમાં રાગ અને દ્વેષ જન્મ મરણની ઘટમાળ પાછળ મુખ્ય ભાગ ભજવે છે. સાતમી નરકે ગયેલો ગિરિસેન વિચારે છે કે મેં ઉપસર્ગ કર્યો તે સારું કર્યું નથી. આ કોઇ મહાનુભાવ છે; આ ભાવના ગિરિસેનને અનેક ભવપરંપરામાં તારનારી થશે અસંખ્ય ભવબાદ તે સંખ્યા નામનો વિપ્ર બની નિર્વાણ પામશે.

નરક નહીં પણ તેના જેવા અનેકાનેક ભવોમાં દુઃખની પરંપરાથી આકુળ વ્યાકુળ થનારા જીવો પણ હોય છે.

બારસો સાધ્વીના ઉપરી રજ્જા આર્યા હતા. પૂર્વકર્મના ઉદયથી તેમને પાછલી જીંદગીમાં કોઢ થયો, અસહ્ય વેદના થઇ. વ્યાધિ શાથી થયો ? તેમ પૂછતાં કહ્યું કે ઉકાળેલું પાણી પીવાથી થયું. કેવળીએ કોઢનું કારણ સમજાવ્યું. ઉકાળેલું પાણી કોઢ કરનાર નથી પણ દ્રવ્ય અને ભાવ રોગ હરનનાર છે. હે રજ્જા ! તુ શરીરનો રોગ મટાડવા તલસે છે પણ ભાવરોગ ભયંકર ઊભો કર્યો તેનું શું ? કેવળીનો ઉપદેશ સાંભળી બીજી સાધ્વીઓ માર્ગે આવી. પશ્ચાત્તાપ રજ્જા એ કર્યો પરંતુ દુર્વચન બોલવાથી એવું પાપ કર્યું કે અનેક ભવભ્રમણ કરે તો પણ તે જલદી છૂટે તેમ નથી. (ઉપદેશપ્રાસાદ)

આવો બીજો કિસ્સો લક્ષ્મણા સાધ્વીશ્રીનો છે. લક્ષ્મણા જે રાજકુંવર સાથે ચોરીમાં ચાર ફેરા ફરી ત્યાં રાજકુમારને કોઇ ઓચિંતી વ્યાધિ થઇ. લક્ષ્મણા જે મંડપમાં સ્વયંવરે વરી તેજ મંડપમાં તેજ વખતે રંડાઇ. લક્ષ્મણાએ આશ્વાસન પામી ચિત્તને વૈરાગ્ય માર્ગે વાળી પ્રતિષ્ઠિત નગરમાં જિનેશ્વર ભગવંત પધાર્યા, દેશના સાંભળી સાધ્વી થયા.

એક વખત પ્રવર્તિની સાધ્વીએ વસતિ ગવેષણા કરવા મોકલી. ચકલા-ચકલીનું મૈથુન, રતિક્રીડા જોઇ, વૈરાગ્ય વિરોધી વિચારોથી વાસિત થઇ બ્રહ્મચર્ય માટે ભગવાન સવેદીની સ્થિતિ શું સમજે એમ દુષ્ટ વિચાર કર્યા. પાછળથી પસ્તાવો થયો. પોતાને આવા વિચારો થયા છે એમ ન જણાવતા, આવા પ્રકારના વિચારો માટે શું પ્રાયશ્ચિત્તત હોઇ શકે તેમ પૂછ્યું, પણ સાચી પોતાની સ્થિતિ છૂપાવી. તેણે પચાસ વર્ષ સુધી ગુરુએ જણાવેલ ઉગ્ર તપશ્ચર્યા કરી વાસના મુક્ત હૃદય થયું પણ, આલોચના લીધા વિનાની તપશ્ચર્યા શુદ્ધ ન કરી શકી. કાયા ફોગટ દમી તપ એળે ગયું. આર્તધ્યાનથી મરીને વેશ્યા થઇ અનંત સંસાર રખડી અંતે કલ્યાણ સાધશે.

ઉપયોગ મૂડી ગુરુએ આ પ્રમાણે પ્રાયશ્ચિત આપ્યું :- છઠ્ઠ પછી અઠ્ઠમ, અઠ્ઠમ પછી દસમ, તે પછી દ્વાલસ દસ વર્ષ કરવા જોઇએ. તેના પારણે વિગય રહિત એકાસણું કરવું. સોળ વર્ષ માસખમણ, ૨૦ વર્ષ આયંબિલ અને બે વર્ષ ઉપવાસ કરવા જોઇએ. આમ ૫૦ વર્ષની તપશ્ચર્યામાં માત્ર બે વર્ષ જ ખાવાનું આવે. આ ૫૦ વર્ષની તપશ્ચર્યા કર્યા છતાં પણ જો તે ગુરુ સમક્ષ પોતાના નામ થકી આલોચે નહિ તો તેને શુદ્ધ થવું ઘણું કઠણ છે. (શ્રાદ્ધવિધિ, ઉપદેશ પ્રાસાદ)

આથી દુષ્કર તપ ૫૦ વર્ષ કર્યા છતાં પણ લક્ષ્મણા સાધ્વીએ ગુરુ સમક્ષ સાચી પરિસ્થિતિ ન જણાવી તથા તે વગર તેનું ઉત્કટ તપ એળે ગયું. ૮૦ ચૌર્યાશી સુધી સંસારમાં ભટક્યા કરશે જે પરિસ્થિત નરક કરતાં પણ નિકૃષ્ટ ગણાવી શકાય. કારણ કે નરકનું વધુ વધુમાં આયુ-ષ્યસ્થિતિ ૩૩ સાગરોપમની જ હોઇ શકે. જ્યારે ક્યાં ૮૦ ચૌર્યાશી !

૮૦ ચોવીશી સુધી સંસારમાં ભટકનારી લક્ષ્મણા ક્યાં અને ૮૪ ચોવીસી સુધી અમર રહેનાર કામવિજેતા મુનિસમ્રાટ સ્થુલિભદ્ર ક્યાં ! ગાયની ગૌશાલામાં જન્મ થવાથી ગોશાલક તરીકે ઓળખાતો મંખલિપુત્ર ગોશાલો ભગવાન મહાવીરનો સમકાલીન મિથ્યાત્વી જીવ હતો. ભગવાન મહાવીરસ્વામીની રિદ્ધિસિદ્ધિ, માનપાનથી આકર્ષાઇ માન કે ન માન મેં તેરા મહેમાન એ ન્યાયે ભગવાનનો તે પોતાની મેળે બની બેઠેલો શિષ્ય હતો. મહાવીરસ્વામીની સાથે લગભગ ફર્યા કરતો અને તે માર, ધિક્કાર, ધૃણા વગેરેનો પાત્ર થતો. શિતલેશ્યા વડે જેનું રક્ષણ કરાયું છે તે દયાના સાગર ભગવાન પાસેથી તેજોલેશ્યા કેવી રીતે પ્રાપ્ત થઇ શકે તે જાણી, છ મહિનામાં તેજોલેશ્યા પ્રાપ્ત કરી લે છે. જેની પાસેથી તે શીખ્યો છે તેના ઉપર તેનો પ્રયોગ કરે છે; કેવી ભવિતવ્યતા ! તે માને છે કે મહાવીરનું મૃત્યું થશે પણ તીર્થંકરોને આવી શક્તિ અભિભૂત કરી શકતી નથી; ઉલટું સોળ વર્ષ અસ્વસ્થ રહી પોતાનુ ઉચિત કાર્યકલાપ કરતા રહ્યાં.

ગોશાલકે જે અગણ્ય ઘૃણાસ્પદ કાર્યો કર્યા છે તે અંગે મૃત્યું પૂર્વે તીવ્ર પશ્ચાત્તાપ કર્યો તેથી અસંખ્ય ભવોમાં ભવાટવીમાં ભટકી કલ્યાણ કરશે. કોઇએ પણ ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન તે ગુરુનું અકલ્યાણ થાય તેવી વર્તણુંક કે અપમાન ન કરવું તેવું પોતે ઉપદેશમાં જણાવે છે. તીવ્ર પશ્ચાત્તાપ મોક્ષનું કારણ બને છે !

ક્ષીરકદમ્બક પાઠક ત્રણ વિદ્યાર્થીઓના શિક્ષક છે. તેમાં પોતાનો જ પુત્ર અને વિદ્યાર્થી નરકગામી છે તેમ જાણતાં સન્યાસ લઇ લીધો ! પોતાના પુત્ર સાથે બીજો પણ નરકે જનાર છે તે જાણી ઉદ્વિગ્ન થઇ સન્યાસના પવિત્ર માર્ગે ડગ ભરી દીધા. ત્રણમાંથી બે શિષ્યો નરકગામી થયા.

ઉપર જણાવેલાં દૃષ્ટાંતોની સમીક્ષા પર અનુપ્રેક્ષા કરતાં તારવી શકાય કે તીવ્ર ભાવનાપૂર્વક આરંભસમારંભો કે પાપાચાર આચરી પશ્ચાત્તાપ કે દિલમાં વેદના ન થાય તો તે જીવ અવશ્ય નરકગામી બને છે. જીવહિંસા, માયાકપટથી દુરાચાર, મોહાસક્તિથી માનવતા વિરુદ્ધ આચરણ, શ્રેણિક રાજાની જેમ મૃગલીની હત્યા પછી ઉત્કટ આનંદ, કુરુકઉત્કુરુકની જેમ અસહિષ્ણુતાથી લબ્ધિનો દુરુપયોગ, ચક્રવર્તી પદ મેળવી સંસારનો ત્યાગ ન કરી નરકના અતિથિ થવું પડતું હોય છે. સામાન્યત: જૈન માન્યતા પ્રમાણે વાસુદેવ-પ્રતિવાસુદેવ નરકગામી હોય છે કારણ કે તે પદ દ્વારા અનેકાનેક પ્રકારના પાપો આચરવાના પ્રસંગો પ્રાપ્ત થતા હોય છે. કંડરિકને રસનાની લાલસાથી નરકે જવું પડ્યું, સંભૂતિ મુનિને વાસનાની આગ ઓલવવા નિયાણા સુધી જવું પડ્યું, પૂર્વભવમાં નિધૃણતાપૂર્વક તીવ્ર પાપ કરવાથી નરકે જવાનું થાય છે, કમલ પ્રભાચાર્યની જેમ ઉત્સૂત્ર ભાષણ નરકનું કારણ બને છે.

અનેક પ્રકારની હિંસા, ખોટા દંડો, ખોટા કરવેરા, અનાચાર, દેવગુરુની નિંદા તથા તેમનો પ્રત્યનીક થવું, નરકના કારણો છે. કોણિકની જેમ ભયંકર યુદ્ધો કરનાર નરકે જાય છે. મમ્મણની જેમ આર્તધ્યાન કે રૌદ્રધ્યાન ધરનારા નરકે જાય છે. તંદુલિયા મત્સ્યની જેમ માનસિક મનસૂબા નરકે લઇ જાય છે. ભયંકર વૈરભાવ અગ્નિશર્માની જેમ નરકનું કારણ બને છે. લક્ષ્મણા સાધ્વીની જેમ તીવ્ર તપો પાપની આલોચના

કર્યા વગર કરાયું તે એકડા વગરના મીંડા જેવાં છે. ૮૦ ચોવીસી સુધી ભવાટવીમાં ભટકવું તે નરક કરતાં પણ દુષ્કર છે. તેથી, પાપો કરી તીવ્ર પશ્ચત્તાપ કે આલોચના ન કરાય તો તે નરકનાં દ્વાર બને છે.

ઉપરનાં ઉદાહરણોના વિશ્લેષણ રૂપે નરકના કારણો જોઇએ :-

સાતમી નરકગામી મહાવીરે ૧૮મા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં ગરમ ધગધગતું શીશુ કાનમાં રેડાવ્યું હતું તે કાર્ય નિધૃણતમ હોવાથી નરકે ગયા. વળી વગર શસ્ત્રે સિંહને ચીરી નાંખવો તથા ૧૬મા ભવમાં બળદને શીંગડાથી પકડી ગોળગોળ ભમાવી આકાશમાં ઉછાળી તે કાર્ય પણ તેવું જ ગણાવી શકાય.

પ્રસન્નચંદ્ર રાજર્ષિ એક પછી એક નરકને પાત્ર બનતા ગયા તેનું કારણ તીવ્ર આક્રોશ સહિત મુનિપણામાં યુદ્ધ કરવું તે હતું. ભલે તે માનસિક હોય. તંદુલિયો મત્સ્ય પણ માનસિક ચિંતનવશ નરકે જાય છે ને ?

શ્રેણિક રાજા જે પહેલી નરકે ગયા તેનું કારણ મૃગલીને હણ્યા પછી તીવ્રતમ ભાવે આનંદ કર્યો તે હતું.

કૃષ્ણને સાતમીથી ત્રીજી નરકે જવાનું થયું તેનું કારણ વાસુદેવ હોઇ સંસારનો ત્યાગ ન કરાયો તે છે; કારણ કે 'રાજશ્રી તે નરકશ્રી.'

કુરુક અને ઉત્કરુક અનેક પ્રકારની લબ્ધિઓ તથા ઉત્કટ તપશ્ચર્યા છતાં સમતા ગુમાવી જે વણથંભ્યો વરસાદ વરસાવી અનેક પ્રકારનાં જીવોની અશાતા કરી તે ગણાવી શકાય. આખી કુણાલા નગરી તારાજ કરી !

સુભૂમ ચક્રવર્તી નરકે ગયા કારણ કે છ ખંડ જીતી લોભવશ સાતમો ખંડ જીતવો હતો.

બ્રહ્મદત્ત ચક્રવર્તીએ અસંખ્ય બ્રાહ્મણો મારી નંખાવ્યા તથા ક્રોધવશ ગુંદાના ઠળિયા તેઓની આંખો છે તેમ માંની ચીકણા નિકાચિત કર્મો બાંધ્યા અને રૌદ્રધ્યાનથી સાતમી નરકે ગયો.

કંડરિકે હજાર વર્ષનું ઉગ્ર સંયમી જીવન જીવ્યા પછી, રસનાની લાલસાએ, ખાઉધરાની જેમ ખાવાથી, શૂળાદિ વ્યાધિગ્રસ્ત થઇ તીવ્ર આર્તધ્યાનથી નરકે ગયો.

ધમ્મસિરિ આચાર્ય ઉત્સૂત્ર પ્રરૂપણા થકી નરકે ગયા.

મૃગાપુત્રે પૂર્વભવમાં જે અત્યાચારો કર્યા હતા તેથી નરકે જઇ રાજારાણીની કુખે જન્મ્યો હતો.

મહાશતકને પૌષધમાં બાળી નાંખનારી રેવતી મૃત્યું પામી સાત રાત્રિમાં નરકે ગઇ.

શ્રેણિકના પુત્ર કોણિકે બે યુદ્ધોમાં એક કરોડ એંસી લાખનો વધ કર્યો તેની સાથે બે સિવાયના બધાં સૈનિકો નરકે ગયા.

પતિવિયોગમાં રડનારી રાણી શ્રીદેવી આર્તધ્યાનથી નરકે ગઇ.

મમ્મણ શેઠે દાન કરી જે અફસોસ કર્યો અને આર્તધ્યાનના ગુણાકાર થયા તેથી તેમાંથી રૌદ્રધ્યાનમાં ગયો અને સાતમી નરકે ગયો.

અગ્નિશર્માએ ત્રણ મહિનાના ઉપવાસ પછી વૈરભાવનાથી નવમાં ભવમાં ગુણસેનને સળગાવી નાંખવાનો મનસૂબો નરકનું કારણ બને છે તથા પ્રત્યેક ભવમાં વૈરની ભાવનાથી પાપાચરણ કર્યા કરે છે.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
**નવો ફોન નંબર**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો ફોન નંબર હવે બદલાયો છે. નવો ફોન નંબર ૩૮૨૦૨૯૬ છે.

રજ્જાસાધ્વી તથા લક્ષ્મણા સાધ્વી સંસારમાં સર્યા કર્યા કારણ કે પાપની આલોચના કરી નહીં. તેઓની જેમ ગોશાલો પણ પુદ્ગલપરાવર્ત સુધી ભટક્યો જેની પીડા નરકવાસ કરતાં પણ અધિક ગણાવી શકાય.

જૈન રામાયણ પ્રમાણે રાજા રાવણના હાડકા ભાંગી નાંખનાર વાસુદેવ લક્ષ્મણ પણ નરકે ગયો હોય છે.

આઠ કર્મોમાંથી સાત કર્મો પ્રતિસમયે બંધાય છે; પરંતુ આયુષ્ય કર્મ તો જીંદગીમાં એક જ વાર બંધાય છે, જે ભોગવ્યા વિના છુટકો નથી. ભવસિદ્ધિકો મોક્ષમાં જવાવાળા હોય છે જે ગતિ મોક્ષમાં જવાના અનુષ્ઠાનો વિના શક્ય નથી. અતિનિકાચિત નિયાણામાં ફસાયેલા જીવોને સમ્યકત્વનો લાભ પ્રાય: ફરી મળતો નથી. કોરડુ મગની જેમ અભવસિદ્ધિક ગમે તેટલા પ્રયત્ન પછી પણ મોક્ષ મેળવવા યોગ્યતા મેળવી શકતા નથી. સમ્યગદૃષ્ટિ જીવોને સમ્યકત્વ પ્રાપ્ત થતાં પહેલાં નરકાયુષ્ય બંધાઇ ગયું હોય, અથવા સમ્યક્ ચારિત્રની આરાધના શક્ય ન બની હોય, અથવા ચારિત્રધારી બન્યા પછી પણ પાલનમાં શિથિલતા રહી હોય ત્યારે નરકાયુષ્ય જ અવશિષ્ટ રહે છે.

જેમના જીવનમાં સમ્યકત્વ, સદ્‌બુદ્ધિ અને સદ્વિવેકનો પ્રકાશ ન થયો હોય તેથી હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, વ્યભિચાર, પરિગ્રહાદિમાં જીવને વ્યતીત કરનારા, કષાય કલેશમાં ૨૪ કલાક પૂરા કરી તેમના અધ્યવસાયો કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કપોત લેશ્યાવાળા હોઇ રૌદ્ર ધ્યાનમાં પ્રવેશ થતાં વાર ન લાગતા તેમાં મૃત્યુ પામી નરકનો અતિથિ બની જાય છે. ભગવાન મહાવીર પણ તેમના ૧૮મા વાસુદેવના ભવમાં ૭મી નરકે તથા ૨૧મા ભવમાં ચોથી નરકે જાય છે. ભગવાન મહાવીરથી શરૂ કરી ભગવાન મહાવીરથી સમાપન કરીએ. ❑❑❑


## પ્રબુદ્ધ જીવન

**(રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ રુલ્સ ૧૯૫૬ના અન્વયે)**

**(ફોર્મ નં. ૪)**

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | |
|---|---|
| ૧. પ્રસિદ્ધિનું સ્થળ | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, |
| | : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | : દર મહિનાની સોળમી તારીખ. |
| ૩. મુદ્રકનું નામ | : ચીમનલાલ જે. શાહ |
| કયા દેશના | : ભારતીય |
| ૪. ઠેકાણું | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, |
| | : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪. |
| ૫. પ્રકાશકનું નામ | : ચીમનલાલ જે. શાહ |
| કયા દેશના | : ભારતીય |
| ઠેકાણું | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, |
| | : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪. |
| ૬. તંત્રીનું નામ | : ડૉ. રમણલાલ ચી. શાહ |
| કયા દેશના | : ભારતીય |
| ઠેકાણું | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, |
| | : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪. |
| ૭. માલિકનું નામ | : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, |
| અને સરનામું | : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪. |

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૩-૯૪ રમણલાલ ચી. શાહ

# કચ્છમાં બારમો જૈન સાહિત્ય સમારોહ

❑ ચીમનલાલ એમ. શાહ-'કલાધર'

## ❑ પૂર્વ ભૂમિકા :

કચ્છ માત્ર ગુજરાતનો જ નહિ ભારતનો અને વિશ્વનો એક વિશિષ્ટ પ્રદેશ છે. એના જેવો ભવ્ય ભૂતકાળ, સાંસ્કૃતિક સમૃદ્ધિ, દિલેરી અને પરાક્રમોનો ઇતિહાસ ભાગ્યે જ વિશ્વનો કોઇ અન્ય પ્રદેશ ધરાવતો હશે. કચ્છના લોકસાહિત્યકાર દુલેરાય કારાણીએ એથી જ કહ્યું છે :

**'સંત સૂતા ભલા ભક્ત જે ભોમમાં,**
**પીર પોઢ્યા જહાં ઠામ ઠામે;**
**ડુંગરે ડુંગરે દેવની દેરીઓ,**
**ખાંભીઓ ખોંધની ગામગામે.**
**કૈંક કવિઓ તણા ભવ્ય ઉરભાવની,**
**જ્યાં વહી સતત સાહિત્ય સરણી;**
**ભારતી માતને ખોળલે ખેલતી,**
**ધન્ય હો ! ધન્ય હો ! કચ્છ ધરણી !'**

અનેકાનેક નરવીરોની જન્મદાત્રી કચ્છની ધરતી રત્નગર્ભા ભૂમિ છે. સમસ્ત જગતમાં પ્રખ્યાત થયેલા એવા નરપુંગવોને એણે જન્મ આપ્યો છે. અનેક આસમાની-સુલતાની આફતોનો સામનો કરીને ખડતલ બનેલી કચ્છની ધરણી વીર પ્રસુતા છે. અહીં થઇ ગયેલા સંતો, મહંતો, સતીઓ, શુરાઓ, દાનવીર દાતાઓ, કવિઓ, સાહિત્યકારો અને કલાકારોએ પોતાના આત્મતેજથી આ ધરતીને વધુ ને વધુ ગૌરવવાન્ત કરી છે. આવી કચ્છની શૌર્યવંતી પવિત્ર ભૂમિમાં જગવિખ્યાત પ્રાચીન તીર્થ ભદ્રેશ્વરની નજીક માંડવીથી નવ કિલો મિટરના અંતરે કોડાય ગામ પાસે એંશી એકર જેટલી વિશાળ જમીનમાં નિર્માણ પામેલા નૂતન જૈન તીર્થસ્થળ બોતેર જિનાલય મધ્યે મુંબઇની સુપ્રસિદ્ધ જૈન શિક્ષણ સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના જિનાગમ ટ્રસ્ટના ઉપક્રમે તા. ૧૯, ૨૦, ૨૧ માર્ચ, ૧૯૯૪ના રોજ **બારમા જૈન સાહિત્ય સમારોહનું** આયોજન થયું હતું. શ્રી મહાવીર જૈન વિદ્યાલયે તેના હીરક મહોત્સવ પ્રસંગે ઇ. સ. ૧૯૭૭માં પ્રથમ જૈન સાહિત્ય સમારોહનું મુંબઇ ખાતે સાક્ષરવર્ય શ્રી કેશવરામ કા. શાસ્ત્રીના પ્રમુખસ્થાને આયોજન કર્યું હતું.એ પછી આ સંસ્થાએ મહુવા, સુરત, સોનગઢ, માંડવી (કચ્છ), ખંભાત, પાલનપુર, સમેતશિખર, પાલિતાણા, બોતેર જિનાલય અને ચારૂપ (પાટણ) એમ અગિયાર સ્થળોએ સાહિત્ય સમારોહ યોજ્યા હતા.

કચ્છની પવિત્ર ભૂમિમાં બોતેર જિનાલય જેવા નૂતન જૈન તીર્થસ્થળમાં જૈનાચાર્ય **શ્રીમદ્ ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની** પાવન નિશ્રામાં અને મુંબઇ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ અને જૈન ધર્મના પ્રકાંડ વિદ્વાન **ડૉ. રમણલાલ ચી.** શાહના પ્રમુખસ્થાને યોજાયેલ આ બારમાં જૈન સાહિત્ય સમારોહમાં ઉદ્‌ઘાટન બેઠક અને સાહિત્યની બેઠકો સહ કુલ ચાર બેઠકો આયોજિત થઇ હતી. મુંબઇ, અમદાવાદ, ભાવનગર, રાજકોટ, કચ્છ, જોધપુર વગેરે સ્થળોએથી સાઠ જેટલા વિદ્વાનોએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## ❑ ઉદ્‌ઘાટન બેઠક :

રવિવાર તા. ૨૦મી માર્ચ, ૧૯૯૪ના રોજ સવારના દસ વાગે કચ્છના બોતેર જિનાલયના ઉપાશ્રય ખંડમાં **પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના** મંગલાચરણથી આ સાહિત્ય સમારોહનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે જૈન જગતના આદરણીય વિદ્વાન ત્યાગમૂર્તિ **શ્રી જોહરીમલ પારેખની** ઉપસ્થિતિથી આ સાહિત્ય સમારોહને વિશિષ્ટ ગૌરવ પ્રાપ્ત થયું હતું.

## ❑ સ્વાગત :

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના જિનાગમ ટ્રસ્ટના ચેરમેન શ્રી **વસનજી લખમશી શાહે** સૌનું ભાવભીનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે કચ્છની આ પવિત્રભૂમિ પર જૈન સાહિત્ય સમારોહનું આયોજન થાય તેનો કોને આનંદ ન થાય ? આટલા બધા વિદ્વાનો અમારે આંગણે પધાર્યા તેનું અમારે મન ભારે ગૌરવ છે. આ વિદ્વાનો જૈનધર્મ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ ઇત્યાદિ વિષયો પર અભ્યાસ નિબંધો વાંચશે. તેમાંથી ઘણું નવું નવું જાણવા મળશે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા યોજાતા જૈન સાહિત્યના આ કાર્યક્રમનો વ્યાપ વધુ ને વધુ વિસ્તરો એવી શુભ કામના.

## ❑ જૈન સાહિત્ય સમારોહની ભૂમિકા :

આ જૈન સાહિત્ય સમારોહના અધ્યક્ષ અને સંયોજક **ડૉ. રમણલાલ ચી. શાહે** સાહિત્ય સમારોહની ભૂમિકા સમજાવતાં જણાવ્યું હતું કે જૈન ધર્મમાં જ્ઞાનનો ભારે મહિમા બતાવ્યો છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવા નિગોદના જીવોમાં પણ અક્ષરના અનંત ભાગ જેટલું જ્ઞાન અવશ્ય હોય છે. જૈન સાહિત્ય સમારોહ એ સાંપ્રદાયિક કે સંકુચિત દ્રષ્ટિથી નથી શરૂ કરાયો.પરંતુ જૈનો પાસે અઢળક સાહિત્ય અને કલાનો વારસો છે. તેને વ્યવસ્થિત કરવાનો તથા તેના અભ્યાસીઓને પ્રોત્સાહિત કરવાનો આ પ્રયાસ છે. જૈનોમાં જાતિ, લિંગ અને વર્ણભેદ નથી. જૈનોના બધાય તીર્થંકરો ક્ષત્રિય હતા. બધાય ગણધરો બ્રાહ્મણો હતા. મેતારજ મુનિ ક્ષુદ્ર વર્ણના હતા. જૈન ધર્મ સર્વ માટે ખુલ્લો છે. આ સાહિત્ય સમારોહ યોજવા પાછળનો ઉદ્દેશ જ્ઞાનની ઉપાસના અને ધર્મ તથા તત્ત્વદર્શનની પ્રવૃત્તિને વેગ આપવાનો છે. અગાઉ વર્ષો સુધી ગુજરાતી સાહિત્ય પરિષદના સંમેલનમાં જૈન સાહિત્યનો એક જુદો વિભાગ રહેતો. કેટલાંક વર્ષોથી એ વિભાગ બંધ થયો છે. આથી જૈન સાહિત્યના અધ્યયન અને સંશોધનને વધુ સક્રિય બનાવવાની દ્રષ્ટિથી અલગ સમારોહ યોજવાની ભૂમિકા રચાઇ હતી અને તે શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી જ્ઞાનસમૃદ્ધ સંસ્થાએ એ જવાબદારી ઉપાડી લીધી છે.

વિક્રમના પંદરમાં શતકથી અઢારમાં શતક સુધીમાં સેંકડો નહિ બલકે હજારો સાહિત્ય કૃતિઓની રચના જૈન કવિઓના હાથે ગુજરાતી-રાજસ્થાની ભાષામાં થઇ છે. વળી તે પૂર્વેના હજારેક વર્ષના સમયમાં સંસ્કૃત અને પ્રાકૃતભાષામાં પણ અનેક કૃતિઓની રચના થઇ છે. જે સાહિત્ય પ્રકાશિત થયું છે તે તો દસ પંદર ટકા જેટલું પણ હશે કે કેમ તે પ્રશ્ન છે. જેસલમેર, પાટણ, સૂરત, ખંભાત, ડભોઇ, છાણી, વડોદરા, પાલિતાણા, ભાવનગર, લિંબડી, જોધપુર, જયપુર, બિકાનેર વગેરેના જ્ઞાન ભંડારોમાં વીસ લાખથી વધુ હસ્તપ્રતો આજે પણ સચવાયેલી મળે છે. એ જોતાં આ પ્રાચીન અને મધ્યકાલીન સમયગાળા દરમિયાન કેટલું માતબર જૈન સાહિત્ય રચાયું હશે તેનો ખ્યાલ આવે છે. આ સાહિત્યના સંશોધન, સંપાદન, અધ્યયન ઇત્યાદિ પ્રકારની પ્રવૃત્તિને વિકસાવવા તથા નવોદિત સાહિત્યકારોને પ્રોત્સાહિત કરવાનાં આશયથી છેલ્લાં બે દાયકાથી સાહિત્યસમારોહની આ પ્રવૃત્તિ ચાલી રહી છે. આ પ્રવૃત્તિ માટે આર્થિક તથા અન્ય પ્રકારનો સહયોગ વિવિધ સંસ્થાઓ અને શ્રેષ્ઠીઓ દ્વારા અમને જે મળતો રહ્યો છે તે માટે અમે સૌના ઋણી છીએ.

## ❑ દીપ પ્રાગટ્ય :

મંગલદીપ પ્રગટાવીને સાહિત્ય સમારોહનું ઉદ્‌ઘાટન કરતાં ગુજરાત

રાજ્યના કાયદો, ન્યાય અને ગ્રામવિકાસ ખાતાના મંત્રી **શ્રી નવીનચંદ્ર શાસ્ત્રીએ** જણાવ્યું હતું કે કચ્છ તપોભૂમિ છે, કચ્છની આ પુનિત ધરા પર બોતેર જિનાલય જેવા પવિત્ર તીર્થસ્થળમાં જૈન સાહિત્ય સમારોહનું આયોજન થાય એ અત્યંત આનંદ સાથે ગૌરવની વાત છે. જૈનધર્મે વિશ્વને અહિંસાનો સંદેશ આપ્યો છે. જૈનધર્મ ગ્રંથોમાં આપવામાં આવેલા ઉપદેશોનું અનુસરણ થાય તો જગત તનાવ મુક્ત બની શકે, હિંસા મુક્ત બની શકે, અને સારું જીવન જીવવા માટે સક્ષમ બની શકે. સમાજમાં અહિંસા, શાંતિ, એકતા, ભાઇચારો અને પરસ્પર સુમેળ સાધવા જૈન સાહિત્ય ઘણું ઉપયોગી થઇ શકે. આજના કપરા કાળમાં માણસ માણસ તરીકે જીવવાનું શીખે, સૃષ્ટિના રંગમંચ પર થોડું ભેજું વાપરે તો તેનો સંસાર સુખી અને સંતોષી બને. અંતમાં શ્રી શાસ્ત્રીએ જૈન સાહિત્ય સમારોહ દ્વારા ધર્મ, સાહિત્ય, નીતિ, સદાચારની વાતો લોકોના હૃદય સુધી પહોંચે અને સાહિત્ય સમારોહની આ વિરલ પ્રવૃત્તિથી અનેકોનું જીવન નંદનવન બને એવી શુભકામના દર્શાવી હતી.

### ❑ જૈન સાહિત્યનું યોગદાન :

સુપ્રસિદ્ધ વ્યાખ્યાનકાર **મુનિશ્રી દેવરત્નસાગરજી મહારાજે** આ પ્રસંગે વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે કચ્છનું આ કોડાય ગામ કચ્છની કાશી છે. અહીં કોડાયમાં સાહિત્ય સમારોહ ન થાય તો આશ્ચર્ય થાય ! આ ભૂમિના પરમાણું અતિ પવિત્ર છે. આજથી સવાસો વર્ષ પહેલાં આ ભૂમિ પર સાહિત્યના વિદ્વાનોનું અવારનવાર મિલન થતું. અહીં જ્ઞાન ગંગોત્રી સતત વહેતી રહેતી. જૈન સાહિત્યનું વિશ્વના સાહિત્યમાં અદ્‌ભૂત યોગદાન છે. એમ જણાવીને તેમણે જૈન સાહિત્યકારોના હાથે સર્જાયેલું સાહિત્ય, શ્રીપાળચરિત્ર, શ્રી દેવચંદ્રજીની ચોવીશી-પદરચનાઓ, શ્રી સકલચંદ્રજીની સત્તરભેદી પૂજા અને અન્ય પૂજા સાહિત્ય, ઉપાધ્યાય યશોવિજયજી અને શ્રી જ્ઞાનવિમલસૂરિની રચનાઓ તેમજ અચલગચ્છના પ્રભાવક આચાર્ય શ્રી જયશેખરસૂરિના સાહિત્યનું રસપાન કરાવ્યું હતું.

### ❑ ખરા નેતૃત્વની ખોટ :

ખ્યાતનામ વિદ્વાન, ત્યાગમૂર્તિ **શ્રી જોહરીમલ પારેખે** સંબોધન કરતાં કહ્યું હતું કે, કેટલીકવાર વિચાર એ થાય છે કે સમાજ અને સાહિત્યને શું લેવા દેવા ? આવા સાહિત્ય સંમેલનો ખરેખર જનતાને ઉપયોગી થાય છે ખરા ? આ દેશમાં ક્યારેક ધર્મ સામાજિક રહ્યો છે તો ક્યારેક સમાજ ધાર્મિક રહ્યો છે. આ દેશની કેટલીક નબળાઇઓ સ્પષ્ટ જણાઇ રહી છે. આજે સૌથી વધારે ખૂંચે તેવી વાત એ છે કે મહાત્મા ગાંધી પછી આ દેશમાં ખરા નેતૃત્વની ખોટ ઊભી થઇ છે.આજનાં આપણાં ઘણાખરાં રાજકીય નેતાઓ તદ્દન વામણા અને દિશાદોર વિનાના છે. આજે આપણે ક્યાં જઇ રહ્યા છીએ, આપણું ગંતવ્ય શું છે તેનો ખ્યાલ જ આપણને નથી.

### ❑ તીર્થંકર ભગવાન દીપક સમાન :

આ ઉદ્‌ઘાટન બેઠકમાં વિદ્વાન વ્યાખ્યાતા પ્રા. તારાબહેન ર. શાહે ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે જ્ઞાન એ દીપક છે. દીપકની હાજરીમાં જેમ અંધકાર ટકી શકે નહિ તેમ જ્ઞાનરૂપી દીપક જેમના અંત:કરણમાં વિદ્યમાન છે. તેમના અંત:કરણમાં અજ્ઞાન, રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, ઇર્ષ્યા અને અસૂયારૂપી અંધકાર તથા તે અંધકારોમાંથી ઉત્પન્ન થનારા અશાંતિ, દુ:ખ, ખેદ કે શોકરૂપી દુર્ગુણો ટકી શકતા નથી. તીર્થંકર ભગવાન દીપક સમાન છે. તીર્થંકર એટલે તીર્થ પ્રવર્તક અને ધર્મ પ્રવર્તક. તીર્થંકર ભગવાન પોતે તર્યા અને આપણને તરવાનો ઉપદેશ આપી ગયા છે. જેમ એક દીપકમાંથી બીજો દીપક પ્રગટે તે રીતે આપણે જ્ઞાનરૂપી દીપકને સતત પ્રજ્વલિત રાખી આપણું કલ્યાણ સાધવાનું છે.

### ❑ શ્રી ઉપેન્દ્રભાઇ વોરાનું સન્માન :

શ્રી આર્યરક્ષિતસૂરિજી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠમાં વર્ષો સુધી સેવા આપનારા સંસ્કૃતના વિદ્વાન અધ્યાપક **શ્રી ઉપેન્દ્રરાય નાનાલાલ વોરાનું** આ પ્રસંગે રૂ. ૧૧૦૧/-ની થેલી, ચાંદીનું શ્રીફળ, પ્રશસ્તી પત્ર, શાલ અને સુખડની માળા દ્વારા શ્રી નવીનચંદ્ર શાસ્ત્રીના વરદ્ હસ્તે બહુમાન કરાયું હતું.

### ❑ પ્રથમ બેઠક :

રવિવાર તા. ૨૦મી માર્ચ, ૧૯૯૪ના રોજ બપોરના ત્રણ વાગે ઉપાશ્રય ખંડમાં **ડૉ. રમણલાલ ચી. શાહના** અધ્યક્ષસ્થાને બારમા જૈન સાહિત્ય સમારોહની પહેલી બેઠકનો પ્રારંભ થયો હતો. આ બેઠકમાં નીચેના વિદ્વાનોએ પોતાના અભ્યાસલેખો રજૂ કર્યા હતા.

### ❑ જ્ઞાનયોગનો મહિમા :

પૂ. સાધ્વીશ્રી **મોક્ષગુણાશ્રીજીએ** આ વિષય પર વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે પરમપદને પામવા માટે આપણાં શાસ્ત્રમાં ત્રણ યોગ બતાવ્યા છે તે છે જ્ઞાનયોગ, તપયોગ અને ભક્તિયોગ. આ ત્રણે યોગમાંથી જ્ઞાનયોગનો જૈનધર્મમાં ભારે મહિમા છે. જ્ઞાનયોગથી અનંત કર્મની નિર્જરા થઇ શકે. જ્ઞાનયોગ કઠિન જરૂર છે, પણ અશક્ય નથી. મરજીવા જેમ મોતી લેવા સમુદ્રમાં ઊંડે ઉતરતા જાય તેમ જીવાત્મા આત્મચિંતનમાં ઊંડો ઉતરતો જાય તેમ તેને જ્ઞાનયોગની પ્રાપ્તિ સહજ થાય.

### ❑ લજ્જા - શ્રાવક જીવનની લક્ષ્મણરેખા :

**પ્રા. મલૂકચંદ્ર ર. શાહે** આ વિષય પર બોલતાં કહ્યું હતું કે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં માર્ગાનુસારી શ્રાવક જીવનમાં ધર્મઆરાધના માટે જે ૩૫ બોલ કહ્યા છે તેમાં લજ્જાગુણનો પણ સમાવેશ થાય છે. દશવૈકાલિક સૂત્રમાં આત્મકલ્યાણ માટે લજ્જા, દયા, સંયમ અને બ્રહ્મચર્યને સાધનરૂપ ગણાવ્યા છે. પશુ અને માનવમાં આહાર, નિદ્રા, ભય અને મૈથુન સમાન રૂપે છે પરંતુ મનુષ્યજીવનમાં ધર્મ અને તેમાંથી નિષ્પન્ન થતાં વિવેક, મર્યાદા, લજ્જાના કારણે મનુષ્ય પશુથી જુદો પડી જાય છે. મનુષ્ય જીવનમાં લજ્જાના આચારમાં સંસ્કાર અને લોકનિંદાનો ભય એ બંને કામ કરતાં હોય છે.

### ❑ શ્રી વિજયાનંદસૂરિ મહારાજ :

**શ્રી જયેન્દ્રભાઇ એમ. શાહે** આ વિષય પર વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયમાં આચાર્ય શ્રી વિજયસિંહસૂરિ પછી દોઢસોથી બસો વર્ષના ગાળામાં કોઇ આચાર્ય થયા ન હતા. એવા સમયે પાલિતાણામાં સમસ્ત જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘે શ્રી વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ)ને આચાર્ય પદવી અર્પણ કરી એથી તેમને વિક્રમની વીસમી અને ઇસુની ઓગણીસમી સદીના આદ્ય સંવેગી આચાર્ય અને યુગપુરુષ તરીકે ઓળખવામાં આવે છે. પં. શ્રી સુખલાલજીના મતે આત્મારામજી મહારાજ પ્રખર વિદ્વાન, તત્ત્વ પરીક્ષક અને ક્રાંતિકારી વિભુતી હતા. ડૉ. રમણલાલ ચી. શાહ જણાવે છે કે આત્મારામજી મહારાજ જેવી મહાન પ્રતિભા છેલ્લાં બે સૈકામાં કોઇ થઇ નથી. ગુજરાત, રાજસ્થાન અને પંજાબ ઉપર એમનો પ્રભાવ ઘણો મોટો રહ્યો હતો.

### ❑ ધ્યાનયોગ અને સ્વાનુભૂતિ :

**ડૉ. કોકિલાબહેન શાહે** આ વિષય પર બોલતાં કહ્યું હતું કે જૈનયોગ સાધનામાં ધ્યાનનો ભારે મહિમા છે. વ્રત, નિયમ, તપ, જપ, સ્વાધ્યાય વગેરે ધાર્મિક ક્રિયાઓનું પ્રયોજન વ્યક્તિના વિચાર, વર્તનની અશુદ્ધિઓ દૂર કરી મનને શાંત અને સ્વસ્થ થવામાં સહાયક થવાનું છે. અંતે ધ્યેય છે સમત્વના વિકાસ દ્વારા આત્મજ્ઞાનની પ્રાપ્તિ અર્થાત્

સ્વાનુભૂતિ. વિશ્વના બધા જ મહાપુરુષોએ 'સ્વ'ને ઓળખવા ઉપર ભાર મૂક્યો છે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે-'જબ જાન્યો નિજ રૂપકો, તબ જાન્યો સબ લોક, નહિ જાન્યો નિજ રૂપકો, તબ જાન્યો સબ ફોક'. કબીર કહે છે : આત્મજ્ઞાન વિના જગ જુઠા ! સોક્રેટીસ Know Thyself કહી આત્મજ્ઞાનનું મહત્ત્વ સ્વીકારે છે. યોગ એટલે પોતાની જાતની મૂલાકાત. આત્મશક્તિ જાગૃત કરવા માટે ધ્યાનયોગ સર્વોત્કૃષ્ટ સાધન છે. ધ્યાનયોગ દ્વારા અંતર્મુખ થઇ વિતરાગપદ પ્રાપ્ત કરી શકાય.

## ❑ જૈનધર્મમાં સ્ત્રીઓનું સ્થાન :

**ડૉ. હંસાબહેન શાહે** આ વિષય પર વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે શાસ્ત્ર અને વ્યવહાર એ બંને સ્ત્રી જાતિને આધ્યાત્મિક અને શારીરિક વિકાસમાં પુરુષજાતિની સમાન સિધ્દ કરે છે. ભગવાન મહાવીરે સ્ત્રીને પુરુષ સમાન ગણીને ચતુર્વિધ સંઘમાં સાધ્વી અને શ્રાવિકાને સ્થાન આપીને મહિલાઓનું ગૌરવ વધાર્યું છે. ભગવાન મહાવીરના સમયમાં ચંદનબાળા, મૃગાવતી, સુલસા વગેરે મહિલાઓનાં જ્વલંત ઉદાહરણ છે. અઢી હજાર વર્ષનાં ઇતિહાસમાં અનેક મહિલાઓના ઉત્તમ દ્રષ્ટાંત જોવા મળે છે. પરંતુ અફસોસની વાત એ છે કે વ્યવહારમાં ઘણીવાર સાધુ ભગવંતો દ્વારા મહિલાઓનો અનાદર થાય છે, તેમને નીચું સ્થાન આપવામાં આવે છે.

## ❑ કવિ સહજસુંદરની એક અપ્રકટ રચના :

**પ્રા. કાંતિલાલ બી. શાહે** આ વિષય પર બોલતાં કહ્યું હતું કે જૈન સાધુ કવિ સહજસુંદર ઉપદેશગચ્છના સિધ્દસૂરિ-ધનસારની પરંપરામાં રત્નસમુદ્ર ઉપાધ્યાયના શિષ્ય. તેમની ગુણરત્નાકર છંદકૃતિનો મુખ્ય વિષય જૈન સંપ્રદાયમાં ખૂબ જાણીતા એવા સ્થૂલિભદ્ર-કોશાના કથાનકનો છે. આખી રચના કુલ ચાર અધિકારોમાં વહેંચાયેલી છે. આ કૃતિ કુલ ૪૧૯ કડી ધરાવે છે. આખી કૃતિ વાચતા એક કથાત્મક કાવ્યકૃતિ તરીકે જે પાંચેક મુદ્દાઓ પરત્વે આપણું લક્ષ દોરાય છે તે છે: (૧) આ કૃતિમાં વાર્તાકથન કવિનું ગૌણ પ્રયોજન રહ્યું છે. (૨) અહીં કથન કરતાં ભાવનિરૂપણ અને વર્ણન વિશેષ ધ્યાન ખેંચે છે (૩) કૃતિના બહિરંગની પણ કવિએ સવિશેષ માવજત કરી છે (૪) ચારણી છટાવાળા વિવિધ છંદોને કવિએ ખૂબ લાડ લડાવીને એમાંથી ભરપૂર સંગીત ઊભું કર્યું છે. (૫) કવિના પાંડિત્ય અને બહુશ્રુતતા અહીં પ્રગટ થાય છે.

## ❑ અન્ય વક્તવ્યો :

પ્રથમ બેઠકમાં ઉપરોક્ત નિબંધોની રજૂઆત ઉપરાંત (૧) પૂ. મુનિશ્રી નવરત્નસાગરજીએ 'ધ્યાનયોગ' અને (૨) પૂ. સાધ્વીશ્રી કલ્પગુણાશ્રીજીએ 'શ્રુતજ્ઞાનનો મહિમા' એ વિષય પર મનનીય વક્તવ્યો રજૂ કર્યા હતા.

## ❑ દ્વિતીય બેઠક :

રવિવાર, તા. ૨૦મી માર્ચ, ૧૯૯૪ના રાત્રીના આઠ વાગે યાત્રિક ગૃહમાં જૈન સાહિત્ય સમારોહની બીજી બેઠક મળી હતી. જેમાં નીચેના વિદ્વાનોએ પોતાના નિબંધો રજૂ કર્યા હતા.

## ❑ સત્‌ધર્મ સંશોધન :

**શ્રી ગોવિંદજી જીવરાજ લોડાયાએ** આ વિષય પર વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે ધર્મની ઇમારત સત્યના પાયા પર નિર્ભર હોય છે. આ પાયાના (૧) દર્શન (૨) અધ્યાત્મવિદ્યા (૩) આચારસંહિતા અને (૪) પરંપરા એ ચાર મુખ્ય અંગ છે. આ ચતુર્વિધ પરિપ્રેક્ષ્યમાં કોઇ પણ ધર્મનું મૂળ સ્વરૂપ જાણમાં આવી શકે. આ સ્વરૂપ સમજવાની મનસ્થિતિ પણ સત્ય વડે જ સર્જાઇ શકે. સત્ય અને સત્‌ધર્મ એટલા ગાઢપણે સંલગ્ન છે કે ધર્મ ક્યાંથી શરૂ થાય છે અને સત્ય ક્યાંથી પ્રવિષ્ટ થાય છે તે કળવું કઠિન છે. ધર્મના બીજરૂપ પરમાત્મ તત્ત્વ જે આધ્યાત્મિક વિદ્યાના ફળ સ્વરૂપે સંપ્રાપ્ત થઇ શકે તેનું નિર્દેશન કરતાં મહાત્મા ગાંધીજીએ લખ્યું હતું કે Truth is God-સત્ય એ જ ઇશ્વર છે. એક બીજા સંદર્ભમાં પ્રેમ એ જ પરમાત્મ તત્ત્વ છે એવું પણ કહેવાયું છે.

## ❑ સંથારો-એક અભિગમ :

**પ્રા. અરુણ જોશીએ** આ વિષય પર બોલતાં કહ્યું હતું કે આત્મા જ્યારે દેહનો ત્યાગ કરે છે ત્યારે મરણ થાય છે. પ્રત્યેક દેહધારી માટે મરણ આવશ્યક છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં મરણના બે પ્રકારો નિર્દિષ્ટ છે. જેમકે અજ્ઞાની જીવોનું અકાળ મરણ વારંવાર થાય છે. પરંતુ પંડિત પુરુષોનું સકાળ મરણ એક જ વાર થાય છે. અને તે ઉત્કૃષ્ટ છે. સંથારોનો સંબંધ અજ્ઞાનીઓના અકાળમરણ સાથે નથી. વ્યુત્પત્તિની દ્રષ્ટિએ તપાસીએ તો સંથારો શબ્દ 'સંસ્તારક' શબ્દમાંથી નીકળે છે. તૃણ-શય્યાને સંસ્તારક અથવા સંથારો કહે છે. અને સંથારોનો સંબંધ પંડિતો સાથે છે. આગામી સમયને ઓળખીને પંડિત સ્વયં પોતાનો મૃત્યુકાળ નિશ્ચિત કરે છે. અને આ પ્રક્રિયાને કાર્યાન્વિત કરવા માટે તૃણ-શય્યા બિછાવીને આહારાદિનો ત્યાગ કરી આત્મધ્યાનમાં રત થઇ દેહત્યાગ કરે છે, આ પ્રક્રિયાને સંથારો કર્યો કહેવાય છે.

## ❑ જૈનધર્મના વિશિષ્ટ સિધ્દાંતો :

**પ્રા. ઉત્પલા કાંતિલાલ મોદીએ** આ વિષય પર વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે જૈનદર્શન એ અનેકાન્તદર્શન છે. આત્મા સાધક છે. સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ સાધન છે. મોક્ષ એ તેનું સાધ્ય છે. મોક્ષ એટલે આત્માના સંપૂર્ણ ગુણોની પરિપૂર્ણતા. બંધનોથી સર્વથા છૂટવું તેનું નામ મોક્ષ. જેટલા બંધનો વધારે તેટલો સંસાર વધારે. આત્મા પોતે જ કર્મનો કર્તા છે અને પોતે જ સુખદુ:ખનો ભોક્તા છે. બીજો કરે ને તમે ભોગવો અને તમે કરો ને બીજો ભોગવે એ સુઘટિત નથી અને તેથી જ આ વિશ્વ ઇશ્વર કે કોઇએ બનાવ્યું નથી કે ઇશ્વર તેનો પ્રેરક નથી. કારણ કે રાગ દ્વેષથી રહિત થયેલા સિધ્દ આત્માને સંસારનો સંબંધ રહેવા પામતો નથી.

## ❑ જૈનતીર્થ તારંગા - એક પ્રાચીન નગરી :

**ડૉ. કનુભાઇ શેઠે** આ વિષય પર બોલતા કહ્યું હતું કે તારંગા પર્વત પર બારમી સદીનું અજિતનાથ ભગવાનનું પ્રાચીન દહેરાસર દર્શનીય છે. તારંગા તીર્થની માહિતી 'રાસમાળા'માંથી પ્રાપ્ત થાય છે. રાસમાળામાં જણાવ્યું છે કે અહીં કેટલાક નવા નાના દહેરાસરો છે. સ્વચ્છ જળાશયો છે. પર્વત પર દેવી તારંગાનું મંદિર છે. તેથી તેનું નામ તારંગા પડ્યું છે. તે વેણી વત્સરાજના સમયનું છે. સંભવ છે કે આ સ્થળે કુમારપાળે બંધાવેલ અજિતનાથના દહેરાસર પૂર્વે પણ કોઇ દહેરાસર હોય. આ સ્થળની ચારે તરફ જંગલો છે અને ભોમિયા વિના ત્યાં જવું મુશ્કેલ છે. અહીં પહોંચવાના બે માર્ગો છે. ઇડરની માફક અહીં નાનો દુર્ગ છે. આ પર્વતની ખીણમાં અજિતનાથ ભગવાનનું દહેરાસર છે. તેની આજુબાજુના ત્રણ શિખરો પર નાની છત્રીઓ છે. જે ભોમિયાનું સ્થાન છે. તારંગા નગરના રક્ષણ માટે દુર્ગ બાંધેલો છે. જ્યાં ભેખડો સીધી અને ચઢાણ અશક્ય છે. તેવા સ્થળોને બાદ કરતા બીજા ભાગો પર સ્થાનિક ગ્રેનાઇટ પથ્થરની ભીંતો બાંધી છે. આ દુર્ગને પૂર્વ અને પશ્ચિમ દિશાના દરવાજા છે. તેમાં પૂર્વના દરવાજાની રચના સુલતાન યુગની કમાનવાળી છે. તથા દરરવાજા પરની ભીત પર શિખરના ભાગો, ચક્રેશ્વરી, તીર્થંકર આદિ શિલ્પો દેખાય તે રીતે જડી દીધેલા છે.

### ❑ સમકીતના સડસઠ બોલ :

**શ્રી ઉષાબહેન મહેતાએ** આ વિષય પર વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે વ્યવહાર સમકિતનું પાલન કરવા માટે સડસઠ ભેદોનું જ્ઞાન આવશ્યક છે. ચાર સદ્દહણા, ત્રણ લિંગ, દશ પ્રકારનો વિનય, ત્રણ પ્રકારની શુદ્ધિ, પાંચ દુષણોનો ત્યાગ, આઠ પ્રભાવકો, પાંચ લક્ષણો, પાંચ ભૂષણો, છ જયણાં, છ આગારો, છ ભાવનાઓ અને છ સ્થાનકો એમ સડસઠ ભેદોથી યુક્ત હોય તે સમ્યક્ત્વ શુદ્ધ કહેવાય. સમકીત પામેલો જીવ સમકિત સાચવવા સડસઠ બોલની આરાધના કરતો હોય છે. નિશ્ચયથી સમકિતની આરાધના, મોહનીય કર્મની સાત પ્રકૃતિઓ, અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ તથા મિથ્યાત્વ, મોહનીય, મિશ્ર મોહનીય અને સમકિત મોહનીય આ સાત પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય હોવો જોઇએ, તે જ સાચી આરાધના છે.

### ❑ લોચન-કાજલ સંવાદ :

**ડૉ. કીર્તિદા જોશીએ** આ વિષય પર બોલતા કહ્યું હતું કે લોચન-કાજલ સંવાદ કવિ જયવંતસૂરિની રચના છે. જયવંતસૂરિ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ગણનાપાત્ર કવિઓમાંના એક છે. તેમની કવિત્વશક્તિ અસાધારણ છે. તેઓ વડતપગચ્છની રત્નાકર શાખાના સાધુ હતા. કવિની જીવન ઘટનાઓના સમય નિર્દેશો મળતા નથી. તેમની કૃતિઓમાં મળતા સમયને આધારે તેમનો કવનકાળ સોળમી સદીનો મધ્યભાગ અને ઉત્તરાર્ધ નિશ્ચિત થાય છે. લોચન-કાજલ સંવાદ જયવંતસૂરિની બે ઢાળ અને ૨૯ કડીની રચના છે. આ કૃતિ ટૂંકી છે પરંતુ કથનના ચાતુર્ય અને સ્નેહભાવના વિલક્ષણ નિરૂપણની દૃષ્ટિએ આકર્ષક છે. આમ તો 'સમાન રૂપ ગુણ વ્યસનેષુ મૈત્રી' એમ કહેવાય છે. પણ નિર્ગુણ સાથે પણ સંબંધ હોય શકે એ વિશિષ્ટ વિચાર આ નાનકડી કૃતિનું આકર્ષણ છે. આ લઘુકૃતિ તેના કથનના ચાતુર્ય વિષયની રજૂઆતની વિલક્ષણતા, ઉત્તમ દૃષ્ટાંત કલા અને પરંપરા કરતાં નવા વિષયની પસંદગીને કારણે ધ્યાનપાત્ર બની રહે છે.

અન્ય નિબંધો : દ્વિતીય બેઠકમાં ઉપરોકત નિબંધોની રજૂઆત ઉપરાંત (૧) ડૉ. ધવલ ગાલાએ Cosmic Universel Without Beginning and Without End એ વિષય પર, (૨) શ્રી પ્રકાશ પી. વોરા એ 'જિનેશ્વર પરમાત્માનું વિજ્ઞાન' એ વિષય પર એને (૩) શ્રી હસમુખ શાંતિલાલ શાહે 'અહિંસા પાલનમાં જૈન સાહિત્યનું યોગદાન' એ વિષય પર નિબંધ વાંચન કર્યું હતું.

### ❑ તૃતીય બેઠક :

સોમવાર, તા. ૨૧મી માર્ચ, ૧૯૯૪ના રોજ સવારના, સાડા નવ વાગે ઉપાશ્રય ખંડમાં તૃતીય અને અંતીમ બેઠક મળી હતી જેમાં નીચેના વિદ્વાનો એ પોતાના નિબંધો રજૂ કર્યા હતા.

### ❑ અવધિજ્ઞાન :

**ડૉ. રમણલાલ ચીમનલાલ શાહે** આ વિષય પર વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે જૈનધર્મમાં જ્ઞાનના મુખ્ય પાંચ પ્રકાર બતાવ્યા છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન. જીવ ચાર પ્રકારના ઘાતિકર્મનો સર્વથા ક્ષય કરે ત્યારે તેને કેવળજ્ઞાન પ્રગટ થાય છે, જે મુક્તિ અપાવે છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપક્ષમ અનુસાર જીવને મતિ, શ્રુત, અવધિ અને મન:પર્યવ જ્ઞાન થાય છે. અવધિ એટલે મર્યાદા. સ્થળ અને કાળની અમુક મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોને આત્મ પ્રત્યક્ષ કરવાની શક્તિ તે અવધિજ્ઞાન છે. આંખ અને મનની સહાય વગર કેવળ આત્મભાવે રૂપીપદાર્થને જોવા જાણવા તે અવધિજ્ઞાન છે. અવધિજ્ઞાન બે પ્રકારના છે : ભવ પ્રત્યયિક અને ગુણ પ્રત્યયિક. દેવો અને નરકગતિના જીવોને અવધિજ્ઞાન જન્મની સાથે થાય છે. મનુષ્ય અને તીર્યંચને અવધિજ્ઞાન ગુણવિકાસ દ્વારા થાય છે. તીર્થંકર ભગવાનને અવધિજ્ઞાન જન્મથી થાય છે. અનુગામી, અનનુગામી, વર્ધમાન, હિયમાન, પ્રતિપાતિ અને અપ્રતિપાતિ એવા પ્રકારો પણ અવધિ જ્ઞાનમાં બતાવવામાં આવે છે. અવધિજ્ઞાની જીવ વર્તમાન સમય ઉપરાંત ભૂતકાળ અને ભવિષ્યકાળમાં પણ પોતાની સ્થળ કાળની મર્યાદા અનુસાર રૂપી પદાર્થોને જોઇ શકે છે. અવધિજ્ઞાન સમકિતી જીવને તથા મિથ્યાત્વીને પણ હોઇ શકે છે. મિથ્યાત્વીના અવધિજ્ઞાનને વિભંગ જ્ઞાન કહેવામાં આવે છે. કારણ કે તે મલિન પ્રકારનું હોય છે. મન:પર્યવજ્ઞાન, અવધિજ્ઞાન કરતા ચઢિયાતું છે. કારણ કે તે ફક્ત સમકિતી જીવોને જ થઇ શકે છે. વર્તમાન સમયમાં ટી. વી. અને વિડિયોની શોધ થઇ છે જે અવધિજ્ઞાનનો કંઇક અણસાર આપે છે, પરંતુ તે પૂર્ણ નથી. કારણ કે ટી. વી. અને વિડિયો ભવિષ્યકાળની ઘટનાને ક્યારેય બતાવી નહિ શકે. વળી તેના દૃશ્યો બે પરિમાણમાં છે. અવધિજ્ઞાનમાં જીવંત દૃશ્યની જેમ ત્રણ પરિમાણ હોય છે. અવધિજ્ઞાન અને મન:પર્ય જ્ઞાન એક પ્રકારની લબ્ધિ છે. મોક્ષમાર્ગની આરાધનામાં તે અનિવાર્ય નથી. જે મહાત્માઓએ અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન પ્રાપ્ત કર્યા વિના સીધું કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય એવા કેટલાય ઉદાહરણો જોવા મળે છે.

### ❑ ગુણોપાસના :

**પ્રા. તારાબહેન રમણલાલ શાહે** આ વિષય પર બોલતાં કહ્યું હતું કે જૈનધર્મમાં ગુણોપાસનાનું ઘણું મહત્ત્વ છે. માનવભવ એ ગુણપ્રાપ્ત કરવાનો અમૂલ્ય અવસર છે. ગુણ અનંત છે, દોષો પણ અનંત છે. દોષો દૂર કરી ગુણ પ્રાપ્ત કરવા એ પરમ પુરુષાર્થ છે. ક્યાં ગુણો પામવા ? પરંપરાથી જે ઉત્તમ મનાયા છે, જે સ્વપર કલ્યાણકારી છે, સંતો અને પ્રજ્ઞાવાન પુરુષો જેની પ્રસંશા કરતા થાકતાં નથી તે ગુણો. જૈનધર્મ પ્રમાણે શુભલક્ષણ તે ગુણ છે. અશુભ લક્ષણ તે દોષ છે. પંચમહાવ્રત તે ગુણ છે. બાકીના વ્રતો તે ઉત્તરગુણ અથવા મૂળગુણને પોષક ગુણ છે. ગુણ પ્રાપ્તિના ઉપાયો અનેક છે. તેમાં મુખ્યત્વે પ્રભુદર્શન, પ્રભુ સ્તવન, પ્રભુ ભક્તિ છે એ ઉપરાંત શાસ્ત્રવાંચન, ચિંતન, મનન, સંતસમાગમ, સદ્‌ગુરૂ શરણ, મહાન વ્યક્તિના ચરિત્રનું વાચન, કડક આત્મપરીક્ષણ અને પ્રકૃતિ નિરીક્ષણને ગણાવી શકાય.

### ❑ સમ્યગ્જ્ઞાન ઔર તર્ક :

**શ્રી જોહરીમલ પારેખે** આ વિષય પર વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે તર્કથી ધર્મને સિદ્ધ કરવો, પરિપુષ્ટ કરવો વ્યર્થ છે. પરભાવમાંથી સ્વભાવમાં પહોંચવું એનું નામ જ ધર્મ છે. સ્વભાવના અભાવમાં તર્કના માધ્યમથી જ્ઞાન પ્રાપ્તિની આશા નિષ્ફળ છે. સ્વભાવ કોઇ દિવસ તર્ક પ્રતિષ્ઠિત નહિ થાય. તર્કથી અપરિપક્વ લોકોની શ્રદ્ધા ડામાડોળ થવાની શક્યતા છે.

### ❑ ભક્તામર સ્તોત્ર - પાઠ અને પઠન :

**પ્રા. જયંતભાઇ કોઠારીએ** આ વિષય પર બોલતા કહ્યું હતું કે ભક્તામર સ્તોત્ર એ સુંદર ભક્તિ રચના જ નહિ સરસ કાવ્યકૃતિ પણ છે. આ રચના સંસ્કૃત ભાષામાં છે. તેમાં કેટલાક કઠિન શબ્દો આવે છે. ભક્તામર સ્તોત્ર જૈનોમાં ઘણું પ્રચલિત છે. એથી એની ઘણી પુસ્તિકાઓ છપાય છે. અને કેટલીક કેસેટો પણ ઉતરી છે. આવી પુસ્તિકાઓ શુદ્ધ છપાય અને કેસેટોમાં તદ્દન શુદ્ધ ઉચ્ચારણ થાય એ જરૂરી છે. કેટલીક નામાંકિત વ્યક્તિઓની કેસેટોમાં પણ અશુદ્ધ ઉચ્ચારણ સાંભળવા મળે છે એથી ઉદ્વેગ થાય છે.

### ❑ તમિળના સંત કવયિત્રી - અવ્વઇયાર :

**શ્રી નેમચંદ એમ. ગાલાએ** આ વિષય પર વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે દ્રાવિડ પરિવારની તમિળભાષા ભારતની પ્રાચીનતમ

ભાષાઓમાં એક છે. જૈન પરંપરા અને જૈન સાહિત્યની સાથોસાથ તમિલ સાહિત્યનો વિકાસ થયો છે. જૈન કવિઓ, સંતો અને વિદ્વાનોએ તમિલ સાહિત્યના ઉત્થાન અને ઉત્કર્ષમાં નોંધાવેલો ફાળો અનન્ય, અમૂલ્ય છે. સદીઓ સુધી જૈન અનુગમના પ્રભાવથી સંત અને ભક્ત નારીઓની દીર્ઘ પરંપરા વિકસી, જેમાં સૌથી લોકપ્રિય હતા પ્રથમ સદીનાં સંત અને ભક્ત કવયિત્રી અવ્વઈયાર. તેઓ જૈન હતા. અને એક માન્યતા અનુસાર સંત તિરુવલ્લુવરનાં બહેન હતા. એમનામાં વૈરાગ્યદશા અને કવિત્વશક્તિ જન્મસિદ્ધ હતી. કોઈ પણ દૃશ્ય કે ઘટના જોતાં તેમની કાવ્યસરણી વહેવા લાગતી. અવ્વઈયાર અત્યંત રૂપાળા હતા. પંદર વર્ષે લગ્ન નક્કી થયાં. એમની કોઈ ઇચ્છા ન હતી. જાન માંડવે આવી ઊભી. અવ્વઈયાર ત્યાંથી સરકી ગણેશજીના મંદિરમાં પહોંચી પ્રાર્થના કરી કે મારા રૂપને, મારા યૌવનને પાછું લઈ લ્યો અને ક્ષણ માત્રમાં અવ્વઈયાર ઘરડાં ડોશી થઈ ગયા ! પાછા આવી પરિવ્રાજક બની ભિક્ષા માગી નિર્વાહ કરતાં. રાજવીઓ એમને ખૂબ સન્માન આપતા. એમની રચનાઓ આજે પણ પાઠ્યક્રમમાં છે . ઘેર ઘેર એમની રચનાઓ આજે ગવાય છે. પ્રમાણભાન, સંયમ, શિસ્ત, દાનધર્મ, ગૃહસ્થધર્મ, વિદ્યા, કષાય, નમ્રતા, રાજાની ફરજો, અનાસક્તિ, ત્યાગ વગેરે અનેક વિષયો પર એમની રચનાઓ મળે છે.

### ❑ ઉપાધ્યાય યશોવિજયજીનાં કેટલાક પદો :

**ડૉ. કલાબહેન શાહે** આ વિષય પર બોલતાં કહ્યું હતું કે સત્તરમાં સૈકામાં થયેલા ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ જૈન ધર્મના પ્રકાંડ વિદ્વાન હતા. એકસોથી વધારે ગ્રંથોનું તેમણે સર્જન કર્યું હતું. સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ભાષામાં તેમની કૃતિઓ વિદ્વદ્‌ભોગ્ય છે. તેમના સ્તવન-પદોનું સાહિત્ય પણ એટલું જ ઉત્કૃષ્ટ છે. એમના પદો સામાન્ય જિનસ્તવન સ્વરૂપે, વિશિષ્ટ જિનસ્તવન સ્વરૂપે, ગીતરૂપે, આધ્યાત્મિક રૂપે, નવનિધાન નવ સ્તવનો રૂપે અને ગૌતમ પ્રભાતી સ્તવન રૂપે રચાયા છે. ધ્યેય અને ધ્યાતાની એકતા થતાં ભેદ મટી જાય છે. કવિએ તેથી જ ગાયું છે 'ધ્યાતા ધ્યેય ભયે દોઉ એક ટું, મિટ્યો ભેદકી ભાગ, કુલવિદારી છરે જનસરિતા, તબ નહિ તડાગ.' પગે ચાલનાર પગરખાં પહેરે તો તેને કાંટા ન વાગે તે વાત કેવી સરસ રજૂ કરાઈ છે: 'પાઉ ચલત પનહી જો પહિરે, નહી તસ કંટક લાગ'. ઉપા. યશોવિજયજીની પદરચનાઓ ભક્તહૃદયના સાધનાકાળમાં ઉદભવતા વિવિધભાવોને ઉત્કૃષ્ટ રીતે રજૂ કરે છે અને તેથી જ તેમની પદરચનાઓ જીવંત લાગે છે.

### ❑ સુકડી-ઓરસીયા સંવાદ રાસ :

**ડૉ. દેવબાળા સંઘવીએ** આ વિષય પર પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંવાદાત્મક કૃતિઓની પરંપરાનુસાર સુકડી અને ઓરસિયાના સંવાદની આ રાસકૃતિ સં. ૧૭૮૩માં ભાવપ્રભસૂરિએ રચેલી છે. આ કૃતિ ૧૬ ઢાળમાં, ૩૫૪ કડીમાં અને ૭૬૪ પંક્તિઓમાં રચાયેલી સુદીર્ઘ સંવાદકૃતિ છે. સુખડની લાકડી અને ઓરસીયા વચ્ચે આ કૃતિમાં રજૂ થયેલો સંવાદ કવિની ફળદ્રુપ કલ્પનાશક્તિ, ઊંડી વિચારશક્તિ અને તીક્ષ્ણ તર્ક શક્તિનો પરિચય કરાવે છે. શત્રુંજય તીર્થ પર જિનપ્રભુની અંગપૂજા માટે ઓરસીયા પર સુખડ ઘસવા જતાં એ બે વચ્ચેના સંભાષણને આલેખતી આ કૃતિમાં કવિએ નીતિબોધ ઉપદેશની સુંદર ગુંથણી કરી છે.

### ❑ અન્ય અભ્યાસ લેખો :

સાહિત્ય સમારોહની આ તૃતીય અને અંતીમ બેઠકમાં ઉપરોક્ત નિબંધોની રજૂઆત ઉપરાંત અન્ય વિદ્વાનો અને અભ્યાસીઓએ પણ વિવિધ વિષયો પર અભ્યાસ લેખો રજૂ કર્યા હતા, જેની વિગત આ પ્રમાણે છે : (૧) શ્રી ચીમનલાલ એમ. શાહ-'કલાધર'-ગુજરાતી જૈન પત્રકારત્વ : દિશા અને વિકાસ (૨) ડૉ. બળવંત જાની-ખેમા હડાળિયાનો રાસ (૩) ડૉ. શિલ્પા ગાલા-પાંચ સમવાય અને (૪) શ્રી સુદર્શના કોઠારી-છ આવશ્યક.

બારમા જૈન સાહિત્ય સમારોહ માટે બીજા કેટલાક નિબંધો આવ્યા હતા જેમાંના આ મુજબના મુખ્ય છે. (૧) પૂ. મુનિશ્રી નવીનચંદ્રવિજયજી (પાલિતાણા) શ્રીમદ વિજયાનંદસૂરિ મહારાજ ઔર ઉનકા સાહિત્ય-એક અધ્યયન (૨) શ્રી ભંવરલાલ નાહટા (કલકત્તા)-ભારંડ પક્ષી (૩) ડૉ. પ્રિયબાળા શાહ (અમદાવાદ)-જૈન મૂર્તિપૂજાની પ્રાચીનતા અને ભદ્રેશ્વરનું જૈન મંદિર (૪) ડૉ. કવિન શાહ (બિલિમોરા)-આત્મારામજી મહારાજનું પૂજા સાહિત્ય (૫) પં. છબીલદાસ કેશરીચંદ સંઘવી (સૂરત) દોઢસો વર્ષ પહેલાનું એક ઐતિહાસિક કથાનક અને શાસ્ત્રીય પાઠોની મહત્તા સમજાવતો એક મનનીય વ્યવહારું પ્રસંગ (૬) ડૉ. આર. પી. મહેતા (ગાંધીનગર)-મુદ્રિત કુમુદચંદ્ર પ્રકરણ (૭) પ્રા. ચેતના બી. શાહ (રાજકોટ)-મેરુવિજય કૃત વસ્તુપાલ તેજપાલનો રાસ-એક અધ્યયન (૮) શ્રી નગીનદાસ વાવડીકર (મુંબઈ)-સુધર્માસ્વામી (૯) ડૉ. મનહરભાઈ સી. શાહ (અમદાવાદ)-બારવ્રતધારી શ્રાવકના લક્ષણો (૧૦) ડૉ. સુરેશ ઝવેરી (અમદાવાદ)-સમયની માંગ-રામબાણ ઇલાજ

### ❑ અભિવાદન :

જૈન સાહિત્ય સમારોહના સંયોજક **ડૉ. રમણલાલ ચી. શાહનું**, જિનાગમ ટ્રસ્ટના ચેરમેન **શ્રી વસનજી લખમશી શાહનું**, સાહિત્યની ત્રણે બેઠકોનું સંચાલન કરનાર **શ્રી ચીમનલાલ કલાધરનું**, કવિ સંમેલન અને ઉદ્‌ઘાટન બેઠકનું સંચાલન કરનાર **શ્રી કલ્યાણજી સાવલા**-'ઉર્મિલ'નું અને યાત્રા પ્રવાસનું આયોજન અને વ્યવસ્થા સંભાળનાર **શ્રી શાંતિલાલ ગડાનું** આ પ્રસંગે અભિવાદન કરવામાં આવ્યું હતું.

### ❑ સંચાલન અને આભારદર્શન :

કવિ સંમેલન અને ઉદ્‌ઘાટન બેઠકનું સંચાલન **શ્રી કલ્યાણજી સાવલા**-'ઉર્મિલે' કર્યું હતું. જૈન સાહિત્ય સમારોહની ત્રણે બેઠકોનું સંચાલન **શ્રી ચીમનલાલ કલાધરે** કર્યું હતું. શ્રી મહાવીર જૈન વિદ્યાલય જિનાગમ ટ્રસ્ટ તરફથી **શ્રી વસનજી લખમશી શાહે** આભારવિધિ કરી હતી.

### ❑ કવિ સંમેલન :

તા. ૧૯મી માર્ચ, ૧૯૯૪ના જૈન સાહિત્ય સમારોહની પૂર્વ સંધ્યાએ શ્રી કલ્યાણજી સાવલા-'ઉર્મિલના' કુશળ સંચાલન હેઠળ કવિ સંમેલન યોજાયું હતું. જેમાં કચ્છના અને મુંબઈના કવિઓ સર્વશ્રી આનંદ શર્મા, ચીમનલાલ કલાધર, દાઉદ ટાના, જયેન્દ્ર શાહ, રજનીકાંત ચાડ-'આનંદ', ગોવિંદજી લોડાયા-'ગિરિશ', વ્રજ ખત્રી 'ગજકંધ', રસિક મામતોરા, જયંત સચદે, પ્રકાશ વોરા અને કલ્યાણજી સાવલા-'ઉર્મિલે' સ્વરચિત કાવ્યો, ગીતો, ગઝલો રજૂ કરીને ઉપસ્થિત શ્રોતાજનોને પ્રભાવિત કર્યા હતા.

### ❑ તીર્થયાત્રા :

આ સાહિત્ય સમારોહમાં ઉપસ્થિત વિદ્વાન ભાઈ-બહેનોને કચ્છના પ્રાચીન તીર્થ ભદ્રેશ્વર, વાકી, બિદડા, નવાવાસ (દુર્ગાપુર), કોઠારા, સુથરી, જખૌ, નલિયા, તેરા, ભૂજ વગેરે સ્થળોની તીર્થયાત્રા કરાવવામાં આવી હતી.

❑❑❑

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬ મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૫ ● અંક : ૫ ● ● તા. ૧૬-૫-૧૯૯૪ ● ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## लोभाविले आययई अदत्तं ।

### [લોભથી કલુષિત થઇને માણસ ચોરી કરે છે.]

મહાવીર જયંતી નિમિત્તે ચરમ તીર્થંકર ભગવાન મહાવીરનાં વચનોમાંથી ઉપરના વચનનું સ્મરણ-ચિંતન થયું.

ભગવાન મહાવીરે ઉત્તરાધ્યયન સૂત્રના બત્રીસમા અધ્યયનમાં કહ્યું છે :

रुवे अतित्ते य परिग्गहम्मि
सत्तोवसत्तो न ऊवेइ तुट्ठिं ।
अतुट्ठिदोसेण दुही परस्स
लोभाविले आययई अदत्तं ॥ २९ ॥

[મનોજ્ઞ રૂપના પરિગ્રહમાં આસક્ત થયેલો જીવ જ્યારે અતૃપ્ત થાય છે ત્યારે તેની આસક્તિ વધે છે અને તે સંતોષ મેળવી શકતો નથી. ત્યારે અસંતોષના દોષ વડે દુ:ખી થયેલો તે અત્યંત લોભ વડે મલિન થઇને અન્યનું નહિ દીધેલું પણ ગ્રહણ કરે છે. ]

तम्हाभिभूयस्स अदत्तहारिणो
रुवे अतित्तस्स परिग्गहे य ।
मायामुसं वड्ढई लोभदोषा
तत्थावि दुक्खा न विमुच्चई से ॥ ३० ॥

[તૃષ્ણાથી પરાભવ પામેલો માણસ અદત્તને લેવા છતાં તે પરિગ્રહમાં તથા રૂપમાં અતૃપ્ત રહે છે. અદત્તને હરણ કરનારો તે લોભમાં આકર્ષાઇને માયા અને અસત્ય ઇત્યાદિ દોષોને વધારી મૂકે છે છતાં તે દુ:ખથી છૂટી શકતો નથી.]

मोसस्स पच्छा य पुरत्थओ य
पओगकाले य दुही दुरंते ।
ऐवं अदत्ताणि समाययंतो
रूवे अतितो दुहिओ अणिस्सो ॥ ३१ ॥

[જૂઠું બોલતાં પહેલાં, બોલ્યા પછી અને બોલવા કાળે પણ દુષ્ટ હૃદયવાળો તે જીવ દુ:ખી થાય છે. તેમ જ રૂપમાં અતૃપ્ત રહેલો અને અણદીઠેલું ગ્રહણ કરનાર હંમેશાં અસહાય અને દુ:ખથી પીડિત રહે છે.]

ચોરીનો વિષય ઘણો વિશાળ છે અને એના પ્રકારો પણ અનેક છે. ચોરી વિનાનો માનવજાતનો ઇતિહાસ ક્યારેય સંભવી ન શકે. દુનિયામાં બધા જ માણસો ધનવાન, સુખી અને સાધનસંપન્ન હોય તો પણ દુનિયામાંથી ચોરી નિર્મૂળ ન થઇ શકે. કારણ કે અનાદિ કાળના એ સંસ્કાર છે. આ તો સ્થૂલ ચોરીની વાત થઇ. સૂક્ષ્મ, માનસિક ચોરીની તો વળી વાત જ જુદી છે. માણસે તાળાની શોધ કરીને અસંખ્ય લોકોને ચોરીનો ગુનો કરતા અટકાવ્યા છે. માનવજાત ઉપર તાળાનો ઘણો મોટો ઉપકાર છે.

ગરીબી કે બેકારીને કારણે થતી મોટી મોટી ચોરીઓ અને લૂંટફાટનો વિષય એ એક જુદો જ વિષય છે. એ પણ એક મોટું પાપ છે એમ દુનિયાના બધા જ ધર્મો સ્વીકારે છે. એ પ્રકારની ચોરીના વિષયને અહીં સ્પર્શવો નથી. અહીં તો આકર્ષક મનગમતી ચીજવસ્તુઓની ચોરી લોભ કે લાલચને વશ થઇ માણસ જે કરે છે તેની વાત કરવી છે.

જૈન ધર્મમાં ચોરીની વ્યાખ્યા ઘણી ઊંચી ભૂમિકાએ કરવામાં આવી છે. કોઇ ન દેખે એ રીતે છાનામાનાં કોઇની વસ્તુ લઇ લેવી એ ચોરીની સામાન્ય વ્યાખ્યા છે. બીજાઓના દેખતાં, કોઇની ન હોય કે કોઇને કામની ન હોય, એવી વસ્તુ પણ બીજાના રીતસરના આપ્યા વિના (અદત્ત) લેવી તે પણ ચોરી છે. એટલા માટે શબ્દ વપરાય છે અદત્તાદાન. માણસ રસ્તામાં ચાલ્યો જતો હોય અને ત્યાં એક નકામો પથ્થર હોય, પોતે બીજાના દેખતાં જ એ પથ્થર જો લઇ લે તો કોઇને એમાં કશો વાંધો પણ ન હોય. તો પણ એ પથ્થર કોઇએ પોતાને રીતસર આપ્યો ન હોવાથી તે લઇ લેવો એ અદત્તાદાન છે, ચોરી છે. જૈન સાધુ-સાધ્વીઓ માટે તો ભગવાન મહાવીરે ત્યાં સુધી કહ્યું છે કે સાધુ-સાધ્વી રસ્તામાં ચાલ્યાં જતાં હોય, એ વખતે પોતાના દાંતમાં કશુંક ભરાઇ જવાને કારણે ખૂંચ્યા કરતું હોય. તે વખતે પાસેના કોઇ ઝાડની ડાળખીની નાની સળી તોડીને અથવા પડેલી વીણીને દાંત ખોતરવામાં આવે તો દુ:ખાવો તરત મટી જાય એમ હોય, પરંતુ એવી દાંત ખોતરવાની સળી પણ જો કોઇએ આપી ન હોય તો પોતાનાથી તે લેવાય નહિ. એવી રીતે લેનાર સાધુ-સાધ્વીને અદત્તાદાનનો-ચોરીનો દોષ લાગે છે.

હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર'માં એ વિશે સ્પષ્ટતાં કરતાં કહ્યું છે:

पतितं विस्मृतं नष्टं स्थितं स्थापितमाहितम्
अदत्तं नाददीत स्वं परकीयं क्वचित् सुधीः

[પડી ગયેલું, ભૂલાઇ ગયેલું, નષ્ટ થઇ ગયેલું, (અર્થાત્ ચોરાઇ ગયેલું) ઘરમાં રહેલું, ક્યાંક મૂકી રાખેલું એવું પારકું ધન જો અદત્ત હોય તો તે ડાહ્યા માણસે ક્યારેય લેવું નહિ.]

પોતાને નહિ આપેલ વસ્તુ લેવાના દોષની બાબતમાં પણ જૈન ધર્મ વધારે ઉંડાણમાં જાય છે. વસ્તુ કોઇકની હોય અને બીજો કોઇ એને પૂછ્યા-કર્યા વગર તમને આપી દે અને તમને ખબર હોય કે એ વસ્તુ એની નથી, તો તમારાથી એવી રીતે પણ એ ગ્રહણ ન થાય. દત્ત વસ્તુ

પણ યોગ્ય રીતે, અધિકારી વ્યક્તિ દ્વારા દત્ત થતી હોય તો જ તે ગ્રહણ થાય. અદત્ત વસ્તુના પણ મુખ્ય ચાર પ્રકાર પાડવામાં આવ્યા છે. પ્રશ્ન વ્યાકરણમાં કહ્યું છે.

सामी–जीवादत्तं तित्थयरेणं तहेव य गुरूहिं ।
एवमदत्त सरूवं परूवियं आगमधरेहिं ॥

[સ્વામી-અદત્ત, જીવ-અદત્ત, દેવ-અદત્ત તથા ગુરુ-અદત્ત-એમ આગમધર જ્ઞાનીઓએ અદત્તાદાન-ચોરીનાં ચાર સ્વરૂપ બતાવ્યાં છે.]

લોભ અસંતોષમાંથી જન્મે છે. આસક્તિને કારણે માણસની અસંતોષની વૃત્તિ સદૈવ પ્રબળ રહ્યા કરે છે. ભોગોપભોગની વાસનામાંથી આસક્તિ જન્મે છે. મનોહર, આકર્ષક પદાર્થોને જોઇને માણસની ભોગોપભોગની વૃત્તિ સતેજ બને છે. ધરાઇને ભોજન લીધા પછી બહુ જ ભાવતી નવી કોઇક વાનગી મળતી હોય તો માણસ તરત ખાવા લલચાય છે. તૃષ્ણાનો કોઇ અંત નથી. પોતાની તૃષ્ણાને સંતોષવા નીકળેલો માણસ ક્યારે અયોગ્ય, અધાર્મિક આચરણ કરી બેસશે તે કહી શકાય નહિ.

સામાન્ય વપરાશની નાની પણ સુંદર, મનોહર વસ્તુઓ, જે સહેલાઇથી ખિસ્સામાં મૂકી શકાય કે વસ્ત્રમાં સંતાડી શકાય તેવી હોય એવી વસ્તુઓ જલદી ઊપડી જતી હોય છે, ફાઉન્ટન પેન, ચપ્પુ, કાતર, નેઇલ-કટર, પ્રસાધનનાં સાધનો, બૂટ-ચંપલ, છત્રી વગેરેથી માંડીને કિંમતી ઘરેણાં, રત્નો જેવી કેટકેટલી નાની-નાની વસ્તુઓની ચોરી થાય છે. એની યાદ કરીએ તો ઘણી લાંબી થાય. દુકાનદારોના અનુભવની એ વાત છે.

મનોહર ચીજ-વસ્તુઓનું આકર્ષણ મનુષ્યને એટલું બધું હોય છે કે તે મેળવવા માટે તે અનીતિ કરવા માટે લલચાય છે. એમાં પણ દુર્લભ કે અલભ્ય ચીજવસ્તુ હોય અને પોતાને તેની જરૂરિયાત હોય અથવા પોતાના શોખની તે વસ્તુ હોય તો તેનું આકર્ષણ વધી જાય છે. ક્યારેક પોતે ત્યાં ગયા હતા એની યાદગીરી (Souvenir) તરીકે કોઇક વસ્તુ ચોરી લેવાનું મન પણ કેટલાકને થાય છે.

દુનિયાભરની પંચતારક અને બીજી મોંઘી હોટેલોમાં ઊતરનારા શ્રીમંત માણસો કઇ કઇ વસ્તુઓની હોટલમાંથી ચોરી કરી જાય છે તેની ઘણી વાતો તે હોટેલના સંચાલકોને પૂછવાથી જાણવા મળે છે.

કેટલાંક વર્ષ પહેલાં, જેટ વિમાનોની શોધ થયા પછી ન્યૂયોર્કથી લંડન અને લંડનથી ન્યૂયોર્કની પોતાની પહેલી સળંગ-સીધી ફ્લાઇટ ચાલુ કરવા માટે અમેરિકાની એક વિમાની કંપનીએ એ maiden flight માટે જુદા જુદા દેશના પ્રતિષ્ઠિત માણસોને મહેમાન તરીકે મફત સફર કરવા માટે નિમંત્રણ આપેલું. એ સફરમાં દરેક યાત્રિકને આ પહેલી સફરની યાદગીરી તરીકે કેટલીક કિંમતી ભેટો પણ આપેલી. વળી દરેકને ભોજન પણ વિમાન કંપનીના નામવાળી ચાંદીની પ્લેટમાં પીરસવામાં આવ્યું અને છરી- કાંટો અને ચમચા પણ ચાંદીના રાખવામાં આવ્યા હતા. બંને ફ્લાઇટ એક ઉત્સવ જેવી બની રહી હતી. પરંતુ બંને સફરને અંતે ગણતરી કરતાં કંપનીને જણાયું હતું કે મહેમાન-યાત્રિકો ઠીક ઠીક સંખ્યામાં ચાંદીના છરી, કાંટા, ચમચા યાદગીરી તરીકે સંતાડીને ઉપાડી ગયા હતા. કેટલાક તો ચાંદીની પ્લેટ પણ લઇ ગયા હતા.

એક ભાઇને જુદી જુદી જાતની એશ ટ્રેનો સંગ્રહ કરવાનો ભારે શોખ હતો. એટલે તેઓ જ્યારે જ્યારે કોઇ હોટેલમાં જાય અને નવી જાતની એશ ટ્રે જુએ કે તરત એ ત્યાંથી ચૂપચાપ ઉપાડી લાવે. એમને એવી કુટેવ પડી ગઈ હતી. શ્રીમંત માણસોની આવી કુટેવ પણ એવી છે કે તેઓ તેને માટે ગૌરવ લેતાં પણ અચકાતાં નથી. આવા કેટલાક સંગ્રહકારો પોતે કઈ કઈ જગ્યાએથી કઇ કઇ વસ્તુઓ ઉપાડી લાવ્યા છે તેનું બયાન પણ રસિકતાથી ગૌરવભેર કરતા હોય છે. તેઓ માને છે કે પોતે અત્યંત શ્રીમંત હોવાથી પૈસાને ખાતર તો ચોરી કરતા નથી. એટલે ચોરી પોતાની ચતુરાઇ માટે અને પોતાના શોખ માટે કરે છે. અને એમાં કશું ખોટું નથી, બલ્કે ગૌરવ લેવા જેવું છે.

એક ટુચકો છે કે કોઇ એક શ્રીમંત બહેને પોતાના પતિને ફરિયાદ કરતાં કહ્યું 'આપણા આ નવા નોકરને તરત રજા આપી દેવાની જરૂર છે, કારણ કે એણે ચોરી કરી છે.' પતિએ પૂછ્યું 'શાની ચોરી કરી છે?' પત્નીએ કહ્યું, 'આપણા બાથરૂમમાંથી સરસ ટોવેલની ચોરી કરી છે. હોંગકોંગની હિલ્ટન હોટલમાંથી આપણે જે ટોવેલ ઉપાડી લાવ્યા હતા તે એ ચોરી ગયો છે !'

બીજો પણ એક ટુચકો જાણે બનેલી ઘટના તરીકે સાંભળ્યો છે. એક વખત એક હોટલમાં શ્રીમંતોની એક પાર્ટી હતી. ઘણા સારા સારા માણસો ત્યાં એકત્ર થયા હતા. નાચગાનની મહેફીલ પછી સૌ જમવા બેઠા. છેલ્લે આઇસ્ક્રીમ આવ્યો. આઇસ્ક્રીમ ખાવા માટેની ચાંદીની નાની ચમચી નકશીદાર, આકર્ષક હતી. એક મહેમાનને તે ચોરવાનું મન થયું. પોતાને કોઇ જોતું નથી એની ખાતરી કરીને એમણે એ ચમચી પોતાના જમણા પગના બુટમાં એક બાજુ સંતાડી દીધી. પરંતુ થોડે આઘે બેઠેલા એક સજ્જન એ જોઇ ગયા. તેમણે વિચાર કર્યો કે આ વાત જાહેર કરવાથી તે માણસની આબરૂ જશે, પાર્ટી પૂરી થઇ ત્યારે મહેમાનોને એકત્રિત કરીને એમણે કહ્યું, ' સજ્જનો અને સન્નારીઓ ! હું જાદુના ઘણા ખેલ કરું છું. છૂટાં પડતાં પહેલાં મારે તમને એક સરસ જાદું બતાવવો છે.' સૌ આતુર થઇ જોવા લાગ્યા. પછી તેમણે આઇસ્ક્રીમની એક ચમચી મંગાવી. પોતાના હાથમાં રાખીને તે બધાંને બતાવી. પછી તેમણે કહ્યું, 'હવે જુઓ, આ ચમચી હું મારા બુટમાં સંતાડું છું.' એમ કહી બધાંનાં દેખતાં તેમણે ચમચી પોતાના જમણાં પગના બુટમાં સંતાડી દીધી. પછી તેમણે કહ્યું, 'હવે આ ચમચી થોડી ક્ષણમાં જ મારા એક મિત્રના બુટમાં જતી રહેશે.' એમ કહી થોડીક ક્ષણ પછી એમણે પેલા ચમચી ચોરનાર મહેમાન તરફ આંગળી ચીંધી. સૌએ એ તરફ નજર કરી, સૌના આશ્ચર્ય વચ્ચે બુટમાંથી ચમચી નીકળી. બધા ચકિત થઇ ગયા. એ મહેમાનની આબરૂ બચી અને એક પાઠ શીખવા મળ્યો. પેલા ચતુર મહેમાનને જાદુની ફી તરીકે ચાંદીની ચમચી મળી.

દુનિયાભરમાં પ્રાચીન ચીજ વસ્તુઓનો સંગ્રહ કરનારાઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે. એવા કેટલાક સંગ્રહકારો પોતાનો શોખ સંતોષવા માટે સંગ્રહ કરતા હોય છે, તો કેટલાક સંગ્રહકારો વ્યાવસાયિક રીતે પ્રાચીન ચીજવસ્તુઓની લેવેચ કરનારા હોય છે. સંગ્રહકારો ક્યારેક પ્રાચીન ચીજ વસ્તુઓની જાતે ચોરી કરતા હોય છે અથવા બીજાઓ પાસે ચોરી કરાવતા હોય છે. દુનિયાભરના દેશોમાં ધર્મના ક્ષેત્રે પ્રાચીન ચીજ વસ્તુઓની જાળવણી, પવિત્રતાની ભાવનાને કારણે વધુ થતી આવી છે. હિન્દુ, જૈન, બૌદ્ધ મંદિરોની પ્રાચીન પ્રતિમાઓ, ચિત્રો, હસ્તપ્રતો વગેરેની ચોરી અને દાણચોરીની પ્રવૃત્તિ જાણીતી છે.

ધર્મના ક્ષેત્રે ધાર્મિક ભાવનાવાળા લોકોની દાનત પણ ક્યારેક બગડે છે અને તેઓ ચોરી કરવા લલચાય છે. કેટલાક શ્રીમંત ટ્રસ્ટીઓ અચાનક આર્થિક પડતી આવે અને દેવાદાર બની જાય ત્યારે મંદિરમાંથી કિંમતી ઘરેણાં, મૂર્તિ વગેરે ઉઠાવી જાય છે. પોતાની સત્તાનો દુરુપયોગ કરીને આવું ઘોર પાપ કાર્ય તેઓ કરે છે. કેટલાક આવા માણસો જ્યારે ચોરી કરતાં પકડાઇ જવાની બીક હોય ત્યારે એથી પણ વધુ ઘોર પાપ કર્મ કરતાં અચકાતાં નથી. કેટલાક વર્ષ પહેલાં બનેલી એક સત્ય ઘટના છે કે પ્રાચીન ચીજ વસ્તુઓ (એન્ટિક)નો વ્યવસાય કરનાર એક ભાઇ એક મંદિરમાં પૂજા કરવા ગયા ત્યારે ત્યાં બીજું કોઇ હતું નહિ. એ તકનો લાભ લઈ તેમણે મંદિરની એક સ્ફટિકની મૂર્તિ પોતાના કપડામાં સંતાડી દીધી. પરંતુ બહાર નીકળ્યા ત્યારે પકડાઇ જવાની બીક એમને લાગી, એટલે તરત સ્ફટિકની પ્રતિમા એક ખુલ્લી ગટરમાં એમણે ફેંકી દીધી. ધાર્મિક માણસો પણ કેટલી હદ સુધી ધર્મસ્થાનમાં પણ કેટલું હીન કાર્ય કરે છે તેનું આ એક ઉદાહરણ છે.

મનગમતી ચીજવસ્તુઓમાં ગ્રંથોનો પણ સમાવેશ થાય છે, સરસ આકર્ષક ગ્રંથ હોય, પોતાને ઘણો ઉપયોગી હોય, પોતાની આર્થિક સ્થિતિના કારણે ખરીદી શકાય તેમ ન હોય અથવા ખરીદી શકાય એમ હોય પણ તે અલભ્ય હોય તો તેવો ગ્રંથ ઉઠાવી લેવા માટે રસિક વાચક લલચાય છે. ગ્રંથ વાંચી લીધા પછી તેને તે કશો કામનો હોતો નથી. પરંતુ હવે પાછો આપતાં તે લજ્જા અનુભવે છે. મનોવૈજ્ઞાનિકો કહે છે કે ગ્રંથોની બાબતમાં તો મોટા મોટા વિદ્વાનો પણ પ્રસંગવશાત્ અપ્રમાણિક થઇ જાય છે.

શાળા-કોલેજના ગ્રંથાલયોમાંથી વિદ્યાર્થીઓ પોતાની પરીક્ષા માટે ઉપયોગી એવા ગ્રંથો ઉપાડી જાય છે અથવા એવા ગ્રંથોમાંથી ચિત્રો, નકશાઓ અને ક્યારેક તો આખાં પ્રકરણો ફાડીને, તેને સંતાડીને લિ જાય છે.

કેટલાક ડૉક્ટરો એ વાતની સાક્ષી પૂરશે કે પોતાને ત્યાં દર્દીઓ માટેના વેઇટિંગ રૂમમાં રાખવામાં આવેલાં નવાં સામાયિકો કે સુંદર ચોપાનિયામાંથી કેટલાં ક્યારે ઊપડી જાય છે તે ખબર પડતી નથી. એટલા માટે તો કેટલાક ડૉક્ટરો નવાં સામાયિકોને બદલે પસ્તીવાળાને ત્યાંથી જૂનાં સામાયિકો લાવીને મૂકતા હોય છે કે જેથી કોઇ ઉપાડી જાય તો પણ મનમાં ચીડ ન ચડે.

જેમ મનગમતી ચીજ વસ્તુઓની બાબતમાં બને છે તેમ મનભાવતી ખાદ્યવાનગીઓની બાબતમાં પણ આવી પ્રવત્તિ ચાલતી હોય છે. ખાદ્ય પદાર્થની ચોરી એ કોઇ મોટી, મોંઘી ચોરી નથી, પણ માણસ એ વૃત્તિ ઉપર સંયમ રાખી શકતો નથી. એક રસોડે જમતા મોટા કુટુંબોમાં અથવા નોકરચાકરવાળાં ઘરોમાં કોઇકે કશુંક છાનુંમાનું ખાઇ લીધું હોય એવી ઘટનાઓ અનેકવાર બનતી હોય છે. પાન, સિગારેટ કે મુખવાસના શોખીનોમાં પણ આવી પ્રવૃત્તિ જોવા મળશે. જીભ ઉપર સંયમ મેળવવો એ સહેલી વાત નથી.

જૂના વખતમાં (અને હજુ પણ ક્યાંક ક્યાંક) જ્ઞાતિના જમણવારમાં જમવા જતા લોકો પોતાની સાથે એકાદ વાસણ લેતા જતા અને જમતી વખતે થોડીક વાનગીઓ ચોરી છુપીથી પોતાના વાસણમાં સરકાવી દેતા. જમણવારોમાં વાનગીઓની ચોરી એ એક સામાન્ય ઘટના છે. મોટા શહેરોમાં તો લગ્ન વગેરેના જમણવારોમાં ખોટા માણસો ઘૂસી જવાના અનેક બનાવો વખતોવખત બનતા રહે છે. કેટલાક માણસોની તો સ્વાદેન્દ્રિય એટલી જોરદાર હોય છે કે કયા જમણવારમાં કેવી રીતે ઘૂસી જઇ મનભાવતું જમી લેવું તેની કુનેહ તેઓની પાસે હોય છે. આસક્તિ અને લોભમાંથી અદત્તાદાનની વૃત્તિ કેવી રીતે માણસના જીવનમાં ઘર કરી જાય છે તે આવા કેટલાંક દાખલાઓ ઉપરથી જોઇ શકાય છે.

સાધુ-સંન્યાસી થયા એટલે તરત સ્વાદેન્દ્રિયની આસક્તિથી પર થઇ ગયા એવું નથી. સંન્યાસ લીધા પછી પણ ચીજવસ્તુઓની આસક્તિ રહે છે અને પારકી પ્રિય વસ્તુ એના માલિકને પૂછ્યા વગર લેવાનું અને મનભાવતી વસ્તુઓ ખાઇ લેવાનું મન થાય છે. એક પૌરાણિક કથા પ્રમાણે પ્રાચીન સમયમાં સુધન્વા નામનો એક ક્રૂર રાજા થઇ ગયો. એના રાજ્યમાં બે સગા ભાઇઓએ વૃદ્ધાવસ્થામાં આવતાં સંન્યાસ લીધો અને વનમાં જઇ બંનેએ પોતપોતાના આશ્રમ બાજુ બાજુમાં કર્યા. એક વખત એક આશ્રમમાં એક વૃક્ષ ઉપર એવાં સરસ ફળ લટકતાં હતાં કે જોનારને તે તરત પાડીને ખાવાનું મન થાય. બાજુના આશ્રમવાળા સંન્યાસી ભાઇને પણ એવું મન થયું. તેઓ પોતાની ઇચ્છાને રોકી શક્યા નહિ.બાજુના આશ્રમમાં જઇ તેમણે ચૂપચાપ એ ફળ તોડીને ચોરી લીધાં અને પોતાના આશ્રમમાં આવીને ખાધાં. પણ ગમે તે રીતે આ વાત પકડાઇ ગઇ. બંને સંન્યાસી ભાઇઓ વચ્ચે ઝઘડો થયો. ફરતી ફરતી વાત રાજદરબારે પહોંચી. રાજ્યનો કાયદો હતો કે ચોરી કરનારના કાંડાં કાપી નાખવામાં આવે. ક્રૂર સુધન્વા રાજાએ એ ચોર સંન્યાસીનાં કાંડાં કપાવી નાખ્યાં હતાં.

નાની નાની ચોરી કરવામાં પણ એક પ્રકારનો સૂક્ષ્મ માનસિક આનંદ હોય છે. એ આનંદ શુદ્ધ નહિ પરંતુ વિકૃત પ્રકારનો હોય છે. આવો વિકૃત આનંદ હોય છે તે વારંવાર અનુભવવા મળતાં તે એક ગ્રંથિરૂપે બંધાય છે. શ્રીમંતોમાં આવી ચોરીનો આનંદ હોય છે તે એક પ્રકારનો માનસિક રોગ ગણાય છે. તેને Kleptomania-ક્લેપ્ટોમેનિઆ તરીકે ઓળખવામાં આવે છે. શ્રમંતોને કોઇ વસ્તુ ખરીદવાનું ન પરવડે એવું નથી હોતું. તેઓના ઘણાં નાણાં અકારણ વેડફાઇ જતાં હોય છે. તેમ છતાં કશુંક ચોરીને મફત મેળવવાનો આનંદ જુદો હોય છે. એ તેમના ચિત્તમાં એવો ઘર કરી જાય છે કે વખત જતાં તે માનસિક રોગ રૂપે જ પરિણમે છે. આ રોગ પછાત દેશો કરતાં ધનાઢ્ય દેશોમાં વધુ પ્રવર્તે છે. યુરોપ-અમેરિકાના કેટલાય મોટા મોટા સ્ટોરમાં-Shop-Liftingના ઘણા કિસ્સા નોંધાય છે અને એમાં પકડાઇ જનાર વ્યક્તિઓ એકંદરે પૈસે ટકે સુખી અને સાધન સંપન્ન હોય છે.

કશુંક મફત મેળવવાની વૃત્તિ એ જીવની અનાદિકાળની વૃત્તિ છે- basic instinct છે. વારંવાર વિધિસર જાહેર રીતે મફત મેળવવાના આનંદથી એ પ્રકારની વાસનાના સંસ્કાર એટલા દૃઢ થાય છે કે પછી જ્યારે એ માટે પૈસા ખર્ચવાનો વખત આવે છે ત્યારે માણસને કઠે છે. દૃઢ થયેલી વાસના એને ચોરી કરવા પ્રેરે છે. આવી નાની વસ્તુની ચોરી એ ચોરી કહેવાય નહિ એમ તે પોતાના મનને મનાવે છે. પછી એમાંથી એવી ચારીની ટેવ પડી જાય છે.

લોભ અને આસક્તિને કારણે નાની મોટી ચોરી જેઓ કરે છે તેઓ ત્યાં જ અટકતા નથી. તૃષ્ણા એટલી પ્રબળ હોય છે કે મનુષ્યને તે માયા-મૃષાવાદ તરફ પણ ઘસડી જાય છે. માણસ કશીક નાની મોટી ચોરી તો કરી લે છે, પરંતુ એને લીધે પછીથી તેને સ્વબચાવ માટે જૂઠું બોલવાનો પણ વખત આવે છે. चौराणामनृतं बलं । વળી એવી ચીજ વસ્તુઓને અંગે એને ખોટા અને અતિશયોક્તિ ભરેલા અભિપ્રાયો આપવાની કે વિચારો દર્શાવવાની ફરજ પણ પડે છે. આમ એક અનિષ્ટમાંથી બીજું અનિષ્ટ અને એમાંથા ત્રીજું અનિષ્ટ જન્મે છે અને એનું ચક્ર ચાલવા લાગે છે. માણસને એ ચક્ર અંતે દુ:ખી કરીને જ જંપે છે. કોઇકને શરમાવાનો, તો કોઇકને તો વળી જેલમાં જવાનો વખત પણ આવે છે.

આવી નાની નાની ચોરી એ પણ ચોરી જ છે. ચોરી એ પાપ છે. આવી પાપવૃત્તિમાંથી બચવા માટે વધુ સજાગ બનવાની જરૂર રહે છે. મોટી ચોરી તો સજા થવાની બીકે માણસ કરતો નથી. પણ નાની ચોરીમાંથી તે જલદી છૂટી શકતો નથી. આવી નાની ચોરી લોભ, લાલચ, અને આસક્તિમાંથી જન્મે છે. માણસ પોતાના જીવનમાં સંતોષની વૃત્તિ કેળવે તો તેની લોભવૃત્તિ સંયમમાં રહે. જીવનમાં સંતોષ મેળવવા માટે માણસે પોતાની ઇચ્છા, આશા, સ્પૃહા, આકાંક્ષા, તૃષ્ણા વગેરેને ઉત્તરોત્તર ઓછા કરતાં જઇ તેના ઉપર અંકુશ મેળવવો જોઇએ. મનુષ્યમાં સાચી નિ:સ્પૃહતા આવે તોપછી આખું જગત એને તણખલા જેવું લાગે. निस्पृहस्य तृणं जगत् । નિસ્પૃહત્વમાંથી જે માનસિક સુખ પ્રાપ્ત થાય છે તે કેવું છે તે તો અનુભવથી જ સમજાય એવું છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ 'જ્ઞાનસાર'માં કહ્યું છે :

भूशय्या भैक्ष्यमशनं जीर्णवासो वनं गृहम् ।
तथापि निःस्पृहस्याहो चक्रिणोप्यधिकं सुखम् ॥

[ભૂમિ ઉપર શયન હોય, ભિક્ષાથી ભોજન હોય, પહેરવાને જીર્ણ કપડાં હોય અને વન એ જ ઘર હોય તો પણ સાચો નિ:સ્પૃહ મનુષ્ય ચક્રવર્તિના સુખથી અધિક સુખ ભોગવે છે.]

❑ રમણલાલ ચી. શાહ

# કવિ સહજસુંદર કૃત 'ગુણરત્નાકરછંદ'

❑ પ્રા. કાંતિલાલ બી. શાહ

જૈન સાધુકવિ સહજસુંદર ઉપકેશગચ્છના સિધ્ધસૂરિ-ધનસારની પરંપરામાં રત્નસમુદ્ર ઉપાધ્યાયના શિષ્ય. એમણે રચેલી નાની-મોટી કૃતિઓની સંખ્યા ૨૫ જેટલી થવા જાય છે. એ કૃતિઓમાંની કેટલીકમાં મળતાં રચનાવર્ષને આધારે કવિ સહજસુંદરનો જીવનકાળ ૧૬મી સદીનો પૂર્વાધ હોવાનું નિશ્ચિત કરી શકાય છે. એમની રચનાઓમાં રાસ, છંદ, સંવાદ, સ્તવન, સજ્ઝાય વગેરે પદ્યસ્વરૂપોનો સમાવેશ થાય છે. ઋષિદત્તા મહાસતી રાસ, જંબૂસ્વામી અંતરંગ રાસ, આત્મરાજ રાસ, પ્રસન્નચંદ્ર રાજર્ષિ રાસ, તેતલી મંત્રીનો રાસ, અમરકુમાર રાસ, ઇરિયાવહી વિચાર રાસ, પરદેશી રાજાનો રાસ, સ્થૂલિભદ્ર રાસ, શુકરાજ/સુડાસાહેલી રાસ, ગુણરત્નાકરછંદ, સરસ્વતીમાતાનો છંદ, રત્નકુમાર/રત્નસાર ચોપાઇ, આંખકાન સંવાદ, યૌવનજરા સંવાદ, તે ઉપરાંત કેટલીક સ્તવનો-સજ્ઝાઓ જેવી કૃતિઓ સહજસુંદરે રચી છે.પણ આ સૌમાં એમની ઉત્તમ રચના કદાચ 'ગુણરત્નાકરછંદ' જ છે. આ કૃતિ ઇ. સ. ૧૫૧૬ (સંવત ૧૫૭૨)માં રચાયેલી છે. એટલે કહી શકાય કે આ કવિને જન્મે લગભગ ૫૦૦ વર્ષ પૂરાં થયાં છે.

છેક હમણાં સુધી આ કવિની કેવળ ત્રણ નાની રચનાઓ જ મુદ્રિત થઈ હતી. પણ તાજેતરમાં શ્રીમતી નિરંજના વોરાએ આ કવિની લગભગ ચૌદેક કૃતિઓ સંપાદિત કરેલી પ્રગટ થઇ છે. પણ એમની ઉત્તમ રચના 'ગુણરત્નાકરછંદ' તો, એની અસંખ્ય હસ્તપ્રતો ઉપલબ્ધ હોવા છતાં, હજી અપ્રકટ જ રહી છે.

'ગુણરત્નાકરછંદ' કૃતિનો મુખ્ય વિષય જૈન સંપ્રદાયમાં ખૂબ જાણીતા એવા સ્થૂલિભદ્ર-કોશાના કથાનકનો છે. આખી રચના કુલ ૪ અધિકારોમાં વહેંચાયેલી છે અને કુલ ૪૧૯ કડી ધરાવે છે. આખી કૃતિ વાંચતાં એક કથાત્મક કાવ્યકૃતિ તરીકે જે પાંચેક મુદ્દાઓ પરત્વે આપણું લક્ષ દોરાય છે ત મારી દ્રષ્ટિએ આ પ્રમાણે છે :

૧. આ કૃતિમાં વાર્તાકથન કવિનું ગૌણ પ્રયોજન રહ્યું છે.

૨. અહીં કથન કરતાં ભાવાનિરૂપણ અને વર્ણન વિશેષ ધ્યાન ખેંચે છે.

૩. કૃતિના બહિરંગની પણ કવિએ સવિશેષ માવજત કરી છે.

૪. ચારણી છટાવાળા વિવિધ છંદોને કવિએ ખૂબ લાડ લડાવીને એમાંથી ભરપૂર સંગીત ઊભું કર્યું છે.

૫. કવિનાં પાંડિત્ય અને બહુશ્રુતતા અહીં પ્રગટ થાય છે.

આ પાંચ મુદ્દાઓમાંથી, આપની સમક્ષ તો, આ કૃતિમાં થયેલાં ભાવનિરૂપણ અને વર્ણન વિશે, કેટલાંક ઉદાહરણો આપીને, થોડીક વાત કરીશ.

'ગુણરત્નાકરછંદ' કથાત્મક કૃતિ હોઇ અહીં કથાનો દોર છે ખરો, પણ ખૂબ જ પાતળો. કથાનકને નિમિત્ત બનાવીને સહજસુંદર કવિત્વની ખરી છોળો ઉછાળે છે તે તો એનાં અલંકૃત વર્ણનોમાં કથા એ કવિનું મુખ્ય પ્રયોજન રહ્યું નથી.

પ્રથમ અધિકાર સરસ્વતીદેવીનું મહિમાગાન, સ્થૂલિભદ્ર-પ્રશસ્તિ અને પાડલપુર નગરીના વર્ણનમાં સમાપ્ત થાય છે.

બીજા અધિકારમાં સ્થલિભદ્રનો જન્મોત્સવ, બાળ સ્થૂલિભદ્રનો લાલાનપાલન સાથે થતો ઉછેર, સ્થૂલિભદ્રની બાલચેષ્ટાઓ, યૌવનમાં એમની સંક્રાંતિ અને પછી યુવાન બનેલા સ્થૂલિભદ્રનો કોશા સાથે ભોગવિલાસ-આમ એક પછી એક આવતાં વર્ણનોના પ્રવાહમાં ભાવક તણાય છે.

ત્રીજા અધિકારમાં આરંભે, સ્થૂલિભદ્રના પિતા શકટાલના રાજખટપટથી થયેલા મૃત્યુનો તો કવિ કેવળ સંક્ષિપ્ત ઉલ્લેખ જ કરે છે. કવિને વિશેષ રસ છે, રાજ્યનું તેડું આવતાં સ્થૂલિભદ્રની માનસિક વિમાસણના ચિત્રાલેખનમાં. સ્થૂલિભદ્રનો વૈરાગ્ય, કોશાનો પીંખાયેલો મનમાળો, એની વિરહદશા-આ વર્ણનોમાં ત્રીજો અધિકાર રોકાય છે.

ચોથો અધિકાર ચોમાસું ગાળવા આવેલા સ્થૂલિભદ્રનું મન રીઝવવા માટે કોશાના પ્રયાસોના ચિત્રવર્ણનમાં રોકાય છે. છેવટે સ્થૂલિભદ્રનો કોશાને બોધ અને કોશાનું હૃદયપરિવર્તન-ત્યાં કૃતિ સમાપ્ત થાય છે.

આંતરપ્રાસ, અન્ત્યાનુપ્રાસ, શબ્દાલંકાર, ઝડઝમક, રવાનુસારી શબ્દપ્રયોજના ચારણી છટાવાળો લયહિલ્લોળ અને કવચિત્ કંઠ્ય-વાદ્ય સંગીતની સૂરાવલિ-આ બધામાંથી એક વિશિષ્ટ નાદસંગીત નીપજે છે. કેટલાંય વર્ણનો અહીં સંગીતબધ્ધ બની આપણને વિશિષ્ટ લયપ્રવાહમાં ખેંચી જાય છે.

પ્રથમ અધિકારમાં સરસ્વતીની પ્રશસ્તિ સાંભળશો :

'ધમધમ ધૂઘર ધમધમ કંતય, ઝંઝર રિમઝિમ રણરણકંતય,
કરિ ચૂડિ રણકંતિ કિ દિખઇ, તુહ સિંગાર કીઉં સહ ઊપઇ.'

કવિ સ્થૂલિભદ્ર પ્રશસ્તિ આ શબ્દોમાં કરે છે :

'ગુણરોલ લોલ કલોલ કીરતિ ચપલ ચિહું દિસ હિંસએ,
ઝલહલઇ સિરિ સુહ ઝાણ, સીકરિ શીલભૂષણ દીસએ,'

પાટલિપુત્ર નગરીનું વર્ણન ચિત્રાત્મક બન્યું છે. પાડલપુરનાં પ્રજાજનો, એની પૌષધ શાળાઓ અને ધર્મશાળાઓ, બાગબગીચા, વાવસરોવરકૂપ આદિ જળાશયો, એના રાજવી અને મંત્રી-આ બધી વિગતોને સમાવી લેતું પ્રાસયુક્ત નગરવર્ણન કવિએ કર્યું છે. એમાં ક્યાંક ક્યાંક કવિ શબ્દચાતુરીભર્યો યમકપ્રયોગ પણ કરે છે :

'મોટે મંદિર બહૂ કોરણીઆ, નયણિન દીસઇ તિહા કો રણીઆં,
સૂર વહઇ નિતુ કરી કોદંડહ કહ તીરઇં નવિ દેહ કો દંડહ.'
'પાલખીંઇ બઈસઇ નરપાલા, હીંડઇ એક વલી નર પાલા'

બીજા અધિકારનો આરંભ કવિ સ્થૂલિભદ્રના જન્મોત્સવથી કરે છે :

'પંચ શબ્દ વાજઈ વસિ ઢોલહ, મૃગનયણી મંગલ મુખિ બોલહ'
'દૂહા ગીત ભણઇ ગુણગાથા, કુંકુમ કેસરના ઘઇ હાથા,'
નવનવ નારિ વધાવઇ કોડે, રોપઇ કેલિ મનોહર ટોડે.

પણ પછી તો જન્મોત્સવ નું આખું ચિત્ર સંગીતમાં સંક્રમે છે :

'ધણ ગજ્જઇ જિષ કરીય સુવદ્દલ, વજ્જઇ ધધિકિટ ટ્રૈંકટ મદ્દલ,
ચચપટ ચચપટ તાલ તરંગા થોંગિનિ તિથુંગ નિરાકટ થોંગા.'
'તાથોંગિનિ તાથોંગિનિ તિધુગિનિ તિધુગિનિ,
સિરિગમ મપધમિ સુસર સરં,
નીસાણ કિ ટ્રમક્તિ ટ્રમટ્રમ
ટ્રહકંતિ ટ્રહટ્રહ ટ્રટ્રકાર કરં,
ઝલ્લરિ ઝણઝણકંતિ, ભેરી ભણકંતિ
ભોં ભોં ભૂંગલ ભરહરયં,
ઘુગ્ઘાર ઘમઘમકંતિ, રણણરણકંતિ
સસબદ સંગિતિ સદ્દવરં.'

બાલ સ્થૂલિભદ્ર પ્રત્યે માતાપિતાનું વાત્સલ્ય જુઓ :

લાલઇ પાલઇ નઇ સંસાલઇ, સુત સાહાંમઉ વલિ વલિ નિહાલઇ.'

આમાં 'લ'કાર અને ક્રિયાપદોમાંના 'અઇ'નાં ઉચ્ચારણોનાં થતાં પુનરાવર્તનોમાંથી ઝમતું નાદસૌંદર્ય કર્ણપ્રિય બને છે.

સ્થૂલભદ્રની બાલસહજ ચેષ્ટાઓના વર્ણનમાં ચિત્ર અને સંગીતની જુગલબંધી જોઇ શકાશે :

'લીલાલટકતઉ, કર, ઝટકંતઉ, ક્ષણિ અટકંતઉ, વિલખંતઉ,

પુહવી તલિ પડતઉ, પુત્ર આખડતઉ, ન રહઇ રડતઉ, ઠણકંતઉ'

યુવાન સ્થૂલિભદ્રને આવતા જોઇને કોશાને પહેલાં તો એને ઠગવાનો, ધૂતવાનો ભાવ જાગે છે. તે વિચારે છે :

'ગાઢા ધૂરત મઇ ઠગ્યા, છોકર છલ્યા છયલ્લ,
ધોરીકા ધૂરિ પેતરું, હવઇ એઅ કરું બયલ્લ.'
'ધાત ખરી જઉ લાગસ્યઇ, તઉ છોડવસ્યઇ, તઉ દ્રાંમ'

આ ક્ષણ સુધી તો કોશા કોઇપણ પુરુષનો સંગ કરનારી ગણિકા માત્ર છે. પણ પછી સ્થૂલિભદ્રને નજીકથી નિહાળીને પોતે એનાથી પ્રભાવિત બની જાય છે. કવિ એનું આ ભાવપરિવર્તન આ રીતે નોંધે છે :

'પહિલઉ ઠગવિદ્યા હુંતી, દીઠઉ થયઉ સ-ભાવ,
સાંહભૂં લાગી ઝૂરિવા, જલ વિણ જિસ્યઉ તલાવ.'
'ભ્રૂભંગિ ભાવઇ જગ ભોલવ્યઉ છલ્યા લોક છંદા કરી,
શ્રી થૂલિભદ્ર પેખી કરી થઇ વેશિ તે કિંકરી'

અત્યારસુધી પોતાના ભ્રૂભંગથી જગતને ભોળવનારી ને લોકને છળનારી કોશા સ્ભલિભદ્રને જોઇને એમની કિંકરી-દાસી બની ગઇ.

તે વિચારે છે : 'હેવ ઉડાડઉં કેમ હાથિ પોપટુ બઇ ટુઉ.'

આંગણે બેઠેલા પોપટને હવે હાથે કરીને કેમ ઉડાડી મૂકું ?

પછી તો શૃંગારનિરૂપણ ઘેરોરંગ ધારણ કરે છે. કોશાનું દેહસૌંદર્ય, એનો વસ્ત્રાભૂષણો, અને એના પ્રપંચી હાવભાવના વર્ણનોમાં કવિ ભાવકને ઘસડી જાય છે.

'મયમત્રા મયગલ જિસ્યા સૂર સુભટ્ટ,
પેખી નર પાછા પડઇ, મેહલઇ માન મરટ્ટ.'
'સુવન્ન દેહ રૂપરેહ, કાંમગેહ ગજ્જએ,
ઉરત્થ હાર, હીર ચીર, કંચુકી વિરજ્જએ,
કટક્કિ લંકિ ઝીણવંક ખગ્ગિ ખગ્ગિ દ્રમ્મએ
પયોહરાણ પક્ખિ લોક લક્ખ ધુમ્મએં.'
'અન્નંગરંગ અંગ અંગ કોસિ વેસિ દક્ખએ,
કડક્ખ અંગ અંગ કોસિ વેસિ દક્ખએ,
કડક્ખ ચક્ખ તીર તિક્ખ તિક્ખ મુક્કએ.'

નીચેની કડીમાં કોશાને સરોવરના રૂપકથી કવિ વર્ણવે છે :

'નારિસરોવર સબલ, સકલ મુખકમલ મનોહર,
ભમુહ ભમહિ રણઝણતિ, નયનંયુગ મીન સહોદર,
પ્રેમ તણઉ જલ બહુલ, વયણ રસલહિરિ લલત્તિ,
કબરી જલસેવાલ, પાલિ યૌવન મયમત્તિ,
નવ ચક્કવાક થણહરયુગલ, હરઇ રંગ રામતિ રમલિ
શ્રી સ્થૂલભદ્ર ઝિલ્લઈ તિહાં રમઈ હંસહંસી જમલિ.'

અહીં કોશા સરોવર, મુખ કમળ, આંખો મીનદ્વય, પ્રેમ, જલ, વાણી રસલહરી, કેશકલાપ, જલશેવાળ, યૌવન સરોવરપાળ, સ્તનયુગ્મ ચક્વાકયુગલ તરીકે વર્ણવાયાં છે.

'નારિ સરોવર સબલ સકલ મુખકમલ મનોહર' આ પંક્તિમાં 'સ' અને 'મ' શ્રુતિનાં આવર્તનો અને સબલ, સકલ, કમલનો શબ્દાનુપ્રાસ વિશિષ્ટ ઝડઝમક ઊભી કરે છે, લલિત કોમલકાન્ત પદાવલિનો અનુભવ અહીં થાય છે.

પછી તો કોશાના શૃંગારી હાવભાવ અને કામક્રીડાનાં કેટલાક વ્યંજનાપૂર્ણ વર્ણનો ચાલે છે. એક ઉદાહરણ :

'પોપટ દ્રાખ તણઉ રસ ઘૂંટઇ, પાસિ પડી સૂડી નવિ છૂટઇ,
દોઇ કર પાખર બંધન ભીડઇ, આંકસ નખ દેઇ તન પીડઇ.'

વેશ્યાનો સ્નેહ કદી એક વ્યક્તિનિષ્ઠ હોતો નથી, પણ સ્વાર્થવૃત્તિવાળો હોય છે, અને અનેકની સાથે એ કેવું કૂડકપટ કરે છે એ વાત કહેવા કવિએ જે કલ્પનાચિત્ર રજૂ કર્યું છે એ કાવ્યાત્મક છે. આ કલ્પનાચિત્ર મને વિરલ લાગ્યું છે અને બીજે ક્યાંય વાંચ્યાંનું જાણમાં નથી.

'સૂરિજ જળ અત્થમઇ કેશ તિમ મૂંકી રોઇ,
જવ વેલા જેહની, તામ તેહસ્યઉં મન મોહઇ,
ફુલ્લ તાર સિરિ ઘલ્લિ, રમઇ તે ચંદા સાથઇ,
સૂર સમઈ જાણેવિ ફૂલ્લ પણિ નાંખઇ હાથઇ,
ઇમ રયણિ ફૂડ બિહુંસ્યઇ કરઇ, વિશ કહીં સાચી નઉ હઇ.'

અહીં સહજસુંદર કવિ વેશ્યાને રજની સાથે સરખાવીને કહે છે કે જ્યારે સૂરજ આથમે છે ત્યારે રાત્રિ કેશ છૂટા મૂકીને (અંધકાર માટેનું કલ્પન) રુદન કરે છે. પણ પછી., જેવી જેની વેળા; તે પ્રમાણે તેની સાથે મન લગાડે છે. રાત્રિ તારારૂપી ફૂલો માથામાં ખોસીને (શૃંગાર સજીને) ચંદ્ર સાથે રમત માંડે છે. પછી પાછો સૂર્યને આવવાનો સમય જાણીને માથામાંથી ફૂલો પોતાને હાથે નાંખી દે છે. (દિવસ ઊગતાં તારા અસ્ત પામે છે તે માટેનું કલ્પન) આમ રાત્રિ બન્નેની સાથે (સૂર્ય અને ચંદ્રની સાથે) ફૂડકપટ કરે છે. એ જ રીતે વેશ્યા કદી સાચી હોય નહીં.

ત્રીજા અધિકારમાં રાજ્યનું નિમંત્રણ આવતાં સ્થૂલિભદ્રની વિમાસણ બળદના ઉપમાનથી કવિએ ચિત્રિત કરી છે.

'જે હીંડવઉ મોકલવટઇ, માથઇ ન પડ્યું ભાર,
તે ધોરિ ધુરિ જોતરઇ, ધૂંણઇ સીસ અપાર,'

જે બળદ મોકળો-મુક્ત ફર્યો હોય, માથે કોઇ ભાર ન પડ્યો હોય, તેને ધૂંસરી સાથે જોતરવામાં આવે ત્યારે તેનું મસ્તક ધુણાવીને કેવો અણગમો-વિરોધ પ્રગટ કરે છે એવી જ સ્થિતિ સ્થૂલભદ્રની છે.

રાજદરબારે જતા સ્થૂલિભદ્રનો વિયોગ કોશાને શી રીતે સહ્ય બને? એની કાકલુદીનું ચિત્ર જૂઓ :

'જિમ જિમ પ્રીઉ પગલાં ભરઇ, તિમ તિમ અધિક રડંતિ,
આગલિ પાછલિ ઊતરી, પ્રીઉ પાલવ ઝાલંતિ.'

કોશાના વિરહ ભાવનું નિરૂપણો અત્યંત ચિત્રાત્મક, આલંકારિક, કલ્પનાસમૃધ્ધ, ઝડઝમકથી પ્રચુર અને કવચિત્ શબ્દ શ્લેષયુક્ત બન્યાં છે :

'ક્ષણ બાહિરિ ક્ષણિ ઊભી તડકઇ, રીસભરી સહીઅર સ્યઉં તડકઇ'

'હારદોર દીસઇ નવિ ગલઇ એ, ભોજન મુખિ સહીઅર નવિ ગલઇ એ.'

'ભમરીની પરિ પીઉ ગુણ ગણતી, કરિ ચૂડી નાંખઇ ગુણગણતી.'

કોશાનો હૃદયચિત્કાર જુઓ :

'મનપંખી માલુ કરઇ, રહિતું ઘણઉં સદેવ,
તે માલઉ તુઝ ભાંજતાં, દયા ન આવી દેષ.'

ચોથા અધિકારમાં પલટાયેલી પરિસ્થિતિનું આલેખન છે. સાધુ બનેલા સ્થૂલિભદ્ર કોશાને ત્યાં ચાતુર્માસ ગાળવા આવ્યા છે. સ્થૂલિભદ્રનું મન રીઝવવા કોશાના પ્રયાસોનું વર્ણન શૃંગારરસિક, પ્રાસાનુપ્રાસયુક્ત અને નાદસૌંદર્યથી સભર બન્યું છે.

'નાચઇ નાચ કરી સિંગારહ ધિધિકર દ્રેંકટના ધોંકારહ,
ચોલઇ ચીર કસી કરિ ચરણા, ધમકાવઇ ઝમકાવઇ ચરણા.'

'કોશા વેશ્યા રમણિ, કેલિ જઇસા નમણિ, હંસલીલા ગમણિ, ચતુર ચંપકવરણિ,

ધૂમઇ ધૂગ્ઘર ઘ્રણણિ, જમલિ ઝંઝર ઝ્રણણિ, નાચઇ ખેલઇ તરણિ, ધસઇ ધડહડઇ ધરણિ,

વલીવલી લાગઇ ચરણિ ચવઇ બોલ મીંઠા વયણિ, ગુણવેધ ભેદ દાખઈ ધરણિ, પ્રાણનાથ તોરઈ શરણિ.

આ કૃતિમાં ચારણી છંદોની લયછટા, કવિનું પાંડિત્ય, બોધત્વને પણ મળતું કાવ્યરૂપ, કવિની ભાષા-શૈલી વગેરે અન્ય મુદ્દાઓ વિશે પણ ઘણું કહી શકાય એમ છે. પણ અહીં, કાવ્યમાં થયેલું કેટલુંક ભાવનિરૂપણ અને અલંકરણ-તે વિશે કેટલાંક મહત્ત્વનાં ઉદાહરણો આપવાનું જ પર્યાપ્ત ગણ્યું છે.

❑❑❑

# માણસ પોતે જ પોતાનો મિત્ર અને શત્રુ

❑ 'સત્સંગી'

સામાન્ય રીતે માણસ પોતાની અવદશા કે અવનતિ માટે પોતાના સંજોગો, સંબંધીઓ, જે માનવસમૂહોમાં તેને બેસવા ઊઠવાનું હોય તેમાંના લોકો વગેરેનો દોષ કાઢે છે. આ અંગે માણસનો બચાવ ગમે તેટલો જોરદાર હોય તો પણ અન્ય પરિબળો પર દોષારોપણ કરી પોતાની જાતને બરાબર ગણવામાં માણસની નબળાઇ રહેલી છે. પરિણામે, નથી તો તે આત્મનિરીક્ષણ કરી શકતો કે નથી તો તેને પોતાની ખામીઓનું કે ભૂલોનું ભાન થતું. માણસ પોતાની રીતે જીવન જીવ્યે જાય છે અને જ્યારે પરિસ્થિતિ અવળી ઊતરે છે ત્યારે કોઇને કોઇ પરિબળનો દોષ કાઢીને તે આત્મસંતોષ મેળવી લે છે. આને જીવનની આંધળી દોટ કહી શકાય. આંધળી દોટ મૂકનારાનાં જીવનમાં પ્રગતિની શી આશા કે શક્યતા ગણાય ?

મોટા ભાગના લોકોનાં જીવનમાં આંધળી દોટ હોય છે. આંધળી દોટ એટલે ધ્યેયરહિત જીવન; જેમાં જીવાય છે માટે જીવીએ છીએ એવો સૂર રહેલો હોય. આજીવિકા મેળવવાનું ધ્યેય તો માણસમાત્ર માટે ફરજીયાત છે, તેથી સૌ કોઇ જીવનજરૂરી મેળવવા માટે વિવિધ વ્યવસાયોનાં માળખામાં ગોઠવાય છે. વ્યવસાયના કલાકોનું બંધન સૌ સ્વીકારે છે, પરંતુ આમાં પણ કાર્યક્ષમ બનવું, સમાજને ઉપયોગી બનવું, રાષ્ટ્રપ્રેમ દાખવવો વગેરે સામાન્ય ધ્યેયની બાબતો પ્રત્યે ઘણા ઉદાસીન રહે છે. વ્યવસાયની પસંદગી પણ તેમાં રળતા પગાર, અન્ય લાભો, સગવડો વગેરે પર આધારિત બને છે; પરંતુ પોતાને તે વ્યવસાય હૃદયથી ગમે છે કે નહિ તેવો વિચાર ઓછા લોકો કરતા હોય છે. ગરીબ અને વિશાળ દેશમાં આ દલીલ ઘડીભર બાજુ પર રાખીએ, તો પણ માણસ વ્યવસાયમાં ફરજીયાત પણે ગોઠવાવાનું વલણ રાખે છે એ સિવાય સમગ્ર જીવનની દૃષ્ટિએ તેને ધ્યેય હોતું નથી. જે કંઇ ધ્યેય ગણાય તે નોકરી-કામ કરવું, બાળકો મોટાં કરવાં, તેમને ભણાવવાં, પરણાવવાં અને વ્યવસાયમાં ગોઠવવાં વગેરે હોય છે. જીવનની દૃષ્ટિએ ઇંદ્રિયસુખો મેળવવાં અને ન મળે તો તે અંગેની ચિંતાથી ખિન્ન રહેવું એવો સામાન્ય વળાંક રહે છે.

આ આંધળી દોટ અર્થાત ધ્યેયરહિત જીવન માટે લોકોનો વાંક કાઢવા જેવું નથી. આનું કારણ એ છે કે બાળકો, વિદ્યાર્થીઓ, યુવાનો અને પીઢ લોકોને જોઇએ તેવું માર્ગદર્શન મળતું નથી. આઝાદી પહેલાં અભ્યાસકાળ દરમ્યાન કુટુંબમાંથી, શાળા-કોલેજોમાંથી, મિત્રો પાસેથી વડીલવર્ગ પાસેથી કંઇક માર્ગદર્શન અવશ્ય મળતું, પરંતુ આઝાદી પછી દિન-પ્રતિદિન મત મેળવવા અને પૈસાની તૃષ્ણાનું વાતાવરણ વ્યાપક બનતું રહેવાથી જીવનનાં ધ્યેય વગેરેની ડાહી ડાહી વાતો નીરસ બનતી રહી છે. માણસને ઇંદ્રિયસુખોની દોડ મીઠી લાગે છે. ઇંદ્રિયસુખો માટે સૌ દોડે છે, તેમાં બધા ન ફાવે એ દેખીતું છે. જેઓ આ દોડમાં નથી ફાવતા તેઓ પોતાની જાતને દુઃખી ગણે છે અને પોતાનાં આ દુઃખ માટે સંજોગો, અમુક વ્યક્તિઓ વગેરે જવાબદાર છે એમ તેઓ કહેવા લાગે છે.

કેટલીક વાર સંજોગો, અમુક વ્યક્તિઓ વગેરે માણસનાં સુખ દુઃખમાં નિમિત્ત બને છે એ સાચું. પરંતુ આખરે તો માણસ પોતે જ પોતાનો મિત્ર અને શત્રુ છે તે તેણે સમજવાનું રહે છે. સાનુકૂળ સંજોગો હોય, પરંતુ માણસ તેનો લાભ ન લઇ શકે તો તે પોતાનો જ શત્રુ બને છે; જો તે સાનુકૂળ સંજોગોનો પૂરો લાભ લે તો તે પોતે જ પોતાનો મિત્ર બને છે. પોતાના વર્તુળના લોકો તેના તરફ માનથી ન જોતા હોય, તેને સ્વીકારતા ન હોય, તેને અવગણતા હોય અને તેના માર્ગમાં વિઘ્નો પણ નાખતા હોય. પરંતુ માણસ આ પરિસ્થિતિને હસી કાઢે અને પોતાનું ધ્યેય-અભ્યાસ, વ્યાપાર કે આધ્યાત્મિક પ્રગતિ જે હોય તે સિદ્ધ કરવા માટે ઉત્સાહથી પ્રવૃત્ત રહે તો માણસ પોતે જ પોતાનો મિત્ર બને છે. માણસ ઉપરોક્ત પરિસ્થિતિથી લેવાઇ જાય, નારાજ રહ્યા કરે અને નિરાશ થઇને પોતાનાં ધ્યેયને પડતું મૂકી દે તો તે પોતાનો જ શત્રુ બને છે.

માણસ પોતે જ પોતાનો શત્રુ અને મિત્ર છે એ સત્ય મહાભારતમાં સુંદર રીતે રહેલું છે. પાંડવોને જીવનમરણના વિકટતમ્ પ્રશ્નો આવતા જ રહેતા, પરંતુ તેઓ હંમેશાં હિંમતપૂર્વક માર્ગ કાઢતા. તેઓ ક્યારે પણ નિરાશ ન બનતા. જ્યારે દુર્યોધન પોતાના સાનુકૂળ સંજોગોને પોતે વધારે સાનુકૂળ બનાવે છે એવા ભ્રમમાં રહે છે, વાસ્તવમાં તો તે પોતાના સાનુકૂળ સંજોગોનો લાભ લેવાને બદલે સાનુકૂળ સંજોગોને પ્રતિકૂળ બનાવવામાં ઓતપ્રોત રહે છે. પોતાને હાથે જ પોતાનો સર્વનાશ તે નોતરે છે. પાંડવો હંમેશાં પોતે જ પોતાના મિત્ર રહે છે જ્યારે દુર્યોધન સદા પોતે જ પોતાનો શત્રુ રહે છે. પાંડવો દુર્યોધનનો દોષ કાઢીને માથે હાથ દઇને બેસી રહ્યા હોત તો ? તેમની પાયમાલી માટે તેઓ દુર્યોધનને અવશ્ય દોષિત ઠરાવી શક્યા હોત અને સમગ્ર જગત આ દોષારોપણને એકી અવાજે સત્ય જ ઠરાવત તેમ થયું હોત તો ભલે દુર્યોધન ભયંકર બાહ્ય શત્રુ હતો, પરંતુ પાંડવો ખરેખર પોતેજ પોતાના શત્રુ સાબિત થયા હોત. બાહ્ય અવરોધોને તાબે થનાર માણસ કાયર ગણાય; તે પોતાનું કર્તવ્ય ચૂકે છે, પોતાનું શ્રેય સમજવા અને તેના કઠિન માર્ગ પર ચાલવા નાહિંમત બને છે. અવરોધને યોગ્ય બહાનું ગણીને બેસી રહેવામાં કે સ્વમાનરહિત સલામતી શોધવામાં માણસને પોતાનું પગલું ન્યાયી લાગે છે; અવરોધનાં બહાનાં હેઠળ શ્રેયને બદલે પ્રેયનું પલ્લુ નમે છે. જ્યારે પાંડવોએ ક્યારે પણ પ્રેયને નમતું આપ્યું નથી. તેમણે એ દુઃસહ, અરે આજના માણસ માટે તો અસહ્ય કષ્ટો વેઠ્યાં છે પણ શ્રેયનો માર્ગ કદી છોડ્યો જ નથી. તેથી જ તેઓ હંમેશાં પોતાના જ મિત્ર રહ્યા એમ કહેવાય. પરિણામે, તેઓ યશસ્વી, વિજયી, અનુકરણીય અને પ્રાત:સ્મરણીય બન્યા

અહીં ફલિત થાય છે કે જે શ્રેય માટે પરિશ્રમી બને તે પોતે જ પોતાનો મિત્ર છે અને જે પ્રેય માટે જ પ્રવૃત્ત રહે તો તે પોતે જ પોતાનો દુશ્મન છે. બેક ઉદાહરણો જોઇએ. અર્જુનને ધનુર્વિદ્યાનો શોખ સ્વભાવગત હતો, પરંતુ પાંડવો ત્યારે ધૃતરાષ્ટ્રનાં રાજ્યમાં હકદાર હોવા છતાં તેમના આશ્રિત તરીકે રહેતા હતા. તેમ છતાં અર્જુન સ્વમાનના ભોગે દુર્યોધન પાસેથી વિદ્યા શીખવાની પરવાનગી મેળવી. દુર્યોધન અને અન્ય રાજકુમારો અશ્વ પર બેસીને જાય જ્યારે આશ્રિત રાજકુમાર અર્જુન પગે ચાલીને જતો. અર્જુન પહોળી પલાંઠી વાળીને દુર્યોધનની મોજડી ખોળામાં રાખીને ઓટલા પર બેસતો અને રાજકુમારો ઉપરના માળે ગુરુનાં ભવનમાં જતા. દ્રોણગુરુ રાજકુમારોને મંત્ર આપે છે, યાદ કરવાનો સમય આપે છે અને પછી પૂછે છે; પણ કોઇને આવડતો નથી. તેથી ગુરુને મંત્ર ઉતાવળે બોલવો પડે છે. અર્જુન આ સાંભળે છે. રાજકુમારો ભણીને નીચે ઊતરે છે. અર્જુન દુર્યોધનને મોજડીઓ આપે છે. રાજકુમારો અર્જુનને બાગમાં રમવા સાથે લે છે. અર્જુન દોડતો દોડતો મંત્ર ગોખતો જાય છે. ભીમની બીકથી બાગના દરવાજા બંધ કરીને તેઓ ફૂલના દડાની રમત રમે છે. જેને દડો વાગે તેને ઘોડી થવાનું. જેણે દડો માર્યો

હોય તે સવાર બને બીજા બધા ઘોડીની પીઠે થાપટ મારીને વૃક્ષો પર ચઢી જાય. અર્જુનનું ધ્યાન તો મંત્ર ગોખવામાં જ હોય એટલે વારંવાર તેના પર જ દાવ આવે. અર્જુનની પીઠ ઉપર ટ્રેષને લીધે રોજ સૌ જોરથી થાપટ મારતા રહે છે, લોહીની તસરો છૂટે ત્યાં સુધી. બીજા દાવ આવે ત્યારે તેને સૌ હળવી થાપટ મારે. આમ રોજ ૧૦૫ ભારે થાપટો ખાઇને અર્જુન છ માસ સુધી વિદ્યા ભણે છે. અર્જુન ઘેર કોઇને ખબર ન પડે માટે છાનોમાનો નાહી લેતો. પરંતુ એક વખત ભીમ અચાનક અર્જુનને સ્નાન કરતાં જોઇ ગયો. તેણે અર્જુનની પીઠ પર નાળાં દીઠાં. લોહી અને પરુવાળાં નાળાં કોઇએ ઉત્પન્ન કરેલાં છે એમ ભીમને સમજાઇ ગયું અને છાનોમાનો જતો રહ્યો. પછી તો ભીમ કૌરવોને સીધા કરે છે.

અર્જુન ક્ષત્રિય હતો અને ક્ષત્રિય માટે ધનુર્વિદ્યા શ્રેયની બાબત છે. સતત 'ગરીબડો' સંબોધન દ્વારા અપમાન સહન કરીને અને કૌરવોનો માર ખાઇને પણ અર્જુન એકચિત્તે અભ્યાસ કરીને ધનુર્વિદ્યામાં પ્રવીણ થયો. તે અપમાન અને મારના ત્રાસથી શ્રેયનો માર્ગ છોડી પ્રેયને માર્ગે જઇ શક્યો હોત. પરંતુ અર્જુન શ્રેયની સાધના માટે અદભૂત મનોબળ ધરાવતો હતો.

વર્તમાન સમયમાં પણ શ્રેયને વરેલી વ્યક્તિઓ હોય છે. આઝાદી મળી એ અરસામાં સ્વામી આનંદને ડૉ. માયાદાસ સાથે મૈત્રી થાય છે. તેઓશ્રી ડૉ. માયાદાસ વિશે લખે છે, 'પોતે ભાવિક ખ્રિસ્તી છતાં રવિવારે પણ ઇસ્પિતાલે જઇને બેસે, ને પોતાના અસીલો (દરદીઓ)ની સારવાર-માવજત 'दया करणें जें पुत्रासी तेचि दासा आणि दासी'એ તુકોબાના સૂત્રને અનુસરીને દીકરાદીકરી ગણીને કરે. એકેક દરદીની પાછળ અરધો અરધો કલાક પણ ગાળી નાખે. મલમ આંજવા આનાની કાચસળી કે ટીપાં નાખવાની ડ્રોપર ગાંઠને પૈસે અપાવે. કોઇને પણ સૂગ પડે તેટલાં ગોબરાં ભંગીમહેતરોને સમાધિ જેવી લીનતાથી આંખો મીંચીને વાંસો પંપાળતાં પંપાળતાં દરેકનું નામ દઇ દઇને 'મેરે ભાઇ', 'મેરે બેટે', 'મેરી અમ્મા' કહી કહીને પૂછે, તપાસે. રોગની સારવાર અંગે દરદીને સૂચનાશિખામણ આપતા હોય એ દેવતાઇ દૃશ્ય ખરેખર માણસમાં ધન્યતાની લાગણી જન્માવે. દાકતર માયાદાસ આખા નૈનીતાલમાં 'દેવતા આદમી' તરીકે ઓળખાય છે.'

અલબત્ત વિદ્યા શ્રેયની બાબત હોવા છતાં તેનો દુરુપયોગ થઇ શકે છે અને તેને પ્રેયનું સાધન બનાવી શકાય છે. શ્રેયના ખરા પૂજારીઓ શ્રેયના માર્ગથી કદી ચલિત થતા નથી. અર્જુન ક્ષત્રિય તરીકે હંમેશાં પોતાની ધનુર્વિદ્યાનો સદુપયોગ કરે છે. અહીં ડૉ. માયાદાસ 'દેવતા-આદમી'ની તબીબી વિદ્યાના સદુપયોગનું સ્વામી આનંદનું વર્ણન વાંચીને પણ ધન્ય બનાય છે. આજે નિષ્ણાત અને કુશળ ડૉક્ટરો દરદીઓનાં દર્દો જરૂર મટાડે છે, પણ તેઓ પૈસાને સર્વસ્વ ગણે છે અને તેમની તેવી દૃષ્ટિને સર્વથા ઉચિત ગણે છે. તેઓ શ્રેયને પ્રેયનું જબ્બર સાધન બનાવે છે. અર્જુન શ્રેયના સાધક તરીકે પોતેજ પોતાનો મિત્ર બને છે, ડૉક્ટર માયાદાસ શ્રેયનો મિત્ર બને છે, ડૉક્ટર માયાદાસ શ્રેયના સાધક તરીકે પોતેજ પોતાના મિત્ર બને છે, જ્યારે મોટાભાગના ડૉક્ટરો અને અન્ય વિદ્યાઓના નિષ્ણાતોનાં જીવનમાં પ્રેયનું પલ્લુ નમે છે, તેટલા પ્રમાણમાં તેઓ સાધક બનીને આત્મકલ્યાણને સાધવા માટે પ્રવૃત્ત બની શકતા નથી.

પ્રેયનો માર્ગ ઇન્દ્રિયોને તરત જ ગમે તેવો, આકર્ષક, સરળ અને મીઠો છે, પરંતુ અંતિમ દૃષ્ટિએ, પરિણામની દૃષ્ટિએ ભયંકર નીવડે છે. શરીરમાં મીઠી ચળ આવે એવી જ મીઠી આળસ છે. હાથ ચળ કર્યા જ કરે પણ પછી એકદમ બળતરા ઉપડે. આળસમાં દિવસો મહિનાઓ અને વરસો પણ ચાલ્યાં જાય. આત્મકલ્યાણ માટે કંઇ ન કર્યું એ વાત ઘડીભર જવા જ દઇએ, પરંતુ માણસને પોતાની આર્થિક સ્થિતિ અચાનક યાદ આવે અને તપાસ કરે ત્યાં ભારે દેણું થયાની વાત તેને સ્વીકારવી પડે ! આ કેવી બળતરા થાય ! કેટલાક માણસોને સ્વાદિષ્ટ ભોજન સહજ રીતે પ્રિય હોય છે. માણસ પ્રેયના આ પદાર્થ માટે વધુ અને વધુ આસક્ત બને તો તેને સારી આવક પેદા કરવી પડે. સારી આવક જાદુથી ઉત્પન્ન થતી નથી. તેણે પોતાના સ્વાદ ખાતર ભ્રષ્ટાચારની દુનિયામાં સક્રિય બનવું પડે. આમ પ્રેય અર્થાત ઇંદ્રિયસુખો-પોતાનું મનગમતું કરવું માણસને ક્યાં ઘસડી જાય તેની કલ્પના પણ થઇ શકે નહિ. માણસ પોતાની પાયમાલી માટે અન્ય પરિબળોનો વાંક કાઢે તે કઇ રીતે સ્વીકાર્ય બને ? પ્રેયને વળગી રહેનારો માણસ પોતે જ પોતાનો શત્રુ બને છે; પોતે જ પોતાના પગ પર કુહાડો મારે છે.

અહીં થોડી સ્પષ્ટતા અનિવાર્ય છે. જ્યારે શ્રેયના માર્ગ પર ચાલવાની વાત કરવામાં આવે છે, ત્યારે પ્રેયના સંપૂર્ણ નકારની વાત છે જ નહિ. પ્રેયને જીવનમાં સ્થાન અવશ્ય છે. બીજા શબ્દોમાં કહીએ તો માણસની મૂળભૂત સહજવૃત્તિઓનો સંતોષ થાય એ કુદરતી બાબત છે. પરંતુ આ સહજવૃત્તિઓના આવિષ્કારમાં અતિરેક ન જ થવો ઘટે, તે સર્વસ્વ ન જ બનવી ઘટે. સહજવૃત્તિઓ પર નિયંત્રણ રાખવાનું છે. તેમ ન થાય તો માણસનું સામાન્ય જીવન પણ છિન્નભિન્ન બને. કેવળ પશુ જેવું જીવન બની જાય. અર્જુન સંસારી હતો, સંસાર અને વ્યવહારનાં બધાં કામ કરતો જ હતો અને ક્ષત્રિયધર્મ તરીકે યુદ્ધ કરવાની ફરજ પણ તેને બજાવવી પડે. તેણે સ્વાર્થવૃત્તિ અને ઇચ્છાઓ છોડ્યાં હતા અને તે ધર્મનાં ધ્યેયનું જીવન જીવ્યો. તેવી જ રીતે ડૉ. માયાદાસ પણ સંસારી હતા, તેમને બે પુત્રો હતા. તેઓ સાંસારિક ફરજો બજાવતા હતા. પરંતુ તેઓ પૈસાના પૂજારી ન જ બન્યા. પ્રેયને માર્ગે ન ગયા. ગંદા દર્દીઓમાં પણ દૈવી તત્ત્વ રહેલું છે. એવા સમભાવથી તેમણે દર્દીઓની સેવા કરી. તેમનાં સેવાકાર્યમાં દરદીનું દર્દ મટે અને તેની સુખાકારી જળવાય એ મુખ્ય હતું; પોતાના સ્વાર્થનો તેમાં ત્યાગ હતો. દર્દી માત્ર માટે ડૉક્ટરની દરદી પ્રત્યેની આત્મીયતા અત્યંત મહત્ત્વની છે એ મનોવૈજ્ઞાનિક સત્ય ખાસ યાદ રાખવાનું છે. તેથી જ તેઓ 'દેવતા-આદમી' તરીકે ઓળખાયા.

શ્રેયને માર્ગે ચાલવું એટલે સાધુ-સંન્યાસી બની જવું કે હિમાલયમાં જતા રહેવું કે પોતાની ફરજો છોડીને બેસી રહેવું એવો અર્થ લેશમાત્ર નથી. પ્રેયને પણ સ્વીકારવાનું જ છે, પરંતુ ઉચ્ચતર જીવન જીવવા માટે પ્રેયની મર્યાદા રાખવાની છે. શ્રેયનો માર્ગ એટલે પોતાને ગમે છે માટે જ કઇ અપનાવવું એમ નહિ, પરંતુ પોતાનુ ખરું કલ્યાણ શામાં રહેલું છે એ સમજીને તે માટે જીવન જીવવું. કલ્યાણ એટલે પોતાનુ સ્વાસ્થ્ય યોગ્ય રહે, મનની શાંતિ રહે, ચિત્ત સહજ રીતે પ્રસન્ન રહે, આનંદથી પોતાનાં કાર્યો અને ફરજપાલન થતાં રહે, ટાઢતડકો સહન થાય અને સૌ પ્રત્યે સમદૃષ્ટિ રહે એવો તેનો અર્થ છે. સુખમાં ઘણા મિત્ર હોય, પણ દુઃખમાં જે પડખે ઊભો રહે તે ખરો મિત્ર ગણાય. એથી એક ડગલું આગળ વધીને એમ કહેવાય કે જે ધર્મ-અધ્યાત્મના માર્ગ પર લઇ જાય તે ખરો મિત્ર છે. માણસ ધર્મ-અધ્યાત્મને રસ્તે વળે ત્યારે તે પોતે જ પોતાનો મિત્ર બને છે, કારણ કે પોતાનું શ્રેય-કલ્યાણ અને ખરાં સુખશાંતિ ધર્મ-અધ્યાત્મના માર્ગમાં છે; માણસ તેમ ન કરે તો તે પોતે જ પોતાનો શત્રુ છે.

❑❑❑

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦ ૦૦૮. લેસરટાઇપસેટિંગ : મુદ્રાંકન, મુંબઇ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૫ ● અંક : ૬ ● ● તા. ૧૬-૬-૧૯૯૪ ● ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## રંગભેદ

[૧]

દક્ષિણ આફ્રિકામાં અંતે લોકશાહીની સ્થાપના થઇ અને અશ્વેત નેતા નેલ્સન મંડેલાની સરકાર સત્તાસ્થાને આવી. આ રીતે દક્ષિણ આફ્રિકામાં રંગભેદ (Apartheid)ની નીતિનો કાયદેસર અંત આવ્યો.

આ સદીના આરંભમાં ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં ગિરમિટિયા (Agreement ઉપરથી બનેલો શબ્દ) ભારતીયોને ગુલામીમાથી મુક્ત કરાવવા ગોરી સરકાર સામે સત્યાગ્રહ કરવો પડ્યો હતો. સદીના અંતમાં નેલસન મંડેલાને રંગભેદની નીતિ નાબૂદ કરાવવા ગોરી સરકારને ભારે લડત આપવી પડી.

દક્ષિણ આફ્રિકામાંથી રંગભેદની નીતિનો અંત આવતાંની સાથે રંગભેદની નીતિવાળા આ છેલ્લા રાષ્ટ્રમાંથી પણ રંગભેદની નીતિ નિર્મૂળ થઇ ગઇ. હવે સમગ્ર વિશ્વમાં એક પણ રાષ્ટ્રમાં મનુષ્યની ચામડીનાં રંગ અનુસાર ભેદભાવની કાયદેસરની સરકારી નીતિ રહી નહિ. અલબત્ત વ્યવહારમાં કાળા ગોરા લોકો વચ્ચે ભાવનાત્મક સંમિશ્રણ અને સમન્વય થતાં તો હજુ કેટલો સમય લાગશે તે કહી શકાય નહિ.

દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિનો એટલો બધો ચુસ્ત અમલ કરવામાં આવ્યો કે ગોરા લોકો અને કાળા લોકોના વિસ્તારો જુદા જુદા કરવામાં આવ્યા. સાંજના નિશ્ચિત સમય પછી ગોરા લોકોના વિસ્તારમાં કોઇ કાળો માણસ પ્રવેશી ન શકે અને એ બાબતમાં ગુનાઓ કરનારને કડક શિક્ષા થવા લાગી, વિસ્તારો ઉપરાંત શાળા, હોસ્પિટલ, બસ વગેરે પણ ગોરા અને કાળા લોકો માટે જુદાં જુદાં કરાયાં. આમ રંગભેદની સરકારી નીતિનો સૌથી વરવો અમલ દક્ષિણ આફ્રિકામાં થયો હતો અને એથી જ દુનિયાના માનવતાવાદી લોકોને દક્ષિણ આફ્રિકા પ્રત્યે ઘૃણા રહ્યા કરી હતી.

અમેરિકા, બ્રિટન વગેરે રાષ્ટ્રોના પ્રગટ વિરોધ પરંતુ ગુપ્ત સહકારને કારણે, યુનાઇટેડ નેશન્સે નાખેલા આર્થિક તથા અન્ય પ્રતિબંધો છતાં દક્ષિણ આફ્રિકા નમતું આપતું નહોતું. પરંતુ જનમત આગળ સત્તાધીશોને મોડાંવહેલાં નમવું જ પડતું હોય છે. એ પ્રમાણે દક્ષિણ આફ્રિકામાં બન્યું. સમગ્ર આફ્રિકા ખંડ ઉપર યુરોપીય પ્રજાએ પોતાનું વર્ચસ્વ જમાવ્યું હતું. અને એ ખંડની પ્રાકૃતિક સંપત્તિનું અને માનવ શક્તિનું ભરપેટ શોષણ કર્યું હતું. બીજા વિશ્વયુદ્ધ પછી યુરોપીય ગોરી પ્રજાનાં વળતાં પાણી ચાલુ થયાં અને એક પછી એક સંસ્થાનો તેઓ છોડતાં આવ્યાં. બે-ત્રણ સૈકા પૂર્વે યુરોપની પ્રજાએ વહાણવટાની પોતાની ખીલેલી પ્રવૃત્તિને કારણે તથા બંદૂક વગેરે ઘાતક શસ્ત્રોની સજ્જતાને કારણે ડચ, પોર્ટુગીઝ, સ્પેનિશ, બ્રિટિશ, ફ્રેંચ, વગેરે સાહસિકોએ દરિયાઇ માર્ગે દુનિયાના ઘણાં દેશો ઉપર પોતાનું આધિપત્ય જમાવ્યું અને સ્થાનિક રંગીન પ્રજાઓ ઉપર જોરજુલમ કરીને તેની ગુલામ જેવી દશા કરી નાંખી. સંસ્થાનવાદનો વિકાસ થયો અને એ સશક્ત, ગોરી પ્રજાઓએ એશિયા અને આફ્રિકાના ઘણા પ્રદેશોમાં લોકોનું આર્થિક, રાજકીય અને ધાર્મિક દૃષ્ટિએ બહુ શોષણ કર્યા કર્યું.

યુરોપના ડચ, ફ્રેંચ, પોર્ટુગીઝ વગેરે લોકોએ અંધારા ખંડ તરીકે ઓળખાતા આફ્રિકાના પ્રદેશ ઉપર પોતાનું વર્ચસ્વ જમાવવાનો પ્રયત્ન કર્યો ત્યારે તે ગોરા લોકોમાં પણ માંહોમાહે સંઘર્ષો થવા લાગ્યા. એ દિવસો એવા હતા કે જ્યારે રાજ્યસત્તા કરતાં ધર્મસત્તા ચડિયાતી ગણાતી હતી. એટલે ટોચના વેટિકન સીટીના પોપે યુરોપીય પ્રજાની આફ્રિકામાંની માંહોમાંહેની લડાઇઓ બંધ કરાવવા માટે આખો આફ્રિકા ખંડ તેઓને વહેંચી આપ્યો કે જેથી ગોરાઓમાં પરસ્પર યુદ્ધ ન થાય. આ વહેંચણી નકશા ઉપર કરવામાં આવી હતી. એથી અક્ષાંશ અને રેખાંશ અનુસાર ઊભી અને આડી એવી સીધી લીટીએ પ્રદેશોનું વિભાજન કરવામાં આવ્યું હતું. (અમેરિકામાં પણ એ જ રીતે થયું છે.) એકંદરે તો દુનિયામાં બે રાષ્ટ્રો વચ્ચેની સરહદો, પર્વતો, નદીઓ, જંગલો વગેરે કુદરતી જ વિભાજન અનુસાર ગોઠવાઇ ગયેલી છે. પરંતુ આફ્રિકામાં બે રાષ્ટ્ર વચ્ચેનું વિભાજન સીધી લીટીએ થયું.

આફ્રિકામાં યુરોપીય ગોરી પ્રજા પહોંચી, પરંતુ તેણે પોતાનાં રહેઠાણો,વિસ્તારો, શાળાઓ, કોલેજો, હોસ્પિટલો, કલબો, હોટેલો વગેરે નોખાં રાખ્યાં. કાળાંઓને તેમાં પ્રવેશવાની મનાઇ ફરમાવવામાં આવી. સ્થાનિક કાળી પ્રજા અને બહારથી આવેલી ગોરી પ્રજા વચ્ચે લઘુતા ગ્રંથિ અને ગુરુતા ગ્રંથિ ચાલુ રહી. અવિશ્વાસ અને સુરક્ષિતતાના કારણ ઉપરાંત અશિક્ષિત આદિવાસી જેવા કાળા લોકોમાં ગરીબી અને ગંદકીને કારણે ફેલાતા રોગચાળાથી બચવા માટે પણ તેઓ એ અલગ રહેવાનું પસંદ કર્યું. કાળી પ્રજા પ્રત્યે ગોરા લોકોનો વર્તાવ અમાનવીય, તુચ્છાકાર ભરેલો રહ્યો. કાળા આફ્રિકન લોકો માટે Negro શબ્દ પ્રચલિત થયો તેમાં પણ તુચ્છકાર રહેલો હતો અને 'નિગર' શબ્દ તો તેઓ ગાળની જેમ વાપરવા લાગ્યા.

ગોરા અંગ્રેજોએ ભારતમાં પોતાનું શાસન દૃઢ કર્યું ત્યારે તેઓનો મધ્યાહ્‌ન તપતો હતો. તેમની સત્તાનો પડકાર કરવાની કોઇનામાં હિંમત

ન હતી. એવે વખતે અંગ્રેજોનો ભારતીય કાળા લોકો પ્રત્યેનો ભેદભાવ પણ તિરસ્કાર અને દ્વેષથી ભરેલો હતો. ભારતમાં ગોરા લોકો માટેની કેટલીયે હોટેલોમાં અને કલબોમાં ભારતીય લોકોને પ્રવેશવાનો અધિકાર ન હતો.

ભારતીય ગુલામ પ્રજા પ્રત્યે તેમની દૃષ્ટિ કેવી હતી તે આ પ્રવેશબંધીના વાક્ય ઉપરથી જોઇ શકાશે. આફ્રિકામાં કેટલેય ઠેકાણે જેમ Black and Dogs are not allowed એ પ્રમાણે લખતા તેમ ભારતમાં પણ ઘણે ઠેકાણે Indians and Dogs are not allowed જેવા લખાણવાળા પાટિયા કલબોમાં અને હોટેલોના પ્રવેશદ્વાર ઉપર રાખવામાં આવતાં. કાળા લોકોને કૂતરાંની કક્ષામાં તેઓ મૂકતાં. એથી વધ હડહડતું અપમાન કયું હોઇ શકે ?

યુરોપની ગોરી પ્રજા અમેરિકા ગઇ ત્યારે તેણે આફ્રિકાના કાળા લોકોને ગુલામ તરીકે લઇ જવાનો વ્યવસાય ચાલુ કર્યો.

ત્રણેક સૈકા પૂર્વે યુરોપ અને અમેરિકાના બજારોમાં કાળા હબસી ગુલામોનો વેપાર ધમધોકાર ચાલવા લાગ્યો હતો. આફ્રિકામાંથી કાળા લોકોને પકડીને કે ફોસલાવીને યુરોપના બંદરોમાં લઇ જવામાં આવતા અને ત્યાંથી તેમને વહાણ માર્ગે અમેરિકા પહેંચાડવામાં આવંતા. કેટલાક તો સીધા આફ્રિકાના પશ્ચિમ કિનારાના બંદરેથી રવાના કરાતા. અમેરિકામાં ગયેલા ગોરા લોકોને, ખાસ કરીને દક્ષિણ આફ્રિકાનાં રાજ્યોમાં ગરમ આબોહવામાં કપાસ અને તંબાકુના ખેતરોમાં મજુરી કરવા તથા રસ્તાઓ અને ઘરો બાંધવા માટે માણસોની જરૂર પડી હતી. ગરમીથી ટેવાયેલા એવા નોકર તરીકે સશક્ત કાળા હબસીઓ ઘણું કામ કરી શકતા. એટલે તેઓને ગુલામ તરીકે ખરીદી લેવામાં આવતા. ફ્રેંચ, બ્રિટિશ, ડચ વગેરે વેપારીઓએ આ ગુલામોનો વેપાર પોતાને હસ્તક લીધો અને વહાણોનાં વહાણો ભરીને ગુલામો રવાના થવા લાગ્યા. એ દિવસોમાં વહાણ માર્ગે એટલાંટિક મહાસાગર ઓળંગીને સામે કિનારે અમેરિકા પહોંચવામાં કેટલાક મહિના લાગતા. આવાં વહાણોમાં ગુલામોને ખીચોખીચ ભરવામાં આવતા. ગુલામો ચાલુ વહાણે બળવો ન કરે કે રમખાણ ન મચાવે એ માટે તેઓને ચાબુકથી લોઢાની સાંકળથી બાંધીને રાખવામાં આવતા. તેમને ઓછું ખાવાનું આપવામાં આવતું. દરિયાના હવામાનની અસર પણ થતી. કંઇક વાંક ગુના માટે તેઓને સખત માર પણ પડતો. આવા સંજોગોમાં કેટલાય ગુલામો વહાણમાં માંદા પડતા અને મરી જતા. કેટલાક તક મળે તો આપઘાત કરવા દરિયામાં ઝંપલાવી દેતા, તો કેટલાક જબરા માથાભારે ગુલામોને એના માલિકો ઊંચકીને દરિયામાં ફેંકી દેતા. દરેક વહાણ યુરોપથી નીકળીને અમેરિકાને કિનારે પહોંચે ત્યારે અડધાથી ઓછા ગુલામો જીવતા રહેતા. ગુલામોના વેપારીઓ પણ અડધો માલ બગડી જવાનો છે એવી ગણત્રી ગણીને જ ગુલામનો ભાવ રાખતા, જેથી મૃત્યુ પામેલા ગુલામોના કારણે પોતાને ધંધામાં ખોટ ન આવે. ગુલામોને મોકલવાની આ એક વ્યવસ્થાનો ઈતિહાસ અત્યંત આઘાતજનક, કરુણ, અને શરમજનક છે. બ્રિટનની પાર્લામેન્ટમાં આ ગુલામોનો વેપાર બંધ કરાવવા માટે ૧૮૦૭માં ખરડો પસાર કરવામાં આવ્યો. વિલિયમ વિલ્બરફોર્સ નામના એક યુવાન સભ્યે ખરડો રજૂ કર્યો હતો અને એણે ગુલામોની દશા વિષે એવું હૃદયદ્રાવક ભાષણ કર્યું હતું કે જેથી એણે રજૂ કરેલો ખરડો મંજૂર થઇ ગયો હતો. વિલ્બરફોર્સે ગુલામોની યાતનાઓ નજરે નિહાળીને ચૌદ વર્ષની નાની વયે છાપામાં ચર્ચાપત્રો લખી જનમત જાગ્રત કર્યો હતો.

અમેરિકામાં કાળા ગુલામોની ત્યાર પછી મોટી સમસ્યાઓ ઊભી થઇ. અનેક કાળા લોકોને નાના મોટા ગુના માટે કે કહ્યું ન કરવા માટે લટકાવીને સળગાવી દેવાતા-Lynch કરવાના ઘણા કિસ્સાઓ બનતા. ન્યાય જેવી કોઇ વાત ને હતી. ગુલામના માલિકનો એ હક ગણાતો. ગુલામોને વેચવા માટે બજારો ભરાતાં, ભાવ બોલાતા, લિલામ થતા. યુવાન સ્ત્રી ગુલામડીને ખરીદવા આવેલા માલદાર ગોરાઓ એને વેચાતી લેતાં પહેલાં પાસે જઈને એનું મોઢું ધારી ધારીને જોતા. કેટલાક બચી ભરી જતા, છતાં કશું બોલાતું નહિ. જો આવવા તૈયાર ન હોય તો માર મારીને, ઘસડીને નવો માલિક કાળા ગુલામને પોતાને ઘેર કે પોતાના ખેતરે કામ કરવા લઇ જતો. ગોરા લોકોએ કાળા ગુલામો ઉપર અમેરિકામાં જે નિર્દય અત્યાચારો કર્યા છે એનો તો ઘણો મોટો શરમજનક ઈતિહાસ છે. Uncle Tom's cabin જેવા કેટલાક ગ્રંથોમાં એનો કઈક ચિતાર સાંપડે છે.

ઉત્તર અને દક્ષિણ (લેટિન) અમેરિકામાં હબસીઓ-કાળા લોકોની સંખ્યા સૌથી વધારે કેરિબિયન સમુદ્રના ટાપુઓમાં છે. અમેરિકાની ઉત્તરે કેનેડા વગેરે પ્રદેશમાં કાળા લોકો ઘણા ઓછા પ્રમાણમાં જોવા મળશે. બીજી બાજુ લેટિન અમેરિકામાં વેનેઝુએલા અને બ્રાઝિલ કરતાં નીચે આર્જેન્ટિના, ચીલી વગેરે દેશોમાં કાળા લોકો ઘણા ઓછા પ્રમાણમાં જોવા મળશે. કાળા લોકો સૌથી વધારે જોવા મળે છે ઉત્તર અને દક્ષિણ (લેટિન) અમેરિકાના ખંડો વચ્ચે આવેલા કેરીબિયન સમુદ્રના ટાપુઓ જમાઇકા, વેસ્ટ ઈંડિઝ, પનામા, કુરાસાઓ વગેરેમાં. આ ટાપુઓમાં જ કાળા લોકોની વસતી કેમ વધારે છે ? એનું ઐતિહાસિક કારણ એ છે કે દિવસોમાં પોતે ખરીદેલા ગુલામો ઘણે દૂર ક્યાંક ભાગી ન જાય એ માટે વેપારીઓ પોતાના ગુલામોને આવા નાના નાના ટાપુઓમાં રાખતા. આ ટાપુઓ ગુલામોના ગોડાઉન બરાબર હતા કે જેથી ગુલામ ભાગી જાય તો પણ ટાપુના પાંચ પંદર માઇલના વિસતારમાંથી એને પકડી પાડવાનું સહેલું હતું. બીજી બાજુ ઉત્તર કે દક્ષિણ અમેરિકામાંથી ભાગી છૂટેલા ગુલામે વહાણ માર્ગે આવીને આવા ટાપુઓમાં સંતાઇ જતા કે જેથી એના માલિકને શોધવાનું અઘરું પડે. આમ કેરીબિયન સમુદ્રમાં આવેલા ટાપુઓની કાળા લોકોની વસતીનો સાંસ્કારિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ વિકાસ જુદી જ જાતનો થયો છે, જે ત્યાં જવાથી નજરે જોઇ શકાય છે.

બસો વર્ષ પૂર્વે અમેરિકામાં એક ગોરી વ્યક્તિ એવી નીકળી કે જેને કાળા લોકો ઉપર થતાં અત્યાચાર સામે ઘણો બુલંદ અવાજ ઉઠાવ્યો અને માનવતાના સિદ્ધાંતને આગળ કરીને ગુલામોને ગુલામીમાંથી કાયદેસર મુક્ત કરાવ્યા. એ મહાન વિભૂતિ છે પ્રમુખ અબ્રાહમ લિંકન. એમણે અમેરિકામાંથી ગુલામીને નાબુદ કરીને, લોકશાહીની સ્થાપના કરીને, કાળા લોકોને દરેક બાબતમાં સમાન હક અપાવ્યા. ત્યારથી અમેરિકામાં કાળા લોકોની ઉત્તરોત્તર પ્રગતિ થતી ગઈ.

ઈ. સ. ૧૬૨૦માં અમેરિકામાં જેમ્સ ટાઉન નામના નગરમાં ગુલામીની પ્રથાનો કાયદેસર અમલ થયો, અને ઈ. સ. ૧૮૬૩ના જાન્યુઆરીની પહેલી તારીખે, લગભગ અઢી સૌકા પછી, ગુલામીની પ્રથાનો કાયદેસર અંત આવ્યયો. આ અઢી સૈકામાં અમેરિકમાં ગુલામોની સંખ્યા વધીને ચાલીસ લાખ ઉપર પહોંચી ગઇ., ત્યાર પછીના આ સવા સૌકામાં તો કાળા લોકોની વસતી એથી પણ વધી અને જાગૃતિ પણ ઘણી આવી.

મનુષ્યની ચામડીના રંગની દૃષ્ટિએ તદ્દન સામસામે છેડે આવતા બે રંગો તે શ્વેત અને શ્યામ છે. આઇસલેન્ડ, ગ્રીનલેન્ડ સ્કેન્ડીનેવિયા, ઉત્તર સ્કોટલેન્ડ, સાયબિરીયા વગેરે પ્રદેશના લોકોની ચામડી ધોળી હોય છે. યુરોપ અમેરિકાના દેશોના ઘણા લોકોની ચામડી રતાશ પડતી ધોળી હોય છે. આફ્રિકાના કેટલાક હબસી લોકોની ચામડી કોલસા જેવી કાળી હોય છે. આવી પરસ્પર વિરુદ્ધ રંગવાળી ચામડીવાળા લોકો એકત્ર થાય તો દેખીતી રીતે જ ધોળી ચામડીવાળાં લોકો વધારે ચઢિયાતા લોકો જણાય અને એમનામાં ગુરુતા ગ્રંથિ અને કાળા લોકોમાં લઘુતા ગ્રંથિ

જન્મે. આવી ગ્રંથિઓને કારણે એક વર્ણવાળી પ્રજા બીજા વર્ણવાળી પ્રજા ઉપર વર્ચસ્વ ધરાવવાનો પ્રયત્ન કરે એ સ્વાભાવિક છે. તેમાં પણ ત્યારે ગોરી પ્રજા વધુ સાહસિક, બુદ્ધિશાળી અને સુધરેલી હતી. એટલે અશિક્ષિત, પછાત કાળાં આદિવાસીઓ ઉપર તેમનું વર્ચસ્વ વધી જાય.

યુરોપની ગોરી પ્રજાનું વર્ચસ્વ દુનિયાની બીજી બિનગોરી પ્રજાઓ ઉપર ઘણા લાંબા વખત સુધી ઘણું મોટું રહ્યું છે. આમ જોઇએ તો યુરોપની પ્રજાઓએ સંસ્થાનવાદના વિકાસની સાથે-સાથે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર દુનિયાના ઘણા દેશોમાં કર્યો. યુરોપમાં ગોરી ખ્રિસ્તી પ્રજાની સંખ્યા જેટલી છે તેથી વધુ સંખ્યા બિનગોરી ખ્રિસ્તી પ્રજાની છે. આફ્રિકા અને એશિયાના ઘણા દેશોમાં અને અમેરિકાના કાળા લોકોમાં ખ્રિસ્તી ધર્મનો ઘણો પ્રચાર થયો છે. તેમ છતાં આવા લોકોને ખ્રિસ્તી ધર્મમાં સમાનતાને ધોરણે પદ વગેરે મળતાં નથી. રોમન કેથોલિક ધર્મમાં ઊંચામાં ઊંચુ સ્થાન તે પોપનું છે. ચારેક સૈકા કરતા વધુ સમયથી ખ્રિસ્તી ધર્મનો મિશનરીઓ દ્વારા દુનિયાભરમાં પ્રચાર થયો હોવા છતાં હજુ સુધી કોઇ કાળી વ્યક્તિને પોપનું સ્થાન મળ્યું નથી. (ઇટલીની બહારની ગોરી વ્યક્તિને હવે મળવા લાગ્યું છે.) તો કોઇ બિનગોરી વ્યક્તિને કાર્ડિનલ કે સેઇન્ટનું પદ પણ આપવામાં આવ્યું ન હતું. એ બતાવે છે કે ધર્મના ક્ષેત્રે પણ કાળા ગોરાની અસમાનતા અન્યાયપૂર્વક પ્રચલિત રહ્યા કરી છે. ભારત, આફ્રિકા અને બીજા દેશોમાં હવે કાર્ડિનલનું પદ અપાવા લાગ્યું છે, પરંતુ પોપનું સ્થાન બિનગોરાને મળતાં તો હજુ સૈકાઓ વીતી જશે, કારણ કે એક પોપનું અવસાન થતાં કાર્ડિનલો પોતાનામાંથી કોઇ એક કાર્ડિનલને પોપ તરીકે ચૂંટે છે. પરંતુ બિન ગોરા કાર્ડિનલોની સંખ્યા જ જ્યાં બે ચારની હોય ત્યાં તેમને બહુમતિ મત મળવાની આશા જ ક્યાંથી રખાય ?

એમ કહેવાય છે કે વિદેશમાં વસતા ભારતીય લોકોને કાળા લોકો પ્રત્યે જેટલો તુચ્છકાર છે તેટલો સરેરાશ અમેરિકનોને નથી. આફ્રિકામાં વસતા ભારતીય લોકો હબસીઓને કાળિયા તરીકે અને ગોરા લોકોને ધોળિયા તરીકે ઓળખાવે છે. પોતાની વાતચીતમાં પણ તેઓ એવા જ શબ્દો પ્રયોજે છે. તક મળે તો તેઓ ભોળા કાળા લોકોનું આર્થિક શોષણ ઘણું કરી લે છે. અમેરિકામાં વસતા ભારતીયો કાળાઓ માટે 'કલ્લુ' શબ્દ પ્રયોજે છે. ભારતીય લોકોનો વસવાટ આફ્રિકામાં એક સૈકાથી વધુ સમયનો થયો હશે, પરંતુ કોઇ ભારતીય યુવક કે યુવતીએ આફ્રિકાના યુવક યુવતી સાથે લગ્ન કર્યા હોય એવા દાખલા બે-ચાર હોય તો હોય. અમેરિકામાં છેલ્લા એક સૈકામાં ગોરા યુવક કે યુવતીએ કાળા યુવક કે યુવતી સાથે લગ્ન કર્યાં હોય એવા ઘણા દાખલા જોવા મળે છે. પોતાનાં ધર્મ અને સંસ્કૃતિને સુરક્ષિત રાખવાનો આશય હોય તો પણ ભારતીય લોકો ગોરા લોકો પ્રત્યે જેટલા અહોભાવથી જુએ છે તેની સરખામણીમાં કાળા લોકો પ્રત્યેનું તેઓનું વલણ જોઇએ તેટલું સારું નથી.

સંસ્થાનવાદ અને રાજાશાહીના ઘણુંખરું આવેલા અંતને કારણે દુનિયાભરમાં માનવ-માનવનની સમાનતા માટે જાગૃતિ આવી છે. ક્યાંક ક્યાંક આનુવંશિક જાતિઓ વચ્ચે અથડામણો થતી હોવા છતાં વિશ્વમત મનુષ્યની સ્વતંત્રતા વિશે સવિશેષ સભાન થતો ગયો છે.

છેલ્લા ત્રણ ચાર દાયકામાં આંતરરાષ્ટ્રીય વિમાન-વ્યવહાર વધતો ગયો છે. એથી લોકોની અવર જવર આખી દુનિયામાં વધી ગઇ છે. બીજા દેશોમાં વેપાર, શિક્ષણ વગેરે અર્થે જઇને વસવાટ કરવાની ઘટના હવે સામાન્ય બની ગઇ છે. બે દેશના નાગરિકત્વનો સિદ્ધાંત દુનિયાના કેટલાક રાષ્ટ્રોએ સ્વીકાર્યો છે. આ બધા પરિવર્તનોને કારણે તથા આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે ઉદાર લોકશાહીની વિભાવનાના કારણે રંગભેદના ખ્યાલની સભાનતા વગર લોકોનું, પરસ્પર પ્રેમપૂર્વક મળવું હવે સહજ થઇ ગયું છે. કોઇ પણ આંતરરાષ્ટ્રીય વિમાન સફરમાં એક સાથે પાંચ પંદર રાષ્ટ્રોના માણસો સહપ્રવાસી તરીકે પ્રવાસ કરતા હોય એવી ઘટના રોજે રોજની સામાન્ય બની ગઈ છે. કેટલાય આંતરરાષ્ટ્રીય વિમાન મથકો જાણે કે સમગ્ર પૃથ્વીના માણસોનું એક નાનુ સરખું પ્રતિનિધિત્વ ધરાવતું કેન્દ્ર હોય એવું બનવા લાગ્યું છે. આ એક ઘણી સારી નિશાની છે. આવા વિમાન મથકોમાં વિભિન્ન રાષ્ટ્રોના કાળા, ગોરા અને વિવિધ વર્ણના માણસોને સાથે જોઇએ ત્યારે રંગભેદની નીતિ હવે કેટલી અપ્રસ્તુત થઇ ગઇ છે, માનવતાનું વલણ કેવી ઊંચી સપાટીએ પહોંચવા લાગ્યું છે તે જોવા મળે છે. વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવનાની પ્રતીતિ આવા વિમાન મથકો કરાવી શકે છે.

છેલ્લા કેટલાક સમયથી અમેરિકામાં માનવતાવાદી લેખકો, શિક્ષકો, ચિંતકો, નાટ્યકારો, ફિલ્મનિર્માતાઓ વગેરે એવા દૃશ્યો હેતુ પૂર્વક લઇ આવે છે કે જેમાં કાળા અને ધોળા માણસો સાથે સાથે સાહજિકતાથી કામ કરતા હોય. શાળાઓમાં કાળાં અને ધોળાં બાળકોને પ્રેમથી સાથે ભણતાં અને રમતાં બતાવાય છે. જેથી બાળકોમાં ગ્રંથિ ન બંધાય. અમેરિકાના શિક્ષકો, લેખકો, ચિંતકો સર્જકો વગેરે માનવતાભરી ઉદાર દૃષ્ટિ વિશે હવે ઘણા સભાન બનતા ગયા છે.

[૨]

દુનિયામાં મનુષ્યોની ચામડીનો રંગ જુદો જુદો છે. કેટલાક માણસો અતિશય કાળા અને કેટલાક ધોળા હોય છે. પૃથ્વીમાં સર્વત્ર એક સરખો તડકો, એક સરખો વરસાદ કે એક સરખાં વાદળાં હોતાં નથી. પૃથ્વીની ભૌગોલિક રચનાને કારણે, તેની ગતિને કારણે, દક્ષિણાયન અને ઉત્તરાયણના કારણે હવામાનમાં ફરક પડે છે અને એને લીધે ક્યાંક હિમપ્રદેશો છે તો ક્યાંક રણવિસ્તાર પણ છે. આવા પ્રાકૃતિક હવામાનની અસર મનુષ્યની ચામડી ઉપર થાય છે અને તે આનુવંશિક બની જાય છે, આફ્રિકાના પ્રદેશોમાં સૂર્યપ્રકાશ એવો રેલાય છે કે ત્યાંની પ્રજાઓનો વર્ણ અતિશય કાળો રહ્યો છે. બીજી બાજુ વરસ દરમિયાન ગણતરીના દિવસો માટે જ જ્યાં નહિવત જેવો સૂર્યપ્રકાશ મળતો હોય અને ચોવીસ કલાક શરીર ઉપર જાડાં વસ્ત્ર ધારણ કરી રાખવા પડતાં હોય ત્યાંના લોકોની ચામડીનો વર્ણ ધોળો હોય છે. ચામડીનો આ રંગ આનુવાંશિક અને જન્મગત હોવાને લીધે કાળા વ્યક્તિ ઉત્તર ધ્રુવના પ્રદેશમાં જઇને રહે કે ગોરી વ્યક્તિ આફ્રિકાના ગરમ પ્રદેશમાં જઇને રહે તો પણ તેની ચામડીનો રંગ સ્થાનિક લોકોના રંગ જેવો તરત થતો નથી. એકાદ બે પેઢી પછી પણ ખાસ ફરક પડતો નથી. રંગની તારતમતામાં થોડો ફરક જરૂર પડે છે. જ્યાં કાળા અને ગોરા લોકોની વર્ણસંકર પ્રજા જન્મે છે ત્યાં પણ તે આનુવંશિક નિયમાનુસાર પતિ કે પત્નીમાંથી કોઇ એકનો રંગ લઇને જન્મે છે; અલબત્ત આવી રીતે ઉત્પન્ન થતી વર્ણસંકર પ્રજાના વર્ણમાં ચાર પાંચ પેઢીએ થોડોક ફરક જરૂર પડે છે. લેટિન અમેરિકાના દેશોમાં એ વિશેષ જોવા મળશે.

આફ્રિકાની જેમ ભારતીય ઉપખંડમાં અથવા મધ્યપૂર્વના આરબ દેશોમાં કે પશ્ચિમ એશિયાના કેટલાક દેશોમાં સૂર્યપ્રકાશ એટલો જ ઝળહળતો હોય છે, તેમ છતાં તે તે પ્રજાઓના વર્ણનો રંગ આફ્રિકાના હબસીઓ જેટલો ગાઢ હોતો નથી. એમ કહેવાય છે કે આફ્રિકાના હવામાનમાં થઇને સૂર્યનાં જે તેજકિરણ ધરતી પર આવે છે. તેમાં કંઇક એવું તત્ત્વ છે કે જે શરીરના રંગને વધુ ગાઢ શ્યામ બનાવે છે. ત્યાંના ભૌગોલિક હવામાનને કારણે કદાવર, ઊંચા, જાડા હોઠવાળા, ચકચકિત દાંતવાળા, વાંકડિયા બેઠેલા વાળવાળા, બરછટ હથેળીવાળા, પણ હૃદયથી ભોળા, મૃદુ અને માયાળુ એવા કાળા લોકોમાં પણ ઝુલુ, કિકિયુ, લોએ, જલવા વગેરે ઘણી જુદી જુદી જાતિઓ છે અને એમના જુદા જુદા રીતરિવાજો છે.

ભારતના લોકો એકંદરે ઘઉંવર્ણા છે. અલબત્ત એમાં પણ ઉત્તરમાં

ગોરા જેવા અને દક્ષિણમાં શ્યામવર્ણા લોકો જોવા મળશે. તો પણ ભારતીય પ્રજાનો ચામડીનો રંગ એકંદરે ઘઉંવર્ણો ગણાયો છે. આમ ભારતીય લોકો આફ્રિકન લોકો જેટલા કાળા નથી તો યુરોપિયન લોકો જેટલા ધોળા, ગોરા પણ નથી. ચામડીનો અતિશય કાળો રંગ જેમ બહુ પ્રિય લાગતો નથી, તેમ અતિશય ધોળો રંગ પણ બહુ પ્રિય લાગતો નથી. ઘઉંના વર્ણ જેવો વર્ણ મધ્યમ પ્રકારનો, માફકસર અને પ્રિય ગણાયો છે. અલબત્ત એવી ગણના ભારતીય લોકોની જ છે અને એમાં કંઇક સંકુચિત મનોવૃત્તિ રહેલી પણ જણાય. ભારતીય પ્રજાના આ વર્ણનું ગૌરવ કરવા માટે એક લેખકે એવી રમૂજી કલ્પના કરી છે કે ઇશ્વર જ્યારે પહેલી વાર મનુષ્યરૂપી ભજીયાં તળવા બેઠો ત્યારે તેને કશો અનુભવ નહોતો. એને મનુષ્ય રૂપી ભજીયાંનો પહેલો ઘાણ ઉતાર્યો ત્યારે તે બળીને કાળો કોલસા જેવો થઇ ગયો હતો. આ ઘાણ તેને આફ્રિકાના પ્રદેશમાં ઠાલવ્યો. ત્યાર પછી ઇશ્વરે બીજો ઘાણ નાખ્યો, પરંતુ બીકમાં ને બીકમાં તે એટલો વહેલો ઉતારી લીધો કે તે કાચો રહી ગયો. એ ધોળાવર્ણ જેવો ઘાણ એણે યુરોપના પ્રદેશમાં ઠાલવ્યો. હવે ઇશ્વરને મનુષ્યરૂપી ભજીયાનો ઘાણ તળવા માટે કેટલી વાર લાગવી જોઇએ તેનો ચોક્કસ અંદાજ આવી ગયો અને પછી જે સરસ ભજીયાં તળાયાં તે ઘાણ એણે ભારતમાં ઠાલવ્યો ! એટલે ભારતીય પ્રજાનો વર્ણ આદર્શ ગણાયો. આ તો લેખકની એક રમૂજી કલ્પના છે અને પોતાના લોકોની ચામડીના વર્ણનું ગૌરવ કરવા માટેની ઉપજાવેલી વાત છે. વસ્તુત: દરેક પ્રજાને પોતાનો વર્ણ પ્રિય લાગે. સીદી ભાઇને સીદકાં વહાલાં એટલા માટે જ કહેવાય છે.

ટાઢ-તડકા સામે રક્ષણ મેળવવા માટે જે નવી નવી વૈજ્ઞાનિક શોધો થતી જાય છે તેની અસર માનવજીવન ઉપર પડતી જાય છે. હવે માણસ ભરઉનાળામાં સહરાના રણમાં એરકન્ડિશન્ડ કારમાં સફર કરી શકે છે અને ઉત્તર ધ્રુવના પ્રદેશમાં કડકડતા શિયાળામાં હીટરવાળી કારમાં ફરી શકે છે. આથી ચામડીના રંગનો પ્રશ્ન વખત જતાં થોડો હળવો થશે. વળી કોઢના ઉપાયો જેમ શોધાય છે તેમ ચામડીની કાળાશ ઓછી કરવા માટેનાં નવાં નવાં ઔષધો પણ જેમ જેમ શોધાશે તેમ તેમ ચામડીના રંગના જૂના પ્રશ્નો કાલગ્રસ્ત થશે અને નવા કેવા કેવા પ્રશ્નો આવશે તે તો ભવિષ્ય જ કહી શકે.

[૩]

પ્રકૃતિમાં વિવિધ રંગો છે અને તેમાં પણ તરતમતા રહેલી છે. લીલો, વાદળી, ગુલાબી જેવા રંગો પ્રસન્નતાપ્રેરક છે, તો કેટલાક ઘેરા રંગો ઉદ્વેગજનક ગણાય છે. માણસની દૃષ્ટિ, સંજોગો, અવસ્થા ઉપર પણ તેનો આધાર રહે છે. આમ છતાં, કાળો રંગ કુદરતી રીતે જ અપ્રિય રહે છે. ઘણા લોકોને કાળો રંગ ગમતો નથી. બાળપણથી પડેલા સંસ્કારને કારણે એ પ્રમાણે બને છે. જેઓ પોતે કાળા છે અને કાળાઓ વચ્ચે રહે છે તેઓને પણ કાળો રંગ એટલો પ્રિય નથી.

પ્રકાશનો રંગ શ્વેત અને અંધકારનો રંગ શ્યામ છે. અંધકાર કરતાં પ્રકાશ ચડિયાતો છે. અંધકારમાં મનુષ્યની દૃષ્ટિ સીમિત થઇ જાય છે. એથી એની ગતિ પણ સીમિત થાય છે. એને પરિણામે એની પ્રવૃત્તિ પણ સીમિત બની જાય છે. એથી જીવનમાં મૂંઝવણ, નિરાશા, ભય, સંશય વગેરે આવે છે. પ્રકાશમાં મનુષ્યની દૃષ્ટિ દૂર સુધી વિસ્તરે છે, તેની ગતિ વધી જાય છે તેની પ્રવૃત્તિ પણ વિકસે છે. એથી જીવનમાં આનંદ, ઉલ્લાસ, વિશ્વાસ, સાહસિકતા આવે છે. આથી પ્રકાશ કરતાં અંધકાર નબળો, ઊતરતો, અપ્રિય ગણાય છે. તમસ્ એ કાલિમાનો પર્યાય બની ગયો છે. અજ્ઞાનને અંધકાર તરીકે ઓળખાવવામાં આવે છે. જ્ઞાનને પ્રકાશ તરીકે વર્ણવામાં આવે છે. આમ પ્રાકૃતિક સંયોગોને કારણે પણ અંધકાર અને કાલિમાનું ગૌરવ થતું નથી. કાળાં ચશ્મા પહેરીને અમાસની અંધારી રાતે અંધારા ઓરડામાં બેઠેલી કાળી બિલાડીને શોધવાનો પ્રયત્ન નિરર્થક નીવડે છે.

કાળા રંગ પ્રત્યેનો મનુષ્ય જાતિનો અભિગમ આરંભ કાળથી જ નિષેધાત્મક રહ્યો છે. કલંકને કાળા તરીકે ઓળખાવવામાં આવે છે. દુરાચારી ભરેલા કાર્યને 'કાળાં કામાં' તરીકે ઓળખાવવામાં આવે છે. અનીતિના ધનને કાળાં નાણા કહેવામાં આવે છે. લોક- વ્યવહારમાં આ શબ્દ એટલી હદ સુધી ઘર કરી ગયો છે કે 'બ્લેક માર્કેટ' જેવો શબ્દ પણ વપરાય છે. અન્યાયી કાયદાને 'કાળા કાયદા' તરીકે અને ઇતિહાસની ક્રૂર ઘટનાઓને કાળા ઇતિહાસ તરીકે દર્શાવવામાં આવે છે.

ભારતીય સમાજ જીવનના વ્યવહારમાં કાળો રંગ અપશુકનિયાળ મનાય છે. કેટલીક ધાર્મિક વિધિઓમાં કાળાં વસ્ત્ર પહેરવાનો નિષેધ છે લગનમાં પણ વર કે કન્યા કાળાં વસ્ત્રો ધારણ કરી શકે નહિ. શુભ કામ માટે પ્રસ્થાન કરવાનું હોય એ વખતે સામેથી કાળા વસ્ત્રવાળી કોઇ વ્યક્તિ આવે તો તે કેટલાક લોકોમાં હજુ પણ અપશુકન રૂપ મનાય છે.

કાળા રંગ સાથે શોક, ગ્લાનિ, ગાંભીર્ય વગેરે સંકળાયેલાં છે. જૂના વખતથી કોઇકના મૃત્યુ પ્રસંગે સ્ત્રીઓમાં કાળાં વસ્ત્ર પહેરીને જ જવાનો રિવાજ ચાલ્યો આવે છે. તરત વિધવા થયેલી સ્ત્રી પણ ચાર-છ મહિના સુધી કાળું જ વસ્ત્ર પહેરતી. કેટલીક વિધવા સ્ત્રીઓ તો જીવન પર્યંત કાળું વસ્ત્ર ધારણ કરતી, હજુ પણ એવો રિવાજ ઘણે સ્થળે જોવા મળે છે.

મુસલમાન સ્ત્રીઓમાં કાળો બુરખો ધારણ કરવાની પ્રથા છે. યુરોપના કેટલાક સમાજમાં કોઇકના શોકના પ્રસંગે કાળી ટાઇ પહેરવાનો રિવાજ છે. આફ્રિકાના કેટલાક દેશોમાં સ્ત્રીઓ ઘરની બહાર જાય ત્યારે માથે કાળું વસ્ત્રો ધારણ કરવાનો રિવાજ છે. વર્તમાન સમયમાં સુશિક્ષિત માણસોમાં પણ કોઇક ઘટના પ્રત્યે પોતાનો વિરોધ દર્શાવવા માટે વસ્ત્રો ઉપર કાળી પટ્ટી લગાડવાનો રિવાજ છે. ન્યાયાલયોમાં વકીલો અને ન્યાયધીશો કાળો કોટ પહેરે છે. આમ આવા ગંભીર કે ગમગીન પ્રસંગોએ કાળા રંગને સ્થાન મળ્યું છે. અમાસની રાત્રિ કાળી હોવાથી તે શુકનવંતી મનાતી નથી.

જૈન ધર્મમાં લેશ્યાઓનું વર્ણન આવે છે. ચિત્તમાંથી ઉદ્ભવતા ભાવો, વિચારો, તરંગોને પણ પોતપોતાના સૂક્ષ્મ રંગ હોય છે. તે અનુસાર શુભ અને અશુભ મળીને છ લેશ્યાઓ ગણાવવામાં આવે છે-કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ અને શુક્લ. આ લેશ્યાઓમાં અશુભમાં અશુભ, સૌથી ખરાબ લેશ્યા તે કૃષ્ણ લેશ્યા છે. તેનો રંગ કાળો છે : મનુષ્યના ચિત્તમાંથી મલિન, હિંસક, પાપી, દુરાચારી વિચારો કે ભાવો ઉદ્ભવતાંની સાથે એના ચિત્તમાંથી કાળો સૂક્ષ્મ રંગ પણ નીકળે છે જે એના ચહેરા ઉપર અને સમગ્ર શરીરમાં પ્રસરવા લાગે છે. આમ લેશ્યાની દૃષ્ટિએ કાળો રંગ અશુભ ગણાય છે.

આમ છતાં કાળો રંગ સર્વથા અશુભ છે એમ નહિ કહી શકાય. એનું પણ યોગ્ય વિષયમાં, યોગ્ય પરિપ્રેક્ષ્યમાં ગૌરવભર્યું શુભ સ્થાન છે. કાળા રંગની કોઇ વિશિષ્ટ છાંય તરત મનને વશ કરી લે એવી અદભુત હોય છે.

ગોરા લોકોમાં કાળા લોકો પ્રત્યેનો તિરસ્કાર જેમ હતો તેમ બીજી બાજુ કાળા રંગ પ્રત્યેનું તેઓનું આકર્ષણ પણ હતું. ગોરી ચામડી પર કાળું વસ્ત્ર વધારે ઉઠાવદાર લાગે છે. આથી જ યુરોપમાં, વિશેષત: ફ્રેંચ મહિલાઓ એક જમાનામાં કાળાં વસ્ત્ર પહેરવાની ફેશન એટલી બધી પ્રચલિત બની ગઇ હતી કે પછી તો લગ્નાદિ શુભ પ્રસંગોએ પણ લોકોએ કાળાં વસ્ત્ર પહેરવાનું ચાલુ કર્યું હતું.

ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં મનુષ્યના કાળા રંગ માટે અભાવ નથી, કારણ કે ખુદ કૃષ્ણ ભગવાન, શંકર ભગવાન કે જૈનોના તીર્થંકર મુનિસુવ્રતસ્વામી અને નેમિનાથ ઘનશ્યામ વર્ણના કે કાજળ જેવા કાળા હતા. ગોરી ડેસ્ડિમોનાએ જેમ કાળા ઓથેલોની પસંદગી કરી હતી તેમ ગોરી યુવતીઓ કાળા વરને સહર્ષ પસંદ કરતી આવી છે. સમાજ ભલેને ટીકા કરે કે કાગડો દહીંથરું ઉપાડી ગયો.

નાયક શ્યામ હોય અને નાયિકા ગોરી હોય તો એ બંનેના મિલનને કવિઓ જુદી જુદી રીતે વર્ણવતા આવ્યા છે. શ્યામવર્ણો નાયક અને ગૌરવર્ણી નાયિકા એટલે જાણે કે કાળા વાદળમાં ઝબુકતી વીજળી. હેમચંદ્રાચાર્યે અપભ્રંશ વ્યાકરણમાં એક દૂહો ટાંક્યો છે જેમાં બતાવ્યું છે કે શ્યામ નાયક અને ચંપકવર્ણી નાયિકા એ બંને જાણે કે કસોટીના કાળા પત્થર ઉપર સુવર્ણની રેખા તાણી ન હોય ! તેઓ લખે છે :

'ढोल्ला सामला, धण चम्पावन्नी
नाई सुवण्णरेह कसवट्टई दिन्नि'

શ્રી કૃષ્ણ શ્યામવર્ણના છે અને રાધા ગોરી છે. આમ કૃષ્ણ અને રાધાનું યુગલ ગોરા અને કાળાના પ્રીતિયુક્ય સમન્વયનું પ્રતીક છે. પ્રિયતમ અને પ્રિયતમા વચ્ચે આ કાળા-ગોરાનો ભેદ રહેતો નથી. તેમ છતાં કવિઓ ક્યારેક પોતપોતાની કલ્પનાથી એ વિષયને બહેલાવે છે. કવિ દયારામે એક પદમાં કલ્પના કરી છે કે રાધા કૃષ્ણને સ્પર્શ કરવા દેતી નથી. કૃષ્ણ તેનું કારણ પૂછે છે. તો રાધા કહે છે કે તમે કાળા છો. તમારા અડવાથી હું કાળી થઇ જઇશ. કૃષ્ણ કહે છે કે એમ અડવાથી તું કાળી થઇ જવાની નથી અને છતાં મારા અડવાથી જો તું કાળી થાય તો તારા અડવાથી હું ગોરો થઇ જાઉં કે નહિ ? એટલે આપણા બંનેમાં એક ગોરું અને એક કાળું રહેશે જ. તેમ છતાં તને એમ જ હોય કે તારે ગોરા જ રહેવું છે તો તેનો પણ ઉપાય છે. બીજીવારના સ્પર્શથી ફરી હું કાળો થઇ જઇશ અને તું ગોરી થઇ શકશે. કૃષ્ણ કહે છે :

ફરી મળતાં રંગ અદલાબદલી,
તુજ તારો, મુજ મોરો રે...

કાળા રંગનો એક લાભ એ છે કે તેનામાં તેથી વધારે બગડવાની શક્યતા નથી. બીજો કોઇ પણ રંગ હોય તેને અન્ય કોઇ રંગનો કે ખુદ કાળા રંગનો ડાઘો લાગી શકે છે. પરંતુ કાળા રંગને બીજા કોઇ રંગનો ડાઘો લાગી શકતો નથી. ઉપલક દૃષ્ટિએ જોઇએ તો બધા રંગો કાળા રંગમાં છેવટે પરિણમી શકે છે. પરંતુ કાળો રંગ છેવટે કાળો જ રહે છે.

મીરાંબાઇએ લોકલજ્જાનો ત્યાગ કરીને કૃષ્ણભક્તિ માટે પ્રયાણ કર્યું ત્યારે કહ્યું :

'ચુંદડી ઓઢું તો રંગ ચુવે ને રંગ બેરંગી હોય,'
'ઓઢું હું કાળો કામળો, તો દૂજો ડાઘ ન લાગે કોઇ.'

કવિ દયારામે 'શ્યામ રંગ સમીપે' નામનું પદ લખ્યું છે. તેમાં પણ કવિએ કૃષ્ણ-ભક્તિને ચાતુરીથી ગૂંથી લીધી છે. શ્યામ કૃષ્ણથી રીસાયેલી ગોપી પ્રતિજ્ઞા લે છે :

'શ્યામ રંગ સમીપે ન જાઉં,
મારે આજ થકી શ્યામ રંગ સમીપે ન જાઉં...'

ગોપી જામ્બુ, રીંગણા વગેરે કાળી વસ્તુઓનો ત્યાગ કરવાનો નિર્ણય કરે છે. પરંતુ છેવટે કૃષ્ણ પ્રત્યેનું એનું આકર્ષણ એટલું બધું છે કે તે પોતાની પ્રતિજ્ઞામાં મક્કમ રહી શકતી નથી.

દુનિયામાં મનુષ્યના ફક્ત શ્વેત અને શ્યામ એવા બે જ રંગ નથી. કોઇકનો વર્ણ રતાશ પડતો ગોરો હોય છે, કોઇકનો પીળાશ પડતો હોય છે, કોઇકનો ઘઉં વર્ણો હોય છે, તો કોઇકનો સાધારણ શ્યામ વર્ણ હોય છે. જૈન ધર્મમાં તીર્થંકરો જુદા જુદા વર્ણના થયા છે. તીર્થંકરોમાં રાતા, શ્યામ, શ્વેત, નીલા અને કંચનવર્ણના હોય છે. વર્તમાન ચોવીશીના તીર્થંકરોમાં મુનિસુવ્રત અને નેમિનાથ એ બંને શ્યામ વર્ણના છે. કવિ કહે છે :

પદ્મપ્રભ ને વાસુપૂજ્ય, દોય રાતા કહીએ,
ચંદ્રપ્રભ ને સુવિધિનાથ, દોય ઉજ્જવલ લહીએ
મલ્લિનાથ ને પાર્શ્વનાથ, દોય નીલા નીરખ્યા
મુનિસુવ્રત ને નેમિનાથ, દોય અંજન સરીખા
સોળે જિન કંચન સમા એ, એવા જિન ચોવીસ
ધીરવિમલ પંડિત તણો જ્ઞાનવિમલ કહે શિષ્ય.

જૈન ધર્મ પ્રમાણે મનુષ્યની દેહાકૃતિ સાથે એના શરીરનો વર્ણ નામકર્મ અનુસાર હોય છે. તીર્થંકરોને પણ પોતાના નામકર્મ પ્રમાણે તેવો વર્ણ સાંપડે છે. એટલે કોઇ પણ વર્ણ ઉચ્ચતમ શુભ આશ્રયસ્થાન પ્રાપ્ત કરી શકે છે. અંજન જેવા કાળા વર્ણવાળી વ્યકિત જો તીર્થંકરપદ પ્રાપ્ત કરી શકતી હોય તો ચામડીના એ કાળા રંગનું તેજ કેટલું બધું આકર્ષક હશે !

જૈન ધર્મ પ્રમાણે અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પંચ પરમેષ્ઠિના જે જુદા જુદા રંગ બતાવવામાં આવ્યા છે તેમાં અરિહંતનો શ્વેત, સિધ્ધનો લાલ, આચાર્યનો પીળો, ઉપાધ્યાયનો લીલો અને સાધુનો કાળો રંગ બતાવવામાં આવે છે. સાધુ પદમાંથી જ ઉત્તરોત્તર આધ્યાત્મિક વિકાસ કરતા જઇ સિધ્ધપદ પામવાનું છે. એ દૃષ્ટિએ કાળો રંગ એ આધ્યાત્મિક સાધનાની પ્રથમ ભૂમિકાનો છે. આંખ બંધ કરતાંની સાથે નજર સામે સૌથી પહેલો જે રંગ આવે છે તે કાળો રંગ હોય છે. બંધ આંખે ચિત્તની સ્થિરતા પ્રાપ્ત થયા પછી ધ્યાનમાં જેમ જેમ આગળ વધાતું જાય તેમ તેમ કાળા રંગમાંથી બીજા રંગો તરફ જવાય છે. આમ આધ્યાત્મિક સાધનાના ક્ષેત્રમાં કાળા રંગનું મહત્ત્વ ઘણું જ છે. તંત્રવિદ્યામાં પણ કાળા રંગના અડદના દાણાનો ઉપયોગ અને પ્રયોગ જાણીતો છે.

ચામડીના રંગ કરતાં પણ મનુષ્યની મુખાકૃતિ વધારે મહત્વની છે અને તેમાં પણ તેના ગુણ લક્ષણો સૌથી મહત્ત્વનાં છે. કોઇ યુવતી શ્યામ હોય છતાં એની મુખાકૃતિ સુરેખ અને સપ્રમાણ હોય અને એથી એનું લાવણ્ય મનોરમ હોય તો એવી નમણી 'तन्वी श्यामा' યુવતી દેખાવે ગમી જાય એવી હોય છે. કોઇ યુવતીનો ચામડીનો રંગ શ્વેત હોય, પરંતુ તેની મુખાકૃતિ બેડોળ હોય, સ્વભાવે તે દુષ્ટ અને દુરાચારી હોય તો તેવી યુવતી જોવી ગમતી નથી.

કુદરતની રચના એવી ગજબ છે કે માનવીના રંગાકૃતિમાં પ્રદેશે પ્રદેશે ફરક હોવા છતાં માનવીના લોહીનો રંગ બધે જ એક સરખો છે અને લોહીના ગુણધર્મો પણ બધે જ એક સરખા છે. આ એક તત્ત્વ જ એવું છે કે જે મનુષ્ય અને મનુષ્ય વચ્ચે સમાનતા સ્થાપે છે. લોહીમાં કાળા-ગોરાનો, સ્ત્રી-પુરુષનો, ઊંચ-નીચનો, ગરીબ- તવંગરનો કોઇ ભેદ નથી. એથી જ જેઓના હૃદયમાં માનવ માત્રની સમાનતાની ભાવના ઊંડી ઊતરેલી છે તેઓને સર્વત્ર આ સમાનતાનો ભાવ જ અનુભવાય છે. ચામડીનો વર્ણ એમને માટે ક્યારેય અંતરાય રૂપ થતો નથી.

લોહીનો રંગ લાલ છે અને તે મનુષ્ય માત્રનો છે, એટલુ જ નહિ પશુ-પંખીઓના લોહીનો રંગ પણ લાલ છે. આમ લોહી એક એવું તત્ત્વ છે કે જે તમામ જીવ સૃષ્ટિમાં સમાનપણે પ્રવર્તે છે. એને લીધે જ મનુષ્યની બીજા જીવો પ્રત્યેની કરુણા નાનામાં નાના જીવ સુધી વિસ્તરી શકે છે.

જ્યાં કરુણાનો વિસ્તાર છે, જ્યાં આત્મૌપમ્યની ભાવના છે ત્યાં સંવાદ છે, સહકાર છે, સહિષ્ણુતા છે, પ્રેમ છે, આનંદ છે, ઉલ્લાસ છે અને ઊર્ધ્વગમન છે.

❑ રમણલાલ ચી. શાહ

# 'અસારે ખલુ સંસારે....'

❑ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

'અસારે ખલુ સંસારે સારં સારંગ લોચના' આચાર્ય ભગવંતે સ્તંભન પાર્શ્વનાથની એકાગ્રચિત્તે સ્તુતિ કરનારને જોઇને એકવાર વ્યાખ્યાન દરમ્યાન ઉપરનું વાક્ય ઉચ્ચાર્યું. તેથી નારાજ થયેલા બે ભાઇઓમાંથી વસ્તુપાલ વ્યાખ્યાન છોડી ચાલ્યા ગયા. મહારાજ સાહેબનો સ્થિરતાનો સમય પૂરો થવાના દિવસે વ્યાખ્યાનમાં તેમણે વાક્યના અનુસંધાનમાં કહયું કે : 'યસ્યા : કુક્ષિસમુત્પન્ના : વસ્તુપાલ ભવાદશા:' આથી સંતુષ્ટ થયેલા વસ્તુપાલે આનંદ વ્યક્ત કર્યો. કહેવાનું તાત્પર્ય આ હતું કે અસાર એવા સંસારમાં તીર્થંકરાદિ મહાન વિભૂતિઓ તથા હરિભદ્ર, હેમચંદ્રાચાર્ય જેવા આચાર્યો તથા જગડુશાહ, વસ્તુપાલ, જંબુસ્વામી જેવા મહાનુભાવોને જન્મ આપનારી સ્ત્રીઓ જ છે જેથી સંસાર સારભૂત લાગે.

આ લેખમાં વિવિધ પ્રકારની સ્ત્રીઓ જેવી કે મા, પુત્રી, પત્ની જેઠાણી, દેરાણી વગેરે કેવાં કેવાં ભાવો ભજવે છે તે જોઇએ.

આર્યરક્ષિત પેટને ઉપયોગી વિદ્યા ભણીને આવે છે ત્યારે તેનો લોકો દ્વારા ખૂબ સત્કાર થાય છે; પરંતુ માનું મુખ ઉદ્વિગ્ન હોય છે. આત્મવિષયક-આધ્યાત્મિક વિદ્યાનું જ્ઞાન સંપાદન ન કર્યાથી તેણી અસંતુષ્ટ છે. માની ખાતર મામા મહારાજ પાસે જૈન સાધુની દીક્ષા લઇ સાડાનવ પૂર્વોનો અભ્યાસ કરે છે તથા આખા કુટુંબને પછીથી દીક્ષિત કરે છે. કેવી સુંદર માતૃભક્તિ ! તેવીજ હતી કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની માતા માટેની ભક્તિ. જ્ઞાનામૃતં ભોજનમ્ કહેવાયું હોવા છતાં પણ સાંસારિક જ્ઞાન ગમે તેટલું હોય તો પણ અધ્યાત્મ ક્ષેત્ર માટે તે અજ્ઞાન છે; વિભંગ જ્ઞાન ગણાય છે. કેમ કે તે સમ્યગ્ દર્શન કે સમકિતી વગરનું છે. નવગ્રૈવકે પહોંચેલા તથા ચૌદ પૂર્વધારીઓ તે સ્થાનેથી પડતાં ઠેઠ નિગોદ કે પહેલા ગુણસ્થાનકે પહોંચી જાય છે. ચારિત્રના બળે નવવગ્રૈવક સુધી પહોંચી શકાય તથા ચૌદ પૂર્વોનો અભ્યાસ પણ હોય પરંતુ જો તેની સાથે મિથાયત્વ નષ્ટ ન થયું હોય તો તે બધું છારમાં લીંપણ સમાન છે.

આર્યરક્ષિતની મા આ સમજતી હતી તેથી પુત્રના શાસ્ત્રીય અભ્યાસ પ્રત્યે અણગમો અને તેને પોતાના મુખ પર વિષાદ દ્વારા કર્તવ્યપથ બતાવ્યો કે તું આત્માની વિદ્યા ભણ અને તે માટે તેને મામા મહારાજ પાસે જવાનુ થયું. ત્યાં તેણે સાડા નવ પૂર્વ સુધીનો અભ્યાસ કર્યો તથા માતૃભક્તિ સફળ કરી.

યથાર્થ કહેવાયું છે કે : 'ચરણકરણ વિપ્પહીણો બુડ્ઢઇ સુબહુવિ જાણંતો' અને 'પઢમં નાણં તઓ દયા.'

ભગવાન ઋષભદેવ જે આ અવસર્પિણીમાં પ્રથમ તીર્થંકર થયા તેમની બે પત્નીઓના ભરત-બાહુબલી જેવાં ૧૦૮ સંતાનો કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષગામી થયા. કેવું ઉમદા કુળ ! તેથી સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન નાન્ય સુતં ત્વદુપમં જનની પ્રસુતા.

માતા મરુદેવી કેવાં ધન્યાતિધન્ય કે જેણે પ્રથમ તીર્થંકર ઋષભદેવને જન્મ આપ્યો તથા પુત્ર મોહથી અભિભૂત થઇ હજાર વર્ષ સુધી રડી રડીને આંખની દૃષ્ટિ ગુમાવી દીધી. જે તેમણે ફરીથી કેવળી થયેલા પુત્રની જાહોજલાલી સાંભળી, માનસિક રીતે, તેમને પ્રથમ જોઇ, બાદમાં દૃષ્ટિ પણ મેળવી એટલું જ નહીં પરંતુ પુત્રની પહેલાં અનિત્યાદિ ભાવના ભાવતા કેવળી પુત્રની પહેલા મોક્ષના દ્વાર ખોલ્યા તથા પુત્ર માટે મોક્ષવધુ વરી લીધી તેમની કેવી કુખ હશે કે તેમના પુત્ર ઋષભની બે પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરી પણ મોક્ષગામી થયાં : તેમનો પુત્ર ભરત સ્નાનાગારમાં વીંટી પડી જવાથી મોક્ષ મેળવે છે. તેના પુત્ર તથા તેના પુત્રાદિ આઠ પેઢી સુધી આજ રીતે કેવળી થઇ મોક્ષપુરીના માનવંતા મહેમાનો બન્યા તેઓ છે : આદિત્યયશા, મહાયશા, અભિબલ, બલભદ્ર, બલવીર્ય, કીર્તિવીર્ય, જલવીર્ય અને તેના પુત્ર દંઠવીર્ય. આઠ પેઢી સુધી આ રાજાઓ રાજમુગટ પહેરી ભરતની જેમ અરિસા ભુવનમાં કેવળજ્ઞાન પામ્યા અને મોક્ષે ગયા. (કલ્પસૂત્ર સચિત્રમ્ પૃ. ૨૬૫)

અજૈન સાહિત્યમાં ગોપીચંદ વિલાસીવૃત્તિનો હોવાથી તેની મા નાખુશ હતી. એકવાર તેને સ્નાન કરાવતા તેના શરીર પર માના અશ્રુ પડે છે. ઉપર દૃષ્ટિ કરતાં માને કારણ પૂછે છે તે જાણી ગોપીચંદ સંસાર ત્યજી સંન્યાસી બની જાય છે.

છ વર્ષનો અઇમુત્ત જ્યારે ગણધર ગૌતમની સાથે જતાં ગોચરી ઉંચકવા જણાવે છે ત્યારે ગૌતમસ્વામી તને ન અપાય કારણ કે તેને માત્ર સંસાર ત્યાગી જ ઉંચકી શકે તેમ જણાવે છે. મહાવીરસ્વામીની વૈરાગ્ય ઝરતી અમોઘ વાણી સાંભળી ઘેર આવી માને દીક્ષિત થવા જણાવે છે. તેની મા શ્રીદેવી પાસેથી સાધુ જીવનની કઠણાઇ તથા પરીષહો વિષે સાંભળી વિગતે તેના યુક્તિ પુરઃસર પ્રત્યુત્તર આપી દીક્ષા લઇ કેવળી બને છે.

કૃષ્ણની મા દેવકી બબ્બેના જુથમાં સાધુને ભિક્ષા માટે આવતાં જોઇ; એકના એક ફરી ફરી કેમ આવે છે તેનું કારણ જાણી પોતાના જ પુત્રો છે તે જાણી; પોતે એકને સ્તનપાન કરાવે તેવી અભિલાષા સેવે છે. ગજસુકુમાલના જન્મથી તે સંતુષ્ટ થાય છે. જ્યારે તે ભગવાન નેમિનાથ પાસે દીક્ષિત થાય છે ત્યારે માતા તેને કહે છે કે આ ભવની તે છેલ્લી મા કરે; એટલે હવે જન્મવાનું ન રહે ને મુક્તિ પામે. માનો કેવો ભવ્યાતિભવ્ય વિચાર અને આશીર્વાદ !

માતાની સાથે કુમળી વયમાં દીક્ષિત થયેલો પુત્ર, ચારિત્રના પથમાંથી પતિત થયેલા પુત્ર-સાધુને ફરીને માર્ગસ્થિત કરવા માટે પ્રયત્નશીલ, અરણિકની મા-સાધ્વી, અરણિકને શોધવા ગાંડા જેવી બની 'અરણિક અરણિક'ના હૃદયદ્રાવી પોકારો પાડતી ભટકી રહી છે; ત્યારે તે શબ્દો કર્ણપથ પર અથડાતાં સફાળો થયેલો પુત્ર પ્રેયસીના પાસમાંથી છુટો થઇ માના ચરણમાં માથું ટેકવી હૃદયનો પશ્ચાત્તાપ કરે છે ત્યારે તેને દુઃખી મા ફરીથી દીક્ષિત થવાનું કહી એટલું ઉમેરે છે કે આ ચારિત્રનો માર્ગ કંટકભરેલો લાગે તો છેવટે અનશન પણ કરી તારો ઉધ્ધાર કરજે. કેવી કર્તવ્યનિષ્ઠ મા !

પોતાની પ્રત્યે કામાસક્તિથી પિડીત જેઠ કે જેણે કંટકરૂપી પોતાના લઘુ બાંધવનું મૃત્યુ લાવી દીધું છે તેઓ ક્રોધકષાયથી મોંઘેરું માનવ જીવન કલુષિત ન કરે તે શુભાશયથી રંડાપાના દુઃખને દૂર કરી પોતાના પ્રિય પતિ યુગબાહુની સદ્દગતિ થાય તે માટે હૈયાને કઠોર કરી નિર્યામણા કરાવનારી મદનરેખા ધન્ય થઇ; યશસ્વી નામના મેળવી પતિનો ઉધ્ધાર કર્યો. મૃત્યુ સમયે શુભ લેશ્યા કે શુભ અધ્યવસાયો બીજા જન્મમાં સાથે આવે છે માટે ને !

રાયપસેણીય સુત્તમાં સૂરિકંતા અને પ્રદેશી રાજાનો પ્રસંગ નિરૂપાયો છે. વાસનામાં ગળાડૂબ રાજાને સૂરિકંતા સર્વસ્વ હતી . તે તેની પાછળ પાગલ હતો. એક વાર વિલાસી રાજા કેશી ગણધરની વાણી સાંભળી વિરકત બને છે. વાસનાનો કીડો હવે પ્રદેશી સંયમી બને છે. પોતાના પ્રાણપ્રિય પતિની આ પરિવર્તિત પરિસ્થિતિ સહન ન થતાં સૂરિકંતા તેના ભોજનમાં વિષ ભેળવી દે છે. તેની ગંધ આવતા સંયમી પ્રદેશી આકુળવ્યાકુળ ન થતાં જીવનની લીલા સંકેલાય જાય તે પહેલાં પૌષધવ્રત ધારણ કરી લે છે. જાણે કે સંયમી જીવનનો બદલો લેતી હોય તેમ સૂરિકંતા ત્યાં પહોંચી જાણે વહાલ કરી વૈયાવચ્ચ કરતી હોય તેવો ડોળ કરી ગળે ટુંપો દેતા પહેલાં અલિંગન કરી પોતાનો છૂટો કેશકલાપ ગળાની આસપાસ વીંટાળી દઇ ટુંપો દઇ પ્રિયતમ બનેલા પતિનું નિર્દયી રીતે

કાશળ કાઢી નાંખે છે. ક્યાં મદનરેખા અને ક્યાં સૂરિકંતા ! બંને વચ્ચે આકાશપાતાળનું અંતર છે ને ?

મહાન સમ્રાટ શ્રેણિક રાજા મિથ્યાત્વી, શીકારી, દુરાચારી જીવન જીવતા હતા. તે ચેડી રાજા કે ચુસ્ત જૈનધર્મી હતા તેની પુત્રી જયેષ્ઠાના પ્રેમમાં પડી પત્ની બનાવવાનું સોનેરી સ્વપ્નું સેવતા હતા. તેને મેળવવા ખાઇ ખોદાવી ઉઠાવી જવાની સંપૂર્ણ તૈયારી કરી લીધી હોય છે. નિર્ણાયક દિવસે જયેષ્ઠા આવી પણ ઘરેણાનો ડબ્બો લેવા ફરી પાછી ફરે છે. તેને વિદાય કરવા પાછળથી આવેલી ચેલ્લણાને જયેષ્ઠા છે એમ માની શ્રેણિક ચેલ્લણા સાથે જતા રહે છે. ખરી સ્થિતિ જાણ્યા પછી ચેલ્લણા મિથ્યાત્વી શ્રેણિકને ક્ષાયિક સમકિતી બનાવે છે એટલું જ નહીં પરંતુ જૈન સાધુની પરીક્ષામાં પૂરાયેલા સાધુ અલખનિરંજન કહી જ્યારે બહાર નીકળી મેદનીને આશ્ચર્યચકિત કરી મૂકે છે ત્યારે ચેલ્લણા સંતુષ્ટ થાય છે અને પત્ની તરીકેની ફરજ સફળ કરે છે.

જેને સ્થાને તે આવી છે તે તેની બેન જયેષ્ઠા આ ભવમાં બીજો પતિ પણ ભવાડો ન કરાવે તેમ માની સંસારથી વિમુખ થઇ વૈરાગ્ય રસમાં મશગુલ થઇ ચારિત્રનો પથ પકડી લે છે. કેવી બે નિરાળી જૈનત્વથી ભાવિત થયેલી ભગિનીઓ !

નેમિનાથ જેવા પતિની સાથે જેને નવ નવ ભવનનો સ્નેહતંતુ હતો તેઓ જ્યારે પશુના કલરવથી પાછા ફરે છે ત્યારે રાજીમતિ દીક્ષિત થયેલા નેમનાથ પાસે રથનેમિની સાથે દીક્ષા ગ્રહણ કરે છે. એક વાર અચાનક વર્ષા થતાં ભીંના કપડાં સુકવતાં નિર્વસ્ત્ર રાજીમતિને જોઇ કામાતુર રથનેમિ ભોગ ભોગવવા આમંત્રે છે; ત્યારે માર્ગચ્યુત રથનેમિને રાજીમતિ સન્માર્ગે પ્રસ્થાપિત કરે છે; અને તપશ્ચર્યાદિ કરી, સિલ્દ્પુરીના દ્વારે નેમિનાથને મળવા તેમની પૂર્વે સિદ્ધિ પ્રાપ્ત કરી કેવળી બની ત્યાં તેમની સાથે સિલ્દ્પણાનું સામ્રાજ્ય મેળવે છે. મનથી વરેલા પતિ ન મળતા તે એક ભવમાં બીજા પતિની ઇચ્છા કરતી નથી. પરંતુ નવ નવ ભવની પ્રીતિને સિલ્દ્શિલામાં સિલ્દ્ગતિ મેળવીને સાર્થક કરે છે. સ્ત્રીને એક ભવમાં પતિ એક જ હોય તેવો કેવો સુંદર આર્યનારીનો આદર્શ !

આનાથી વિપરીત બ્રહ્મદત્તની માતા ચુલણી પતિના મૃત્યુ પછી વિષયો ભોગવવામાં કંટક સમાન પોતાના પુત્ર બ્રહ્મદત્ત કે જેનો જન્મ ચૌદ સ્વપ્નો જોયા પછી થયો છે તેનું કાશળ કાઢી નાંખવા લાખના ગૃહમાં બાળી નાંખવા સુધીનો માર્ગ અખત્યાર કરે છે.

શ્રીપાલરાજાની પત્ની મયણાસુંદરીને પિતાએ મમત્વ ખાતર કોઢિયા સાથે પરણાવી હતી. તે ચુસ્ત ધર્મી તથા આરાધના પરાયણ હોવાથી ભગવાન આદિનાથની પૂજાદિ કરતાં તેને ધર્મનું સાક્ષાત્ ફળ મળ્યું. નવણથી પતિ તથા અન્ય ૭૦૦નો કોઢનો રોગ દૂર થયો. પતિને પણ ધર્મપરાયણ બનાવી આયંબિલની ઓળી તથા અન્ય ધાર્મિક કાર્ય કરનારો બનાવ્યો. કર્મના સિલ્દ્ધાંતમાં કેવી અતૂટ, અડોલ, અડગ શ્રદ્ધા !

શ્રીપાલની બીજી આઠ પત્નીઓ પણ ધર્મવૃત્તિવાળી હતી. તેમાંની એકે તો શ્રીપાલરાજા પાસે નગરના ચાર દરવાજા બંધ થતાં બધાંને ત્રણ દરવાજા ઉઘાડીને ચકિત કર્યા તથા જૈન ધર્મમાં રૂચિવાળા બનાવ્યા. કેવી શ્રીપાલની આદર્શ ધર્મપરાયણ પત્નીઓ !

જંબુસ્વામીની સાથે તેની આઠ પત્નીઓ પણ પતિચિંધેલા સંયમના માર્ગે ચાલી નીકળી.

ગુણસાગરની સાથે મનોરમાએ પણ સંયમનો માર્ગ સ્વીકારી લીધો. પતિની સાથે ધર્મમાં પણ અર્ધાંગની ખરીને ?

શાલિભદ્રની માતા કે જે સંપત્તિના સાગરમાં આળોટતી હતી; તેણે ભદ્રા નામ સાર્થક કરી બતાવવા પુત્રને દીક્ષા અંગિકાર કરવામાં થોડી આનાકાની બાદ રજા આપીને ? સુકોમળ પુત્ર પરિષહો કેવી રીતે સહન કરશે તે વસવસાને લીધે ને ? છતાં પણ દીક્ષાના માર્ગમાં અંતરાય ઉભા કર્યા નહિ.

શ્રી કૃષ્ણ જૈન મત પ્રમાણે ચારિત્રમોહનીય કર્મના ઉદયને લીધે પોતે દીક્ષા લઇ શકે તેમ ન હતા છતાં પણ જે સ્ત્રીવર્ગ તે લેવા ઉત્સુક થાય તેનો ભાર પોતે વહન કરવા તૈયાર થતા તથા પુત્રીઓને પણ તે માટે પ્રોત્સાહિત કરતા. જે કોઇ સ્ત્રી કે પુરૂષ દીક્ષા માટે તૈયાર થતાં તેના કુટુંબના ભરણપોષણનો ભાર ઉપાડવા કટિબલ્દ્ હતા. ક્ષાયિક સમકિતી હતા છતાં પણ ચારિત્રમોહનીય કર્મના ઉદયે સંસાર છોડી શકતા ન હતા. બીજાને તે છોડવા ઉત્સાહિત કરતા. સ્ત્રીઓ તેણે બતાવેલા માર્ગે સંચરતી રથકાર નાગરસિકની પત્ની સુલસા જૈનધર્મી તથા સમક્તિ દૃષ્ટિવાળી હતી. તેની પરીક્ષા કરવા એક વાર સાધુ માટે લક્ષપાક્ તેલની જરૂર છે એમ કહી તેને એક શીશો તેલનો લાવવા જણાવે છે. માર્ગમાં દેવ તેને હાથમાંથી પાડી નાંખે છે. બીજો લાવે છે તેનું પણ એવું જ થાય છે. ત્રીજો શીશો પણ ફૂટી જાય છે. તેથી દિવસ બાદ ફરી આવવા કહે છે ત્યારે દેવ પ્રગટ થઇ ખુશી થઇ આનંદ વ્યક્ત કરે છે. બીજી વાર પતિની ઇચ્છા પ્રમાણએ દેવની ગુટિકાઓથી ૩૨ પુત્રો થાય છે. તેને પ્રસુતિ વખતે ફરી દેવ મદદ કરે છે. પુત્રોના મૃત્યુથી તે જરા પણ શોકાન્તિત થતી નથી. સમતા રાખે છે.

અંબડ પરિવ્રાજક બ્રહ્મા, વિષ્ણુ, શિવ વિકુર્વી આંખા નગરને ઘેલું કરે છે છતાં પણ મિથ્યાત્વી દેવને ન માનનારી સમકિત ભ્રષ્ટ ન થાય તેથી તેઓના દર્શન માટે જતી નથી. ત્યારે ચોથી વાર ૨૫માં તીર્થંકરનું રૂપ વિકુર્વે છે. ૨૪ થી વધુ તીર્થંકરો ન હોય તેવી દૃઢ શ્રલ્દ્ધાથી વિચલિત ન થઇ. કેવી અડગ શ્રદ્ધા ! આગામી ઉત્સર્પિણીમાં સુલસા ૧૫મા નિર્મમ નામે તીર્થંકર થશે. તેણીને અંબડ છેવટે ભગવાન મહાવીરના તરફથી ધર્મલાભ કહેવડાવે છે. સુલસા આનંદ વિભોર થઇ જાય છે. કેવી સાલસ પત્ની !

ધારિણી રાણી રાજ્યમાં વિપ્લવ થવાથી પોતાની પુત્રી ચંદનબાળા (વસુમતિ)ને લઇને ભાગી છુટે છે. માર્ગમાં કામાતુર કામી તેને પોતાની પત્ની બનાવવાનું કહે છે ત્યારે તે જીભ કરડી મૃત્યુ પામે છે. કેવી હતી શીલ રક્ષવા માટેની તમન્ના ! પતિના મૃત્યુ બાદ મૃત્યુનું શરણ લઇ આત્માને અકલંકિત રાખે છે. આદર્શ નારી ખરીને ! તેની પુત્રી જે પછીથી ચંદનબાળા તરીકે ખ્યાતિ પામે છે; માતાને પકડી લાવનાર તેને બજારમાં વેચી દે છે. વેશ્યા પાસેથી ફરી તેને વાંદરો છોડાવે છે. ત્યારે એક શેઠ માનવતા ખાતર તેને પોતાના ઘેર લઇ જાય છે. એક વાર શેઠના પગ ધોવાના પ્રસંગથી તેની પત્ની મૂળા શેઠાણી તેને ઓરડામાં પૂરે છે, માથું મુંડાવે છે, પગમાં બેડી પહેરાવે છે. ત્રણ દિવસના ઉપવાસ પછી શેઠ પાછા ફરે છે. ત્યારે છ મહિનાના ઉપવાસી ભગવાન મહાવીરસ્વામીને વહોરાવવા શેઠ દ્વારા બંધનમુક્ત થયેલી ચંદના પાછા ફરેલા ભગવાનને જોતાં; તેના આંખમાંથી અશ્રુબિંદુ સરી પડે છે. ભગવાનનો અભિગ્રહ પૂર્ણ થવાતી દેવદુંદુભિ સહિત છ દિવ્યો પ્રગટ થાય છે. કેવી શીલવતી માતાની સુશીલ પુત્રી ! બધા (૩૬૦૦૦) સાધ્વીજીઓની પ્રવર્તિની બને છે.

સુપ્રસિલ્દ્ સંસ્કૃત મહાકવિઓમાં જેની દાનશીલની કીર્તિ કર્ણની યાદ અપાવે તેવી છે તેની એક કૃતિ તેની પત્ની માલ્હણાદેવી ધારાનગરીના રાજા પાસે લઇ ગઇ. તેનાથી સંતુષ્ટ થયેલા રાજાએ તેને ત્રણ લાખનું દાન આપ્યું. માર્ગમાં પાછા વળતા યાચકોનું ટોળું તેને વીંટળાઇ ગયું. પ્રાણ પ્રિય પતિની યશઃ પતાકાને ફરફરતી રાખવા મળેલું દાન તેઓને આપી દીધું. દાનેશ્વરીની પત્નીએ દાનવીરની દાનશીલતાને યશસ્વી બનાવી દીધી. ત્યારબાદ પતિ પાસે અશ્રુ સિવાય કંઇ પણ અવશિષ્ટ ન રહેતા યાચકવર્ગને ન આપી શકવાથી તેના પ્રાણ પણ ચાલી ગયા. કેવી આદર્શ પત્ની હતી માઘની !

અભયારાણીના કપટમાં ન ફસાવાથી જેના ઉપર લાજ લુટવાનું ખોટું આળ ચડાવવામાં આવ્યું છે તે સુદર્શન શેઠની પત્ની મનોરમા જે

ધર્મનિષ્ઠ પતિની ધર્મપરાયણ પત્ની હતી તેણે તરત જ અભિગ્રહ કાયોત્સર્ગ ધારણ કરી લીધો અને જ્યારે સુળીનું સિંહાસન થઇ ગયું ત્યારે કાયોત્સર્ગ પાળ્યું (પાર્યું). કેવી અડગ નિશ્ચયવાળી ધન્યાતિધન્ય પત્ની કે જેને પતિના ચારિત્ર વિષે લેશ પણ શંકા ન હતી. પતિના ચારિત્રમાં પણ લેશ માત્ર શંકા ન રાખનાર પત્નીઓ તો જૈન ધર્મના ઇતિહાસમાં જોવા મળે તેમાં કંઇ નવાઇ જેવું નથી. પ્રાચીન સમયના સ્ત્રી-પુરુષોમાં જૈન ધર્મ તથા જૈન દર્શનના સિદ્ધાંતો આત્મસાત થયેલાં હતાં.

ભગવાન ઋષભદેવની પુત્રી બ્રાહ્મી અને સુંદરી બે બહેનો હતાં કે જેમણે બાહુબલી જેવા અભિમાનરૂપી ગજ પર બેઠેલાની માનની ગાંઠોને ખોલી, તેમના અંતરનો અંધકાર મટાડીને કેવળજ્ઞાનનો પ્રકાશ; કદમ ઉઠાવતા, સમસ્ત વિકલ્પો નષ્ટ થતા પ્રકાશી ઉઠ્યો. માટે સરળ અને નમ્ર બનવાની જરૂર છે.

સમ્રાટ અશોકનો પુત્ર સંપ્રતિ વિજય મેળવી પાછો ફરે છે ત્યારે નિર્દોષના વધથી નાખુશ થયેલી માતાને આનંદિત કરવા તેણે સમગ્ર રાષ્ટ્રમાં અહિંસાનો ધ્વજ ફરકાવ્યો અને માનું મુખ અહિંસાની ઘોષણાથી પુલકિત થયું.

જૈન જગતની ઝગમગતી તારિકાઓ કે જેઓ પ્રતિદિન રાઇ પ્રતિક્રમણ કરતાં આપણા માનસપટ પર ઉદય પામી આપણા જીવનને નવો રાહ બતાવે છે. તેઓ કોઇક ભદ્રિક જીવોની માતા, પુત્રી કે પત્ની તરીકે પ્રગટ થાય છે. તેઓ છે :

સુલસા, ચંદનબાળા, મણોરમા, મયણરેહા, દમયંતી, નમયાસુંદરી, સીયા, નંદા, ભદ્રા, સુભદ્રા, રાઇમઇ, રિસિદત્તા, પઉમાવઇ, અંજણા, સિરીદેવી, જિટ્ઠા, સુજિટ્ઠા, મિગાવઇ, પભાવઇ, ચિલ્લણાદેવી, બંભી, સુંદરી, રૂપ્પિણી, ધારણી, કલાવઇ, પુપ્ફચૂલા, રેવઇ, કુંતી, સિવા, જયંતી, દેવઇ, ધેવઇ, ગોરી, ગંધારી, લક્ખમણા, સુસીમા, જંબૂવઇ, સચ્ચભામા, કણ્હડટ્ઠ મહિસીઓ, જક્ખા, જક્ખદિન્ના, ભૂઆ, ભૂઅદિન્ના, સેણા, વેણા, રેણા (સ્થુલિભદ્રની સાત બેનો) વગેરે અકલંકિત શીલવિભૂષિત હોવાથી અદ્યાવધિ તેઓનો યશપડહ ત્રણે જગતમાં વાગી રહ્યો છે. તેથી તેઓને ભરહેસરની સજ્ઝાયમાં આપણે યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ. ઉપર્યુક્ત સન્નારીઓ વિષેની કથા સુપ્રસિદ્ધ હોવાથી વિસ્તાર ન કરતાં આટલો જ નિર્દેશ ઉપયુક્ત ગણીએ.

વીરધવલ રાજાને ત્યાં વસ્તુપાલ-તેજપાલ નોકરીએ હતા. તેઓએ સંપત્તિ, જીવન માટે રાખી બાકીનાનું સખાવત કરી નાંખ્યું. ઇર્ષાળુ લોકોએ વીરધવલના કાન ભંભેર્યા કે તમારી સંપત્તિથી વસ્તુપાલ-તેજપાલની લોકો યશગાથા બોલે છે. તેથી કોપાયમાન થયેલા રાજાએ સંન્યાસીનો સ્વાંગ સજી તેમને મારવા ભોજનાર્થે સખાવતમાં જાય છે. તેમને જોઇ તેમની પત્ની અનુપમાદેવી કે જેણે કિંમતી સાડી પહેરી હતી તેનાથી તેઓનુ ધીવાળું પાત્ર લૂછે છે. વીરધવલ તેના મુખે રાજાની આ સંપત્તિ છે, રાજાની કૃપાથી આ બધું થાય છે; ત્યારે તે વાત જાણી વીરધવલ માફી માંગે છે અને કહે છે કે તેઓ આજે સાધુના સ્વાંગમાં તેઓને મારવા આવ્યા હતા.

બીજા પ્રસંગે જ્યારે પોતાની સંપત્તિમાં ચરૂ મળ્યા ત્યારે તેનો ઉપયોગ જિનેશ્વરના મંદિરમાં તે ચરૂ દ્વારા મળેલું ધન વાપર્યું તથા પ્રતિદિન કારીગરોને રજકણના જેટલી ચાંદી અપાતી તથા તેઓના સ્વાસ્થ્યની ખડેપગે દરકાર કરતાં તેથી તેમને અનુપમાદેવીનું માનદ બિરૂદ મળ્યું હતું. કારીગરો પર રાતદિન દેખરેખ રાખવાથી, આરોગ્યયાદિની ચિંતા કરવાથી, છૂટા હાથે મજુરી ઉપરાંત દાન આપતી, તમામ કોમના દીન-દુઃખિઓને તે જે ઉદારતાથી અનુકંપાદાન કરતા તેથી તેને બધાં ષડદર્શન-માતા કહેતા.

પાહિણી જે બાળકને જન્મ આપ્યો તેને સાથે લઇ તે એકવાર ગુરૂશ્રી દેવચંદ્રસૂરીશ્વરને વંદન કરવા આવી. તેનું પોતાના આસન પર બેસી જવું તથા મુખ પરની કાંન્તિ જોઇને તેના બાળક શાસન સમ્રાટ બને તેમ લાગવાથી ગુરુએ પાહિણી પાસે પોતાની ઇચ્છા 'શાસનને ચરણે તેની ભેટ ધરવાની' જણાવી. ત્યારે પતિની ગેરહાજરીમાં હસતા મુખે બાળકને શાસનની સેવા માટે આપી દીધો અને તે સોમચંદ્રમાંથી અલૌકિક પ્રતિભા અને પ્રજ્ઞા વડે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્ર બની ગુજરાતના ઇતિહાસમાં અમર નામ કરાવનાર એ સુપુતની માતા પાહિણીને ધન્યવાદ. એક મહાન શ્રાવિકા પોતાના કલેજાના ટુકડાંનું અને પુત્રમોહનું બલિદાન કેવી શાસનનિષ્ઠાથી આપી શકે છે એનું જીવંત અને જાગૃત પ્રતીક ! પ્રાંતે પાહિણીએ પુત્રના પવિત્ર પંથે પગરવ પાડી પ્રવર્તિની પદને વિભુષિત કર્યું.

રેવતી મહાશતકની ૧૩ પત્નીઓમાંથી એક હતી. તેણી એ ૧૨ શોક્યોમાંથી છને ઝેર આપી મારી નાંખી તથા છને શસ્ત્ર વડે હણી નાંખી. ત્યારબાદ મહાશતકને પૌષધવ્રતમાં હોવા છતાં પણ ઝેર આપી મારી નાખ્યા. આ રેવતી મદિરા તથા માંસ ખાનારી હતી. તેનાથી વિપરીત બીજી રેવતી કે જેણે ભગવાન મહાવીરને બિજોરાપાક વહોરાવ્યો હતો. ગોશાલકે કેવળી ભગવંત મહાવીરના ઉપર તેજોલેશ્યા છોડી ત્યારે તેમને લોહીના ઝાડા થયા. તેના પ્રતિકાર રૂપે બિજોરાપાકની જરૂર હતી. રેવતીએ હર્ષોલ્લાસપૂર્વક ભાવભીના હદયે તે વહોરાવ્યો. તે દ્વારા ઉપાર્જીત કરેલા પુણ્યાનુબંધી પુણ્યના પરિપાક રૂપે તે આગામી ઉત્સર્પિણીમાં થનારા ૨૪ તીર્થંકરોમાં સત્તરમા તીર્થંકર સમાધિ નામે થશે.

જૈન ધર્મમાં નાત-જાત, સ્ત્રી-પુરુષ, ઉંચ-નીચાદિનો ભેદ નથી એટલે કે જો તે જીવો ગુણસ્થાનકે ચઢવા અપૂર્વકરણાદિ કરે તો તેઓ પણ મોક્ષ મેળવી શકે તેમ છે અને તેમાં મલ્લિનાથ, સુલસા, રેવતી જેવાં સ્ત્રીરત્નો પણ તીર્થંકર પદ પ્રાપ્ત કરે છે.

પુષ્પચૂલા તેના ભાઇ સાથે લગ્નગ્રંથીથી જોડાઇ છે તે જાણ્યા પછી દીક્ષા લેવા પતિને જણાવે છે. તેમા રાજ્યમાં રહેવાનું તથા પ્રતિદિન તેના દર્શન કરે તેવી બે શરતો પછી દીક્ષા લીધી તેના જીવનમાં બાહ્ય તથા આભ્યંતર બંને પ્રકારના તપ હતા. તેના રાગ-દ્રેષ ખૂબ પાતળા પડી ગયા હતા. ઉત્કૃષ્ટ ભાવે વૃદ્ધ ગુરુની વૈયાવચ્ચ કરતાં આત્મસ્વરૂપના રટણ ઉપર ચઢતાં ઘાતી કર્મોનો ક્ષય થયો; પુષ્પચૂલા સાધ્વીજીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. અર્ણિકાપુત્ર-ગુરુને પણ નદી પાર કરતાં કેવળી થશો તેવું તેના કહેવાથી ગોચરી બાજુ પર મૂકી ગંગા નદી પાર કરવા પ્રમાદ ન કરતાં; ચાલવાની તાકાત ન હોવા છતાં પણ ભગવંતના વચને અપૂર્વ જોમ આવ્યું હિંમત ભેગી કરી ઊભા થયા. પહોંચ્યા કિનારે નૌકામાં બેઠા. મુસાફરોએ તેમને નદીમાં ફેંક્યાં પૂર્વના વૈરી દેવે ભાલાની અણી પર ઝીલ્યા. લોહીના પડી રહેલા બિંદુથી પાણીના જીવોની હિંસા થશે તેથી પાપી શરીરનો ધિક્કાર કરતાં કરતાં કેવળી થઇ ગયા. ગુરુ-શિષ્યા બંને અપ્રતિપાતી જ્ઞાનના અધિકારી બની ગયા. ભાવના ભવનાશિની ને ! પ્રભંજના રાજકુંવરીના લગ્નની ચોરી તૈયાર થઇ ગઇ છે. મિત્રમંડળ તથા સગાંસંબંધીથી ઘર ભરાઇ ગયું છે. સોળે શણગાર સજી તથા વિભૂષિત થઇ તે છેલ્લે છેલ્લે સાધ્વીજી વાંદવા હજાર સખીવૃંદ સાથે નીકળી પડે છે. તેને જોઇ સુવ્રતા સાધ્વીજી વૈરાગ્ય નિગળતી વાણીમાં ધર્મોપદેશ સંભળાવે છે. તેના પર હદયપૂર્વક મનન કરતાં ધર્મ-ધ્યાન અને ત્યારબાદ શુકલધ્યાનના ચરણો ચઢતાં ચઢતાં કેવળી બની જાય છે. દેવો તેનો ઉત્સવ ઉજવવા આવે છે. પ્રભંજનાને લગ્નની ચોરીમાં મંગળફેરા ફરવાનું તો બાજુ પર રહી ગયું; પરંતુ તેણીએ ભવના ફેરા ફરવાનું હંમેશને માટે બંધ કરી દીધું. આવાં આવાં દષ્ટાન્તો જૈનધર્મના ઇતિહાસના પૃષ્ઠોને અલંકૃત કરે છે.

એક રાજાએ ચોરી કરનાર મોટા ચોરને પકડ્યો છે. તેને ફાંસી આપવાની છે. તે રાજાને ૯૯ પત્નીઓ છે. તેમાંની ૯૮ માનીની છે

અને એક અણમાનિતી. તેઓ રાજાને કહે છે ચોરે દરેકના ઘેર એકેક દિવસ આવવું અને ત્યારપછી ફાંસી આપવી. રાજા તે વાત માન્ય કરે છે. દરેકે દરેક ૯૮ રાણીઓ સારી રીતે સરભરા કરે છે છતાં પણ તે મૃત્યુના ભયથી ખુશ નથી. છેલ્લે અણમાનીતી રાણી તેને અભયદાન આપવાનું જણાવે છે. રાજા તેની વાત કબૂલ કરે છે. તેની માંગણીથી રાજાની તે માનીતી બને છે. ચોર મુક્ત થાય છે. કેવો પ્રતાપ છે અભયદાનનો ! તેથી બધાં દાનમાં અભયદાનને શ્રેષ્ઠ ગણાવાયું છે : 'દાનાનાં અભયદાનં.'

આથી ઉલટું સમ્રાટ અશોકના પુત્ર પ્રત્યે આકર્ષિત થયેલી સાવકી મા તિષ્યરક્ષિતા પતિ પાસેથી બે વરદાન મેળવી; જ્યારે કુણાલ તેને વશ ન થયો ત્યારે અશોકની મુદ્રાથી અંકિત થયેલા અશોકના પત્ર દ્વારા 'કુણાલ: અધિયતામ્'ની જગ્યાએ 'કુણાલ : અંધિયતામ્' એવું એના ઉપર મીંડુ મૂકી; અર્થનો અનર્થ કર્યો.

બુધ્ધદાસ નામના બૌદ્ધધર્મી એક યુવાને જૈનધર્મમાં ચુસ્ત શ્રદ્ધાળુ છું એમ કહી જૈનધર્મી કન્યા સુભદ્રા સાથે લગ્ન કર્યા. લગ્ન પછી બધાં સાસરિયા તેને દુઃખી કરે છે. એકવાર કોઇ સાધુની આંખમાંથી જીભ વડે કસ્તર કાઢી રહેલી તેને જોઇ ગયેલી સાસુ તથા પતિ વગેરે ખૂબ ત્રાસ આપે છે. નગરના દરવાજા બંધ થઇ ગયા. બધાં ત્રાહિ ત્રાહિ પોકારી ગયાં. દૈવીવાણી થઇ કે કોઇ સતી સ્ત્રી કાચા સુતરના તાંતણે ચારણી દ્વારા કુવામાંથી પાણી છાંટે તો દ્વારોદ્‌ઘાટન થાય. તે પ્રસંગે ખુદ રાજરાણી વગેરે તે પ્રમાણે ન કરી શકતાં સુભદ્રાએ તે માટે સાસુને વિનંતી કરી. તું કુલટા છે વગેરેથી તેને ધુત્કારી કાઢી. છતાં પણ પ્રયત્ન કરવા જણાવ્યું. ત્યાં જઇ જો મેં મારા પતિ સિવાય. કોઇને પણ મનથી ન ઇચ્છયો હોય તો દ્વાર ખુલી જજો. તે પ્રમાણે થતાં તેનો તથા જૈન ધર્મનો જયજયકાર થયો.

જૈન રામાયણ પ્રમાણે રાવણને ત્યાં રહેલી સતી સીતાને રામે ત્યાગ કર્યો ત્યારે અગ્નિ પરીક્ષામાં જ્યાં સીતા અગ્નિકુંડમાં પડ્યા ત્યારે અગ્નિ તેના સતીત્વના પ્રભાવથી પાણીથી ભરાઇ ગયો અને કુંડ દેવનું વિમાન બની ગયું. મહેલમાં પાછા ન ફરતા જણાવ્યું કે મને વારંવાર મારા કર્મે છેતરી છે. રામને કહે છે કે આપણો સંબંધ પૂરો થયો. સીતાજી દીક્ષા લે છે. સંયમ લઇ બંને પ્રકારના પ્રસંગોમાં તત્ત્વજ્ઞાન જાણનાર સીતા સમતોલ રહે છે. કર્મના બંધનો તોડી નાંખ્યા. છેલ્લે રામને કહે છે કે મારા જેવી અનેક સીતાઓ તમને મળશે પણ આવો વીતરાગ ધર્મ વારંવાર નહિ મળે, આ મળેલા ઉત્તમ ધર્મને છેહ દેશો નહિ. કેવો ઉમદા ઉપદેશ.

જૈન મહાભારત પ્રમાણે નળરાજાએ ગાઢ જંગલમાં સતી દમયંતીને તરછોડી ચાલી ગયા ત્યારે ઘણા વર્ષો સુધી સતીત્વના પ્રતાપથી નવકારમંત્રના રટણથી શીલને જરાપણ આંચ ન આવવા દીધી અને અગ્નિપરીક્ષા રૂપી દુઃખના દાવનલમાંથી હેમખેમ બહાર આવી. દુષ્ટ તત્ત્વો લક્ષ્મણરેખા ઓળંગી ન શક્યા.

જૈન દર્શનમાં ચાર યોગોમાં ધર્મકથાયોગનું આગવું મહત્ત્વ છે; કેમકે સમકિતી જીવસાર એવા સંસારને કંસાર જેવો ન સમજી ગુણશ્રેણિ પર ક્રમિક ઉત્ક્રાંતિ કરવા, સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્રાદિ રૂપી મોક્ષમાર્ગને ચરિતાર્થ કરવા અપૂર્વ પુરુષાર્થ કરી ક્યારે પણ ન મેળવેલા અદ્વિતીય પુરુષાર્થ દ્વારા અહિંસા-સંયમ-તપની સાધના કરી દાન-શીલ-તપ અને ભાવ દ્વારા અસાર એવા સંસારનો અંત લાવી સિધ્ધપુરીના પથિક બને છે. આ ઉમદા પ્રયત્નમાં નારી મહત્ત્વનો ભાગ ભજવી શકે તે ઉપરના વિહંગાવલોકનથી જોઇ શકાય છે.

જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી તથા The hand that rocks the cradle rules the world આ બે મહાવાક્યો પ્રતિપાદિત કરે છે કે પ્રત્યેક મહાપુરુષની પાછળ કોઇ સ્ત્રીનો હાથ રહેલો છે.

જૈનોનું સાહિત્ય ઘણું વિશાળ છે. તેમાં ધાર્મિક નીતિ, સમાજ, ખગોળ, ભૂગોળ, તત્ત્વજ્ઞાન, મોક્ષ પ્રાપ્તિના વિવિધ ઉપાયો, જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ અનેકાનેક ગંભીર વિષયો પર જે લખાયું છે; તે ગણધરે ગુંથેલા આગમોમાંથી સનાતન સત્યરૂપે કોઇ પણ પ્રયોગશાળા વગર ત્રિકાળાબાધિત સત્યો પ્રતિપાદિત કરેલાં છે જે સમગ્ર વિશ્વમાં બેનમૂન તથા આશ્ચર્યકારી છે.

□□□

# લજ્જા-શ્રાવકજીવનની લક્ષ્મણરેખા

□ પ્રા. મલૂકચંદ ર. શાહ

માર્ગાનુસારી શ્રાવકના જીવનમાં ધર્મારાધનામાં સફળતા માટે આચાર્યસમ્રાટ શ્રી હેમચંદ્રાચાર્યે તેમના યોગશાસ્ત્ર ગ્રંથમાં પાત્રીશ બોલની આરાધના ફરમાવી છે. તેમાંથી કેટલાકનો અહીં નિર્દેશ કરીએ તો (૧) ન્યાયી આજીવિકા, (૨) યોગ્યસ્થળે વિવાહ, (૩) અહિંસાની દૃષ્ટિએ નિર્દોષ, સાત્વિક અને મિતાહાર, (૪) નિંદ્રાત્યાગ, (૫) લજ્જાવાન, (૬) પાપભીરૂ, (૭) ગુણદૃષ્ટિવાળો, (૮) દાનધર્મી, (૯) પરોપકાર, (૧૦) દયા વગેરે. આમાં શ્રાવક કે શ્રાવિકાના જીવનમાં લજ્જાનો ગુણ પણ અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે તેથી અહીં આપણે તેનો જ વિચાર કરીશું.

દશવૈકાલિક સૂત્ર ૯/૧/૧૩માં કહે છે કે-લજ્જા દયા સંજમ બંભચેરં કલ્યાણ ભાગિસ્સ વિસોહિઠાણં એટલે કે જેને આત્મકલ્યાણ કરવું છે તેને માટે લજ્જા, દયા, સંયમ અને બ્રહ્મચર્ય-એ આત્મવિશુદ્ધિનાં સાધન છે. સુભાષિતકાર કહે છે કે આહાર નિદ્રાભય મૈથુનં ચ સામાન્યમેતાત પશુભિ: નરાણામ્

ધર્મો હિ તેષામધિકો વિશેષો ધર્મેણહીના: પશુભી: સમાના એટલે કે પશુ અને માનવ એકસરખી રીતે આહાર, નિદ્રા, ભય અને મૈથુનનાં વિષયોમાં વ્યસ્ત હોય છે; એ રીતે એ બન્ને સમાન છે પરંતુ ધર્મ-તેમાંથી નિષ્પન્ન થતો વિવેક-મર્યાદા-લજ્જા એ એક એવું તત્ત્વ છે કે જેના કારણે માનવની વિશેષતા છે એટલે કે માનવ લજ્જાને કારણે પશુથી જુદો પડી જાય છે. પ્રકૃતિની દૃષ્ટિએ પશુ અને માનવ બન્નેમાં અનિયંત્રિત કામવાસના રહેલી છે. જે કોઇ પણ સ્થળે, સમયે કે કોઇ પણ વ્યક્તિ સાથે તે ભોગવી લેતો હોય છે. પરંતુ સૈંકડો-હજારો વર્ષથી બુદ્ધિ અને હૃદયતત્ત્વના વિકાસથી માનવીએ એક સંસ્કૃતિ વિકસાવી વધુ સુખી થવા માટે અર્થ અને કામને પણ ધર્મતત્ત્વથી નિયત કરવાની સાથે તેણે કુટુંબસંસ્થાનું સર્જન કર્યું. જેનાં પરિણામે સંસ્કૃતિએ એવા સંસ્કાર આપ્યા કે ગૃહસ્થ દામ્પત્યજીવન ભલે જીવે પરંતુ માતા-પુત્ર, ભાઇ-બહેન, દિયર-ભોજાઇ, પિતા-પુત્ર, ગુરુ-શિષ્યા જેવા સંબંધોમાં વિકારવૃત્તિને સ્થાને વાત્સલ્ય ભાવ જ હોવો ઘટે. હવે જો આ નિષેધસ્થાનોમાં પણ વિકાર જાગે તો એ પાપ મનાયું; લજ્જાસ્પદ કાર્ય ગણાયું. પ્રકૃતિદત્ત સ્વભાવ પ્રમાણે તો માનવી આ સંબંધોમાં પણ કામુક બની જાય તેવો મોટો સંભવ હોય છે તેથી તો સંસ્કૃતિએ આવા સંબંધોમાં કાંઇ અઘટિત ન બને તેટલા માટે કેટલીક શિસ્ત ઉદબોધી છે. એ શિસ્ત, વસ્ત્રો અને લજ્જાગુણની મદદથી ગૃહસ્થ ધર્મપૂર્વક જીવી શકે છે. લજ્જાને ગૃહસ્થનો અગત્યનો ગુણ એટલા માટે ગણ્યો છે કે જો લજ્જાનો હ્રાસ થાય તો વ્યક્તિ, કુટુંબ કે સમાજ બધાની અધોગતિ સર્જાઇને, સરવાળે વ્યક્તિને

આપત્તિ અને અધર્મની ઊંડી ખાઇમાં ધકેલાવાનું થાય છે કે થશે તે આપણે સામાન્ય અવલોકનમાંથી પણ સ્પષ્ટ જોઇ શકીએ.

દા. ત. આપણી ભારતીય કુટુંબસંસ્થામાં લજ્જા અને આવશ્યક શિસ્તથી સહેજે આજ સુધી મંગળ ગૃહજીવન જીવાતું રહ્યું છે પરંતુ છેલ્લા દશકાથી ચિત્રપટ અને ટી. વી. ઘરેઘરમાં પ્રવેશતા, ભાઇ-બહેન, પિતા-પુત્રી વગેરે આવશ્યક શિસ્ત જાળવ્યા વિના એક સાથે જ પડદા પરનાં બિભિત્સ કે કે વિકૃત દૃશ્યો જોતાં થયાં હોવાથી, 'લજ્જા' ગુણની શિથિલતા થતાં, કુટુંબસંસ્થાને છીન્નભીન્ન કરે તેવી અનૈતિક ઘટનાઓ, બળત્કાર વગેરે પ્રસંગો વધી રહ્યા છે. સુખ અને શાન્તિના માધ્યમ જેવી કુટુંબ સંસ્થા માટે, ટી. વી. અણુબોંબના વિસ્ફોટ જેવું વિનાશક કામ કરશે એમ પ્રાજ્ઞજનો આગાહી કરે છે કારણ કે લજ્જાલોપ કે નિર્લજ્જતાના આક્રમણનું એ જ પરિણામ આવે એ સ્પષ્ટ છે.

પોતે જે કાર્ય કરે છે તે કરવા જેવું તો નથી એમ વ્યક્તિને હૃદયમાં લાગે છે તો ખરું પરંતુ આસક્તિવશ કે અન્ય લાચારીથી છેવટે તે અકાર્ય તો કરશે પરંતુ તેમાં બીજાથી છૂપાવીને તે ગુપ્ત રીતે કાર્ય કરશે. આમ છૂપાવવામાં લજ્જાની-કલ્યાણકારી શિસ્તની ભાવના રહેલી હોય છે; દંભ નહિ. લજ્જા અને દંભનો તફાવત સમજીએ : અ માને છે કે બીડી પીવી ખરાબ છે પરંતુ વ્યસનથી લાચાર છે એટલે જાહેરમાં-ખાસતો પોતાના વડિલોની નજર સામે તે પીવાનું નહીં રાખતાં, છૂપાવીને પીએ છે, નજર સામે પીતા શરમ આવે છે. વડિલો જાણે પણ છે કે નાનો બીડી પીએ છે; નાનો પણ જાણે છે કે વડિલોને પોતાની એબની ખબર છે. આમ છતાં આમાં ખાનગીપણું કે લજ્જા એ કલ્યાણકારી શિસ્ત છે. દંભ નથી એમાંથી ક્યારેક વ્યસનમુક્તિ તરફ પ્રગતિ શક્ય બનશે. દંભનું ઉદાહરણ જોઇએ તો બ ધુમ્રપાન કરે છે. પોતે ધુમ્રપાનને ખરાબ માનતો નથી પરંતુ બીડી નહિ પીનારને મળતી પ્રતિષ્ઠા મેળવવા અથવા ધુમ્રપાનથી થતી અપ્રતિષ્ઠાથી બચવા તે કોઇ ન જાણે તેમ ખાનગીમાં પીએ છે. તો આ તેનો દંભ કહેવાય. અ અને બ બન્નેની ક્રિયામાં ખાનગીપણું છે પરંતુ અ ની ક્રિયામાં લજ્જા છે, પોતાની લાચારીનું ભાન છે જ્યારે બની ક્રિયામાં પોતે પીવામાં માને છે એટલે લાચારીનો પ્રશ્ન નથી, છૂપાવીને પીવામાં અહંનો દંભ છે.

લજ્જાનો વિકાસ કે આચરણ બે પ્રકારે જોવા મળે છે. (૧) વ્યક્તિ પોતાના સંસ્કાર કે અમુક આદર્શવાદને કારણે, પોતાના અંતરાત્મા કે પરમાત્માની સાક્ષીએ જ કોઇ પણ બૂરા કામ કરતાં લજ્જા અનુભવે છે. આવી લજ્જા તેને જાહેરમાં કે ખાનગીમાં પણ ખોટા કામથી રોકી લે છે અને એ રીતે શ્રાવક પાપમાં પડતો બચી જાય છે. આવી વ્યક્તિની લજ્જાવૃત્તિ લોકનિંદાના ભયથી પ્રેરિત નથી હોતી પરંતુ અંતર્જ્ઞાન પ્રેરિત સંસ્કારથી હોય છે. ઉદાહરણ તરીકે-મહાત્માગાંધી તેમની ઉગતી યૌવનવયમાં કુસંગથી ત્રણેકવાર તેઓ વેશ્યાની સાથે એકાંત કોટડીમાં પૂરાય છે તો ખરા પરંતુ પોતાના ભારે લજ્જાના સંસ્કારથી દરેક વખતે તેઓ પતનની છેલ્લી પળે બચી જાય છે (જુઓ આત્મકથા ભાગ ૧-૭-૨૧, ૨-૬-૧૦૩ અને ૧-૨૧૧-૭૩ (ગુજરાતી ચૌદમી આવૃત્તિ) પોતાના આ પ્રસંગો અંગે ગાંધીજી આવું સંવેદન નોંધે છે : 'હું (વેશ્યાના) મકાનમાં પૂરાયો તો ખરો પરંતુ જેને ઇશ્વર ઉગારવા ઇચ્છે તે પડવા ઇચ્છતો છતા પવિત્ર રહી શકે છે.' સંદર્ભ જોતાં આપણે આમાં ઉમેરણ કરી શકીએ કે ઇશ્વર વ્યક્તિને લજ્જાનું કવચ પહેરાવીને બચાવી લે છે. વળી ગાંધીજી લખે છે કે 'જેમ ન પડવાનો પ્રયત્ન કરતો છતા મનુષ્ય પડે છે એવું આપણે અનુભવીએ છીએ તેમ જ પડવા ઇચ્છતો છતા અનેક સંજોગોને કારણે (સંદર્ભ કહી શકીએ કે માત્ર લજ્જા ને કારણે) મનુષ્ય બચી જાય છે એ પણ અનુભવસિદ્ધ વાત છે.

લજ્જાનું બીજું સ્વરૂપ લોકનિંદાના ભયથી પ્રેરિત હોય છે. લોકો જાણશે તો મારી નિંદા કરશે એ ભયથી શ્રાવકની લજ્જાવૃત્તિ ટકી રહીને, તેને નિંદ્યકાર્યમાં જોડાવા નથી દેતી. તેથી આવી વ્યક્તિ કોઈ ન જુએ તેવી સલામતીની ખાત્રી વાળી તક મળે ત્યારે પતનમાંથી બચી શકતી નથી. સામાન્ય રીતે માણસના જીવનમાં લજ્જાના આચારમાં સંસ્કાર અને લોકનિંદાનો ભય બન્ને કામ કરતા હોય છે. આપણાં પોતાનાં ભૂતકાળને યાદ કરીએ તો એવા પ્રસંગો યાદ આવી શકે કે તેમાં જો લજ્જા વચ્ચે ન આવી હોત તો પતનમાર્ગે ગમન થયું હોત. એક કૂંડી પાણીથી ભરેલી છે. પાણી શાન્ત જણાય છે પરંતુ કુંડીના દાટાને-પાટિયાને જો કાઢી લેવામાં આવે તો તે જ શાન્ત પાણી કેટલા જોસ અને ખળભળાટથી બહાર ધસી જશે ? છેલ્લા ટીપા સુધી બહાર નીકળી જશે. સંસ્કારી વ્યક્તિરૂપી કુંડીનું પાટિયું પણ લજ્જા છે એ સહેજ દૂર હઠ્યું કે, લક્ષ્મણરેખાને હટાવી દીધી તો બધું સદતત્ત્વ વહી જવાનું. કેવળ પતનની પરાકાષ્ટા જ. આમ લજ્જા એ શ્રાવકજીવનમાં સાચવવા જેવો અમુલ્ય સંસ્કાર કે ગુણ છે, શ્રાવકનાં સર્વસદ્તાતત્ત્વનો એ સંરક્ષક કિલ્લો છે.

સામાજિક જીવનની દૃષ્ટિએ લોકનિંદાના ભયથી પ્રેરિત લજ્જાનું પણ ઘણું મહત્ત્વ છે. તેથી આખા સમાજમાં પવિત્રતા અને કલ્યાણકારી શિસ્તનું વાતાવરણ જળવાઇ રહે છે. શ્રીમદ્ રાજચંદ્ર (બીજી આવૃત્તિ, પાનું ૮૩૦) લખે છે કે 'બ્રહ્મચર્ય યથાતથ્ય રીતે તો કોઈ વિરલા જીવ પાળી શકે છે તો પણ લોકલાજથી બ્રહ્મચર્ય પળાય તો તે ઉત્તમ છે.' વ્યક્તિને અપ્રતિષ્ઠાનો કે લોકનિંદાનો ભય ન રહે તો તેવા પાપકાર્યથી બચવામાં સહાયક લજ્જાનું આવરણ દૂર થતાં, વ્યક્તિ સમુહ દુરાચારમાં ફસે છે. દા. ત. બીડીના વ્યસન માટે લોકનિંદા કે અપ્રતિષ્ઠા નથી થતી તેથી આપણાં સમાજનો મોટાભાગનો પુરુષવર્ગ એ વ્યસનમાં ફસાતો રહ્યો છે. તો તેથી ઊલટું 'સ્ત્રીથી બીડી ન પીવાય અથવા તો સંસ્કારી નારી ધુમ્રપાન ન કરે-એ વિચાર પ્રેરિત લજ્જા' હજી આજે પણ પશ્ચિમની નારીજગતની તુલનામાં ભારતની નારીના બહુ મોટા સમુહને, અપ્રતિષ્ઠાના ભયથી બચવા, ધુમપાનની બદીથી દૂર રાખી રહી છે. આ રીતે જોઇએ તો સમજી શકાય છે કે સામાજિકસ્તરે સદ્ગુણોનું કે સારી બાબતોનું બહુમાન કે પ્રતિષ્ઠા સ્થાપિત થાય અને દુરાચારની અપ્રતિષ્ઠા મૂર્તિમંત થાય, અને વ્યક્તિગત સ્તરે દરેક શ્રાવકના જીવનમાં લજ્જારૂપી લક્ષ્મણરેખા અંકિત થએલ હોય તો વ્યક્તિ અને સમાજ કે ચતુર્વિધ સંઘ ઘણી આત્મિક પ્રગતિ કરી શકે.

લજ્જાલોપથી વ્યક્તિ અને સમાજનું કેવું પતન થાય છે તે જરા જોઇએ. એકાંત અંધારી ગુફામાં ભીનાં વસ્ત્રોને સૂકવતી વસ્ત્રરહિત સાધ્વીશ્રી રાજીમતિને જોઇને મુનિ રથનેમિ પ્રગટપણે તેની પાસે 'કામ'ની યાચના કરે છે-એ કામદેવના દબાણથી ઘાયલ હૃદયમાંથી લજ્જાનું આવરણ હઠવાના પ્રભાવે જ. રાજીમતિના હૃદયસ્પર્શી ઉપદેશથી મુનિ ફરીથી સંયમમાં સ્થિર થયા તે તેમના સાધુતાના સંસ્કારો અને લજ્જાગુણના પુનઃ પ્રવેશથી શક્ય બનેલ છે. બીજી બાજુ અજાણપણે પણ લજ્જાત્યાગની નિશાની રૂપ સાધ્વીજીનું દિગંબર શરીર મુનિની નજરે પડ્યું હોત તો તેમને વિકાર જન્મવાનો પ્રસંગ જ ઊભો ન થાત. લજ્જાત્યાગનો તો આ આકસ્મિક પ્રસંગ હતો છતાં આવા પ્રસંગો જો મહામુનિને પણ મોટા મંથનમાં મૂકી દે છે તો જ્યાં વિજાતીય આકર્ષણ કે કામભોગના હેતુપૂર્વક લજ્જાત્યાગના અંગપ્રદર્શનો યોજાય છે એવી આપણી વર્તમાન યુવાપેઢીની વેષભૂષાની વિઘાતક અસરો વિષે તો પૂછવું જ શું ?

એનાથી સામેના રૂપને ટીકીટીકીને જોતા રહેવાની યુવાજગતની વિકસેલી ભ્રમરવૃત્તિ વિષે તો જાણે સમજ્યા પરંતુ પ્રૌઢો કે વૃદ્ધોએ પણ જાણે તેમાં હરિફાઇ માંડી છે. એવા વિકૃત વૃદ્ધની મનોદશાને વર્ણવતા સંસ્કૃતના કવિની શ્લોક રચના-અનુવાદ જોઇએ. વૃદ્ધ સ્વગત; 'દાંત પડી ગયા છે તેનું દુઃખ નથી, પળિયા આવ્યા છે તેની મને પીડા નથી;

અવસ્થાથી અંગો કંપે છે તેની ચિંતા નથી. પણ માથે વેણી બાંધેલી આ છોકરીઓ મને 'કાકા' કહીને બોલાવે છે તેનું દુઃખ થાય છે !

બાહ્યમાં જેટલું કામુકતાનું કે લજ્જાત્યાગનું વાતાવરણ વધારે તેટલી શ્રાવકજીવનમાં લજ્જારૂપી કવચની આવશ્યકતા પણ વધારે ગણાય. પ્રકૃતિદત્ત કહો કે ચાલી આવતી પુરુષ પ્રધાન સમાજરચનાને કારણે કહો પરંતુ જાતીયજીવનના સંદર્ભમાં પુરુષની તુલનામાં સ્ત્રીમાં વધુ લજ્જા હોય છે. તેની શીલરક્ષણ માટે લજ્જારૂપી લક્ષ્મણરેખાની કે કવચની તેને સવિશેષ જરૂર પણ હોય છે. આ સુભાષિત પણ તેમ કહે છે : 'નિર્લજ્જા કુલાંગનાનષ્ટા સ લજ્જા ગણિકા : ચ. એટલે નારી-કુલવધૂ-લજ્જા વિનાની હોય તો (તેનું શીલ) નાશ પામે છે ત્યારે વેશ્યા લજ્જાવાન હોય તો તે નાશ પામે છે (ધંધો ન કરી શકે) એમ પણ ઉક્તિ છે કે 'યુવતી પહેલા શરમાય છે પછી ભરમાય છે ને અંતે કરમાય છે,'-આમાં પણ નારી-શ્રાવિકા-માટે લજ્જાની લક્ષ્મણરેખાનું મહત્ત્વ સૂચિત થાય છે.

લજ્જા એ જેમ શ્રાવકજીવનની લક્ષ્મણરેખા છે તેથી ઊલટું નિર્લજ્જાપણું નફટાઇ એ વ્યક્તિને નિરંતર દુરાચારમાં રમમાણ રાખનાર અવગુણ છે.

નફટાઇને ક્યારેક Open hearted કે સરળતાના ગુણ તરીકે ગણાવવાની કુચેષ્ટા પણ થતી હોય છે. વિદેશ જઇ આવનાર કેટલાક મુલાકાતી કહેતા હોય છે કે ત્યાંના લોકો Open hearted હોય છે; જેવી હોય તેવી પોતાની જાત ખૂલ્લી કરે...દા. ત. અમેરિકામાં એક દીકરી પોતાના પંચોતેર વર્ષની વિધવા માતાને પત્ર લખે છે કે 'મારી પડોશમાં રહેતા બ્યાશીવર્ષના સદ્‌ગૃહસ્થ વિધુર થયા છે, ઘણી મિલ્કતવાળા છે; તારે તેમની સાથે જીવન જોડવું હોય તો હું મહેનત કરું.' માજી પ્રત્યુત્તરમાં લખે છે. એ તો બહુ વૃદ્ધ કહેવાય. મારે હમણાં નથી ગોઠવાવું. હમણાં એક પાદરી સાથે મારો લવ ચાલે છે !-વગેરે.'

આવું ભારતનું એક ઉદાહરણ : એક રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ, સંતાનો સહિતની પોતાની પત્ની હોવા છતાં, પોતાની મધ્યમવયે બીજી યુવતી સાથે જાહેર રીતે ઘર માંડ્યું અને ગૌરવ લેતા હોય તેમ એવું નિવેદન બહાર પાડ્યું કે મોટાં કહેવાતાં ઘણાંના જીવનમાં આમ જ હોય છે. પરંતુ તે ખાનગી રાખે છે; હું સરળ છું, Open hearted છું એટલે ખુલ્લે આમ કરું છું-વગેરે.

ઉપરની બન્ને ઘટના નફટાઇની ગણાય કે Open hearted-સરળ હૃદયના પ્રસંગ ગણાય ? એ નક્કી કરતાં પૂર્વે ગુણ-અવગુણનું સ્વરૂપ વિચારવું જોઇએ. કુદરતમાં કાંઇ એવી રચના છે કે બે સંપૂર્ણ વિરોધી બાબતો બાહ્યરૂપે ઊલટી સમાન દેખાય છે. દા. ત. સ્થિરભમરડો સ્થિર દેખાય છે. તેમ ખૂબ જ ગતિશીલ ભમરડો પણ જાણે સ્થિર ઊભેલો હોય તેવો દેખાય છે. કંજુસાઇ અને કરકસર, ઉદારતા અને ઉડાઉપણું બન્ને પરસ્પર સંપૂર્ણ વિરોધી છે છતાં બાહ્યરીતે સરખા જ લાગે છે.

Open hearted અને નિર્લજ્જતા બાહ્યથી સરખા લાગે છે પણ બન્ને પરસ્પર સંપૂર્ણ વિરોધી છે. બન્નેમાં એવી જાહેરાત કે કબુલાત છે કે અમે આવું કર્યું છે પરંતુ Open hearted વાળાની જાહેરાતમાં પોતાની લાચારી કે નિર્બળતાનો (એટલે તો રખાત રાખ્યાની વાત લજ્જાને કારણે, જનતાથી તે છૂપાવે છે) સ્વીકાર છે, કરેલા તે કાર્યને માટે લજ્જા અનુભવે છે જ્યારે નિર્લજ્જની તેવી જાહેરાતમાં નિર્લજ્જતાનો, ઘણાં તેમજ કરે છે તેમ મેં પણ કર્યું તેમ નફટાઇનો ભાવ છે; કરેલા કર્મ માટે લજ્જાની વાત તો દૂર રહી પરંતુ અહંતાપૂર્વક કશુંક પરાક્રમ કર્યાનો તેમાં મદ છે. આમ સરળતા અને નિર્લજતા એ બેની સૂક્ષ્મ ભેદરેખા ધ્યાનમાં રાખીને ઉપરની બન્ને ઘટના વિષે અભિપ્રાય નોંધીએ તો વિદેશના માજીની સરળતા છે તેમ નહિ પરંતુ ત્યાં શિથિલચારિત્ર્યની કોઇ અપ્રતિષ્ઠા નહિ હોવાથી અને માજીને ચારિત્ર્યમય જીવનનો કોઇ આગ્રહ-આદર-નહિ હોવાથી અહીં માજીની સરળતા નહિ પરંતુ નફટાઇ કે લજ્જાનો અભાવ કહી શકાય. મુખ્યમંત્રીની વાતમાં પણ Open hearted નહિ પણ પૂરી નિર્લજ્જતા ઊભરાતી જોવા મળે છે.

લજ્જાનું એક અકલ્યાણકારી પાસુ પણ છે અથવા કહો કે ખોટી લજ્જા પણ હોય છે કે જેનો તો ત્યાગ જ કર્તવ્યરૂપ ગણાય. વિગતથી સમજીએ. ક્યારેક એવા પ્રસંગ ઉપસ્થિત થાય છે કે કર્તવ્ય પાલન કરવા જતાં પોતાનાં સ્નેહસંબંધો, માન, યશ કે ઐશ્વર્યને ગુમાવવાની પરિસ્થિતિ ઊભી થવાની હોય છે, કે પોતે સમાજમાં નિર્લજ્જ કે નફ્ફટ દેખાવાનો પૂરો સંભવ હોય છે. કર્તવ્ય બજાવવા જતાં મળનાર અપયશથી લજ્જા અનુભવી તે કર્તવ્ય ન બજાવે તો ઊલટો પાપમાં પડે છે, આવા પ્રસંગે વિરલ કસોટી થતી હોય છે. પોતાની વાસનાને ન સંતોષે તો રાણીએ સુદર્શન શેઠ પર બળાત્કારનો આરોપ મૂકી સમસ્ત શહેરમાં બે આબરૂ કરી ફાંસીને માચડે ચડાવવાની ધમકી આપી ત્યારે લોકોની નજરે નિર્લજ્જ ગણાઇ જવાના ભયને વશ બની, સુદર્શન શેઠે શીલરક્ષણના કર્તવ્યનો ત્યાગ કર્યો હોત તો ? એવું જ બીજું કથાનક મહાત્મા મૂળુદાસનું છે. જેમાં તેઓએ અનૈતિક રીતે સગર્ભાબનેલી એક યુવાન વિધવાને કૂવામાં પડીને આત્મઘાત કરતી બચાવીને પોતે રખાત રાખ્યાના આક્ષેપની પરવા કર્યા વિના, તેવી લોકનિંદાથી લજ્જા પામ્યા વિના પણ તેને પોતાના આશ્રમમાં પુત્રી ભાવે સ્થાન આપે છે અને તેથી હંમેશા પુષ્પોથી પૂજાતા રહેલા એવા તે મહાત્માને હવે પત્થર અને જૂતાના પ્રહાર મળે છે છતાં સંત મૂળુદાસ પોતાનું કરુણાકાર્ય ચૂકતા નથી મોટા કહેવાતા માણસો પણ પ્રતિષ્ઠાલોપ થવાનો ભય કે લજ્જા અનુભવી, વિરલપ્રસંગે લજ્જા છોડી, સત્યનું ધર્માચરણ કરી શકતા નથી. આવા સંદર્ભમાં સ્વામી વિવેકાનંદ કહે છે. Live for your opinion not for others, મહાન આંગ્લકવિ ટેનિસન પણ કહે છે કે અલબત્, સમય વીત્યાબાદ છેવટે સત્ય પ્રકાશે છે ત્યારે મૂળુદાસ વધુ મહાનકીર્તિને વરે છે.

All great works are always misundererstood. આ કહેવતનો સૂર પણ એ જ છે કે લજ્જાનો-ભયનો ત્યાગ કરી સત્યનું જ અનુસરણ કરવું. 'કૂતરા તો ભસ્યા કરે પરંતુ ગજરાજ એની ચાલ ન બદલે.' શ્રીમદ રાજચંદ્ર પણ આ વિચારનું સમર્થન કરતાં કહે છે કે 'જીવ જો લૌકિક ભયથી ભય પામ્યો તો તેનાથી કાંઇ પણ થાય નહિ. લોકો ગમે તેમ બોલે તેની દરકાર ન કરતાં, આત્મહિત જેનાથી થાય તેવા સદાચરણ સેવવા (પાનું ૮૨૭) વળી પાનું-૩૧૨ પર લખે છે : 'સતસંબંધી સંસ્કારોની દૃઢતા થવા સર્વપ્રકારે લોકલજ્જાની ઉપેક્ષા કરી સત્સંગનો પરિચય કરવો શ્રેયસ્કર છે; લોકલજ્જા તો કોઇ મોટા કારણમાં સર્વપ્રકારે ત્યાગવી પડે છે. મહાપુરુષોની આ શીખ સાચી જ છે, લજ્જાને વળગી રહી હોત તો મીરાં 'મીરાં' ક્યાંથી બની શકી હોત ?

આ રીતે પ્રગતિમયજીવનમાં અત્યંત જરૂરી એવા વિવેકની જનક અને સંરક્ષક તેમજ ગુણોની સંવર્ધક એવી લજ્જા શ્રાવકજીવનમાં 'લક્ષ્મણરેખા'ની જેમ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

□□□

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા શુક્રવાર, તા. ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૪ થી શુક્રવાર, તા. ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૪ સુધીની આઠ દિવસની બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવી છે. આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન **ડૉ. રમણલાલ ચી. શાહ** સંભાળશે. વ્યાખ્યાનોનો વિગતવાર કાર્યક્રમ હવે પછીના 'પ્રબુદ્ધજીવન'માં પ્રગટ કરવામાં આવશે.

□ મંત્રીઓ

# ગીતા સંદેશ અને વિશ્વ ચેતના

❑ પૂર્ણિમાબેન પકવાસા

'શ્રધ્ધા' માનવજીવનમાં બહુ જ અગત્યનો ભાગ ભજવે છે અને શ્રધ્ધા થકી જ પરમચેતના સુધી પહોંચી શકાય છે. આપણે રોજિંદા જીવનમાં શું કરવું જોઇએ, કેવી રીતે વર્તવું જોઇએ, કેવી રીતે બોલવું ચાલવું જોઈએ આદિ કોઈપણ પ્રવૃત્તિમાં આપણે હોઈએ તે દરેકમાં કૃષ્ણ કહે છે કે કર્મની ગતિ ન્યારી છે તે છતાં કર્મ તો કરતા જ રહેવું જોઇએ. દરેક કર્મની પાછળ વિશ્વની પરમચેતના કામ કરી રહી છે, તેનો એહસાસ હોવો જોઇએ. આ ચેતના આખાય બ્રહ્માંડમાં વ્યાપ્ત છે. પરમશક્તિની પૂજા કરો. જે પણ કાંઇ હું કરું છું તે ભગવાનને માટે જ કરું છું, તેને સમર્પિત કરીને કરું છું, તેવો ભાવ રાખો. પ્રત્યેક કર્મને યજ્ઞના રૂપમાં કરીને તેના ચરણોમાં બેસો તો કોઇપણ કર્મ ખોટું નહીં થઇ શકે.

તમે કોઇપણ ધર્મ કે સંપ્રદાયમાં હો તે છતાં જો આવી રીતે સમર્પિત ભાવથી કર્મ કરવામાં આવે તો તે બધા જ કર્મ સારા જ થશે અને તેમ થશે તો નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોની પુનઃ પ્રતિષ્ઠા થઇ શકશે. મોટા નેતા લોકો, રાજકારણીઓ, સમાજના મોવડીઓ જો ખરાબ કર્મ કરે તો તે પ્રમાણે જનતા તેનું અનુકરણ કરશે. આ માટે સમાજમાં શ્રેષ્ઠ ગણાતા લોકોએ સારા કર્મો કરીને લોકોમાં તેનું ઉદાહરણ બેસાડવું જોઇએ.

**ગીતાનો બીજો પક્ષ :**

આ પક્ષ આપણી સામે સંપૂર્ણ યોગને રાખે છે. જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ અને રાજયોગ આ ચાર પ્રમુખ યોગો છે. જે આત્માથી પરમાત્મા સુધી પહોંચાડવાના સાધન છે. આ ચારેય યોગોનો સમન્વય સધાવો જોઇએ. શ્રીમદ્ ભગવદ્ ગીતાના પાંચમાં અને છઠ્ઠા અધ્યાયમાં પૂર્ણ રાજયોગની સામગ્રી મળે છે. આ ચારે યોગનો અદ્દભુત સમન્વય ગીતામાં મળે છે. વર્તમાન સમયમાં કોઇ એક યોગથી ચાલી શકશે નહીં. આજના ઘોર કલયુગનાં સમયમાં આ ચારેની જરૂર છે. જીવનમાં આ સમન્વય બહુ જ મહત્ત્વપૂર્ણ અને ફળદાયી નીવડશે.

માનવજીવનને જરૂરી એવું સંપૂર્ણ આશ્વાસન ગીતામાં છે. ભગવાન કૃષ્ણ અર્જુનને જે આપે છે, તે આખી માનવજાતિને માટે છે. 'યદા યદા હી ધર્મસ્ય'નું કેટલું મોટું આશ્વાસન તેઓ આપણને આપે છે ! જો મનુષ્યને ભગવાનની આવશ્યકતા છે તો ભગવાનને પણ મનુષ્યની આવશ્યકતા છે જ. મનુષ્ય વગર તેનાં કામો કોણ કરશે ? તેઓ મનુષ્ય યત્નો ઉપર ભાર મૂકે છે. 'મનુષ્ય યત્ન, ઇશ્વરકૃપા.' પ્રથમ મનુષ્ય યત્ન જરૂરી છે, તે હશે તો ઇશ્વરકૃપા તેની પાછળ છે જ. તેઓ માનવમાત્રને પુરુષાર્થી બનાવવા માગે છે. બાકી તેઓ ચાહે તો એક સુદર્શનચક્ર ફેરવીને કોઇપણ સમસ્યા હલ કરી શકતે. પરંતુ તેઓ તેમ નથી કરતા. તેઓ માનવચેતના ઢંઢોળીને જગાડીને કામે લગાડવા માગે છે અને તે સારું જ તેઓ મનુષ્ય યત્ન ઉપર ભાર મૂકે છે.

ભગવાન સીધે ખડે હૈ ઔર ટેઢે ભી હૈં' તે દ્વારા તેઓ કહે છે કે આપણે પણ સીધી રીતે અને જરૂર પડ્યે ટેઢી છતાં સાચી રીત અજમાવીને આપણી સાધના દ્વારા તેમને પહોંચવાનું છે. એટલે કે સંપૂર્ણ યોગને જીવનમાં ઉતારવાનો છે. માનવે આ મહત્ત્વના કાર્યમાં યોગદાન આપવું પડશે. મનસથી અતિમનસમાં જવું પડશે અને ત્યારે જ હૃદયની ગ્રંથિઓ છૂટશે. આમ થતાં માનવ ચેતનાના વિકાસમાં આપણું યોગદાન રહેલું છે તેનો પરિતોષ પામી શકીશું. આ માર્ગ ભગવાન આપણને બતાવે છે.

શ્રી કૃષ્ણ અર્જુનના અનેક પ્રશ્નોના ઉત્તર આપે છે, પરંતુ અંતમાં કહે છે કે 'ધારયતિ ઈતિ ધર્મઃ' માનવજીવનમાં સત્તા, શ્રીમંતાઇ, રૂપ આદિ કોઇ ચીજ ધારણ કરવા યોગ્ય નથી. માત્ર દૈવીશક્તિ પર આધારિત આધ્યાત્મિક શક્તિ જ ધારણ કરવા યોગ્ય છે અને તે જ મદદરૂપ નીવડશે. એટલે કહે છે કે મારે શરણે જ આવી જા. 'મામેકં શરણં મમ્' આ દિવ્ય શક્તિને શરણે જ આવી જા. હું તમને તમારા બધા જ પાપોથી મુક્ત કરીશ. આખી ગીતાનો સાર જોવા જઇએ તો 'ડરો નહીં, નિર્ભય બનો' તે છે. અર્જુનના માધ્યમથી તેઓ સમગ્ર જનતાને કહે છે કે જો તમે વાસ્તવમાં પરમનું શરણ લીધું હશે તો હું સદાય તમારી મદદમાં છું. હું તમારું સૌનું કલ્યાણ જ કરીશ. આપણે જેટલીવાર ગીતા વાંચીએ તેટલીવાર દરેક વખતે તેમાંથી નવી વાત, નવો ભાવ મળે છે. નવા નવા અર્થો પ્રસ્ફુરિત થાય છે.

અર્જુનને વિશ્વરૂપ દર્શન થાય છે. કર્ણની સાથે અન્યાય પણ થાય છે. આવા વિશ્વરૂપ દર્શન થયા પછી પણ અર્જુન કર્ણને 'સૂતપૂત્ર' કહે છે, તે અજબ વાત છે !

શ્રીમદ્ ભાગવદ્ ગીતામાં અનેક ઉપલબ્ધિઓ મળે છે. શ્રી કૃષ્ણની બાંસુરી આજ પણ બજી રહી છે. પરંતુ સંભળાય છે કોને ? એ દિવ્ય સંગીત સાંભળવાને માટે તો કાન જોઇએ. આજે તો બીજું બધું જ સંભળાય છે, પરંતુ કૃષ્ણની બાંસૂરી સાંભળવા આપણે બધિર બની જઇએ છીએ. તે બાંસૂરીનાં સૂરો સાંભળવા અને હૃદયમાં ધરવા માટેની તૈયારી કરવાની છે. ગીતા એક અદ્દભુત ગ્રંથ છે. તેનો માર્ગ અવશ્ય કઠીન છે. પરંતુ તે કલ્યાણમાર્ગ છે અને કલ્યાણમાર્ગ પરિશ્રમ માગી લે છે. તે માર્ગ ખતરનાક પણ છે. તે તરફ જવા માટે આપણે જાતે જ પોતાનો રસ્તો તૈયાર કરવો પડશે. ભગવદ્ ગીતા જ આપણને પરમ લક્ષ્ય તરફ દોરે છે.

એક પ્રાર્થના શ્લોકથી સમાપન કરવા ચાહું છું, એનો અર્થ છે :

'આપ કૃપા કરી અમારી ચેતનાને આપની ચેતનામાં મેળવી દો, લય કરી દો.' તમે જવાન છો ત્યાં સુધી જ આ કરી લ્યો. ઘરડા થશો ત્યારે કશું કરવાની શક્તિ, ભક્તિ નિર્બળ થઇ ગઇ હશે, એટલે કશું જ નહીં કરી શકો. તમારી દૈનિક પ્રવૃત્તિઓને આધ્યાત્મિકતામાં ઢાળી લેવાથી કાર્ય સરળ બને છે.

'સુમિરન કરલે મેરે મના  
તેરી જાતી ઉમર હરિનામ વિના  
બીતિ પલ ના આવે ફરી.' આદિ આદિ.

એક બહુ જ મોટો ભ્રમ સમાજમાં પ્રવૃત્તમાન છે કે 'જવાનીમાં મોજમઝા કરી લ્યો. આધ્યાત્મની કશી જરૂર નથી. તે તો ઘરડા થઇશું ત્યારે કરી શકાશે.' પરંતુ આ વાત તદ્દન વાહિયાત છે. બાલ્યાવસ્થાથી માંડીને જવાનીમાં જ સારું બેહતર જીવન જીવવાનું વિજ્ઞાન શીખી લીધું હશે તો આખું જીવન સારી અને ઉચિત રીતે ગુજારી શકાશે. ખોટે માર્ગે જવાનો સંભવ જ નહીં રહે અને આમ થશે તો જગતમાંથી એક દુષ્ટ ઓછો થશે અને જગતમાંથી તનિક દુષ્ટતા ઓછી કરવાનું સૌભાગ્ય પામી શકાશે.

[ડૉ. કરણસિંહના એક વ્યાખ્યાનના આધારે]

❑❑❑

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાડિયા સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦ ૦૦૮. લેસરટાઇપસેટિંગ : મુદ્રાંકન, મુંબઇ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૫ ● અંક : ૭-૮ ● ● તા. ૧૬-૮-૧૯૯૪ ● ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## અવધિજ્ઞાન

જૈન ધર્મમાં જ્ઞાનના પાંચ પ્રકાર બતાવવામાં આવ્યા છે : (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન અને (૫) કેવળજ્ઞાન.

જીવો પોતાની ઇન્દ્રિયોની અને મનની મદદથી જે જાણે તથા દેખે એવા વિષયો મતિજ્ઞાનમાં અને શ્રુતજ્ઞાનમાં આવી જાય છે. ઇન્દ્રિયો અને મનની મદદ વગર, માત્ર આત્માની શુદ્ધ અને નિર્મળતાથી, સંયમની આરાધનાથી સ્વયમેવ પ્રગટ થાય એવાં અતીન્દ્રિય અને મનાતીત જ્ઞાનમાં અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન ગણાય છે. ઘાતિ કર્મોના ક્ષયોપશયથી અવધિ અને મનઃપર્યવ ઉત્પન્ન થાય છે અને ઘાતિ કર્મોના સંપૂર્ણ ક્ષયથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. જીવને જ્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે ફક્ત એ એક જ જ્ઞાન રહે છે, બાકીનાં ચારે જ્ઞાનનું સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી. કેવળજ્ઞાનમાં એ ચારે જ્ઞાનનો વિલય થઇ જાય છે. જે જીવને કેવળજ્ઞાન પ્રગટ થાય એ જીવ એ જ ભવે મોક્ષગતિ પામે છે. કેવળજ્ઞાન પછી પુનર્જન્મ નથી.

સંસારમાં મતિજ્ઞાન સૌથી વધુ જીવોને હોય છે. એથી ઓછા જીવોને શ્રુતજ્ઞાન હોય છે. એથી ઓછા જીવોને અવધિજ્ઞાન હોય છે. એથી ઓછા જીવોને મનઃપર્યવજ્ઞાન હોય છે અને એથી ઓછા જીવોને કેવળજ્ઞાન થાય છે.

'અવધિ' શબ્દ ઉપરથી પ્રાકૃત-અર્ધમાગધીમાં 'ओहि' શબ્દ આવ્યો છે. અવધિજ્ઞાન માટે ઓહિણાણ શબ્દ પ્રાકૃતમાં વપરાય છે.

અવધિ શબ્દનો એક અર્થ થાય છે મર્યાદા, સીમા. આથી કુંદકુંદાચાર્યે અવધિજ્ઞાનનો સીમાજ્ઞાન તરીકે ઉલ્લેખ કર્યો છે.

વ્યુત્પત્તિની દષ્ટિએ 'અવધિ' શબ્દ अव+धा ઉપરથી બનેલો છે. અવ એટલે નીચે અને ધા એટલે વધતું જતું. अधो विस्तारभावेन धावतीत्यवधिः । ક્ષેત્રની દષ્ટિએ અવધિજ્ઞાન, એકંદરે ઉપરની દિશામાં જેટલું વિસ્તાર પામતું હોય છે, તેના કરતાં નીચેની દિશામાં વધુ વિસ્તાર પામે છે. માટે એને અવધિજ્ઞાન કહેવામાં આવે છે. 'અવધિ' શબ્દનો માત્ર મર્યાદા એટલો જ અર્થ લઇએ તો મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ ચારે જ્ઞાન મર્યાદાવાળાં છે, સાવધિ છે. એક કેવળજ્ઞાન જ અમર્યાદ, નિરવધિ છે. એટલે 'અવધિ' શબ્દના બંને અર્થ લેવા વધુ યોગ્ય છે.

અવધિજ્ઞાનની વ્યાખ્યા આ પ્રમાણે છે: ઇન્દ્રિયો અને મનની મદદ વિના અમુક મર્યાદા સુધી રૂપી દ્રવ્યો-પદાર્થોનું જેના વડે જ્ઞાન થાય છે તેને અવધિ જ્ઞાન કહેવામાં આવે છે.

द्रव्याणि मूर्तिमन्त्येव विषयो यस्य सर्वतः ।
नैयत्यरहितं ज्ञानं तत्स्यादवधिलक्षणम् ॥

અવધિજ્ઞાનની વ્યાખ્યા નીચે પ્રમાણે આપવામાં આવે છે :

(१) अवशब्दोऽध : शब्दार्थ : अव अधो विस्तृतं वस्तु धीयते परिच्छिद्यते ऽने नेत्यवधिः ।

(२) अवधिर्मर्यादा रुपष्वव द्रव्येषु परिच्छेदक्रतया प्रवत्तिरूपा तदुपलक्षितं ज्ञानमप्यवधिः ।

(३) अवधानमात्मानोऽर्थ : साक्षात्कारण व्यापारोअवधिः ।

જ્ઞાનના બે પ્રકાર બતાવવામાં આવે છેઃ (૧) પ્રત્યક્ષ જ્ઞાન અને પરોક્ષ જ્ઞાન. મન અને ઇન્દ્રિયોના આલંબન વિના, આત્મા પોતાના ઉપયોગથી દ્રવ્યોને, પદાર્થોને સાક્ષાત્ દેખે અને જાણે તેને પ્રત્યક્ષ જ્ઞાન કહેવામાં આવે છે. મન અને ઇન્દ્રિયોની સહાયથી જે જ્ઞાન થાય તેને પરોક્ષ જ્ઞાન કહેવામાં આવે છે. અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન તે પ્રત્યક્ષ જ્ઞાન છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન તે પરોક્ષજ્ઞાન છે.

કેવલી ભગવંતો છ દ્રવ્ય પ્રત્યક્ષપણે જાણે છે તથા દેખે છે. એટલે કેવળજ્ઞાન સર્વથી પ્રત્યક્ષજ્ઞાન છે. મનઃપર્યવજ્ઞાની મનોવર્ગણાના પરમાણુઓને પ્રત્યક્ષ જાણે છે અને દેખે છે તથા અવધિજ્ઞાની પુદ્ગલ દ્રવ્યને પ્રત્યક્ષ જાણે છે અને દેખે છે. એટલે મનઃપર્યવજ્ઞાન અને અવધિજ્ઞાન દેશપ્રત્યક્ષ જ્ઞાન છે. વર્તમાન સમયમાં ટેલિવિઝનની શોધે દુનિયામાં ઘણી મોટી ક્રાંતિ કરી છે. તેવી જ રીતે કમ્પ્યૂટરની શોધે પણ કર્યું છે. એથી વેપાર-ઉદ્યોગમાં ઘણાં પરિવર્તનો આવી ગયાં છે. જીવનશૈલી ઉપર એનો ઘણો બધો પ્રભાવ પડ્યો છે. જો કે ટેલિવિઝન અને અવધિજ્ઞાન વચ્ચે લાખ યોજનનું અંતર છે, તો પણ અવધિજ્ઞાનને સમજવામાં ટેલિવિઝન કેટલેક અંશે મદદરૂપ થઇ શકે છે.

મનુષ્યની દૃષ્ટિને મર્યાદા છે. પોતાના જ ઘરના બીજા ખંડમાં બનતી વસ્તુને તે નજરોનજર જોઇ શકતો નથી કે તેવી રીતે હજારો માઇલ દૂર બની રહેલી ઘટનાને પણ જોઇ શકતો નથી. પણ હવે ટી. વી. કેમેરાની મદદથી માણસ પોતાના ખંડમાં બેઠાં બેઠાં ઘરના બીજા ખંડોમાં શું થઇ રહ્યું છે, દરવાજે કોણ આવ્યું છે તે પ્રત્યક્ષ જોઇ શકે છે. ટી. વી. કેમેરાની મદદ વડે પંદર-પચીસ માળના મોટા સ્ટોરમાં એના સંચાલક પ્રત્યેક વિભાગમાં શું થઇ રહ્યું છે તે જોઇ શકે છે. શાળા કે કોલેજના આચાર્ય પ્રત્યેક વર્ગમાં શિક્ષક શું ભણાવે છે અને વિદ્યાર્થીઓ શું કરે છે તે જોઇ શકે છે. માણસ પોતાનાં ખંડમાં બેઠાં બેઠાં ટી. વી.

સેટ ઉપર હજારો માઇલ દૂર રમાતી મેચ તત્ક્ષણ નજરે નિહાળી શકે છે. એક દેશમાં રમાતી એક પ્રકારની મેચ ન ગમતી હોય તો બટન દબાવીને બીજા દેશની બીજી મેચ આવતી હોય તો તે જોઇ શકે છે. વીડિયોની મદદથી ધારે ત્યારે રેકર્ડ કરેલા જૂના કોઇ પ્રસંગને જોઇ શકે છે. ટી. વી. અને વીડિયોની જેટલી સગવડ વધારે તે પ્રમાણે તેટલાં ક્ષેત્ર અને કાળનો અવકાશ વધારે.

આમ છતાં વૈજ્ઞાનિક સાધનો પર અવલંબિત ટી.વી. એ ટી. વી. છે અને અવધિજ્ઞાન તે અવધિજ્ઞાન છે. મન અને ઇન્દ્રિયોની મદદથી ટી. વી.નાં દ્રશ્યો જોઇ શકાય છે. અવધિજ્ઞાન મન અને ઇન્દ્રિયોની મદદ વિના, રૂપી દ્રવ્યોને આત્મભાવથી સાક્ષાત જોઇ શકે છે. અંધ મનુષ્ય ટી. વી.નાં દ્રશ્યને જોઇ શકતો નથી. પણ મનુષ્ય ઇન્દ્રિયોની સહાય વિના અવધિજ્ઞાન દ્વારા ઉપયોગ મૂકીને પોતાના જ્ઞાનગોચર વિષયને જોઇ શકે છે. ટી. વી. અને વીડિયો દ્વારા વર્તમાન અને ભૂતકાળની ફક્ત રેકર્ડ કરેલી ઘટનાઓ જોઇ શકાય છે. ભવિષ્યકાળની-અનાગતની ઘટનાઓ જોઇ શકાતી નથી. અવધિજ્ઞાન દ્વારા અનાગત કાળનાં દ્રવ્યો પદાર્થોને પણ જોઇ શકાય છે. ટી. વી.નાં દ્રશ્ય પડદા ઉપર હોય છે. અવધિજ્ઞાન દ્વારા તે સાક્ષાત જોઇ શકાય છે. આમ, ટી. વી. અવધિજ્ઞાનનો કિંચિત અણસાર આપી શકે છે, પરંતુ અવધિજ્ઞાનનું સ્થાન તે ક્યારે નહિ લઇ શકે.

અવધિજ્ઞાન જન્મથી અને ગુણથી એમ બે રીતે પ્રાપ્ત થાય છે. જે જન્મથી પ્રાપ્ત થાય છે તેને ભવપ્રત્યયિક અવધિજ્ઞાન કહેવામાં આવે છે. ગુણથી પ્રગટ થતું અવધિજ્ઞાન તે ગુણપ્રત્યયિક અવધિજ્ઞાન કહેવાય છે.

(૧) ભવપ્રત્યયિક અવધિજ્ઞાન-તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે: भवप्रत्ययो नरकदेवानां । દેવલોકમાં દેવતાઓને અને નરક ગતિમાં નારકી જીવોને જન્મથી અવધિજ્ઞાન થાય છે. દરેક ગતિની કોઇ વિશિષ્ટતા હોય છે. મનુષ્ય ગતિ શ્રેષ્ઠ હોવા છતાં બધી જ શક્તિઓ મનુષ્યને જન્મથી પ્રાપ્ત થાય છે એવું નથી. પક્ષી તરીકે જીવને જન્મ મળે એટલે ઊડવાનું એને માટે સહજ છે. મનુષ્ય એ રીતે ઊડી શકતો નથી. કૂતરાની સૂંઘવાની શક્તિ કે ઘૂવડની અંધારામાં જોવાની શક્તિ એ યોનિને કારણે છે, યોનિ-પ્રત્યય છે. તે જ પ્રમાણે દેવગતિમાં કે નરકગતિમાં ઉત્પન્ન થતા સર્વ જીવોને પોતપોતાની ગતિ અને પૂર્વ કર્મના ક્ષયોપશમ અનુસાર નાનું મોટું અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે. મનુષ્યગતિમાં ફક્ત તીર્થંકરના જીવને ચ્યવન-જન્મથી અવધિજ્ઞાન હોય છે. અન્ય સર્વ મનુષ્યો માટે અવધિજ્ઞાન જન્મથી પ્રાપ્ત થતું નથી. ભવ પ્રત્યયિક અવધિજ્ઞાનમાં પણ ક્ષયોપશયનું તત્ત્વ આવે જ છે. જો તેમ ન હોય તો દેવગતિમાં અને નરકગતિમાં દરેકનું અવધિજ્ઞાન એક સરખું જ હોય. પરંતુ એક સરખું નથી હોતું એ બતાવે છે કે તે ક્ષયોપશય અનુસાર છે.

(૨) ગુણપ્રત્યયિક અવધિજ્ઞાન-મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવોને આ અવધિજ્ઞાન થાય છે. તે દરેકને થાય તેવું નથી. જેનામાં તેને યોગ્ય ગુણનો વિકાસ થાય તેને આ જ્ઞાન થાય છે. વસ્તુત: તે તે પ્રકારના જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશયથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન પ્રગટ થાય છે. જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષયથી (ચારે ઘાતિ કર્મોના ક્ષયથી) કેવળજ્ઞાન પ્રગટ થાય છે. અવધિજ્ઞાનવરણીય કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞાન પ્રગટ થાય છે. પાપ અઢાર પ્રકારે બંધાય છે. અને બ્યાશી પ્રકારે ભોગવાય છે. તેમાં જે પાપકર્મના ઉદયથી અવધિજ્ઞાનનું આચ્છદન થાય છે તેને અવધિજ્ઞાનાવરણીય પાપકર્મ કહેવામાં આવે છે.

ગુણપ્રત્યય અવધિજ્ઞાનના છ પ્રકાર છે: (૧) અનુગામી (૨) અનનુગામી (૩) વર્ધમાન (૪) હીયમાન (૫) પ્રતિપાતિ અને (૬) અપ્રતિપાતિ.

(૧) અનુગામી--જે સ્થાનકે જીવને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય તે સ્થાનકથી જીવ અન્યત્ર જાય તો સાથે સાથે અવધિજ્ઞાન પણ જાય. એને માટે લોચનનું ઉદાહરણ આપવામાં આવે છે. માણસનાં લોચન એ જ્યાં જ્યાં જાય ત્યાં સાથે જ હોય. અથવા સૂર્ય અને સૂર્યપ્રકાશનું ઉદાહરણ આપવામાં આવે. જ્યાં સૂર્ય જાય ત્યાં સાથે એનો પ્રકાશ પણ જાય તેવું આ અવધિજ્ઞાન છે.

(૨) અનનુગામી--જે સ્થાનકે જીવને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય તે સ્થાનકમાં હોય ત્યાં સુધી તે જ્ઞાન હોય, પણ જીવ અન્યત્ર જાય ત્યારે તેની સાથે તેનું અવધિજ્ઞાન ન જાય. એને માટે શૃંખલાથી બાંધેલા દીપકનું ઉદાહરણ આપવામાં આવે. માણસ બહાર જાય ત્યારે ઘરમાં બાંધેલો દીવો સાથે બહાર ન જાય.

(૩) વર્ધમાન--સંયમની જેમ જેમ શુદ્ધિ વધતી જાય, ચિત્તમાં પ્રશસ્ત અને પ્રશસ્તતર અધ્યવસાયો થતા જાય તેમ તેમ અવધિજ્ઞાન વધતું જાય. અવધિજ્ઞાન જ્યારે ઉત્પન્ન થયું હોય ત્યારે અંગુલના અસંખ્યાતમાં ભાગે ક્ષેત્રને જાણે અને દેખે. પછી અવધિજ્ઞાન વધતું ચાલે તે ત્યાં સુધી પહોંચી શકે કે અલોકને વિશે પણ લોક જેવડા અસંખ્યાતા ખંડક દેખે. આ વર્ધમાન અવધિજ્ઞાન માટે ઇંધણ અને અગ્નિનું અથવા દાવાનળનું ઉદાહરણ આપવામાં આવે છે. અગ્નિમાં જેમ જેમ ઇંધણ નાખવામાં આવે તેમ તેમ અગ્નિ વધતો જાય, તેવી રીતે આ પ્રકારનું અવધિજ્ઞાન ઉત્તરોત્તર વૃદ્ધિ પામતું જાય.

(૪) હીયમાન--અગાઉ શુભ અધ્યવસાયો અને સંયમની શુદ્ધિ સાથે વધેલું અવધિજ્ઞાન પછી અશુભ અધ્યવસાયોને કારણે અને સંયમની શિથિલતાને કારણે ઘટવા લાગે. આ હીયમાન અવધિજ્ઞાન ધીમે ધીમે ઘટતું જાય. એને માટે અગ્નિશિખાનું ઉદાહરણ આપવામાં આવે છે. દીવાની જ્યોત જે ક્રમે ક્રમે નાની થઇ છેવટે અંગુલની અસંખ્યાતા ભાગ જેટલી રહે.

(૫) પ્રતિપાતિ એટલે કે પાછું પડવું. જે અવધિજ્ઞાન સંખ્યાતા કે અસંખ્યાતા યોજન સુધી જાણે અને દેખે, અરે ઠેઠ સમગ્ર લોક સુધી દેખી શકે, પણ પછી તે અચાનક પડે અને ચાલ્યું જાય. એને માટે પવનના ઝપાટાથી ઓલવાઇ જતા દીવાનું ઉદાહરણ આપવામાં આવે છે. હીયમાન અવધિજ્ઞાન અને પ્રતિપાતિ અવધિજ્ઞાન વચ્ચે તફાવત એ છે કે હીયમાન અવધિજ્ઞાન ધીમે ધીમે ઘટતું જાય છે, ત્યારે પ્રતિપાતિ અવધિજ્ઞાન સમકાળે સામટું ચાલ્યું જાય છે.

(૬) અપ્રતિપાતિ- અપ્રતિપાતિ એટલે જે પાછું ન પડે તે. આ અવધિજ્ઞાન સમગ્ર લોકોને જોવા ઉપરાંત અલોકનો ઓછામાં ઓછો એક પ્રદેશ દેખે. અપ્રતિપાતિ અવધિજ્ઞાન અંતમુર્હૂતમાં કેવળજ્ઞાનમાં સમાઇ જાય છે. એટલે કે અપ્રતિપાતિ અવધિજ્ઞાન જેને થાય તેને ત્યાર પછી તે જ ભવમાં કેવળજ્ઞાન અવશ્ય થાય જ.

આમ અપ્રતિપાતિ અવધિજ્ઞાન કેવળજ્ઞાન થવાના અંતમુર્હૂત પહેલાં પ્રગટ થાય છે. આ અપ્રતિપાતિ અવધિજ્ઞાનને પરમાવધિ જ્ઞાન પણ કહેવામાં આવે છે. પરમાવધિજ્ઞાન થયા પછી અન્તમુર્હૂતમાં કેવળજ્ઞાન અવશ્ય થાય છે. તે માટે ઉપમા આપવામાં આવે છે કે પરમાવધિજ્ઞાન પરોઢ જેવું છે અને કેવળજ્ઞાન સૂર્યપ્રકાશ જેવું છે. કેવળજ્ઞાન રૂપી સૂર્યપ્રકાશનો ઉદય થાય તે પહેલાં પરોઢની પ્રભા ફૂટે એના જેવું પરમાવધિજ્ઞાન છે.

તત્ત્વાર્થસૂત્રમાં વાચક ઉમાસ્વાતિએ (અધ્ય. ૧ સૂત્ર ૨૩માં) અવધિજ્ઞાનના છ ભેદ નીચે પ્રમાણે બતાવ્યા છે.

(૧) અનુગામી, (૨) અનનુગામી, (૩) હીયમાન, (૪) વર્ધમાન, (૫) અનવસ્થિત અને (૬) અવસ્થિત.

પહેલા ચાર ભેદ કર્મગ્રંથ પ્રમાણે છે. અનવસ્થિત એટલે ઉત્પન્ન થાય, વધે ઘટે, ઉત્પન્ન થયેલું ચાલ્યું પણ જાય. અવસ્થિત એટલે જેટલું હોય તેટલું કેવળજ્ઞાન પર્યન્ત કાયમ રહે. અનવસ્થિતમાં પ્રતિપાતિનો સમાવેશ થઇ જાય છે અને અવસ્થિતમાં અપ્રતિપાતિનો સમાવેશ થઇ

જાય છે. અનવસ્થિત માટે વાયુથી, પાણીમાં ઊઠતા તરંગોની વધઘટનું ઉદાહરણ આપવામાં આવે છે. અને અવસ્થિત માટે શરીર ઉપર થયેલા અને કાયમ એટલા અને એકસરખા જ રહેતા મસાનું ઉદાહરણ આપવામાં આવે છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ અવધિજ્ઞાની જઘન્ય અને ઉત્કૃષ્ટ કેટલું દેખે અને જાણે તે નીચે પ્રમાણે છે :

(૧) અવધિજ્ઞાની દ્રવ્યથી જઘન્યપણે અનંતારૂપી દ્રવ્ય દેખે અને જાણે તથા ઉત્કૃષ્ટપણે સર્વ રૂપી દ્રવ્યને જાણે અને દેખી શકે.

(૨) ક્ષેત્રની દૃષ્ટિએ અવધિજ્ઞાની જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ દેખે અને જાણે તથા ઉત્કૃષ્ટપણે અલોકને વિશે લોક જેવડાં અસંખ્યાતા ખંડક દેખે અને જાણે.

(૩) કાળની દૃષ્ટિએ અવધિજ્ઞાની જઘન્યથી આવલિકાનો અસંખ્યાતમો ભાગ દેખે અને જાણે તથા ઉત્કૃષ્ટપણે અસંખ્યાત ઉત્સર્પિણી તથા અવસર્પિણી સુધી, અતીત કાળ અને અનાગત કાળ દેખે અને જાણે.

(૪) ભાવની દૃષ્ટિએ અવધિજ્ઞાની જઘન્યથી અનંતા ભાવ દેખે અને જાણે તથા ઉત્કૃષ્ટપણે પણ અનંતા ભાવ દેખે અને જાણે. (સર્વ ભાવનો અનંતમો ભાગ પણ દેખે અને જાણે.)

આમ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ જઘન્યથી ઉત્કૃષ્ટ સુધી જેટલું જેટલું દેખે અને જાણે તે દરેકનો જુદો જુદો એક એક ભેદ ગણીએ તો અવધિજ્ઞાનના અસંખ્યાત ભેદો છે એમ કહેવાય. એટલે જ આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે :

संख्याइयाओ खलु ओहिन्नाणस्स सव्वपयडीओ ।
काइं भव पच्चइया खओवसमियाओ काओअवि । ।

અવધિજ્ઞાનની સર્વ પ્રકૃતિઓ (સર્વ ભેદો) સંખ્યાતીત અર્થાત્ અસંખ્ય છે. કેટલાક ભેદો ભવપ્રત્યયિક છે અને કેટલાક ક્ષયોપશમ પ્રત્યયિક છે.

આમ, ભવપ્રત્યયિક અને ગુણપ્રત્યયિક એવા બે મુખ્ય પ્રકારોના પેટા પ્રકારોનો વિચાર કરતાં ઠેઠ અસંખ્યાતા ભેદ કે પ્રકારો સુધી પહોંચી શકાય.

જો અવધિજ્ઞાનના આ રીતે અસંખ્યાતા પ્રકારો હોય તો એ બધાનું વર્ણન કેવી રીતે થઇ શકે? ન જ થઇ શકે. એટલા માટે નિર્યુક્તિકાર કહે છે:

कत्तो मे वण्णे सत्ती ओहिस्स सव्वपयडीओ ?

(અવધિજ્ઞાનની સર્વ પ્રકૃતિઓ વર્ણવવાની મારામાં શકિત ક્યાંથી હોય ?)

ક્ષેત્ર અને કાળની દૃષ્ટિએ કોઇકનું અવધિજ્ઞાન સ્થિર રહે અને કોઇકના અવધિજ્ઞાનમાં પોતપોતાના ક્ષયોપશમ અનુસાર વધઘટ પણ થાય. એકંદરે સર્વવિરતિધર એવા સાધુઓના અવધિજ્ઞાનને ક્ષેત્રાદિની દૃષ્ટિએ અવકાશ વધુ રહે. તેમ છતાં કોઇ ગૃહસ્થ શ્રાવકને કોઇ સાધુ કરતાં વધુ અવધિજ્ઞાન ન સંભવી શકે એવું નથી. ગૌતમસ્વામી અને આનંદ શ્રાવકનો પ્રસંગ એ માટે જાણીતો છે. આનંદ શ્રાવકે દીક્ષા નહોતી લીધી પણ ધર્મારાધના તરફ તેમનું જીવન વળ્યું હતું. કુટુંબની જવાબદારી પુત્રને સોંપી પોતે પૌષધશાળામાં ધર્મધ્યાનમાં સમય વીતાવતા હતા. એમ કરતાં એમણે આમરણ અનશન વ્રત સ્વીકાર્યું. એ વખતે ભગવાન મહાવીર પોતાના ગણધરો અને શિષ્યો સાથે વાણિજ્યગ્રામ પધાર્યા હતા. ગૌતમસ્વામી છઠના પારણા માટે બપોરે ગોચરી વહોરવા નીકળ્યા હતા. રસ્તામાં એમને થયું કે, 'આનંદ-શ્રાવકની શાતા પૂછવા માટે પૌષધશાળામાં પણ જઇ આવું. તેઓ ત્યાં ગયા. આનંદ શ્રાવક અનશનને લીધે અશક્ત થઇ ગયા હતા. ગૌતમસ્વામીને આવેલા જોઇ તેમને અત્યંત હર્ષ થયો. તેમણે ગૌતમસ્વામીને વંદન કર્યાં. પછી પોતાને થયેલા અવધિજ્ઞાનની વાત કરી. ગૌતમસ્વામીએ કહ્યું, 'આનંદ! ગૃહસ્થને અવધિજ્ઞાન જરૂર થાય, પણ તમે કહો છો તેટલા વ્યાપક ક્ષેત્રનું ન થાય.' આનંદ શ્રાવકે કહ્યું કે, પોતે જે કહ્યું છે તે સાચું છે, એટલે ગૌતમસ્વામીએ કહ્યું, 'આનંદ! તમે અસત્યવચન બોલો છો, માટે મિચ્છામિ દુક્કડં આપવો ઘટે.' આનંદ શ્રાવકે કહ્યું, 'મારી સાચી વાતને આપ ખોટી કહો છો તો મિચ્છામિ દુક્કડં આપને દેવો ઘટે.' ગૌતમસ્વામીને થયું કે અમારા બેમાં કોણ સાચું એ તો ભગવાન મહાવીર જ કહી શકે. તેઓ ભગવાન પાસે પહોંચ્યા અને બધી વાત કહી. ભગવાને કહ્યું, 'ગૌતમ! આનંદ શ્રાવકની વાત સાચી છે. ગૃહસ્થને એટલું વ્યાપક અવધિજ્ઞાન થઇ શકે. માટે મિચ્છામિ દુક્કડં તમારે આપવો ઘટે.' આ સાંભળીને ગૌતમસ્વામી ગોચરી પણ વાપરવા ન બેઠા અને આનંદ શ્રાવક પાસે પહોંચ્યા અને પોતાની ભૂલ માટે મિચ્છામિ દુક્કડં કહી આનંદ શ્રાવકની ક્ષમા માગી.

વર્ધમાન અને હીયમાન પ્રકારના અવધિજ્ઞાનમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવ વગેરેમાં વધઘટ થાય છે. પ્રશ્ન એ થાય છે કે શું એ બધાં એકસાથે વધે અને એક સાથે ઘટે કે એમાં કોઇ નિયમ છે? નિર્યુક્તિકાર કહે છે:

कालो चउण्ह वुड्ढी, कालो भइयव्वो खेत्त वुड्ढीए ।
वुड्ढीय दव्व पज्जव्व भइयव्वा खेत्त–कालाउ । ।

(કાળની વૃદ્ધિમાં ક્ષેત્રાદિ ચારેની વૃદ્ધિ થાય છે. ક્ષેત્રની વૃદ્ધિ થયે કાળની ભજના જાણવી. દ્રવ્ય પર્યાયની વૃદ્ધિ થયે ક્ષેત્રકાળની વૃદ્ધિ ભજનાએ જાણવી.)

सुहुमो य होइ कालो तत्तो सुहुमतरयं हवइ खेत्तं ।
अंगुलसेढीमेत्ते ओसप्पिणीओ असंखेज्जा । ।

(કાળ સૂક્ષ્મ છે અને તેનાથી ક્ષેત્ર વધારે સૂક્ષ્મ છે, કારણ કે અંગુલપ્રમાણ શ્રેણી માત્રમાં અસંખ્યાત અવસર્પિણીના સમય જેટલા પ્રદેશો છે.)

કાળ પોતે સૂક્ષ્મ છે. કાળથી ક્ષેત્ર વધુ સૂક્ષ્મ છે. ક્ષેત્રથી દ્રવ્ય વધુ સૂક્ષ્મ છે અને દ્રવ્યપર્યાયો એથી વધુ સૂક્ષ્મ છે. ક્ષયોપશમને કારણે અવધિજ્ઞાનીનો જો કાળનો માત્ર એક જ 'સમય' વધે તો ક્ષેત્રના ઘણા પ્રદેશો વધે છે અને ક્ષેત્રની વૃદ્ધિ થતાં દ્રવ્યની વૃદ્ધિ અવશ્ય થાય છે, કારણ કે દરેક આકાશપ્રદેશે દ્રવ્યની પ્રચુરતા હોય છે અને દ્રવ્યની વૃદ્ધિ થવાથી પર્યાયોની વૃદ્ધિ થાય છે, કારણ કે દરેક દ્રવ્યમાં પર્યાયોની બહુલતા હોય છે.

બીજી બાજુ અવધિજ્ઞાનીના અવધિગોચર ક્ષેત્રની જો વૃદ્ધિ થાય તો કાળની ભજના જાણવી એટલે કે કાળની વૃદ્ધિ થાય અથવા ન પણ થાય. જો ક્ષેત્રની ઘણીબધી વૃદ્ધિ હોય તો કાળની વૃદ્ધિ થાય, પણ જો ક્ષેત્રની જરાક જેટલી જ વૃદ્ધિ થાય તો કાળની વૃદ્ધિ ન થાય,. કારણ કે અંગુલ જેટલું ક્ષેત્ર જો વધે અને તે પ્રમાણે કાળની વૃદ્ધિ થાય તો અસંખ્યાત ઉત્સર્પિણી જેટલો કાળ વધી જાય. અંગુલ પ્રમાણ ક્ષેત્રમાં જેટલા પ્રદેશો છે તેમાંથી દરેક સમયે એક પ્રદેશ અપહરીએ તો અસંખ્યાત અવસર્પિણી જેટલો કાળ વહી જાય. અવધિગોચર ક્ષેત્રવૃદ્ધિ થયે દ્રવ્યપર્યાયો અવશ્ય વધે છે, પરંતુ દ્રવ્યપર્યાયો વધે ત્યારે ક્ષેત્રની વૃદ્ધિ થાય કે ન પણ થાય.

અવધિજ્ઞાનના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા ત્રણ પ્રકાર બતાવવામાં આવે છે.

ક્ષેત્રની દૃષ્ટિએ દરેકનું અવધિજ્ઞાન એક સરખા માપનું નથી હોતું. વળી જેટલા ક્ષેત્રનું અવધિજ્ઞાન હોય તે ક્ષેત્રનો આકાર દરેકને માટે એક સરખો નથી હોતો.

જઘન્ય અવધિજ્ઞાન સ્તિબુક (બિન્દુ) આકારે ગોળ હોય છે.

મધ્યમ અવધિજ્ઞાનના ક્ષેત્રના અનેક આકાર હોય છે. કેવાં કેવા આકારે તે હોય છે તેનાં કેટલાંક ઉદાહરણો આપતાં આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે :

तप्पागारे पल्लग पडहग झल्लरी मुइंग पुप्फ–जवे ।
तिरिय मणयाण ओही नाणाविहसंठिओ भणिओ ।।

ત્રાપો, પલ્ય, પડહ, ઝલ્લરી, મૃદંગ, પુષ્પચંગેરી અને યવનાલકના આકારે તથા મનુષ્ય અને તિર્યંચને વિવિધ આકારે અવધિજ્ઞાન હોય છે.

(૧) નારકીનું અવધિજ્ઞાન પાણી ઉપર તરવાના ત્રાપા-તરાપાના આકાર જેવું હોય છે.

(૨) ભુવનપતિ દેવોનું અવધિજ્ઞાન પલ્ય (પ્યાલા)ના આકારે હોય છે.

(૩) વ્યંતરદેવોનું અવધિજ્ઞાન પડહ (ઢોલ)ના આકારવાળું હોય છે.

(૪) જ્યોતિષી દેવોનું અવધિજ્ઞાન ઝલ્લરી (ઝાલર)ના આકાર જેવું હોય છે.

(૫) બાર દેવલોકના દેવોનું અવધિજ્ઞાન મૃદંગના આકારનું હોય છે.

(૬) નવ ગ્રૈવેયકના દેવોનું અવધિજ્ઞાન પુષ્પચંગેરી (ફૂલથી ભરેલી ચંગેરી)ના આકાર જેવું હોય છે.

(૭) અનુત્તર દેવોનું અવધિજ્ઞાન યવનાલકના આકારનું હોય છે. યવનાલક એટલે સરકંચૂઓ અથવા ગલકંચૂઆ. એનો આકાર તુરકણી જે પહેરણો પહેરે એવો હોય છે.

દેવ અને નારકીના અવધિજ્ઞાનના ક્ષેત્રનો આકાર હંમેશા એવોને એવો જ રહે છે. એ આકાર બીજા આકારમાં પરિણમતો નથી.

(૮) તિર્યંચ અને મનુષ્યનું અવધિજ્ઞાન, ક્ષેત્રની દૃષ્ટિએ વિવિધ પ્રકારના સંસ્થાનવાળું- આકારવાળું હોય છે. વળી જે આકાર હોય તે બીજા આકારમાં પરિણમી શકે છે. અલબત્ત, કોઇને એનો એજ આકાર જીવન પર્યન્ત કાયમ માટે પણ રહી શકે છે.

ક્ષેત્રમાં કોણ કઇ દિશામાં વધારે જોઇ શકે છે તે વિશે કહેવાયું છે કે ભવનપતિ અને વ્યંતર દેવોને ઉર્ધ્વ દિશામાં અવધિજ્ઞાન વધારે હોય છે. વૈમાનિક દેવોને અધોદિશામાં તથા નારકી અને જ્યોતિષી દેવોને તિરછી દિશામાં અવધિજ્ઞાન વધારે હોય છે. ઔદારિક શરીરવાળા તિર્યંચ અને મનુષ્યોને વિવિધ પ્રકારે વિવિધ દિશામાં અવધિજ્ઞાન વધારે હોય છે, જેમ કે કોઇને ઉર્ધ્વ દિશામાં વધારે હોય તો કોઇને અધોદિશામાં કે તિરછી દિશામાં વધારે હોય છે. મનુષ્ય અને તિર્યંચને અવધિજ્ઞાન વલયાકારે પણ હોય છે.

દેવલોકના દેવો પોતાના અવધિજ્ઞાન વડે કેટલું ક્ષેત્ર જોઇ શકે તે નીચે પ્રમાણે છે :

(૧) સૌધર્મ અને ઇશાન દેવલોકના દેવો રત્નપ્રભા નામની પ્રથમ નરકના નીચેના ભાગ સુધી અવધિજ્ઞાન વડે જોઇ શકે છે.

(૨) સનત્કુમાર અને મહેન્દ્ર દેવલોકના દેવો શર્કરાપ્રભા નામની બીજી નરક પર્યન્ત જોઇ શકે.

(૩) બ્રહ્મલોક અને લાંતક દેવલોકના દેવો ત્રીજી વાલુકાપ્રભા નામની નરક સુધી જોઇ શકે.

(૪) શુક્ર અને સહસ્રાર દેવલોકના દેવો ચોથી પંકપ્રભા નરક સુધી જોઇ શકે.

(૫) આનત, પ્રાણત, આરણ અને અચ્યુત એ ચાર દેવલોકના દેવો પાંચમી ધૂમપ્રભા નામની નરક સુધી જોઇ શકે.

(૬) ત્રણ નીચેના અને ત્રણ મધ્યના એમ છ ગ્રૈવેયકના દેવો તમઃપ્રભા નામની છઠ્ઠી નરક સુધી જોઇ શકે.

(૭) ઉપરના ત્રણ ગ્રૈવેયકના દેવો તમસ્તમઃપ્રભા નામની સાતમી નરક સુધી જોઇ શકે.

(૮) પાંચ અનુત્તર વિમાનના દેવો પોતાના અવધિજ્ઞાન વડે સંપૂર્ણ લોકનાડી જોઇ શકે છે.

બધા દેવલોકમાં જેમ જેમ ઉપર ઉપરના દેવલોકનો વિચાર કરીએ તેમ તેમ તે દેવો નીચેની અને તિરછી દિશામાં ઉત્તરોત્તર વધુ અને વધુ ક્ષેત્ર અવધિજ્ઞાન વડે જોઇ શકે. અલબત્ત, ઉર્ધ્વ દિશામાં બધા દેવો સ્વકલ્પના સ્તૂપાદિ-ધ્વજાદિ પર્યન્ત અવધિજ્ઞાન વડે જોઇ શકે, તેથી ઉપર ન જોઇ શકે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન મનુષ્યોને જ હોય છે. દેવ, નારકી કે તિર્યંચને તે નથી હોતું. જઘન્ય અવધિજ્ઞાન મનુષ્ય અને તિર્યંચને હોય છે. દેવ અને નારકીને તે નથી હોતું.

ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનના બે પ્રકાર છે. (૧) સંપૂર્ણ લોકને અને લોકમાત્રને જોનાર અવધિજ્ઞાન (૨) સંપૂર્ણ લોક ઉપરાંત અલોકમાં પણ જોનાર અવધિજ્ઞાન. તેમાં સંપૂર્ણ લોકમાત્રને જોનાર અવધિજ્ઞાન પ્રતિપાતિ હોય છે અને સંપૂર્ણ લોક ઉપરાંત અલોકમાં એક પ્રદેશ જેટલું વધુ જોનાર અવધિજ્ઞાન અપ્રતિપાતિ હોય છે. વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે :

उक्कासो मणुएसुं मणुस्स–तेरिच्छिएसुं य जहण्णो ।
उक्कोस लोगमेत्तो पडिवाइ परं अपडिवाइ ।।

અલબત્ત, અલોકમાં આકાશ સિવાય બીજાં કોઇ દ્રવ્ય નથી એટલે જોવાપણું પણ રહેતું નથી. તો પણ અવધિજ્ઞાનના એ સામર્થ્યને દર્શાવવા એ પ્રમાણે કહેવાય છે.

નારકીના જીવો, ક્ષેત્રની દૃષ્ટિએ પોતપોતાના અવધિજ્ઞાન વડે કેટલું ઉત્કૃષ્ટ અને કેટલું જઘન્ય જોઇ શકે તે નીચે પ્રમાણે છે:

| નરકનું નામ | ઉત્કૃષ્ટ ક્ષેત્રપ્રમાણ |
|---|---|
| ૧. રત્નપ્રભા | એક યોજન (ચાર ગાઉ) પર્યન્ત |
| ૨. શર્કરાપ્રભા | સાડા ત્રણ ગાઉ પર્યન્ત |
| ૩. વાલુકાપ્રભા | ત્રણ ગાઉ પર્યન્ત |
| ૪. પંકપ્રભા | અઢી ગાઉ પર્યન્ત |
| ૫. ધૂમપ્રભા | બે ગાઉ પર્યન્ત |
| ૬. તમઃપ્રભા | દોઢ ગાઉ પર્યન્ત |
| ૭. તમસ્તમઃપ્રભા | એક ગાઉ પર્યન્ત |
| **નરકનું નામ** | **જઘન્ય ક્ષેત્રપ્રમાણ** |
| ૧. રત્નપ્રભા | સાડા ત્રણ ગાઉ પર્યન્ત |
| ૨. શર્કરાપ્રભા | ત્રણ ગાઉ પર્યન્ત |
| ૩. વાલુકાપ્રભા | અઢી ગાઉ પર્યન્ત |
| ૪. પંકપ્રભા | બે ગાઉ પર્યન્ત |
| ૫. ધૂમપ્રભા | દોઢ ગાઉ પર્યન્ત |
| ૬. તમઃપ્રભા | એક ગાઉ પર્યન્ત |
| ૭. તમસ્તમઃપ્રભા | અડધો ગાઉ પર્યન્ત |

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન સમ્યક્ત્વસહિત હોઇ શકે છે અને સમ્યક્ત્વરહિત પણ હોઇ શકે છે. મિથ્યાદૃષ્ટિ જીવને પણ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોઇ શકે છે. આમ આ ત્રણે જ્ઞાનના પ્રતિપક્ષી જ્ઞાન પણ હોઇ શકે છે. એટલે કે મિથ્યા-મતિજ્ઞાન, મિથ્યા-શ્રુતજ્ઞાન અને મિથ્યા-અવધિજ્ઞાન પણ હોય છે. મનઃપર્યવજ્ઞાન મિથ્યાત્વીને હોઇ શકતું નથી. કેવળજ્ઞાનમાં તો મિથ્યાત્વનો પ્રશ્ન જ હોતો નથી. ફક્ત સમકિતી જીવને જ મનઃપર્યવજ્ઞાન થઇ શકે છે.

મિથ્યાદૃષ્ટિ જીવને અવધિજ્ઞાન થાય જ નહી એમ કહેવું યથાર્થ નથી. મિથ્યાદૃષ્ટિ જીવને અવધિજ્ઞાન અવશ્ય થઇ શકે, પરંતુ તે મલિન હોય, ધૂંધળું હોય, અસ્પષ્ટ હોય. ક્યારેક તે અવળું સવળું પણ દેખે.

એટલા માટે મિથ્યાદષ્ટિ જીવના અવધિજ્ઞાનને વિભંગજ્ઞાન કહેવામાં આવે છે. એટલે વિભંગજ્ઞાન એ અવધિજ્ઞાનનો જ એક પ્રકાર છે.

મનઃ પર્યવજ્ઞાનને ક્રમમાં અવધિજ્ઞાન પછી મૂકવામાં આવ્યું છે, કારણ કે અવધિજ્ઞાન કરતાં મનઃપર્યવજ્ઞાન ચડિયાતું છે. અવધિજ્ઞાનનો વિષય સર્વ રૂપી પદાર્થોનો છે. એ દષ્ટિએ ચૌદ રાજલોકના સર્વ-પદાર્થો-દ્રવ્યો અવધિજ્ઞાનનો વિષય બને છે તથા શક્તિની દષ્ટિએ તો અલોક પણ અવધિજ્ઞાનીનો વિષય બની શકે છે. એ રીતે સમગ્ર લોકાલોક અવધિજ્ઞાનનો વિષય છે. મનઃ પર્યવજ્ઞાનનો વિષય ફક્ત મનોવર્ગણાના પુદ્ગલ પરમાણુઓ પૂરતો છે. ચૌદ રાજલોકમાં મનોવર્ગણાના પુદ્ગલ પરમાણુઓનું પ્રમાણ એટલું બધું અલ્પ છે કે સર્વાવધિજ્ઞાનના અનંતમા ભાગ જેટલો વિષય મનઃપર્યવજ્ઞાનનો છે. આમ વિષયની દષ્ટિએ અવધિજ્ઞાન મોટું છે, પરંતુ સ્વરૂપની દષ્ટિએ મનઃ પર્યવજ્ઞાન ચડિયાતું છે, કારણ કે મનઃપર્યવજ્ઞાન પોતાના વિષયના અનેકગણા પર્યાયોને જાણે છે. આમ મનઃપર્યાવજ્ઞાનનો વિષય ઘણો નાનો હોવા છતાં તે વધુ સૂક્ષ્મ છે અને વધુ શુદ્ધ છે. માટે મનઃપર્યવજ્ઞાન ચડિયાતું છે. વળી, વિશુદ્ધિ, ક્ષેત્ર, સ્વામી અને વિષયની દષ્ટિએ પણ અવધિજ્ઞાન અને મનઃ પર્યવજ્ઞાનમાં ભેદ છે.

અવધિજ્ઞાન જન્મથી પણ હોઇ શકે છે, અર્થાત્ ભવપ્રત્યય કે યોનિપ્રત્યય પણ હોઇ શકે છે. દેવો, નરકના જીવો તથા તીર્થંકર ભગવાનને જન્મથી અવધિજ્ઞાન હોય છે. વળી અવધિજ્ઞાન સંયમની વિશુદ્ધિથી કે તેવા પ્રકારના પ્રબળ ક્ષયોપશમથી પણ પ્રગટ થાય છે. મનઃપર્યવજ્ઞાન જન્મથી હોતું નથી. વિશિષ્ટ સંયમની આરાધનાથી અર્થાત્ સંયમની વિશુદ્ધિથી જ તે ઉત્પન્ન થાય છે. તીર્થંકર ભગવાનને પણ જન્મથી મનઃપર્યવજ્ઞાન હોતું નથી. તેઓ જ્યારે દીક્ષિત થાય છે ત્યારે જ તેમને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. આ દષ્ટિએ અવધિજ્ઞાન કરતાં મનઃપર્યવજ્ઞાન ચડિયાતું છે.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન કરતાં અવધિજ્ઞાન અને મનઃ પર્યવજ્ઞાનને વિશેષ શકિતને કારણે ક્રમમાં ચડિયાતાં બતાવવામાં આવે છે, તો પણ એક અપેક્ષાએ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનું જેટલું મહત્ત્વ છે તેટલું અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનનું મહત્ત્વ નથી. કેવળજ્ઞાન માટે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની જેટલી આવશ્યકતા છે, તેટલી અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનની નથી. કોઇ જીવ ક્યારેય મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વિના કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે નહીં. કેવળજ્ઞાનની ઉત્પતિ પૂર્વવર્તી શ્રુતજ્ઞાનરૂપી કારણથી થાય છે એમ મનાય છે. કોઇક જીવોને અવધિજ્ઞાન કે મનઃ પર્યવજ્ઞાન ઉત્પન્ન થયા વિના સીધું જ કેવળજ્ઞાન ઉત્પન્ન થઇ શકે છે. શાસ્ત્રોમાં એવાં કેટલાંયે ઉદાહરણો છે. આમ, મોક્ષમાર્ગમાં અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનની કોઇ અનિવાર્યતા નથી. અલબત્ત, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનથી જીવને પોતાના આત્માની વિશુદ્ધિની પ્રતીતિ થઇ શકે. અવધિજ્ઞાન અને વિશેષતઃ મનઃપર્યવજ્ઞાન આત્માની વિશુદ્ધતર સ્થિતિનાં ઘોતક છે.

શું પંચમ કાળમાં અવધિજ્ઞાન ન થઇ શકે? આ વિશે કેટલુંક મતાન્તર છે. કેટલાકને મતે હાલ પણ અવધિજ્ઞાનની અત્યંત અલ્પ પ્રમાણમાં પણ શક્યતા છે. કેટલાકને મતે એવી કોઇ શક્યતા નથી. એટલું તો નક્કી છે કે આ કાળમાં આ ક્ષેત્રમાં કેવળજ્ઞાન નથી. જો તેમ છે તો પરમાવધિ જ્ઞાન જે અંતે કેવળજ્ઞાનમાં જ પરિણમે છે તે ક્યાંથી હોઇ શકે? એટલે એટલું તો નિશ્ચિત જ છે કે આ કાળમાં પરમાવધિ જ્ઞાન નથી. મનઃપર્યવજ્ઞાનનો આ કાળમાં વિચ્છેદ થયો છે તે વિશે પણ શાસ્ત્રકારો સંમત છે, કારણ કે તે પ્રાપ્ત થવા માટે જોઇતી સંયમની તેટલી વિશુદ્ધિ અને આત્માની તેવી શક્તિ આ કાળમાં જણાતી નથી.

દિગંબર ગ્રંથ મહાપુરાણમાં એવું વર્ણન આવે છે કે ભરત ચક્રવર્તિને પરિમંડળથી ઘેરાયેલો ચંદ્ર સ્વપ્નમાં દેખાય છે. તેનો અર્થ કરતાં ઋષભદેવ ભગવાન કહે છે કે પંચમ કાળમાં અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન કોઇને નહિ થાય એમ તે સૂચવે છે . બીજી બાજુ 'તિલોયપણ્ણતિ' ગ્રંથમાં કહેવાયું છે કે દુષમકાળમાં અમુક હજાર વર્ષે જ્યારે જ્યારે સાધુઓની ગોચરી ઉપર કરવેરા નખાશે અને સાધુઓ ગોચરી વાપર્યા વિના તે પ્રદેશ છોડીને ચાલી નીકળશે ત્યારે તેમાંના કોઇ એક સાધુને અવધિજ્ઞાન થશે એટલે કે હજારો વર્ષે એકાદ જણને અવધિજ્ઞાન થાય તો થાય.

વર્તમાનમાં કોઇક મહાત્માઓને અવધિજ્ઞાન થયું છે એવી વાત સાંભળીએ છીએ, પરંતુ તે માની લેવાની ઉતાવળ ન કરવી જોઇએ. કેટલાક વચનસિદ્ધ મહાત્માઓનાં વચન સાચાં પડે છે, પરંતુ વચનસિદ્ધિ અને અવધિજ્ઞાનને એક માની લેવાની ભૂલ ન થવી જોઇએ. અવધિજ્ઞાનીનું તે જ્ઞાનના ઉપયોગ દ્વારા કહેલું વચન અવશ્ય સત્ય હોય છે, પરંતુ વચનસિદ્ધિ હોય ત્યાં અવધિજ્ઞાન હોય જ એમ માની ન લેવું જોઇએ. કેટલાક મહાત્માઓએ કરેલી આગાહી સાચી પડતી હોય છે. આવી કેટલીક આગાહી માત્ર અનુમાનથી જ કરેલી હોય છે. અનુમાન એ ચિત્તનો વ્યાપાર છે. કેટલાકની અનુમાનશક્તિ તીવ્ર અવલોકનશકિત તથા તર્ક વગેરેને કારણે એટલી બધી સરસ હોય છે કે તેઓ તેને આધારે જે કહે તે સાચું પડતું જણાય. તેવી રીતે કેટલીક વ્યક્તિઓ આંતરસ્ફુરણા (Intution)ને આધારે આગાહી કરતી હોય છે અને એવી આગાહી પણ સાચી પડતી હોય છે. પરંતુ અનુમાનશક્તિને આધારે કે આંતરસ્ફુરણાને આધારે કરેલી આગાહીને અવધિજ્ઞાન માનવાની ભૂલ ન કરવી જોઇએ. કેટલીક વ્યક્તિઓ ભૂત, વર્તમાન કે ભવિષ્યમાં બનેલી, બનતી કે બનનારી ઘટનાને પોતાની કલ્પના વડે આંતરચક્ષુ સમક્ષ ખડી કરી શકે છે, તે પ્રમાણે વર્ણવે છે અને એ કેટલીકવાર સાચી ઠરે છે, પરંતુ એવી રીતે કરેલો માનસિક કલ્પનાવ્યાપાર ગમે તેટલો તાદ્રશ હોય તો પણ તે અવધિજ્ઞાન નથી. અનુમાનશક્તિ, કલ્પનાવ્યાપાર ઇત્યાદિ મનની મદદથી થાય છે. મતિજ્ઞાનનો એ વિષય બને છે. એને અવધિજ્ઞાન માની ન શકાય. કેટલાક મહાત્માઓની ચમત્કારશકિતને ઉપસાવવા એમના શિષ્યો કે અનુયાયીઓ તરફથી, ક્યારેક તો ખુદ મહાત્માની જ પ્રેરણાથી આવી કેટલીક ઘટનાઓને અવધિજ્ઞાન તરીકે ઠસાવવાનો હેતુપૂર્વક પ્રયાસ થતો હોય ત્યારે વિચારશીલ માણસે તેથી ભોળવાઇ જવું ન જોઇએ. આ કાળમાં અવધિજ્ઞાન જેને--તેને થઇ શકે એવું અવધિજ્ઞાનનું સ્વરૂપ નથી. કોઇ પોતાને અવધિજ્ઞાન થયું છે તેવો દાવો કરે અથવા બીજાને થયું છે એવો દાવો કરે તો પ્રત્યક્ષ કસોટી વિના તેવી વાત સ્વીકારવી ન જોઇએ. ગતાનુગતિક ચાલી આવતી વાતને પણ માનવાની ઉતાવળ ન કરવી જોઇએ. તત્ત્વમાં જેમને શ્રદ્ધા છે તેમને માટે આ બહુ જ જરૂરી છે. કોઇનો પણ અનાદર કર્યા વિના યથાતથ્ય પામવાની કોશિષ કરવી જોઇએ.

❑રમણલાલ ચી. શાહ

★ ★ ★

## સંયુક્ત અંક

'પ્રબુદ્ધ જીવન'નો જુલાઇ તથા ઓગસ્ટ ૧૯૯૪નો આ અંક સંયુક્ત અંક તરીકે પ્રકાશિત થાય છે તેની નોંધ લેવા વાચકોને વિનંતી છે.

-તંત્રી

# દેવચંદ્રજીના આધ્યાત્મિક પત્રો

❑ પ.પૂ. સાધ્વીશ્રી આરતીબાઈ મહાસતીજી

પત્રશૈલીમાં લખાયેલી આઠ પૃષ્ઠની ગણિ શ્રી દેવચંદ્રજીની આ અત્યંત લઘુરચના છે. તેમાં સૈદ્ધાંતિક પ્રશ્નોનું મુખ્યતયા જીવના શુદ્ધ સ્વરૂપ અને શુદ્ધ તત્ત્વની પ્રાપ્તિનો માર્ગ દેવચંદ્રજીએ સ્વાનુભવ અને આગમો તેમજ પૂર્વાચાર્યોના ગ્રંથના આધારે પ્રસ્તુત કર્યો છે. દેવચંદ્રજીએ પોતાની આ લઘુકૃતિને કોઈપણ નામ આપ્યું નથી. કારણ કે પ્રસ્તુત કૃતિ પત્રરૂપે હોવાથી ભિન્ન ભિન્ન સ્થળે અને ભિન્ન ભિન્ન કાળે લખાયેલા છે. આ ત્રણે પત્રોમાં અધ્યાત્મ વિષયની વિચારણા થઈ હોવાથી તે આધ્યાત્મિક પત્રોથી ઓળખાય છે.

**❑ આધ્યાત્મિક પત્રોનો પ્રેરણા સ્ત્રોત :**

બે પત્રોમાં પ્રાપ્ત થતાં સંબોધનો પરથી જાણી શકાય છે કે સુરતબંદરમાં સ્થિત જિનાગમતત્ત્વ રસિક સુશ્રાવિકા બહેનો જાનકીબાઈ તથા હરખબાઈ વગેરેને લખાયેલા આ પત્રો છે. પરંતુ એક પત્રમાં કોઈ પણ સંબોધન પ્રાપ્ત થતું નથી. પરંતુ નાગકુમાર મકાતી લખે છે કે ત્રણે પત્રો જાનકીબાઈ અને હરખબાઈને જ લખાયેલા છે. તે બહેનોએ પૂછાવેલ પ્રશ્નોના પ્રત્યુત્તરરૂપ આ પત્રો લખાયેલા હોય તેમ જોઈ શકાય છે.

સંતપુરૂષો હંમેશા સત્ સ્વરૂપની પ્રાપ્તિ અને શુદ્ધિમાં જ લીન હોય છે. તેથી તેઓની વૃત્તિમાં, પ્રત્યેક પ્રવૃત્તિમાં સત્ સ્વરૂપની વાતો જ પ્રગટ થયા વિના રહેતી નથી. તેઓના ત્રણે પત્રોમાં એકાંત શુદ્ધ ધર્મ અને તેની પ્રાપ્તિનો માર્ગ જ પ્રગટ થયો છે.

પ્રથમ પત્રમાં દેવચંદ્રજીએ સતસુખનું સ્વરૂપ સમજાવ્યું છે.

**❑ શાતા વેદનીય કર્મજન્ય સુખ તે સુખ નથી :**

દેવચંદ્રજીએ સતસુખનું સ્વરૂપ સમજાવતા પહેલા શાતા વેદનીય કર્મજન્ય સુખ તે સુખ નથી તે વિષયને પુષ્ટ કર્યો છે. આત્માના અવ્યાબાધ ગુણનો રોધક તે વેદનીય કર્મ. તેના ઉદયથી જીવને શુભ કે અશુભ પુદ્ગલો ભોગ્યપણે પ્રાપ્ત થાય છે. પરંતુ નિશ્ચયનયે આત્મા પુદ્ગલનો અભોક્તા છે. ગમે તેવા શ્રેષ્ઠતમ પુદ્ગલો પ્રાપ્ત થાય પરંતુ આત્મા તેને ભોગવી શકતો નથી. તેથી તજજન્ય સુખ તે પણ આત્માનું નથી.

આત્મા અનંત સ્વગુણ અને પર્યાયનો જ ભોક્તા છે. ભોગાંતરાય કર્મ વડે આત્માનો શુદ્ધ ભોગ ગુણ અવિરત થયો છે. આંશિકપણે તે કર્મના કાયોપશમથી વિભાવ પરિણામી આત્મા પુદ્ગલને ભોગવીને સુખ અનુભવું છું તેવી ભ્રાંતિમાં જીવી રહ્યો છે.

સમ્યગદર્શનની પ્રાપ્તિ પછી આત્માની દ્રષ્ટિએ પરિવર્તિત થતાં પૌદગલિક ભાવોને ભોગવવા છતાં હું તેનો ભોક્તા નથી તેવી સ્પષ્ટ સમજણ તેને વર્તે છે. અર્થાત્ સમ્યગદર્શન પછી ક્રમશઃ આગળ વધતા પ્રશસ્ત પરિણામની ધારાએ તેનો ભોગ પણ નિર્જરાનો હેતુ થાય છે. બારમા ગુણસ્થાનના અંતે ભોગાંતરાયકર્મનો સર્વથા નાશ થતાં આત્માનો ભોગ ગુણ શુદ્ધ બને છે અને તે કેવળીનો આત્મા અનંત સ્વગુણ પર્યાયને ભોગવે છે. તે ભોગ, તે આનંદ સહજ છે, સ્વભાવરૂપ છે, અખંડ છે, કર્મજન્ય નથી.

તે અનંત ભોગનો અનુભવ શુદ્ધ જ્ઞાન દ્વારા થાય છે અને જ્ઞાનનું પ્રવર્તન શુદ્ધ વીર્યના સહકારથી થાય છે. આ રીતે અનંતગુણો પરસ્પર સહકારી બનીને આત્મસુખને ભોગવે છે.

દેવચંદ્રજીએ આ વિષયને વિસ્તારથી સમજાવવાની સાથે ભાવચારિત્રનું સ્વરૂપ સુંદર રીતે સમજાવ્યું છે. દેવચંદ્રજી લખે છે કે 'જ્ઞાન સ્વ પર જ્ઞાયક હોય, વિણ સદા આત્મપ્રદેશાવગાહી રહે, ઈણી રીતે સ્વ ગુણને વિષે થિરતા, સ્વગુણભોગ, આસ્વાદની રમણતા તે ભાવચારિત્ર કહીએ.

સહજ સુખના કથનની સાથે દેવચંદ્રજીએ સાધકો સમક્ષ તે સુખની પ્રાપ્તિનો માર્ગ પણ નિરૂપ્યો છે. સહજ સુખને ઈચ્છતાં સાધકે પોતાનો જીવન વ્યવહાર કેવો રાખવો જોઈએ? તેના સમાધાનરૂપે દેવચંદ્રજીએ અનાસક્તભાવ અથવા અમોહદશા કેળવી ચાર ભાવનાનું આચરણ કરવું તે ઉપાય નિદર્શિત કર્યો છે.

જગતના જીવોની ચિત્રવિચિત્ર પરિસ્થિતિમાં સ્વયં સમભાવે કઈ રીતે રહેવું? દેવચંદ્રજી લખે છે કે 'સર્વ એકેન્દ્રિયાદિ જીવ પ્રથમ ગુણસ્થાનવર્તી હોય તે ઉપરે માધ્યસ્થ અને કારુણ્ય ભાવનાએ વર્તે સ્વગુણ નિરાવરણ થાતે છતે પ્રમોદ ભાવના યે વર્તે. સાધર્મી ઉપરે સદા મૈત્રીભાવના રાખે, સ્વ-પર ઔદયિક સન્મુખ દ્રષ્ટિ ન રાખે.'

આ જ માર્ગ ત્રૈકાલિક શાશ્વત છે. આમ દેવચંદ્રજીએ સન્મુખ અને તેની પ્રાપ્તિનો માર્ગ નિર્દિષ્ટ કર્યો છે.

પત્ર-૨માં દેવચંદ્રજીએ ભાવ અહિંસાનું સ્વરૂપ પ્રધાનપણે નિરૂપ્યું છે.

**❑ અહિંસાનું સ્વરૂપ :**

દેવચંદ્રજીએ ભાવ અહિંસાને પ્રાધાન્ય આપી તેનું જ સ્પષ્ટીકરણ કર્યું છે. દેવચંદ્રજી કૃત 'વિચાર રત્ન સાર' પ્રશ્નોત્તરીમાં અહિંસાના ભેદને સમજાવ્યા છે. (૧) સ્વરૂપ અહિંસા- જે જીવવધ ન કરવો તેનું બીજું નામ બાહ્ય અહિંસા કે યોગ અહિંસા પણ છે. (૨) હેતુ અહિંસા- તે જયણાએ પ્રવર્તન. છ કાય જીવની રક્ષા પ્રવૃત્તિ (૩) અનુબંધ અહિંસા- તે રાગ દ્વેષાદિ મલિન અધ્યવસાય, તીવ્ર વિષમ કષાયના પરિણામે હિંસાનો ત્યાગ જેથી ફલ વિપાક રૂપે આકરો, કર્મબંધ ન પડે તે (૪) દ્રવ્ય અહિંસા-એટલે અનુપયોગ હિંસાનો ત્યાગ (૫) પરિણામ અહિંસા-તે ઉપયોગપૂર્વક પરિણમીને ઈરાદાથી જે હિંસા કરવી તેનો ત્યાગ ઈત્યાદિ અનેક ભેદ છે.

અહિંસાના આ પાંચે પ્રકાર જોતાં સ્પષ્ટ થાય છે કે હિંસાનું મૂળ છે અનુબંધ હિંસા અર્થાત્ રાગદ્વેષની પરિણતિ. જ્યારે હિંસાથી વિરામ પામી અહિંસાને અપનાવવી છે ત્યારે સાધકને માટે અનુબંધ અહિંસા જ તેનામાં પરિવર્તન લાવી શકે છે. સાધક જ્યારે રાગ દ્વેષની પરિણતિથી વિરામ પામતો જાય, અનુબંધ અહિંસાનું આચરણ કરતો જાય તેમ તેમ તેના જીવનમાં સ્વરૂપ, અહિંસા હેતુ અહિંસા આદિ સહેજે પરિણત થાય છે. તેથી જ દેવચંદ્રજીએ અહિંસાના સ્વરૂપ વિષયક પ્રશ્નના ઉત્તરમાં અનુબંધ અહિંસાને જ પ્રાધાન્ય આપ્યું છે. તેઓ પ્રશ્નના ઉત્તરમાં લખે છે કે 'અહિંસાના સ્વરૂપ તો પૂર્વે તુમ્હને જણાવ્યા છઈ અને વલી સમજવાં ! મૂળ અહિંસા અનુબંધ હોઈ, તે મધ્યે ઉપયોગીને ભાવથી અને અનુપયોગીને દ્રવ્યથી, તે તો જિણં જે ગુણસ્થાનક તે માફક જાણવી.

આ રીતે દેવચંદ્રજીએ સર્વ પ્રકારે શુદ્ધ ભાવને જ પ્રાધાન્ય આપ્યું છે.

પત્ર નં. ૩માં દેવચંદ્રજીએ સાધના માર્ગ, આત્માનું, દેવતત્ત્વ અને ધર્મતત્ત્વનું સ્વરૂપ સમજાવ્યું છે.

**❑ સર્વજીવ છે સિદ્ધ સમ :**

શુદ્ધાત્માના સર્વ ગુણો નિરાવરણ છે. અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્યરૂપ અનંત ચતુષ્ટયને તે સિદ્ધાત્મા સહજપણે, અકૃતપણે, અખંડપણે ભોગવી રહ્યા છે, જીવનું આ જ શુદ્ધ સ્વરૂપ છે. અને તેવું જ સ્વરૂપ જીવોનું છે કારણ કે આત્માના અસંખ્યાત પ્રદેશે અનંત ગુણોનો વ્યાપ વ્યાપકપણે અનાદિ અનંત સંબંધ છે. શુદ્ધાત્મા તે ગુણો આવરણ રહિત છે. જ્યારે સંસારી જીવો અશુદ્ધાત્માના તે ગુણો આવરણમુક્ત હોવાના કારણે વિકૃતપણે પરિણમે છે. શક્તિની અપેક્ષાએ, સ્વભાવની અપેક્ષાએ સર્વ જીવો સમાન છે.

**❑ દેવતત્ત્વ :**

દેવચંદ્રજી દેવતત્ત્વનું સ્વરૂપ સમજાવતાં લખે છે કે તે શુદ્ધ ધર્મ જેહને સમરણે પ્રગટ્યો તે દેવતત્ત્વ છે. આત્માના અનંત ગુણો જેને પ્રગટપણે વર્તે છે તેવા અનંત ઐશ્વર્યયુક્ત આત્મા તે દેવ છે.

**❑ ધર્મતત્ત્વ:**

'વત્થુ સહાવો ધમ્મો' વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. અનંતજ્ઞાનાદિ અનંત શુદ્ધ ગુણો તે આત્માનો સ્વભાવ છે. દેવચંદ્રજી અહીં એકાંત શુદ્ધ ધર્મની જ પ્રરૂપણા કરે છે. તેથી જ તેઓ સ્પષ્ટપણે કહે છે કે જે બાહ્ય પ્રવૃત્તિ યોગની આચરણની તેહને ધર્મ માને તેહના કહ્યા મેં સિદ્ધ તે ધર્મ રહિત થાયે. યોગથી થતું કોઈ પણ પ્રકારનું આચરણ તે ધર્મ માનીએ તો તે પ્રકારનો યોગજન્ય ધર્મ સિદ્ધમાં સંભવિત નથી. પરંતુ સિદ્ધો શુદ્ધ અનંતધર્મ મુક્ત છે. તેથી યોગજન્ય શુભ આચરણ તે ધર્મ નથી શુદ્ધ ધર્મને પ્રગટ કરવાનું નિમિત્ત માત્ર છે. દેવચંદ્રજીએ આ વિષયમાં અત્યંત સ્પષ્ટતા કરી છે. શુભાનુષ્ઠાનો પણ ધર્મના નિમિત્ત ત્યારે જ બની શકે જો તેનું આચરણ સ્વરૂપલક્ષી હોય. અન્યથા સંયમ, તપ, શ્રુતાભ્યાસ આદિ દરેક અનુષ્ઠાનો સંસાર હેતુ જ છે. લક્ષ્ય પ્રત્યેની સતત જાગૃતિ જ સાધકને સાધના માર્ગમાં વિકાસ પંથે દોરી જાય છે.

**❑ સાધના માર્ગ :**

શુદ્ધ ધર્મનું સ્વરૂપ પ્રગટ કરવા માટે સહજ, આત્યંતિક, એકાંતિક,

જ્ઞાનાનંદ ભોગી તેવા શુદ્ધાત્માનુ અનુષ્ઠાન અને ભક્તિભાવપૂર્વક ધ્યાન કરવું. વૈભાવિક પરિણામે પરિણમેલી આત્મશક્તિને શુદ્ધ, નિરંજન, નિરામય એવા પરમાત્મા ગુણાનુયાયી બનાવવા ઉદ્યમવંત બનવું.

વિષય કષાય વર્ધક તેવા અશુદ્ધ નિમિત્તનો સર્વથા ત્યાગ કરી પ્રશસ્ત નિમિત્તાવલંબી થવું. દેવચંદ્રજીના શબ્દોમાં જોઇએ તો 'પૌદ્‌ગલિક ભાવનો ત્યાગ તે આત્માને સ્વસ્વરૂપ પ્રગટ કરવાને કરવો. એ નિમિત્ત કારણ સાધન છે. અને આત્મચેતના આત્મસ્વરૂપાવલંબીપણે વરતે તે ઉપાદાન સાધન છે. તે ઉપાદાન શક્તિ પ્રગટ કરવા માટે સિદ્ધ, બુદ્ધ, અવિરુદ્ધ, નિષ્પન્ન, નિર્મલ, અજ, સહજ, અવિનાશી, અપ્રયારી જ્ઞાનાનંદ પૂર્ણ ક્ષાયિક સહજ પારિણામિક રત્નત્રયીનો પાત્ર જે પરમાત્મા પરમ ઐશ્વર્યમય તેહની સેવના કરવી.

પરમાત્મા રૂપ નિમિત્તના આલંબને આગળ વધતો સાધક સ્વરૂપાવલંબી બને છે. સ્વરૂપાવલંબી થવા માટે શુદ્ધાત્માનું આલંબન ફળદાયક બની શકે છે. સ્વરૂપાલંબી જીવ ક્રમશ: પુરુષાર્થ કરતો શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરે છે. આમ આ પત્ર દ્વારા દેવચંદ્રજીએ સાધનામાર્ગ સાધકો સમક્ષ રજૂ કર્યો છે.

❑ સમાલોચના :

દેવચંદ્રજી લિખિત પ્રથમ પત્રનો પ્રારંભ જ અધ્યાત્મ રસિક જીવો માટે આકર્ષક છે. દેવચંદ્રજી લખે છે કે અત્ર વિવહારથી સુખ છે. તુમ્હારા ભાવ સુખશાતાના સમાચાર લિખાય તો લિખજો.

પત્ર લખનારને તો દેવચંદ્રજી શારીરિક સુખાકારી વિષયમાં પણ જાણકારીની જિજ્ઞાસા હોય છે. 'વિવહારથી સુખ છે.' તેમ કહી પત્ર લખનારની જિજ્ઞાસાને સંતોષી છે. તેમ છતાં 'વિવહાર'થી શબ્દ પ્રયોગ દ્વારા પત્ર લખનારને પણ ભાવ સુખની સમજણ આપવા જાણે સંકેત કરી રહ્યા હોય તેમ લાગે છે. અને તે અનુસાર પત્રમાં પણ ભાવ. સુખનો જ વિસ્તાર કર્યો છે. અને અંતે પણ ભાવસુખ તો પરિણામની ધારાએ છે.ભાવસુખનું સહજ અને સ્વાવલંબીપણું પ્રગટ કર્યું છે. શાતાવેદનીય કર્મજન્ય સુખનો સુખરૂપે નિષેધ કરીને સહજ સુખ અને સ્વભાવરૂપ ભોગ ઉપર દેવચંદ્રજીએ સુંદર પ્રકાશ પાડ્યો છે.

અહિંસાના સ્વરૂપ નિરૂપણ સમયે દેવચંદ્રજીએ ભવ પરંપરાનું કારણ અનુબંધ હિંસા [illegible] ત્યાગરૂપ અનુબંધ અહિંસા તેમજ ભાવ અહિંસાને જ વિશિષ્ટ સ્થાન આપ્યું છે.

જીવનું શુદ્ધ સ્વરૂપ તે જ આત્મધર્મ છે. તે સ્પષ્ટ કરીને આત્મધર્મની પ્રાપ્તિનો રાજમાર્ગ પ્રગટ કર્યો છે. જે સર્વ સાધકોને સાધનામાં સહાયક બની શકે છે. દેવચંદ્રજીએ શુદ્ધ ધર્મની પ્રાપ્તિનું લક્ષ્ય અને મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ ભાવના સભર જીવન વ્યવહારનું કથન કરીને નિશ્ચય અને વ્યવહારનો સુયોગ્ય સુમેળ કર્યો છે.

વિષયની પ્રામાણિકતા માટે દેવચંદ્રજીએ 'ભગવતી સૂત્ર', 'આચારાંગ સૂત્ર', 'શ્રાદ્ધવિધિ પ્રકરણ', 'નય રહસ્ય' આદિ ગ્રંથોનો આધાર આપ્યો છે.

દેવચંદ્રજીના આધ્યાત્મિક પત્રો પં. ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠીની જેમ આત્માના શુદ્ધ સ્વરૂપના પ્રગટીકરણમાં કારણભૂત બની શકે તેમ છે. પં. ટોડરમલજીની ચિઠ્ઠી પણ મુલતાન નિવાસી ભાઇઓ (ખાનચંદ, ગંગાધર, શ્રીપાલ અને સિદ્ધારથદાસ) પર લખાયેલી છે. ૧૬ પૃષ્ઠની લઘુકૃતિમાં પંડિતજીએ રહસ્યપૂર્ણ વાતોને ગર્ભિત કરી છે. પંડિત ટોડરમલજી પણ અઢારમી સદીના અર્થાત્ દેવચંદ્રજીના લગભગ સમકાલીન ઉચ્ચ કોટીના સાધક પુરુષ હતા.

આ પત્રો પરથી કહી શકાય છે કે તે સમયના શ્રાવકો અને શ્રાવિકાબહેનો પણ કેવા જિજ્ઞાસુ, અધ્યાત્મપ્રેમી અને શુદ્ધ તત્ત્વ રસિક હશે ? જેથી શ્રાવકો દ્રવ્યાનુયોગ જેવા ગહનતમ વિષયમાં આટલો ઊંડો રસ લઇને આ પ્રકારના પ્રશ્નો પૂછી શકે.

પત્રોની શૈલી આજથી ૩૦૦ વર્ષ પહેલાંની છે. તે ઉપરાંત પત્રોમાં લખાયેલી છે. તેથી તે સમયની બોલચાલની ભાષાનો જ પ્રયોગ દેવચંદ્રજીએ કર્યો હોય તે સ્વાભાવિક છે. ત્રણ પત્રોમાં બીજા પત્રની ભાષા અન્ય બે પત્રોથી કંઇક જુદી લાગે છે. પત્રોની પદ્ધતિ અનુસાર દેવચંદ્રજીએ પત્રોમાં શિષ્ટાચારનું પાલન પ્રશ્નોના પ્રત્યુત્તર અને કોઇક ઉપદેશાત્મક હિત-સંદેશાઓ પ્રેસિત કર્યાં છે. ✿ ✿ ✿

# આત્મારામજીનું પૂજા સાહિત્ય

❑ડૉ. કવિન શાહ

શ્રી આત્મારામજી મહારાજ વીસમી સદીના પ્રથમ આચાર્ય ભગવંત, શ્રુતજ્ઞાનનાં પ્રખર અભ્યાસી અને જ્ઞાનનાં ભવ્ય વારસાના પ્રસાર માટે જીવનભર પુરુષાર્થ કરીને 'યથા નામ તથા ગુણાઃ' નામને ચરિતાર્થ કરનાર મહાત્મા હતા. એમના સંયમ જીવનનો સાર શ્રુતજ્ઞાનોપાસના અને જિનશાસન પ્રત્યેની અપૂર્વ શ્રદ્ધા-ભક્તિ છે. આજે સાધુ અને શ્રાવક વર્ગમાં જ્ઞાન માર્ગ કંઇક ઉપેક્ષિત હાલતમાં છે ત્યારે એવા મહાપુરુષના જીવનની જ્ઞાનોપાસનાનો વિચાર કરતાં જિનશાસનની પ્રભાવનાના સાચા પ્રતીક સમા ગુરુદેવનું સ્મરણ પણ શ્રદ્ધેય ભક્તજનોના હૃદયને નત મસ્તક બનાવી 'ગુરુ તો તુજ' એમ કહેવા માટેની શુભ ભાવના થાય છે.

જૈન સાધુઓએ રત્નત્રયીની આરાધનાની સાથે શ્રાવક-શ્રાવિકાઓને ધર્માભિમુખ કરી ધર્મ પ્રત્યેની અડગ શ્રદ્ધા રહે તે માટે જિનવાણીનું શ્રવણ કરવાની મહામૂલી પ્રવૃત્તિ આદરી છે. અભ્યાસ અને ઉપદેશના પરિણામ સ્વરૂપે શાસ્ત્ર જ્ઞાનની કઠિન વિગતોને પોતાની આગવી શૈલીમાં પુસ્તકરૂપે પ્રગટ કરી છે. તે દ્રષ્ટિએ વિચારતાં અન્ય મુનિઓની માફક આત્મારામજીએ જૈન સાહિત્યમાં કલમ ચલાવીને જૈનધર્મ અને તત્ત્વજ્ઞાનના વિષયને સ્પર્શતા અગિયાર જેટલા પુસ્તકોની રચના કરી છે. એક તરફ શાસ્ત્રજ્ઞાનની શુષ્ક વિગતોને ગ્રંથસ્થ કરી તો એ જ મહાત્માએ સહૃદયતાથી ભાવધર્મની અભિવૃદ્ધિમાં ઉપકારક વૈવિધ્યપૂર્ણ પૂજાની રચના પણ કરી છે. આ પ્રકારની રચનાઓ એમના પાંડિત્યની સાથે ભક્ત હૃદયની ભક્તિ ભાવનાને મૂર્તિમંત રીતે પ્રગટ કરે છે.

અઢારમી સદીમાં પૂજા સાહિત્યનો વિકાસ થયો અને ભક્તિ માર્ગના એક ભાગ રૂપે પૂજા લોકપ્રિય બની. પૂજા સાહિત્યની રચના તેરમા શતકમાં જૂની અપભ્રંશ ભાષામાં કવિએ મહાવીર જન્માભિષેક કળશની રચના કરી છે. તેમાં ભગવાન મહાવીરના જન્મ મહોત્સવનું વર્ણન કરવામાં આવ્યું છે. સોળમા શતકમાં શ્રાવક કવિ દેપાલે સ્નાત્રપૂજાની રચના કરી છે. તેમાં વચ્છ ભંડારી કૃત 'પાર્શ્વનાથ કળશ' અને રત્નાકર સૂરિ કૃત 'આદિનાથ જન્માભિષેક કળશ'ની રચના મિશ્રિત થયેલી છે. તદુપરાંત સકલચંદ્ર ઉપાધ્યાયજીએ સત્તર ભેદી પૂજાની રચના કરી છે. અઢારમાં શતકમાં યશોવિજયજી કૃત નવપદની પૂજા અને દેવચંદ્રજી કૃત સ્નાત્રપૂજાની રચનાઓ ઉપલબ્ધ થાય છે. આ રીતે સમય જતાં ભક્તિ ભાવનાનાં અભિનવ સ્વરૂપે પૂજા સાહિત્યની રચનાઓ વિશેષ રીતે પ્રગટ થઇ.

ઓગણીસમી સદીમાં કવિ પંડિત વીરવિજયજીએ નવાણુ પ્રકારી, ચોસઠ પ્રકારી, પંચ કલ્યાણક, બારવ્રત, પિસ્તાળીશ આગમ, અષ્ટ પ્રકારી પૂજા અને સ્નાત્ર પૂજાની રચનાથી પૂજા સાહિત્યને સમૃદ્ધ કર્યું છે.

પૂજા સાહિત્ય ભક્તિમાર્ગની પરંપરાનું અનુસંધાન કરીને અબાલવૃદ્ધ સૌ કોઇને ભક્તિ કરવા અનન્ય પ્રેરક બન્યું છે. મોક્ષ માર્ગની સાધનામાં જ્ઞાન, ભક્તિ અને કર્મયોગની ઉપાસના અનિવાર્ય માનવામાં આવી છે. તે દ્રષ્ટિએ પ્રભુ પ્રત્યેની ભક્તિભાવના પ્રગટ કરીને કર્મ નિર્જરાની સાથે સમક્તિ શુદ્ધ કરવામાં મહાન ઉપકારક બને છે.

પૂજા સાહિત્યના વિષયોમાં મુખ્યત્વે તીર્થંકર ભગવાનનું જીવન જૈન તત્ત્વજ્ઞાનને લગતા મુદ્દાઓ, જૈન તીર્થો અને પ્રતિમા પૂજન

વગેરેમાંથી પસંદ કરવામાં આવે છે. કવિ આત્મારામજીએ પૂજા સાહિત્યને સમૃદ્ધ કરવામાં મૂલ્યવાન પ્રદાન કર્યું છે. એમની પૂજા સાહિત્યની રચનાઓમાં સ્નાત્રપૂજા સં. ૧૯૩૯, સત્તરભેદી પૂજા સં. ૧૯૪૦, વીશ સ્થાનક પૂજા સં. ૧૯૪૩, અષ્ટ પ્રકારી પૂજા અને નવપદની પૂજાનો સમાવેશ થાય છે.

પ્રભુની સાકાર ઉપાસના માટે નવધા ભક્તિની પ્રણાલિકા ભારતીય સંસ્કૃતિમાં પ્રચલિત છે. તેમાં પૂજન એટલે મૂર્તિ પૂજાનો સમાવેશ કરવામાં આવ્યો છે. મૂર્તિનું આલંબન ભક્તિમાં અનન્ય પ્રેરક નીવડે છે. વિવિધ રીતે પ્રભુ પૂજા કરવાની વિધિમાં અષ્ટ પ્રકારી પૂજા પ્રથમ કોટિની ગણાય છે.

**અષ્ટ પ્રકારી પૂજા:** પ્રભુની જળ, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફળ એમ આઠ દ્રવ્યોથી ભક્તિભાવપૂર્વક પૂજા કરવામાં આવે છે.

પૂજા, દુહા, ઢાળ અથવા ગીત, કાવ્ય અને મંત્ર એમ ચાર વિભાગમાં વહેંચાયેલી છે. દુહામાં અષ્ટ પ્રકારી પૂજાનો સંક્ષિપ્ત ઉલ્લેખ કરવાની સાથે પરંપરાગત રીતે ઇષ્ટદેવ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની સ્તુતિ કરવામાં આવી છે.

પ્રભુ પૂજા બે વિભાગમાં વહેંચાયેલી છે. અંગ અને અગ્ર. તેનો ઉલ્લેખ નીચેના દુહામાં થયેલો છે.

**પૂજા અષ્ટ પ્રકારની, અંગ તીન ચિત્તધાર**
**અગ્ર પંચ મન મોદસે, કરિ તરિયે સંસાર.**

ભક્તિકાવ્યોમાં ગેયતા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કવિ પોતે શાસ્ત્રીય સંગીતના તજજ્ઞ હોવાથી વિવિધ શાસ્ત્રીય રાગનો પ્રયોગ કરીને પૂજા રચી છે. અષ્ટ પ્રકારી પૂજામાં માલકોશ, જયજયવંતી, ધન્યાશ્રી, કલિંગડો, પીલુ, ખમાચકા, તિલાના, સિંધકાફી, ભૈરવી ઠુમરી, જંગલી, રેયતા રાગનો પ્રયોગ થયેલો છે. કળશની રચનાએ પૂજાની પૂર્ણતાનું સૂચન કરે છે. તેમાં પૂજાનું ફળ, ગુરુ પરંપરા, રચનાવર્ષ, સ્થળ અને કવિ નામનો ઉલ્લેખ થયેલો છે. કવિના શબ્દેમાં ઉપરોક્ત માહિતી નીચે મુજબ નોંધાયેલી છે:

શ્રી ગુરુ વૃદ્ધિ વિજય મહારાજા
કુમતિ કુપંથ નિકંદી ॥૮॥
શિખ જુગ અંક ઇંદુ શુભ વરસે
પાલિતાણા સુરંગી ॥૯॥

પૂજાના રચના સમયને પ્રત્યક્ષ અંકોમાં દર્શાવવાને બદલે પ્રતીકાત્મક શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે. પૂજા સાહિત્યની આ એક વિશેષતાનું સર્વ સામાન્ય રીતે અન્ય કવિઓમાં અનુસરણ થયેલું છે. દરેક પૂજાના ફળ માટે પ્રચલિત દ્રષ્ટાંતનો નામોલ્લેખ છેલ્લી કડીમાં થયેલો છે. ન્હવણ પૂજામાં સોમેશ્વરી વિપ્રવધુ વિલેપન પૂજા માટે જયસુર અને શુભમતિ દંપતિ, કુસુમ પૂજા માટે, ધૂપ પૂજા માટે વિનપંધર નૃપ, દીપક પૂજા માટે જિનમતી અને ધનશ્રી, અક્ષત, નૈવેદ્ય અને ફળ પૂજા માટે કીર યુગલના દ્રષ્ટાંતોનો નામોલ્લેખ થયેલો છે. જૈન સાહિત્યમાં આ દ્રષ્ટાંતો વિશેષ જાણીતા છે.

કુસુમ પૂજાનાં ફૂલોની, નૈવેદ્યપૂજામાં ભોજનની વૈવિધ્યપૂર્ણ વાનગીઓ અને ફળપૂજામાં વિવિધ ફળોનો ઉલ્લેખ થયેલો છે. આના ઉદાહરણ તરીકે જોઈએ તો કુસુમપૂજામાં પુષ્પોની યાદી નીચે મુજબ છે:

**મોઘેરા ચંપક માલતી, કેતકી પાડલ આમ રે,**
**જામુલ પ્રિયંગુ પુન્નાંગ નાગં;**
**મચકુંદ, કુંદ ચંબેલિ,**
**જે ઉગિયા શુભ થાન રે. ॥ ૨ ॥**

'આત્મારામ' એ કવિનું નામ છે. તેનો ઉલ્લેખ આત્મ સ્વરૂપ પામવા માટે પૂજાનું વિધાન એમ દર્શાવીને ગૂઢાર્થ પામી શકાય એવો પ્રયોગ કર્યો છે. ઉ. દા. જોઇએ તો-

**આતમ ચિદ્દઘન સહજ વિલાસી,**
**પામી સત ચિતપદ મહાનંદ ॥ ૫ ॥**

અષ્ટપ્રકારી પૂજામાં તેનો મહિમા ગાવામાં આવ્યો છે. કોઇ કોઇ રચનામાં ભાવવાહી પંક્તિઓ મળી આવે છે. કવિની પ્રભુ પ્રત્યેની ભક્તિ ભાવના અને તેની એકાગ્રતાની અનેરી મસ્તીનો પરિચય થાય છે.

**પૂજો અરિહંત રંગ રે, ભવિ ભાવ સુરંગે;**
**અરિહંત પદ અર્ચન કરી ચેતન,**
**જિન સ્વરૂપ મેં રમ રહીયે,**
**મેરો રંગ રચ્યો, ફળ અર્ચનમેં સુખદાય.**

એમની રચનામાં હિન્દી ભાષાનું મિશ્રણ થયેલું છે. કવિને અન્ત્યાનુપ્રાસની ફાવટ સારી છે.

**જિનવરપૂજા સુખ કંદા,**
**નસે અડકર્મકા ધંદા,**
**સુંદર ધરિ થાલ રતનંદા,**
**જિનાલય પૂજ જિન ચંદા ॥ ૧ ॥**

આ રીતે અષ્ટપ્રકારી પૂજા એમની પૂજાની વિશદ માહિતી આપતી ભક્તિ પ્રધાન રચના છે.

નવપદની પૂજાની રચના સંવત ૧૯૪૧માં થઇ છે. તેમાં જૈનધર્મમાં આરાધનાના પાયારૂપ નવપદની શાસ્ત્રોક્ત માહિતી આપવામાં આવી છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એમાં નવપદનું સ્વરૂપ કવિએ પ્રચલિત દેશી ચાલનો પ્રયોગ કરીને તત્ત્વજ્ઞાનના કઠિન વિષયને પદ્યવાણી દ્વારા જન સાધારણ સુધી પહોંચાડવાનો સફળ પ્રયોગ કર્યો છે:

**મહબૂબા જાની મેરા પહ-ચાલ,**
**નિજ સ્વરૂપ જાને બિન ચેતના;**
**કોયલ ટૌક રહી મધુવન મેં,**
**આઈ ઇન્દ્રનાર કર કર શૃંગાર,**
**નિશ દિન જોઉં વાટડી;**
**બ્રહ્મજ્ઞાન નહીં જાના રે,**
**તેરો દરસ ભલે પાયો.**

શિવપદ પ્રાપ્ત નવપદની આરાધનાથી પ્રાપ્ત કરનાર શ્રીપાલ અને મયણાનો તપની પૂજામાં ઉલ્લેખ કર્યો છે:

**સિરાપાલ સિદ્ધચક્ર આરાધી**
**મન તન રાગ હરી**
**નવ ભવાંતર શિવ કમલાલે**
**આતમાનંદ ભરી ॥ જિ. ૫ ॥**

ધર્મ સાહિત્યમાં સીધા ઉપદેશનો ઉલ્લેખ થયેલો હોય છે. મનુષ્ય ભવ સફળ કરવા માટે નવપદની આરાધના કરવા જણાવવામાં આવ્યું છે :

**બંદીકધુ કર લે કમાઇ રે,**
**જત નરભવ સફલ કરાઇ બંદે.**

નવપદના સ્વરૂપનો પારિભાષિક શબ્દોમાં પરિચય આપ્યો છે. દાં. ત. સિદ્ધપદના દુહામાં સિદ્ધ પદનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે કવિના શબ્દોમાં જોઇએ તો નીચે મુજબ છે:

**અલખ નિરંજન અચર વિભુ અક્ષય, અમર, અપાર;**
**મહાનંદ પદવી વરી, એ વ્યય અજર ઉદાર ॥ ૧ ॥**
**અનંત ચતુષ્ટય રૂપલે, ધારી અચલ અનંગ;**
**ચિદાનંદ ઇશ્વર પ્રભુ, અટલ મહોદય અંગ ॥ ૨ ॥**

નવપદની પૂજા જ્ઞાનમાર્ગની કાવ્ય રચનાનો નમૂનો છે. તેમાં અષ્ટ પ્રકારી પૂજામાં સમાન પરંપરાગત લક્ષણો ચરિતાર્થ થયેલા છે તત્ત્વદર્શનની પ્રાથમિક ઝાંખી કરાવીને જ્ઞાન માર્ગના રહસ્યને પામવા માટે આ પૂજા પ્રવેશ દ્વાર સમાન છે. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય, શ્રી

પદ્મવિજયજી અને કવિ મનસુખ લીલે (પંચમહાલ, ગોધરાના વતની)ની રચનાઓ પણ પ્રસિદ્ધ છે.

અષ્ટપ્રકારી પૂજા સરળ અને સુગ્રાહ્ય છે. જ્યારે નવપદની પૂજા તત્ત્વજ્ઞાનને સમજવા માટે હૃદય કરતાં બુદ્ધિને વધુ સ્પર્શે છે. અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરીને જ્ઞાનરૂપી દિવ્ય પ્રકાશ પ્રાપ્ત કરવામાં માર્ગદર્શક સ્તંભ સમાન નવપદની પૂજા દેવ, ગુરુ, અને ધર્મના સ્વરૂપને ગેયદેશીઓના પ્રયોગથી જ્ઞાનમાર્ગ તરફ ગતિશીલ થવાની ભક્તિના માધ્યમ દ્વારા અવિનાશપદ પ્રાપ્તિનો શાશ્વત માર્ગ દર્શાવે છે.

**વીશ સ્થાનક પૂજા :** વીશ સ્થાનક તપની આરાધના ત્રિકરણ શુદ્ધે કરવાથી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન થઇ શકે છે. ભગવાન મહાવીરે ૨૫માં નંદન ઋષિના ભવમાં આ તપની આરાધના કરીને તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું હતું. પરિણામે આ તપની પૂર્ણાહુતિ થયા પછી કે કોઇ ધાર્મિક મહોત્સવમાં વીશ સ્થાનક પૂજા ભાવવાહી રીતે ભણાવવામાં આવે છે. ઓગણીસમી સદીમાં લક્ષ્મીસૂરિ મહારાજે વીશ સ્થાનકની પૂજાની રચના કરી છે. ત્યારપછી કવિ આત્મારામજીની ઉપરોક્ત વિષય પર રચના થઇ છે.

અષ્ટ પ્રકારી પૂજામાં જિન પ્રતિમા કેન્દ્ર સ્થાને છે. વીશ સ્થાનકમાં પણ તેથી આગળ વધીને અહો ભાવપૂર્વક પ્રભુની પૂજા કરવામાં આવે છે. એક એક પદ ભક્તિભાવમાં નિમગ્ન કરે તેમ છે. વીશ સ્થાનકના નામ અનુક્રમે, અરિહંત, સિદ્ધ, સુરિ, સ્થવિર, પાઠક સાધુ, જ્ઞાન, દર્શન, વિનય, ચરિત્ર, બ્રહ્મચર્ય, ક્રિયા , તપ, દાન, વૈયાવચ્ચ, સમાધિ, અભિનવજ્ઞાન, શ્રુત અને તીર્થ છે.

પ્રત્યેક પદની આરાધના જીવમાંથી શિવ થવા માટે દીવાદાંડી સમાન છે. આત્માના સહજ સ્વરૂપને પામવા માટે આલંબનરૂપ છે. તેમાં પૂર્વે કહેલા નવપદનો પણ નિર્દેશ થયો છે. વીશ સ્થાનક પૂજા એટલે રત્નત્રયીની આરાધનાનો સુભગ સમન્વય કરાવતી જ્ઞાન અને ભક્તિના સંયોગવાળી અપૂર્વ કાવ્યરચના છે.

પૂજાના પ્રારંભમાં વિશેષણ યુક્ત શંખેશ્વર પાર્શ્વનાથની સ્તુતિ કરી છે :

**સમરસ રસભર અઘહર**
**કરમ ભરમ્ સળનાસ**
**કર મન મગન ધરમ ધર**
**શ્રી શંખેશ્વર પાસ ॥ ૧ ॥**

કવિએ બીજા દુહામાં જિનવાણીનો મહિમા દર્શાવ્યો છે :

**વસ્તુ સકલ પ્રકાશિની,**
**ભાસિની ચિદ્‌ઘન રૂપ;**
**સ્યાદ્વાદ મત કાશિની,**
**જિનવાણી રસકૂપ ॥ ૨ ॥**

દુહા જેવી સામાન્ય રચનામાં પણ કવિની વર્ણની લયબદ્ધ યોજના આકર્ષક બની રહે છે.

જૈન કવિઓએ દેશીઓનો વિશેષ પ્રયોગ કરીને કાવ્યો રચ્યા છે. તેમાં રહેલો વિશિષ્ટ લય-તાલ અને સમૂહમાં ગાઇ શકાય તેવી લાક્ષણિકતાથી દેશી વધુ પ્રચાર પામી હતી. કવિએ નીચે મુજબની દેશીઓનો પ્રયોગ કર્યો છે.

**કાન્હા મે નહિ રહેણા રે તુમ ચે સંગ ચલું,**
**વીતરાગ કો દેખ દરસ, દુવિધા મોરી મિટ ગઇ રે**
**લાગી લગન કહો કેસે છૂટે, પ્રાણજીવન પ્રભુ પ્યાર એ.**
**નિશ દિન જોવું વાટડી ઘેર આવે ઢોલા**
**માનોને ચેતનજી, મારી વાત માનોને**

આ દેશીઓ ઉપરાંત ઠુમરી, પંજાબી, દીપચંદી, લાવણી, ત્રિતાલ અને અજમેરી તાલનો પ્રયોગ કરીને સમગ્ર પૂજાની રચના, સંગીત અને કવિતાનો સમન્વય સાધે છે. પ્રત્યેક પૂજામાં તે પદની શાસ્ત્રોક્ત માહિતી આપીને આરાધના કરવાનો ભાવ વ્યક્ત કર્યો છે. અષ્ટ પ્રકારી પૂજાની માફક અહીં પણ તપના આરાધક આત્માનો દ્રષ્ટાંત તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. દા. ત. પાંચમાં સ્થવિરપદની આરાધના માટે પદ્મોત્તર રાજાનો નામ નિર્દેશ કર્યો છે.

**પદ્મોત્તર નૃપ ઇહ પદ સેવી**
**આત્મ અરિહંત પદ વતિપા રે ॥ ૭ ॥**

વીશ સ્થાનકની પૂજાને આધારે કવિની શાસ્ત્રજ્ઞાનના તલસ્પર્શી સમજ શક્તિ અને જ્ઞાનમય-આત્મ સ્મરણતાનો વિસ્તારથી પરિચય થાય છે. આવો ઉલ્લેખ મનુષ્યને ચેતન નામથી ઉદ્‌બોધન કરીને કરવામાં આવ્યોછે. દા. ત. રાચોરી, ચેતનજી, મન શુદ્ધતાના રાચો ધારો ધારો સમાધિ કેરો રાગ.

**સિદ્ધ અચલ આનંદી રે, જ્યોતિ સે જ્યોતિ મિલી,**
**અપને રંગ મે, રંગ દે હેરી હરિ લાલા**
**પાઠક પદ સુખ ચેન દેન, વસ અમીરસ ભીનો રે**
**મુણિંદ ચંદ ઇસ મેરે તાર તાર તાર**
**મિટ ગઇ રે અનાદિ પીર ચિદાનંદ જાગો તો રહી**

ઉપરોક્ત પંક્તિઓ અધ્યાત્મવાદની મસ્તીના ઉદાહરણરૂપ છે. કવિ આત્મારામજીની આત્માના સહજ સ્વરૂપ પામવા માટેની શુભ ભાવનાનું અહીં દર્શન થાય છે.

વીશ સ્થાનકના પૂજાના કેન્દ્રસ્થાને આત્મસ્વરૂપ પામવા માટેનો કેન્દ્રવર્તી વિચાર પ્રગટ થયેલો છે. દુહા, ઢાળ કે ગીત, કાવ્ય અને મંત્ર એમ ચાર વિભાગમાં પૂજા વહેંચાયેલી છે. કવિએ ઉપમા,રૂપક અને દ્રષ્ટાંત અલંકારોનો પ્રયોગ કરીને વિચારોની અભિવ્યક્તિને અસરકારક બનાવી છે. છતાં ઘણાં બધાં પારિભાષિક શબ્દ પ્રયોગોને કારણે કવિગત શાસ્ત્રીય વિચારો આત્મસાત કરવા કઠિન છે. ભક્તિ કાવ્યમાં જે લાગણી કે ઉર્મિનું તત્ત્વ જોઇએ તે અહીં ઓછું છે છતાં અધ્યાત્મવાદ પ્રત્યેની સાચી લગન પ્રગટ કરવામાં સફળતા મેળવી છે.

**સત્તરભેદી પૂજા :** પૂજાના વિવિધ પ્રકારોમાં સત્તરભેદી પૂજા પ્રભુ ભક્તિની વિશેષતાનો પરિચય કરાવે છે. પૂજાના વિષયની વિવિધતામાં નવીન ભાત પાડતી કવિની સત્તરભેદી પૂજાની રચના છે. પૂર્વે સત્તરમાં શતકમાં સકલચંદ્ર ઉપાધ્યાયજીએ સત્તરભેદી પૂજાની રચના કરી હતી.

અષ્ટ પ્રકારી પૂજામાં પ્રભુની આઠ પ્રકારે પૂજા કરવામાં આવે છે. ત્યારે અહીં સત્તર પ્રકારે પૂજા કરવામાં આવે છે. એટલે સત્તર ભેદી નામ રાખવામાં આવ્યું છે. તેના નામ અનુક્રમે ન્હવણ, ચંદન, ગંધ, પુષ્પારોહણ, પુષ્પમાળા, આંગીરચના, ચૂર્ણ, ધ્વજ, આભરણ, પુષ્પગૃહ, પુષ્પવર્ષણ, અષ્ટ મંગલ, ધૂપ, ગીત, નાટક, વાજિંત્ર એમ સત્તર ભેદ વાળી પરંપરાગત લક્ષણો યુક્ત પૂજા રચી છે.

કવિએ પ્રથમ દુહામાં શ્રાવકો માટે વિધિપૂર્વક પૂજાના ફળનો ઉલ્લેખ કરીને બીજા દુહામાં પ્રભુ પૂજાનો શાસ્ત્રીય ગ્રંથોનો આધાર દર્શાવ્યો છે.

**જ્ઞાતા અંગે દ્રૌપદી, પૂજો શ્રી જિનરાજ**
**રાય પસેણી ઉપાંગમાં, હિત સુખ શિવ ફલ કાજ ॥ ૨ ॥**

જ્ઞાતા ધર્મકથા અગ્યાર અંગ સૂત્રમાં સ્થાન પામ્યું છે. જ્યારે રાય પસેણી ઉપાંગ છે. ૪૫ આગમમાં એ બે ગ્રંથો પૂજા વિશે મૂળભૂત સંદર્ભ પૂરો પાડે છે. પ્રભુ ભક્તિમાં વિશેષ તલ્લીનતા કે ભક્તિ સરીતામાં સ્નાન કરાવનારી આ પૂજાની કેટલીક પંક્તિઓ પૂજા વિષયના વિચારોને સ્પષ્ટ કરે છે.

'જિનદર્શન મોહનગારા જિન પાપ કલંક પ્યારા'માં પ્રભુદર્શનનો મહિમા છે. એ ફળનો ઉલ્લેખ છે. 'ચિદાનંદ ઘન અંતરજામી, અબ મોહે પાર ઉતાર'માં ભક્ત ભગવાનને વિનંતી કરી પોતાનો ઉદ્ધાર કરવા પ્રાર્થના કરે છે. આરંભમાં પ્રભુનાં વિશેષણો દર્શાવ્યાં છે. 'અર્હમ્ જિણંદા પ્રભુ મેરે મન વસીયા'માં કવિની કલ્પના શક્તિનો પરિચય થાય છે. ભક્ત કહે છે ભગવાન તો મારા મનમાં વસી ગયા છે. ભક્તિના પ્રભાવથી ભક્ત પ્રભુ સાથે તન્મયતા સાધે છે તેનું આ

ઉદાહરણ છે. ધ્વજપૂજામાં કવિની ચિત્રાત્મક અભિવ્યક્તિનું દર્શન થાય છે.

**આઈ સુંદર નાર, કર કર સિંગાર કાડી ચૈત્ય દ્વાર મન માહેધાર**
**પ્રભુ ગુણ વિચાર, અઘ સબ ક્ષય કીનો ॥ ૧ ॥**

કવિની કલ્પનાની સાથે વર્ણન શક્તિના નમુનારૂપ ધ્વજ વર્ણનનો દૂહો નોંધપાત્ર છે.

**પંચવરણ ધ્વજ શોભતી**
**ઘૂઘરીનો ધબકાર**
**હેમદંડ મન મોહતી**
**લઘુ પતાકા સાર ॥ ૧ ॥**
**રણઝણ કરતી નાચતી**
**શોભિત જિનહર શૃંગ**
**લહકે પવન ઝકોર સે**
**બાજત નાદ અભંગ ॥ ૨ ॥**

પતાકા જાણે કે કોઇ સ્ત્રી હોય તેમ નાચતી લહેરાતી અને ઘૂઘરીના અવાજથી સૌને મન મોહક લાગે છે. શુદ્ધ કાવ્ય રચનાના નમુના રૂપ આવી પંક્તિઓ સત્તરભેદી પૂજામાં જોવા મળે છે.

આભરણ પૂજામાં પ્રભુનું વાસ્તવિક ચિત્ર આલેખવામાં આવ્યું છે. આરસપહાણની મૂર્તિ ને કિંમતી વસ્ત્રાભૂષણોથી અલંકૃત કરી પ્રભુ પ્રતિમાને ભવ્ય (Grand) બતાવવાનો પ્રયત્ન કર્યો છે.

જિન ગુણ ગાવત સુર સુંદરીથી આરંભ થતી ગીત પૂજામાં ઇન્દ્રાણી પ્રભુના ગુણગાન ગાય છે. તેનું આકર્ષક ચિત્ર આલેખ્યું છે.

**ચંપકવરણી સુર મનહરણી**
**ચંદ્ર મુખ શૃંગાર ધરી ॥ ૧ ॥**
**તાલ મૃદંગ બંસરી મંડલ**
**વેણુ ઉપાંગ ધુનિ મધુરી ॥ ૨ ॥**

ઉપરોક્ત ઉદાહરણમાં ભક્તિ ભાવનાનું ચિત્તાકર્ષક અને ભાવવાહી નિરૂપણ થયેલું છે -વર્ણાનુપ્રાસની યોજનાથી મધુર પદાવલી બની રહે છે.

સત્તરભેદીની પૂજા નરસિંહની પ્રેમલક્ષણા ભક્તિની સાથે સામ્ય ધરાવે છે. કવિની કવિતા કલાનો સાચો પરિચય પ્રાપ્ત થાય છે. આત્મારામજી સાચા કવિ તરીકે પ્રગટ થાય છે.

**સ્નાત્ર પૂજા :** કવિના પૂજા સાહિત્યમાં સ્નાત્ર પૂજાની રચના કવિતા અને સંગીત કલાનો સુયોગ સાધે છે. સ્નાત્રપૂજા એ પ્રભુના જન્માભિષેકનું અનુસરણ કરતી રચના છે. દેવોએ મેરૂ પર્વત ઉપર પ્રભુનો જન્માભિષેક ઉજવ્યો હતો તેના અનુસરણ રૂપે જિન મંદિરમાં પ્રતિદિન અને મહોત્સવની વિધિમાં પ્રભુની સ્થાપના કરીને જન્મ મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. આ પૂજામાં પ્રભુના જન્મ કલ્યાણકનું વિશદ વર્ણન આપવામાં આવ્યું છે.

આત્મારામજીની રચના પૂર્વે કવિ દેપાલ, દેવચંદ્રજી, પદ્મવિજયજી, વીરવિજયજી વગેરે કવિઓએ સ્નાત્ર પૂજાની રચના કરી છે. પૂજાની લોકપ્રિયતાની સાથે સ્નાત્રપૂજા પણ વિશેષ આદરપૂર્વક શ્રાવક-શ્રાવિકાઓ રાગ-રાગિણી યુક્ત વાજિંત્રના સહયોગથી ભણાવીને ભક્તિ રસની રમઝટ જમાવે છે. સ્નાત્રપૂજા સાથે સામ્ય ધરાવતી અન્ય રચનાઓમાં શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત શાંતિ જિન કળશ, શ્રી પદ્મવિજયજી કૃત શ્રી અજિતનાથ જિનનાં કળશની રચના થઇ છે. સ્નાત્રપૂજામાં મુખ્યત્વે પ્રભુના જન્મથી અખિલ વિશ્વમાં આનંદનું વાતાવરણ ફેલાય છે. અને તીર્થંકરના જન્મથી હર્ષઘેલા બનેલા દેવદેવીઓ ભારે ઠાઠથી મહોત્સવ ઉજવે છે. તેમાં પ્રભુની માતાને આવેલા ચૌદ સ્વપ્ન, છપ્પન દિક્ કુમારિકાઓ, ચોસઠ ઇન્દ્રો અને ઇન્દ્રાણીઓએ પ્રભુને ભક્તિભાવપૂર્વક સુગંધ યુક્ત દ્રવ્યોની અને દુધના મિશ્રણથી અભિષેક કરવામાં આવે છે તે દર્શાવવામાં આવ્યું છે. સ્નાત્રપૂજાની રચના એક પદ્ય નાટકની સમકક્ષ સ્થાન પામે તેવી છે.

કવિ આત્મારામજી કૃત પૂજાની રચના છ કાવ્યમાં વિભાજીત થયેલી છે. પ્રથમ ઢાળમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન તીર્થંકરોને કુસુમાંજલિ અર્પણ કરવાની વિગત છે. બીજી ઢાળમાં ભગવાન મહાવીરે વીશ સ્થાનક તપ કર્યું તેનો ઉલ્લેખ કરી માતાએ ચૌદ સ્વપ્ન જોયાં તેની સૂચિ આપી છે. ત્રીજીમાં છપ્પન દિક્ કુમારિકાઓનું જન્મ મહોત્સવમાં આગમન, ચોથીમાં ઇન્દ્ર સુઘોષા ઘંટનો નાદ કરીને બધા દેવોને આ મહોત્સવમાં પધારવા માટે સૂચન કરે છે પાંચમીમાં ઉપસ્થિત દેવ દેવીઓ પ્રભુને અભિષેક કરે છે. તેનું વર્ણન છે. અને છઠ્ઠીમાં પ્રભુ પૂજા કરીને દેવ દેવીઓ ઉલ્લાસથી ગીત ગાઇને નૃત્ય દ્વારા ભક્તિભાવ પ્રગટ કરે છે. તે પ્રસંગનું નિરૂપણ છે.

**કોયલ ટહુકી રહી મધુવનમેં વારિ જાઉં રે**
**કેસરિયા સામરા, ગુણ ગાઉં રે**
**લાગી લગન કહો કેસે ઘરે પ્રાણજીવન**

દેશીઓનો પ્રયોગ કરીને સ્નાત્રપૂજાને ગેય રચના બનાવી છે. છઠ્ઠી ઢાળમાં કવિની કલ્પના શક્તિ અને કાવ્ય રચનાનું માધુર્ય ને સૌંદર્ય આકર્ષક બની રહે છે:

**નાચત શક્ર શકી**
**હેરી ભાઈ નાચત શક્ર શકી**
**છં છં છં છં છ નન નન ન**
**નાચત શક્ર શકી**
**હેરી ભાઈ નાચત શક્ર શકી**

સ્નાત્રને અંતે કળશની રચના પરંપરાગત રીતે ગુરુ પરંપરા અને રચના સમય સ્થાનનો ઉલ્લેખ કર્યો છે.

આત્મારામજીના પૂજા સાહિત્ય પર વિહંગાવલોકન કરતા એટલું સ્પષ્ટ સમજાય છે કે કવિએ પૂજાના વિષય, વસ્તુની પસંદગીમાં પ્રતિમા પૂજનના વિષયને કઠિન વિગતોને પોતાની આગવી શૈલીમાં પુસ્તકરૂપે સ્વીકારીને સ્નાત્ર પૂજા-અષ્ટપ્રકારી પૂજા અને સત્તર ભેદી પૂજાની રચના કરી છે. આ વિષય પસંદગી અંગે મારું એવું અનુમાન છે કે કવિએ પ્રથમ સ્થાનકવાસી મતની દીક્ષા લીધી હતી અને જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસથી જિન પ્રતિમાના શાસ્ત્રીય સંદર્ભો જાણ્યા. એટલે શ્વેતામ્બર સંપ્રદાયમાં દીક્ષા લીધી. આ વિચાર પરિવર્તનની દ્રઢતાના પ્રભાવથી ઉપરોક્ત વિષય પર પૂજા રચીને શાસ્ત્રીય પરંપરાનું સત્યનિષ્ઠા અને શ્રદ્ધાથી ગૌરવ વધાર્યું છે. જૈન તત્ત્વદર્શનના અભ્યાસના ચક્રરૂપે નવપદ અને વીસ સ્થાનક પૂજા રચીને જ્ઞાનમાર્ગને સરળ બનાવવાનો પ્રયાસ કર્યો છે. વિવિધ દેશીઓ અને શાસ્ત્રીય રાગોના પ્રયોગથી કવિતા, સંગીત અને ભક્તિનો ત્રિવેણી સંગમ સર્જાયો છે. લય, અર્થગંભીરતા શબ્દાતીત વર્ણ યોજના ચિત્રાત્મકવાળી પંક્તિઓ એમની કવિત્વ શક્તિ અભિવ્યક્તિના ઉદાહરણરૂપ છે. પંજાબના વતની હોવા છતાં ગુજરાતી ભાષામાં હિન્દીની છાંટવાળી પૂજા સાહિત્યની રચનાઓ જૈન કાવ્ય સાહિત્યનો અમૂલ્ય વારસો છે.

શંખેશ્વર પાર્શ્વનાથની સ્તુતિ ગુરુપરંપરાનો અને રચના સમય-સ્થળ કવિના નામનો ઉલ્લેખ વગેરે મધ્યકાલીન જૈન કવિઓની પરંપરાનું અનુસરણ થયેલું જોવા માટે અષ્ટ પ્રકારી પૂજા કરતાં સત્તર ભેદી પૂજા ભક્તિકાવ્યની રચના તરીકે વધુ સફળ નીવડી છે. જ્યારે નવપદ અને વીસ સ્થાનકની પૂજા ભક્તિ કરતાં જ્ઞાનમાર્ગને સ્પર્શી બુદ્ધિને કસોટીએ ચઢાવીને તત્ત્વની કઠિન વાતોને સમજાવવાનો પ્રયત્ન કરે છે. આમ એમનું પૂજા સાહિત્ય જ્ઞાન અને ભક્તિનો સમન્વય કરે છે.

જૈન કવિઓમાં શ્રી આત્મારામજીની રચનાઓ લોકહૃદયમાં ભક્તિ સ્વરૂપે સ્થાન પામી છે ✎

☆☆☆

# સુકડિ ઓરસીયા સંવાદ રાસ

❑ ડૉ. દેવબાળાબહેન સંઘવી

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની સંવાદાત્મક કૃતિઓની પરંપરાનુસાર આ રાસકૃતિ સુખડ અને ઓરસીયાના સંવાદને આલેખતી રચના છે.

સંવાદાત્મક કૃતિઓની પરંપરામાં માનવીઓના પરસ્પર સંભાષણને આલેખતી, માનવીનાં અંગો અને અવયવો અરસપરસ બોલતાં હોય એવું દાખવતી અને આ સૃષ્ટિના વિવિધ પદાર્થો વચ્ચેના કોઇ બે પદાર્થોના સંવાદને આલેખતી કૃતિઓ એમ વિષયાનુસાર વિભાગ પાડી શકાય.

પ્રથમ વિભાગમાં નેમ-રાજુલ સંવાદ, ગુરુ-શિષ્ય સંવાદ, રાવણ મંદોદરી સંવાદ તો બીજા વિભાગમાં લોચન-કાજલ સંવાદ, જીભ-દાંત સંવાદ, આંખ-કાન સંવાદ, ડાબા જમણા હાથનો સંવાદ રસના વિષય બન્યા છે. ત્રીજા વિભાગમાં સમુદ્ર-વહાણ, મોતી-કપાસિયો, સમુદ્ર-કલશ, સૂર્ય-દીપક, સુખડ ઓરસીયો, આદિનો સંવાદ આલેખાયેલો છે.

ઉપલબ્ધ સંવાદ કૃતિઓમાં સોળમા શતકમાં મુનિ લાવણ્યસમય કૃત રાવણ મંદોદરી સંવાદ, કર સંવાદ, ગોરી-સાવલી વિવાદ તથા સૂર્યદીપ સંવાદ તથા કવિ સહજસુંદર કૃત યૌવન-જરા સંવાદ, અને આંખ-કાન સંવાદ નોંધપાત્ર છે. સત્તરમાં શતકમાં અજિતદેવસૂરિ કૃત સમક્તિ શીલ સંવાદ; જયવંતસૂરિ કૃત લોચન-કાજલ સંવાદ; હીરકલશ કૃત જીભ દાંત સંવાદ; કવિ સમયસુંદર રચિત દાન- શીલ-તપ-ભાવના સંવાદ; શ્રીસાર કૃત મોતી-કપાસીયા સંબંધ સંવાદ, ઉપાધ્યાય કુશલધીર રચિત ઉદ્યમકર્મ સંવાદ ધ્યાનાર્હ કૃતિઓ છે. અઢારમાં શતકમાં ઉપાધ્યાય યશોવિજય કૃત સમુદ્ર-વહાણ સંવાદ, ઉદયવિજય કૃત સમુદ્ર-કલશ સંવાદ અને આચાર્ય ભાવપ્રભસૂરિકૃત સુકડિ ઓરસીયા સંવાદ સં. ૧૭૮૩ ઉલ્લેખનીય છે . આ પ્રકટ કૃતિની સ્વહસ્તાક્ષર લિખિત હસ્તપ્રત ગ્રંથભંડારમાંથી ઉપલબ્ધ થતાં તેનો પરિચય અત્રે કરવાનો ઉદ્દેશ છે.

ભાવપ્રભસૂરિની આ સંવાદ-રચના ૧૬ ઢાલ અને ૩૫૪ કડીની ૭૬૪ પંક્તિઓમાં પથરાયેલી સહુથી દીર્ઘ સંવાદકૃતિ છે. આ કૃતિનું નામ સંવાદ છતાં તેમાં આલેખાયેલો છે વિવાદ. સુખડની લાકડી અને ઓરસીયા વચ્ચેનો આ વિવાદ નારી-નર વચ્ચેનો, વનસ્પતિકાય અને પૃથ્વીકાય વચ્ચેનો હુંસાતુંસીભર્યો વિવાદ છે. અરસપરસને એકમેકથી મૂઠી ઉંચેરા સાબિત કરવાના પ્રયત્નની પરાકાષ્ઠા સર્જી સામાના દોષદર્શન અને પોતાના ગુણગાન સુધી પહોંચી જઈ આખરે સમાધાન અને સંવાદમાં પૂર્ણ થતી આ રચના કવિની ફળદ્રુપ કલ્પનાશક્તિ, ઊંડી વિચારશક્તિ અને તીક્ષ્ણ દલીલશક્તિનો પરિચય કરાવે છે. શત્રુંજયતીર્થ પર જિનપ્રભુની અંગ પૂજા માટે ઓરસીયા પર સુખડ ઘસવા જતાં એ બે વચ્ચેના સંભાષણને આલેખતી આ કૃતિમાં કવિએ નિતિ-બોધ ઉપદેશની સુંદર ગૂંથણી કરી છે.

પ્રારંભે જિનેશ્વરદેવ, સરસ્વતીદેવી અને તેમના કૃપાપાત્ર સિદ્ધસેન દિવાકરાદિ કવિવરો તથા ગુરુશ્રી મહિમાપ્રભસૂરિને પ્રણમીને કવિએ ચોથી જ કડીમાં 'સુકડિ ઓરસીયા તણો કહિસ્યું સરસ સંવાદ' એમ વિષયારંભ કરી લીધો છે. ઋષભજિણંદપુત્ર ચક્રવર્તી રાજા ભરત અયોધ્યાનગરીમાંથી છ ખંડ ભૂમિ પર રાજ્ય કરે છે. સાથે ૧૪ રત્નો, ૯ નિધિ, ૬૪ હજાર રાણીઓ અને અપાર ઐશ્વર્ય છે ત્યારે કેવલીપ્રભુ ઋષભદેવ મુખે 'સંઘપતિ' પદ મહિમા, તેના લક્ષણો, તેનું કાર્ય આદિ શ્રવણ કરતાં ઉત્સાહ પ્રકટતાં ભરતરાજા શત્રુંજયયાત્રાનો સંઘ લઈ જવાનો સંકલ્પ પાર પાડવા ઉદ્યમશીલ બન્યાની વાત પ્રથમ ઢાળમાં કવિએ કહી છે.

સંઘ પ્રયાણનું સુંદર વર્ણન કરતી બીજી ઢાલ અને જે ગિરિરાજના કાંકરે કાંકરે અનંત સાધુગણ સિદ્ધ થયા છે ત્યાં ચૈત્ય કરાવી, પ્રભુના પ્રાસાદો રચાવી, અનેક પ્રકારે ભક્તિભાવપૂર્વક પ્રભુજીની પ્રતિમાઓ બનાવડાવી પ્રતિષ્ઠા મહોત્સવ કરવાની તૈયારી દર્શાવતી ત્રીજી ઢાલ એમ પૂર્વ ભૂમિકા આલેખી કવિ ચોથી ઢાલથી સંવાદકૃતિના મુખ્ય વિષય પર આવે છે. આ ૫૬ કડીની પૂર્વભૂમિકામાં ભરતરાજા, તેની રાણીઓ, તેનું રાજ્ય, સંઘપતિના લક્ષણો, કર્તવ્ય, માહાત્મ્ય, સંઘ પ્રયાણ આદિના સંક્ષિપ્ત સુંદર વર્ણનો છે.

ભરત રાજાએ

'મનોહરમૂલી ઔષધી મોતી રયણ પ્રવાલ,
તીર્થોદક માટી શુભાવાલા ગંધ વિશાલ;
અગર કપૂર કેસર સુકડિ વાવ્યા વલી જવાર,
પ્રતિષ્ઠા ઉપયોગી વસ્તુ સજ્જિ સવિ સારં.'

અને 'ઘર્ષણ પીસણ કજ્જ' 'લેઇ સુકડિ હાથ' 'કરઇ ઘસરકો જેહવઇ ઓરસીઆને અંગ,' કે તુરત સુકડિ બોલી 'ભરત સુણો એક વિનતિ રે.' અને ૧૨ કડીમાં તે ઓરસીઆનો સ્પર્શ પોતાના અંગને થાય તે અણઘટતી વાત છે. તે માટેનાં કારણો દર્શાવે છે. તેના ઉત્તરરૂપે ધીરગંભીર ઓરસીયો ૪૪ કડીની ઉક્તિમાં પ્રભાવક દલીલોની રજૂઆત કરે છે. છતાં સુકડિ માનતી નથી. તે ૪૮ કડીમાં પ્રત્યુત્તર આપે છે. જેની સામે ઓરસીયો ૨૧ કડીમાં અને ફરીથી સુકડિની ૨૮ કડીના પ્રત્યુત્તર સામે ૩૩ કડીમાં દલીલો કરે છે. આમ સુકડિની ૧૨, ૪૮ અને ૨૮ તથા ઓરસીયાની ૪૪, ૨૧ અને ૩૩ કડીની સામસામી દલીલોની ૮૮ તથા ૯૮ એમ કુલ ૨૦૨ કડીનો આ વિવાદાત્મક સંવાદ છે. સંભાષણ હોઈ બોલચાલની લહેકામય પાત્ર અનુરૂપ ભાષા પ્રયોજાઈ છે. પરિણામે કૃતિની સાહજિક સ્વાભાવિક સચોટ રસાત્મકતા સધાય છે. વિવાદ કરતાં પૂર્વપક્ષ- ઉત્તરપક્ષ એકમેકને ઉતારી પાડી, તેમની રજૂઆતને વજૂદ વગરની સાબિત કરી પોતાની વાતને સાચી સિદ્ધ કરવાના સક્ષમ પ્રયાસ કરે છે. બંને પક્ષની દલીલોની જોરદાર રજૂઆત આ સંભાષણને રસમય બનાવે છે.

આ દલીલોને તર્કદ્રષ્ટિએ તપાસીએ તો બંને પક્ષે તથ્યાંશ છે જ . સુકડિ પોતાને તરુવર શિરોમણિ અને પરિમલપૂર્ણ તથા ઓરસિયાને હીન, નિર્ગુણ, જેના સંપર્કમાં આવે તેને ઘસીને ક્ષીણ કરનાર જડ પાષાણ કહે છે. જેનું અંગ ક્ષતભરપૂર છે, જે સંહારક છે, જલમાં જાતે ડૂબી અન્યને પણ ડૂબાડે છે. મૂઢને જેની ઉપમા અપાય છે તેનો સંગ ઉચિત નથી. અસમાન સંગનું પરિણામ કાગ સંગ હંસ જેવું આવે છે.

એ ઓરસીયો ઓથમી રે, નિગુણ નિપટ એ હીલ;
મૂઢ નઈ ઇમ કહઈ માનવી રે, પ્રત્યક્ષ એહ પાષાણ.

ઓરસીયો પોતાને ગિરિવંશનો સમર્થ સુત માને છે. ગિરિરાજ શત્રુંજયનો વંશ જ ગણે છે. ધીર ગંભીર ઘોષથી 'કટકી ચંદનતણી' થી ઉદ્બોધન કરી તેના ગર્વ ખંડનનો પ્રયાસ આરંભે છે. સુખડનું સંસ્કૃત નામ 'શ્રીખંડ' નપુસકલિંગ અને વ્યવહારનામ સુકડિ સ્ત્રલિંગ છે. નટની જેમ નામ-જાતિ બદલનાર, સ્ત્રીજાતિ તરીકે માયા-મોસાની અધિકતાથી સત્તરમું પાપસ્થાનક ગણનાર સુકડિ વળી તેમાં આવો અહંકાર ! ઉચ્ચતાની વાત તો દૂર રહી આ તો નીચતાનીય પરાકાષ્ટા! સુકડિ યાને કે સ્ત્રીજાતિના દુર્ગુણો દર્શાવી, અતાગ સ્ત્રીચરિત્ર અને સ્ત્રીઓએ કરેલાં હીન કૃત્યોનાં ઐતિહાસિક દ્રષ્ટાંતો આપી ઓરસીયો તેની હીનજાતિ સાબિત કરવા મથે છે. છતાં સ્ત્રીજાતિમાંય અપવાદરૂપ સોળ સતી, જિનમાતાઓ છે જ, તેમ સુગંધગુણને લીધે સુકડિનું મહત્વ છે ખરું ! પણ જો તે કારણ તજી, કાર્ય ઇચ્છે તો મૂર્ખતા છે. કાર્યસિદ્ધિ શક્ય તો જ બને જો તે કુહાડાથી કપાય, ઓરસીયા પર ઘસાય, ભાવિકજન દ્વારા પ્રયોજાય અને ત્યારે જ તે જિનપૂજન માટે ઉપયોગી બની શકે. વળી ઓરસીયાની જાતિ તો ઉચ્ચ છે. શૈલ રાજપુત્ર તે ભારે છતાં ઉપકારી છે. તેના નામમાં આવતો 'ઉરસ' યાને કે હૃદય તેને હૃદયવંત દર્શાવે છે. તેનો સંગ એ ભોગ નથી કેમકે તે અપૂર્વ બ્રહ્મચારી છે. ગંધની છાકી, કલેશની માતી, કેશવલ્લભ સ્ત્રીજાતિ સુકડિએ બૂરા ફળ આપનાર કુસંપ ઝઘડો તજી દેવાં જોઇએ.

સુકડિને હીનજાતિ કહેવાવાથી થયેલો રોષ તેના પ્રત્યુત્તરમાં જણાવતાં

# 'ભરતેશ્વર બાહુબલિરાસ'માંના શકુન-અપશુકન અને વર્ણનોનો સંદર્ભ

❑ ડૉ.બળવંત જાની

મધ્યકાલીન ગુજરાતીની રાસ, આખ્યાન, પવાડા કે પદ્યાત્મક લોકવાર્તાઓનાં મૂલ્યાંકનમાં એમાંની અશુક-અપશકુન અને વિવિધ વર્ણનોની વિગતોને કર્તા-રચયિતાની-સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ કે સામાજિક અભિજ્ઞતા તરીકે ઘટાવાય છે એ મને બરાબર નથી લાગતું. કૃતિ અંતર્ગત પ્રવેશેલ આ વિગતો માટે આવશ્યક-અનિવાર્ય હોય છે. ઉચિત સ્થાને આવી બધી વિગતોનો વિનિયોગ કરીને પણ કર્તા પોતાના રચનાકૌશલ્યનો પરિચય કરાવતો હોય છે. પરંતુ આવી બધી વિગતો અર્થાત્ શકુન-અપશકુનની વિગતો અને વનવર્ણનો, નગરવર્ણનો. કચેરી-વર્ણનો, યુદ્ધ વર્ણનો, સ્ત્રી-પુરુષ વર્ણનો કર્તા-રચયિતાની-સૂક્ષ્મનિરીક્ષણ શક્તિની દ્યોતક ગણાવી શકાય નહીં, કારણ કે એ બધું પરંપરા-પ્રાપ્ત માહિતી-જ્ઞાનના વિનિયોગરૂપે હોય છે. નાકર, પ્રેમાનંદ અને શામળ કે અન્ય જૈનકવિઓએ એકસરખી રીતે આવા વર્ણનો પ્રયોજ્યા છે. બધાની નારીઓ સરખી છે. બધામાંના નગરવર્ણનો બહુધા સરખાં છે. શું સાતસો વર્ષ જેટલા સમયગાળા દરમ્યાન બધું એકસરખું જ રહ્યું હશે?

હકીકતે મધ્યકાલીન કર્તાઓએ કવિપદ પ્રાપ્તિ માટે અભ્યાસ કર્યો હોય એ જ્ઞાન અહીં કારણભૂત છે. અનેક દાનપત્રો-ખતપત્રો અને કાવ્યબંધ-છંદના ગ્રંથોમાંથી કાવ્યશાળા-પાઠશાળાના સંદર્ભોરૂપ દસ્તાવેજી પુરાવાઓ મળે છે. ભૂજની 'રાઓ લખપત વ્રજભાષા પાઠશાળા'ઓનું છેલ્લા સો વર્ષ પૂર્વેનું સુંદર ઉદાહરણ છે.

કવિપદ પ્રાપ્તિ માટેના અભ્યાસમાં કવિઓને કાવ્યસર્જન ઉપરાંત કાવ્યપઠનનો પણ ખાસ અભ્યાસ કરાવવામાં આવતો, છંદ, અલંકાર અને પ્રાસ માટેના અનેક ગ્રંથો કંઠસ્થ કરવાના રહેતા, આવા અનેક ગ્રંથોની હસ્તપ્રતો આજે પણ ઉપલબ્ધ છે. આવા ગ્રંથો ઉપરાંત કેટલાક સમુચ્ચય પણ કંઠસ્થ કરવાના રહેતા. કર્તા પોતાની રચનામાં આ બધી કંઠસ્થસામગ્રી યથાસ્થાને સમુચિત રીતે પ્રયોજીને કૃતિનું સર્જન કરે એટલે કોઇ પુરોગામીનો પડઘો અથવા તો અનુકરણ છે એમ પણ ન કહી શકાય. આખી પરંપરામાં હકીકતે આ જ્ઞાનને કારણે બધી સમાનતા, પડઘાય. મૌલિકતાનો ખ્યાલ અત્યારે છે એ રીતે પહેલાં ન હતો.

અનેક આખ્યાનોમાંના શકુન-અપશુકન તથા વનવર્ણનો, નગર વર્ણનો અને પાત્રવર્ણનોની સામ્યતાનું આ રીતે અધ્યયન કરવાથી પરંપરાનો પરિચય મળી રહે. આપણી પાસે સામગ્રી માટે 'રિષ્ટસમુચ્ચય' અને 'વર્ણકસમુચ્ચય' જેવા ગ્રંથો છે. એને આધારરૂપે સ્વીકારીને એ ગ્રંથોમાંની યાદી કેવી રીતે સતત પરંપરામાં નિરુપણ પામી એ તપાસનો વિષય બનવો જોઇએ. ભલે ગ્રંથેમાંથી વિગતો, નિરુપી, પરંતુ એનું એ નિરુપણ કૃતિના સંદર્ભે કેટલું ઉચિત છે? કૃતિને શ્રધ્ધેય, હૃદયસ્પર્શી અને અર્થપૂર્ણ બનાવવામાં આ નિરુપણ કેવો ભાગ ભજવે છે? તે તપાસીને કર્તાની પ્રતિભાનું મૂલ્યાંકન કરવું જોઇએ.

અહીં આખ્યાનપરંપરાને બદલે રાસપરંપરામાંથી પ્રારંભની એક અત્યંત મહત્ત્વની રચના 'ભરતેશ્વર બાહુબલિરાસ'માંના શકુન-અપશુકન અને વર્ણનોમાં 'રિષ્ટસમુચ્ચય' તથા 'વર્ણકસમુચ્ચય'ની સામગ્રી કેવી રીતે નિરુપણ પામી છે તેની તપાસ કરવાનો ઉપક્રમ છે.

પ્રારંભમાં મેં અભ્યાસ માટે ખપમાં લીધેલા આ બન્ને ગ્રંથોનો ટૂંકો પરિચય કરાવીને પછી એમાંથી કંઇ સામગ્રી 'ભરતેશ્વર બાહુ-બલિરાસ'માં ક્યાં પ્રયોજાઇ છે એ ટૂંકમાં દર્શાવેલ છે. રિષ્ટોની (શકુન-અપશકુનની) વિચારણા સનાતન કાળથી ચાલી આવે છે. રિષ્ટોની માન્યતા ભારતીય જીવનમાં તથા સાહિત્યમાં ઉપરાંત વિશ્વભરની બીજી સંસ્કૃતિઓમાં પણ જોવા મળે છે.

રિષ્ટો એટલે શકુન, અપશુકન, કોઇ અકુદરતી બનાવો કે પ્રસંગો (વ્યક્તિગત કે સામાન્ય) જેના દ્વારા વ્યક્તિનાં જીવનમાં કે દેશમાં શુભ કે અશુભ બનવાની આગાહી કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે કોઇને છીંક આવવી. આંગળીના ટાચકા ફોડવા, આંખમાંથી નિષ્કારણ આંસુની ધાર થવી વગેરે દ્વારા કંઇ અશુભ બનવાનું છે એમ માનવામાં આવે છે. મકાન પર કાગડો બોલે તો મહેમાન આવશે કે પરદેશ ગયેલ પતિ પાછો આવી રહ્યો છે. એવી શુભ આગાહી કરવામાં આવે છે. સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ, ધૂમકેતુનું દેખાવું વગેરે દેશને માટેના રિષ્ટો ગણાય છે.

(૧) ભારતીય વિદ્યાભવન દ્વારા પ્રકાશિત તથા ડૉ. એ. એસ. ગોપાણી દ્વારા સંપાદિત 'રિષ્ટ સમુચ્ચય' (ઇ. સ. ૧૯૪૫) નામના ગ્રંથમાં રિષ્ટોની વિશદ્ ચર્ચા કરવામાં આવી છે. પ્રાકૃત ભાષામાં લખાયેલ આ ગ્રંથમાં ૨૬૧ ગાથાઓ છે. અહીં એ સંપાદિત કરીને એનો સંસ્કૃત અનુવાદ તથા પરિશિષ્ટરુપે અને ટિપ્પણરુપે કંઇ કેટલીય સામગ્રી મૂકીને ડૉ. એ. એસ. ગોપાણીએ પોતાની શાસ્ત્રીય સંશોધન દ્રષ્ટિનાં દર્શન કરાવ્યા હોઇ આ સંપાદન ખૂબ જ મહત્ત્વનું છે. 'રિષ્ટ સમુચ્ચય'ના મૂળ કર્તા દુર્ગદેવે રિષ્ટોના મુખ્ય ત્રણ પ્રકાર આપ્યાં છે.

(૧) પિંડસ્થ-આંગળીના ટચાકા ફોડવા, આંખો સ્થિર થઇ જવી, આંખોમાંથી સતત આંસુનું પડવું વગેરે આ પ્રકારમાં આવે છે.

(૨) પદસ્થ-જુદા જુદા સ્વરુપે સૂર્ય અને ચંદ્રનું દર્શન સળગતો દીવો ઠંડો લાગવો, ચંદ્રમાં વર્તુળો દેખાવા કે હરણ ન દેખાવું વગેરે આ પ્રકારમાં ગણાય છે.

(૩) રુપસ્થ-નિજ છાયા, પરછાયા અને છાયાપુરુષ-આ અવાન્તર પ્રકારો છે. છાયાના સ્વરુપ ઉપરથી આગાહી થાય છે.

સ્વપ્નોને પણ રિષ્ટનો એક પ્રકાર ગણ્યો છે. દેવેન્દ્રકથિત અને સહજ એવા સ્વપ્નોનું વિવિધ રીતે અર્થઘટન કરવામાં આવ્યું છે તેમાં વિવિધ પ્રકારની આગાહી કરવામાં આવી છે.

એક નવીન પ્રકાર 'પ્રશ્નરિષ્ટ'નો છે. આના નવ અવાન્તર પ્રકાર છે. અંગુલિપ્રશ્ન, અલક્ષીપ્રશ્ન, ગોરાચના પ્રશ્ન, પ્રશ્નાક્ષર પ્રશ્ન, શકુનપ્રશ્ન, અક્ષરપ્રશ્ન, હોરાપ્રશ્ન અને લગ્નપ્રશ્ન. આમાં શકુન પ્રશ્ન જાણવા જેવો છે. આમાં જુદા જુદા પ્રાણીઓના દર્શનરુપી રિષ્ટની કેવી શુભ કે અશુભ અસર થાય છે તે બતાવાયું છે. કાળું શિયાળ, કાગડો, અશ્વ, બગલો, સારસ, સમડી, પોપટ, કબૂતર વગેરે ડાબી બાજુએ દેખાય તો માંદા માણસનું જીવન વધારે છે. જ્યારે આ બધાં દક્ષિણ બાજુએ અવાજ કરતા દેખાય તો તે દરદીનું જીવન ટૂંકાવે છે.

'રિષ્ટ-સમુચ્ચય'નાં આધાર પર 'ભરતેશ્વર બાહુબલિરાસ'માં આવતાં રિષ્ટો જોઇએ. બાહુબલિરાસની ૫૫-૬૫ કડીમાં આ રિષ્ટોનું વર્ણન છે. ભરતરાજા મંત્રીની સલાહથી બાહુબલિને સમજાવવા દૂત મોકલે છે, ત્યારે દૂતને વિવિધ પ્રકારનાં અપશુકન થાય છે, જેનું પરિણામ સારું નથી એમ સૂચવાય છે. બાહુબલિ પાસે જવા દૂત રથ જોડે છે ત્યારે રથનો ડાબી બાજુનો અશ્વ વારંવાર સામે થવા લાગે છે. કાળો બિલાડો આડો ઊતરે છે. જમણી બાજુએ ગધેડાનો પગ પછાડવાનો ને ભૂકવાનો અવાજ સંભળાય છે. બાવળની સુકાયેલ ડાળી પર બેઠેલી દેવચકલી અવાજ કરે છે. ઝાડોનાં ઝૂંડમાં બેઠેલો ઘુવડ ચિત્કાર કરે છે. જમણી બાજુએથી સાપ પસાર થાય છે. શિયાળ લાળી કરે છે. ડાબી બાજુએ ડાકલાનો અવાજ આવે છે. ચીબરી અવાજ કરે છે. વડવૃક્ષ પરથી યક્ષ અને કાળીયાર જોડું ઉતરે છે. રથ આગળ ચાલતા સામે સળગતા અંગાર દેખાય છે. આગળ કાળો હાથી પોતાના દાંત દેખાડે છે ને સૂચવે છે કે દૂતના આયુષ્યનો અંત આવી રહ્યો છે.

આમ વિવિધ પ્રકારનાં ચિહ્નો દ્વારા અહીં ચક્રવર્તી રાજા ભરત માટે યુદ્ધરૂપી અશુભ પરિણામનું સૂચન થયેલ છે. આ બધા અહીં નિરૂપણ પામેલા શકુન-અપશકુન 'રિષ્ટ-સમુચ્ચય'માં પણ એકસાથે ક્રમબધ્ધ રીતે નોંધાયેલા છે. શાલિભદ્રસૂરિએ અહીં એનો સમુચિત રીતે વિનિયોગ કર્યો જણાય છે. આ પરંપરા પાછળથી 'વિદ્યાવિલાસ પવાડું' અને 'વિમલ પ્રબંધ' જેવી અનેક કૃતિઓમાં પણ દ્રષ્ટિગોચર થાય છે.

(૨) મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી-વડોદરાની પ્રાચીન ગુર્જર ગ્રંથમાળા હેઠળ પ્રકાશિત ડૉ. ભોગીલાલ સાંડેસરા સંપાદિત ગ્રંથો વર્ણકસમુચ્ચય ભાગ-૧ (ઇ.સ. ૧૯૫૬) ભાગ-૨ (ઇ.સ. ૧૯૫૯) માં અનેક પ્રકારના વર્ણનો વિષયક કૃતિઓનું સંપાદન અને અભ્યાસ છે. વર્ણકસમુચ્ચયની સુદીર્ઘ પરંપરામાંથી પ્રાપ્ત હસ્તપ્રતોને આધારે થયેલું આ સંપાદન ગુજરાતના સંશોધન-સંપાદનગ્રંથોમાં અત્યંત મહત્ત્વનું છે. અહીં પ્રથમ ખંડમાં અગિયાર જેટલા વિવિધ વર્ણકો સંપાદિત કરીને મૂક્યા છે. એનો લેખનસમય બહુધા પંદરથી અઢારમાં સૈકા વચ્ચેનો છે. એમાંના કેટલાકની રચના દસથી તેરની વચ્ચેના ચૌલુકયયુગ દરમ્યાન થયેલી હોવાની સંભાવના એમાંની વર્ણ્યસામગ્રીને આધારે નિર્દેશી શકાય તેમ છે.

'ભરતેશ્વર બાહુબલિરાસ'માંના ૭૪થી ૭૬ કડીના વાદ્યોના નામો અને ૮૮, ૯૦, ૧૧૦ કડીમાંના પ્રાસાદના નામો, ૧૦૪, ૧૦૬, ૧૦૭, ૧૦૯, ૧૧૨ કડીમાંના આયુધનામો તથા ૧૭૭થી ૧૭૮માંના વર્ણનો, ૩૭ કડીમાંના ખાદ્યસામગ્રીના નામો ૫૯ કડીના આભૂષણના નિર્દેશો અને ૧૧૧માંના અશ્વનામોના વર્ણન સંદર્ભો વર્ણકસમુચ્ચય'માંથી પ્રાપ્ત થાય છે.

આમ વાદ્ય, આયુધ, પ્રાસાદ, આભુષણ, ખાદ્યસામગ્રી અને અશ્વ આદિના વર્ણનો જે રીતે 'ભરતેશ્વર બાહુબલિરાસ'માં પ્રયોજાયેલ છે એનો સ્પષ્ટ સંદર્ભ- 'વર્ણકસમુચ્ચય'માં કડીબધ્ધ રીતે મળે છે.

આવા સમુચ્ચયો હકીકતે કર્તાઓને કથામાં ઉચિત સ્થાને વિગતોના નિરૂપણ માટે ખપમાં લાગતા હોય છે. પરંપરા રૂપે મધ્યકાલીન કૃતિઓમાં આવા વર્ણનો સમાનરૂપે દ્રષ્ટિગોચર થતા હોઇ એનો અર્થ અનુકરણ થતો નથી, તેમજ તત્કાલીન પરિવેશનું કે સર્જકની સૂક્ષ્મનિરીક્ષણ શક્તિરૂપ નિરૂપણ થતો નથી. હકીકતે આ બધા વર્ણનનિરૂપણની પ્રાકૃત-અપભ્રંશ કાળથી એક પરંપરા છે અને એનું અનુકરણ જૂની ગુજરાતીમાં પણ દ્રષ્ટિગોચર થાય છે. 'ભરતેશ્વર બાહુબલિરાસ'ને આધારે આ વિગતો દર્શાવી. સમગ્ર પરંપરાનો વિગતે અભ્યાસ કરવાથી આખું ચિત્ર સ્પષ્ટ થાય. 'ભરતેશ્વર બાહુબલિરાસ'ના શકુન, અપશકુન અને કેટલાક વર્ણનોનો સંદર્ભ 'રિષ્ટસમુચ્ચય' તેમજ 'વર્ણસમુચ્ચય'માંથી પ્રાપ્ત થાય છે. આ બધી પરંપરાપ્રાપ્ત સામગ્રીને એના કર્તાએ અહીં એવી રીતે એવે સ્થાને પ્રયોજી છે કે એ કારણે વાતાવરણનું નિર્માણ થયું. વિષયસામગ્રીને શ્રદ્ધેય પરિમાણ પણ પ્રાપ્ત થયું. આમાં કર્તાની સર્જક દ્રષ્ટિ સમાવિષ્ટ છે એમ કહી શકાય. આપણી મધ્યકાલીન કથાકૃતિઓમાંના શકુન અપશુકન અને વર્ણન નિરૂપણનો આ દ્રષ્ટિબિંદુથી વિગતે અભ્યાસ થવો જોઇએ. ❑❑❑

# બેરરથી બ્રિગેડિયર : વાર્તાશૈલીનાં શબ્દચિત્રો

❑ પ્રો. ચી.ના. પટેલ

ડૉ. રમણલાલ ચી. શાહે પોતાના લશ્કરી જીવનના અનુભવો "બેરરથી બ્રિગેડિયર" નામના એમના પુસ્તકમાં વાર્તાશૈલીનાં શબ્દચિત્રો દ્વારા વર્ણવ્યા છે. ગુજરાતી સાહિત્યમાં લશ્કરી જીવનના અનુભવો ખાસ કોઈ લખાયા નથી તે જોતાં આ પુસ્તક એક નવી ભાત પાડે છે.

નૅશનલ કેડેટ કોરમાં પોતાની ૧૯૫૧થી ૧૯૭૦ સુધીની લગભગ વીસ વર્ષની કારકિર્દીમાં ડૉ. રમણલાલ શાહ દસ હજારથીયે વધુ વ્યક્તિઓનાં સંપર્કમાં આવ્યા હતા, પણ એ બધી વ્યક્તિઓમાં તેમણે પોતાના નિવેદનમાં જણાવ્યું છે તેમ, 'જેનું શબ્દચિત્ર કંઇક રસિક બને અને એના જીવનની ઘટના વિશે એક વાર્તાની જેમ લખવું ગમે' એવી સોળ વ્યક્તિઓને પસંદ કરી છે. (મને તો દસ હજાર જેટલી વ્યક્તિઓના સંપર્કમાં આવવાનો અનુભવ કેટલો સમૃદ્ધ હશે એ વિચાર જ આશ્ચર્યમુગ્ધ કરી દે છે.)

ડૉ. રમણલાલ શાહે આલેખેલાં સોળ શબ્દચિત્રોનું વૈવિધ્ય અંગ્રેજી સાહિત્યના અભ્યાસીને મધ્યકાલીન અંગ્રેજીના ચૌદમી સદીના મુખ્ય કવિ જેફ્રી ચોસરે એના 'કૅન્ટરબરી ટેઇલ્સ' નામના વાર્તાસંગ્રહના પ્રોલૉગમાં- એટલે કે પ્રવેશકમાં- દોરેલાં ૨૯ યાત્રીઓનાં શબ્દચિત્રોનું સ્મરણ કરાવશે. પણ ચોસરનાં શબ્દચિત્રો અને ડૉ. રમણલાલ શાહના શબ્દચિત્રો વચ્ચે એક મહત્ત્વનો ભેદ છે. ચોસર કલ્પિત પાત્રોને વાચકની કલ્પનાને જીવતા જાગતાં સ્ત્રીપુરુષો જેવાં તાદશ કરી આપે છે, જ્યારે ડૉ. રમણલાલ શાહ પોતે જેમના પ્રત્યક્ષ સંપર્કમાં આવ્યા હતા એવી સોળ વ્યક્તિઓને કોઇ કુશળ વાર્તાકારની કળાથી વાચકની કલ્પનાને તાદશ કરી આપે છે. આ શબ્દચિત્રો આપણે જોઇએ:

પહેલું શબ્દચિત્ર એક આંખે કાણા અને પોતાની એ કાણી આંખ ઢંકાય એવી રીતે પાઘડી પહેરતા, કોઇ સ્થિતપ્રજ્ઞની સ્વસ્થતાથી પોતાની કમનસીબીનાં બે અંગત ઉદાહરણો આપતા બેરર (એટલે કે નોકર) ધોન્ડીનું છે. તેની કમનસીબીનું પહેલું ઉદાહરણ તે બેરર બન્યો તે પહેલાં કર્નલ ચાર્લ્સના નામના એક લશ્કરી અધિકારીનો ઑર્ડર્લી (એટલે કે અંગત નોકર) હતો ત્યારનું છે. કર્નલ ચાર્લ્સે નિવૃત્ત થઇ ઇંગ્લેન્ડ જતાં પહેલાં ધોન્ડીને પોતાના બે ખિસ્સામાંથી કોઇ એકમાં હાથ નાખી જે રકમ મળે તે લઇ લેવાનું કહ્યું. ધોન્ડીએ બેમાંથી એક ખિસ્સામાં હાથ નાખતાં તેને તેમાંથી પાંચ રૂપિયા મળ્યા અને પોતાને એવડી મોટી બક્ષિસ મળી એમ માની તે ખુશ થઇ ગયો. પણ પછી કર્નલ ચાર્લ્સે તેને કહ્યું કે તેણે જો બીજા ખિસ્સામાં હાથ નાખ્યો હોત તો તેને ૫૦૦ રૂપિયા મળત, ત્યારે પહેલાં તો તેને અફસોસ થયો પણ પછી તેણે મન મનાવી લીધું કે પોતાના નસીબમાં પૈસા જ નથી. તેની કમનસીબીનું બીજું ઉદાહરણ તે એક આંખે કાણો હતો છતાં, એક ઓરત તેને પરણવા તૈયાર થઇ હતી, પણ તે પણ તેના પૈસા લઇને ભાગી ગઇ અને બીજે પરણી ગઇ. એટલે બેરરને થયું કે જો પોતાના નસીબમાં ઓરત જ ન હોય તો નકામાં ફાંફાં શું મારવાં? પોતાને અહીં ઘણી શાંતિ છે, પોતે બહુ સુખી છે એમ તે લેખકને કહે છે-શ્રીમદ્ ભાગવતગીતાના 'સંતુષ્ટો યેન કેનદિત્'નું તે સ્મરણ કરાવે છે.

બીજું શબ્દચિત્ર લશ્કરી મિજાજના કર્નલ બ્રિટોનું છે. તેમણે તાલીમ શિબિરમાં વીજળીના દીવાઓ માટે વ્યવસ્થા કરવાની જવાબદારી કૅપ્ટન શર્માને સોંપી હતી. કૅપ્ટન શર્માએ પોતાની એ જવાબદારી પાર પાડવામાં કંઇક મંદતા સેવી છે એવો વહેમ આવતાં કર્નલ બ્રિટોએ, આજ્ઞાકારી અવાજે ત્રાડ પાડી, 'કૅપ્ટન શર્મા, મેં તમને જે કામ સોંપ્યું છે તે થવું જોઇએ એટલે જોઇએ. આ મારો ઓર્ડર એટલે ઓર્ડર' અને બરાબર સાત વાગે લાઇટ થઇ ગઇ. લશ્કરી શિસ્ત કેવી હોય તેનો ખ્યાલ આ પ્રસંગ આપે છે.

ત્રીજું શબ્દચિત્ર ઘેરા શ્યામ વર્ણના, પોતાની જવાબદારીના ભાનવાળા, ભોળા અને ઉદાર અને જે હસે ત્યારે કાળા હોઠ વચ્ચે સફેદ દાંત વધારે ચકચકિત લાગે એવા હવાલદાર નાયડુનું છે. એક દિવસ તેઓ કેડેટોને રાઇફલ વાપરવાની તાલીમ આપતા હતા ત્યારે

તેમનાથી એક શબ્દ બોલવામાં ભૂલ થઇ જતાં, 'તુમ ક્યા ગધા હૈ? .. હમ તુમકો ડિમોટ કર દેગા', એમ તેમનું અપમાન કરી ધમકી આપનાર કમાન્ડન્ટ મેજર ખન્ના ઉપર દ્વેષ રાખવાને બદલે તેઓ ઉદારભાવે કેડેટોને કહે છેઃ ભૂલ મારી છે. સી.ઓ. સાહેબ થોડા મારા દુશ્મન છે? એ તો મારા ભલા માટે કહે છે.' એ પછી એક દિવસ રાત્રે શિબિરમાં ભયંકર વાવાઝોડું થતાં, બીજા તંબુઓની જેમ મેજર ખન્નાનો તંબુ પણ ખીલે બાંધેલી દોરીઓ સહિત ઊખડી ગયો ત્યારે હવાલદાર નાયડુ ઘનઘોર અંધારામાં અને વરસતા વરસાદમાં પોતે ઘાયલ થઇને પણ પોતાના ખભા ઉપર મેજરને ઊંચકીને લઇ આવ્યા. એથી પોતે નીચલી પાયરીએ ઉતારી પાડવાની ધમકી આપી હતી તે હવાલદાર નાયડુને મેજર ખન્નાએ એન.સી.સી.નો વહીવટ કરતાં લશ્કરી મથકને પોતાના ખાનગી અહેવાલમાં નાયડુને બઢતી આપીને જમાદારનું પદ આપવાની ભલામણ કરી અને પોતાનો એ ખાનગી અહેવાલ કોઇ બીજાને વંચાવવાનો ન હોય તો પણ તેમણે તે બધા ઓફિસરોને વંચાવ્યો. વાવાઝોડાથી શિબિરમાં થયેલી અવ્યવસ્થાનું લેખકની કલમે એવું તાદશ ચિત્ર વાચકની દૃષ્ટિ સમક્ષ ખડું કર્યું છે કે વાચક પોતે એ વાવાઝોડાને પ્રત્યક્ષ જોઇ રહ્યો છે એમ એને લાગે.

ચોથું શબ્દચિત્ર, લગભગ છ ફૂટ ઊંચો, મોટી આંખોવાળો અને જ્યારે દોડતો હોય ત્યારે છલાંગો મારીને લાંબા ડગલાં ભરીને દોડતો હોય એવું લાગે એવા ગોવાના વતની ઓલિવર આન્દ્રાદે નામના કેડેટનું છે. આ આન્દ્રાદેએ ખડકવાસલામાં યોજવામાં આવેલી રમતગમતની સ્પર્ધાઓમાં સેઇન્ટ ઝેવિયર્સ કૉલેજની 'બી' કંપનીને ત્રણવાર પલટાતા ઉત્તેજનાભર્યા વાતાવરણમાં કેવી રીતે 'શ્રેષ્ઠ કંપની' તરીકેની ટ્રૉફી મેળવી આપી અને એમ સતત ત્રીજીવાર ટ્રોફી મેળવી જવા માટે 'બી' કંપનીને 'વિશેષ માન'ની ટ્રૉફી પણ મળી એ સમગ્ર આંખે દેખ્યા અહેવાલ જેવો રસિક વૃત્તાન્ત વાચક લેખકના શબ્દોમાં જ વાંચે એવી ભલામણ છે. મારી કલમ એ અતિ રસપ્રદ વાર્તાને ન્યાય કરી શકે એમ નથી.

પાંચમા, જમાદાર બિલેના શબ્દચિત્રમાં મુખ્યપાત્ર લેખક પોતે જ છે. જમાદાર બિલે પણ કર્નલ બ્રિટો અને મેજર ખન્નાના જેવા લશ્કરી મિજાજના હતા. શસ્ત્રોની તાલીમ લેતા અધ્યાપકોમાંથી એકની નજીવી ભૂલને માટે પણ સખત ઠપકો આપતાં જમાદાર બિલે બરાડી ઊઠ્યા, 'ગધેકી માફક ક્યું ઐસી ગલતી કરતે હો?' પણ આ જ જમાદાર બિલેએ પોતાના જાનના જોખમે લેખકને ઘાયલ થતા બચાવી લીધા હતા. લેખકે હેન્ડ ગ્રેનેડ (એટલે કે હાથે ફેંકવાનો બૉમ્બ) ચાર વાર ૭૦ ફૂટથી દૂર ફેંક્યો પણ પાંચમી વાર તેમણે ક્રિકેટની રમતમાં બૉલ ફેંકનાર પોતાનો હાથ ઘુમાવી બૉલ ફેંકે એમ પોતાનો હાથ વધારે પડતા જોરથી ઘુમાવી બોમ્બ ફેંક્યો અને તેથી બોમ્બ તદ્દન નજીક આઠ-દશ ફૂટના અંતરે જ પડ્યો. રમણલાલ શાહને પોતાને આની ખબર ન પડી, પણ તેમણે બોમ્બ ફેંક્યો કે તરત જમાદાર બિલે એમની ઉપર કૂદી પડી એમની પીઠ ઉપર વીંટળાઇ વળ્યા અને પોતાના બે હાથથી રમણલાલનાં આંખો અને મોઢું દબાવી દીધાં. એમણે એમ ન કર્યું હોત તે બોમ્બમાંથી ઊડીને પડેલી કરચોએ લેખકને ઘાયલ કર્યા હોત. સાચી નમ્રતાથી લેખક કબૂલ કરે છેઃ 'આ બનાવથી હું બહુ ઢીલો થઇ ગયો. પોતાના જાનના જોખમે મને બચાવવા માટે મેં જમાદાર બિલેનો ખૂબ ખૂબ આભાર માન્યો.' બધા અધ્યાપકોને જે જમાદાર બિલેનું વર્તન શરૂઆતમાં જંગલી અને તોછડું લાગતું હતું એમનામાં તેમને હવે, સૈન્યના માણસોમાં સાથીઓને અને દેશને બચાવવા માટે સ્વાર્પણની જે ભાવના રહેલી હોય છે તેનું પ્રત્યક્ષ ઉદાહરણ જોવા મળ્યું.

છઠ્ઠું શબ્દચિત્ર, 'ગોળમટોળ ભરાવદાર ચહેરો, ઝીણી આંખો, કાતરેલી ઘટ્ટ કાળી મૂછો' ધરાવતા અને માત્ર પાંચ ફૂટ ઊંચા એવા નાયક નાઇકનું છે. આ નાયક નાઇકની લેખકને અને તેમના સાથી ઓફિસરોને રમૂજ કરાવતી એક એવી લાક્ષણિકતા હતી કે શિક્ષક માટે ઉર્દૂમાં વપરાતા 'ઉસ્તાદ' શબ્દના પર્યાયરૂપે તેઓ 'વસ્તાદ' શબ્દ બોલતા અને લેખક અને બીજા ઓફિસરોને શસ્ત્રોની તાલીમ આપતાં પોતાને મળતી સામગ્રી તાલીમાર્થીઓને મળતી સામગ્રી કરતાં જુદી હોય એ સૂચવવા 'વસ્તાદ કે લિયે અલગ' એમ બોલતા. આથી 'વસ્તાદ કે લિયે અલગ' એ વાક્યનું તાલીમ લેનારા અધ્યાપકો રટણ કરતા, અને પછી તો બીજા વ્યવહારોમાં પણ એ અધ્યાપકો 'વસ્તાદ કે લિયે અલગ' બોલીને મજાક કરવા લાગ્યા હતા.

નાયક નાઇકને પોતાના અંગત જીવન વિશે કોઇ પૂછે એ જરાય ગમતું નહીં. લેખકે એવો એક પ્રશ્ન પૂછ્યો તો તેમને ઉત્તર મળ્યો, 'તેનું તમારે શું કામ છે? ફાલતું વાતો છોડો..' પણ લેખકે પૂછવાનું ચાલુ રાખ્યું અને જાણી જોઇને એક ગપગોળો ફેંક્યો કે 'તમારો આ ચંદ્રક રશિયાના યુદ્ધનો લાગે છે' એ ગપગોળાની થોડી અસર થઇ ખરી. એમને ઉત્તર મળ્યો : 'એટલી પણ ખબર નથી? એ રશિયાનો નથી, બર્માના યુદ્ધનો ચંદ્રક છે, બસ, હવે બીજી વાત નહીં..' આમ છતાં એક દિવસ લેખક અને તેમના સાથીઓએ નાયક નાઇકને પૂછ્યું : 'નાઇકસાહેબ, તમારી આટલી ઓછી ઊંચાઇ છે, છતાં લશ્કરમાં તમને કેમ પસંદ કરવામાં આવ્યા?' નાઇકસાહેબે થોડી આનાકાની કરી પણ પછી બીજા વિશ્વયુદ્ધમાં સૈનિક તરીકેની પોતાની રોમાંચક કારકિર્દીની વાત કરી. એ વાતનો સાર એ હતો કે તેમને બર્માના મોરચે જંગલમાં લડવાનું આવ્યું હતું. બર્માના જંગલોની એ લડાઇમાં નાયક નાઇક જાપાનીઓના હાથમાં યુદ્ધકેદી બન્યા ત્યારે જાપાની સૈનિકોએ તેમને ખૂબ માર્યા અને હાથેપગે દોરડાં બાંધી, ટ્રકમાં બેસાડી એક કેદી સૈનિકોની છાવણીમાં લઇ ગયા. તે પછી એક દિવસ જાપાની સૈનિકો નાયક નાઇકને અને તેમના સાથીકેદીઓને એક છાવણીમાંથી બીજી છાવણીમાં લઇ જતા હતા ત્યારે નાયક નાઇકે, બધી હિંમત ભેગી કરીને બંને જાપાનીઓ ઉપર ઓચિંતો ઝડપી અને ઝનૂની હુમલો કરી એમના હાથમાંથી દોરડું છોડાવી ભાગ્યા અને દિવસ આથમવા આવ્યો ત્યાં સુધી દોડતા રહી ૪૦ માઇલ જેટલા દૂર નીકળી ગયા. ત્યારપછી બર્મામાં જરૂરી રકમ કમાવા નાયક નાઇકે, એક જાડી બર્મી વૃદ્ધ શેઠાણીની દુકાને નોકરી રહ્યા. અને નોકરી કરતાં નાયક નાઇક એ શેઠાણીની પોતાના જેવી જ ઠીંગણી જુવાન દીકરી સાથે પ્રેમમાં પડ્યા અને તેની સાથે લગ્ન કર્યું. થોડો વખત, એમનો ગૃહસંસાર સારી રીતે ચાલ્યો, પણ પછી, સાસુ અને પત્ની, બંને નાઇક ઉપર દિવસે દિવસે વધારે જોહુકમી કરવા લાગ્યાં. એમાંથી છટકવા એક દિવસ નાયક નાઇક કોઇ મોટા દુકાનદારનું બિલ ચૂકવવા જતા હતા ત્યારે તેઓ રંગૂન જતી એક ખાનગી બસમાં બેસી ગયા અને રંગૂન પહોંચી ત્યાંથી આગબોટમાં બેસી કલકત્તા આવ્યા. ભારત હવે આઝાદ થઇ ગયું હતું.

એક બ્રિગેડિયરસાહેબની ભલામણથી તેમને ફરીથી લશ્કરમાં ભરતી કરવામાં આવ્યા. મેં નાયક નાઇકની કારકિર્દીનો આટલા વિસ્તારથી અહીં સાર આપ્યો છે કારણ કે એ કારકિર્દીમાં હાસ્ય અને વીરરસની સાથે આછાપાતળા કરુણરસની પણ છાંટ છે.

સાતમા શબ્દચિત્રના પાત્ર, ઊંચા, ગોરા, ભરાવદાર ચહેરો અને વાંકી મૂછોવાળા અને લહેરી સ્વભાવના જાટ રેજિમેન્ટના મેજર

દિલાવરસિંગ, છાવણીનું નિરીક્ષણ કરવા આવેલા સર્કલ કમાન્ડર કર્નલ સિંધુને બીજા દિવસે પૂરું નિરીક્ષણ કરવાનો સમય ન મળવા દેવાના હેતુથી આગલી રાતે લગભગ બે વાગ્યા સુધી પાનાંની રમતમાં રોકી રાખવાની ચતુરાઇ કરે છે અને પોતાના એ હેતુમાં તેઓ સફળ પણ થાય છે.

આઠમું શબ્દચિત્ર વાતવાતમાં એન.સી.સી.ના કેડેટો કે ઓફિસરોને ખોટી રીતે ધમકાવનાર લશ્કરી મિજાજના પંજાબી મેજર તેજાસિંગનું છે. એક રાત્રે એ મેજર તેજાસિંગે હાસ્યરસનું નાટક કર્યું. એમના મિત્ર કર્નલ હરપાલસિંહે એમને પીવડાવેલા શરાબના નશામાં તેમણે છાવણીના છેવાડે ધોબીએ કપડાં ધોવાનું પાણી ઉકાળવા લાકડાં સળગાવ્યાં હતાં તેને મોટી આગ માની બેઠા અને રાતના બાર વાગ્યાના અરસામાં છાવણીમાં આગ લાગી હોવાની ચેતવણી આપવાનો ઘંટ જોરજોરશી વગાડ્યો.

નવમું શબ્દચિત્ર એન.સી.સી.ની બટૅલિયનના ભંડારમાંથી ઓફિસના કારકુન, હમાલ અને પટાવાળા કેવી રીતે ચોરી કરતા હતા તે ચતુરાઇથી પકડી પાડનાર કૅપ્ટન સિંઘનું છે, તો દસમું શબ્દચિત્ર જેમને છાવણીમાં રસોઇની સંભાળ રાખવાની જવાબદારી સોંપવામાં આવી હતી તે કૅપ્ટન કુલકર્ણીને લલચાવી અને કૉન્ટ્રેક્ટર સાથે ભળી જઇ ભ્રષ્ટાચાર આચરનાર અને એ ભ્રષ્ટાચારનો દોષ કૅપ્ટન કુલકર્ણી ઉપર ઢોળનાર મેજર મુતાલિકનું છે.

અગિયારમા શબ્દચિત્રનું પાત્ર ઊંચો, ગોરો, લંબગોળ ચહેરો, ઓછા અને ભૂખરા વાળ તેમજ સહેજ ભૂરી આંખોવાળો, જોતાં ગમી જાય એવો, બધા વિદ્યાર્થીઓમાં જુદી ભાત પાડે તેવો ઍંગ્લો- ઇન્ડિયન જેવો લાગતો 'તેજસ્વી વિદ્યાર્થી' અન્ડરઓફિસર એલન છે. એણે કંઇ ભૂલ નહોતી કરી, છતાં કરી છે એમ માનીને તેને 'ઇડિયટ' કહી અપમાન કરનાર કૅપ્ટન જાદવને પોતાના સ્વમાનની ખુમારીથી એલને કહી દીધું, 'સર, વધુમાં વધુ શિક્ષા તમે શી કરી શકો? મારી રેન્ક લઇ શકો, મને ડિમોટ કરી શકો. મને કૉલેજમાંથી ડિસમિસ કરાવી શકો, તો આ બધાં માટે આજે જ હું તૈયાર છું. તમે મને ડિમોટ કરો તે પહેલાં રાજીખુશી હું રેન્ક અહીં જ પાછી આપી દઉં છું.' આટલું કહી તેણે તરત જ અન્ડર-ઓફિસર તરીકેની પોતાની રેન્કની પટ્ટીઓ કાઢીને કૅપ્ટન જાદવની સામે ફેંકી અને કહ્યું: 'સર, આ લો તમારી રેન્ક પાછી. તમને ઇચ્છા થાય તો મને કોલેજમાંથી પણ ડિસમિસ કરાવી શકો છો. મને એનો જરાય ડર નથી.' એલનનું શબ્દચિત્ર આપણું અને વિદ્યાર્થીઓનું દિલ જીતી લે એવું છે.

બારમું શબ્દચિત્ર એન.સી.સી.માં જોડાઇ પહેલા દિવસે એક ઉંદર મારીને ચૂપચાપ એન.સી.સી. ઓફિસની બારીમાંથી ઓફિસના કબાટ નીચે નાખી, પછી પોતે જ એ ઉંદરને બહાર ફેંકી દઇ, પાણીથી પોતું કરી બધું સાફ કરી ઓફિસરોનો વિશ્વાસ સંપાદન કરી કૉર્પોરલ બનનાર બારશીનું છે. એ કૉર્પોરલ બારશીએ કેડેટોને લશ્કરી તાલીમ આપવા નાસિકમાં યોજવામાં આવેલી છાવણીમાં બીજા કેડેટોના રૂપિયાની ચોરી કરતો અને એ રકમમાંથી સિગરેટો ફૂંકતો, જુગાર રમતો અને શરાબ પીતો. લેખકે કેવી ચતુરાઇભરેલી યુક્તિ કરીને બારશીની બધી વાત પકડી એ વાચક લેખકના જ શબ્દોમાં જ વાંચે.

તેરમા, સેઇન્ટ ઝેવિયર્સ કોલેજમાં વિજ્ઞાનના તેજસ્વી વિદ્યાર્થી લાન્સ કૉર્પોરલ જયેશ વર્માના શબ્દચિત્રમાં ઘેરો કરુણ રસ છે. જયેશ વર્માને 'બી' પ્રમાણપત્રની પરીક્ષા આપી ઇન્ટર સાયન્સની વાર્ષિક પરીક્ષામાં બે વિષયોમાં રાહત મેળવી બાકીના વિષયોમાં ઊંચા ટકા મેળવી મુંબઇ યુનિવર્સિટીમાં પહેલો આવી એન્જિનીયરિંગ કોલેજમાં દાખલ થવું હતું. પણ જયેશ કેડટોને આપવામાં આવતી તાલીમમાં ધ્યાન આપવાના બદલે બીજાઓએ સોંપેલાં પરચૂરણ કામો કર્યા કરતો. પરિણામે દેવલાલીમાં યોજવામાં આવેલી શિબિરમાં જયેશ નપાસ થયો. મુંબઇમાં કોલેજના નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવેલું પરિણામ વાંચીને પોતે નાપાસ થયો છે એ જાણી જયેશ એટલો બધો નિરાશ થયો કે તેણે કોલેજની પ્રયોગશાળામાં જઇ કોઇ ઝેરી રસાયણ ખાઇને આપઘાત કર્યો.

બાકીનાં શબ્દચિત્રોમાં ચૌદમા, લેખક પોતે અને તેમના સાથીઓ કરતાં નીચલી પાયરીનાં હોવા છતાં કૅમ્પ-કમાન્ડન્ટ મેજર કોલાબાવાલાએ જેમની કૅમ્પ-એડજ્યુટન્ટ તરીકે નિમણૂંક કરી તે સાથે જ જેમને સંપૂર્ણ સત્તાનો નશો ચડી ગયો અને જે કેડેટો પાસે વારેવારે પોતાને સલામ ભરાવતા તે લેફ્ટનેન્ટ મોઘેનું, શબ્દચિત્ર તથા પંદરમું તેજસ્વી સુબેદાર આવટેનું પ્રેરક શબ્દચિત્ર અને સોળમું રાતના ભોજન સમારંભમાં પારસીઓને સહેજ એવી મશ્કરી- મજાક કરવાની વૃત્તિથી પોતાના લશ્કરી જીવનના કેટલાક પ્રસંગો અને ટૂચકાઓ કહી વાતેવાતે બધાને હસાવનાર બ્રિગેડિયર દારૂવાલાનું શબ્દચિત્ર-એ ત્રણે શબ્દચિત્રોમાં વાચકોને રસ પડે એવી ઘણીબધી સામગ્રી છે.

ડૉ. રમણલાલ શાહે આ સોળેય શબ્દચિત્રો એવી સરસ રીતે દોર્યાં છે કે વાચકના ચિત્ત ઉપર એમના પોતાના વ્યક્તિત્ત્વની સ્પષ્ટ છાપ અંકિત થઇ જાય છે. મારા પોતાના ચિત્ત ઉપર તેમના વ્યક્તિત્ત્વની એવી પહેલી છાપ પુસ્તકમાં શબ્દચિત્રોની પહેલાં મૂકેલી ૧૯૫૫માં લેફ્ટનન્ટના ગણવેશમાં પાડવામાં આવેલી મેજર રમણલાલ શાહની છબીમાં દેખાતા પ્રભાવશાળી લશ્કરી અધિકારીની છે. પણ એ લશ્કરી અધિકારીનો મિજાજ ડૉ. રમણલાલ શાહે દોરેલાં શબ્દચિત્રોના પાત્રોમાંના કર્નલ બ્રિટો, મેજર ખન્ના અને એવા બીજા લશ્કરી અધિકારીના મિજાજ જેવો તેજ નથી. તેના બદલે વાચક મેજર રમણલાલ શાહમાં ઉષ્માભર્યું કોમળ હૃદય, પોતાની ભૂલ કબૂલ કરવાની નમ્રતા, ક્યારેક ટીખળવૃત્તિ, જાતજાતની વ્યક્તિઓમાં રસ લેવાની સંવેદનશીલતા, પોતે જે જે વ્યક્તિઓના સંપર્કમાં આવ્યા હતા તેમના બાહ્ય દેખાવની અને લાક્ષણિકતાઓ પોતાના મનમાં નોંધી રાખી પોતે દોરેલાં શબ્દચિત્રોમાં એ લાક્ષણિકતાઓ વાચકને પ્રત્યક્ષ કરાવવાની કળા, અને એન.સી.સી.માં ૧૯૫૧થી ૧૯૭૦ પોતાની લગભગ વીસ વર્ષની કારકિર્દી દરમિયાન પોતાને થયેલા અનુભવોનું એ કારકિર્દી પૂરી થયા પછી બાવીસ વર્ષે તેમની પાસે સચોટ નિરૂપણ કરાવી શકે એવી અસાધારણ સ્મરણશક્તિ અને સર્જક કલ્પના, એ બધું જોઇ પ્રભાવિત થવાય છે. વાચકના ચિત્ત ઉપર આખા પુસ્તકની જે સમગ્ર છાપ પડે છે તે એક સમૃદ્ધ વ્યક્તિત્વની છે. આપણને આવું રસપ્રદ પુસ્તક આપવા માટે ડૉ. રમણલાલ શાહને હાર્દિક અભિનંદન!

☆☆☆

# થોડોક ક્રોધ પણ અતિશય દુઃખદાયી છે

-☐સાધુ પ્રીતમપ્રસાદ દાસજી

જૈન પુરાણની એક કથા છે. એક વખત બળદેવજી, વાસુદેવ અને સાત્યકિ વનમાં જઇ રહ્યા હતા. શિકારના શોખીન હતા. એટલે શિકારની પાછળ ઘોડા દોડાવ્યા. મૃગયા કરતા કરતા રાત પડી ગઇ. વનમાં અંધારું ઘોર, રસ્તો દેખાય નહિ, આગળ પણ જવાય નહિ અને પાછળ પણ જવાય નહિ એવી સ્થિતિ થઇ.

છેવટે એક ઘટાદાર વૃક્ષ નીચે સૂઇ રહેવાનું નક્કી કર્યું. ઘોડાઓને બાજુના વૃક્ષ સાથે બાંધી દીધા. અડધી રાત પસાર થઇ ગઇ હતી. વાસુદેવે કહ્યું, 'આ નિર્જન વનમાં કોઇકે જાગતા રહેવું જરૂરી છે. બધા સૂઇ જઇશું તો કોઇક લૂંટી જશે અને ઘોડાઓને છોડી જશે. અંતે નિર્ણય થયો કે બે જણાએ સૂઇ જવું અને એક જણે ચોકી કરવી. આમ વારાફરતી કરવું.

પ્રથમ પ્રહરમાં બળદેવ અને વાસુદેવ સૂઇ ગયા. સાત્યકિ રક્ષામાં બેઠા. એવામાં વૃક્ષ પરથી પાંદડા ખર્યા, નાનો વંટોળિયો આવ્યો. ધુમાડાના ગોટા સાથે એક આકૃતિ ઊભી થઇ. એ એક પિશાચ હતો. 'તારે જીવતા રહેવું હોય તો દૂર જા, હું આ સૂતા છે તે બન્નેને ખાવા આવ્યો છું.' પિશાચે ચપટી વગાડીને સાત્યકિને કહ્યું. સાત્યકિ સાવધ થયો. હાથમાંની લગામ પિશાચનાં કપાળ પર ફટકારી. પિશાચ પણ તેને ગાંઠે તેવો ન હતો. તે સામે જઇને બાથ ભીડવા તૈયાર થયો. બન્ને બાથોબાથ આવ્યા. સાત્યકિનો ક્રોધ મર્યાદા ઓળંગી ગયો. આશ્ચર્ય એ થતું કે સાત્યકિ જેમજેમ ક્રોધ કરતો તેમ પિશાચનું બળ તથા આકાર વૃદ્ધિ પામતા. છેવટે પિશાચે સાત્યકિને પછાડ્યો. સાત્યકિ ઘાયલ થયો. એક પ્રહર સુધી સાત્યકિ તેના સાથે લડ્યો. પ્રહર પૂરો થતાંની સાથે પિશાચ અદ્રશ્ય થઇ ગયો.

ત્યારબાદ સાત્યકિએ બળદેવને જગાડ્યા અને પોતે સૂઇ ગયા. ફરી પિશાચ આવી ચડ્યો. બળદેવજી સાથે પણ તેને યુધ્ધ થયું. બળદેવજી ક્રોધ કરે તેમ પિશાચનું બળ વધે. બળદેવજી થાકી ગયા. પિશાચ તેને હંફાવીને અદ્રશ્ય થઇ ગયો.

હવે પ્રહર પૂરો થતા વાસુદેવને જાગવાનો વારો આવ્યો. બળદેવજી સૂઇ ગયા. પિશાચને નિયમ મુજબ પ્રગટ થવાનું જ હતું. વાસુદેવ બેઠા હતા ત્યાં વિકરાળ રૂપ ધરીને પિશાચ આવીને ઊભો રહ્યો. ' સારું થયું તમે સામે આવીને ઊભા! હવે મારો સમય જલ્દી પસાર થશે ખરું? વિચારતો હતો કે ઊંઘ કેમ કરીને ઊડાડવી, આ તમે સામા આવીને ઊભા તે ઠીક થયું.' વાસુદેવે પિશાચને કહ્યું.

પિશાચ તો મારવા જ આવ્યો હતો. તેણે દાંત પીસીને વાસુદેવને એક થપ્પડ લગાવી દીધી. વાસુદેવ હસવા લાગ્યા. 'સરસ! તમારામાં જોર ઘણું છે, સાહસ સારું કરો છો' વાસુદેવે સહજ રીતે કહ્યું.

પરંતુ આ સમયે કૌતુક સર્જાયું. વાસુદેવ જેમ જેમ હસતા જાય અને ક્રોધ કર્યા વગર જવાબ આપતા જાય તેમ પિશાચનું બળ ઘટતું ગયું. આકાર નાનો થતો ગયો. છેલ્લે એક કીડા જેવડો થઇ ગયો. વાસુદેવે તેને એક પડીકામાં બાંધી દીધો.

સવારે સાત્યકિ ઊઠ્યા ત્યારે તેનું આખું શરીર દુઃખતું હતું. તેણે બધી વાત વાસુદેવને કહી. બળદેવે પણ તેમાં સમર્થન આપ્યું. વાસુદેવે શાંતિથી બન્નેની વાત સાંભળી અને હસતા હસતા કહ્યું, 'આવો મારી સાથે, હું તમને કાંઇક બતાવું.' એમ કહીને જ્યાં ઘોડાઓ બાંધ્યા હતા ત્યાં લઇ ગયા. ઝાડની બખોલમાં એક પાંદડાનું પડીકું મૂક્યું હતું તે ખોલીને બતાવ્યું અને કહ્યું, 'આ રહ્યો તે પિશાચ. કીડો થઇને પિશાચ બેઠો હતા. સાત્યકિ અને બળદેવ તેને જોઇ રહ્યા. ફરી વાસુદેવે કહ્યું, ' તમે તેને ઓળખ્યો નહિ. એ પિશાચ-મૂર્તિમાન ક્રોધ હતો. આપણે જેમ જેમ ક્રોધ કરીએ તેમ તેનું બળ વધતું જાય. તેને જીતવાનો ઉપાય ક્રોધરહિત થવું તે છે. સત્સંગથી અને સમજણથી આવા ગુણો આવે છે.

ઉપેક્ષાથી તે કીટરૂપ ક્રોધ પિશાચને ફેંકીને તેઓ રાજી થયા.

ગીતામાં કહ્યું છે કે,

'क्रोधात भवति संमोहः संमोहात्स्मृति विभ्रमः ।

स्मृतिभ्रंशात बुद्धिनाशो बुद्धिनाशात् प्रणश्यति ॥'

થોડો પણ ક્રોધ થવાથી ક્રમશઃ માણસનો સર્વપ્રકારે નાશ થાય છે.

એક અંગ્રેજ લેખક કહે છે કે, 'તમે હસો છો ત્યારે તમારા બે સ્નાયુઓ જ ખેંચાય છે, જ્યારે ગુસ્સે થાવ છો ત્યારે પાંચ સ્નાયુઓ ખેંચાય છે.' વિજ્ઞાન પણ પ્રસન્ન મન રાખવાનું સૂચવે છે. ક્રોધી માણસની ભક્તિ ભગવાન સુધી પહોંચતી નથી.

એક ભક્તને ઇસુએ દેવળે જતો જોયો. તેનું મુખ ક્રોધથી રાતુચોળ હતું. આંખો લાલ હતી. ઇસુએ પૂછ્યું, 'ભાઇ આમ ઉતાવળો થઇને ક્યાં જાય છે?' 'આહુતિ આપવા'. 'અરે તારા મુખ ઉપર તો રોષની ઘેરી છાયા છે, તું શું આહુતિ આપીશ?' ઇસુએ તેને રોકીને પૂછ્યું. 'ક્યાંથી શાંતિ હોય? રોષ ન હોય તો બીજું શું હોય? ઘેર ભાઇ સાથે ઝઘડીને આવ્યો છું.' ભક્ત એક શ્વાસે બોલી રહ્યો હતો.

'ભાઇ ધીરો થા. તારી આહુતિ ઓટલે મૂકી જા. ઘેર જઇને ક્રોધરહિત થઇ ભાઇની માફી માગ. તારી આહુતિ દેવ સ્વીકારી લેશે.' ઇસુએ તેને ક્રોધરહિત થઇ ભક્તિ કરવા શીખવ્યું.

નાની બાબતોમાં આકળા થઇ જઇએ એ ઠીક નહિ. સહનશક્તિ તો કેળવવી જ જોઇએ. સહનશક્તિથી જ માણસની કસોટી થાય. ગુલાબને પણ કાંટા ઊગે છે. તે હસતા હસતા સહન કરે છે. ક્રોધ પર કાબુ મેળવવાનું આ ઉત્તમ સાધન છે. બીજું સાધન છે- ક્ષમા. જેનું હૈયું ક્ષમાનો ગુણ ધરાવે છે તે દુશ્મનને પણ વશ કરી શકે. 'क्षमा खड्गः करे यस्यः दुर्जनः किं करिष्यति' એમ ક્ષમાશીલને દુર્જનો પણ કાંઇ કરી શકતા નથી.

સિકંદરે એરિસ્ટોટલને પૂછ્યું, 'ગુનેગાર ફરી ગુનો ન કરે અને કરેલા ગુનાનું ફળ ભોગવે એ માટે એને કઇ સજા યોગ્ય છે?' એરિસ્ટોટલે ઉત્તર આપ્યો, 'ક્ષમા'.

બીજો પ્રશ્ન પૂછ્યો, 'ક્ષમા કયે વખતે કરવી?' ઉત્તર આપ્યો કે જ્યારે દુશ્મન આપણા હાથમાં સપડાયો હોય ત્યારે.'

આવા સમયે એક જણ જો નમતું આપી દે તો વધુ ક્રોધ થવાનો પ્રસંગ ન બને.

ઇંગ્લેન્ડની રાણી ઇલિઝાબેથે સ્કોટલેન્ડ પર કબજો જમાવ્યો. ત્યાંની રાણી મેરીને ફાંસીને માંચડે લટકાવી. મેરીનો મંત્રી ઇલિઝાબેથ પર ગુસ્સે થયો. 'રાણીને ગોળીથી વીંધી નાખવી જોઇએ ' એવો વિચાર થયો પણ શું થાય? રાજ્યસત્તા આગળ શું ગજુ? અંતરમાં ક્રોધનો વંટોળિયો ફુંકાયા કરે. અંતે રોષમાં ને રોષમાં તે મરી ગયો. મંત્રીના મૃત્યુ બાદ તેની પત્ની માર્ગરિટ લેમ્બમનને અજંપો રહ્યો.

મારા પતિને મરવાનું કારણ આ ઇલિઝાબેથ છે એટલે એનું કાસળ કાઢવું એમ વિચારી તેણે વેર વાળવાનું નક્કી કર્યું.

એક રાતે કાળો પોશાક પહેરી હાથમાં પિસ્તોલ લઇ ઇલિઝાબેથના ઘરમાં પ્રવેશ કર્યો. ચારે બાજુ નીરવ શાંતિ હતી. એકાએક પગમાં ઠેસ વાગતાં પિસ્તોલ હાથમાંથી પડી ગઇ. રાણી તથા સેવકો જાગી ગયા. તમામ મુદ્દામાલ પકડાઇ ગયો. નીચે પડી ગયેલી પિસ્તોલ રાણીએ હાથમાં લીધી. સેવકોને થયું કે હમણાં જ રાણી તેને વીંધી નાંખશે, પણ રાણીએ તેને બાથમાં લીધી, ક્ષમા આપી અને ઘર સુધી સલામત રીતે પહોંચાડવા સૈનિકોને આજ્ઞા કરી. કોઇકે રાણીને પૂછ્યું કે, 'આ દુશ્મન સ્ત્રી કહેવાય. તેને કેમ માફી આપી?' રાણીએ શાંત સ્વરે કહ્યું, 'બળતામાં ઘી હોમીએ તો ભડકો જ થાય.' ક્રોધથી ક્રોધ વધે, વેરની પરંપરા થાય.

વચનામૃતમાં કહ્યું છેઃ 'થોડોક ક્રોધ ઊપજે તે પણ અતિશય દુઃખદાયી છે.'

☐☐☐

# પૂરું પડતું નથી

❑ 'સત્સંગી'

આજે બસ-ટ્રેનમાં મુસાફરી કરતાં શું જોવા મળે છે ? તદ્દન જૂની ઢબની થેલીઓ અને કોથળાઓને બદલે આધુનિક સુટકેસો અને થેલીઓથી અભેરાઇઓ જાણે શોભી રહેતી હોય ! છેવટમાં છેવટની ઢબનાં વસ્ત્રો પહેરવાં એ યુવકયુવતીઓનો સ્વભાવ જ બની ગયો છે . આધુનિક ચલચિત્રોમાં બસ-ટ્રેનમાં બેઠેલાં ઉતારુઓનાં જે દ્રશ્યો આવે છે તેવાં જ લગભગ દ્રશ્યો ભારતની ચારે દિશામાં સડકો પર સતત દોડતી બસોમાં અને નિયત માર્ગે દોડતી ગાડીઓમાં જોવા મળે છે. શહેરોમાં રહેણીકરણીની દ્રષ્ટિએ ઘરનું ઘર હોવું એ તદ્દન સામાન્ય વાત બની ગઇ છે. નાનાં મકાનની રચનામાં બહેનો ઊભાં ઊભાં રસોઇ કરે એવાં પ્લેટફોર્મવાળું રસોડું અને ગેસનો ચૂલો છેક જ પ્રચલિત બાબતો છે. ટી.વી.એ રેડિયોનું સ્થાન લીધું છે. તેમજ મહિને સિત્તેર-એંશી રૂપિયા ખર્ચવાથી ટી.વી.ના પડદા પર ચલચિત્રો અને પરદેશોના કાર્યક્રમો જોવા મળે. મોટાં શહેરોમાં હોટેલો, ગેસ્ટ-હાઉસો- અતિથિગૃહોનું ભાડું ખબર લઇ લે તેવા હોય છે તો પણ તે બધાં ભરચક રહેતાં હોય છે. ઉપાહાર ગૃહો ઠેર ઠેર ભરચક જોવા મળે છે. ઠંડાં પીણાંની હોટેલો પણ ભરચક જ રહેતી હોય છે. શેર લેવામાં અસંખ્ય લોકો પૈસા રોકે છે. બાહ્ય દ્રષ્ટિએ જોઇએ તો આ સઘળી નિશાનીઓ સમૃદ્ધિની છે. વાસ્તવમાં ભારત દેશ ગરીબ છે અને તેના પર પરદેશોનું મોટું દેવું પણ છે.

આ ગરીબ વિકસતા દેશની સમૃદ્ધિની બાહ્ય નિશાનીઓની ભીતરમાં સ્પષ્ટ-અસ્પષ્ટ વ્યકિતગત રૂદન ચાલતું રહે છે. 'પૂરું પડતું નથી.' આ સત્ય ગણાય કે અસત્ય ? ભારત દેશ ગરીબ છે તેથી આંખો મીંચીને તે સત્ય કહેવું પડે કે માનવું પડે. બીજી બાજુથી માણસનો સ્વભાવ અસંતોષી છે તેથી આ રૂદનને અસત્ય પણ કહેવું પડે. આ સંબંધમાં અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રાતઃસ્મરણીય યોગીબાપા (જ્ઞાનજીવનદાસજી સ્વામી)નાં લોકપ્રિય નામથી જાણીતા બનેલા જે મહાન સમર્થ સંત ૨૪ વર્ષ પહેલાં પૃથ્વી પર વિચરતા હતા તેમના હૃદયસ્પર્શી શબ્દો આ પ્રમાણે છે :-'અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ એ ત્રણ તાપરાં જીવ પ્રાણીમાત્ર બળે છે. અધ્યાત્મ શું ? મનનું દુઃખ. એ કોઇનું પૂરું થયું નથી ? મુંબઇમાં પચાસ લાખ માણસો રહે છે. એમને પૂછીએ. 'તમારા મનનું પૂરું થયું ?' દરેક કહેશે. 'મારે કંઇક અધૂરું છે, પૂરું નથી થયું.' કોઇને શાંતિ ન મળે. તેમ આખા દેશમાં બધાયને પૂછી જુઓ. મનનું દુઃખ કોઇનું મટ્યું નથી . અધિભૂત શું ? પરથકી દુઃખ થાય. અધિદૈવ શું ? દેવનો કોપ થાય. કોઇને સુખ નથી. માંહી (અંતરમાં)સગડી એવી ધખે છે કે અચ્છેર ખીચડી ચડી જાય ! ત્યારે સુખનું ઠેકાણું સંત છે.'

આ શબ્દો વાંચનારના અંતરની સગડી ઠંડી થઇ જાય તેવા સમાધાનકારી છે. પરંતુ જે લોકો આર્થિક વેદનાનો અનુભવ કરે છે તેઓને સુદામા ભક્તની પત્નીના શબ્દો ખૂબ ગમે છે, 'ઋષિરાય, એવું જ્ઞાન ગમતું નથી...' જ્યાં સુધી આવા લોકોને રોકડ નાણું હાથમાં ન આવે ત્યાં સુધી કોઇ વાત તેમને રુચતી નથી, એવું તેમનું તેમનાં સમગ્ર જીવનમાં સંબંધી રૂદન હોય છે. ભૂખ્યા માણસને અન્ન જોઇએ, જ્ઞાન નહિ એવી દલીલ પર માણસ આર્થિક બાબતને પ્રાણપ્રશ્ન બનાવતો રહ્યો છે. ઘડીભર પોતાનું થોડું આર્થિક સુખ હોય તો પણ તે તેને જોવામાં આવતું નથી. 'મને આટલી સગવડ કેમ ન મળે ?' એવાં રૂદનમાં માણસનાં સમયશક્તિ વેડફાય તો પણ તેનાં રૂદન, આક્રોશ વગેરે અટકતાં જ નથી. માણસ જુગાર, લોટરીની ટિકિટ વગેરેના રસ્તાઓમાં પણ ઓતપ્રોત બનતો રહે છે. આવા માણસને 'પૂરું પડતું નથી'ના ઉકેલ માટે ઉગ્ર સંઘર્ષ અનુભવતો માણસ કહેવો કે પાગલ ?

વાસ્તવિક દ્રષ્ટિએ વાત કરીએ અને ટપાલીઓ, પટાવાળાઓ, સામાન્ય મજુરો વગેરેની વાત બાજુ પર રાખીને કહીએ તો એક પગારની કમાણીવાળા પ્રાથમિક તેમજ હાઇસ્કૂલના શિક્ષકો, સિનીઅર કલાર્ક સુધીના કર્મચારીઓ અને સામાન્ય વેપારીઓનું રૂદન તીવ્ર હોય છે. બે પગારની આવક ધરાવતા કર્મચારીઓ અને થોડી વિશેષ કમાણી કરતા વેપારીઓનું આર્થિક રૂદન હળવું હોય છે. અત્યારે કોલેજોના વ્યાખ્યાતાઓનાં આટલાં સરસ પગારધોરણ હોવા છતાં તેમની આવી દલીલ અવારનવાર રહેતી હોય છે. 'શિક્ષકની આર્થિક સ્થિતિ સુધરે નહિ ત્યાં સુધી શિક્ષક જ્ઞાનથી સમૃદ્ધ બને એ અશક્ય છે. શિક્ષક સદાય આર્થિક પ્રશ્નોની ચૂડમાં જ રહેલો છે. વગેરે વગેરે' પ્રાથમિક શાળા અને હાઇસ્કૂલોના શિક્ષકોનાં પગારધોરણો ખરેખર સારાં ગણાય, છતાંય તેમનું રૂદન પણ સદાય રહેતું જ હોય છે. પરિણામે ઓફિસોના કર્મચારીઓ, શિક્ષકો અને કોલેજોના શિક્ષકો તેમજ યુનિવર્સિટીઓ દ્વારા થતા ભ્રષ્ટાચારો સુવિદિત છે. આ લોકોની નજર મોટા અમલદારો, પ્રખ્યાત ડૉક્ટરો, વકીલો, પ્રધાનો, નેતાઓ, અભિનેતાઓ વગેરે પર હોય છે. 'કોઇ પણ રીતે આવક વધારવી.' એવું સૂત્ર વિશ્વવ્યાપી બન્યું છે જેણે ભારતના લોકોને પણ 'આવક વધારવા'ના રોગવાળા બનાવી જ દીધા છે.

'તો પછી પૂરું પડતું નથી'નો મર્મ શું ? 'પૂરું પડતું નથી' નાં ક્ષેત્રમાં ટપાલીઓ, પટ્ટાવાળાઓ, મજૂરો, ખેતમજૂરો, ખાનગી પેઢીઓ અને ગ્રાન્ટ લેતી ખાનગી સંસ્થાઓના નાના કર્મચારીઓ તેમજ એક પગારની આવક ધરાવતા પ્રાથમિક શાળાના શિક્ષકો, હાઇસ્કૂલના શિક્ષકો અને સરકારી ધારાધોરણ પ્રમાણે પગાર મેળવતા કારકુનો વગેરેનો સમાવેશ થાય છે. આ લોકો 'પૂરું પડતું નથી' એમ કહે તો તેમાં અવશ્ય તથ્ય છે. તેનું કારણ એ છે જિંદગી માત્ર આર્થિક ગુજરાનનો પ્રશ્ન નથી, પરંતુ સંતાનોનો સાધારણ અભ્યાસ, સંતાનોનાં લગ્ન અને તબિયતની તકલીફ અંગે દવા વગેરે બાબતો જીવન સાથે વણાયેલી જ છે. સરકાર મોંઘવારીના હપ્તા આપે તો પણ મોંઘવારી પરેશાન કરે તેવી છે. તેથી એક પગારની આવક ધરાવતો સામાન્ય કર્મચારી સમગ્ર પરિસ્થિતિને પહોંચી ન વળે એ દેખીતું છે. સાદાઇની પણ હદ હોય તેમજ કરકસરની પણ મર્યાદા છે.

'પૂરું પડતું નથી' એવી બૂમ પાડનારા સૌ કોઇએ બહારના ઝાકઝમાળથી અંજાઇને પોતાની રહેણીકરણી પણ એવી બને એવી વિચારણાનો ત્યાગ કરવો જોઇએ. એવી વિચારસરણી પોતાના આર્થિક સંજોગોની જે ખરેખર ચિંતા હોય તેને અત્યંત મોટાં સ્વરૂપવાળી ચિંતા બનાવે છે. પોતાનું અમુક પ્રકારનું જીવન નથી તેવાં અફસોસ અને ચિંતા પોતાનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પણ બગાડે છે. પરિણામે પોતાના વાસ્તવિક પ્રશ્નો સમજવાની શક્તિ પણ રહેતી નથી. પુખ્ત ઉંમરના માણસો પોતાની જવાબદારી સમજતા હોય છે તો પણ આજની હવા એવી છે કે અન્ય સુખી લોકો જેવી રહેણીકરણી મેળવવાની ચિંતામાં તેઓ પાયમાલીને આમંત્રણ આપી બેસે. હકારાત્મક રીતે વિચારીએ તો જે પોતાની આવક હોય તેમાં અનુકૂલન સાધીને આનંદથી જીવન જીવાય એવો સ્વભાવ ઘડવો જોઇએ. સાદી રીતે જીવવામાં પોતાની જાત પ્રત્યે તિરસ્કાર ન કેળવવો અને સામાન્ય સંજોગોને લીધે પત્ની અને બાલકો પોતાના પ્રત્યે યોગ્ય ભાવ નહિ રાખે એવું વાગોળ્યે ન જ રાખવું. પત્ની સંજોગો જોઇને જ આવી હોય છે. વધારે આવક હોય તો જ પત્ની રાજી થાય એવા ભ્રમ પાછળથી વ્યથિત ન થવું.

દેણું તો કોઇ સંજોગોમાં કરવું જ નહિ. દેણું સહેલાઇથી ભરી શકાતું નથી, ત્યારે ચિંતા વધી જાય છે, સંબંધ તો બગડે છે, પરંતુ સ્વાસ્થ્ય પણ જોખમાય છે. અલબત્ત સરળ હપ્તાથી લોનનું આકર્ષણ જબ્બર છે. આધુનિક જીવનની દેખાદેખીથી અર્ધા પગારથી વધુ રકમ આ હપ્તાઓ ભરવામાં જાય એવું પણ બને. અહીં Cedric Mountનો 'The Baby Finally Ours' શીર્ષકવાળો રમૂજી સંવાદ યાદ આવે

૧૮

છે. તેમાં ત્રણ જ પાત્રો છે, Jack, તેની પત્ની Jill અને Aunt Jane (જેકની માશી). ચોથું નર્સનું પાત્ર તો માત્ર એક પ્રસંગનાં અનુસંધાનમાં જ આવે છે.

જેકનાં માશી તેને ઘેર આવે છે. જીલ અને જેક પોતાનું ઘર તેમને બતાવે છે. પછી પોતાનાં ઘર વિશે માશીબાનો અભિપ્રાય પૂછે છે. તેઓ કહે છે કે ફર્નીચર, કાર, પિયાનો, રેફ્રીજરેટર અને રેડિયો-બધું અદ્ભૂત છે. વાતચીત કરતાં માશી જેઇનને જાણવા મળે છે કે બધું હપ્તાથી આવ્યું છે; તેથી પૂછે છે કે હપ્તાઓના કેટલાં પૈસા ભરવા પડે છે. જેક ડાયરીમાંથી કહે છે કે દર અઠવાડિયે ૭ પાઉન્ડ અને ૮ પેન્સ ભરવા પડે છે માશી ફરી પૂછે છે, 'તું કમાય છે કેટલું ?' તો જવાબ મળે છે, '૬ પાઉન્ડ.' માશી પૂછે છે, 'તો બાકીના ખૂટતા પૈસાનું શું ?' તો જેક કહે છે, 'Thrift and Providence Trust Corporation' માંથી ઉછીના લઇ લેવાના. માત્ર ચિઠ્ઠી લખવાથી જેટલી રકમ જોઇએ તેટલી રકમ ઉછીની આપે છે.

આવી કહાણી સાંભળીને માશીબા તો હપ્તાથી આવેલી ખુરશી પરથી વ્યથિત દિલે ઊભાં જ થઇ જાય છે. તરત જ ઘેર જવાની વાત કરે છે. હપ્તાથી લીધેલી કારમાં તેઓ બેસવા માગતાં નથી.

માશીબા જતાં જતાં ૧૦ પાઉંડનો ચેક જેકને આપતાં જાય છે જેથી તેઓ એકાદ વસ્તુનું બિલ ચુકવીને કહી શકે કે તે વસ્તુ તેમની છે. પરંતુ જીલ તો તરત ૧૦ પાઉંડ ડૉક્ટર માર્ટિનને નર્સ સાથે મોકલાવી દે છે. ત્યાં જેક તેનાં માશીબાને બસ સુધી મુકીને પાછો આવે છે. તે જીલને કહે છે કે ડૉક્ટરને બિલ ચૂકવવાની શી ઉતાવળ હતી ? તેની પત્ની જીલ જવાબ આપે છે, 'હજી એક હપ્તો વધારે ચૂકવીએ અને 'Babys Really Ours.' તે સાથે પડદો પડે છે. પોતાની પત્નીની પ્રસૂતિ પણ હપ્તાથી છે અને પૂરા પૈસા ચૂકવાય ત્યારે બાળક પોતાનું બને.

ભલે આપણા સમાજમાં તદ્દન આવો કિસ્સો ઘડીભર ન બને એમ માની લઇએ તો પણ યુવાનોમાં સુવિધાઓથી સજ્જ મકાન માટેની ઘેલછા બેહદ છે એ હકીકત જ છે. લોન વગેરેથી તેઓ તેમ કરે પણ છે. આ દેખાદેખીથી નાનામાં નાના માણસ સુધી પહોંચે છે. પરિણામે રકમની ઉચાપતના અથવા પૈસાના દુરુપયોગના દાખલા છાપાંને પાને ટપકે પણ છે. જે લોકો પૈસા મેળવી શકતા નથી તેઓ તે વિશે વધુ પડતી ચિંતામાં રહે છે. પરિણામે તેઓ વાસ્તવિક પ્રયત્નો તો નથી કરી શકતા પરંતુ પોતાની જીવનશૈલી બગાડી બેસે છે. પોતાનું મકાન હોવું, રાચરચીલું હોવું, કાર, ટીવી સેટ વગેરે હોય તો જ જીવન જીવ્યું ગણાય તે નર્યું જૂઠાણું છે. ઘડીભર મહેમાન આવે તો શેતરંજી કે સાદડી પર બેસાડી શકાય છે. અને યથાશક્તિ મહેમાનગતિ કરી શકાય છે. જીવનના વિકાસ માટે બાહ્ય સગવડો લેશમાત્ર અનિવાર્ય છે જ નહીં. અનિવાર્ય છે સુંદર ઉચ્ચ ધ્યેય અને તે માટેનો પુરુષાર્થ. બાહ્ય સગવડો માટે પૈસા મેળવવા જ જોઇએ એ વિચાર કેવળ ઘેલછા જ છે. આજના સમયમાં 'જોઇએ'નો અંત જ નથી.

આ નકારાત્મક સૂચનનો અમલ થાય તો જીવન હળવું બની જાય. હકારાત્મક સૂચન એ છે કે યુવાનો હોય કે આધેડ વયનાં માણસો હોય-સૌએ ધર્મને રસ્તે વળવાની જરૂર છે. અર્થાત્ પોતાનો જે ધર્મ હોય તેનાં વિચારો અને વિગતોમાં રસ લેવો અને યથાશક્તિ તેમાં ભાગ લેવો સાધુસંતો જે બાબતો સમજાવે તેવી રહેણીકરણી રાખવા પુરુષાર્થ આદરવો. આમ કરવાથી પૈસા મેળવવાનો ચમત્કાર સર્જાય એવી કોઇ જ બાબત નથી. તો પછી ધર્મને રસ્તે જવાથી ભૂખ શી રીતે ભાંગે ? ધર્મને રસ્તે જવાથી ભૂખ તો જાય છે પણ સાથે સાથે અન્ય દુઃખો પણ દૂર થાય છે. આ સત્ય કેવળ અનુભવથી જ સમજાય તેવું છે જેથી તે શબ્દો દ્વારા સમજાવવાનો ગમે તેટલો સહૃદયી પ્રયત્ન થાય તો પણ તે સત્યની પ્રતીતિ વાંચકને થવી શકય નથી તેમ છતાં ટૂંકામાં એટલું કહી શકાય જે ધર્મને રસ્તે જવાથી ધીમે ધીમે આપણામાં પરિવર્તન થાય છે અને પોતાને મળતાં સુખની કિંમત સમજાય છે, તેથી જીવનમાં 'ભૂખ' જેવું લાગતું નથી. બીજાં દુઃખો જે મોટે ભાગે મનનાં દુઃખો હોય છે તે પણ આંતરિક પરિવર્તન ને લીધે જે શાંતિ-ઠંડક આવે છે તેથી અદ્રશ્ય થાય છે. આમ થવા લાગે એટલે વેર-વિખેર બનેલી તન અને મનની શક્તિ વ્યવસ્થિત લાગે છે. પરિણામે વિશેષ કામ થાય છે. જેમાં જરૂરી આર્થિક વળતર પણ મળે અને આર્થિક પ્રશ્નો તે દ્વારા ઉકેલાતા રહે. તેમજ થોડી નિઃસ્વાર્થભાવે સેવા પણ થાય જેથી જીવન ભર્યું ભર્યું લાગે છે અને અશક્ય દેખાતા રહેલા સાચા આનંદની અનુભૂતિ થાય છે.

'પૂરું પડતું નથી' એવાં રૂદનને બદલે ચોક્કસ પુરુષાર્થ અનિવાર્ય છે. વર્ષોથી સરકારને જૂના મધ્યમ વર્ગ પ્રત્યે લેશમાત્ર આદર નથી. 'ઘરમાં જેટલાં ખાનારાં હોય તેટલાં કમાઓ ' એ સૂત્રની વાત સરકારને ખૂબ ગમે છે. ધર્મસંસ્થાઓ પણ જૂના મધ્યમવર્ગ પ્રત્યે ખાસ આદર ધરાવતી હોતી નથી. સાર એટલો જ કે મુખ્ય વ્યક્તિઓ પોતાની પત્ની પણ કંઇક ઉદ્યમ કરે તે રીતે સક્રિય બનવું ઘટે. આમાં શરત એટલી છે કે સરકારી ધારાધોરણનાં પગારનો વિચાર કરીને રડતાં રડતાં જીવન જીવવું યોગ્ય નથી. 'આટલો પગાર મળે તો જ નોકરી અને તોજ જીવન' એવો અત્યાગ્રહ માનસિક યાતના સિવાય કંઇ આપે તેમ નથી.

મહેનતથી મેળવેલા ૧૦૦ રૂપિયા પણ મીઠા લાગશે જે અનુભવે સમજાય તેવું જ સત્ય છે. મુખ્ય વ્યક્તિએ પણ ધાર્મિક વાંચનનો થોડો સમય રાખીને ફાજલ સમયમાં કંઇક ઉદ્યમ કરવો જોઇએ જે આશીર્વાદરૂપ છે. ફુરસદ વિનાનું જીવન શા કામનું ? એવી કવિની કોઇ પંક્તિ યાદ આવે અને જીવન પર ફિટકાર આવે ત્યારે ફુરસદનો દુરુપયોગ થાય તો જીવન પાયમાલ થાય છે. અર્થાત્ નવરું મન શેતાનનું કારખાનું છે એ વાત યાદ કરીને પ્રવૃત્ત રહેવામાં આનંદ માણવો. આ પ્રકારનો નિશ્ચય થાય તો પછી શો ઉદ્યમ કરવો તેની વિગતો મળી જ રહે અને ઉચિત પસંદગી પણ થવા પામે.

ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકો કહેશે, 'શહેરમાં ફાજલ સમયમાં ઉદ્યમ મળે એ સમજી શકાય, પરંતુ જ્યાં ઉદ્યમના અભાવે ગામડાં જ ભાંગી ગયાં છે ત્યાં ફાજલ સમય માટેનો ઉદ્યમ ગામડામાં શી રીતે મળે?' કોઇ પણ પ્રશ્ન ચોક્કસ સંજોગોનાં અનુસંધાનમાં વિચારવાનો હોય છે. નાનાં ગામડાંઓમાં કર્મચારીઓની સંખ્યા નહિવત્ હોય, ત્યાંનું જીવન સાદું હોય તેથી પૂરક આવકનો પ્રશ્ન ગંભીર પ્રકારનો ન પણ હોય. તેથી ફાજલ સમય ધાર્મિક જીવન અને નિઃસ્વાર્થ સેવામાં ગાળી શકાય. એ સિવાય તો જે લોકોને નવરા બેસવું ત્રાસરૂપ લાગે, સમયનો સદુપયોગ કરવો જ છે અને ઉત્પાદક પ્રવૃત્તિનો ખપ છે તેઓ જ્યાં હોય ત્યાં ઉદ્યમ કરવા સમર્થ બને છે. ઓછી મહેનતે વધુ મેળવવું કે વિના મહેનતે મેળવવું એ આ યુગનો માનસિક રોગ છે. મુંગેરીલાલનાં ગુલાબી સ્વપ્નો સૌ કોઇનાં જીવનમાં આવી શકતાં હોય છે. અપ્રમત્ત બનાય તો એ સુંવાળાં સેવણો પાયમાલી સર્જનારાં લાગે અને મહેનત કરીને ૧૦ રૂપિયા મળે તેમાં માતબર રકમનો આનંદ અનુભવાય. જરૂર છે જાગૃતિની, યોગ્ય વિચારણાની. આ શી રીતે આવે ? ધાર્મિક અને સારા ગ્રંથોનાં વાંચનથી, સજ્જનો અને સાધુઓના સમાગમથી અને એ સિવાય જીવનના અનુભવોમાંથી. અન્ય લોકોની સાથે સરખામણીથી કે પંચરંગી દુનિયા જોવાથી પોતાની ગરીબીને શાપરૂપ શા માટે ગણવી? ગરીબીથી ખિન્ન બનીને તીવ્ર ગરીબીને આમંત્રણ શા માટે આપવું ? સારી આવક ધરાવતા લોકો શ્રીમંતોની સરખામણીએ પોતાની જાતને ગરીબ ગણીને દુઃખી થાય તેનાથી વિશેષ દયાજનક બાબત કઇ હોય?

પશ્ચિમના લોકો આપણો 'આદર્શ' બન્યા છે. પરંતુ આઘાતજનક બાબત તો એ છે કે પશ્ચિમના લોકો ખરેખર કઇ રીતે જીવે છે તેનો ખ્યાલ આપણે મેળવવા માગતા નથી. જે લોકો ઇંગ્લેંડ, અમેરિકા વગેરે દેશોમાં વર્ષોથી સ્થિર થયા છે તેઓ ભારતના લોકોને આ દિશામાં સારું માર્ગદર્શન આપી શકે તેમ છે. પરંતુ તેઓ કેટલું માર્ગદર્શન આપે છે અને તેની ભારતના લોકો પર કેટલી અસર પડે છે એનું સ્પષ્ટ ચિત્ર ઉપસતું નથી. એક જ સૂર સંભળાય છે, 'અન્ય દેશમાં જવું છે ત્યાં આર્થિક સુખાકારી છે.' પરિણામે પાસપોર્ટ વગેરે મેળવવા માટે લાંબી કતારો થતી જ રહે છે. નાનામાં નાનો માણસ પણ પરદેશમાં સ્થિર થવા ઇચ્છે એ બતાવે છે કે ભારતના લોકો દેશપ્રેમની બાબતમાં ઉણા ઊતર્યા છે. 'પૂરું પડતું નથી' પ્રશ્નની આવી ઉગ્રતામાંથી ભારતવાસીઓ બચવા પામે એવી પ્રાર્થના !

❑ ❑ ❑

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

## આર્થિક સહયોગઃ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી શુક્રવાર, તા. ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૪થી શુક્રવાર, તા. ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૪ સુધી એમ આઠ દિવસની વ્યાખ્યાનસભાઓ બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી , મુંબઇ-૪૦૦ ૦૦૭ મધ્યે યોજવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભાવશે . દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮.૩૦ થી ૯.૧૫ અને ૯.૩૦ થી ૧૦.૧૫ એમ રોજ બે વ્યાખ્યાન રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છેઃ

| દિવસ | તારીખ | વ્યાખ્યાતા | વિષય |
|---|---|---|---|
| શુક્રવાર | ૨-૯-૯૪ | ૧. પૂ. સાધ્વીશ્રી ચાંદકુમારીજી | कर्म की गति न्यारी |
| | | ૨. શ્રી શશિકાંત મહેતા | સાધના પંચ તીર્થિ-પંચ પરમેષ્ઠિ નમસ્કાર |
| શનિવાર | ૩-૯-૯૪ | ૧. પૂ. પં. શ્રી યશોભદ્રવિજયજી ગણિવર્ય | ધર્મક્રિયાઓનું લોકોત્તર ફલ |
| | | ૨. ડૉ. વર્ષાબહેન દાસ | ધર્મ અને તેનો સામાજિક સંદર્ભ |
| રવિવાર | ૪-૯-૯૪ | ૧. શ્રી નેમચંદ ગાલા | તમિળનાં સંત કવયિત્રી અવ્વઇયાર |
| | | ૨. ડૉ. રમણલાલ ચી. શાહ | મૃષાવાદ-વિરમણ |
| સોમવાર | ૫-૯-૯૪ | ૧. શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક | મૂલ્યોનું શિક્ષણ |
| | | ૨. શ્રી પ્રવીણભાઇ સી. શાહ | તમે ક્યાંથી આવ્યા? ક્યાં જવાના? |
| મંગળવાર | ૬-૯-૯૪ | ૧. શ્રી ચંદુલાલ સેલારકા | ધર્મની અનુભૂતિ |
| | | ૨. શ્રીમતી સુષમા અગરવાલ | बड़े भाग मानुषतन पाया |
| બુધવાર | ૭-૯-૯૪ | ૧. બ્રહ્માકુમારી શ્રી શીલુબહેન | तनाव मुक्त जीवन |
| | | ૨. શ્રીમતી શૈલજા ચેતનભાઇ શાહ | પરહિત ચિંતાઃ મૈત્રી |
| ગુરુવાર | ૮-૯-૯૪ | ૧. પૂ. સાધુ પ્રીતમપ્રસાદ દાસજી | વિસ્મરણ-એક આશીર્વાદ |
| | | ૨. ડૉ. શાંતિકુમાર પંડ્યા | ગીતા--જીવન જીવવાની કલા |
| શુક્રવાર | ૯-૯-૯૪ | ૧. પ્રા. તારાબહેન ર. શાહ | ગુણોપાસના |
| | | ૨. પૂ. સમણી શ્રી કુસુમપ્રજ્ઞાજી | हम अपने भाग्य के विधाता है |

વ્યાખ્યાનમાળાની શરૂઆતમાં દરરોજ ૭.૩૦ થી ૮.૨૦ પ્રાર્થના અને ભજનો રહેશે. તે રજૂ કરશે અનુક્રમે (૧) શ્રી ધીરેન વોરા (૨) શ્રી શ્વેતાબહેન વકીલ (૩) શ્રી ચંદ્રાબહેન કોઠારી (૪) કુમારી અભિષી શાહ (૫) શ્રી અલકાબહેન શાહ (૬) શ્રી નટુભાઇ ત્રિવેદી (૭) શ્રી વંદનાબહેન શાહ અને (૮) શ્રી શોભાબહેન સંઘવી.

**આ વ્યાખ્યાનનો લાભ લેવા સંઘના સર્વ સભ્યો, શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

**ચીમનલાલ જે. શાહ**
ઉપપ્રમુખ
**પન્નાલાલ ર. શાહ**
કોષાધ્યક્ષ

**રમણલાલ ચી. શાહ**
પ્રમુખ

**નિરુબહેન એસ. શાહ**
**પ્રવીણચંદ્ર કે. શાહ**
મંત્રીઓ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૮૨૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાડિયા સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦ ૦૦૮. લેસરટાઇપસેટિંગ : મુદ્રાંકન, મુંબઇ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૫ ● અંક : ૯ ● ● તા. ૧૬-૯-૯૪ ● ●Regd. No MH. By./South 54. Licence No. 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોનું સામૂહિક આક્રમણ

સૂરતમાં અચાનક પ્લેગ ફાટી નીકળ્યો અને એને પરિણામે ઘણા માણસોનાં થોડા કલાકોમાં જ મૃત્યુ થયા. એ ચેપી રોગનો ભોગ બનેલા કેટલાક માણસોએ બીજા શહેરોમાં જઈને પણ એ રોગને થોડે ઘણે અંશે ફેલાવ્યો. ખુદ સૂરતનો પ્લેગ પણ બહારથી આવ્યો હોવાનું મનાય છે. મહારાષ્ટ્રમાં બીડ-ઉસ્માનાબાદમાં થયેલો પ્લેગ સૂરતના પ્લેગ કરતાં જુદો છે. ભારતના આ ભયંકર ચેપી રોગને કારણે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સલામતીનાં પગલાં લેવાયાં છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી એમ મનાતું હતું કે દુનિયાભરમાંથી પ્લેગનો રોગ હવે કાયમને માટે નાબૂદ થઈ ગયો છે. પરંતુ એ રોગે તાજેતરમાં જ મહારાષ્ટ્રમાં બીડ-ઉસ્માનાબાદ વગેરે ગામોમાં અને ગુજરાતમાં સૂરતમાં દેખા દીધી છે. આ રોગને કારણે અચાનક માણસોના મૃત્યુ થયાં છે. આ વખતના પ્લેગમાં બુબોનિક પ્લેગ અને ન્યુમોનિક પ્લેગ એમ બંને પ્રકારના પ્લેગના કિસ્સા નોંધાયા છે.

પ્લેગનાં રોગના જંતુઓ હવા દ્વારા ફેલાય છે. હવાના આ જંતુઓને-વાયરસને ફેલાતાં વાર નથી લાગતી, કારણ કે રોગવાહક વ્યક્તિ છીંક કે ઉધરસ ખાય તો પણ એનાં જંતુઓ દૂર સુધી ફેલાઈ શકે છે. નજીક રહેલી વ્યક્તિ તો દરદીના શ્વાસોશ્વાસના સંપર્કમાં આવતાં ચેપનો ભોગ બને છે.

પ્લેગ અને કોલેરા એવા પ્રકારના ભયંકર ચેપી રોગ છે કે તે થોડા કલાકોમાં કે એક બે દિવસમાં જ ઘણા લોકોને મારી નાખે છે. આ રોગચાળો અચાનક ફાટી નીકળે છે અને ઉપચારો થતાં પહેલાં તો ઘણાંનાં મૃત્યુ થઈ જતાં હોય છે.

કોલેરા કરતાં પણ પ્લેગનો હાઉ ઘણો મોટો છે. કોલેરામાં ઝાડા-ઊલટીને કારણે શરીરમાંથી પાણી શોષાઈ જાય છે. એને કારણે માણસ મૃત્યુ પામે છે. પરંતુ તરત જો ઉપચાર કરવામાં આવે તો દર્દીને બચાવી લઈ શકાય છે. જૂના વખતમાં કોલેરાથી જેટલા માણસો મરતા હતા તેટલા હવે મરતા નથી. કોલેરાના પ્રતિકાર માટે દવાઓ શોધાઈ હોવા છતાં દુનિયાના જુદા જુદા દેશોમાં હજુ કોલેરાના બનાવો બનતા રહે છે. ગીચ વસતી, શૌચ વગેરેની ગંદકી, ગરમી અને એક રસોડે ઘણા માણસોના ભોજનને કારણે કોલેરાનો ઉપદ્રવ વધુ થાય છે.

પ્લેગ અથવા મરકીનો રોગ વધુ ભયંકર છે. સામાન્ય રીતે ધરતીકંપ કે પૂર પછી ગંદી માટી તથા માણસો અને પશુઓનાં કોહવાયેલાં શબ અને તેની દુર્ગંધને કારણે જાતજાતના રોગના જીવાણુઓ હવામાં પ્રસરે છે. તેમાં પણ મરેલા અથવા દોડાદોડ કરતા ઉંદર તેને માટે નિમિત્ત બને છે, કારણ કે ઉંદરો અને ચાંચડ પ્લેગના રોગના યેરસિન પેસ્ટિસ નામના જીવાણુઓના વાહક છે. એમ મનાય છે કે ધરતીકંપ થવાનો હોય તેના કેટલાક કલાક પહેલાં ઉંદરો ગભરાટમાં આમતેમ દોડાદોડી કરવા લાગે છે. જમીનમાંથી નીકળતા અમુક પ્રકારના જીવાણુઓની અસર ઉંદર ઉપર વહેલી થાય છે. અને એથી ટપોટપ ઉંદરો મૃત્યુ પામે છે. ઉંદરના શરીરમાં પ્લેગના જીવાણુ હોય છે અને ચાંચડના કરડવાથી તે સક્રિય થતાં હવામાં પ્રસરે છે. અને એની હવા લેવાવાળા લોકોને તરત જ પ્લેગનો રોગ લાગુ પડે છે. એવા ઉંદરને કરડેલા ચાંચડ માણસને કરડે એટલે પણ રોગ ફેલાય છે. આ રોગ એટલો બધો ઉગ્રપણે ચેપી છે અને ઝડપથી પ્રસરે છે કે તેની અસર તરત જ ઘણા લોકો ઉપર થાય છે. પ્લેગના દર્દીને કાં તો ગાંઠ નીકળે છે અને કાં તો લોહીની ઊલટી થાય છે. જો ઉપચાર ન થાય તો થોડા કલાકમાં જ તે મૃત્યુ પામે છે. રશિયાના ડૉક્ટર હાફકિન્સે પ્લેગની રસી શોધી તે પૂર્વે જૂના વખતમાં તો પ્લેગથી અચાનક હજારો માણસો મૃત્યુ પામતાં. જાણે કે કોઈ દૈવી પ્રકોપ થયો છે તેવી લોકમાન્યતા રહેતી. જૂની પેઢીના ઘણા માણસો આજે પણ પોતાના ગામમાં કે નજીકના વિસ્તારમાં ફાટી નીકળેલા પ્લેગના સ્મરણો કહે છે. પ્લેગ ફાટી નીકળે ત્યારે લોકો ઘર છોડીને નગર બહાર માંડવા બાંધીને રહેતા. કોઈકને સ્મશાને બાળવા લઈ ગયેલો ડાઘુ પાછો ફરે ત્યાં પોતે જ મૃત્યુ પામ્યો હોય એવી ઘટનાઓ બનતી. એક કુટુંબમાંથી એકને બાળી આવ્યા પછી સ્વજનો પાછા ફરે ત્યાં બીજાને બાળવા જવાની તૈયારી કરવી પડે. એક સાથે ઘણાં શબ થાય તો ઘાસલેટ છાંટીને બાળી નાખવા પડતાં. એવી એવી ઘટનાઓ પ્લેગને કારણે બનતી. પ્લેગનો રોગચાળો હજુયે ભયંકર છે તો પણ જૂના વખતમાં જેટલો ભયંકર હતો તેટલો આજે રહ્યો નથી.

ડિપ્થેરિયા, ન્યુમોનિયા, મેલેરિયા, ઈન્ફલુએન્ઝા, કમળો, ક્ષયરોગ, ઉંટાટિયું, વગેરે પ્રકારના ચેપી રોગો ક્રમે ક્રમે ઝડપથી વધવા લાગે છે, પણ એમાં અપવાદરૂપ કિસ્સા સિવાય તાત્કાલિક મૃત્યુ હોતું નથી. અને વેળાસર યોગ્ય ઉપચારો થતાં દર્દીને બચાવી લઈ શકાય છે

ધનુર્વા વગેરે પ્રકારના રોગ ચેપી જીવાણુથી થાય છે, પરંતુ દર્દી બીજાને તેનો ચેપ સામાન્ય રીતે લગાડતો નથી.

ચેપીરોગ ફેલાવનારા જીવાણુઓમાં મુખ્ય ત્રણ પ્રકાર બતાવવામાં આવે છે : પ્રોટોઝોઆં, બેક્ટેરિયા અને વાયરસ. પ્લેગ વગેરે ચેપી રોગો હવાના જીવાણુ-વાયરસથી ફેલાય છે. કેટલાક જીવાણુ થોડા વખતમાં

મોટો ઉત્પાત મચાવનાર હોય છે, તો કેટલાક જીવાણુ ક્રમે ક્રમે માણસોને મારતા જાય છે. કેટલાક જીવાણુ માણસને બે-ચાર દિવસ અશક્ત બનાવી દે છે. માણસ પછી સાજો થઇ કામ કરવા લાગે છે. એકાદ દિવસનો તાવ લાવનારા જીવાણુ એવા હોય છે. કેટલાક જીવાણુ અશક્તિ લાવવા સાથે માણસને અસહ્ય પીડા કરે છે. તો કેટલાક જીવાણુ માણસનો જીવ લઇ લે છે અથવા ઘણા માણસોનો જીવ લઇને જંપે છે. પ્લેગ, કોલેરા વગેરેના જંતુઓ એ પ્રકારના છે.

દુનિયામાં ચાલુ ચેપી રોગોમાં સૌથી વધુ મૃત્યુ ન્યુમોનિયાથી થાય છે. દુનિયામાં વર્ષે ચાર કરોડથી વધુ માણસો ન્યુમોનિયાથી મૃત્યુ પામે છે. પરંતુ તેના બનાવો વર્ષ દરમિયાન છૂટા છવાયા ચાલ્યા કરતા હોવાથી અને ચેપ લાગ્યા પછી કેટલેક દિવસે મૃત્યુ થાય તો થાય એમ હોવાથી તે રોગ ભયંકર લાગતો નથી. કમળો, મરડો, ક્ષય રોગ અને મેલેરિયા એ પ્રત્યેકથી દુનિયામાં વર્ષે એક કરોડથી ત્રણ કરોડ જેટલા માણસો મૃત્યુ પામે છે. નવા ચેપી રોગ એઇડ્સથી વર્ષે પાંચ લાખ માણસો મૃત્યુ પામે છે અને એ આંકડો વધતો ચાલ્યો છે. પરંતુ પ્લેગ અને કોલેરાથી દુનિયામાં સરેરાશ ઓછા માણસો મરતાં હોવા છતાં તે થોડા વખતમાં મોટો ઉપદ્રવ ફેલાવી ટપોટપ મૃત્યુ આણે છે. એટલે એ રોગો વધુ બિહામણા લાગે છે.

ચેપી જંતુઓને ફેલાવા માટે મોટું ક્ષેત્ર તે ગંદકી છે. ગંદકીને લીધે પેદા થતી દુર્ગંધમાં પણ ચેપી જંતુઓ ઊડતા હોય છે. ગંદકીથી થતી માખીઓ પણ ચેપી જંતુઓને ફેલાવે છે. ગંદા રહેઠાણો, કચરો, મરેલાં પશુ-પંખીના ગંધાતાં કલેવરો વગેરે દ્વારા ચેપી રોગ ઝડપથી વધે છે. એશિયાના ગીચ વસતીવાળા દેશોમાં ચેપી રોગોને અવકાશ વધુ રહે છે. છૂટી છવાઇ ઓછી વસતીવાળા અને વિશાળ ઘરોવાળા ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં ચેપી રોગો એટલી ઝડપથી વધી શકતા નથી. એશિયામાં જાપાન કે સિંગાપુરમાં જેટલી સ્વચ્છતા છે એટલી સ્વચ્છતા બીજા દેશોમાં નથી. ભારતમાં તો દિવસે દિવસે વધતી જતી વસતિને કારણે તથા ગંદકીને કારણે વિવિધ રોગનાં આક્રમણો સતત ચાલતાં રહે છે. ભારત સરકાર રોગચાળા માટે અને જુદી જુદી બીમારીઓ માટે જેટલાં નાણાં ખર્ચે છે એથી ઓછાં નાણાં સ્વચ્છતાનું પાકું શિક્ષણ આપવામાં અને વિવિધ ક્ષેત્રે સ્વચ્છતાનું સ્પર્ધાત્મક આયોજન કરવામાં ખર્ચે તો વધું સારું પરિણામ આવે .

ગરીબી અને બેકારી સાથે થોડી ઘણી ગંદકી આવ્યા વગર રહેતી નથી . જૂના સોવિયેટ યુનિયનમાં સ્વચ્છતાનું પ્રમાણ ઘણું સારું રહેતું હતું. પરંતુ સોવિયેટ યુનિયનના ટુકડા થઇ ગયા પછી રશિયા, યુક્રેન વગેરે રાજ્યોમાં ગંદકી ચાલુ થઇ ગઇ છે, તબીબી વ્યવસ્થા ભાંગી પડી છે. દવાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી રહેતી. આથી થોડા વખત પહેલાં રશિયા અને યુક્રેનમાં કોલેરાના રોગચાળામાં હજારેક માણસો સપડાયા હતા.

જેમ વસતી ગીચ તેમ ચેપી રોગ ફેલાવા માટે અવકાશ વધારે. એક જ ઘરમાં આઠ દસ માણસો રહેતાં હોય, ઘરો કે ઝૂપડાંઓ નજીક નજીક હોય, રસ્તામાં, ટ્રેનમાં, બજારોમાં માણસો નજીક નજીક ચાલતા હોય, સભા-સરઘસોમાં માણસો પાસે પાસે હોય ત્યાં એક મુખેથી બીજે મુખે ચેપને પ્રસરતાં વાર નથી લાગતી. પાણી અને હવા એ બે એવાં અનિવાર્ય તત્ત્વો છે કે ગમે તેટલી સાવચેતી રાખવા છતાં ક્યારે ચેપ લાગી જશે તે કહેવાય નહિ. ઘણી વાર તો ચેપ કોના થકી, ક્યારે પોતાનામાં આવી ગયો તેની ખબર સુદ્ધાં પડતી નથી. કોઇક વાર અજાણ્યાની છીંક કે ખાંસીથી ચેપ લાગી જાય છે. તો કોઇક વાર સ્વજનોના પાસે પાસે સૂવાથી પણ ચેપ લાગે છે.

આંતરરાષ્ટ્રીય વાહન-વ્યવહાર વધવાને કારણે એક દેશના જીવાણુ હજારો માઇલ દૂર બીજા દેશોમાં પહોંચી શકે છે. કેટલાંક વખત પહેલાં એશિયાના કોલેરાવાળા એક બંદરમાંથી પસાર થયેલી સ્ટીમરની ટાંકીના પીવાના પાણીને ચેપ લાગતાં તે સ્ટીમર લેટિન અમેરિકા ગઇ તો ત્યાં એણે કોલેરાનો રોગચાળો ફેલાવ્યો હતો. કેટલાંક વર્ષ પહેલાં મલેશિયાનો ભારે ઇન્ફ્લૂએન્ઝા આખા એશિયામાં પ્રસરી વળ્યો હતો.

ટ્રેન કે વિમાન દ્વારા સાથે પ્રવાસ કરતા પ્રવાસીઓને એકબીજાનો ચેપ લાગતાં વાર નથી લાગતી. પરતુ એ સફર થોડા કલાકની હોય છે અને અધવચ્ચે ટુંકાવી શકાય એવી હોય છે, એટલે એમાં ઓછું જોખમ હોય છે, પરંતુ સ્ટીમર દ્વારા સહેલાણીઓ મધદરિયે સહેલગાહ કરતા હોય તો તેમને બચાવવાના ઉપાયોમાં મુશ્કેલી રહે છે. થોડા વખત પહેલાં અમેરિકાની દક્ષિણે કેરિબિયન સમુદ્રમાં એક જહાજમાં એક વૃદ્ધ વ્યક્તિના મૃત્યુ પછી એના શબને કારણે સ્ટીમરમાં રોગચાળો પ્રસરી ગયો હતો અને ચારસોથી વધુ માણસોને ઝાડા-ઊલટી થયાં હતાં. 'હોરાઇઝન' નામના બીજા એક જહાજમાં કેટલાક સમય પહેલાં ચેપી રોગને કારણે ૧૨૦૦ ઉતારુઓને સહેલગાહ અટકાવી બર્મ્યુડા ઉતારી લેવામાં આવ્યા હતા. 'હોરાઇઝન'ની બીજી એક સફરમાં ન્યુમોનિયાના કારણે જહાજમાં જ પંદરેક વ્યક્તિનાં મૃત્યુ થયાં હતાં.

ગંદકી ઉપર બેઠેલાં માખી, મચ્છર વગેરે ચેપી રોગ ફેલાવે છે, પરંતુ માખી અને મચ્છર પણ મનુષ્યના ચેપનો ભોગ બને છે. એવા કિસ્સા નોંધાયા છે કે મેલેરિયા થયો હોય તેવી દર્દીને કરડવાથી નિર્દોષ મચ્છર મેલેરિયાવાહક બન્યો હોય અને પછી એ મચ્છર બીજા જેને કરડે તે માણસને મેલેરિયાનો રોગ થયો હોય.

શરીર રૂપી યંત્રમાં ઘસારો લાગતાં કે ખરાબી ઊભી થતાં માણસના કે પશુ-પક્ષીના શરીરમાં જાતજાતના રોગ ઉત્પન્ન થઇ શકે છે. એવા રોગોના ઉપચાર તબીબી વિજ્ઞાને જાતજાતના બતાવ્યા છે. આવા ઉપચારો વડે કેટલીયે વ્યક્તિઓ કાયમ માટે સાજી થઇ જાય છે. મૃત્યુના મુખમાંથી તે બચી જાય છે. પીડાશામક દવાઓ તથા નિદાનની અને શસ્ત્રક્રિયાની નવી નવી શોધોને કારણે તથા તેને માટે જરૂરી એવાં ઔષધોની શોધને કારણે મનુષ્યની રોગ-પ્રતિકારની શક્તિ વધી છે. એથી એકંદરે સ્વસ્થ જીવન સાથે દીર્ઘાયુષ્યની શક્યતાં પણ વધવા લાગી છે. આ સદીના આરંભથી અને ખાસ તો બીજા વિશ્વયુદ્ધ પછીથી તબીબી વિજ્ઞાનના ક્ષેત્રે જે નવી નવી શોધો થવા લાગી તેમાં એન્ટિબાયોટિક દવાઓએ ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પેનિસિલિન, સ્ટ્રેપ્ટોમાઇસિન, ટેટ્રાસાઇક્લીન વગેરે દવાઓએ આ દિશામાં દર્દીઓનાં રોગ મટાડવા માટે ઘણું મહત્ત્વનું કાર્ય કર્યું છે. અલબત્ત, એન્ટિબાયોટિક દવાઓ ઓછી અથવા વધુ અથવા બિનજરૂરી લેવાથી નુકસાનકારક પુરવાર થાય છે. આયુર્વેદિક દવાઓ એન્ટિબાયોટિક જેટલી શક્તિશાળી ન હોય તો પણ કડુ-કરિયાતુ કે સુદર્શન વગેરે દવાઓનું નિયમિત સેવન કેટલેક અંશે એન્ટિબાયોટિક જેવું કામ આપે છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં મોટા બળિયા, ઉંટાટિયું, ડિપ્થેરિયા, બાળલકવા વગેરે પ્રકારના રોગોનો પ્રતિકાર કરવા માટેની રસી કે દવાઓની શોધ થઇ ગઇ છે. એને પરિણામે નાનાં બાળકોને શરૂઆતથી જ જો એ પ્રકારની રસી દ્વારા પ્રતિકાર શક્તિ આપવામાં આવે તો એકંદરે તેઓને જીવનભર એ રોગ થતો નથી અને આ રીતે આ પ્રકારના રોગો દુનિયાભરમાં અંકુશમાં રહેવા લાગ્યા છે. વર્તમાન જગતની આ એક મોટી વૈજ્ઞાનિક સિદ્ધિ છે.

વિજ્ઞાન ઘણું આગળ વધતું ચાલ્યું છે, તો પણ સૂક્ષ્મ જીવાણુઓનું જગત કલ્પી ન શકાય તેટલું મોટું છે. એટલે નવા નવા પ્રકારના રોગોનો ઉદ્ભવ વખતોવખત થયા કરે છે. તબીબી વિજ્ઞાનના ક્ષેત્રે તે માટે નવી નવી શોધ કરવાની પ્રવૃત્તિ સતત ચાલતી રહી છે. (બીજી બાજુ દુઃખની

વાત છે કે આ વિજ્ઞાને જ યુદ્ધમાં દુશ્મન પ્રજામાં જીવાણુ દ્વારા રોગચાળો ફેલાવી સતાવવાના, હરાવવાના ઉપાયો પણ શોધ્યા છે.)

પેનિસિલિનની શોધ પછી બેક્ટેરિયાને અંકુશમાં રાખવાનાં બીજાં ઔષધો પણ શોધાયાં. વિવિધ પ્રકારની એન્ટિબાયોટિક દવાઓ પ્રચલિત બની. પરંતુ બીજી બાજુ કેટલાક પ્રકારના જીવાણુ એન્ટિબાયોટિક દવાઓને હવે ગાંઠતાં નથી. એન્ટિબાયોટિક દવાઓ દ્વારા ક્ષયરોગ ઘણો અંકુશમાં આવી ગયો હતો. પરંતુ તબીબી સંશોધન કરનારાઓ કહે છે કે દુનિયામાં હવે ક્ષયરોગ ફરી વધવા લાગ્યો છે, કારણ કે કેટલાક કિસ્સામાં ક્ષયરોગનાં જંતુઓ એન્ટિબાયોટિક દવાથી નષ્ટ થતાં નથી. બીજા જીવાણુ કરતાં ક્ષયરોગના જીવાણુ વધુ શક્તિશાળી મનાય છે. બીજા કેટલાક રોગોના અશક્ત જીવાણુઓ એન્ટિબાયોટિક દવાની અસર પૂરી થતાં ફરી સક્રિય થાય છે અને રોગનો હુમલો ફરીથી વધુ જોરથી કરે છે.

બળિયા, ઊંટાટિયું, ડિપ્થેરિયા, બાળલકવા વગેરેની રસી નાનાં બાળકોને મૂકવામાં આવે છે અને એથી એમનામાં તે રોગો માટેની પ્રતિકારશક્તિ જીવનભર રહે છે. પરંતુ હવે તબીબી વિજ્ઞાન એમ કહે છે કે એમાં પણ અપવાદ હોઇ શકે છે. જો જીવાણુઓ બળવત્તર હોય તો રોગનો હુમલો થાય છે. થોડા વખત પહેલાં અમેરિકાના સિનસિનાટી શહેરમાં સાડા ત્રણસો જેટલાં બાળકોને ઉંટાટિયું (Whooping Cough) થયું હતું. અને આશ્ચર્યની વાત એ હતી કે એ બધાં જ બાળકોને અગાઉ તે માટેના ડોઝ આપવામાં આવેલો હતો. એટલે પૂરતી તકેદારી રાખવામાં આવી હોય તેમ છતાં ક્યારે કયા રોગના જીવાણુ સક્રિય થઇ જશે તે કહી શકાતું નથી.

કેટલાંક જીવાણુ પ્રાણીઓમાં ચેપી રોગ ફેલાવે છે, પરંતુ મનુષ્યને તે ચેપ એકંદરે લાગતો નથી. કેટલીક વાર એવા કિસ્સા સાંભળીએ છીએ કે અચાનક એક સાથે ઘણા બધા ઘોડા મૃત્યુ પામ્યા હોય અથવા ઘણી બધી ગાયો થોડા દિવસમાં જ માંદી પડી ગઇ હોય. એમાં કયો રોગ છે એનું નિદાન થઇ શકતું નથી. થોડા વખત પહેલાં બ્રાઝિલમાં સાબિયા નામના નગરમાં એક મહિલા કોઇ અકળ રોગથી મૃત્યુ પામી હતી. સંશોધન કરતાં જણાયું કે સાબિયામાં સસલાંને જે રોગ થયો હતો તે રોગનો ચેપ એ મહિલાને લાગ્યો હતો. ત્યારથી એ રોગના જીવાણુને Sabia Virus તરીકે ઓળખવામાં આવે છે.

વૈજ્ઞાનિકો કહે છે કે કેટલીક વાર વાયરસ દ્વારા રોગ જંગલમાંથી આવે છે. ઓછી અવરજવરવાળા જંગલમાં માણસ જાય છે ત્યારે કઇ વનસ્પતિના સંપર્કને લીધે તે કેવા પ્રકારનો ચેપી રોગ લઇને આવશે તે કહી શકાય નહિ. વળી જંગલોમાં વિવિધ જાતનાં પશુઓ રહેતાં હોય છે. તે દરેકના શરીરમાં જાતજાતનાં વાયરસ હોય છે. તે વાયરસ તે પશુને માટે જોખમકારક નથી હોતા. પણ પશુના શ્વાસોશ્વાસથી હવામાં ફેલાયેલા વાયરસના સંપર્કમાં જતો આવતો મુસાફર આવે તો તેને તેનો ચેપ લાગી શકે છે. અને તે ચેપ રોગમાં પરિણમે છે. તેવો રોગ જીવલેણ પણ હોઇ શકે. એક થિયરી એવી છે કે દુનિયાને અત્યાર સુધી અજાણ એવા એઇડ્સનો ચેપી રોગ કોઇ જંગલમાંથી આવ્યો છે. જંગલની આ ભયાનકતાના વિચારે પાશ્ચાત્ય દેશોમાં ઘણાં લોકો હવે જંગલમાં જતાં ડરે છે. અત્યાર સુધી જંગલી હિંસક પશુઓના ડરથી માણસ જંગલમાં જતો ન હતો. હવે હિંસક પશુઓ વિનાના જંગલમાં જતાં પણ માણસ અજાણ્યા જીવાણુઓથી ડરવા લાગ્યો છે.

આફ્રિકાના માનબર્ગ અને એબેલા વાયરસ, લેટિન અમેરિકાના સાબિયા વાયરસ જેવા જીવલેણ વાયરસનો પ્રતિકાર કરવા માટેની દવા હજુ શોધાઇ નથી. એવી દવાઓ શોધવાની જરૂર ઊભી થઇ છે. સુદાનમાં ૧૯૯૩માં જંગલમાંથી આવેલા, 'એક્ષ' નામ અપાયેલા, વાયરસે હજારો લોકોના પ્રાણ હરી લીધા હતા. હવે એ વાયરસ સક્રિય નથી, પરંતુ ક્યારે ફરી સક્રિય થશે તે કહી શકાય નહિ. તેની દવા પણ શોધાઇ નથી.

જૈન ધર્મ પ્રમાણે ૮૪ લાખ પ્રકારની જીવાયોનિ છે. અર્થાત્ આ વિશ્વમાં ૮૪ લાખ પ્રકારના જીવો છે. તેમાં સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપકાય, સાત લાખ વાઉકાય અને સાત લાખ તેઉકાય જીવો છે. આ બધા જીવો સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો છે. એ જીવોને પાંચ ઇન્દ્રિયમાંથી માત્ર એક જ ઇન્દ્રિય છે અને તે સ્પર્શેન્દ્રિય. તે જીવો નરી આંખે જોઇ શકાય તેવા નથી. માટી, રાખ, પથ્થર વગેરેમાં રહેલા સૂક્ષ્મ જીવો તે પૃથ્વીકાય જીવો છે. પાણી વગેરે પ્રવાહીમાં રહેલા જીવો તે અપકાય જીવો-બેકટેરિયા છે. વાયુમાં રહેલા જીવો તે વાયુકાય જીવો-વાયરસ છે. અને તેજની અંદર રહેલા જીવો તે તેઉકાય જીવો છે. એ દરેકના સાત સાત લાખ પ્રકાર છે. એ બધાની વિગતમાં ન જઇએ અને એકલા વાયુકાયના જીવોની વાત કરીએ તો પણ કહી શકાય કે જૈન ધર્મ પ્રમાણે સાત લાખ પ્રકારના વાયરસ છે. તે દરેકને અલગ અલગ ઓળખાવાનું શક્ય નથી. બે માણસની છીંકમાં વાયરસ એક સરખા હોય કે ન હોય. એક જ માણસે જુદે જુદે સમયે ખાધેલી છીંકના જીવાણુ પણ જુદા જુદા પ્રકારના હોઇ શકે.

કેટલાક માણસો અવાવરુ ઘરમાં જાય તો તેમાંથી કોઇકને છીંક આવે છે અને કોઇકને નથી આવતી. જૂનું પુસ્તક હાથમાં લેતાં પણ કેટલાકને છીંક આવે છે. જરાક ધૂળ ઊડે તો કોઇકને છીંક આવે છે. તબીબી વિજ્ઞાન એને એલર્જી તરીકે ઓળખાવે છે. કોઇકને House-Dustની એલર્જી હોય છે તો કોઇકને બહારની Dustની એલર્જી હોય. કોઇકને ધૂમાડાની એલર્જી હોય છે તો કોઇકને તડકાની. સૂક્ષ્મ જીવાણુઓ વિવિધ પ્રકારના હોય છે. બીજી બાજુ દરેક વ્યક્તિની પ્રતિકાર શક્તિ એક સરખી નથી હોતી.

જૈન ધર્મ પ્રમાણે આ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો તે સ્વકાય સ્થતિવાળા જીવો છે. મનુષ્ય, પશુપંખી વગેરે જ્યારે મૃત્યુ પામે છે ત્યારે તેમનો દેહ પડ્યો રહે છે અને તેમનો આત્મા બીજો દેહ ધારણ કરે છે. જૂનો દેહ નષ્ટ થઇ જાય છે અને નવી ગતિ, નામકર્મ ઇત્યાદિ અનુસાર નવો દેહ જીવાત્મા ધારણ કરે છે. સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો પણ દેહધારી જીવો છે. નરી નજરે તેમનો દેહ આપણને દેખાતો નથી, પરંતુ માઇક્રોસ્કોપમાં તેમનો દેહ જોઇ શકાય છે. (હજુ કેટલાંયે એવા સૂક્ષ્મ જીવો છે કે જેમનો દેહ માઇક્રોસ્કોપમાં પણ જોઇ શકાતો નથી.) આ જીવો મૃત્યુ પામીને પોતાના જ મૃતકલેવરમાં ફરી પાછા ઉત્પન્ન થાય છે અથવા થઇ શકે છે. એટલા માટે એમને સ્વકાયસ્થિતિવાળા જીવો કહેવામાં આવે છે. તેમના જન્મ-મરણનું પ્રમાણ એટલું ઝડપી હોય છે કે તે સાધારણ માણસની કલ્પનામાં પણ ન આવે. એક ક્ષણમાં તે સાડા સત્તર વાર એના એ જ શરીરમાં ઉત્પન્ન થાય છે અને મૃત્યુ પામે છે. વળી એટલી જ ઝડપથી તેઓ વૃદ્ધિ પામે છે.

આ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો એટલા બધા કોમળ હોય છે કે ઉદાહરણ તરીકે આંખનું એક મટકું મારતાં વાયુકાયના અસંખ્ય જીવો મૃત્યુ પામે છે. માણસ હાથ-પગ હલાવે અને વાયુકાયના અસંખ્ય જીવો મૃત્યુ પામે. આમ વાયુકાયના જીવો (પૃથ્વીકાય વગેરે બીજા સૂક્ષ્મ જીવોની જેમ) મનુષ્ય અને ઇતર સ્થૂલ (બાદર) જીવસૃષ્ટિ દ્વારા પ્રત્યેક ક્ષણે સતત હણાતા રહે છે.

કુદરતમાં એવો ક્રમ કે એવું વ્યવસ્થા તંત્ર નથી કે એક જીવની સામે એક જ જીવ લડી શકે કે એક જ જીવે લડવું જોઇએ. બળવાન માણસ વધુ ફાવી જઇ શકે છે. પરંતુ આઠ દસ નબળા માણસો ભેગા થઇને એક પહેલવાન માણસને મારી નાંખી શકે છે. (હિંદી ફિલ્મો એમાં અપવાદરૂપ છે.)એક સાપ પોતાનું મુખ કે પૂંછડી પછાડીને પાંચ પંદર કીડીને મારી શકે છે, પરંતુ હજારેક કીડી એક સાપને ચટકા ભરીને મારી નાખી શકે છે; એટલા માટે જ કવિ દલપતરામે કહ્યું છે કે 'નબળા ઝાઝા

લોકથી કદી ન કરીએ વેર.' એ રીતે સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોમાં સામૂહિક બળ એટલું બધું છે કે તેઓ બધા સાથે મળીને આક્રમણ કરે તો ભલભલાને પરાસ્ત કરી શકે.

સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો પોતે તો કોઇને મારવાના આશયવાળા નથી હોતા. તેઓ તો પોતાનું અસ્તિત્વ ટકાવવા જ પ્રયત્ન કરતા હોય છે. તેઓની વૃદ્ધિ સતત ચાલતી હોય છે. વૃદ્ધિથી જ તેમનું અસ્તિત્વ ટકાઉ બને છે. પરંતુ આવી વૃદ્ધિને કારણે જ મનુષ્ય કે પશુના શરીરમાં ખરાબી ઉત્પન્ન થાય છે. અવયવોને, રક્તવાહિનીઓને, જ્ઞાનતંતુઓને નુકશાન પહોંચે છે. એ રીતે થયેલું નુકશાન એટલું ભયંકર હોય છે કે જેને ચેપ લાગે તે મૃત્યુ પામે છે. આમ આ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો બીજાના મૃત્યુના નિમિત્ત બને છે. એક વૈજ્ઞાનિકે કહયું છે, 'All they are trying to do is to survive and reproduce, just as we do. Human sufferings and death are merely unfortunate by-products.'

આ નિયમ પ્રમાણે જો મનુષ્ય કે પશુ-પક્ષીઓ સરળતાથી સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોને હણી શકે છે તો સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો પણ એકત્ર થઇને મનુષ્ય કે પશુપક્ષીને હણી શકે છે. માઇક્રોસ્કોપમાં પણ બરાબર ન દેખાય એવા સૂક્ષ્મ જીવાણુ માણસની આવડી મોટી કાયાને, અરે, હાથી કે ડાયનોસોર્સ જેવડી મોટી કાયાને હણી શકે છે એ કુદરતના કેવા મોટા આશ્ચર્યની વાત છે !

માણસ કે પશુપક્ષીઓ કુદરતી હલનચલન દ્વારા પ્રતિક્ષણ વાયુકાયના અસંખ્ય જીવોને હણે છે. તે જીવોને મારવાનો તેનો કોઇ ઇરાદો હોતો નથી, પરંતુ તેના મૃત્યુમાં પોતે નિમિત્ત બને છે. જો કોઇ માણસ દુષ્ટ આશયથી, દવાઓ વગેરે દ્વારા કે તે વગર, આવા જીવાણુઓને મારવા નીકળે છે તો તે સ્પષ્ટ રીતે તેવું સૂક્ષ્મ વેર બાંધે છે. તે ભારે કર્મ બાંધે છે એમ કહી શકાય. અને તે જ્યારે ઉદયમાં આવે ત્યારે તેને અવશ્ય ભોગવ્યા વગર છૂટકો નથી. એટલે રોગચાળો અને મૃત્યુ એ પાપના ઉદયનું પરિણામ છે એમ માનવું પડે. વેરનું કારણ હોય કે માત્ર નિમિત્ત હોય, પરંતુ તે તે જીવો સાથે સ્થૂલ-સૂક્ષ્મ ઋણાનુબંધ બંધાય છે અને તે ઋણાનુબંધ અનુસાર આવી પરસ્પર ઘટનાઓ બનતી હોય છે.

રોગચાળો ફેલાય ત્યારે બધી જ વ્યક્તિઓ મૃત્યુ નથી પામતી. દર્દીઓ વચ્ચે રહેવા છતાં કેટલીક વ્યક્તિઓને કશું જ થતું નથી. એમની કુદરતી પ્રતિકારશક્તિ ઘણી સારી હોય છે. પરંતુ આ પ્રતિકારશક્તિ આવે છે ક્યાંથી ? એના સ્થૂલ અને સૂક્ષ્મ એવા ઘણા જુદા જુદા ઉત્તર હોઇ શકે. તે દરેકની છણાવટને અહીં અવકાશ નથી. પરંતું તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ વિચારીએ તો જે વ્યક્તિને આવા સૂક્ષ્મ જીવો પ્રત્યે પણ સાચો મૈત્રીભાવ હોય, અનુકંપાનો ભાવ હોય, એમની રક્ષાનો ભાવ હોય અને એ માટે પૂરી શ્રદ્ધા હોય એવી વ્યક્તિ માટે સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો મૃત્યુનું નિમિત્ત બનતાં નથી. દિવસ-રાત આવી સૂક્ષ્મ જયણા પાળનાર સાધુ-સંતોની આસપાસ રોગચાળો ફાટી નીકળ્યો હોય તો પણ તેની એમને જવલ્લે જ અસર થયેલી જોવા મળશે. આમ બનવું જો યથાર્થ હોય તો એમાંથી આપણે કશું શીખવા જેવું નથી ?

❑ રમણલાલ ચી. શાહ

★★★

# કલાપીની કવિતા

❑ ડૉ. બળવંત જાની

કલાપીની કવિતાએ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં સીમાસ્તંભક સ્થાન પ્રાપ્ત કર્યું છે. એમની કવિતાઓએ ભાવકોને ભીંજવ્યા છે. એટલા બહુ ઓછા ગુજરાતી કવિઓની કવિતાઓએ ભીંજાવ્યા છે. લોકપ્રિયતા હાંસલ કરવી એ પણ કંઇ જેવી-તેવી સિધ્ધિ નથી. એમના જમાનામાં જ એ માત્ર વંચાયા અને સ્વીકારાયા એટલું જ નથી. પછી પણ એમની કવિતા એટલી જ વંચાતી રહી. જેટલી લોકપ્રિયતા સમાજમાંથી મેળવી એટલી જ વિદ્વદ્‌જનોની ચર્ચાનો-આલોચનાનો વિષય પણ કલાપીની કવિતા બની છે. આમ કલાપીની કવિતાએ સામાન્ય ભાવકો અને વિદ્વદ્‌જનો એમ ઉભય વર્ગમાં પ્રસિધ્ધિ મેળવી છે, સ્થાન મેળવ્યું છે. કલાપીએ લોકહૃદયમાં - વિદ્વદ્‌વર્ગમાં જે સ્થાન મેળવ્યું એની પાછળ એમનું રાજવી વ્યક્તિત્ત્વ અને ચર્ચાસ્પદ પ્રણયપ્રસંગ તથા અકાળે ભેદી રીતે થયેલું અવસાન કારણભૂત છે. એ ઉપરાંત સનાતન અને શાશ્વત ભાવોને કાવ્યવિષય બનાવ્યા એ પણ બહુ મોટું કારણ છે. સ્વાનુભવનું કથન સાવ સામાન્ય રીતે થયું હોત તો તો મણિકાન્તની માફક તેઓ પણ આજે ભૂલાઇ ગયા હોત અને ઉભયવર્ગમાં અભ્યાસ કે આસ્વાદનો વિષય ન બન્યા હોત. કલાપી પોતે પૂરા અભિજ્ઞ હતા એમના સર્જનથી, કદાચ સૌથી વધુ સભાન કવિ કલાપી છે . એમની આ સભાનતાને કારણે એમની કવિતામાં કાવ્યતત્ત્વ પદાર્થની પૂરી માવજત થઇ છે. એમણે એક પત્રમાં લખ્યું છે 'સ્વાનુભવરસિક કવિ અને સર્વાનુભવરસિક કવિમાં હું બહુ ભેદ જોતો નથી. જે વ્યક્તિ બરાબર ગાઇ શકે તે શું સમષ્ટિનું જ ગીત નથી? એક ચાવી બધે લાગી રહી છે.' આમ સ્વાનુભવને રૂપ અર્પીને સમષ્ટિને સ્પર્શવાની એમની ઇપ્સાએ એમને કવિપદ અપાવ્યું છે.

માત્ર ૨૫૨ જેટલી રચનાઓ તેમણે રચી છે. એક રચના તેઓ પાંચ-દશ મિનિટમાં પૂર્ણ કરતા એમ જણાવે છે. આમ એક તીવ્ર વેગથી તેઓનું સર્જન થતું. આ વેગને કારણે જ અલ્પ આયુષ્યમાં આટલું વિપુલ અને વૈવિધ્યપૂર્ણ સર્જન તેઓ કરી શક્યા. એમના જીવનમાંના પ્રણયપ્રસંગે એમના કાવ્યસર્જન પર બહુ મોટો પ્રભાવ પડ્યો છે. ૧૮૯૬-૯૭ના વર્ષ દરમ્યાન ૧૫૦ જેટલી રચનાઓ રચી છે. બાકીની રચનાઓ આગળ-પાછળના વર્ષોમાં રચાઇ છે.

એમની કવિતામાં ધ્યાનાર્હ ગણાઇ છે ગઝલો અને ખંડકાવ્યો. ગઝલો માત્ર ૫૦ છે. એમાં એમનું છંદજ્ઞાન, પુરોગામીઓનો પ્રભાવ અને શબ્દચયનનું માધુર્ય તપાસવા જેવાં છે. બહુ ઓછાને ખ્યાલ હશે કે ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર'માં મુકેલી 'સુખી હું તેથી કોને શું, દુઃખી હું તેથી કોને શું?' રચનાએ હજઝ છંદમાં છે. અને એનું અનુકરણ કરવાનું મન થાય એ પ્રકારની કલાપીની રચનામાં છંદની સફાઇ દ્રષ્ટિગોચર થાય છે.

'હૃદય ફાટે દુઃખ મ્હારું, જીવું તો શું, મરું તો શું?
ગઇ ક્યાં તું, છઉં ક્યા હું, જીવું તો શું, મરું તો શું?'

આ ઉપરાંત રજઝ છંદમાં રચેલી રચનાઓ પણ ઘણી ઘણી મળે છે. 'આપની યાદી' રચના આ છંદમાં રચાઇ છે. 'હમારા રાહ' પણ રજઝ છંદમાં રચાયેલી રચના છે.

'ત્હમારા રાજદ્વારોના ખૂની ભપકા નથી ગમતા,
મતલબની મુરવ્વત ત્યાં, ખુશામદના ખજાના જ્યાં.'

ઉપરાંત રમલ છંદ પણ સવિશેષ પ્રયોજાયેલ છે. એમની ગઝલોનો પ્રભાવ અનુગામીઓ ઉપર ખૂબ પડ્યો. ગુજરાતી કવિતામાં આ પ્રકારને સ્થિર કરવામાં કલાપીનો ફાળો ઐતિહાસિક મૂલ્ય ધરાવે છે. ગુજરાતી ગઝલ કવિતાના ઇતિહાસમાં કલાપીની ગઝલો એક મહત્ત્વનું પ્રકરણ છે. એમણે અનુભવેલ વેદના, ભોગવેલ દર્દ અને વિચારેલ ચિંતન જેવાં સ્વાનુભૂત ઘટકોથી એમની ગઝલોનો પીંડ બંધાયો હોવા

છતાં એ સર્વાનુભવ કક્ષાએ અભિવ્યક્તિ પામ્યા એ એમની ગઝલોનું મોટું આકર્ષક તત્ત્વ છે.

કલાપીને આપણે પ્રણયી તરીકે જેટલા જાણીએ છીએ એટલા અભ્યાસી તરીકે ઓળખતા નથી. એમની કવિતાઓ જે રૂપે પ્રગટી એમાં એમનું અભ્યાસી વ્યક્તિત્વ કારણભૂત છે. વિદેશી કવિતાનું વાચન, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ એમના કવિવ્યક્તિત્વને ઘડનારું મહત્ત્વનું પરિબળ છે. આ કાવ્યાવાચન અને તત્ત્વજ્ઞાનચિંતન એમની કવિતામાં ખૂબ પડઘાયું છે. આપણા વિવેચને એમાં અનુવાદ- અનુસરણ તત્ત્વ શોધ્યું છે. પણ કવિનો પોતાનો એક અભિગમ હોય છે, દ્રષ્ટિબિંદુ હોય છે, એને જાણવાના પ્રયત્નો થવા જોઇતા હતા. કલાપીએ લખ્યું છે - 'કોઇપણ અંગ્રેજ કવિતા વિચારો લઇ કાવ્ય કરતાં લક્ષમાં રાખવાનું એટલું જ કે તે કવિનું, તેનાં ઊંડા હૃદયધ્વનિનું પૂરું અવલોકન કરી તેમાં તન્મય બની તેના પાતાળનો નાદ સમજી તેને ખીલવવું, તેને વધારે રસિક સ્પષ્ટ કરવું.' કલાપીના આ શબ્દોને લક્ષમાં લઇ એમણે અંગ્રેજી કવિતાનું આકલન કરીને - પ્રભાવ ઝીલીને પોતીકી રીતે નિરૂપણ કર્યું છે, એનું મૂલ્યાંકન થવું જોઇએ. કવિની કવિતામાં અસંપ્રજ્ઞાતપણે પણ એમનો અભ્યાસ પડઘાયા વગર રહે નહીં. જે પ્રભાવ ઝીલ્યો હોય એનાં પડઘા સંસ્કાર કવિતામાં પડે જ. એ કારણે એમને અનુવાદક કવિ કહેવો એમાં મૂલ્યાંકન કરતાં કંઇક બીજો ભાવ છે. મને લાગે છે કે કલાપીની કવિતામાં જે રીતે અંગ્રેજી કવિતાનો પ્રભાવ ઝીલ્યો છે અને જે કવિતા નીપજી એમાં પોતીકું નીજી કવિપ્રતિભાવાન વ્યક્તિત્વ પ્રગટ્યું છે. એમની કવિતાનો આ એક ગુણ છે.

અરબી છંદોને ગઝલોમાં ખપમાં લીધા છે તેમ સંસ્કૃત વૃત્તોને કલાપીએ ખંડકાવ્યો અને બીજી રચનાઓમાં ખપમાં લીધેલ છે. એમનો શાર્દુલ વસંતતીલકા, મંદાક્રાન્તા, શિખરિણી, હરિણી, પૃથ્વી અને સ્ત્રગ્ધરા જેવા છંદો પરનો કાબુ સરાહનીય છે. કવિતાને સૌંદર્યકોટિએ પહોંચાડવામાં આ છંદોનો બહુ મોટો ફાળો છે અને રામનારાયણ પાઠક જેવા છંદશાસ્ત્રના ઊંડા અભ્યાસી અને વિદ્વાન વિવેચકે કલાપીની કવિતાની આ લાક્ષણિકતા તરફ અંગુલિનિર્દેશ કરીને કહ્યું છે; 'સંસ્કૃતવૃત્તોનો સંપૂર્ણ પરિચય કરાવનાર કવિ તે કલાપી. તેમની લાગણી સંસ્કૃતવૃત્તોમાં ધોધબંધ વહે છે. તેમનો પ્રવાહ અસ્ખલિત છે. આદી ગુજરાતી ભાષા સીધી સમજાય એવી સંસ્કૃતવૃત્તોમાં પણ એમણે વાપરી છે. અત્યારનો ઉછરતો કવિતાલેખક સંસ્કૃતવૃત્તોની લઢણ ઘણેભાગે કલાપીમાંથી શીખે છે.' પાઠકસાહેબે આમ કહીને કલાપીનું છંદ સંદર્ભે કેવું કામણ અનુગામીઓ ઉપર છે એના તરફ નિર્દેશ કર્યો છે. સાથે-સાથે કલાપીની ભાવાનુરૂપ ભાષા તરફ પણ ધ્યાન દોર્યું છે.

એમની કવિતામાંથી બહુ ઓછાના ધ્યાનમાં આવેલ શાર્દુલવિક્રીડતનું ઉદાહરણ જોઇએ-

'કેવી શાંત નિશા! જરી પવનથી ના ડોલતું પાંદડું!
તોયે વસ્ત્ર સરે પડે સરકતું, તે વિશ્વ જોતું રહે,
સ્કંધો ને સ્તન કોતરી બરફના પહાડેથી જાણે લીધા,
મારી અસ્થિર છે છબી સલિલમાં તે જોઇ કંથી જરા,
રિસાઇ મનમાં ડરી ચમકી તું, ધ્રૂજી પડી વારીમાં,
નીચી મંજુલ આકૃતિ જલતણું ચીરી કલેજું ગઇ,'

બીજા એક છંદ વસંતતિલકાનો લય જુઓ :

'ત્યાં ધૂળ દૂર ઉડતી નજરે ચડે છે
ને અશ્વ ઉપર ચડી નર કોઇ આવે.'

કલાપીનું છંદોવિધાન પણ એમની કવિતાના અભ્યાસ વખતે વિગતે તપાસાવું જોઇએ, એમાંથી એમના કવિકર્મનો પરિચય મળી રહે છે. ઉપર્યુક્ત ઉદાહરણોમાં એ દ્રષ્ટિગોચર થાય છે.

કલાપીની કવિતામાંના અરબી-ફારસી છંદો અને સંસ્કૃતવૃત્તો મહત્ત્વનું પરિબળ છે, એમનું અભ્યાસી વ્યક્તિત્વ મહત્ત્વનું પરિબળ છે. એમની કવિતા લોકપ્રિય બની એની પાછળના પરિબળોમાં આ ચિંતન-દર્શનનો પણ ઓછો ફાળો નથી.

પ્રથમ દ્રષ્ટિએ અર્થાન્તરન્યાસ લાગતા એમની કવિતામાંના ઘણાં ઉદાહરણો હકીકતે એમના ચિંતનવ્યક્તિત્વના પરિચાયક છે.

'હર્ષ શું જિંદગીમાં ને હર્ષ શું હોત મૃત્યુમાં,
પ્રેમના રંગથી જો ના રંગાયું વિશ્વ હોત આ.'

★★★

'પ્રેમને કારણો સાથે સંબંધ કાંઇ એ નથી.
કારણ પ્રીતિનું પ્રીતિ, પ્રેમીને લક્ષ્મી તે બધી.'

એમનું ચિંતન 'સારસી', 'બિલ્વમંગળ' અને 'ગ્રામ્યમાતા'માં કલારૂપ ધારણ કરી શક્યું છે. કલાપીએ પ્રેમનો મહિમા ખૂબ ગાયો છે એમ પ્રથમ દ્રષ્ટિએ બધાને લાગ્યું છે. લગભગ એ પ્રણયકવિ તરીકે જ ઓળખાવાયાં છે. પરંતુ, એમની કવિતામાંનો ચિંતન સંદર્ભ એમને વૈરાગીકવિ તરીકે ઓળખાવવાનું મન થાય એ પ્રકારનો છે. મરમી કવિશ્રી મકરંદ દવેએ તો લખ્યું છે પણ ખરું 'કલાપીના અંતરમાં જ અલખનું ગાન ગાતો ચાલ્યો જતો ગોપીચંદ બેઠો છે.'

કલાપીએ ગાયું છે :

'કે હું અનંત યુગનો તરનાર યોગી
જાનાર જે હજુ અનંત યુગો તરીને
તે આમ આજ દુઃખ ને દિનને ગણંતાં
આંહી પડ્યા- અરર! ચેતનહીન છેક'

★★★

'નથી નથી દુઃખ કાંઇ ભાઇ! છે કૈં ન ચિંતા
પણ નથી મુજ તત્ત્વો, વિશ્વથી મેળ ખાતાં
સુખમય પણ સ્વપ્નું, સ્વપ્નમાં મોહ શાનો?
જરી વધુ ચિર બાપુ, હોય તો કૈં બતાવો.'

બીજી એક રચનામાં તો સ્પષ્ટપણે ગાય છે:

'મુજ હૃદય મહીં છે દૂર કો મર્મસ્થાન,
સુખદુઃખ વિણ તે તો છેક વૈરાગ્યવાન.'

આમ એમનો પ્રેમભાવ અંતે વૈરાગ્યભાવમાં વિરામ પામ્યો એમનું દર્શન વૈરાગી છે. એમનું આ ચિંતન એમને લાગેલું સત્ય છે. કલાપીની કવિતાના આ પાસાને બરાબર રીતે પકડી પાડીને કવિશ્રી હેમંત દેસાઇએ પણ લખ્યું છે 'પ્રણયપ્રાપ્ત વ્યથાની અસહાયતા એમને સાલે છે. એ અનુભવે છે નિર્વેદ અને આત્માની અનંત ગતિના આંતરઇંગિતથી પ્રેરિત વૈરાગ્ય.' એમની કવિતામાં આ વૈરાગ્યભાવ વિગતે તપાસાવો જોઇએ. એમનું દર્શન કરુણ નથી, નિયતિવાદીનું કે નાસ્તિકનું નથી એ એમના વૈરાગ્યની વિશિષ્ટતા છે, હતાશામાંથી જન્મેલો આ વૈરાગ્ય નથી. પરંતુ બધુ પ્રાપ્ત કરીને માનવજીવનની અસારતાનું તત્ત્વ તેમને સમજાયું છે. એનું ગાન તેમની કવિતામાં દ્રષ્ટિગોચર થાય છે એટલે કલાપી એ માનવજીવનની અસારતાના ઉદ્‌ગાતા છે.

આ રીતે કલાપીની કવિતામાં કલાપીનું અભ્યાસી વ્યક્તિત્વ તથા ચિંતક કે વૈરાગી વ્યક્તિત્વનાં પરિચાયક તત્ત્વો આપણી તપાસનો અને અભ્યાસનો વિષય બનવા જોઇએ. ઉપરાંત એમની ગઝલ અને ખંડકાવ્ય પ્રકારની રચનાઓમાં દ્રષ્ટિગોચર થતું છંદોવિધાન આપણાં આસ્વાદ અને અભ્યાસનો વિષય બનવા જોઇએ. એ કલાપીની કવિતાને ચિરંતન બનાવનારાં તત્ત્વો છે.

□□□

# જૈન ધર્મમાં નારીનું સ્થાન

❑ ડૉ. કુમારપાળ દેસાઇ

જૈનધર્મ એ વિશ્વને કેટલીક નૂતન મૌલિક વિચારણા આપી છે. એણે સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુમાં રહેલા કે ઘાસના તણખલામાં વસેલા જીવનનું ગૌરવ કર્યું. પરિણામે સહજ રીતે જ એની જીવન વિચારણામાં માનવ-માનવ વચ્ચેની સમાનતા સમાવિષ્ટ થઇ ગઇ. જૈનધર્મએ પ્રાણીમાત્ર તરફ, જીવજંતુઓ તરફ અને સમગ્ર પ્રકૃતિ તરફ મૈત્રીભાવની ઘોષણા કરી. સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુમાં રહેલા જીવનનો અને તેમની સંવેદનાનો આદર કરનારો ધર્મ નારીનો સમાદર કરે તે સ્વાભાવિક છે. ભગવાન મહાવીરના સમયની વાત કરીએ તો એ સમયે ભારતમાં જાતિવાદ અને વર્ગવાદનું પ્રભુત્વ હતું. અમુક જાતિ કે વર્ગવિશેષને પોતાને અન્યથી ચડિયાતી ગણતી. અમુક જાતિઓને જીવનભર ઉચ્ચ જાતિઓની સેવા કે ગુલામી કરવી પડતી હતી. આવા વર્ગભેદનો જૈનધર્મએ વિરોધ કર્યો. અને પ્રત્યેક મનુષ્યના હ્રદયમાં વસતા આત્માનું ગૌરવ કર્યું. સાહજિક રીતે જ આ ધર્મે પુરુષ અને સ્ત્રીની સમાનતા પર ભાર મૂક્યો. સ્ત્રીને પોતાનાથી હલકા દરજ્જાની, ભોગ્યા કે દાસી માનવાને બદલે જૈન ધર્મએ સ્ત્રીને પુરુષની સમકક્ષ દરજ્જો આપ્યો. ધાર્મિક અને સામાજિક ક્ષેત્રમાં પુરુષના જેટલા જ સ્ત્રીના અધિકાર છે, આથી સ્ત્રી જાતિને હીન કે સામાન્ય ગણવી તે અજ્ઞાન છે.

આ ધર્મએ કહ્યું કે જ્યાં પુરુષ જઇ શકે છે ત્યાં સ્ત્રી પણ જઇ શકે છે. જે કાર્ય કરવા પુરુષ શક્તિમાન છે તે કાર્ય સ્ત્રી પણ કરી શકે છે. પુરુષ જીવનમાં જે હાંસલ કરી શકે છે તે સ્ત્રી પણ કરી શકે છે. બંને વચ્ચે ઊંચ-નીચ કે સબળ- નિર્બળની ભેદક દિવાલ રાખી શકાય નહીં.

ધર્મ કર્મ અને આત્મવિકાસનો સંબંધ શરીર સાથે નહીં પરંતુ આત્મા સાથે છે. આથી ધર્મ-આરાધના અને ધર્મપ્રગતિના વિષયમાં પુરુષ જેટલો જ સ્ત્રીના સ્વાતંત્ર્યનો સ્વીકાર કરવામાં આવ્યો. વાસના, વિકાર અને કર્મબંધનને કાપીને બંને સમાન ભાવથી મુક્તિ મેળવવાનાં અધિકારી છે. જૈન ધર્મએ બતાવ્યું કે પુરુષ અને સ્ત્રીના આત્મામાં કોઇ ભિન્નતા કે ભેદનું પ્રમાણ મળતું નથી. આથી પુરુષ સ્ત્રીને નીચી કક્ષાની સમજે તે બાબત અજ્ઞાનદર્શક, અતાર્કિક અને અધર્મયુક્ત છે. આ વિચારસરણીને કારણે જૈન ધર્મનો સ્ત્રીઓ વિશેનો અભિગમ સમાનતાના પાયા પર રચાયો છે.

જૈન ધર્મ એ નિવૃત્તિ પરાયણ ધર્મ છે. સંન્યાસ, વૈરાગ્ય અને મોક્ષ પર એનું વિશેષ લક્ષ છે. સામાન્ય રીતે એમ જોવા મળે છે કે વૈરાગ્ય ઉપર વિશેષ ભાર મૂકવા જતાં સ્ત્રીઓની નિંદા કરવામાં આવે છે. એને વિલાસ અને વિકાર જગાડનારી દર્શાવીને એનાથી દૂર રહેવાની માન્યતા સેવાય છે. મધ્યયુગીન સંત પરંપરામાં સ્ત્રીને માયા, મોહિની અને નરકની ખાણ કહેવા પાછળ આ જ વૃત્તિ કારણભૂત બની છે ? આનાથી સાવ વિરુદ્ધ જૈન ધર્મમાં સ્ત્રી અને પુરુષ બંનેને સમાન રીતે જોવામાં આવ્યા અને તેથી જ 'સૂત્રકૃતાંગ' નિર્યુક્તિમાં સ્પષ્ટપણે કહ્યું છે કે, 'જેમ નારી પુરુષના શીલનું ખંડન કરે છે તે જ રીતે પુરુષ પણ નારીના શીલનું ખંડન કરે છે. આથી વૈરાગ્ય માર્ગમાં રહેલી સ્ત્રીઓએ પુરુષોથી એ રીતે બચવું જોઇએ જે રીતે પુરુષોએ સ્ત્રીઓથી બચવું જોઇએ.'

સ્ત્રીઓના વિભિન્ન પ્રકારો વિશેની ગવેષણા પણ આ ધર્મએ કરી છે. 'સૂત્ર કૃતાંગ નિર્યુક્તિ' અને 'ચૂર્ણી'માં નારી શબ્દનું તાત્પર્ય સ્પષ્ટ કરીને દ્રવ્યસ્ત્રી અને ભાવસ્ત્રી એમ બે વિભાગમાં એને વર્ગીકૃત કરવામાં આવી છે. દ્રવ્ય-સ્ત્રીનો અર્થ સ્ત્રીની શરીરરચના છે. જ્યારે ભાવસ્ત્રીનો અર્થ સ્ત્રીનો સ્વભાવ છે. એવી જ રીતે 'ઉત્તરાધ્યયન ચૂર્ણી' 'નિશીથ ચૂર્ણી' અને 'આચારાંગ ચૂર્ણી'માં સ્ત્રી સ્વભાવનું વર્ણન કરવામાં આવ્યું છે. જ્યારે 'તન્દુલ વૈચારિક પ્રકીર્ણક'માં સ્ત્રીની સ્વભાવગત ચોરાણું વિશેષતાઓ બતાવવામાં આવી છે.

કોઇ ગ્રંથોમાં સ્ત્રીનું વર્ણન દોષયુક્ત મળે છે. પરંતુ એ વિશે 'ભગવતી આરાધના'માં સ્પષ્ટપણે કહ્યું છે કે, 'આ દોષ વર્ણન એ સામાન્ય અને શિથિલ સ્ત્રીઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. જ્યારે શીલવાન સ્ત્રીઓને આવા કોઇ દોષ હોતા નથી.' એથીયે વિશેષ આ ગ્રંથમાં સ્ત્રીઓની પ્રશંસા કરતા એમ કહેવાયું છે કે 'ગુણવાન સ્ત્રીઓનો યશ બધે ફેલાય છે અને તે મનુષ્ય લોકમાં દેવતા સમાન છે. દેવોને પણ પૂજનીય છે. એની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ઓછી છે. આથી જ જૈનાગમોમાં પત્નીને 'ધમ્મ સહાયા' ધર્મની સહાયિકા તરીકે માનવામાં આવી છે.'

સ્ત્રીઓ પ્રત્યેના આવા અભિગમ અને સમાનતાના ખ્યાલને કારણે જૈન ધર્મમાં સ્ત્રીઓએ મહત્ત્વની અને યશસ્વી કામગીરી બજાવી છે. જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાનના સમયથી પુત્રીઓને પૂરતી કેળવણી આપવામાં આવતી હતી. 'જ્ઞાતા ધર્મકથા' અને 'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ'માં સ્ત્રીઓની ચોસઠ કળાઓનો ઉલ્લેખ મળે છે. જેમાં સ્ત્રીઓ ભાષા, ગણિત, લેખનકળા, વગેરેની સાથે નૃત્ય, સંગીત, લલિતકળા અને પાકશાસ્ત્રમાં નિપુણ બનતી હતી. ભગવાન ઋષભદેવની માતા મરુદેવી કરુણાની સાક્ષાત મૂર્તિ હતા. ભગવાન ઋષભદેવની પુત્રી બ્રાહ્મી બુદ્ધિવાન અને ગુણવાન હતી. ચોસઠ કળાઓની જાણકાર હતી. બ્રાહ્મીએ અઢાર લિપિઓનું અધ્યયન કર્યું હતું. એને લિપિવિજ્ઞાનની કેળવણી આપી હતી. એ બ્રાહ્મી સાધ્વી બની અને એની પાસે ત્રણ લાખ સાધ્વીઓ અને પાંચ લાખ ચોપન હજાર વ્રત ધારિણી શ્રાવિકાઓનું નેતૃત્વ હતું. બ્રાહ્મીએ સ્ત્રીઓને આત્મકલ્યાણનો માર્ગ બતાવ્યો, જ્યારે ઋષભદેવની બીજી પુત્રી સુંદરીને ગણિતશાસ્ત્રનું અગાધ જ્ઞાન હતું.

સ્ત્રીનું એક સ્વરૂપ છે જનનીનું-માતાનું. દીક્ષા લીધા પછી ભગવાન મહાવીરે નારી જાતિનો 'માતૃજાતિ' તરીકે ઉલ્લેખ કર્યો છે. જૈન ધર્મગ્રંથોમાં તીર્થંકરની માતાઓનું મંગલમય વર્ણન સાંપડે છે. તીર્થંકરની માતાઓ કેવી ઉમદા વિચારોવાળી, ઉજ્જવળ ચારિત્રવાળી અને ઉચ્ચ ભાવનાવાળી હતી તે દર્શાવવામાં આવ્યું છે. ભગવાન મહાવીરની માતા ત્રિશલાનું ચરિત્ર કેવું ભવ્ય છે ! તીર્થંકર સુમતિનાથની માતા મંગલા ન્યાયપ્રિય અને વિદ્વાન હતી. એ સમયના ગ્રંથોમાં એમની ન્યાય તોળવાની સુઝના દ્રષ્ટાંતો પણ જડે છે. તીર્થંકરોએ તો આધ્યાત્મિક વિકાસ સાધ્યો પરંતુ તીર્થંકરની માતાઓએ પણ આધ્યાત્મિક વિકાસ સાધ્યો છે અને દેવલોકમાં ગયા છે.

જે તીર્થંકરોએ ત્યાગ સ્વીકાર્યા પહેલાં વિવાહ કર્યો હતો, તેઓના સંસારી જીવનમાં વિવાહિત પત્ની પ્રત્યેનો આદર પ્રગટ થાય છે. ભગવાન મહાવીરના પત્ની યશોદા પોતાના પતિની ન્યાયવૃત્તિને પૂર્ણતયા પામી ગઇ હતી અને એમની અધ્યાત્મ- સાધના અને આત્મિક વિકાસમાં કોઇપણ પ્રકારનું કષ્ટ ન પહોંચે તેની ખેવના રાખતી હતી. યશોદા આદરપૂર્વક વર્ધમાનની વાત સાંભળતી હતી, અને એ ઉપદેશને સ્વયં આચરણમાં મૂકવાનો પ્રયત્ન કરતી હતી. રાજકુમાર વર્ધમાને દીક્ષા માટે પ્રયાણ કર્યું. ત્યારે યશોદાએ પતિને હસતે મુખે વિદાય આપી હતી. રાજકુમાર વર્ધમાનના મોટાભાઇ નંદીવર્ધનની પત્ની જ્યેષ્ઠા દેવતાઓએ અનેક પ્રલોભનો બતાવ્યા છતાં પતિધર્મમાં અડગ રહી હતી.

'ઉત્તરાધ્યયન સૂત્ર', 'જ્ઞાતા ધર્મકથા', 'અંતઃકૃદ્દશા' જેવા જૈન ધર્મના પ્રારંભના આગમોમાં સ્ત્રી અને પુરુષ બંનેને સાધનાના સર્વોચ્ચ લક્ષ સમાન મુક્તિની પ્રાપ્તિને યોગ્ય સ્પષ્ટપણે માનવામાં આવ્યા છે. એટલું જ નહીં પણ અનેક સ્ત્રીઓ મુક્તીની અધિકારિણી બની તેના ઉલ્લેખો મળે છે.

શ્વેતાંબર સંપ્રદાયની માન્યતા પ્રમાણે જૈનોના તીર્થંકર મલ્લિનાથ સ્ત્રીયોનિમાં જ કૈવલ્યજ્ઞાન અને મોક્ષ પામ્યા હતાં. વળી અન્ય તીર્થંકરોની તુલનામાં તીર્થંકર મલ્લિનાથની એ વિશેષતા હતી કે એમણે જે દિવસે દીક્ષા લીધી એ જ દિવસે એમને કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયું. વર્ષો સુધી તેમણે નગરો અને ગામડાઓમાં ધર્મોપદેશ આપ્યો હતો. અને લોકસમૂહને આત્મશુદ્ધિનો માર્ગ ચીંધ્યો હતો. નારીને મોક્ષનો સર્વોચ્ચ અધિકાર મળતાં એને બીજા અધિકારો તો આપોઆપ મળી ગયા.

એ હકીકત લાક્ષણિક છે કે છેક પ્રાગ્ ઐતિહાસિક કાળથી વર્તમાનકાળ સુધીમાં જૈન સાધુઓ કરતાં જૈન સાધ્વીઓની સંખ્યા વધુ રહી છે. એવી જ રીતે શ્રાવકો કરતાં શ્રાવિકાઓની સંખ્યા વધુ રહી છે.

ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથ ભગવાન અને ચોવીસમાં તીર્થંકર મહાવીરસ્વામી ભગવાને લેશમાત્ર ખચકાટ વિના સાધુની સાથે સાધ્વીને અને શ્રાવકની સાથે શ્રાવિકાને સમાન સ્થાન આપ્યું. આ રીતે જીવમાત્રની સમાનતામાં દ્રઢપણે માનતા આ ધર્મએ સ્ત્રી અને પુરુષની સમાનતા સિદ્ધ કરી આપી. મથુરાના પ્રાચીન જૈન શિલ્પમાં સાધુના જેવું જ સાધ્વીનું શિલ્પ અને સ્ત્રી અને પુરુષ બંને પૂજાની સામગ્રી સહ પૂજા કરતા હોય તેવું શિલ્પ મળે છે. એ સૂચિત કરે છે કે પ્રાચીનકાળમાં જૈન પરંપરામાં પુરુષ અને સ્ત્રીનું આરાધનાની ભૂમિકા પર સમાન સ્થાન હતું. એ જ રીતે મથુરાના પ્રાચીન શિલાલેખોમાં પુરુષોની સાથે મોટે ભાગે સ્ત્રીઓના નામ પણ ઉલ્લેખિત થયા છે. એ દર્શાવે છે કે ધર્મકાર્યમાં પુરુષની સાથે સ્ત્રીઓ પણ સમાનરૂપે જ ભાગ લેતી હતી, સ્વઇચ્છાનુસાર દાન કરતી હતી અને મંદિર વગેરે ધર્મસ્થાનોના નિર્માણમાં સક્રિય સહયોગી બનતી હતી. ભગવાન પાર્શ્વનાથના સમયમાં પુષ્પચુલા નામની સાધ્વીના નેતૃત્વ હેઠળ સોળ હજાર શ્રાવિકાઓએ દીક્ષા લઇને આત્મકલ્યાણના માર્ગે પ્રયાણ કર્યું હતું. ભગવાન મહાવીરના સંઘમાં સાધુઓની સંખ્યા સોળ હજારની હતી જ્યારે સાધ્વીઓની સંખ્યા છત્રીસ હજારની હતી. શ્રાવકોની સંખ્યા દોઢ લાખની હતી અને શ્રાવિકાઓની સંખ્યા ત્રણ લાખથી વધારે હતી. આ સંખ્યા એ સંકેત આપે છે કે જૈન ધર્મમાં નારી જાતિનું માન, સ્થાન અને ગૌરવ કેવા ઉચ્ચ હતા. મહાસતી ચંદનબાળા તો સ્વતંત્રરૂપે આ છત્રીસ હજાર સાધ્વીઓના સંઘની દેખરેખ કરતા હતા.

ચંદનબાળાનું ચરિત્ર એ એક નોંધપાત્ર ચરિત્ર છે કારણ કે ચંદનબાળા જેવી દાસી ગણાતી નારી પાસેથી આહાર ગ્રહણ કરીને ભગવાન મહાવીરે જાતિવાદ નષ્ટ કર્યો. એને પ્રવર્તિનીનું પદ આપીને સંઘના વરિષ્ઠ આચાર્ય જેવો સમાન અધિકાર આપ્યો. સાધ્વી ચંદનાના ધાર્મિક પ્રવચનોથી પ્રભાવિત થઇને અનેક રાજાઓએ સંસારત્યાગ કર્યો. ચંદનાએ ઉગ્ર તપશ્ચર્યા કરીને સિદ્ધત્વ મેળવ્યું. જૈન સાધ્વીસંઘમાં દરેક જાતિ-જ્ઞાતિની સ્ત્રીઓ મળે છે. ચંદનબાળા, કાળી, સુકાળી, મહાકાલી, કૃષ્ણા જેવી સ્ત્રીઓ ક્ષત્રિયાણી હતી તો દેવાનંદા જેવી બ્રાહ્મણ જાતિની સ્ત્રી પણ હતી. સ્ત્રી માત્રને મુક્તિનો અધિકાર આપનારો ધર્મ જાતિવાદની સંકુચિત સીમામાં કઇ રીતે પુરાઇ રહે ? માત્ર રાજકુટુંબની સ્ત્રીઓ જ સાધ્વીસંઘમાં ભળી નથી, દાસી, ગણિકા અને પતિતાઓએ પણ દીક્ષા લીધી છે, અને તેઓ સમાજમાં વંદનીય બની છે. આ સાધ્વીઓના જ્ઞાન, શીલ અને તપશ્ચર્યાને સર્વત્ર સન્માન સાંપડતું હતું. કોઇ પ્રદેશનો રાજા કે સમાજમાં સર્વોચ્ચ સ્થાને બેઠેલી વ્યક્તિ પોતાનું આસન છોડીને ઊભા થઇને આવી સાધ્વીઓને નમન કરતા હતા. આજે પણ સ્ત્રીઓમાં બ્રાહ્મી, સુંદરી, ચંદના, આદિને વંદના કરવામાં આવે છે. તીર્થંકરના નામસ્મરણની સાથોસાથ સોળ સતીઓનું નામ સ્મરણ પણ થાય છે.

જૈન સાધ્વીસંઘ પર નજર કરીએ તો ખ્યાલ આવશે કે આમાં કોઇપણ જાતના ભેદભાવ વિના બધી જાતિ, વર્ણ અને વર્ગની સ્ત્રીઓને પ્રવેશ મળ્યો છે. આ સાધ્વીઓએ પોતાની Spirituality થી અને વિદ્વતાથી સમાજ પર મોટો પ્રભાવ પાડ્યો છે. જીવનમાં મુશ્કેલી આવવા છતાં સુલસા સાધ્વીએ ધર્મમાર્ગ છોડ્યો નહીં. પોતાના શુભકર્મોને કારણે આગામી ભવચક્રમાં સુલસા સોળમાં તીર્થંકરનું પદ મેળવશે.

કૌશાંબીના રાજાની ધર્મપત્ની મર્મી પુત્રી જયંતી ભગવાન મહાવીરના સમયકાલમાં થયેલી એક વિદુષી સ્ત્રી હતી અને ભગવાન મહાવીરની ધર્મસભામાં નિઃસંકોચ પ્રશ્ન પૂછતી હતી. સામાન્ય રીતે પુરુષો ઉપદેશ આપતા હોય છે, પરંતુ જૈન ધર્મમાં સ્ત્રીઓએ ઉપદેશ આપ્યો છે અને તેથીય વિશેષ પુરુષોને સન્માર્ગે વાળ્યા હોય તેવા દ્રષ્ટાંતો મળે છે. 'ઉત્તરાધ્યયન સૂત્ર'માં રાણી કમલાવતી રાજા ઇસુકારને સન્માર્ગ બતાવે છે. 'આવશ્યક ચૂર્ણી'માં બ્રાહ્મી અને સુંદરીએ મુનિ બાહુબલિને ઉપદેશ આપ્યાનો ઉલ્લેખ છે. 'ઉત્તરાધ્યયન' અને 'દસ વૈકાલિક'ની ચૂર્ણીમાં રાજીમતી દ્વારા મુનિ રથનેમિને ઉપદેશ આપવાની વાત આલેખાઇ છે. કોશા વેશ્યા પોતાના આવાસમાં રહેતા મુનિને સન્માર્ગે વાળે છે. પ્રભાવતીની ધર્મનિષ્ઠાથી તેના પતિ રાજા ઉદયનને ધર્મ માર્ગે ચાલવાની પ્રેરણા મળે છે. જ્યારે મૃગાવતીએ પોતે દીક્ષિત થઇને યુદ્ધનો રક્તપાત અટકાવ્યો હતો. વૈશાલી ગણરાજ્યના અધ્યક્ષ ચેટકની રાણી પૃથાએ એની સાતેય પુત્રીઓને જુદી જુદી કલામાં નિપુણ કરીને યશસ્વી બનાવી હતી. એ સમયના મહિલા સમાજ પર આ સાત પુત્રીઓનો ઘણો પ્રભાવ પડ્યો હતો. ગોભદ્રની પત્ની ભદ્રા વિશાળ વ્યાપાર ચલાવવાની અસાધરણ સુઝ ધરાવતી હતી. ચંપા શ્રાવિકાના છ મહિનાના ઉપવાસના તપથી મોગલ સમ્રાટ અકબર પ્રભાવિત થયો હતો, અને જેટલા દિવસ વ્રત ચાલે એટલા દિવસ અકબરે રાજ્યમાં હિંસા બંધ રાખી હતી.

સ્મરણશક્તિ કે સાહિત્ય સર્જનમાં પણ જૈન સ્ત્રીઓએ અત્યંત મહત્ત્વનું યોગદાન કર્યું છે. યક્ષા સાધ્વી અઘરા ગદ્ય કે પદ્યને એકવાર સાંભળ્યા પછી યથાતથ કરી આપતા હતા. આર્યા પોયણીએ ભગવાન મહાવીરના નિર્વાણની ચોથી શતાબ્દીના પ્રારંભમાં આગમ સાહિત્યને સુરક્ષિત અને વ્યવસ્થિત કરવા માટે યોજાયેલી પરિષદમાં મહત્ત્વની કામગીરી બજાવી હતી. આચાર્ય સુસ્થિતની પરંપરાના પાંચસો શ્રમણ એકત્ર થયા ત્યારે આર્યા પોયણીના નેતૃત્વમાં ત્રણસો જેટલી સાધ્વીઓએ આ આગમ વાચનાની પરિષદમાં ભાગ લીધો.

દક્ષિણ ભારતના ચેર રાજ્યની જૈન રાજકુમારી ઔવે પ્રાચીન તામીલ ભાષાની એક પ્રસિદ્ધ કવયિત્રી હતી. એની સુમધુર વાણી અને નીતિપુર્ણ ઉપદેશ માટે આજે પણ તામિલ ભાષીઓ એને માતા ઔવે (આર્યિકા મા) તરીકે સ્મરણિય અને પૂજનીય ગણે છે. તમિલના વિશ્વવિખ્યાત ગ્રંથકાર તિરુવલ્લવરની પત્ની વાસુકીએ પણ સાધ્વીજીવન ગ્રહણ કર્યું હતું. અને તિરુવલ્લુવર સાથે જીવનમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

ઉદય વિદ્યાધરની પત્ની સાવિયબ્બેએ બેગપુરના યુદ્ધમાં પોતાના પતિની પડખે રહીને લડતાં લડતાં વીરગતિ મેળવી. શ્રવણ બેલગોલના એક પાષાણ પર આ વીર મહિલાનો લેખ મળે છે. જેમાં હાથમાં તલવાર સાથે અશ્વારૂઢ વીર નારી સાવિયબ્બે ગજઆરૂઢ યોદ્ધા પર નિર્ભયતાથી પ્રહાર કરે છે. રાજા રાજમલ દ્વિતીયની પત્ની ચંદ્રવલ્લભા એક વીર

મહિલા હતી. એણે પોતાના પ્રદેશનું રાજ્યશાસન ચલાવ્યું હતું અને વિશાળ જિન પ્રતિમાની સ્થાપના કરી હતી. દસમી સદીના અંતિમ ચરણમાં દક્ષિણ ભારતની દાનવીર અતિમબ્બેએ સતીપ્રથાનો વિરોધ કર્યો હતો અને કન્નડ કવિ પોન્નેએ રચેલી શાંતિપુરાણની હજારો હસ્તપ્રત લખાવીને વહેંચી હતી. અતિમબ્બેએ કાવ્યની હસ્તલિખિત પ્રતોનું રક્ષણ કર્યું. અને તેને કારણે અનેક ગ્રંથો જળવાયા અને પરિણામે કેટલાક પુનર્જિવીત થયા હતા. તેમણે કર્ણાટકમાં વિદ્યાપ્રસાર કર્યો હતો અને અનેક જિન પ્રતિમાઓ બનાવી હતી. મહાકવિ રત્નએ એમને 'દાન ચિંતામણિ'ની ઉપાધી આપી હતી. ઇ. સ. ૧૦૩૭માં ચાલુક્ય વંશના રાજા સત્યાશ્રયની બહેન અક્કાદેવીને એની રાજ્ય કુશળતા જોઇને એક પ્રાંતનું રાજ્ય સોંપવામાં આવ્યું હતું. દક્ષિણ ભારતમાં કેતલદેવી, શાંતલદેવી, આચળદેવી વગેરેએ જિન મંદિરો બંધાવ્યા હતાં. ઇ. સ. ૧૧૪૭ના એક શિલાલેખ અનુસાર અનન્ય પંડિત એવી રાજકુમારી પમ્પાદેવીએ 'અષ્ટવિદ્યાર્ચન મહાભિષેક' અને ચર્તુભક્તિ નામના ગ્રંથોની રચના કરી હતી. જ્યારે આઠમી સદીમાં યાકિની મહત્તરા વિદુષી તરીકે પ્રસિદ્ધ હતા.

જૈન સ્ત્રીઓએ પ્રેરણા આપવાનું કાર્ય પણ કર્યું છે. કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રાચાર્યના જીવનમાં માતા પાહિણીની પ્રેરણા મહત્ત્વની બની રહી. કવિ ધનપાલને એની બહેન સુંદરીએ 'અમર કોશ' રચવાની પ્રેરણા આપી. સંપત્તિનો સધર્મને માર્ગે સદ્‌ઉપયોગ કરવાની પ્રેરણા શ્રીદેવી અને અનુપમાદેવી જેવી સ્ત્રીઓએ આપી હતી. આ સદીની વાત કરીએ તો અનેક સાધ્વીઓ શ્રાવિકાઓએ અનેકવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ સ્થાન હાંસલ કર્યું. ખુદ મહાત્મા ગાંધી મહાસતી ઉજ્જવળકુમારીને મળવા માટે ગયા હતા. હરકુંવર શેઠાણીએ અદ્‌ભૂત વ્યવસ્થા શક્તિ બતાવીને અતિ રમણિય હઠીસિંહના દેરાસરનું સર્જન કર્યું. તથા વિરાટ યાત્રાસંઘ કાઢ્યો. મહત્તરા મૃગાવતીશ્રીજીએ નવી દિલ્હી પાસે વલ્લભસ્મારકની રચના કરી. શારદાબાઇ મહાસતીજી, સાધ્વી પ્રમુખા કનકપ્રભાશ્રીજી અને એવી અનેક સાધ્વીઓએ સમાજને માર્ગદર્શન અને દોરવણી આપવાનું કાર્ય કર્યું.

સાધ્વી અને શ્રાવિકાના આ ગરિમામય સ્થાનને કારણે મધ્યકાલીન યુગમાં જ્યારે સતીપ્રથા પ્રચલિત હતી ત્યારે જીવહિંસાના વિરોધી એવા જૈન ધર્મે એનો સ્વીકાર કર્યો નથી. એવી જ રીતે દાસીપ્રથા, સ્ત્રીઓનો વ્યાપાર અને ક્રય-વિક્રય જેવા દુષણોને દૂર કરવા પ્રયત્ન કર્યો હતો. મેઘકુમારની સેવા શુશ્રુષા માટે ભિન્ન ભિન્ન દેશોમાંથી દાસીઓનો ક્રય-વિક્રય થયો અને એ સમયે ભગવાન મહાવીરે એની વિરુદ્ધ બુલંદ અવાજ ઉઠાવ્યો હતો. સાધ્વી યક્ષકુંવરજીએ મૂંગા પશુઓનો બલિ સમાપ્ત કરવા માટે અવિરત સંઘર્ષ કર્યો હતો. જૈન ધર્મમાં સાત વ્યસનોનો વિરોધ હોવાને કારણે સામાન્ય રીતે બહુપત્નીત્વ, વ્યભીચાર, દારૂ, વેશ્યાગમન, જુગાર જેવા વ્યસનોથી સ્ત્રીઓને જે યાતના સહેવાની આવે છે તેવું આ ધર્મમાં નજરે પડતું નથી. આગમ ગ્રંથ 'જ્ઞાતા ધર્મકથા'માં રાજા દ્રુપદ દ્રૌપદીને જાતે એના પતિની પસંદગી કરવાનું કહે છે. 'ઉપાસક દશાંગ' નામના ગ્રંથમાં મહાશતક પોતાની પત્ની રેવતી પર ધાર્મિક શ્રદ્ધા, ભોજન કે આચાર-વ્યવહારની બાબતમાં કોઇ જબરજસ્તી કરતો નથી. આનંદ જેવા શ્રાવકોની પત્ની આનંદપૂર્વક પતિનું અનુસરણ કરીને મહાવીરના ઉપાસક વ્રતો સ્વીકારે છે. આ રીતે આગમ યુગથી સ્ત્રીને પોતાની ધર્મશ્રદ્ધા અને એની જીવન શૈલી અંગે પૂર્ણતયા મુક્ત રાખવામાં આવી હતી. સાધ્વીઓ સાધુસંગથી જુદી રહીને સ્વતંત્રપણે વિચરણ કરતી હતી. પોતાની સુરક્ષાની વ્યવસ્થા સ્વયં કરતી હતી.સુરક્ષા કરનારી સાધ્વીને પ્રતિહારી જેવા પદ પર નિયુક્ત કરાતી હતી. ભગવાન મહાવીરે બ્રહ્મચર્યનો મહિમા કર્યો. શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચતુર્ધમમાં પાંચમાં બ્રહ્મચર્યનું ઉમેરણ કર્યું. પુરુષની પેઠે સ્ત્રી પણ વિવાહનો અસ્વીકાર કરી બ્રહ્મચર્યનો સ્વીકાર કરી શકતી હતી. બ્રાહ્મી, સુંદરી, મલ્લિ, ચંદનબાળા અને જયંતી જેવી સ્ત્રીઓએ વિવાહનો અસ્વિકાર કરી આજીવન બ્રહ્મચર્યનું પાલન કર્યું. આસપાસની પરિસ્થિતિઅને અન્ય પ્રવર્તમાન પરંપરાઓમાં સ્ત્રી માટે વિવાહ કરવો તે અનિવાર્ય ગણાતું હતું. ત્યારે જૈન પરંપરામાં એમ માનવામાં આવ્યું નથી. લગ્ન કરવા કે ન કરવા એ પ્રશ્ન સ્ત્રીના વિવેક પર છોડવામાં આવે છે. જે સ્ત્રીઓ એમ માને કે અવિવાહિત રહીને તે પોતાની સાધના કરી શકશે તેમને વિવાહ કર્યા વિના દીક્ષિત થવાનો અધિકાર આપ્યો.

ભગવાન મહાવીરના સમવસરણ (ઉપદેશ સભા)માં સ્ત્રીઓને પુરુષો જેટલી જ પૂર્ણ સ્વતંત્રતા હતી. કશા સંકોચ કે પ્રતિબંધ વિના સ્ત્રીઓ એમાં આવતી. ઉપદેશ શ્રવણ કરતી અને સભામાં પોતાની જિજ્ઞાસા પૂછીને જયંતીની માફક પોતાના સંશયોનું સમાધાન મેળવતી.

આમ જૈનધર્મમાં સ્ત્રીઓનું સ્થાન ઘણું ઊંચું છે. માતા તરીકે એણે તીર્થંકરોને જન્મ આપ્યો છે. પત્ની તરીકે એ પ્રેરણારૂપ બની છે. સ્વતંત્રપણે વિશાળ વેપાર ઉદ્યોગ ચલાવ્યો છે. શીલના રક્ષણ માટે કે શત્રુને પરાજીત કરવા માટે એણે કદી પાછી પાની કરી નથી. એની વિદ્વતા સર્વત્ર સન્માન પામી છે. અને એજ રીતે સાધ્વીઓએ પણ આધ્યાત્મિક પ્રગતિની ઊંચાઇનું ઉદાહરણ રજૂ કર્યું છે. નારી મુક્તિ, નારી સ્વાતંત્ર્ય અને નારી વિકાસ એ ત્રણેય બાબતો આ ધર્મના પાયામાં છે જે આવતી કાલના જગતને નારી સ્વાતંત્ર્યની બાબતમાં નવી દિશા ચીંધી શકશે.

❑❑❑

## નેત્રયજ્ઞ

સંઘની આર્થિક સહાયથી તથા શ્રી વિશ્વવાત્સલ્ય ઔષધાલય-ગુંદીના સહયોગ દ્વારા નેત્રયજ્ઞનું આયોજન બાન્ટાઇ (તા. વિરમગામ) મુકામે રવિવાર, તા. ૨૦મી નવેમ્બર, ૧૯૯૪ના રોજ કરવામાં આવ્યું છે.

રસિકલાલ લહેરચંદ શાહ
સંયોજક

નિરુબહેન એસ. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ
મંત્રીઓ

## એક્ષ રેની મફત સગવડ

અમને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે સંઘના આજીવન સભ્ય અને જાણીતા રેડિયોલોજીસ્ટ ડૉ. મુકેશ એસ. પત્રાવાલાએ નાત-જાતના ભેદભાવ વિના નબળી આર્થિક સ્થિતિવાળા દર્દીઓ માટે પોતાની એક્ષ રેની સેવા વિનામૂલ્યે આપવાની સંઘને ઓફર કરી છે. આ યોજના મુજબ ડૉ. મુકેશ એસ. પત્રાવાલા વર્ષ દરમિયાન ૨૦૦ જેટલા દર્દીઓને વિનામૂલ્યે એક્ષ રે કાઢી આપશે. આ યોજનાનો લાભ લેવા ઇચ્છતી વ્યક્તિઓએ સંઘના કાર્યાલયમાંથી તે માટે ભલામણ ચિઠ્ઠી મેળવી લઇને ડૉક્ટરનો રૂબરૂ સંપર્ક સાધવાનો રહેશે. ડૉક્ટરના ક્લિનિકનું સરનામું નીચે મુજબ છે:

ડૉ. મુકેશ એસ. પત્રાવાલા
૧૧૧, મનીશ શોપિંગ સેન્ટર,
ચાર બંગલા, વરસોવા, અંધેરી (પશ્ચિમ),
મુંબઇ-૪૦૦ ૦૫૩.

ડૉ. મુકેશ પત્રાવાલાની આ ઉદાર ઓફર માટે અમે આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

-મંત્રીઓ

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

❑ અહેવાલ : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાએ આ વર્ષે સાઠમાં વર્ષમાં સાનંદ પ્રવેશ કર્યો છે. જ્ઞાન અને સાધનાની જ્યોત સમી આપણી આ પર્યુષણ વ્યાખ્યાનમાળાને શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટનો છેલ્લાં અગિયાર વર્ષથી સતત આર્થિક સહયોગ મળતો રહ્યો છે.

આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને શુક્રવાર, તા. ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૪થી શુક્રવાર, તા. ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૪ સુધી એમ આઠ દિવસ માટે ચોપાટી ખાતે બિરલા ક્રિડા કેન્દ્રમાં યોજવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાળાનો સંક્ષિપ્ત અહેવાલ નીચે પ્રમાણે છે.

❑ કર્મ કી ગતિ ન્યારી : પ્રથમ દિવસે આ વિષય પર સાધ્વીશ્રી ચાંદકુમારીજીએ જણાવ્યું હતું કે જૈન દર્શનમાં કર્મવાદનું મૌલિક ચિંતન છે. જીવ માટે સર્વ ખેલ એ કર્મના ખેલ છે. સંસારમાં કર્મની ઘણી બધી વિચિત્રતા જણાય છે. જીવે કર્મની નિર્જરા કરવી હોય, કર્મક્ષય કરવો હોય તો અંતર્મુખ બનવું જોઇએ. જે ઉંડાઇમાં જાય છે તે જ જીવનનો માર્મ, રહસ્ય પામી શકે છે. આજે આપણે વિભાવમાંથી સ્વભાવમાં જવાનું છે. કામ, ક્રોધ, મોહ, લોભ રૂપી કષાયોમાંથી છૂટવાનું છે. ક્ષમા, સત્ય , સંતોષ, સમભાવમાં રમણ કરવાનું છે. આત્માને જાણવાનો છે, ઓળખવાનો છે. ભવ્યાત્માઓ આત્મનિરીક્ષણ કરી મોક્ષના દ્વાર સુધી પહોંચી શકે.

❑ સાધના પંચતીર્થિ-પંચ પરમેષ્ઠિ નમસ્કાર : શ્રી શશિકાંત મહેતાએ વક્તવ્ય આપતાં કહ્યું હતું કે ચૌદ પૂર્વના સારરૂપ નમસ્કાર મહામંત્રનો મહિમ અપરંપાર છે. નવકાર મંત્રનું રટણ સંસારના સર્વ, પ્રપંચોમાંથી છોડાવે છે. અને જીવને મોક્ષગતિમાં પહોંચાડે છે. 'નમો લોએ સવ્વ સાહુણં' એ પદ ગંગાસ્નાન છે. એનાથી કાયાના પરમાણુમાં પવિત્રતા આવશે. 'નમો ઉવજ્ઝાયાણં' એ પદ શ્રુતસ્નાન છે. જેનાથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે. 'નમો આયરિયાણં' એ સૂર્યસ્નાન છે. એનાથી પરમ શાંતિ પ્રાપ્ત થાય છે. નમો સિદ્ધાણં એ મંત્રસ્નાન છે જેનાથી સમ્યગદ્રષ્ટિ જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે. સાધુ એ સાધનાનું બીજ છે, ઉપાધ્યાય એ વિનય અને પ્રજ્ઞાનું બીજ છે. આચાર્ય એ સદાચારનું બીજ છે. સિદ્ધ એ સંયમનું બીજ છે. અરિહંત એ સમાધિનું બીજ છે. પંચ પરમેષ્ઠિ રૂપી આ પાચં પદ પંચતીર્થ રૂપ છે. જેના આલંબનથી ભવભય દૂર થાય છે.

❑ ધર્મ ક્રિયાઓનું લોકોત્તર ફળ : આ વિષય પર વ્યાખ્યાન આપતાં પૂ. પં. શ્રી યશોભદ્રવિજયજી ગણિવર્યે જણાવ્યું હતું કે આ સંસારમાં આવ્યા પછી મનુષ્ય સ્વયં પોતાને માટે કેટલાક નિયમો બનાવે છે. જીવનમાં એ સિદ્ધાંતોને લીધે તેનું વ્યક્તિત્વ નિખરે છે, જીવન સાર્થક બન્યું હોય તેમ લાગે છે પરંતુ ધર્માચરણ અને ધર્મ ક્રિયાનું એ લૌકિક ફળ નથી. સંસારમાં દુઃખના નાશ માટે અને સુખની વૃદ્ધિ માટે ધર્માવલંબન નથી. ધર્મક્રિયાઓનું લોકોત્તર ફળ તો આલોક કે પરલોકની ભૌતિક સુખની દ્રષ્ટિ હઠાવવામાં છે. દાન, તપ, જીવદયા, વગેરે ક્રિયાઓ કરવામાં આવે તેનું લોકોત્તર ફળ મળે છે. આવી ક્રિયા કરવા દ્વારા કર્મનો ક્ષય થાય છે. અને આત્મા ઉર્ધ્વગતિને પ્રાપ્ત કરે છે. ધર્મક્રિયા કરવાની સાથે માત્ર લૌકિક જ નહિ લોકોત્તર ફળની દ્રષ્ટિ વિકસાવવાની જરૂર છે જે આપણને મોક્ષ પ્રાપ્તિ માટે ઉપયોગી નીવડી શકે છે.

❑ ધર્મ અને તેનો સામાજિક સંદર્ભ : ડૉ. વર્ષાબહેન દાસે આ વિષય પર વક્તવ્ય આપતાં કહ્યું હતું કે આજથી અઢી હજાર વર્ષ પહેલા ગૌતમ બુદ્ધે જે ઉપદેશ આપ્યો તેને સાતસો વર્ષ પહેલાં જાપાનમાં 'નીચીરેન' નામથી પ્રચલિત કરવામાં આવ્યો. ગૌતમ બુદ્ધના હજારો સૂત્રો પાછળથી લિપિબદ્ધ થયા. વિનયસૂત્ર-આગમ સૂત્ર જે ત્રિપિટકના નામથી ઓળખાય છે તે તેમજ મહાયાન સૂત્ર વગેરે લિપિબદ્ધ થયા. ગૌતમ બુદ્ધે પ્રત્યેક મનુષ્ય અને પ્રત્યેક જીવમાં રહેલા બુદ્ધ તત્ત્વ પર ભાર મૂક્યો છે. બુદ્ધ તત્ત્વ દુર્ભાવના, દુર્વિચારથી અલિપ્ત છે. બૌદ્ધધર્મ પ્રમાણે ચેતનાના નવ સ્તરો છે. તેમાં પાંચ ઇન્દ્રિય, છઠ્ઠું સ્તર જાગૃત મન, સાતમું સ્તર આંતર મન, આઠમું સ્તર આલય ચેતના અને નવમું સ્તર અમન ચેતના છે. નિશ્ચિત લક્ષને પ્રાપ્ત કરવા માટે ચિત્તની એકાગ્રતા પર બૌદ્ધ ધર્મમાં વિશેષ ભાર મૂકાયો છે.

❑ તમિળના સંત કવયિત્રી અવ્વઇયાર : આ વિષય પર વ્યાખ્યાન આપતાં શ્રી નેમચંદ ગાલાએ જણાવ્યું હતું કે તમિળના સંત અને ભક્ત કવયિત્રી અવ્વઇયાર દક્ષિણમાં ઘણાં લોકપ્રિય હતાં. તેઓ અત્યંજ હતા. એમનામાં વૈરાગ્યદશા અને કવિત્વશક્તિ જન્મસિદ્ધ હતી. તેઓ કોઇપણ દ્રશ્ય કે ઘટના જોતાં કે તેમનામાં કાવ્યની સરવાણી વહેવા લાગતી. અવ્વઇયારે લગ્ન કર્યાં ન હતા. લગ્ન સમયે લગ્ન મંડપ છોડી તેઓ ગણેશજીના મંદિરે પહોંચી ગયાં હતાં અને તેમણે ભગવાનને પ્રાર્થના કરી હતી કે મારા યૌવનને પાછું લઇ લો. અને ચમત્કાર થયો હતો. અવ્વઇયાર ક્ષણમાત્રમાં ઘરડા ડોશી બની ગયાં હતાં. એ પછી અવ્વઇયાર ભિક્ષુક-પારિવ્રાજક બની જઇને ઘરબાર છોડી દીધાં હતાં. તેઓ ગામેગામ ફરી કાવ્યવાણીમાં બોધ આપવા લાગ્યાં હતાં. તેમણે વિવેક, સંયમ, દાનધર્મ, ગૃહસ્થાશ્રમની ફરજો વગેરે વિષયો પર અનેક રચનાઓ કરી હતી. આજે પણ તમિળનાડુમાં ઘેર ઘેર તેમની રચના ગવાય છે.

❑ મૃષાવાદ વિરમણ : ડૉ. રમણલાલ ચી. શાહે આ વિષય પર વક્તવ્ય આપતાં કહ્યું હતું કે જૈન ધર્મમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતો છે. તેમાં સત્ય માટે 'મૃષાવાદ વિરમણ' શબ્દ વપરાયો છે. અસત્ય બોલતાં અટકવું એ ઘણું મહત્ત્વનું છે. જૈન ધર્મમાં સત્ય કરતાં અહિંસાને વધુ પ્રાધાન્ય અપાયું છે. કારણ કે તેનું ક્ષેત્ર સમસ્ત જીવરાશિ છે. જે સત્ય બોલવાથી જીવનનો વધ થવાનો સંભવ હોય તેવું સત્ય પણ ન બોલવાની હિમાયત કરવામાં આવી છે. અસત્યના બે પ્રકાર છે-સ્થૂલ અને સૂક્ષ્મ. તીવ્ર સંકલ્પથી બોલાય તે સ્થૂલ અસત્ય અને હાસ્યાદિના ભાવથી બોલાય તે સૂક્ષ્મ અસત્ય. સાધુઓએ સ્થૂલ અને સૂક્ષ્મ બંને પ્રકારનાં અસત્યનો ત્યાગ કરવાનો હોય છે. અને ગૃહસ્થે કન્યા, જમીન, માલ-મિલ્કત, ખોટી સાક્ષી વગેરે વિષયમાં અસત્ય ન બોલાય તેની યતના રાખવાની છે. સત્યને આધારે વિશ્વ ટકી રહ્યું છે. સંપૂર્ણ સત્ય બોલવાનું કઠિન છે. માણસ ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ વગેરેને કારણે અસત્ય બોલે છે. આપણા રોજિંદા વ્યવહારમાં અસત્યનું પ્રમાણ વધતું જાય છે. પરંતુ અસત્યથી અપયશ મળે છે, પાપનું મોટું કારણ બને છે, આત્મા ભારે બને છે અને દુર્ગતિમાં તે લઇ જાય છે.

❑ મૂલ્યોનું શિક્ષણ : આ વિષ પર પ્રવચન આપતાં શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકે જણાવ્યું હતું કે આજે લોકો રામાયણ, મહાભારત જેવા ધર્મ ગ્રંથોની કથા સાંભળવા લાખોની સંખ્યામાં ઉમટે છે, પરંતુ એથી દેશનું નીતિમત્તાનું ધોરણ ઊંચું ગયું હોય એમ જણાતું નથી. દુર્યોધન અધર્મ

શું છે તે જાણતો હતો, પણ તે દૂર કરી શકતો ન હતો. આપણાં સૌમાં આજે દુર્યોધન જીવી જ રહ્યો છે. સાચી વાત શું છે તે આપણે જાણતા હોવા છતાં આપણાં સંજોગો અને લાચારીને કારણે આપણે સાચો રાહ લેવાની હિંમત કેળવી શકતા નથી. મૂલ્યો કેવાં હોવા જોઇએ તે સમજવાની સાથે મૂલ્યોનું આચરણ દરેકે પોતાના ચારિત્રથી આત્મસાત કરવું જોઇએ. મૂલ્યો શીખવાડી શકાતા નથી પણ શીખી શકાય છે. અલબત્ત તે શીખનાર અને શીખવાડનાર પર આધારિત હોય છે. શિક્ષકોએ, વડીલોએ, નેતાઓએ પોતાના શુદ્ધ આચરણથી મૂલ્યો પ્રસ્થાપિત કરી નવી પેઢીને દોરવી જોઇએ.

❑ **તમે ક્યાંથી આવ્યા ? ક્યાં જવાના ? :** શ્રી પ્રવીણભાઇ સી. શાહે આ વિષય પર વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે વિશ્વના બધા ધર્મોએ કર્મની વાત કરી છે, પરંતુ જૈનધર્મે કર્મની જે સચોટ અને તાર્કિક વાત કહી છે તે અદભુત છે. જૈન શાસ્ત્રકારોએ સંસારના જીવોની ચાર ગતિની વાત કરી છે તે છે : (૧) દેવગતિ (૨) મનુષ્ય ગતિ (૩) તિર્યંચ ગતિ અને (૪) નરક ગતિ. જે ગતિનું આયુષ્ય કર્મ બંધાયું હોય તે ગતિમાં તે જીવ જાય છે. દેવગતિમાં સતત સુખ જ છે. મોજશોખ, ભોગ વિલાસની પુષ્કળ સામગ્રી દેવગતિમાં છે.આત્માનો સંપૂર્ણ વિકાસ મનુષ્ય ગતિમાં છે. તેથી જૈન શાસ્ત્રકારોએ મનુષ્યગતિને શ્રેષ્ઠગતિ તરીકે ઓળખાવી છે. જેમાં ત્રાસ, ભૂખમરો, અપમાન વગેરે છે. તે તિર્યંચ ગતિ છે. નરક ગતિના જીવને અનહદ ત્રાસ ભોગવવો પડે છે. સદ્‌ગતિમાંથી સદ્‌ગતિમાં જવું સહેલું છે, પરંતુ દુર્ગતિમાંથી સદ્‌ગતિમાં જવું એટલું સહેલું નથી. અત્યારે આપણને મનુષ્યભવ મળ્યો છે તે આપણી સદ્‌ગતિ છે.

❑ **ધર્મની અનુભૂતિ :** આ વિષય પર વ્યાખ્યાન આપતાં શ્રી ચંદુલાલ સેલારકાએ જણાવ્યું હતું કે આ વિશ્વમાં ધર્મ શબ્દની વિવિધ વ્યાખ્યા કરવામાં આવી છે. ધર્મો રક્ષતિ રક્ષિતઃ એમ કહેવામાં આવ્યું છે. નરસિંહ મહેતાએ ગાયું છે 'આપણે આપણા ધર્મ સંભાળવા, કર્મના મર્મને લેવો વિચારી.' સ્વામી સચ્ચિદાનંદજી કહે છે ધર્મ એટલે માણસના આંતરિક સદ્‌ગુણોનો વિકાસ કરવાની પ્રક્રિયા. આંતરિક વિકાસ એટલે જીવનની સાધના. ખરો ધર્મ તો કષાયોમાંથી મુક્તિ અપાવે તે છે. ધર્મ એ આત્માનો સ્વભાવ છે. ધર્મ એક વિશાળ આકાશ સ્વરૂપ છે. આપણે તેને સંપ્રદાયોના સંકુચિત વાડામાં પૂરી દીધો છે ! ધર્મ કદાપિ બદલાતો નથી, સંપ્રદાય બદલાય છે. અને એથી જ ધર્મ સનાતન છે.

❑ **બડે ભાગ માનુષ તન પાયા :** આ વિષય પર વ્યાખ્યાન આપતાં શ્રીમતી સુષમા અગરવાલે જણાવ્યું હતું કે મનુષ્ય જીવનનું મુખ્ય લક્ષ મોક્ષ પ્રાપ્તિનું છે. જે મનુષ્ય જન્મ દેવતાને પણ દુર્લભ ગણાય છે તેને પામી આલોક-પરલોક સુધારવા આપણે કટિબદ્ધ થવાનું છે. આ જીવ લાખો યોનિમાં ભટકી ભટકીને મનુષ્ય જન્મ પામ્યો છે. માનવ જન્મ એ મોક્ષ પ્રાપ્તિની સીડી છે. દેવયોનિમાં મોક્ષ નથી. ધૈર્ય, ક્ષમા, ઇન્દ્રિયો પર નિગ્રહ, સત્ય, અક્રોધ વગેરે મનુષ્યને તારનારા ગુણો છે. સાચો મનુષ્ય એ છે કે જે પોતાની પ્રશંસા સાંભળી લજ્જીત બને અને બીજાની પ્રશંસા સાંભળી પ્રસન્ન બને. જે મનુષ્ય પોતાની ભૂલને ભૂલ તરીકે સમજી તેવી ભૂલ ફરી ન થાય તેવા પ્રયત્ન કરે તેનું જીવન સાર્થક થઇ શકે. મોક્ષપ્રાપ્તિ માટે ધર્મશાસ્ત્રમાં ત્રણ માર્ગ બતાવ્યા છે તે છે જ્ઞાન માર્ગ, કર્મ માર્ગ અને ભક્તિ માર્ગ.

❑ **તનાવ મુક્ત જીવન :** આ વિષય પર માઉન્ટ આબુથી બ્રહ્માકુમારી શિલુબહેન વ્યાખ્યાન આપવા આવવાનાં હતાં, પરંતુ તેમની નાદુરસ્ત તબિયતના કારણે તેઓ આવી શક્યા નહોતાં. એથી મુંબઇનાં પ્રજાપતિ બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલયનાં રાજયોગિની બ્રહ્માકુમારી શારદાબહેન પધાર્યાં હતાં. તેમને ઉપરોક્ત વિષય પર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે આજના સંસારમાં માનસિક પ્રદૂષણો માનવ મનને અશાંત, કુટિલ, ને ક્રુર બનાવી દે છે. એનાથી માનવ જીવનમાં તનાવ વધતો રહે છે. માણસ જો પોતાની જાતને જાણે, સ્વયંને ઓળખવાનો પ્રયત્ન કરે તો આ બધા તનાવોમાંથી મુક્તિ મેળવી શકે. માણસની વાણી સરળ, મૃદુ અને મધુર હોવી જોઇએ. ક્લિષ્ટ, ઉપાલંભમય અને કડવી વાણી અશાંતિ જ સર્જે છે. ભાષાનું માધ્યમ મનુષ્યની માનસિક અને વ્યવહારિક સ્થિતિને જાહેર કરે છે. મારે શું બોલવાનું છે, કેવું અને કેવી રીતે બોલવાનું છે તે બાબત પર ગંભીર વિચાર કરવો જરૂરી બની રહે છે. પહેલાં તોલો, પછી બોલો, કમ બોલો પણ મધુર બોલો એ ઉક્તિ આત્મસાત થવી જોઇએ.

❑ **પરિહિત ચિંતા મૈત્રી :** શ્રીમતી શૈલજા ચેતનભાઇ શાહે આ વિષય પર વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે જૈનધર્મમાં અનિત્ય , અશરણાદિ બાર ભાવનાનું ભારે મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. ભાવનાને ભવનાશિની તરીકે ઓળખાવવામાં આવી છે. આ બાર ભાવનાને સ્વલક્ષી ભાવના પણ કહેવામાં આવે છે. બીજાનાં સુખ-દુઃખ પ્રત્યે સંબંધ ધરાવતી ચાર ભાવના છેઃ (૧) મૈત્રી ભાવના (૨) પ્રમોદ ભાવના (૩) કરુણા ભાવના અને (૪) માધ્યસ્થ ભાવના. એનું મહત્ત્વ પણ જૈન શાસ્ત્રકારોએ દર્શાવ્યું છે. સંસારના સર્વ જીવોની કલ્યાણની ભાવના તે મૈત્રી ભાવના છે. ગુણીજનો, વડીલોને જોઇને આનંદ પામવો તે પ્રમોદ ભાવના છે. આ જગતમાં કોઇ દુઃખી ન રહે તેવી ભાવના ભાવવી તેને કરુણા ભાવના કહે છે. અને દુર્જનોના દોષ તરીકે ઉપેક્ષા દ્રષ્ટિ રાખવી તેને માધ્યસ્થ ભાવના કહે છે. જૈનધર્મમાં સર્વ જીવો સાથે મૈત્રી ભાવ કેળવવા ઉપર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે. સર્વ જીવ જન્મ મરણના ફેરામાંથી મુક્ત થાય એ ભાવ સૌથી ઉંચો મૈત્રી ભાવ છે.

❑ **વિસ્મરણ એક-આશીર્વાદ :** આ વિષય પર વ્યાખ્યાન આપતાં પૂ. સાધુ પ્રીતમપ્રસાદદાસજીએ જણાવ્યું હતું કે ગુજરાતી સાહિત્યની અંદર કેટલાક વિરામચિહ્નો સ્વીકારવામાં આવ્યા છે. પ્રથમ આશ્ચર્ય ચિહ્ન,એ પછી પ્રશ્નાર્થ ચિહ્ન, એ પછી અલ્પ વિરામ અને છેલ્લે પૂર્ણ વિરામ. કેટલાંક મનુષ્યોનું જીવન આશ્ચર્ય ચિહ્ન જેવું હોય છે. એમને જોયા પછી મનની અંદર આશ્ચર્ય જ સર્જાય. કેટલાંકનું જીવન પ્રશ્નાર્થ ચિહ્ન જેવું હોય છે. એમને જોયા પછી આપણા મનને પ્રશ્ન ઉઠ્યા કરે કે આ તે માણસ છે કે જંગલી ? કેટલાંકનું જીવન અલ્પવિરામ જેવું હોય છે. એમની યાત્રા અડધે રસ્તે આવીને અટકી ગઇ હોય છે. કેટલાંકનું જીવન પૂર્ણ વિરામ જેવું હોય છે. આવા મનુષ્યો વિરલ હોય છે. તેમને પરમાત્માના શરણ સિવાય કોઇ ઝંખના હોતી નથી. આપણા ધર્મપુરુષોએ, સંતોએ જે કેટલીક વસ્તુઓ આપણને શીખવી છે તેમાં અમુક વસ્તુનું વિસ્મરણ કરવું એ વાત પર વિશેષ ભાર મૂક્યો છે. વિસ્મરણ એ મનની નબળાઇ નહિ, પણ મનની પ્રચંડ શક્તિ છે. વિસ્મરણ એ શાપ નહિ પણ ભગવાનનો મહાન આશિર્વાદ છે.

❑ **ગીતા-જીવન જીવવાની કલા :** ડૉ. શાંતિકુમાર પંડ્યાએ આ વિષય પર વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે શ્રીમદ્ ભાગવત ગીતામાં જીવન જીવવાની કલા સમજાવી છે. તમે કર્મ કરો છતાં તે કર્મબંધન ન લાગે તેવો રાજમાર્ગ ગીતાએ બતાવ્યો છે. યોગઃ કર્મસુ કૌશલમ્-અર્થાત્ કર્મમાં કુશળતા એ જ યોગ છે. તે પર ગીતાકારે વિશેષ ભાર મૂક્યો છે. તમારા કર્મનો વિપાક, કર્મની નિર્જરા તમારા કર્મ કૌશલ્યમાં છે. આસક્તિ માણસને બાંધે છે. કર્મ બાંધતાં નથી. કર્મ કરવા પાછળ બુદ્ધિ છે. તે નૌકા સમાન છે. કર્મને કોઇ પણ માણસ છોડવા પ્રયત્ન કરે તો તે માણસ દંભી છે. કોઇ માણસ કર્મથી દૂર રહી શકે નહિ, કર્મથી છૂટી શકે નહિ. કર્મથી જો ન જ છૂટવાના હોય તો તમે કર્મ એવી રીતે કરો કે કર્મ તમને બાંધે નહિ. તમે સાગરમાં જ પડ્યા છો તો સાગરને તરી

જાવ. આ તરી જવાનો માર્ગ તે અનાસક્તિ યોગ. તૃષ્ણા-આસક્તિ જ જીવનમાં અશાંતિ પેદા કરે છે . કર્મ અવશ્ય કરો, પણ તેના ફળની અપેક્ષા રાખો નહિ. ફળની અપેક્ષા રાખીને જે કર્મ કરે છે તેનાથી જીવનમાં સંઘર્ષ, અશાંતિ ઉત્પન્ન થાય છે.

❑ ગુણોપાસના : આ વિષય પર વ્યાખ્યાન આપતા પ્રા. તારાબહેન ર. શાહે કહ્યું હતું કે જૈન ધર્મમાં ગુણોપાસનાનું ઘણું મહત્ત્વ છે. માનવભવ એ ગુણ પ્રાપ્ત કરવાનો અમૂલ્ય અવસર છે. ગુણ અનંત છે, દોષો પણ અનંત છે. દોષો દૂર કરી ગુણ પ્રાપ્ત કરવા એ પરમ પુરુષાર્થ છે. કયા ગુણો પામવા ? પરંપરાથી જે ઉત્તમ મનાયા છે, જે સ્વપર કલ્યાણકારી છે, સંતો અને પ્રજ્ઞાવાન પુરુષો જેની પ્રશંસા કરતા થાકતાં નથી તે ગુણો. જૈન ધર્મ પ્રમાણે શુભ લક્ષણ તે ગુણ છે. અશુભ લક્ષણ તે દોષ છે. પંચમહાવ્રત તે ગુણ છે બાકીનાં વ્રતો તે ઉત્તર ગુણ અથવા મૂળ ગુણને પોષક ગુણ છે. ગુણ પ્રાપ્તિના ઉપાયો અનેક છે. તેમાં મુખ્યત્વે પ્રભુદર્શન, પ્રભુસ્તવન, પ્રભુભક્તિ છે. એ ઉપરાંત શાસ્ત્ર વાંચન, ચિંતન, મનન, સંતસમાગમ, સદ્‌ગુરુ શરણ, મહાન વ્યક્તિના ચરિત્રનું વાચન, કડક આત્મપરીક્ષણ વગેરેને ગણાવી શકાય.

❑ હમ અપને ભાગ્ય કે વિધાતા હૈ : પૂ. સમણી શ્રી કુસુમપ્રજ્ઞાજીએ આ વિષય પર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે આપણાં સુખ અને દુઃખના કર્તા સ્વયં આપણે જ છીએ. આપણા દુઃ ખનું કારણ આપણા પૂર્વ કર્મ જ હોઇ શકે. જેવુ કર્મ કરો તેવું ફળ તમને મળે જ. સુખ અને દુઃખ એ ઇશ્વર પ્રેરિત નથી. આપણે સ્વયં આપણા ભાગ્યના વિધાતા છીએ. દુઃખ, કષ્ટ, સંકટ કોના જીવનમાં નથી આવતાં ? દુઃખ અને સુખ એ બંને એક ચક્ર સમાન છે. જેમ રાત પછી દિવસ અને દિવસ પછી રાત તેમ દુઃખ પછી સુખ અને સુખ પછી દુઃખ. આ ચક્ર નિરંતર ચાલ્યા કરે છે. દુઃખની સ્થિતિમાં આપણે અટલ રહેવાનું છે અને સુખની સ્થિતિમાં આપણે છકી જવાનું નથી.

આ વ્યાખ્યાનમાળામાં દરરોજ વ્યાખ્યાનનો પ્રારંભ થતાં પહેલાં એક કલાકનો ભક્તિ સંગીતનો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. સંઘના મંત્રી શ્રી નિરુબહેન એસ. શાહે દરરોજ પ્રારંભમાં પ્રાર્થનાની રજૂઆત કરવાની સાથે ભક્તિ સંગીતના કલાકારોનો પરિચય આપ્યો હતો. સર્વશ્રી ધીરેન વોરા, શ્વેતાબહેન વકીલ, ચંદ્રાબહેન કોઠારી, કુમારી અમિષી શાહ, અલકાબહેન શાહ, નટુભાઇ ત્રિવેદી; વંદનાબહેન શાહ અને શોભાબહેન સંઘવીએ અનુક્રમે ભક્તિ સંગીતનો કાર્યક્રમ આપી સવારના વાતાવરણને વધુ આહ્‌લાદક અને ભક્તિમય બનાવ્યું હતું. વ્યાખ્યાતાનો પરિચય અને વ્યાખ્યાનોની ટૂંકી સમીક્ષા વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે કરી હતી. શ્રી મુંબઇ જૈન યુવક સંઘ પ્રતિવર્ષ એક સંસ્થાને આર્થિક સહાય કરવાનો પ્રોજેક્ટ હાથ ધરે છે તે મુજબ ગુજરાતના માંગરોળની આર્ચવાહિની સંસ્થાને સહાય કરવા માટેનો પ્રોજેક્ટ હાથ ધરાયો હતો. આ સંસ્થાના મુખ્ય સંચાલક ડૉ. અનિલભાઇ પટેલ વ્યાખ્યાનમાળાના ત્રીજા દિવસે પધાર્યા હતા અને તેમણે આર્ચવાહિનીની સેવા પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. આ ઉપરાંત આ વર્ષે સંઘને પણ આર્થિક રીતે સદ્ધર કરવાનો પ્રોજેક્ટ હાથ ધરાયો હતો. સંઘના મંત્રીશ્રી પ્રવીણભાઇ કે. શાહે તથા આ પ્રોજેક્ટના સંયોજકો શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ અને શ્રી રસિકલાલ લહેરચંદ શાહે આર્ચવાહિનીને અને સંઘને ઉદાર હાથે સહાય કરવા અપીલ કરી હતી. મંત્રી શ્રી નિરુબહેન એસ. શાહે દાતાઓનો તેમજ વ્યાખ્યાનમાળામાં સહકાર આપનાર સૌનો આભાર માન્યો હતો. સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે વ્યાખ્યાનમાળાના રોજરોજના કાર્યક્રમનું સરસ રીતે સંચાલન કર્યું હતું. આમ આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં જ્ઞાનગંગા સમી આ પર્યુષણ વ્યાખ્યાનમાળાની પૂર્ણાહુતિ થઇ હતી.

❑❑❑

# સાંપ્રત સહચિંતન (ભાગ-૫)

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' ઘણી બધી સૈદ્ધાંતિક અને વૈચારિક બાબતોમાં પૂ. ગાંધીજીના આદર્શોને અહર્નિશ દ્રષ્ટિ સમક્ષ રાખીને વર્ષોથી નિયમિત ચાલે છે. એમાં એના ભાવનાશાળી, વિદ્વાન અને કર્તવ્યનિષ્ઠ તંત્રીઓનો સિંહ-ફાળો ઊડીને આંખે વળગે તેવો છે. સાડા પાંચ દાયકાથી નિયમિત ચાલતા અને પત્રકારત્વના ઉચ્ચ ધોરણને જાળવી રાખતા 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે લખાયેલા કેટલાક લેખોના સંગ્રહો આ પૂર્વે 'સાંપ્રત સહચિંતન'-ભાગ ૧ થી ૪ તથા 'અભિચિંતના' ગ્રંથ રૂપે પ્રગટ થયા છે; તેમાં આ 'સાંપ્રત સહચિંતન'-ભાગ-૫ ડૉ. રમણલાલ શાહનો સ્થળ, વ્યક્તિ, સાહિત્ય કૃતિ, જૈનવાણી અને પ્રાસંગિક વિષયોને નિરૂપતો વિચારપ્રેરક ગ્રંથ માતબર ઉમેરો કરે છે.

'ખાલીનો સભર ઇતિહાસ' 'ચિખોદરાની આંખની હોસ્પિટલ', 'રાતા મહાવીર' અને 'શ્રવણ બેલગોડા', સ્થળ-વિષયક લેખો છે, તો 'જે કૃષ્ણમૂર્તિ' 'બાદશાહખાન' અને 'ઇન્દિરાગાંધી' વ્યક્તિવિષયક છે. 'સિલપ્પદિકારમ્' એ કૃતિ-વિષયક લાંબામાં લાંબો એકમાત્ર લેખ છે તો અમર જૈનવાણીને નિરૂપતા 'અસંવિભાગી ન હુ તસ્સ મોક્ખો', 'અમારિ પ્રવર્તન' અને 'માયન્ને અસણપાણસ્સ' આ ત્રણ લેખો સંગ્રહના શિરમોર સમાન છે, ' કુદરતી આપત્તિઓ', 'નિર્દય હત્યાની પરંપરા' અને 'ચરણ-ચલનનો મહિમા' એ ત્રણે પ્રાસંગિક-પ્રકીર્ણ લેખો છે.

પ્રથમ જૈનવાણી જોઇએ તો આપણા આર્ષદ્રષ્ટા ઋષિમુનિઓ અને બુદ્ધ-મહાવીર જેવા ભગવન્તોની કરુણાસભર સૂત્રાત્મક વીર્યવંત વાણીમાં ત્રિકાળનું સત્ય ગર્ભિત હોય છે. અસંવિભાગી ન હુ તસ્સ મોક્ખો મતલબ કે જે સંવિભાગી નથી તેવી વ્યક્તિ ક્યારેય મોક્ષગતિ પ્રાપ્ત કરી શકતી નથી...એવી ભગવાન મહાવીરની આર્ષ-વાણી પણ સર્વકાલીન અને સર્વજનીન છે. 'ત્યજીને ભોગવો' અને જે કેવલ પોતાનું જ રાંધે છે તે પાપ ખાય છે એ ઉપનિષદ-ગીતાવચન પણ ઉપર્યુક્ત વિચારણાનાં સમર્થક છે. અસંવિભાગી વ્યક્તિને કદાપિ મોક્ષ મળતો નથી એ ભગવાન મહાવીરની અર્થગર્ભ વાણીને ડૉ. શાહે ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સંસારશાસ્ત્ર, અધ્યાત્મશાસ્ત્ર, વ્યવહારશાસ્ત્ર અને સર્વ શાસ્ત્રોના ય શાસ્ત્રો એવા હૃદયશાસ્ત્રના સૌમ્ય પ્રકાશમાં એકદમ વિશદ કરી છે. 'સાંપ્રત સહચિંતન'ના જૈનવાણીમાં સમાસ પામતો બીજો લેખ છે 'અમારિ પ્રવર્તન'. 'અમારિ' એટલે કોઇપણ પ્રકારની હિંસા ન કરવી તે. સાધર્મિક ભક્તિ, ક્ષમાપના, અઠ્ઠમ તપ, ચૈત્ય પરિપાટી અને અમારિ પ્રવર્તન...એ પર્યુષણ પર્વનાં પાંચ મહદ્ કર્તવ્યોમાં 'અમારિ પ્રવર્તન' અગ્ર અને શ્રેષ્ઠ સ્થાને છે. હૃદયમાં મૈત્રી, પ્રમોદ, કરુણા, પ્રેમ અને બંધુત્વ તેમજ ચિત્તમાં જાગૃતિ, સભાનતા ને અપ્રમત્તતા હોય તો જ અહિંસાનું કેવળ આચરણ જ નહીં પણ તેનું પ્રવર્તન પણ શક્ય બને...પણ આજે તો, લેખકના અભિપ્રાય પ્રમાણે યંત્ર વિજ્ઞાનના વિકાસે ભૌતિકવાદ એટલો બધો વકર્યો છે કે, 'અમારિ' પ્રવર્તનને બદલે 'મારિ' પ્રવર્તન થઇ રહ્યું છે!'

જૈનવાણીમાં સમાસ પામતો ત્રીજો લેખ છે: માયન્ને અસણપાણસ્સ-મતલબ કે ખાનપાનની માત્રાના જાણનાર એવા માત્રજ્ઞ મુનિઓ અદીન ભાવથી વિચરે. 'ઉત્તરાધ્યયન સૂત્ર'માં ભગવાન મહાવીરે બાવીસ પરીષહની ચર્ચા કરી છે તેમાં સૌથી પ્રથમ સ્થાન ક્ષુધા પરીષહને આપ્યું છે. ઉપનિષદમાં અન્નને બ્રહ્મ કહ્યું છે. જેનું માહાત્મ્ય અકિંચન કૃષ્ણ ભક્ત શ્રીદામ (સુદામા) જાણતા નથી પણ એમનાં વ્યવહારદક્ષ પત્ની સુપેરે જાણે છે કે, એ જ્ઞાન, મને ગમતું નથી, ઋષિરાયજી રે, લાવો બાળક માગે અન્ન લાગું પાયજી રે' એવું પ્રેમાનંદ કૃત 'સુદામા ચરિત્ર'માં ઋષિ-પત્ની ઉચ્ચારે છે. એ અન્ન બ્રહ્મની મીમાંસા આ લેખમાં

આહારશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, અધ્યાત્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને વ્યવહાર કે લોકશાસ્ત્રની દ્રષ્ટિએ ઝીણવટપૂર્વક સ-દ્રષ્ટાંત કરી છે. આમ તો આહારનો પ્રશ્ન 'માનવજાતનો એક સનાતન પ્રશ્ન છે' પણ જૈનો વિશેષતઃ જૈન મુનિઓ માટે ઇન્દ્રિય સંયમ, જીવદયા, કર્મસિદ્ધાંત ઇત્યાદિની દ્રષ્ટિએ ખાનપાનનો,ભક્ષ્યાભક્ષ્યનો ઝીણવટપૂર્વક વિચારવિમર્શ થયો છે. એ દ્રષ્ટિએ તેઓ માયન્ન-માત્રજ્ઞ હોવા જોઇએ. (પૃ. ૭૭) અતિ સંક્ષેપમાં કહેવું હોય તો કહી શકાય કે 'આહારથી અણાહારી પદ સુધીનું સ્થૂલ અને સૂક્ષ્મ ક્ષેત્ર કેટલું વિરાટ અને કેટલું વિસ્મયજનક છે' તેનું તાદશ આલેખન, અતિ પ્રાસાદિક શૈલીમાં ગંભીર છતાંય હળવી રીતે એ કરવામાં આવ્યું છે.

આ ગ્રંથના ત્રણ વ્યક્તિ-વિષયક લેખોમાં લેખકની સૂક્ષ્મ નિરીક્ષણ-પરીક્ષણ શક્તિ અને એ વિભૂતિઓના વ્યક્તિત્વનાં વ્યાવર્તક લક્ષણોનું પૃથ્થકરણ કરી એમની વિશેષતાઓ અને મર્યાદાઓનું આલેખન કરવાની સચોટ શક્તિનું સુખદ દર્શન થાય છે. જે. કૃષ્ણમૂર્તિના દર્શન-શ્રવણે લેખકની વાણીમાં આત્મપ્રતીતિનો રણકો સંભળાય છે. અને એમના દર્શન અને દ્રષ્ટિબિંદુને તેઓ સાચા અને નિરપેક્ષ પરિપ્રેક્ષમાં મૂકી આપે છે. દા. ત. આ પેરેગ્રાફ વાંચોઃ 'કૃષ્ણમૂર્તિનું કહેવું છે કે પરમસત્ય કોઇ સંસ્થાના બંધારણીય માળખાની અંદર સમાઇ ન શકે, સત્ય નિર્બંધ છે, પારાવાર છે, અસીમ છે, સનાતન છે, સ્વાયત્ત છે. જેને એની ખોજ કરવી હોય તેણે 'ધર્મ સંપ્રદાય', ફિરકા, પંથ, ધર્મગ્રંથો, ધર્મગુરુઓ ઇત્યાદિના કોઇપણ સ્થૂલ કે સૂક્ષ્મ બંધનમાં રહેવું પોષાય નહીં...તત્ત્વના ક્ષેત્રે જ્યાં વ્યવસ્થા આવી ત્યાં મર્યાદા આવ્યા વગર રહેવાની નહિ. એથી પૂર્ણ સત્ય સાપેક્ષ સત્ય બની જાય છે...કદાચ અસત્ય સુધી પણ પહોંચી જાય અને માયાચાર પ્રવર્તવા લાગે...' કૃષ્ણમૂર્તિ પોતાના જીવનમાં આરંભથી તે અંતકાળ સુધી એક સરખા નિર્મળ, પારદર્શક, સુસંવાદી ને ઉન્નત રહ્યાં હતાં' લેખકની સુભગ શૈલીનું નિદર્શન પણ (પૃ. ૯૪-૯૫) ઉપર્યુક્ત ફકરામાં થતું હોય છે. 'બાદશાહખાન', 'ફખ્રે અફઘાન', 'ફખ્રે સરહદ', કે 'સરહદના ગાંધી'નું વ્યકિતચિત્રણ, બાદશાહખાન જેવું જ સાદુ છતાં ભવ્યોન્નત છે...એમાં રાજકારણના તાણા અને વૈશ્વિક માનવતાના વાણા ગુંથાયેલા છે. વેદના અને બલિદાનની એ જીવનગાથા વાંચતાં આપણે પવિત્ર થઇએ છીએ...તો ઇંદિરા ગાંધીના આલેખનમાં પ્રકાશ અને છાયાનું વાસ્તવિક મિશ્રણ છે. એક આંખનું એ દર્શન નથી. એમના એ સમતોલ મૂલ્યાંકનમાં એમની ઊંડી સૂઝ-સમજ વરતાય છે. લાઘવ...અતિ લાઘવ...એ કેવળ કવિતાનો જ આત્મા નથી પણ ઘાટીલા છતાં સંકુલ ગદ્યનો પણ આત્મા છે. એની પાકી પ્રતીતિ પૃ. ૧૩૬-૧૩૭ પરનું લખાણ વાંચતાં થાય છે. અંતમાં લેખક એકરાર કરે છેકે 'સ્વર્ગસ્થ શ્રીમતી ઇંદિરા ગાંધીના વ્યક્તિત્વમાં સારાં અને નરસાં એમ ઉભય પ્રકારનાં ઘણાં મોટાં લક્ષણો હતાં.' 'સિલપ્પદિકારમ્' એ મહાકવિ ઇલિંગો (પૃ. ૧૩૮) અડિગલકૃત પ્રાચીન તમિળ મહાકાવ્યનો, વિસ્તારપૂર્વક કરાવેલો સાહિત્યિક સંસ્પર્શ ગરિમા ધરાવતો સંગ્રહનો પ્રસ્તારની દ્રષ્ટિએ પણ મોટામાં મોટો ૩૩ પાનાનો અભ્યાસપૂર્ણ લેખ છે. સ્થળ-વિષયક ચાર લેખોમાં 'ખાલી' નામની એસ્ટેટનો લગભગ ૧૨૦ વર્ષનો ભર્યોભર્યો રસિક ઇતિહાસ ક્રમિક રીતે આલેખ્યો છે. લેખને અંતે લેખક સ-કારણ કહી શકે છે કે ' એનું નામ ખાલી' છે, પરંતુ તેની કથા રસિક ઐતિહાસિક ઘટનાઓથી સભર છે, બ્રિટિશ અને ભારતીય એવી રાષ્ટ્રીય કક્ષાની ગણનાપાત્ર વ્યક્તિઓએ ત્યાં રાજકીય મંત્રણાઓ યોજેલી હોવાને કારણે એનું મહત્ત્વ ઐતિહાસિક રહ્યું છે. આ લેખમાં લેખકનો પ્રકૃતિપ્રેમ અને સાહિત્ય સંસ્પર્શ પણ જોવા મળે છે. ગરીબી, બેકારી ને ગંદકીથી સબડતા આ દેશમાં, નેત્રરોગના કરુણાસભર ને સેવાભાવી ડૉક્ટરો અને દાનવીરોના દાનથી સેંકડો નેત્રયજ્ઞો યોજાય, લાખો ઓપરેશનો થાય અને કરોડો દર્દીઓની વ્યવસ્થિત ને સફળ સેવા થાય એ ઇલમ કરી બતાવનાર સચ્ચાઇ, સાદાઇ ને વિનમ્રતાની મૂર્તિ ડૉ. રમણલાલ દોશી (દોશી કાકા)ની સેવાની ગાથા એટલે ચિખોદરાની આંખની હૉસ્પિટલ. આજથી ચાર દાયકા પૂર્વે નેત્ર-યજ્ઞની ભાવનાને યજ્ઞના સાચા અર્થમાં મૂર્ત કરનાર 'અર્વાચીન યુગના સંતપુરુષ' રવિશંકર મહારાજની પ્રેરણા ને પુરુષાર્થ એ હૉસ્પિટલની ઇંટ-સિમેંટમાં ધબકી રહ્યાં છે. એટલે ચિખોદરાની એ હૉસ્પિટલ 'રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલ' તરીકે ગુજરાત-ખ્યાત છે. 'રાતા મહાવીર' રાજસ્થાનમાં પાલી જિલ્લામાં ગોડવાડ પ્રદેશ (નાની મારવાડ) માં અરવલ્લી પર્વત માળાની તળેટીમાં આવેલું પ્રાચીન ઐતિહાસિક જૈન તીર્થસ્થાન છે. લેખકે આ તીર્થસ્થાનનો લગભગ ૧૭૦૦ વર્ષોનો ઉત્થાન-પતન ને ઉત્થાન-અભ્યુદયનો અનેક રાઠોડ રાજવીઓનાં પરાક્રમ અને અંગત જીવનનો રસિક ઇતિહાસ એક વિદ્વાન સંશોધકની અદાથી રજૂ કર્યો છે. 'હસ્તિકુંડી'ની વ્યુત્પત્તિમાં સારા ભાષાશાસ્ત્રીનું દર્શન થાય છે, લેખક 'મારા મહાવીર'નું મહત્ત્વ, ધ્યાનના અભ્યાસીઓ માટે સવિશેષરૂપે સ્વીકારે છે. સ્થળ, વિષયક ચારમાંના છેલ્લો 'શ્રવણ બેલગોડા'ના નામે લેખ, શિલ્પ, સ્થાપત્ય, ધર્મ, ઇતિહાસને લોકકથાના જ્ઞાન-સમુચ્ચયે પરિમાર્જિત અભ્યાસ-લેખ છે. જેમાં કર્ણાટક રાજ્યમાં મૈસુર અને બેંગલોર પાસે આવેલા દિગંબર પરંપરાના ભવ્ય તીર્થ 'શ્રમણ બેલગોડા'ના ધર્મ રંગ્યો ઇતિહાસ સાહિત્યિક રસે રસાઇ નિરૂપાયો છે.પ્રકીર્ણમાં 'કુંદરતી આંપત્તિઓ' નામના લેખમાં લેખકે કુદરતી આપત્તિઓ જેવી કે વાવાઝોડું નદીમાં પૂર, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, આગ, ગેસ, દુર્ઘટના રોગચાળો, ધરતીકંપ વગેરેની ભયંકર વિનાશક શક્તિનો સચોટ ખ્યાલ આપી વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ધરતીકંપો અંગે આવી નૈસર્ગિક આપત્તિઓનો સામનો શક્ય બને જો મનુષ્ય હૃદયમાં માનવતાનો ગુણ વિકસ્યો હોય, દ્રષ્ટિપૂર્વકનું વિકાસલક્ષી આયોજન હોય ને સંનિષ્ઠ સરકારી તંત્ર તેમજ પ્રજાનો સાચો સહકાર પ્રાપ્ત થયો હોય તો.

પ્રકીર્ણમાં બીજો લેખ છે. 'નિર્દય હત્યાની પરંપરા' આ લેખમાં, સ્વાભિમાન, સ્વાર્થ, સમૃદ્ધિ માટેની લાલસા, સત્તા માટેની અભીપ્સા, પોતાના ઉપર આક્રમણ આવી પડવાનો અકારણ કે સકારણ ભય, તે સામે સ્વરક્ષણની તૈયારી, ગરીબી, લાચારી, સ્વાર્થી મનોવૃત્તિ અને વિજ્ઞાન તથા ટેકનોલોજીનો વિકાસ-આવાં અનેક કારણોને લીધે વ્યક્તિ, જુથ અને રાષ્ટ્રકક્ષાએ પણ નિર્દય હત્યાની પરંપરા સર્જાય છે. તેની વિશદ ચર્ચા લેખકે કરી છે. પ્રકીર્ણમાં લાંબામાં લાંબો ૨૬ પાનાંનો અભ્યાસપૂર્ણ ને રસિક તથા વિગતપ્રચુર લેખ છે. 'ચરણ-ચલનનો મહિમા' ચરાતિ ચરતો ભગઃ -'ચાલે ભાગ્ય ચલન્ત'નું આ સૂત્રને એના વાચ્યાર્થ અને લક્ષ્યાર્થમાં સર્વથા ચરિતાર્થ કરે એવો આ રસપ્રદ અને અત્યંત લોકોપયોગી લેખ છે. જીવશાસ્ત્ર, તબીબી-વિજ્ઞાન, સામુદ્રિકશાસ્ત્ર, વિદ્યુતશાસ્ત્ર, માનસશાસ્ત્ર, અધ્યાત્મશાસ્ત્ર અને સંસ્કૃત કાવ્યશાસ્ત્રના શ્રદ્ધેય પુરાવા આપી લેખકે પ્રાસાદિક ગદ્યમાં આ 'ચરણ-ચલન-મહિમ્ન સ્તોત્ર' રચ્યું છે જે કદાચ સમગ્ર ગુજરાતી સાહિત્યમાં વિરલ હશે. આખોય લેખ કોઇ શોધ-પ્રબંધ (Thesis)ના સિનોપસીસ જેવો છે.

આ પુસ્તકના અનુલક્ષમાં કહી શકાય કે ડૉ. શાહે ઘણું બધું જોયું, જાણ્યું છે, વાંચ્યું, વિચાર્યું છે અને વિવેકપૂર્વક આત્મસાત પણ કર્યું છે. એમના જેવા બહુશ્રુત વિનમ્ર વિદ્વાનો ગુજરાતમાં અતિ વિરલ છે. સાહિત્ય અને વિદ્યાની અનેક શાખા-પ્રશાખાઓમાં એમને જીવંત રસ છે. વિદ્વતાના રજમાત્ર ભાન કે ભાર વિના એ નિષ્ઠાવાન સારસ્વતે ગુજરાતી અને જૈન સાહિત્યની ઘનિષ્ઠ સેવા કરી છે. એકી બેઠકે એમનાં પુસ્તકો વાંચી જનારાની સંખ્યા ઘણી મોટી છે. એમાં એમની પારદર્શકને પ્રાસાદિક શૈલીનો જાદુ છે. સાંપ્રત સહચિંતન ભાગ-પાંચના તેમના આ પ્રકાશન માટે ધન્યવાદ.

□□□

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦ ૦૦૮. લેસરટાઇપસેટિંગ : મુદ્રાંકન, મુંબઇ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૫ ● અંક : ૧૦ ● ● તા. ૧૬-૧૦-૯૪ ● ● Regd. No MH. By./South 54. Licence No. 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## દાણચોરીનું નવું ક્ષેત્ર

સ્થૂલ અને સૂક્ષ્મ ચોરીના અસંખ્ય પ્રકારો છે, જ્યાં સુધી દુનિયામાં નિર્ધનતા છે, લાચારી છે, લોભ છે, લાલસા છે, છળકપટ છે, ભોગવૃત્તિ છે, અભિમાન છે, ઈર્ષ્યા છે, વૈરવૃત્તિ છે, માનસિક બીમારી છે, ત્યાં સુધી નાની મોટી ચોરી રહ્યા કરવાની. દુનિયામાંથી ચોરીને સર્વથા નિર્મૂળ કરવાનું શક્ય નથી.

ચોરીનો એક પેટા પ્રકાર તે દાણચોરી છે. દાણ એટલે જકાત અથવા કરવેરો. રાજ્યતંત્ર ચલાવવા માટે નાણાં જોઈએ. કરવેરા દ્વારા નાણાં મળે. જે સારું કમાય તે કરવેરા ભરી શકે. એક રાજ્યમાંથી સસ્તી વસ્તુ ખરીદી બીજા રાજ્યમાં મોંઘા ભાવે વેચીને વેપારીઓ સારો નફો મેળવી શકે. એવા વેપાર ઉપર રાજ્યની નજર ગયા વગર રહે નહિ. એના ઉપર દાણ એટલે કરવેરા નખાય. પરંતુ આખી સરહદ ઉપર ચોકિયાતો બેસાડવાનું રાજ્યને પોસાય નહિ. એટલે વેપારીઓ અને એના દલાલો એક સરહદમાંથી બીજી સરહદમાં ન પકડાય એ રીતે માલ ઘુસાડવાનો પ્રયત્ન કરે. આમ, દાણચોરીની પ્રવૃત્તિ ઘણા પ્રા ચીન કાળથી સતત ચાલતી આવી છે. આ પ્રવૃત્તિ કાયમ માટે એકસરખા પ્રકારની અને એક જ ચીજવસ્તુની ન રહે. ભાવોની વધઘટ અનુસાર, ચીજવસ્તુઓની અછત અનુસાર, ચીજવસ્તુની ગરજ અનુસાર, લાવનારાઓને પડતી તકલીફ અને ખેડવા પડતાં જોખમ અનુસાર, બદલાતા જતા સરકારી કાયદાકાનૂન અનુસાર દાણચોરીની પ્રવૃત્તિ બદલાતી રહે છે. આઝાદી પછીના તરતના વખતમાં ઘડિયાળ અને તેના છૂટા ભાગોની ઘણી દાણચોરી થતી. આજે ભારતમાં સરસ ઘડિયાળો બનવા લાગ્યાં છે. હવે કેટલાંક ગરીબ રાષ્ટ્રોમાં દાણચોરીથી ભારતનાં ઘડિયાળો ઘુસાડાય છે. દાણચોરીમાં થતા ફેરફારના આવા તો ઘણાં દાખલા આપી શકાય.

દરિયાઈ અને હવાઈ વાહનવ્યવહાર વધતાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે દાણચોરીની પ્રવૃત્તિ ઘણી વધી ગઈ છે. આ પ્રવૃત્તિ એકલદોકલ વ્યક્તિ પૂરતી હવે સીમિત રહી નથી. મોટી મોટી ટોળકીઓ સક્રિય બની છે. લજ્જા અને ભયનું પ્રમાણ ઘટ્યું છે. મોટી મોટી નવી નવી યોજનાઓ-યુક્તિઓ વિચારાય છે. એજન્ટોને તાલીમ અપાય છે. દાણચોરીનું જાણે વિજ્ઞાન વિકસ્યું છે. એક કરતાં વધુ શોધપ્રબંધો લખાય તેટલી સામગ્રી આ વિષયની મળે એમ છે.

દાણચોરીના ક્ષેત્રે વ્યક્તિ અને ટોળકીઓ ઉપરાંત સરકારો પણ જ્યારે સંડોવાય છે ત્યારે આખી પરિસ્થિતિ ઘણી ગંભીર બની જાય છે.

કોઈપણ એક પ્રદેશમાં એક ચીજવસ્તુ અત્યંત સુલભ હોય અને સસ્તી હોય અને બીજા પ્રદેશમાં તે વસ્તુનો અભાવ કે અછત હોય અને તે મોંઘી મળતી હોય અને તેની તેટલી જ તાકીદની જરૂર હોય તો એક દેશમાંથી ખરીદીને બીજા દેશમાં પહોંચાડવા માટે વેપારીઓ સક્રિય બને છે. સરકારી નિયમ અનુસાર કરવેરા ભરીને એ વસ્તુની જો હેરફેર થતી હોય તો તેમાં કોઈને કશો વાંધો ન હોઈ શકે. પરંતુ વધુ કમાવાની લાલચે, જકાત ભર્યા વિના માણસો છુપાવીને એવી ચીજ-વસ્તુઓની હેરાફેરી કરે છે ત્યારે એ ગુનો બને છે અને સજાને પાત્ર થાય છે.

આંતરરાષ્ટ્રીય દાણચોરીના ક્ષેત્રે પાકા અનુભવી બની ગયેલા કેટલાક એજન્ટો વખતોવખત નવા નવા નુસખાઓ શોધી કાઢે છે. પોતાનાં પહેરેલાં કપડામાં ચોરખિસ્સા કરાવવાની પદ્ધતિ હવે જૂનવાણી થઈ ગઈ છે. કોટના ખભાના પેડિંગ વચ્ચે નાના કિંમતી હીરા સંતાડવાની વાત પણ જાણીતી છે. પોતાની સુટકેસની અંદર તળિયું કરવાની કે બૂટના તળિયામાં ભરાવવાની યુક્તિઓ હવે જાણીતી બની ગઈ છે. એક્સરે મશિનો અને મેટલ ડિટેક્ટર આવ્યા પછી હવે એ પદ્ધતિની દાણચોરીનું પ્રમાણ ઘણું ઘટી ગયું છે. જે વસ્તુ એક્ષરે કે મેટલ ડિટેક્ટર દ્વારા ન પકડાય તેવી વસ્તુઓ તરફ દાણચોરો વળ્યા છે અને વિવિધ યુક્તિઓ અજમાવે છે. સોનુ, ચાંદી, હીરા, મોતી વગેરે કીમતી દ્રવ્યોની દાણચોરી તો ઘણા જૂના કાળથી ચાલી આવે છે. પ્રાચીન ઐતિહાસિક, દસ્તાવેજી કે કલાત્મક ચીજવસ્તુઓ (એન્ટિક)ની, ઘઉં, ચોખા, મીઠું, જેવા ખાદ્યપદાર્થોની, માદક પીણાંઓની, કેફી દવાઓની એમ જાતજાતની વસ્તુઓની દાણચોરી થતી આવી છે. હવે તો જીવતાં પશુ-પક્ષીઓની દાણચોરી પણ થવા લાગી છે. કેટલાક દાણચોરો ઘણી મોટી રકમની લાલચે જાનના જોખમે દાણચોરી કરે છે. પોલિથિલિનની નાની કોથળીમાં કિંમતી હીરા કે એવાં કીમતી દ્રવ્યો મૂકીને તે કોથળી ગળી જાય છ. અને પોતાને મુકામે પહોંચ્યા પછી ઝાડાવાટે એ કોથળી નીકળી જાય એટલે તે સાફ કરી તેમાંથી દાણચોરીનો માલ કાઢી લઈને એના ખરીદનારને પહોંચાડે છે. વારંવાર આ રીતે કરવાને કારણે કેટલાક દાણચોરોના પેટની અંદર એવો નાનો ખાડો કે ખાંચો થઈ જાય છે કે જેથી એ રીતે દાણચોરી કરવાનું પછીથી એમને માટે સરળ બને છે. બીજી બાજુ કેટલાક જાણકાર માણસો કસ્ટમ્સના અધિકારીઓના અજ્ઞાનનો લાભ લઈ પ્રગટ રીતે દાણચોરી કરે છે. ટેકનોલોજીના વિકાસ પછી કેટલાંક મશિનોમાં વપરાતા એકાદ નાના છૂટા પાર્ટની કિંમત લાખો રૂપિયાની હોય છે. આવા દાણચોરો એનો અભ્યાસ કરે છે અને તેવા પાર્ટ પોતાના કોટના ખિસ્સામાં કે પોર્ટફોલિયોમાં રાખીને બેધડક લાવે છે. કસ્ટમના અધિકારીઓને એની જાણકારી નથી હોતી. જાણકારી થવા લાગે ત્યાં સુધીમાં તો દાણચોરો બીજી વસ્તુ શોધી કાઢે છે.

છેલ્લાં કેટલાંક વર્ષથી, ખાસ કરીને સોવિયેટ યુનિયનના વિસર્જન પછી દાણચોરીનું એક નવું ભયંકર ક્ષેત્ર ખૂલ્યું છે.

પાકિસ્તાની નેતાઓ દ્વારા પાકિસ્તાન પાસે અણુબોમ્બ હોવાની અનૌપચારિક જાહેરાત થયા પછી જર્મનીમાં દાણચોરીનું એક મોટું ષડયંત્ર પકડાયું હતું. આ દાણચોરીમાં જર્મનીનો એક દાણચોર એજન્ટ રશિયામાંથી ચોરી લાવેલું પ્લુટોનિયમ પાકિસ્તાનના સરકારી એજન્ટને પહોંચાડવાનો હતો. પાકિસ્તાન પાસે અણુબોમ્બ બનાવવાની જાણકારી છે. પરંતુ તે માટે યુરેનિયમ કે પ્લુટોનિયમ તો એણે દાણચોરીથી મેળવવું રહ્યું.

આંતરરાષ્ટ્રીય રાજકારણની દ્રષ્ટિએ આવી દાણચોરી એક ભયંકર ગંભીર બાબત ગણાઈ છે. પાકિસ્તાનની પહેલાં ઈરાક, ઈરાન, લિબિયા, ચીન, કોલંબિયા વગેરે દેશોએ દાણચોરીથી યુરેનિયમ- પ્લુટોનિયમ મેળવ્યું છે.

ગમે ત્યાં ગામઠી અણુબોમ્બનો છૂટો છવાયો નાનો સરખો ધડાકો કરી શકે. અણુબોમ્બ બનાવવા માટે પ્લુટોનિયમ કરતાં વિશુદ્ધત્તમ યુરેનિયમની વધારે જરૂર પડે, પરંતુ બીજી બાજુ યુરેનિયમવાળો અણુબોમ્બ બનાવવાનું હવે વધુ અઘરું રહ્યું નથી. અણુબોમ્બ બનાવવાની ટેકનિક હવે બહુ ગુપ્ત રહી નથી. એટલે ગામઠી પ્રકારનો અણુબોમ્બ તો નાની સરખી ટોળકી પણ ટેકનિશિયનોની મદદથી બનાવી શકે છે. એવો નાનો અણુબોમ્બ ફોડવામાં આવે તો હિરોશીમા જેટલું નુકશાન ન થાય, પરંતુ મોટી બહુમાળી ઇમારતોના ભુકકા તે બોલાવી શકે અને એક માઇલના વિસ્તારમાં એની અસર પહોંચાડે તો પણ એક ધડાકે બે- ત્રણ લાખ માણસોને મારી શકે. અમેરિકામાં વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં ત્રાસવાદીઓએ રિમોટ કન્ટ્રોલ દ્વારા જે શક્તિશાળી બોમ્બ ફોડ્યો હતો તેવી રીતે જો તેઓ છૂટાછવાયા અણુબોમ્બ ફોડતા રહે તો અમેરિકાને મોટી ચિંતામાં મૂકી શકે. આથી જ યુરેનિયમની દાણચોરીને અટકાવવાની બાબતમાં અમેરિકા વધુ સજાગ બન્યું છે.

બીજા વિશ્વયુદ્ધ પછી, હિરોશિમા અને નાગાસાકી પછી દુનિયામાં હજુ સુધી ક્યાંય અણુબોમ્બ ફોડવામાં આવ્યો નથી. એનું ગાંભીર્ય સહુ કોઇ સમજે છે. પરંતુ એક વખત પણ એવી ઘટના જો ક્યાંક બની તો એના પ્રત્યાઘાતો મોટા પડશે. દુનિયાની એક માત્ર મોટી અણુસત્તા તરીકે હવે અમેરિકા રહ્યું છે. અમેરિકા આ પડકાર કેવી રીતે ઝીલશે? અમેરિકા ક્યાં સુધી જંપીને બેસી રહેશે તે કહી શકાય નહિ. અણુશસ્ત્રોનું વિસર્જન એ શાંતિની દિશામાં મોટું પગલું બન્યું છે, પરંતુ યુરેનિયમ-પ્લુટોનિયમની દાણચોરી અશાંતિની દિશામાં જગતને ઘસડી જશે. માનવ સંહારની લીલા ક્યારે કેવા સ્વરૂપે ખેલાશે તે કોણ કહી શકે ?

❑ રમણલાલ ચી. શાહ

# ગાંધીજીની આત્મકથાનું એક મહત્ત્વનું પ્રકરણ

❑ ગુલાબ દેઢિયા

ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં પહેલા ભાગમાં અગિયારમું પ્રકરણ 'વિલાયતની તૈયારી' નામે છે. એમના જીવનમાં મહત્વનો વળાંક લાવનાર ઘટનાની વાત આ પ્રકરણમાં છે.

સને ૧૮૮૭માં મેટ્રિકની પરીક્ષા આપી ગાંધીજી ભાવનગરની શામળદાસ કોલેજમાં ભણવા ગયા હતા. પહેલી ટર્મ પૂરી કરી રાજકોટ ઘરે આવ્યા ત્યારે, એક દિવસ એમના પિતાજીના જૂના મિત્ર અને સલાહકાર એક વિદ્વાન, વ્યવહારકુશળ બ્રાહ્મણ માવજી દવે એમનાં માતાજી અને મોટાભાઇને મળવા આવ્યા હતા.

વાતો વાતોમાં ગાંધીજીના ભણતરની વાત નીકળે છે ત્યારે માવજી દવે કહે છે કે જમાનો બદલાયો છે. તમ ભાઇઓમાંથી કબા ગાંધીની ગાદી સાચવવા માગો તો તે ભણતર વિના નહિ મળે. મોહનદાસને અહીં ભણાવવાને બદલે વિલાયત મોકલો. પછી માવજી દવે વિલાયત જવાના ફાયદા જણાવતા કહે છે કે ત્યાં ભણાવવાનું સહેલું છે, ત્રણ વર્ષમાં તો બારિસ્ટર થઇને આવી જશે. પોતાના દીકરા કેવળરામને વિલાયતમાં ઘણા મિત્રો છે એમની ઉપર ભલામણપત્રો પણ મેળવી આપશે.

આખા પ્રકરણમાં માવજી દવે એક વિચારશીલ, ગાંધી કુટુંબના હિતેચ્છુ અને દુરંદેશીવાળા માનવી તરીકે નોખા તરી આવે છે.

ગાંધીજીને વિલાયત જવાનું ગમે કે કેમ એમ પૂછવામાં આવતાં યુવાન મોહનદાસ કહે છે, અહીં ઝટ ઝટ પાસ થવાય એમ લાગતું નથી. વિલાયત મોકલો તો બહુ સારું. મને દાકતરી ધંધો શીખવા ન મોકલાય?

મોટાભાઇ ના પાડે છે. કબા ગાંધીની વાત યાદ કરી કહે છે, બાપુનો વિચાર તને વકીલ બનાવવાનો હતો. તેઓ કહેતા આપણે વૈષ્ણવો હાડમાંસ ચૂંથવાનું કામ ન કરીએ.

માવજી દવે કહે છે, મને દાકતરી ધંધા સામે વાંધો નથી. આપણાં શાસ્ત્રો પણ એ ધંધાને વખોડતાં નથી. પણ દાકતર થઇને તું દીવાન નથી થવાનો. મારે તો તારે સારું દીવાનપદ અથવા એથીયે વધારે જોઇએ. તો જ તમારું બહોળું કુટુંબ ઢંકાય. જમાનો દહાડે દહાડે બદલાતો જાય છે ને કઠણ થતો જાય છે. (જુઓ, સો વર્ષ પહેલાં પણ લોકોને પોતાનો સમય કઠણ લાગતો હતો!) એટલે બારિસ્ટર થવું એ જ ડહાપણ છે.

અહીં આપણે જોઇ શકીએ છીએ કે, માવજી દવે ખુલ્લા મનના છે. કબા ગાંધીના અવસાન બાદ એ કુટુંબ સાથે એવો જ સંબંધ જાળવી રાખ્યો છે. અને મોહનદાસને વિલાયત મોકલવા ખૂબ આગ્રહ કરે છે. એમને પોતાની સલાહ માટે પૂરી શ્રદ્ધા હતી. તેથી પૂતળીબાઇ તરફ વળીને કહે છે, આજ તો હું જાઉં છું. મારા કહેવાનો વિચાર કરી જોજો. હું પાછો આવું ત્યારે તૈયારીના સમાચાર સાંભળવાની આશા રાખીશ. કંઇ અડચણો હોય તો મને જણાવજો.

ઉત્સાહથી ભરેલા અને મદદ કરવા તૈયાર એવા માવજી દવેને વંદન કરવાનું મન થઇ જાય છે. જે જમાનામાં દરિયો ઓળંગવો એ પાપ મનાતું, જે જમાનામાં રાજકોટ અને પોરબંદર વચ્ચે ગાડામાં મુસાફરી કરતાં પાંચ દિવસ લાગતા હતા તે વખતે કબા ગાંધીના દીકરાને રાજકોટ, પોરબંદર, કે ભાવનગરની નાનકડી દુનિયામાંથી લંડનની વિલાયતની વિશાળ દુનિયામાં પહોંચાડવાનું પ્રથમ સૂચન કરનાર, આગ્રહ કરનાર, મદદ કરવાની તૈયારી બતાવનાર માવજી દવે ખરેખર 'સત્યના પ્રયોગો'નું એક અનોખું પાત્ર છે.

માવજી દવેએ તો ત્યાં સુધી કહ્યું કે, કરજ કરીને પણ મોહનદાસને વિલાયત ભણવા મોકલવો જોઇએ. એમની દીર્ઘદ્રષ્ટિ પ્રશંસનીય છે.

કબા ગાંધી અને માવજી દવે વચ્ચે ગાઢ મિત્રતા હતી એ તો પ્રથમ પ્રકરણ 'જન્મ'માં દેખાઇ આવે છે, ગાંધીજીએ નોંધ્યું છે કે, પિતાજીએ છેવટના વર્ષોમાં એક વિદ્વાન બ્રાહ્મણ જેઓ કુટુંબના મિત્ર હતા તેમની સલાહથી ગીતાપાઠ શરૂ કર્યો હતો અને થોડા શ્લોકો રોજ બોલતા હતા.

ગાંધીજી ત્યાર બાદ કાકાની સલાહ લેવા અને રજા માગવા રાજકોટથી પોરબંદર જાય છે. કાકાએ ગાંધીજીને ખાસ પ્રોત્સાહન ન આપ્યું. વિલાયત જવાન ભયસ્થાનો બતાવ્યા. તેઓ દરિયા ઓળંગવાના કૃત્યને પાપ માનતા હતા. તેઓ આગળ કહે છે, 'હું તારા સાહસમાં વિઘ્ન નાખવા નથી માગતો. હું તો થોડાં દિવસમાં જાત્રાએ જવાનો છું. મારે હવે થોડાં વર્ષ જીવવાનાં હશે. કાંઠે આવેલો હું તને વિલાયત જવાની-દરિયો ઓળંગવાની રજા તો કેમ આપું ? પણ હું વચમાં નહીં આવું. ખરી રજા તારી બાની. જો તે તને રજા આપે તો તું સુખેથી જજે.' આમ કાકાનું વલણ રૂઢિચુસ્ત છે, ભત્રીજાને ખુલ્લા દિલે ટેકો નથી આપતા.

ગાંધીજી જ્યારે કાકાને કહે છે કે તમે પોરબંદરના એડમિનિસ્ટ્રેટર લેવી સાહેબ ઉપર ભલામણપત્ર આપો. જેથી તેઓ રાજ્ય તરફથી થોડી મદદ કરે. પરંતુ કાકા કહે છે, તું ચિઠ્ઠી લખ. તેમને રુચશે તો મદદ કરશે.

કાકાના મનમાં કદાચ ડર હતો કે જો પોતે ચિઠ્ઠી લખી આપે ને પેલા સાહેબ મદદ કરે તો પોતે ધર્મવિરૂદ્ધ કાર્યમાં ભાગીદાર થયા ગણાય.

કાકાની અલિપ્તતા અને રૂઢિચુસ્ત વલણ સામે માતા પૂતળીબાઇની જાગૃતિ અને દીકરાની પ્રગતિ માટેની ધગશ સરખાવવાં જેવાં છે. માતા વિલાયતનાં ભયસ્થાનો વિશે ઘણી પૂછપરછ કરે છે. ગાંધીજીએ માતાને 'સાધ્વી સ્ત્રી' કહેલ છે. એટલે દીકરો ભ્રષ્ટ થઇ જાય, ધર્મ ચૂકી જાય એવું તો માતા ન જ ઇચ્છે ને ! પરંતુ માતા સમસ્યાનો ઉકેલ શોધે છે. સો વર્ષ પહેલાંની પૂતળીબાઇ પ્રગતિશીલ લાગે છે. એવા જ પ્રગતિશીલ જૈન સાધુ બેચરજી સ્વામી મળી જાય છે. જે ગાંધી કુટુંબના સલાહકાર હતા. તેમણે પેલી ત્રણ જાણીતી પ્રતિજ્ઞાઓ લેવડાવી ગાંધીજી માટે વિલાયત જવાનો માર્ગ મોકળો કરી આપ્યો.

આ પ્રકરણના ત્રણ પાત્રો યાદગાર છે. માવજી દવેનો દૂરંદેશીભર્યો વિશ્વાસ અને સાચી સૂઝ, માતાની ધર્મનિષ્ઠા અને પ્રગતિશીલ વલણ તથા બેચરજીસ્વામીની વિવેકબુદ્ધિ નોંધપાત્ર છે.

ગાંધીજી વિલાયતથી બેરિસ્ટર થઇ પાછા ફરે છે ત્યારે પણ કેસ મેળવી આપવામાં માવજી દવેના પુત્ર કેવળરામે મદદ કરી હતી.

શ્રી ઝવેરચંદ મેઘાણી લિખિત 'લિ. હું આવું છું' પત્રસંગ્રહમાં શ્રી રમણિક મેઘાણીના એક પત્રમાં કેવળરામ માવજી દવેનો ઉલ્લેખ છે ત્યાં પણ એક વિદ્યાપ્રેમી સજ્જન તરીકે અને વિદ્યાર્થીઓના સહાયક તરીકેનો ઉલ્લેખ છે.

ગાંધીજી વિશેની આપણી સાહિત્યિક ચર્ચાઓમાં માવજી દવે વિશે બહુ ઉલ્લેખ નથી થયો. ખાસ કોઇનું ધ્યાન નથી ગયું. પણ મને લાગે છે કે માવજી દવે ગાંધીજીના જીવનમાં આવેલી મહત્ત્વની વ્યક્તિઓમાં પ્રથમ પંક્તિમાં બિરાજી શકે એવા છે.

★★★

# સંઘ દ્વારા આયોજિત આર્થિક સહાયનો કાર્યક્રમ
# ભરૂચ જિલ્લાના માંગરોલની ARCH સંસ્થા માટે
# સંઘ દ્વારા પર્યુષણ પર્વ દરમિયાન મળેલ ભેટની રકમની યાદી

૩૫૦૦૦ શ્રી રતિલાલ છબીલદાસ મુખત્યારના પરિવાર તરફથી હઃ શ્રી જયવદનભાઈ મુખત્યાર
૧૧૦૦૧ શ્રી ચિનુભાઈ સી. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૧૦૦૦ શ્રી અમેરિકન ડ્રાયફ્રુટ સ્ટોર્સ : શ્રીમતી મણિબાઈ હરિરામ ઠક્કરની સ્મૃતિમાં હઃ શ્રી આર.ટી.
૧૧૦૦૦ શ્રી સુરેશભાઈ યુ. પેથાણી
૧૧૦૦ શ્રી તારાબહેન ચંદુલાલ ઝવેરી
૧૦૦૦ શ્રી ઉષાબહેન એચ. શાહ ટ્રસ્ટ
૧૦૦૦ શ્રી કે.કે. મોદી ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦૦૦૦ સ્વ. શ્રી કાંતિલાલ મણિલાલ સોનાવાલા ટ્રસ્ટ
૧૦૦૦ શ્રી એ.આર. શાહ
૧૦૦૦ શ્રી બાઈ જાદવાબાઈ શુભ માર્ગ ટ્રસ્ટ
૧૦૦૦૦ શ્રી ભાનુ ચેરિટેબલ ટ્રસ્ટ હઃ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ
૭૫૦૦ મે. અરજણ ખીમજી એન્ડ કું.
૭૫૦૦ એક હિતેચ્છુ
૭૫૦૦ શ્રી ચિમકો બાયો મેડિકલ એન્જિનયરિંગ કું. હઃ શ્રી જસવંતભાઈ અજમેરા
૫૦૦૦ શ્રી હંસાબહેન સંઘવી, પિતાશ્રી ડૉ. શંકરલાલની સ્મૃતિમાં
૫૦૦૦ શ્રી માંડવી મેડિકલ સ્ટોર્સ
૫૦૦૦ મે. કાંતિલાલ છગનલાલ
૫૦૦૦ શ્રી લાલભાઈ જેઠુભાઈ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ હઃ શ્રી કલાબહેન
૫૦૦૦ શ્રી છોટાલાલ નાથાલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હઃ શ્રી હસમુખભાઈ
૫૦૦૦ સ્વ. સુશીલાબહેન વિક્રમભાઈ દોશીના સ્મરણાર્થે હઃ શ્રી રાજેન્દ્ર આર. દોશી
૫૦૦૦ સ્વ. સુશીલાબહેન વિક્રમભાઈ દોશીના સ્મરણાર્થે હઃ શ્રી વિક્રમભાઈ આર. દોશી
૫૦૦૦ શ્રી કેશવલાલ કપૂરચંદ ચોક્સી : શ્રી વિનોદ કેશવલાલ ચોક્સી : શ્રી ધનકુંવર કેશવલાલ ચોક્સી હઃ શ્રીમતી કમળાબહેન કાંતિલાલ દેસાઈ
૫૦૦૦ શ્રી યતીન શાહ
૫૦૦૦ શ્રી જી.એમ. શેઠ
૫૦૦૦ શ્રી ભાઈચંદ એમ. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી નગીનદાસ પી. શેઠ
૫૦૦૦ મે. વિરાણી એન્ડ એન.એમ. વિરાણી ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી અતુલભાઈ વી. શાહ
૫૦૦૦ શ્રી જમનાદાસ હેમચંદ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી ગિરનાર ફૂડ એન્ડ બેવરેજીસ પ્રા.લિ. હઃ શ્રી શર્મીબહેન ભણસાળી
૫૦૦૦ શ્રી ઈન્દુબહેન તથા હરકીશન ઉદાણી
૫૦૦૦ શ્રી પ્રેમજી એસ. શાહ
૫૦૦૦ શ્રી ક્વૉલિટી કન્સ્ટ્રક્શનહઃ શ્રી ચિનુભાઈ છગનલાલ શાહ
૫૦૦૦ શ્રી દેવકાબહેન જેસીંગભાઈ મણિયાર
૫૦૦૦ શ્રી મણિબહેન પટેલના સ્મરણાર્થે હઃ શ્રી ડી.એસ. પટેલ
૫૦૦૦ શ્રી સુજાતા પી. કાપડિયા
૫૦૦૦ શ્રી અતુલ સી. શેઠ H.U.F.
૫૦૦૦ શ્રી જ્યુપિટર એક્ષપોર્ટ
૫૦૦૦ શ્રી ભોગીલાલ લહેરચંદ ફાઉન્ડેશન
૫૦૦૦ શ્રી રસિકલાલ ભાઈલાલ શાહ
૫૦૦૦ રોયલ કેમિસ્ટ હઃ શ્રી મુકુંદભાઈ ગાંધી
૫૦૦૦ શ્રી જીવણલાલ વીરચંદ દોશી હઃ શ્રી વિનુભાઈ
૫૦૦૦ શ્રી અમૃતલાલ પોપટલાલ મણિયાર હઃ નવીનભાઈ તથા રસિકભાઈ મણિયાર
૫૦૦૦ સ્વ. દામોદર કરશનદાસ હઃ શ્રી કોકિલાબહેન હેમંતભાઈ
૫૦૦૦ શ્રી મહેન્દ્રભાઈ માધવલાલ વોરા
૫૦૦૦ શ્રી મિલ્ટન પ્લાસ્ટિક લિમિટેડ
૫૦૦૦ શ્રી મનહરલાલ હકમીચંદ વોરા
૫૦૦૦ શ્રી મધુભાઈ ડી. વોરા
૫૦૦૦ શ્રી પ્રીતમભાઈ દોશી (સિંગાપુરવાળા)
૫૦૦૦ શ્રી એક ભાઈ તરફથી
૫૦૦૦ શ્રી વસનજી લખમશી શાહ
૫૦૦૦ શ્રી બિપિનચંદ્ર જૈન
૫૦૦૦ શ્રી નિશાબહેન નીલેશભાઈ કોઠારી
૫૦૦૦ શ્રી અલ્પાબહેન નિશિથભાઈ કોઠારી
૫૦૦૦ શ્રી અનિલભાઈ પિયૂષભાઈ કોઠારી
૫૦૦૦ શ્રી ગોપિકા અનિલભાઈ કોઠારી
૫૦૦૦ શ્રી કાંતિલાલ ઝુમચંદભાઈ કોઠારી
૫૦૦૦ શ્રી અજન્ટા એન્ટરપ્રાઈઝ
૩૫૦૦ શ્રી જીટીએન એન્ડ કું.
૩૦૦૧ શ્રી રમેશભાઈ એચ. પારેખ
૩૦૦૦ શ્રી એક બહેન તરફથી
૩૦૦૦ સ્વ. જસવંતલાલ કપૂરચંદ શાહ હઃ શ્રી અશોક જસવંતલાલ શાહ
૨૫૦૦ ડૉ. રમણલાલ ચી. શાહ તથા શ્રી તારાબહેન શાહ
૨૫૦૦ શ્રી ચીમનલાલ જે. શાહ
૨૫૦૦ શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ
૨૫૦૦ શ્રી નીરુબહેન તથા શ્રી સુબોધભાઈ શાહ
૨૫૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૨૫૦૦ સવિતાબહેન કે.પી. શાહ
૨૫૦૦ શ્રી મહેન્દ્રભાઈ અંબાલાલ શાહ હઃ શ્રી દિલીપભાઈ
૨૫૦૦ તારાબહેન મોહનલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હઃ શ્રી પુષ્પાબહેન
૨૫૦૦ શ્રી રમાબહેન વોરા તથા શ્રી જયસુખભાઈ વોરા
૨૫૦૦ શ્રી વિમળાબહેન જી. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હઃ શ્રી પુષ્પાબહેન
૨૫૦૦ શ્રી યશોમતીબહેન હીરાલાલ શાહ
૨૫૦૦ શ્રી ઉષાબહેન મહેતા તથા શ્રી રમાબહેન મહેતા
૨૫૦૦ શ્રી વસુમતીબહેન સી. ભણસાળી
૨૫૦૦ શ્રી નીરુ એન્ડ કું. હઃ શ્રી ભુપેન્દ્રભાઈ ઝવેરી
૨૫૦૦ મણિબહેન એસ. પટેલ
૨૫૦૦ શ્રી ગુણવંતીબહેન મહાસુખભાઈ દેવડાવાળા ડૉ. અનિલભાઈ
૨૫૦૦ શ્રી લક્ષ્મીચંદ નાનજી વિસરીઆ
૨૫૦૦ શ્રી શોભના લક્ષ્મીચંદ વિસરીઆ
૨૫૦૦ શ્રી ઠાકોરલાલ કેશવલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ હઃ શ્રી મીરાબહેન મહેતા
૨૫૦૦ શ્રી કુસુમબહેન એન. ભાઉ
૨૫૦૦ શ્રી એ.આર. ચોક્સી H.U.F.
૨૫૦૦ શ્રી આર.એસ. ઝવેરી એન્ડ કું.
૨૫૦૦ શ્રી સી.એન. સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ મિનાબહેન કિરણભાઈ ગાંધી
૨૫૦૦ શ્રી શારદાબહેન પી. શાહ
૨૫૦૦ શ્રી મુક્તાબહેન લાભુભાઈ સંઘવી
૨૫૦૦ શ્રી લીબર્ટી પ્રાઈમ પેલેસ હઃ શ્રી લાલજીભાઈ
૨૫૦૦ શ્રી મહાવીર ઇલેક્ટ્રોનિક્સ
૨૫૦૦ શ્રી પ્રવીણાબહેન રજનીકાંત ઘડિયાળી
૨૫૦૦ શ્રી પ્રતાપ વી. શાહ : શ્રી મધુબહેન નિમિત્તે
૨૫૦૦ શ્રી માણેકબહેન જી. શાહ : શ્રી અરવિંદભાઈ નિમિત્તે
૨૫૦૦ શ્રી મંજુલાબહેન ચીમનલાલ શાહ
૨૫૦૦ શ્રી દયાબહેન ગીરજાશંકર ટ્રસ્ટ
૨૫૦૦ ડૉ. કાંતિલાલ કલ્યાણજી સાવલા
૨૫૦૧ શ્રી શારદાબહેન તથા શ્રી બાબુભાઈ
૨૫૦૦ શ્રી ધર્મીબહેન મણિલાલ મહેતાના સ્મરણાર્થે હઃ શ્રી કુસુમબહેન પ્રવીણભાઈ ભણસાળી
૨૫૦૦ શ્રી ભરત જયંતીલાલ શાહ

૨૫૦૦ શ્રી એક ભાઇ હઃ શ્રી બાબુલાલ કેશવલાલ
૨૫૦૦ શ્રી હસમુખભાઇ ચીમનલાલ કુવાડિયા
૨૫૦૦ શ્રી રત્નદીપ ચેરિટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી રસિલાબહેન જયસુખલાલ પારેખ
૨૫૦૦ શ્રી ખુશાલભાઇ ટિંબડીઆ
૨૫૦૦ શ્રી ઇન્દુબહેન મોટાશા
૨૫૦૦ શ્રી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાળા
૨૫૦૦ શ્રી જયંતીભાઇ છેડા
૨૫૦૦ શ્રી રમણલાલ નગીનદાસ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી કાશ્મિરા મોદી
૨૫૦૦ શ્રી વર્ષાબહેન કે. દેસાઇ
૨૫૦૦ ડૉ. રાજુ શાહના પરિવાર તરફથી
૨૫૦૦ શ્રી લાલજીભાઇ શીવજીભાઇ શાહ - દાદર
૨૫૦૦ શ્રી વિમળાબહેન લાલજીભાઇ શાહ - દાદર
૨૫૦૦ શ્રી રસીલાબહેન નગીનદાસ
૨૫૦૦ પ્રભાવતી નેમીચંદ કુવાડિઆ
૨૫૦૦ શ્રી દક્ષાબહેન શાહ
૨૫૦૦ શ્રી રસિકલાલ છોટાલાલ શાહ
૨૫૦૦ શ્રી કાશીબહેન હરજીવનદાસ સંઘારકા
૨૫૦૧ શ્રી દિનેશભાઇ બાવચંદ
૨૫૦૦ શ્રી હર્ષા શાહ
૨૫૦૦ શ્રી રતિલાલ વોરા
૨૫૦૦ ચીમનલાલ ઠાકોરદાસ ઝવેરી હઃ શ્રી સુશીલાબહેન ઝવેરી
૨૫૦૦ શ્રી ત્રિશલા ઇલેક્ટ્રોનિક્સ
૨૫૦૦ સ્વ. તલકચંદ હીરાચંદ શાહ તથા સમરતબહેન તલકચંદ શાહ શ્રી ચિનુ ડી. સંઘવીના સ્મરણાર્થે હઃ હર્ષદભાઇ તથા રેખાબહેન શાહ
૨૫૦૧ શ્રી ભારતીબહેન કપાસી
૨૫૦૦ શ્રી મનીષભાઇ જગદીશભાઇ શાહ
૨૫૦૦ શ્રી અંશુબહેન કૃષ્ણકાંત
૨૫૦૦ શ્રી હર્ષદભાઇ ડી. શાહ
૨૫૦૦ શ્રી યુનાઇટેડ ઓટો સ્ટોર્સ
૨૫૦૦ શ્રી પદમાબહેન વી. શાહ
૨૫૦૦ શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ
૨૫૦૦ શ્રી અમૃતલાલ ઓ. અહીઆ
૨૫૦૦ શ્રી ચંપાબહેન રતનભાઇ મહેતા
૨૫૦૦ શ્રી એક ભાઇ તરફથી
૨૫૦૦ શ્રી બાબુભાઇ ચંપકલાલ તોલાટ
૨૫૦૦ શ્રી જસવંતીબહેન પી. વોરા ચેરિટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી વિજય જ્વેલરી સ્ટોર્સ હઃ પાલનપુરનિવાસી સ્વ. કમળાબહેન ધુડાલાલ મહેતાના સ્મરણાર્થે
૨૫૦૦ ડૉ. રસીલાબહેન અનંતરાય સંઘવી
૨૫૦૦ શ્રી મીનાબહેન એમ. શાહ
૨૫૦૦ શ્રી સરોજબહેન એમ. શાહ
૨૫૦૦ શ્રી બળવંતભાઇ હરિલાલ શાહ
૨૫૦૦ શ્રી સુરેશભાઇ કે. ધ્રુવ
૨૫૦૦ શ્રી દિલીપભાઇ હીરાલાલ શાહ
૨૫૦૦ શ્રી કોકિલાબહેન શાહ
૨૫૦૦ શ્રી એસ.એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ અનુબહેનની અઠ્ઠાઇ નિમિત્તે
૨૫૦૦ શ્રી ચંદુલાલ પી. સંઘવી
૨૫૦૦ શ્રી ધીરજલાલ એલ. અજમેરા
૨૫૦૦ શ્રી વિનુભાઇ ઉમેદચંદ
૨૫૦૦ શ્રી હસમુખભાઇ ડી. શાહ હઃ શ્રી કલ્પાબહેન
૨૫૦૦ શ્રી રવિચંદ સુખલાલ શાહના પરિવાર તરફથી હઃ શ્રી કુન્દનભાઇ
૨૫૦૦ શ્રી મુગટભાઇ સી. વોરા
૨૫૦૦ શ્રી મહેન્દ્રભાઇ કોલસાવાલા
૨૫૦૦ શ્રી કિશોર રસિકલાલ શાહ
૨૫૦૦ શ્રી સારાભાઇ નગીનદાસ નગરશેઠ
૨૫૦૦ શ્રી ધીરજલાલ તલકચંદ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી માર્ટવીન સેલ્સ એજન્સી
૨૫૦૦ શ્રી હરિલાલ રામજીભાઇ
૨૫૦૦ શ્રી શાંતિલાલ મહેતા
૨૫૦૦ શ્રી શીતલબહેન અરુણકુમાર સંઘવી
૨૫૦૦ શ્રી મણિબહેન ગોવિંદજી હીરજી હરિયા ફાઉન્ડેશન હઃ શ્રી વનીતા માલદે
૨૫૦૦ શ્રી શારદાબહેન જેઠાલાલ શાહ
૨૫૦૦ શ્રી સરલાબહેન કુસુમચંદ્ર ચાંપસી છેડા
૨૫૦૦ સ્વ. રમણીકભાઇ પૂંજાભાઇ પરીખ-ના સ્મરણાર્થે
૨૫૦૦ શ્રી ભરતભાઇ શાહ
૨૫૦૦ શ્રી હર્ષદભાઇ ડી. શાહ
૨૫૦૦ સ્વ. કસ્તુરભાઇ કેશવલાલ હઃ શ્રી અલકાબહેન શાહ
૨૫૦૦ શ્રી મોહિનીબહેન દલાલ તથા સુધાબહેન દલાલ
૨૫૦૦ શ્રી ચીમનલાલ ત્રીભોવનદાસ હઃ શ્રી સુરેન્દ્રભાઇ સી. શાહ
૨૫૦૦ શ્રી શોભનાબહેન કે. ખાંડવાલા
૨૫૦૦ મે. અશ્વિન કે. કોઠારી
૨૫૦૦ શ્રી મફતલાલ ભીખચંદ શાહ
૪૭૭૭૦ રૂા. ૨૫૦૦થી નીચેની કુલ રકમ

★★★

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘને મળેલ ભેટ રકમની યાદી

૫૦૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી કોન્વેસ્ટ પબ્લીક ચેરિટેબલ ટ્રસ્ટ
૧૧૦૦ શ્રી એક ભાઇ
૧૧૦૦ શ્રી પીયૂષભાઇ કોઠારી
૧૧૦૦ શ્રી નરેન્દ્ર કાંતિલાલ શાહ
૧૧૦૦૦ શ્રી નવનીત પ્રકાશન હઃ શ્રી ડુંગરશીભાઇ
૧૦૦૦૦ શ્રી ઉષાબેન એચ. શાહ ટ્રસ્ટ
૭૫૦૦ શ્રી દક્ષાબહેન શાહ
૬૦૦૦ છોટાલાલ નાથાલાલ શાહ ચેરી. ટ્રસ્ટ હસ્તે : હસમુખભાઇ
૬૦૦૦ શ્રી ભોગીલાલ લહેરચંદ ફાઉન્ડેશન
૫૧૦૦ શ્રી સ્પેક્ટર કોનેકટ્રોનિક્સ પ્રા.લિ.
૫૦૦૦ શ્રી કેશવલાલ કપૂરચંદ ચોક્સી, વિનોદ કેશવલાલ ચોક્સી, શ્રી ધનકુંવરબેન કેશવલાલ ચોક્સી, હસ્તે શ્રી કમળાબેન કાંતિલાલ દેસાઇ
૫૦૦૦ શ્રી કર્વૉલિટી કન્સ્ટ્રકશન હઃ શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ
૫૦૦૦ શ્રી જી.એમ. શેઠ
૫૦૦૦ શ્રી પ્રેમજીભાઇ એસ. શાહ
૫૦૦૦ શ્રી મણિબેન પટેલના સ્મરણાર્થે હસ્તે : ડી.એસ. પટેલ
૫૦૦૦ શ્રી કાંતિલાલ પૂનમચંદના સ્મરણાર્થે હસ્તે : જે.કે. શાહ
૫૦૦૦ શ્રી એ.આર. શાહ
૫૦૦૦ શ્રી મુગટભાઇ ડી. વોરા
૫૦૦૦ શ્રી રમણલાલ નગીનદાસ
૫૦૦૦ શ્રી સારાભાઇ નગીનદાસ શેઠ
૫૦૦૦ શ્રી સમર્પણ ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી રોયલ કેમિસ્ટ હઃ શ્રી મુકુન્દભાઇ ગાંધી
૫૦૦૦ શ્રી હરકિશનભાઇ ઉદાણી
૪૫૦૦ શ્રી કુસુમબહેન એન. ભાઉ
૪૦૦૦ શ્રી રાજુ શાહના પરિવાર તરફથી
૩૫૦૦ ડૉ. રમણલાલ ચી. શાહ તથા શ્રી તારાબહેન શાહ
૩૫૦૦ શ્રી ચીમનલાલ જે. શાહ
૩૫૦૦ શ્રી નીરુબહેન તથા શ્રી સુબોધભાઇ એમ. શાહ
૩૫૦૦ શ્રી ભાનુ ચેરિટેબલ ટ્રસ્ટ હઃ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ
૩૫૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૩૫૦૦ શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ
૩૫૦૦ શ્રી ઉષાબહેન મહેતા તથા શ્રી રમાબહેન મહેતા
૩૫૦૦ શ્રી રમાબહેન તથા જસુખભાઇ વોરા
૩૫૦૦ શ્રી વિમળાબહેન જી. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હઃ ગુણવંતલાલભાઇ
૩૫૦૦ શ્રી સી.એન. સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ
૩૫૦૦ શ્રી નીરુ એન્ડ કું. હઃ શ્રી ભુપેન્દ્રભાઇ જવેરી
૩૫૦૦ શ્રી હસમુખભાઇ ડી. શાહ

૩૫૦૦ શ્રી મહેન્દ્ર અંબાલાલ શાહ હઃ શ્રી દિલીપભાઈ
૩૫૦૦ શ્રી વસુમતીબહેન ભણસાળી
૩૫૦૦ શ્રી સવિતાબેન કે.પી. શાહ
૩૫૦૦ શ્રી વિનુભાઈ ઉમેદચંદ
૩૫૦૦ શ્રી જીવણલાલ વીરચંદ મહેતા હઃ શ્રી વિનુભાઈ
૩૫૦૦ શ્રી અમૃતલાલ પોપટલાલ મણિયાર હઃ પ્રવીણભાઈ તથા શ્રી રસિકભાઈ મણિયાર
૩૫૦૦ શ્રી અરુણાબહેન અજિતભાઈ ચોક્સી
૩૫૦૦ શ્રી જમનાદાસ હેમચંદ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ શેઠ માણેકલાલ ઉજમશી મેમોરિયલ પબ્લીક ચેરિટેબલ ટ્રસ્ટ હઃ શ્રી જ્યોત્સનાબહેન
૨૫૦૦ શ્રી ઠાકોરલાલ કેશવલાલ મહેતા હઃ શ્રી મીરાંબહેન મહેતા
૨૫૦૦ શ્રી રસિલાબહેન મહેન્દ્રભાઈ ઝવેરી
૨૫૦૦ શ્રી આર.એસ. ઝવેરી એન્ડ કું.
૨૫૦૦ શ્રી નવીનભાઈ સોમચંદ દલાલ
૨૫૦૦ શ્રી રજનીકાંત ઠાકોરદાસ ઘડિયાળી
૨૫૦૦ શ્રી મંજુલાબહેન ચીમનલાલ શાહ
૨૫૦૦ કે. એડવિન એન્જિન્યરિંગ કું. હઃ શ્રી લાભુભાઈ મહેતા
૨૫૦૦ શ્રી સુવર્ણાબહેન દલાલ
૨૫૦૦ શ્રી રસિલાબહેન જયસુખલાલ વોરા
૨૫૦૦ શ્રી જયંતીભાઈ છેડા
૨૫૦૦ શ્રી પોલિથીન પ્રિન્ટિંગ એન્ડ સિલિંગ વર્ક્સ
૨૫૦૦ શ્રી લાલજીભાઈ શિવજીભાઈ શાહ - દાદર
૨૫૦૦ શ્રી વિમળાબહેન લાલજીભાઈ શાહ - દાદર
૨૫૦૦ શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
૨૫૦૦ શ્રી નેમચંદ ચીમનલાલ કુવાડિયા
૨૫૦૦ શ્રી માલતીબહેન ઝવેરી
૨૫૦૦ શ્રી ઊર્મિલાબહેન શેઠ
૨૫૦૦ શ્રી વિક્રમભાઈ શાહ
૨૫૦૦ શ્રી કે.કે. મોદી ચેરિટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ સ્વ. શ્રી કાંતિલાલ મણિલાલ સોનાવાલા, ચેરિટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી પૂનમબહેન અતુલભાઈ વી. શાહ
૨૫૦૦ શ્રી મનીષભાઈ જગદીશભાઈ શાહ
૨૫૦૦ શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ
૨૫૦૦ શ્રી રચના ઇલેક્ટ્રોનિક્સ
૨૫૦૦ શ્રી નીલા સી. પરીખ
૨૫૦૦ શ્રી એ.આર. ચોક્સી
૨૫૦૦ શ્રી ચીમનલાલ જીવાચંદ પાટણવાળા
૨૫૦૦ શ્રી મંજુલાબહેન મણિલાલ વોરા
૨૫૦૦ શ્રી દિનેશભાઈ બાલચંદ દોશી
૨૫૦૦ શ્રી મહેન્દ્રભાઈ કોલસાવાલા
૨૫૦૦ શ્રી મહેન્દ્રભાઈ ભાઈલાલભાઈ વોરા
૨૫૦૦ શ્રી સુરેશભાઈ યુ. પેથાણી
૨૫૦૦ શ્રી અદિતીબેન દેવાંગભાઈ
૨૫૦૦ શ્રી મનહરલાલ હકમીચંદ વોરા
૨૫૦૦ શ્રી પ્રીતમભાઈ દોશી (સિંગાપુર)
૨૫૦૦ શ્રી માર્ટવીન સેલ્સ એજન્સી
૨૫૦૦ શ્રી વસનજી લખમશી શાહ
૨૫૦૦ શ્રી બિપિનભાઈ જૈન
૨૫૦૦ શ્રી જેઠાલાલ અમૃતલાલ દોશી
૨૫૦૦ શ્રી યતીન સુમતિચંદ્ર ભોગીલાલ
૨૫૦૦ શ્રી ચીમનલાલ ત્રિભુવનદાસ અજમેરા
૨૫૦૦ શ્રી ભરતભાઈ શાહ
૨૫૦૦ ડૉ. દક્ષાબહેન અનિલભાઈ પટેલ (માંગરોળ)
૨૫૦૦ શ્રી હસમુખભાઈ એચ. શાહ
૨૫૦૦ શ્રી રવિચંદ સુખલાલ શાહના પરિવાર તરફથી
૨૫૦૦ શ્રી ખુશાલભાઈ ટીંબડીયા
૨૫૦૦ શ્રી હિમાંશુ ચોક્સી
૨૫૦૧ સ્વ. પ્રેમચંદ એન. બાવીસી હસ્તે : શ્રી પુષ્પાબેન બાવીશી
૨૫૦૦ બીનાબેન ચોક્સી
૨૫૦૦ શ્રી દેવકાબેન જેસંગભાઈ મણિયાર
૨૫૦૦ શ્રી એક ભાઈ તરફથી
૨૫૦૦ શ્રી જી.ટી.એન. એન્ડ કું.
૨૫૦૦ શ્રી વર્ષાબેન કે. દેસાઈ
૨૫૦૦ શ્રી ચિમકો બાયો કેમિકલ એન્જિનરિંગ હઃ જસવંતભાઈ અજમેરા
૨૦૦૦ શ્રી એક બહેન
૨૦૦૦ શ્રી પ્રભાવતી એન્ડ રમણીકલાલ નગીનદાસ પરીખ ચેરીટેબલ ટ્રસ્ટ
૨૦૦૦ શ્રી કાંતિભાઈ રમણભાઈ પરીખ
૨૦૦૦ શ્રી કાંતિલાલ કરમશી વિકમશી
૨૦૦૦ શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ
૨૦૦૦ શ્રી મધુસૂદન શાહ
૧૫૦૦ શ્રી ચંદનબેન દલાલ
૧૫૦૦ શ્રી એસ.કે. કાપડિઆ
૧૫૦૦ શ્રી મુગટભાઈ સી. વોરા
૧૫૦૧ સ્વ. કંચનબેન ચીમનલાલ અજમેરા અને શ્રી મહેશ અજમેરાના સ્મરણાર્થે
૧૫૦૧ એક બહેન તરફથી
૧૨૦૦ શ્રી મણિબેન પટેલ
૧૧૧૧ શ્રી જગદીશભાઈ સી. માલદે
૧૦૦૦ શ્રી જસુમતીબહેન હસમુખભાઈ કુવાડિયા
૧૦૦૦ શ્રી વનિતાબહેન શાહ
૧૦૦૦ શ્રી શારદાબહેન પી. શાહ
૧૦૦૧ શ્રી શારદાબહેન તથા શ્રી બાબુભાઈ
૧૦૦૦ શ્રી વોમ બિલ્ડર્સ
૧૦૦૦ શ્રી ઈન્દુબહેન મોટાશા
૧૦૦૦ શ્રી વંદનાબહેન આર. શાહ
૧૦૦૦ શ્રી કાંતિલાલ મોહનલાલના પરિવાર તરફથી
૧૦૦૦ શ્રી સુરેશ ટી. માણેકલાલ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦૦૧ શ્રી કલાબહેન સંઘવી ડૉ. સંઘવી
૧૦૦૧ શ્રી ભારતીબહેન કપાસી
૧૦૦૦ શ્રી ગિરનાર ફુડ એન્ડ બેવરેજીન પ્રા.લિ. હઃ શ્રી શર્મીબહેન ભણસાળી
૧૦૦૧ શ્રી બાબુભાઈ ઘાટલિયા
૧૦૦૧ શ્રી ભારતીબહેન ભૂપેન્દ્રભાઈ શાહ
૧૦૦૧ શ્રી મિનાક્ષીબહેન કિરણભાઈ
૧૦૦૧ ગં.સ્વ. દવરાબેન નરસી વેલજી
૧૦૦૦ શ્રી આર.ટી. શાહ
૧૦૦૧ શ્રી રેવાબહેન મણિયાર
૧૦૦૧ શ્રી એક બહેન તરફથી
૧૦૦૦ સ્વ. જસવંતલાલ કપૂરચંદ શાહ હઃ શ્રી અશોક જસવંતલાલ શાહ
૧૦૦૧ શ્રી ધીરજલાલ એલ. અજમેરા
૧૦૦૦ શ્રી રોહન ચંદ્રકાંત નિર્મળ
૧૦૦૦ શ્રી ચિરાગ પંકજ ખારા
૧૦૦૧ શ્રી શીતલબહેન અરુણકુમાર સંઘવી
૧૦૦૧ શ્રી પ્રેમકુમારી દેવચંદભાઈ ગાલા
૧૦૦૧ શ્રી કાંતિભાઈ હરગોવિંદ શાહ
૧૧૧૧ શ્રી પુષ્પાબહેન હીરજી દેઢિયા
૧૦૦૦ શ્રી ચંદુલાલ સેલારકા
૧૦૦૦ શ્રી સીતાબહેન
૧૦૦૦ શ્રી સરસ્વતીબહેન ડાહ્યાભાઈ જવેરી
૧૦૦૦ શ્રી એક બહેન તરફથી
૬૦૦ શ્રી મોતીબહેન ઉમિયાશંકર શાહ
૫૦૦ સ્વ. વિજયાબહેન સ્વ. દુર્લભજીભાઈ પરીખ તરફથી હઃ શ્રી રમેશભાઈ પરીખ
૫૦૧ શ્રી મિતાબહેન પ્રકાશભાઈ ગાંધી
૫૦૧ શ્રી લાભુભાઈ સંઘવી
૫૦૧ શ્રી રત્નદીપ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦ શ્રી ખુશાલભાઈ ટિંબડિયા
૫૦૦ શ્રી ચંદ્રાબહેન હરસુખભાઈ શાહ
૫૦૦ શ્રી ત્રિશલા ઇલેક્ટ્રોનિક્સ
૫૦૦ શ્રી જયંતીલાલ અંબાલાલ શાહના સ્મરણાર્થે
૫૦૧ શ્રી જયંતીલાલ ચુનીલાલ શાહ
૫૦૧ શ્રી મંગળાબહેન ઝાટકિયા
૫૦૦ શ્રી મંજુલાબહેન મહેતા
૫૫૧ શ્રી વિરલ શાહ
૫૦૦ શ્રી નયનાબહેન આર. ઝવેરી
૫૦૦ શ્રી મિતાબહેન કોઠારી
૫૦૦ શ્રી વર્ષાબહેન દલાલ
૫૦૦ શ્રી પ્રતાપ વી. શાહ
૫૦૦ શ્રી સુરેશભાઈ કે. ધ્રુવ
૫૦૦ શ્રી વસંતબહેન એચ. તલસાણિયા
૫૦૦ શ્રી મહાવીર ઇલેક્ટ્રોનિક્સ
૫૦૧ શ્રી શારદાબહેન તથા શ્રી બાબુભાઈ
૫૦૧ શ્રી સુધાબહેન તોલાટ
૫૦૦ શ્રી ચંદ્રાબહેન હરસુખભાઈ શાહ
૫૦૦ શ્રી એક બેન તરફથી
૫૦૦ શ્રી બાબુભાઈ
૫૦૧ શ્રી નટુભાઈ પટેલ
૫૦૧ શ્રી વીણાબહેન વોરા

**નેત્રયજ્ઞ માટે**

૨૦૦૦૦ શ્રી ધીરજલાલ તલકચંદ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ

# શ્રી ભક્તામર સ્તોત્ર-ગૂર્જર પધાનુવાદ

## (હરિગીત છંદ)

❑ ભંવરલાલ નાહટા

સુરેન્દ્ર ભક્તોના મુકુટ મણિથી પ્રભાવિત ચરણ છે,
તે આદિ જિન અઘતમ વિનાશક નમન અશરણ શરણ છે;
આધાર ભવજલ ડૂબતાંને એક છે તારો પ્રભુ,
સમ્યક્ પ્રકારે નમન કરી ગાવું ગુણો તારા વિભુ...૧
તત્ત્વજ્ઞ પ્રજ્ઞાવાન સુરપતિ વિમલ બુદ્ધિ પ્રયોગથી,
સ્તવન કરતા દેખ મનસા થઇ પણ હું અલ્પ ધી;
ત્રૈલોક્ય જન મન હારિ સ્તવના અતિ ઉદારા દેખીને,
હું થુણુ આદીશ પ્રભુ અસમર્થતા સ્વઉપેખીને...૨
અજ્ઞ બાલક જેમ જલમાં ચંદ્રને ગ્રહવા મથે,
મન ધીઠ નિર્લજ તેમ મમ ઋષભેશ ગુણ કિંચિત કથે;
આશ્ચર્ય ! અતિશય કઠિન કાર્યે આજુ હું તત્પર થયો,
છોરુ તણી આ ચાલ સુધિજનથી ક્ષમા ઇચ્છી રહ્યો...૩
ગુણરત્નથી દરિયા ભર્યા તે કોણ વર્ણન કરી શક્યા ?
અસમર્થ સુરગુરુ આપ પણ જે જ્ઞાત ગરિમાથી છક્યા
કલ્પાંત વાવાઝોડ દુર્દમનીય સાગર જાણતો,
નિર્બલ ભુજાઓથી તરી સુખ કઇ રીતે માણતો...૪
હું પણ તમારી ભક્તિથી ઉધત થયો મુનિનાથજી,
તારા સુપાવન ગુણો ગાવા નથી શક્તિ મે સાથ ધી;
જિમ પ્રીતિવશ નિજશક્તિ અણતોલ્યા છતાં હરિણી ગઇ,
શિશુ બચાવા સિંહ સામે હિમ્મત કરી નિર્ભય થઇ...૫
તુલના કર્યા શ્રુતજ્ઞાની જન પરિહાસ પાત્ર છતાં મને,
સદ્ભક્તિ ત્હારી સ્તવન કરવામાં ઘણી પ્રેરક બને;
વસંત ઋતુમાં મંજરી મુકુરિત તણા પરતાપથી,
કોયલ ટહુકા કરી જનમન મોહતી અવાજથી...૬
ભવભ્રમણ પરંપરામાં નિબદ્ધ નિકાચિત પાપના,
ક્ષણ માત્રમાં ક્ષય થાય વિભુગુણ સ્તવન કરતાં આપના;
નિશિ જગતવ્યાપી તિમિર તો જયમ અંશુમાલી ઉદયથી,
ક્ષય થતાં વાર નથી કશી તિમ ભવ્ય થાઓ અભયજી...૭
જેમ જલકણ નલિની દલ ઉપર પડયા મોતી સમા,
દેખાય છે તિમ વાકય મ્હારા નિરસ ને છે અણગમા;
પ્રભુ નામ ગુણ પરતાપથી સુધિ જન ગણોના મન હરે,
ઉત્કૃષ્ટ રચના પંક્તિમાં આ આવશે ગણના ખરે...૮
કિરણ ઉષાકાલનું પડતાં કમલ વિકસિત થયા,
તિમ નાથ ત્હારી સત્કથાથી પાપ પુંજ સહુ દહ્યા;
દૂરે છતાં યોજન સહસ્ત્રો સૂર્યનો સુપ્રભાવ છે,
તેમ ભગવાન પાપનાશક સ્તોત્ર નિશ્ચય ભાવ છે...૯
ત્રણ ભુવન ભૂષણ સમા છો નાથ આપ શરણ પ્રદા,
ગુણ પ્રશંસક ભક્તને સ્વસમાન પદ દાતા સદા;
હું પણ તમારી ભક્તિથી ઇચ્છું ન કિમ સમકક્ષતા,
અનંત ગુણ ઐશ્વર્યશાલી આદિનાથ પ્રભુ છતાં...૧૦
અનિમેષ નયણાં દેખીને પ્રભુરૂપ બીજે ઠામમાં,
ન મલી શકે સંતુષ્ઠિ પણ અંતર ઠરે અભિરામના;
ક્ષીરસાગર નીર અમૃત પાન કરિ કુણ લવણમય,
જલપાનની વાંચ્છા કરે જેમાં સમાહિત રોગ ભવ...૧૧
પરમાણુઓ ઉત્તમ રહ્યા જે સકળ ચઉદહ રાજમાં,
તેથી થઇ બેજોડ રચના દેહથી જિનરાજના;
બીજો નથી કોઇ જડે સુરૂપવાન જિનેન્દ્ર સમ,
જેથી મળે શાંતિ ખરી સંતુષ્ટ થાયે હૃદય મમ...૧૨
સુર નાગ નર આનંદ દાતા આપનો મુખચંદ્ર છે,
ત્રણ લોક અનુપમ વસ્તુ સહુ પ્રતિયોગિતામાં મંદ છે;
શશિ કલંકિત મ્લાન મુખ જે દિવસમાં દેખાય છે,
પીત વર્ણ પલાશ સમ છબી હીન જેમ લેખાય છે...૧૩
પૂર્ણિમાના ચંદ્ર જયમ ઉજ્જ્વળ ગુણો પ્રભુ આપના,
વ્યાપ્ત ત્રિભુવનમાં વધી છે ત્રિજગનાથ મહામના;
શરણદાતા આપ છો સહુ કોઇ આશ્રિત છે સહી,
વિચરણ યથેચ્છ કરો અબાધિત કોઇ અટકાતો નથી...૧૪
ચિત્ત ચંચળ કારિકા રતિ રંભ આદિ દેવાંગના,
હરિ વિરંચી રુદ્ર સુર હારી તે દાસ સહુ બન્યા;
નિર્વિકાર અડોલ પ્રભુ છે અપ્રભાવિત શાશ્વતા,
તુફાન વાવાઝોડથી પણ મેરુ કંપિત નવિ થતા...૧૫
નવિ તેલ પૂરાતો કદી બેજોડ દીપક એહવો,
ધૂમ્રલીથી રહિત ત્રણ જગમાં પ્રકાશક તેહવો;
સ્વ પર ભાવ ઉદ્યોતકારી જ્ઞાનજ્યોતિ પ્રભુ તણી,
નવિ બુઝાવી શકતી કદી તુફાન ડુંગર ડોલણી...૧૬
સૂર્ય આથમતો સદા ને મેઘથી અવરાય છે,
ગ્રસે રાહુ તેહને નવિ ઘટાદિકમાં જાય છે;
સુપ્રકાશ સીમિત તેહનો નવિ ઉપમા તેની ઘટે,
પ્રભુ સદોદિત છે પ્રકાશી જ્ઞાન કદાપિ નવિ મટે...૧૭
મહા મોહ તમ ના નાશકારી પ્રભુ શ્રી જગદીશ્વરા
સદોદિત અજ્ઞાનવારક મુખ કમલ કાંતિ શ્રીધરા;
રાહુ ગ્રસિત તે ઘન ઘટાઓથી રહે આવરિત જે,
ચંદ્રની ઉપમા ન છાજે પ્રભુ અનંતગુણ અધિક છે...૧૮
જે અહર્નિશ મુખચંદ્ર ત્હારો દીપ્તિમય અનવરત છે,
જ્યાં રાત્રિમાં શશિહર અને વળી દિનકરો તે વ્યર્થ છે;
પાકેલ શાલિ ખેતમાં જયમ મેઘનો શું કાપ છે,
કાદવ કરે જલવૃષ્ટિ તિમ પણ શીત તાપ બેફામ છે...૧૯
મણિરત્નમાં જિમ દીપ જ્યોતિ પ્રકાશમાન રહે સદા,
તે કાચ કટકા માન પામે ધૂલિ કણ પરિણત યદા;
સ્વ પર પ્રકાશક જ્ઞાનભાનુ આપમાં જે મહત્વ છે,
હરિ બ્રહ્મા શિવ દેવાદિમાં મલતો ન તેવો સત્વ છે...૨૦
હરિહરાદિક દેવ દેખ્યાંથી સંતુષ્ટિ થાય છે,
દોષ ગુણ તુલના કર્યા વીતરાગ મન હરખાય છે,
હું માનતો ગુણ આટલો તુમ પ્રતિ જે શ્રદ્ધા થઇ;
તે ભવભવાંતર અન્ય દેવો ભુંસાવી શકશે નહીં...૨૧
સ્ત્રીઓ હજારો સુતપ્રસૂતા પણ તમારા સમકક્ષ તો,
નથી જન્મ આપ્યો અન્ય સુત જોતાંય લક્ષ પ્રત્યક્ષનો;
દિશિ વિદિશિમાં જયમ ઘણા તારાગ્રહ નક્ષત્રો ઉદિત છે.
પણ સૂર્યને ઉપજાવવા પ્રાચી દિશા જ સમર્થ છે...૨૨
સાધક મુનિજન સુધીજન સૌ આપને પરમાતમા,
અજ્ઞાન તમ ને હરણકારી માનતા સૂરજ સમા;
આપને પામી પ્રભુ ભય મૃત્યુનો ભૂંસાય છે,
નથી અન્ય શિવપદ માર્ગ પણ શ્રદ્ધા અનેરી થાય છે...૨૩

સુધીજન તમારા ગુણો ગાવા અહર્નિશ ઉદ્યમ કરે,
અવ્યય અનંત અનૂપ આદ્ય અચિંત્ય પ્રભુ અરે;
સર્વજ્ઞ એક અનેક બ્રહ્મને કામકેતુ યોગીશ્વરા;
યોગ મારગ અમલ જ્ઞાતા જય જપો શ્રી જિન ઈશ્વરા...૨૪
બુદ્ધિ તમારી બોધદાયક તમે જ નિશ્ચિત બુદ્ધ છો,
ત્રણ લોકના કલ્યાણકર શંકર તમે પણ શુદ્ધ છો;
શિવ માર્ગની વિધિના વિધાતા ખરી રીતે આપ છો,
ઉત્તમોત્તમ પુરુષ જનમાં પુરુષોત્તમ પણ આપ છો...૨૫
ત્રણ ભુવનના ચિંતા નિવારક નાથ તમને નમન છે
સકલ ભૂતલ આભરણ જિનરાજ તમને નમન છે
ત્રણ જગતના ઐશ્વર્ય સ્વામીનાથ તમને નમન છે
ભવજલધિ શોષક પાર તારક જિનેશ્વરને નમન છે...૨૬
મુનિ ઈશ ત્હારા હૃદયમાં ગુણ ગણ સકલ આવી વસ્યા,
અવશેષ કશું ન રહ્યું તદા અભિમાનથી અવગુણ ખસ્યા;
અન્ય દેવોમાં ઘણા આશ્રયો અમને મળી રહ્યા,
પરવા નથી જિનદેવની સ્વપ્ને ન આવા ઉમહયા...૨૭
તરુ બાર ગણું ઊંચું અશોક જો શોભિત સદા,
કાલીઘટામાં બિંબ સૂરજ જેમ જિનવર સર્વદા;
ભવ્ય કજ વિકસાવવા દેશના કિરણો આપતા,
પ્રાતિહાર્ય પ્રથમ મુમુક્ષુઓના કર્મદલને કાપતા...૨૮
મણિ કિરણથી વિચિત્ર ચિત્રિત રાજતા સિંહાસને,
ઉદયાચલે જિમ અંશુમાલિ ભાસતા કવિજન મને;
કનકવર્ણા આદિજિનની દેહ છે મહિમામયી;
પ્રાતિહાર્ય બીજું ભવ્ય જનને ત્વરિત કરતાં નિર્ભયી...૨૯
સ્વર્ણિમ સુમેરુ ટૂંક માથે જેમ જલ ઝરણા વહ્યા,
ઉભય પક્ષે એમ પ્રભુને શુભ્ર ચામર ઢાલિ રહ્યા;
રાશિ સમજ્વલ વારિધાર તણી પરે સુશોભતો,
પ્રાતિહાર્ય ત્રીજું વર્ણવ્યું આ કાવ્યમાં મન મોહતો...૩૦
શશિ સમુજ્વલ છત્ર ત્રય રવિ તાપ સર્વ નિવારતા,
મોતીયોની લટોથી બેજોડ શોભા ધારતા;
ત્રણ જગત સ્વામીનાથની એશ્વર્યતા પ્રગટાવતા,
પ્રાતિહાર્ય ચોથું આદિ જિનનું માનતુંગ બતાવતા...૩૧
દુંદુભી દેવો તણા વાદ્યે ગંભીર સ્વર પ્રસરાવતી,
દશે દિશામાં આદિજિનની યશોગાથા ગાવતી;
સધર્મની જય ઘોષણા મુખરિત થતી સહુ દેશમાં,
આદિશ તો પ્રાતિહાર્ય પંચમ સુરગણો સંદેશમાં...૩૨
પંચવર્ણી સુમન વૃષ્ટિ મંદાર પારિનીદિની,
નંદન વનાદિ મેરુગિરિ ઉપજેલ વૃષ્ટિ દેવાદિથી;
સમૌસરણ સુશોભતી જિમ પંચાંગી વાણી ખિરી,
પ્રાતિહાર્ય છઠ્ઠું બહુ સુગંધિત મુમુક્ષુ જન તે ઉદ્ધરી...૩૩
દ્યુતિવંત અમિત સુજ્યોતિ શો મિત ભામંડલ પ્રભુ તણો,
કોટિ સૂરજ શશિ સુમિશ્રિત તેજ-શીતલ છે ઘણો;
અંધકારનાશક રાત્રિનો પ્રભુ તેજ પૂંજ સુહામણો,
સાતમો પ્રાતિહાર્ય જિનવર તણો શોભિત અતિ ઘણો...૩૪
આઠમો પ્રાતિહાર્ય ભાષાથી સંબંધિત જિત તણો,
સ્વર્ગાપવર્ગ બતાવનારો ધર્મતત્ત્વ કથે ઘણો;
નિજ ભાષામાં સહુ દેશ ભાષી કલતા સરળતાથી કરે,
સર્વ ભાષા સ્પર્શનારો જિનોપદેશ હિયે ધરે...૩૫
પદ ધરે ભગવાન જ્યાં ત્યાં સ્વર્ણ કમલો સંચરે,
ગોઠવણ એવી વ્યવસ્થિત છે ભક્તદેવો જે કરે;
જિનરાજ એવા અતિશયી નભકાંતિ અદ્ભુત ધારતી,
તીર્થેશ પદની પરમ ગરિમા ભવ ભ્રમણ સૌ વારતી...૩૬
સમૃદ્ધ ત્હારા સમવસરણે જે વિભૂતિ વિરાજતી,
ધર્મોપદેશની હરિહરાદિ માંહિ પ્રતિમા નવિ છતી;
તારા ગણોમાં ચમક છે પણ ભાનુની શી બરાબરી,
કરી શકે ન પ્રકાશ તે અંધકાર વર્જિત શર્વરી...૩૭
મદમત્ત કરિવરના કપોલે દ્વિરેફ ગણ મંડારતા,
કુપિત થઈ ઉદ્ધત ઐરાવત બહુ ચિંચાડ મચાવતા;
એહવા ભયાનક સ્થાનમાં તવ ભક્તજન નિર્ભય રહે,
કારણ હૃદયમાં આપનું આસન સદા જે સ્થિર રહે...૩૮
મદમત્ત ગજ કુંભસ્થળો ક્ષણ માત્રમાં જ વિદારતો
વળી રક્તથી ખરડેલ મુક્તા ભૂમિમાં બિખરાવતો
બેજોડ શક્તિવાન મૃગપતિ પણ લહે અસમર્થતા
આક્રમણ ન કરે ચરમ યુગ ગિરિની લહેજો શરણતા...૩૯
પ્રલય વાવાઝોડ પ્રેરિત અગ્નિના શોલા ઊડે,
દાવાગ્નિ જે સર્વસ્વ ભક્ષી કહો તેથી કુણ ભિડે;
પ્રભુનામ કીર્તન વારિ સીંચ્યા ભક્તજન નિર્ભય રહે,
આદીશ પ્રભુના નામથી તે અગ્નિ શીતલતા લહે...૪૦
પિક કંઠ જેવો નાગ કાળો ફણ ઉઠાવી આવતો,
પુકાર કરતો લાલ નેત્રો ભયંકર અણમાનતો;
પ્રભુ નામ વિદ્યા નાગદમની જેહના હૃદયે વસે,
અણબીહતો સદભક્ત તે શિર ચરણ રાખીને વસે...૪૧
ગજ અશ્વતાતા અને પાયક રથ સહિત ચતુરંગિણા
વ્યૂહ બાંધી આવતી જે ફૌજ રાજાઓ તણી
સંગ્રામમાં પ્રભુભક્તિ ધરજે ભિડે તો નાસે સહિ
જિમ સૂર્ય કિરણ પડ્યા પછી તિમિર શકતું નવિ રહી...૪૨
કાદવ થયો સંગ્રામમાં ગજ રક્તધાર પ્રવાહી થી,
શસ્ત્રાસ્ત્ર ચમકે વીરજનના અણદમે ઉત્સાહથી;
એવી વિકટ રણભૂમિમાં દુર્જેય માથે જય લહે,
જે પ્રભુ ચરણનો આસરો લે દુખ કદી પણ ના સહે...૪૩
મોટા મગરમચ્છાદિ જ્યાં છે ડોલતા દરિયાવમાં
વડવાગ્નિનો ભય અને વાવાઝોડ તરંગ વહેણમાં
ડગમગ કરંતા વાહણો જાતાં સમુદ્ર સમાધિમાં
પ્રભુ નામ શરણો જે ગ્રહે તે તટ લહે નિરુપાધિમાં...૪૪
રોગભોગ જલાદરાદિનો મહા વિકરાલ છે,
ઉદર ભાર અસહ્ય પીડા જીવિતવ્ય બેહાલ છે;
આદીશ પ્રભુના પદ રજોમૃત તણા ભક્તિ પ્રયોગથી,
મદન તુલ્ય સ્વરૂપવાન થઈ જાય છે ગત રોગથી...૪૫
પગ હાથમાં બેડી પડી સાંકળ બાંધેલી કંઠમાં,
ઘસી જંઘાઓ ઉભય જે રહ્યો નિબિડતર બંધમાં;
એવો મનુજ ઋષભેશ ત્હારો નામ જાપ કરે સદા,
તત્કાલ બંધન ભય રહિત થઈ જાય છે ભક્તો તદા...૪૬
ગજમત્ત સિંહ દવાનલાદિ નાગ ફણધારી તણા,
સંગ્રામ દરિયાને મહા રોગો જલોદર આદિના;
કેદ કારાગારની પણ અષ્ટ ભય ઉપર કહ્યા,
કરતા સ્તવન આદીશના ભક્તો બધા નિર્ભય થયા...૪૭
વિચિત્ર જિન ગણ સુમનથી બિરુદાવલી ગૂંથી અહીં
ભક્તિ પૂરિત બહુ રુચિર જિનરાજના કંઠે ઠવી
પ્રભુ માનતુંગ સુભક્ત રચના છે પ્રભાવક ફલ પ્રદા
ધનલક્ષ્મી માતાજી પસાયે પદકજ 'ભંવર' કહે મુદા...૪૮

પ્રશસ્તિ

દ્વિ સહસ્ત્ર અડતિસ વર્ષ કાર્તિક શુકલ દ્વિતીયા દિવસમાં,
નિર્વાણ સહજાનંદઘન જિનભક્તિના આવેશમાં,
સ્તોત્ર ભક્તામર તણી ગૂર્જર ગિરા મંતવ્ય છે;
પ્રથમાભ્યાસ સ્ખલનાઓ બધી વિદ્વજ્જને ક્ષંતવ્ય છે.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ❀ મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

● વર્ષ : ૫ ● અંક : ૧૧/૧૨ ● ● તા. ૧૬-૧૨-૯૪ ● ● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## લેખકો અને રાજ્યસત્તા

આપણા મુખ્ય ચૂંટણી કમિશ્નર શ્રી શેષન્ વિશે લખાયેલા સંસ્મરણાત્મક જીવનચરિત્રમાં તામીલનાડુનાં દિવંગત રાજદ્વારી નેતાઓ શ્રી અન્નદુરાઈ, શ્રી એમ. જી. રામચંદ્રન વગેરે માટે એમણે વ્યક્ત કરેલા અંગત અભિપ્રાયોના એટલા મોટા પ્રત્યાઘાત પડ્યા કે મદ્રાસના એરપોર્ટમાંથી લોકોએ એમને બહાર નીકળવા ન દીધા. શેષન પોતાના અભિપ્રાયમાં સાચા હોય તો પણ જનમત આગળ તેઓ અસહાય બની ગયા. આ તો એક રાજદ્વારી લેખક વિષે બનેલી રાજદ્વારી ઘટના છે, પરંતુ લેખકોની સત્યનિષ્ઠા, સમાજનિષ્ઠા, રાજ્યનિષ્ઠા વગેરે માટે તે વિચારપ્રેરક બની રહે એવી ઘટના છે.

બંગાળી લેખિકા તસ્લીમા નસરીને પોતાના એક ગ્રંથમાં કુરાન વિરુદ્ધ કેટલાક અભિપ્રાયો વ્યક્ત કર્યા તે માટે રૂઢિવાદી મુસ્લિમ જનતાએ મોતની સજા જાહેર કરી અને લેખિકાને ભૂગર્ભવાસમાં રહેવું પડ્યું અને છેવટે પોતાનું વતન છોડી સ્વીડન ચાલ્યા જવું પડ્યું. યુરોપીય લેખક મંડળોએ તસ્લીમાની તારીફ કરી છે અને એને સાહિત્ય માટે ઍવૉર્ડ અપાયો છે. એને આર્થિક ચિંતા ન રહે તે માટે પણ તેઓએ બાંયધરી આપી છે. બ્રિટનમાં રહેતા લેખક સલમાન રશદીએ કેટલાંક વર્ષ પહેલાં 'સેતાનિક વર્સિસ' નામની પોતાની કૃતિમાં ઈસ્લામ વિરોધી વિચારો દર્શાવ્યા તે માટે ઈરાનના ખૌમેનીએ એમને માટે મોતની સજા ફરમાવી હતી અને ઈરાનના મારાઓ એમને મારી નાખવાની તક હજુ પણ શોધી રહ્યા છે. એથી સલમાન રશદીને સતત ભયમાં જીવન ગુજારવું પડે છે.

કેટલાંક વર્ષ પહેલાં એક ગુજરાતી લેખકની એમની અશ્લીલ વાર્તા માટે અડધી રાતે ધરપકડ કરવામાં આવી હતી અને જેલમાં પૂરવામાં આવ્યા હતા, પરંતુ સદ્‌ભાગ્યે તેઓ નિર્દોષ છૂટી શક્યા હતા.

અંગ્રેજોના શાસકાળ દરમિયાન કેટલાંય પુસ્તકો અને ચોપાનિયાં પ્રતિબંધિત થયાં હતાં. કેટલાંયે લેખકોએ પોતાનાં લખાણ માટે કારાવાસ ભોગવ્યો હતો.

સોવિયેટ યુનિયનમાંથી કેટલાયે લેખકોને દેશનિકાલ કરવામાં આવ્યા હતા. કેટલાક દેશ છોડીને વિદેશમાં ભાગી ગયા હતા. સોવિયેટ યુનિયનના વિસર્જન પછી સોલ્ઝેનિત્સિન માદરે વતનમાં પાછા ફર્યા છે. આવી આવી ઘટનાઓ વખતોવખત બનતી હોય છે ત્યારે કેટલાકને પ્રશ્ન થાય છે કે લેખકના વિચાર સ્વાતંત્ર્યને જગતમાં અવકાશ કેટલો ? કોની સત્તા ચડે ? લેખકની કે સરકારની ? Pen is mightier than sword એમ કહેવાય છે, પરંતુ સાધારણ વ્યવહારમાં તો રાજ્યસત્તા આગળ લેખકને નમતું આપવું પડે છે અથવા રાજ્ય છોડીને ચાલ્યા જવું પડે છે. દુનિયાના કેટલાયે દેશોમાં ગુનાહિત લેખનકાર્ય માટે લેખકોને કાનૂની કાર્યવાહી કરીને અથવા કર્યા વગર જેલમાં પૂરવામાં આવે છે. કેટલાક લેખકો તે સહન કરવાનું પસંદ કરે છે, પણ પોતાના વિચારો બદલાવતા નથી.

લેખક સ્વાન્તઃ સુખાય લખે છે એમ કહેવાય છે અને એ સાચું હોવા છતાં જેવી એની કૃતિ પ્રકાશિત થાય કે તરત જ એ માત્ર લેખકનો વિષય ન બની રહેતાં સર્વનો વિષય બની જાય છે. સરકારને પણ એની સાથે નિસ્બત રહે છે, જો તે પ્રજામાં ખળભળાટ મચાવે છે તો.

લેખકોની આંતરરાષ્ટ્રીય સંસ્થા PEN તરફથી વખતોવખત એવા લેખકો યાદી તૈયાર કરવામાં આવે છે કે જે લેખકોને કંઈક વાંધાજનક લખાણને કારણે એમની સરકાર તરફથી જેલમાં પૂરવામાં આવ્યા હોય. કેટલાંક વર્ષ પહેલાં ઓસ્ટ્રેલિયાના સિડની શહેરમાં PENની આંતરરાષ્ટ્રીય પરિષદમાં મારે ભાગ લેવાનું બન્યું હતું. ત્યારે એવી યાદી ઉપર નજર ફેરવવાનો અવકાશ મળ્યો હતો. તે વખતે જોયું હતું કે દુનિયાના કેટલા બધા દેશોમાં કેટલા બધા લેખકો જેલવાસ ભોગવી રહ્યા હતા ! સોવિયેટ યુનિયન, ચીન, બીજા સામ્યવાદી કે સરમુખત્યાર-શાહીવાળા દેશોમાં એ સંખ્યા ઘણી મોટી હતી. એવા કેટલાક લેખકોને જેલમાંથી છોડાવવા માટે PEN સંસ્થા ઉચ્ચ રાજદ્વારી કક્ષાએ પોતાની લાગવગનો ઉપયોગ કરે છે. કેટલાય દેશોમાં લેખકોને, તેમના ઉપર અદાલતમાં કામ ચલાવ્યા વગર અમર્યાદિત સમય માટે જેલમાં પૂરી દેવામાં આવે છે. જ્યાં ન્યાય જેવું કશું ન હોય ત્યાં રાજદ્વારી લાગવગ કદાચ કામ કરી જાય. એવી રીતે કેટલાક લેખકોને PEN દ્વારા છોડાવવામાં આવે છે. PEN સંસ્થાનું લેખકોના હિતમાં આ એક મોટું, સક્રિય યોગદાન છે. કેટલાય દેશોમાં સ્થાનિક લેખકો જાતે કે પોતાના મંડળો દ્વારા પોતાના લેખક બંધુને છોડાવવાને સમર્થ થઈ શકતા નથી. કેટલાક દેશોમાં એ બાબતમાં લેખકોમાં પણ મતભેદ પડી જાય છે. બીજા દેશના પ્રતિષ્ઠિત લેખકો કે તેમનાં મંડળો દ્વારા એ કાર્ય તટસ્થતાપૂર્વક વહેલું થઈ શકે છે.

જેલમાં પૂરવામાં આવેલા લેખકોની એ યાદીમાં કોઈ સ્ત્રી લેખિકાનું નામ નહોતું. સાહિત્યના ક્ષેત્રે એકંદરે લેખકો કરતાં લેખિકાઓની સંખ્યાનું પ્રમાણ ઘણું ઓછું હોય છે. તેમાં પણ રાજ્ય વિરુદ્ધ કે ધર્મ વિરુદ્ધ લખાણ લખવા માટેની નૈતિક હિંમત લેખિકાઓમાં ઓછી રહે છે. વળી સરકારોનું વલણ પણ લેખિકાઓને જેલમાં પૂરવાની બાબતમાં કંઈક કુમળું રહેવાને કારણે આવી યાદીમાં લેખિકાઓનાં નામ ન હોય તે સ્વાભાવિક છે. વર્તમાન સમયમાં બંગાળી લેખિકા તસ્લીમા નસરીને

ઇસ્લામ ધર્મ વિરુદ્ધ પોતાના કેટલાક વિચારો દર્શાવવામાં જે નૈતિક હિંમત દાખવી છે એ પ્રશંસનીય છે.

દુનિયામાં જેટલા બધા લેખકો જેલવાસ ભોગવતા હોય છે, એ બધાને માત્ર લેખનના કારણે જ જેલમાં પૂરવામાં આવ્યા હોય એવું નથી હોતું. લેખક થયા એટલે બધી જ રીતે સારામાં સારા નાગરિક હોય એવું નથી. લેખક પણ અંતે મનુષ્ય છે. પોતાની લાગણીના આવેગમાં તે કંઇક અપકૃત્ય કરી બેસે એવો સંભવ રહે છે. કેટલાક લેખકોને કોઇકનું ખૂન કરવા માટે, કેફી પદાર્થોની દાણચોરી માટે, પ્રાચીન કલાકૃતિઓ વગેરેની ચોરી કરવા માટે, જાસૂસી કે રાજદ્રોહ કરવા માટે, વધુ પડતો નશો કરી તોફાન મચાવવા માટે, વ્યભિચાર કે જાતીય સતામણી માટે કે એવા કોઇ બીજા ગંભીર ગુના માટે કાયદેસર ગુનેગાર ઠરાવીને સજા કરવામાં આવે છે. તેઓ લેખક થયા એથી તેઓના આવા ગુના માફ કરી શકાય નહિ. કેટલાક કિસ્સાઓમાં તો તેઓ લેખક હોવાને કારણે તેમની પાસેથી વધુ સમજદારીપૂર્વકના વર્તનની અપેક્ષા રહે છે.

દુનિયામાં જેટલા લેખકો જેલમાં છે તે બધા જ નિર્દોષ છે અને જેલમાં રહેવાને પાત્ર નથી એવું નહિ કહી શકાય. કેટલાય લેખકોએ ઇરાદાપૂર્વક એવું જૂઠું, બદનક્ષીભર્યું અને ઉશ્કેરણીના આશયથી લખ્યું હોય છે કે જે પરિસ્થિતિને તંગ બનાવે છે. અનેક સાચા નાગરિકોને આઘાત પહોંચાડે છે. એવા લખાણ માટે તે લેખકો સજાને પાત્ર બને, તો તેમાં કશું અયોગ્ય નથી. સમગ્ર પરિસ્થિતિનો અભ્યાસ કરીને ન્યાયમૂર્તિઓએ આપેલો નિર્ણય વ્યાજબી હોય છે.

બધાં જ લેખકો પ્રામાણિક, સત્યપ્રિય, ન્યાયપ્રિય અને નિષ્ઠાવાન હોય એવું નથી. પોતાને જે સાચું લાગે તે જ લખવું એવું દરેકની બાબતમાં બનતું નથી. કેટલાક જરૂર એ પ્રમાણે કરતા હોય છે અને તેમની સામાજિક પ્રતિષ્ઠા ઘણી મોટી હોય છે. પરંતુ કેટલાક એવા પણ હોય છે કે જે બીજાની ચડવણીથી કે અંગત સ્વાર્થ માટે લખતા હોય છે. કેટલાક લેખકો પૈસા લઇને ભાડૂતી લેખક તરીકે લખે છે. કેટલાક દ્વેષપૂર્વક માત્ર ઝેર જ ઓકતા હોય છે. કેટલાંકની દષ્ટિ વિકૃત બની ગઇ હોય છે. કેટલાક નિષ્ફળતાના નિર્વેદથી, અસૂયા, દ્વેષ, ધિક્કારથી પીળી આંખવાળા બની જાય છે. આવું જ્યાં બનતું હોય ત્યાં તેવા લેખકો પ્રત્યે લોકોને સહાનુભૂતિ થતી નથી. તેમને માટે કોઇ સંકટ આવી પડે તો 'સારું થયું. એ તો એ જ લાગના હતા' એવી લાગણી ઘણા અનુભવે છે. કેટલાક લેખકો તદ્દન અશ્લીલ સાહિત્ય લખતા હોય છે. તેમની કૃતિ પ્રતિબંધિત થવી જોઇએ અને તે લેખકને સજા થવી જોઇએ એવો મત સર્વ-સામાન્ય છે.

પ્રાચીન સમયમાં કવિ કે લેખકોની શક્તિની રાજ્ય દ્વારા વિવિધ રીતે કદર થતી. ત્યારે સમગ્ર સામાજિક સંદર્ભ જુદો હતો. સારા કવિ કે લેખકો આજીવિકા બાબત નિશ્ચિંત રહેતા, અને પોતાની સાહિત્યોપાસના સતત ચલાવી શકતા, કારણ કે રાજ્ય તરફથી એમને આર્થિક સહાય મળતી. કેટલાક રાજ્યોમાં તો 'રાજકવિ'નું ખાસ પદ રહેતું અને તે માટે ઉત્તમ કવિની પસંદગી થતી. ઘણાખરા રાજાઓ રાજકવિને એમના સર્જનકાર્ય માટે પૂરી સ્વતંત્રતા આપતા. અલબત્ત, ક્યારેક લાગવગથી અયોગ્ય કવિની 'રાજકવિ' તરીકે પસંદગી કરાતી ત્યારે કવિઓમાં તેનું રાજકારણ ચાલતું, પરંતું તેનું સક્રિય પરિણામ આવતું નહિ.

પ્રાચીન સમયમાં રાજાશાહીના યુગમાં કોઇપણ કવિ કે લેખક રાજા કે રાજ્યની વિરુદ્ધ લખી શકતો નહિ. વસ્તુતઃ કવિ કે લેખકોનું વલણ એકંદરે રાજાને પ્રસન્ન કરવાનું રહેતું. એવા લેખકોમાં કેટલાક તો અતિશયોક્તિ ભરેલાં પ્રશંસાનાં વચનો રાજાને માટે ઉચ્ચારતા. ભાટ ચારણોની બિરદાવલિઓ તો એના સાક્ષાત નમૂના છે. એટલા ઉપરથી તો 'ભાટાઇ' શબ્દ આવેલો છે. રાજા પ્રત્યેનો ભક્તિભાવ હોવો એ પ્રજાજન તરીકે કવિને માટે કર્તવ્યરૂપ મનાતું. એ જમાનામાં રાજ તરફથી કેટલાય કવિ લેખકોને વર્ષાસન બાંધી આપવામાં આવતું. કવિ કે લેખકોનાં પોતાના અંગત સંવેદન રાજા કે રાજ્યથી વિરુદ્ધ હોય તો તે વ્યક્ત કરવાની હિંમત કરતા નહિ અને એવું કરનાર લેખકોને સજા થતી.

કેટલાક રાજાઓ પોતાના પ્રજાજન ઉપર માલિકી ભાવ અનુભવતા. તેઓ કવિ-લેખકો ઉપર પણ એવો ભાવ અખત્યાર કરતા. ક્યારેક તેઓ ગ્રંથકર્તા તરીકે પોતાનું નામ જોડવાનો આગ્રહ રાખતા અને લેખકોને તેમ કરવું પડતું. કવિ ધનપાલે 'તિલકમંજરી' નામના ગ્રંથની રચના કરી છે તેની પાછળ એવી દંતકથા રહેલી છે કે રાજાએ એ ગ્રંથ સાથે પોતાનું નામ જોડવા માટે આગ્રહ કર્યો હતો. પરંતુ કવિ ધનપાલે એનો અસ્વીકાર કર્યો એટલે રાજાએ રોષે ભરાઇને રાજસભામાં આખો ગ્રંથ બાળી નાંખ્યો હતો. આથી ધનપાલને આખો ગ્રંથ ફરીથી લખવો પડ્યો હતો. એમાં એમની દીકરી તિલક મંજરીએ પોતાની સ્મૃતિની આધારે ઘણી સહાય કરી હતી. એટલે કવિ ધનપાલે એ ગ્રંથનું નામ 'તિલક મંજરી' રાખ્યું હતું.

આધુનિક સમયમાં પ્રચાર માધ્યમોના વિકાસ પછી અને મુદ્રણકળાની સુલભતાને કારણે દુનિયાભરમાં છાપા, ચોપાનિયાં, પત્રિકાઓ, સામયિકો વગેરેની સંખ્યા ઘણી બધી વધી ગઇ છે અને એની સાથે સાથે દુનિયાભરમાં પત્રકાર-લેખકોનો મોટો વર્ગ ઊભો થયો છે. છાપાઓને રોજ નવો ખોરાક જોઇએ છે. લોકોને સનસનાટી ભરેલી વાતોમાં રસ પડે છે. આથી કેટલાય પત્રકારો 'સ્ટોરી ગોતવા' નીકળી પડે છે. જે કાંઇ સામગ્રી મળે છે તેમાં મરી મસાલો ઉમેરીને તેઓ એક અહેવાલ તૈયાર કરી નાખે છે. એવા અહેવાલોમાં કેટલીક વાર કાચા અભિપ્રાયો કે પૂર્વગ્રહ-પીડિત વચનો લખાય છે. એમાં બેજવાબદાર લેખકો થોડા વખત માટે વધુ સનસનાટી મચાવે છે. પરંતુ સારી વાત એ છે કે આવી ઘણીખરી બાબતો થોડો વખત ગરમાગરમ ચર્ચાનો વિષય બનીને કાયમ માટે શાંત બની જાય છે. કેટલાક લેખકો આવું લખાણ કરતી વખતે નૈતિક અને કાનૂની મર્યાદા ઓળંગી જાય છે અને તેઓ સજાનો ભોગ બને છે. કેટલીકવાર આવા કેટલાક પત્રકાર-લેખકો બીજા કોઇક દેશની વિરુદ્ધ લખે છે અને જ્યારે ત્યાં જાય છે ત્યારે સજાનો ભોગ બને છે. દુનિયામાં જેલમાં પૂરવામાં આવેલા લેખકોમાં આવા પત્રકાર-લેખકોની સંખ્યા પણ ઠીક ઠીક રહે છે.

લેખકને પોતાનો મત વ્યક્ત કરવાની પૂરેપૂરી સ્વતંત્રતા હોવી જોઇએ. આવા વિચાર-સ્વાતંત્ર્યથી સામાજિક, આર્થિક, રાજકીય વગેરે ક્ષેત્રોમાં દૂષણો દૂર થાય છે અને પ્રગતિ સધાય છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે પોતે લેખક થયા એટલે ફાવે તેમ લખી શકે. લોકશાહીમાં લેખકને વધારે સ્વતંત્રતા મળે છે. એટલે લોકશાહી રાષ્ટ્રોના લેખકો બેધડક ખંડનાત્મક લખી શકે છે. દરેક વખતે તે પુરવાર કરવાનું શક્ય કે સરળ નથી હોતું. કેટલાક લેખકો પોતાના અંગત અજ્ઞાન, પૂર્વગ્રહ કે અધૂરી માહિતીને કારણે ખોટા અભિપ્રાયો ઉચ્ચારી નાખે છે. તોપણ તેની સામે કશું કરી શકાતું નથી. બહુ બહુ તો ખુલાસા છપાય છે, પરંતુ એક વખત પાણીમાં નાખેલો પથરો શંકા કુશંકાનાં વમળ જન્માવ્યા વિના રહેતો નથી. કેટલાક તો નાણાં પડાવવા માટે કોઇક ઉદ્યોગપતિ, ધર્માચાર્ય, રાજનેતા વગેરે વિશે ભુંડું લખે છે અને નાણાં મળતાં ચૂપ થાય છે.

કોઇ એક દેશના સાહિત્યકારે પોતાની સરકાર વિરુદ્ધ કંઇ લખ્યું હોય અને તે માટે તેને જેલમાં પૂરવામાં આવ્યા હોય તો દુશ્મન પાડોશી રાષ્ટ્ર તે કવિ કે લેખકનો પક્ષ લઇ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઉહાપોહ મચાવવા લાગે છે. પડોશી દેશને ઉતારી પાડવા માટે આ એક સુંદર તક મળે છે. કેટલાંક વર્ષો પહેલાં દક્ષિણ કોરિયાની સરકારે પોતાના કવિ 'કિમ જી હા'ને કેદમાં પૂર્યા હતા ત્યારે પાડોશી જાપાન દેશે એ કવિને છોડાવવા માટે ઘણો ઉહાપોહ મચાવ્યો હતો. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આવી ઘટનાઓ લેખકોની બાબતમાં વખતોવખત બનતી રહે છે .

કોઇપણ લેખક ધર્મના ક્ષેત્રે જ્યારે વિવાદભર્યું લખાણ લખે છે ત્યારે તે ઘણો ઉહાપોહ મચે છે. ઉશ્કેરાયેલા ઝનૂની લોકો ક્યારેક લેખકને મારી નાખવા સુધી પહોંચે છે. ધર્મનું ક્ષેત્ર અત્યંત સંવેદનશીલ અને અસહિષ્ણુ હોય છે. રૂઢિચુસ્ત શ્રદ્ધાવાન લોકોના વિચારો અને એમની ભાવનાઓ સ્થિર થઇ ગયેલી હોય છે. એટલે નવું મૌલિક અર્થઘટન સ્વીકારવાની તેઓની માનસિક તૈયારી હોતી નથી. એમાં પણ કોઇ લેખકનું આઘાત-પ્રત્યાઘાત જન્માવનારું લખાણ હોય, કોઇ ઇષ્ટદેવ કે ધર્મની માત્ર અવહેલના કરવાના આશયવાળું હોય તો લોકો તે ઝીલી શકતા નથી. આવા પ્રસંગોમાં લેખકને પક્ષે કદાચ સત્ય રહ્યું હોય તો પણ જનવાદ બળવાન બની જાય છે અને તેવા લેખકને ફાવવા દેતા નથી. ઓશો રજનીશે ઇશુ ખ્રિસ્તી વિશે કરેલા કેટલાંક વિધાનોને કારણે રૂઢિચુસ્ત ખ્રિસ્તી લોકોએ રજનીશ પ્રત્યે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. રજનીશે ઇસ્લામ ધર્મ વિરુદ્ધ કશું કહ્યું હોય તેવું જાણવામાં નથી. તત્ત્વ વિચારણાની દૃષ્ટિએ એટલો અવકાશ તેમને નહિ જણાયો હોય. ઇસ્લામ ધર્મના અનુયાયીઓમાં અસહિષ્ણુતાનું પ્રમાણ વધારે ગણાય છે. તેથી જ સલમાન રશદીએ અને તસ્લીમા નસરીને વ્યક્ત કરેલા વિચારોનો ઘણો મોટો પ્રત્યાઘાત ઇસ્લામ જગતમાં પડ્યો છે.

લેખકોની લેખન કૃતિઓના મુખ્યત્વે બે પ્રકાર છે. (૧) લલિત સાહિત્ય અને (૨) લલિતેતર સાહિત્ય. લલિત સાહિત્યમાં લેખક સર્જક તરીકે કવિતા, નાટક, વાર્તા, નવલકથા ઇત્યાદિ પ્રકારની કોઇ સર્જનાત્મક કૃતિનું સર્જન કરે છે. તેમાં પ્રસંગ, પાત્ર કે પરિસ્થિતિના આલેખનમાં કંઇક એવું લખાતું હોય કે જે કોઇ ધર્મ કે વ્યક્તિની બદનક્ષીરૂપ હોય અને તેથી તે વાંધાજનક બને તો પણ તેનો થોડોક બચાવ કદાચ થઇ શકે, પરંતુ લેખક નિબંધરૂપે, આત્મકથારૂપે, સંસ્મરણરૂપે કોઇ વર્તમાનપત્ર કે સામયિકમાં લેખરૂપે લખે અથવા ગ્રંથરૂપે લખે અને તેમાં પોતે કરેલા વિધાનો બીજા કોઇ ધર્મ કે વ્યક્તિના બદનક્ષીરૂપ હોય તો તેવા લખાણ માટે લોકશાહી ધરાવતા રાષ્ટ્રોમાં અદાલતમાં કાનૂની કાર્યવાહી કરી શકાય છે અને તેવા લેખકોને તે માટે સજા કરી શકાય છે.

જે લેખકોને પોતાને રાજકીય સત્તા ભોગવવાની તક મળે છે તેઓને માટે ત્યાર પછી સમતુલા જાળવવાનું કપરું બની જાય છે. ક્યારેક તેઓનો અભિગમ લેખકોની વિરુદ્ધ થઇ જાય છે તો ક્યારેક તેઓ લેખકોમાં પક્ષાપક્ષી ઊભી કરે છે. અલબત્ત રાજાશાહીમાં કવિ-લેખકનું ગૌરવ ઘણું મોટું હતું.

કેટલાક લેખકો પોતાના સમકાલીન અન્ય લેખકો, ધર્મગુરુઓ, કેળવણીકારો, રાજનેતાઓ કે એવી બીજી જાહેર વ્યક્તિઓ માટે પોતાના અંગત અનુભવો કે અભિપ્રાયો જાહેરમાં ઉચ્ચારતાં અચકાય છે. લેખિત રૂપે તે પ્રકાશિત કરવામાં પણ ઘણો ઉહાપોહ થવાનો સંભવ તેમને લાગે છે. બીજી બાજુ એવા અનુભવો કે અભિપ્રાયોને વ્યક્ત કર્યા વગર તેઓ રહી શકતા નથી. આવા સંજોગોમાં તેવા લેખકો પોતાનો સંસ્મરણાત્મક ગ્રંથ લખે છે, પરંતુ તે તરત પ્રકાશિત ન કરતાં ગુપ્ત રીતે સાચવી રાખે છે અને અમુક વર્ષ પછી પ્રકાશિત થાય એવી વંશવારસો દ્વારા યોજના કરે છે. આવું જ્યારે થાય છે ત્યારે ભૂતકાળની મહાન લાગતી કેટલીક વ્યક્તિઓ કોઇક પ્રસંગે કેવી પામર બની જતી તેનો આપણને ખ્યાલ આપે છે. અલબત્ત એ જમાનાની ઘણી ખરી વ્યકિતઓએ વિદાય લઇ લીધી હોય છે. એટલે સાબિતીને બહુ અવકાશ નથી રહેતો. એથી ઉહાપોહ બહુ થતો નથી. બીજી બાજુ આવી રીતે પ્રગટ થયેલા ગ્રંથોનું લોકોની અને સરકારની નજરે મૂલ્ય પણ ઓછું રહે છે, કારણ કે લખનારની નૈતિક હિંમતનો અભાવ તેના લેખનને ઝાંખું પાડી દે છે. વિદેહ લેખક સામે કાનૂની કાર્યવાહી કરવાનો પ્રશ્ન રહેતો નથી. વળી કેટલીક વાર ભૂતકાળની એ ઘટનાઓ કે વ્યક્તિઓનું નવા સામાજિક સંદર્ભમાં ઝાઝું મહત્ત્વ રહેતું નથી.

જે શ્રેષ્ઠ કક્ષાના લેખકો હોય છે તે તો સત્યને પણ પ્રિય અને હિતકર બનાવીને રજૂ કરે છે. તેમના મૌલિક ચિંતનમાં પણ એવું સત્ય હોય છે કે જે સહજ રીતે સ્વીકાર્ય બને છે. એમના હૃદયના ઉંડાણમાં કોઇને માટે દ્વેષ કે ધિક્કાર નથી હોતો. તેઓ કોઇ એક વર્ગને ઉશ્કેરવા નથી ઇચ્છતા. તેઓ ઇરાદાપૂર્વક અસત્ય કે અર્ધસત્યનો આશ્રય નથી લેતા. આમ છતાં એમના વિચારોમાં અભિનવતા હોય છે. તેઓ ક્રાન્તદ્રષ્ટા હોય છે. તેઓ પ્રજાને એક ડગલું આગળ લઇ જવાનું કાર્ય કરે છે. આવા લેખકોની કૃતિઓ વધુ જીવંત નીવડે છે.

વિવાદમય નિરર્થક ક્ષુદ્ર સાહિત્યને જીર્ણશીર્ણ કરી નાખવામાં કાળ મોટું પરિબળ બની રહે છે. નવી નવી પ્રજા ઉપર કાળભગવાનનો કેટલો મોટો ઉપકાર છે!

□રમણલાલ ચી. શાહ

## ભૂલ સુધાર

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬મી ઓક્ટોબર, ૧૯૯૪ના અંકમાં માંગરોલની આર્ય સંસ્થા માટે તથા સંઘને મળેલ ભેટ રકમની યાદીમાં કમ્પ્યુટર પ્રિન્ટીંગની ક્ષતિને કારણે કેટલાક આંકડાઓમાં ભૂલ રહેવા પામી છે તો તે નીચે મુજબ સુધારીને વાંચવા વિનંતી છે.

**માંગરોળની આર્ય સંસ્થા માટે ભેટ રકમની યાદી**

| | |
|---|---|
| ૧૧૦૦૦ | શ્રી તારાબહેન ચંદુલાલ ઝવેરી |
| ૧૧૦૦૦ | શ્રી ઉષાબહેન એચ. શાહ |
| ૧૧૦૦૦ | શ્રી કે. કે. મોદી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૦૦૦૦ | શ્રી એ. આર. શાહ |
| ૧૦૦૦૦ | શ્રી બાઇ જાદવાબાઇ શુભ માર્ગ ટ્રસ્ટ |

**સંઘને મળેલ ભેટ રકમની યાદી**

| | |
|---|---|
| ૫૦૦૦૦ | શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ |
| ૨૫૦૦૦ | કોન્વેસ્ટ પબ્લીક ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૧૦૦૦ | એક ભાઇ |
| ૧૧૦૦૦ | શ્રી પિયૂષભાઇ કોઠારી |
| ૧૧૦૦૦ | શ્રી નરેન્દ્ર કાંતિલાલ ટ્રસ્ટ |

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

# વાર્ષિક સામાન્ય સભા

સંઘની વાર્ષિક સામાન્ય સભા ગુરુવાર, તા. ૧૨-૧-૧૯૯૫ના રોજ સાંજના ૫-૩૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે, જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ૧૯૯૩-૯૪નો વાર્ષિક વૃત્તાંત તથા સંઘ તેમજ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો મંજૂર કરવા.
(૨) ૧૯૯૪-૯૫ના વર્ષના અંદાજપત્રો મંજૂર કરવા.
(૩) સંઘના પદાધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી.
(૪) સંઘ તેમજ વાચનાલય-પુસ્તકાલયના ઓડિટર્સની નિમણૂંક કરવી.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘનો વૃત્તાંત તથા સંઘ તેમજ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૩-૧-૯૫ થી તા. ૯-૧-૯૫ સુધીના દિવસોમાં બપોરના ૧થી ૫ સુધીમાં કોઇ પણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. આ સામાન્ય સભામાં કોઇને પ્રશ્ન પૂછવાની ઇચ્છા હોય તો તે બે દિવસ અગાઉ લેખિત મોકલી આપવા વિનંતી.

વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**નિરુબહેન એસ. શાહ**
**પ્રવીણચંદ્ર કે. શાહ**
માનદ્ મંત્રીઓ

# માંગરોલની ARCH સંસ્થા માટે સંઘ દ્વારા નોંધાયેલ વધુ રકમની યાદી

૫૦૦૦ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા
૫૦૦૦ શ્રીમતી પુષ્પાબહેન બિપિનચંદ્ર કાપડિયા
૨૫૦૦ શ્રી ઈન્દુલાલ એમ. દફતરી
૨૦૦૦ શ્રી કાંતિલાલ રમણલાલ પરીખ
૨૦૦૦ શ્રી પ્રભાવતી એન્ડ રમણિકલાલ નગીનદાસ પરીખ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૯૫૦ શ્રી સંવત્સરી પ્રતિક્રમણ પ્રભાવના કરનાર તરફથી
૧૫૦૦ શ્રી રમિલાબહેન મહાસુખલાલ શાહ
૧૫૦૦ શ્રી મધુબહેન શાહ
૧૧૧૧ શ્રી પુષ્પાબહેન હીરજી દેઢીઆ
૧૧૦૦ શ્રી મીનાબહેન શાહ
૧૧૦૦ શ્રી લલિતકુમાર સી. કોઠારી
૧૦૦૧ શ્રી સોહિણી શશિ અજમેરા
૧૦૦૧ શ્રી અલકા શાહ
૧૦૦૧ શ્રી કુસુમબહેન સૂર્યકાંત શાહ
૧૦૦૧ શ્રી ભાનુબહેન વી. શાહ
૧૦૦૧ શ્રી અશ્વિન દીપચંદ સંઘવીના સ્મરણાર્થે, હસ્તે શ્રી હીરાબહેન દીપચંદ સંઘવી
૧૦૦૧ શ્રી બાબુભાઈ ઘાટલિયા
૧૦૦૧ શ્રી ભારતીબહેન ભૂપેન્દ્રભાઈ શાહ
૧૦૦૧ શ્રી એક બહેન તરફથી
૧૦૦૧ શ્રી આર. ટી. શાહ
૧૦૦૧ શ્રી એક બહેન તરફથી
૧૦૦૧ શ્રી મુકુંદભાઈ સી. વોરા
૧૦૦૧ શ્રી શ્રીકાંતભાઈ હરગોવિંદ શાહ
૧૦૦૦ શ્રી સુવર્ણાબહેન દલાલ
૧૦૦૦ શ્રી રેખાબહેન કાપડિયા
૧૦૦૦ શ્રી ચંદ્રાબહેન હરસુખભાઈ શાહ
૧૦૦૦ શ્રી સરલાબહેન આર. ટી. શાહ
૧૦૦૦ શ્રી લીલાબહેન પ્રવીણચંદ્ર લગડીવાલા
૧૦૦૦ શ્રી નયનાબહેન આર. ઝવેરી
૧૦૦૦ શ્રી ક્ષમાબહેન
૧૦૦૦ શ્રી મિતાબહેન કોઠારી
૧૦૦૦ શ્રી વિમળાબહેન કાંતિલાલ ભગવાનદાસ
૫૦૧ એક ભાઈ તરફથી
૫૦૧ શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળિયા
૫૦૧ શ્રી ઉષાબહેન ઝવેરી
૫૦૧ એક સદ્‌ગૃહસ્થ
૫૦૧ શ્રી અશ્વિન શાહ
૫૦૧ શ્રી સોનલબહેન ભૂચર
૫૦૧ શ્રી વિજયાબહેન બાબુલાલ
૫૦૧ શ્રી શારદાબહેન ઈન્દુલાલ વોરા
૫૦૧ શ્રી ગૌતમલાલ અ. શાહ
૫૦૦ શ્રી તારાબહેન શેઠ
૫૦૦ શ્રી સૌભાગ્યલક્ષ્મી માણેકલાલ મનસુખલાલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦ શ્રી પ્રફુલ એમ. વોરા
૫૦૦ શ્રી મંગળાબહેન ઝાટકિયા
૫૦૦ શ્રી વર્ષાબહેન દલાલ
૫૦૦ મોતીલાલ પરશોત્તમદાસ
૫૦૦ શ્રી એક બહેન
૫૦૦ શ્રી જયંતીલાલ ભગવાનદાસ એન્ડ કું.
૫૦૦ શ્રી ટૂલ્સ અનલિમિટેડ કું.
૫૦૦ શ્રી એક ભાઈ
૪૦૦ શ્રી ગયાબહેન ગાલા
૨૫૨ એક બહેન
૨૫૧ શ્રી સુરેખાબહેન મહેન્દ્રભાઈ શાહ
૨૫૧ શ્રી ડૉ. પ્રવીણભાઈ જમનાદાસ શાહ
૨૫૧ શ્રી મધુકર શાંતિલાલ શાહ
૨૦૦ શ્રી શશિબહેન કાંતિલાલ મહેતા હસ્તે શ્રી શકુંતલાબહેન
૧૦૧ શ્રી પી. ટી. શાહ
૧૦૨ સ્વ. હીરાબહેનના સ્મરણાર્થે
૧૦૧ શ્રી જેસલ સંઘવી
૧૦૧ શ્રી એમ. ડી. ઝવેરી
૧૦૧ શ્રી મહેશભાઈ બાબુલાલ ઝવેરી
૧૦૧ શ્રી સુશીલાબહેન ચંદ્રકાંત
૧૦૦ શ્રી સરસ્વતીબહેન ઝવેરી
૧૦૦ શ્રી શકુંતલાબહેન શાહ
૫૧ શ્રી નવીનભાઈ
૫૦ શ્રી એક ભાઈ તરફથી
૨૫ શ્રી એક બહેન તરફથી

**સંઘને ભેટ મળેલ રકમની વધુ યાદી**

૩૫૦૦ શ્રી તારાબહેન મોહનલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી પુષ્પાબહેન પરીખ

# સંઘ સમાચાર

**(૧) નેત્રયજ્ઞ :** સંઘના આર્થિક સહયોગથી અને શ્રી વિશ્વવાત્સલ્ય ઔષધાલય- ગુંદી દ્વારા રવિવાર, તા. ૨૦મી નવેમ્બર, ૧૯૯૪ના રોજ બાંટાઇ (તા. વિરમગામ) મુકામે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ, પ્રો. તારાબહેન ૨. શાહ, શ્રી જયવદનભાઈ મુખત્યાર, શ્રી ભૂપેન્દ્રભાઈ ઝવેરી અને શ્રી એલ. એમ. મહેતા સંઘ તરફથી ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વવાત્સલ્ય ઔષધાલયના પ્રમુખ મુ. શ્રી કાશીબહેન મહેતા, શ્રી દરબારસિંગ, ડૉ. રમણલાલ ચી. શાહ, પ્રા. તારાબહેન શાહ વગેરેએ પ્રાસંગિક વક્તવ્યો રજૂ કર્યાં હતા. નેત્રયજ્ઞમાં ૭૮ ઓપરેશન થયાં હતાં. શ્રી જયવદન મુખત્યાર તરફથી દર્દીઓને ધાબળા તથા ટુવાલ આપવામાં આવ્યા હતાં.

**(૨) સ્થાનિક સંસ્થાઓની મુલાકાત :** પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ સંઘની પ્રેમળ જ્યોતિ શાખા તરફથી દીપોત્સવી પર્વ નિમિત્તે ધનતેરશ, તા. ૧૦-૧૧-૯૪ના રોજ સંઘના કાર્યકર્તા ભાઈ-બહેનોએ સ્ટેફર્ડ હોમ, જમશેદજી જીજાભાઈ ધર્મશાળા અને આનંદ કેન્દ્ર એ ત્રણ સંસ્થાઓની મુલાકાત લીધી હતી. વૃદ્ધ સ્ત્રી-પુરુષો તથા અનાથ બાળકોને માટે સંઘ તરફથી મિષ્ટાન્ન વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**(૩) ચામડીના દર્દીઓ માટે કેમ્પ :** સંઘના આર્થિક સહયોગથી ડૉ. કુમુદ પ્રવીણ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રવિવાર તા. ૪થી ડિસેમ્બર, ૧૯૯૪ના રોજ ચામડીના દર્દીઓ માટે તથા તાવ, મરડો વગેરે સામાન્ય દર્દો માટે એક કેમ્પનું આયોજન ડાંગ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં ધવલીઘર ગામમાં કરવામાં આવ્યું હતું. સવાસોથી વધુ દર્દીઓએ એ યોજનાનો લાભ લીધો હતો.

**(૪) સંઘનું નવું પ્રકાશન :** સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહ ગ્રંથ શ્રેણીના તેરમા ગ્રંથ તરીકે કવિ જયવંત સૂરિ કૃત નેમિનાથ રાજિમતી બારમાસા નામના ગ્રંથનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ ગ્રંથનું સંશોધન-સંપાદન ડૉ. શિવલાલ જેસલપુરાએ કર્યું છે. આ પુસ્તકની કિંમત રૂા. ૧૫ રાખવામાં આવી છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓ માટે આ ગ્રંથ ઉપયોગી છે.

**(૫) આર્ચ વાહિની-માંગરોલની મુલાકાત :** સંઘ તરફથી આ વર્ષે આર્થિક સહાયના પ્રોજેક્ટમાં માંગરોલ (જિ. ભરૂચ)ની આર્ચ વાહિની સંસ્થાની પસંદગી કરવામાં આવી હતી. તે માટે રૂપિયા સાડા છ લાખથી વધુ રકમ નોંધાઈ છે. આ રકમનો ચેક અર્પણ કરવાનો કાર્યક્રમ ફેબ્રુઆરી-માર્ચ ૧૯૯૫માં અનુકૂળ શનિ-રવિના રોજ યોજવામાં આવશે. જે સભ્યો અને દાતાઓને રસ હોય તેઓએ કાર્યલયમાં પોતાનાં નામ નોંધાવવા. તારીખ નિશ્ચિત થયે તેઓને જણાવવામાં આવશે.

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

તા. ૩૧ મી માર્ચ, ૧૯૯૪ ના દિવસનું સરવૈયું

| ૧૯૯૩ | ફંડો અને દેવું | | |
|---|---|---|---|
| | **રિઝર્વ ફંડ** | | |
| ૧૫૨૮૯૫૫-૧૮ | ગયા સરવૈયા મુજબ બાકી | ૧૫૩૭૨૦૯-૧૮ | |
| ૮૨૫૪-૦૦ | ઉમેરો : આજીવન સભ્યોના લવાજમના વસુલ (નેટ) | ૬૦૦૫-૦૦ | |
| ૧૫૩૭૨૦૯-૧૮ | | | ૧૫૪૩૨૧૪-૧૮ |
| | **અન્ય ફંડો** | | |
| ૧૪૧૧૧૭૬-૮૦ | પરિશિષ્ઠ અ પ્રમાણે | ૧૩૯૬૨૩૧-૬૬ | |
| | **દેવું** | | |
| ૭૬૧૧૬-૫૪ | સ્ટાફ પ્રોવિડન્ટ ફંડના | ૯૫૧૧૯-૫૪ | |
| ૬૦૨૪૫૭-૦૦ | પરચુરણ દેવું | ૪૯૭૧૭૭-૫૦ | |
| ૬૭૮૫૭૩-૫૪ | | | ૫૯૨૨૯૭-૦૪ |
| | **શ્રી જનરલ ફંડ** | | |
| ૧૧૪૪૯૨-૭૭ | ગયા સરવૈયા મુજબ બાકી | ૧૮૬૫૫૪-૯૦ | |
| ૭૨૦૬૨-૧૩ | વર્ષ દરમિયાન આવકનો વધારો | | |
| ૧૮૬૫૫૪-૯૦ | વર્ષ દરમિયાન ખર્ચનો વધારો | ૧૪૬૩૧-૭૨ | |
| | | | ૧૭૧૯૨૩-૧૮ |
| ૮૧૩૫૧૪-૪૨ | | | ૩૭૦૩૬૬૬-૦૬ |

| ૧૯૯૩ | મિલ્કત અને લેણું | | |
|---|---|---|---|
| | **બ્લોક (કરાર મુજબ)** | | |
| | રસધારા કો.ઓ.હા.સો.લિ. | | |
| ૫૧૨૩૦-૪૦ | ગયા સરવૈયા મુજબ બાકી | | ૫૧૨૩૦-૪૦ |
| | **ઇન્વેસ્ટમેન્ટ ચોપડા પ્રમાણે** | | |
| | પરિશિષ્ટ બ પ્રમાણે | | |
| ૫૦૦-૦૦ | શેરો | ૫૦૦-૦૦ | |
| ૨૦૨૦૦૦-૦૦ | યુનિટ ટ્રસ્ટ ઓફ ઇ. યુનિટો | ૨૦૨૦૦૦-૦૦ | |
| ૨૫૪૫૦૦૦-૦૦ | ગર્વ. કું.માં ડિપોઝીટ | ૨૫૪૫૦૦૦-૦૦ | |
| ૬૩૫૦૦૦-૦૦ | બેંકોમાં ફિક્સ ડિપોઝીટ | ૩૩૫૦૦-૦૦ | |
| ૩૩૮૨૫૦૦-૦૦ | | | ૩૦૮૨૫૦૦-૦૦ |
| | **ફરનીચર અને ફિક્ષર (ચોપડાં પ્રમાણે)** | | |
| ૩૧૩૪૧-૨૪ | ગયા સરવૈયા મુજબ બાકી | ૩૧૩૪૧-૨૪ | |
| ૧૮૪૩૭-૨૪ | બાદ : ઘસારાના ૧૯૯૩ સુધી | ૧૮૪૩૭-૨૪ | |
| | ચાલુ વર્ષ દરમિયાન ઘસારાના ૧૦% | ૧૨૯૦-૦૦ | |
| ૧૨૯૦૪-૦૦ | | | ૧૧૬૧૪-૦૦ |
| | **ડિપોઝીટ** | | |
| ૧૨૫-૦૦ | પોસ્ટ ઓફીસમાં | ૧૨૫-૦૦ | |
| ૧૩૨૫-૦૦ | બી.ઇ.એસ.ટી. | ૧૮૪૫-૦૦ | |
| ૩૬૦-૦૦ | ટેલિફોન અંગે | ૩૬૦-૦૦ | |
| ૧૧૦૦-૦૦ | બિરલા ક્રીડા કેન્દ્ર | ૧૬૦૦-૦૦ | |
| ૨૯૧૦-૦૦ | | | ૩૯૩૦-૦૦ |
| | **લેણું સદ્ધર** | | |
| ૭૬૩૯૧-૫૨ | શ્રી મણિલાલ એમ. શાહ લાયબ્રેરી | ૯૬૩૫૬-૭૭ | |
| ૧૫૫૧૯-૦૦ | શ્રી ઇન્કમટેક્ષ રીફંડ બાકી લેણા | ૨૪૧૪૮-૦૦ | |
| ૯૩૬૧૦-૩૪ | ગર્વ. કું. તથા બેંકમાં મુકેલ રકમ પર ચઢેલ વ્યાજના | ૭૨૬૭૪-૧૮ | |
| ૧૧૨૧૭૪-૮૮ | સ્ટાફ પાસે અને અન્ય | ૧૦૩૯૬૬-૩૮ | |
| ૨૯૭૬૯૫-૭૪ | | | ૨૯૭૧૪૫-૩૩ |
| | **રોકડ તથા બેંક બાકી** | | |
| ૨૧૫૬૪-૫૩ | બેંક ઓફ ઇ.ચાલુ ખાતે | ૧૪૪૭૦-૪૮ | |
| ૪૪૫૬૫-૫૧ | બેંક ઓફ ઇ. બચત ખાતે | ૨૪૨૭૭૫-૩૬ | |
| ૧૪૪-૨૪ | રોકડ પુરાંત | ૦-૪૯ | |
| ૬૬૨૭૪-૨૮ | | | ૨૫૭૨૪૬-૩૩ |
| ૩૮૧૩૫૧૪-૧૪ | | | ૨૭૦૩૬૮૬-૦૬ |

ઓડિટરનો રિપૉર્ટ

અમોએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ મુંબઇનું તા. ૩૧-૩-૯૪ના દિવસનું ઉપરનું સરવૈયું મજકુર સંઘના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે. અને ધી મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એકટ અનુસાર અમારા જુદા રિપૉર્ટ આધીન બરાબર છે.

ઉત્તમચંદ સાકરચંદ શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

મુંબઇ તા. ૫-૭-૧૯૯૪

રમણલાલ ચી. શાહ, પ્રમુખ
ચીમનલાલ જે. શાહ, ઉપપ્રમુખ
પન્નાલાલ ર. શાહ, કોષાધ્યક્ષ

નીરુબહેન એસ.શાહ, મંત્રી
પ્રવીણચંદ્ર કે.શાહ, મંત્રી

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

## તા. ૩૧ મી માર્ચ, ૧૯૯૪ નાં દિવસના સરવૈયામાં બતાવેલ ટ્રસ્ટ ફંડો અને ટ્રસ્ટ ખાતાઓની વિગત દર્શાવતું પરિશિષ્ટ

**પરિશિષ્ટ અ**

| | ટ્રસ્ટ ફંડો | તા. ૩૧-૩-૯૩ | વર્ષ દરમિયાન ભેટ | વ્યાજના હવાલા | વર્ષ દરમિયાન ખર્ચ | | તા. ૩૧-૩-૯૪ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મકાન ફંડ | ૪૧૮૪-૬૯ | - | | ૪૧૮૪-૬૯ | - | ૦૦-૦૦ |
| ૨ | શ્રી પુસ્તક પ્રકાશન ખાતું ઉધાર | ૩૬૯૧-૪૧ | ૩૨૫૦-૦૦ | - | ૧૬૫૫૬-૦૦ | ઉધાર | ૧૬૯૯૭-૪૧ |
| ૩ | શ્રી પ્રબુદ્ધ જીવન કાયમી ફંડ | ૨૦૦૦-૦૦ | - | | - | - | ૨૦૦૦-૦૦ |
| ૪ | શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ પર્યુષણ વ્યાખ્યાનમાળા ખાતું | ૩૫૦૦૦૦-૦૦ | - | - | | - | ૩૫૦૦૦૦-૦૦ |
| ૫ | શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ શ્રેષ્ઠ લેખક પારિતોષિક | ૧૧૦૦૦-૦૦ | - | - | - | - | ૧૧૦૦૦-૦૦ |
| ૬ | શ્રી ધીરજબેન દીપચંદ રમકડાંઘર | ૭૭૫૦૬-૪૯ | - | - | - | - | ૭૭૫૦૬-૪૯ |
| ૭ | શ્રી મહાવીર વંદના-શ્રી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલા-સ્નેહમિલન | ૧૫૦૦૦૦-૦૦ | - | - | - | - | ૧૫૦૦૦૦-૦૦ |
| ૮ | શ્રી જમનાદાસ હાથીભાઇ મહેતા અનાજ રાહત ફંડ | ૯૯૨૪૬-૦૦ | ૩૧૦૦૦-૦૦ | - | - | - | ૧૩૦૨૪૬-૦૦ |
| ૯ | શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ વસંત વ્યાખ્યાનમાળા | ૫૧૦૦૦-૦૦ | - | - | - | - | ૫૧૦૦૦-૦૦ |
| ૧૦ | શ્રી કિશોર ટિંબડિયા કેળવણી યોજના ફંડ | ૧૦૫૦૦૦-૦૦ | - | - | - | - | ૧૦૫૦૦૦-૦૦ |
| ૧૧ | શ્રી તારાબહેન ચંદુલાલ ઝવેરી નેત્રયજ્ઞ કાયમી ફંડ | ૧૫૧૦૦૦-૦૦ | - | - | - | - | ૧૫૧૦૦૦-૦૦ |
| ૧૨ | શ્રી ભાનુબહેન પ્રવીણચંદ નેત્રયજ્ઞ કાયમી ફંડ | ૧૦૦૦૦૦-૦૦ | - | - | - | - | ૧૦૦૦૦૦-૦૦ |
| ૧૩ | સ્વ. જ્યોત્સનાબહેન ભુપેન્દ્ર ઝવેરી ચક્ષુ રાહત યોજના | | ૧૨૨૨૨૬-૦૦ | - | - | - | ૧૨૨૨૨૬-૦૦ |
| | | ૧૦૯૭૨૪૫-૭૭ | ૧૫૬૪૭૬-૦૦ | - | ૨૦૭૪૦-૬૯ | - | ૧૨૩૨૯૮૧-૦૮ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી મંગળજી ઝવેરચંદ મહેતા વિદ્યાસત્ર પ્રવૃત્તિ | ૪૦૩૨૬-૪૦ | ૧૬૧૮-૦ | - | ૪૪૫૦-૦૫ | - | ૩૭૪૯૪-૫૫ |
| ૨ | શ્રી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલા પ્રેમળ જ્યોતિ ખાતું | ૧૬૧૦૨૨-૭૬ | ૮૨૯૫૮-૦૦ | - | ૨૬૬૪૯૫-૨૫ | ઉધાર | ૨૨૫૧૪-૪૯ |
| ૩ | શ્રી દીપચંદ ત્રી. શાહ ટ્રસ્ટ ખાતું | ૯૪૧૬-૧૨ | ૨૨૧૯૪-૦૦ | ૯૪૨-૦૦ | ૨૯૭૮૨-૭૫ | - | ૨૭૬૯-૩૭ |
| ૪ | શ્રી સરસ્વતી ડાહ્યાભાઇ ઝવેરી ચશ્મા ઘર | ૨૯૫૯૮-૫૦ | - | - | ૪૨૦૦-૦૦ | - | ૨૫૩૯૮-૫૦ |
| ૫ | શ્રી ધીરજબહેન દીપચંદ રમકડાં ઘર આવક જાવક ખાતું | ૧૦૪૭૧-૪૫ | ૭૭૧૦-૦૦ | ૭૭૫૧-૦૦ | ૧૨૯૦૪-૦૦ | - | ૧૩૦૨૮-૪૫ |
| ૬ | શ્રી જમનાદાસ હાથીભાઇ મહેતા અનાજ રાહત ફંડ આવક જાવક ખાતું | ૧૯૭૬૩-૯૦ | ૫૯૩૧૧-૧૦ | ૯૯૨૫-૦૦ | ૫૪૯૩૫-૦૦ | - | ૩૪૦૬૫-૦૦ |
| ૭ | શ્રી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલા મહાવીર વંદના આવક જાવક ખાતું | ૦૦-૦૦ | - | ૧૫૦૦૦-૦૦ | ૧૦૦૦-૦૦ | - | ૧૪૦૦૦-૦૦ |
| ૮ | શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ પર્યુષણ વ્યાખ્યાનમાળા આવક જાવક ખાતું | ૦૦-૦૦ | - | ૩૫૦૦૦-૦૦ | ૩૫૦૦૦-૦૦ | - | ૦૦-૦૦ |
| ૯ | શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ શ્રેષ્ઠ લેખક પારિતોષિક આવક જાવક ખાતું | ૯૫૦-૦૦ | - | ૧૧૦૦-૦૦ | ૨૭૫૦-૦૦ | ઉધાર | ૭૦૦-૦૦ |
| ૧૦ | શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ વસંત વ્યાખ્યાનમાળા આવક જાવક ખાતું | ૦૦-૦૦ | - | ૫૧૦૦-૦૦ | ૮૯૦-૦૦ | - | ૪૨૧૦-૦૦ |
| ૧૧ | શ્રી કિશોર ટિંબડિયા કેળવણી ફંડ આવક જાવક ખાતું | ૨૨૨૮૧-૯૦ | ૪૦૩૫૬-૦૦ | ૧૦૫૦૦-૦૦ | ૩૭૩૨૫-૦૦ | - | ૩૫૮૧૨-૯૦ |
| ૧૨ | શ્રી નેત્રયજ્ઞ આવક જાવક ખાતું | ૨૦૧૦૦-૦૦ | ૮૫૫૪૮-૦૦ | ૨૫૧૦૦-૦૦ | ૧૧૧૦૬૧-૫૦ | | ૧૯૬૮૬-૫૦ |
| | | ૩૧૩૯૩૧-૦૩ | ૨૯૯૬૯૫-૧૦ | ૧૧૦૪૧૮-૦૦ | ૫૬૦૭૯૩-૫૫ | - | ૧૬૩૨૫૦-૫૮ |
| | | ૧૪૧૧૧૭૬-૮૦ | ૪૫૬૧૭૧-૧૦ | ૧૧૦૪૧૮-૦૦ | ૫૮૧૫૩૪-૨૪ | - | ૧૩૯૬૨૩૧-૬૬ |

## પરિશિષ્ઠ B

### તા. ૩૧-૩-૯૪ ના રોજ ઈન્વેસ્ટમેન્ટ વિગત

| | | | |
|---|---|---|---|
| | (૧) શેરો | | |
| ૫૦૦-૦૦ | શ્રી રસધારા કો.ઓ.હા.સો.લિ. શેર ૧૦ | | ૫૦૦-૦૦ |
| ૫૦૦-૦૦ | | | |
| ૨૦૨૦૦૦-૦૦ | (૨) યુનિટ ટ્રસ્ટ ઓફ ઈ.ના યુનિટો | | ૨૦૨૦૦૦-૦૦ |
| | (૩) ગર્વ. કું. ફિક્સ ડિપોઝીટ | | |
| ૩૪૦૦૦૦-૦૦ | ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. | ૩૪૦૦૦૦-૦૦ | |
| ૬૫૫૦૦૦-૦૦ | સ્ટિલ ઓથોરિટિ ઓફ ઈ. લિ. | ૬૫૫૦૦૦-૦૦ | |
| ૧૦૦૦૦૦-૦૦ | મદ્રાસ રિફાઈનરી | ૧૦૦૦૦૦-૦૦ | |
| ૫૦૦૦૦-૦૦ | નેયવેલી લિગ્નાઈટ કોર્પોરેશન | | |
| ૧૦૦૦૦૦-૦૦ | સિમેંટ કોર્પોરેશન ઓફ ઈ. લિ. | | |
| ૪૦૦૦૦૦-૦૦ | ઈન્ડિયન પેટ્રોકેમિકલ્સ કોર્પો. લિ. | ૫૦૦૦૦૦-૦૦ | |
| ૯૦૦૦૦૦-૦૦ | હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઈ. કો. લિ. | ૯૦૦૦૦૦-૦૦ | |
| | આઈ.સી.આઈ.સી. | ૫૦૦૦૦-૦૦ | |
| ૨૫૪૫૦૦૦-૦૦ | | | ૨૫૪૫૦૦૦-૦૦ |
| | (૪) બેંકોમાં ફિક્સ ડિપોઝીટ | | |
| ૨૭૫૦૦૦-૦૦ | બેંક ઓફ ઈન્ડિયા ફિક્સ ડિપોઝીટ | ૨૪૫૦૦૦-૦૦ | |
| ૯૦૦૦૦-૦૦ | માંડવી કો.ઓ.બેંક લિ. | ૬૦૦૦૦-૦૦ | |
| ૬૦૦૦૦-૦૦ | ધી બોમ્બે મરકનટાઈલ્સ કો.ઓ. બેંક લિ. | ૩૦૦૦૦-૦૦ | |
| ૯૦૦૦૦-૦૦ | સારસ્વત કો.ઓ.બેંક લિ. | | |
| ૧૨૦૦૦૦-૦૦ | કપોળ કો.ઓ.બેંક લિ. | | |
| ૬૩૫૦૦૦-૦૦ | | | ૩૩૫૦૦૦-૦૦ |
| | | કુલ રૂા. | ૩૦૮૨૫૦૦-૦૦ |

### દેવું

| | | |
|---|---|---|
| શ્રી ભગવાન મહાવીર વચનો પુસ્તક ફંડ : | | |
| (અગાઉથી આવેલા) | ૧૦૭૩૦૬-૫૦ | |
| શ્રી કિડની ફંડ | ૩૦૦૦૦૦-૦૦ | |
| શ્રી સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ | ૧૩૪૭૨-૦૦ | |
| શ્રી ચિખોદરા હૉસ્પિટલ | ૫૦૨૬૩-૦૦ | |
| શ્રી પ્રવાસ ફંડ | ૧૩૭૭૮-૦૦ | |
| શ્રી ખર્ચ અંગે | ૧૫૦૦-૦૦ | |
| શ્રી ચિખોદરા મુલાકાત અંગે | ૬૦૦-૦૦ | |
| શ્રી પરમાનંદ કાપડિ.યા સ્મારક નિધિ | ૫૨૫૮-૦૦ | |
| શ્રી શિવાનંદ મિશન ભોજનતિથિ | ૫૦૦૦-૦૦ | |
| | | ૪૯૭૧૭૭-૫૦ |
| પ્રોવિડન્ટ ફંડ | | |
| શ્રી એલ. એમ. મહેતા | ૬૩૪૮૭-૨૪ | |
| શ્રી ચીમનલાલ એમ. શાહ | ૯૬૫૮-૯૦ | |
| શ્રી મનસુખલાલ બી. મહેતા | ૯૨૮૬-૦૦ | |
| શ્રી પ્યુન અશોક પલમસકર | ૬૪૧૪-૨૦ | |
| પ્યુન વિજય સાવંત | ૬૨૭૨-૬૦ | |
| | | ૯૫૧૧૮-૯૪ |
| લેણું સ્ટાફ તથા અન્ય | | |
| શ્રી એલ. એમ. મહેતા | ૬૪૦૯૮-૦૦ | |
| શ્રી ચીમનલાલ એમ. શાહ | ૫૦૦૦-૦૦ | |
| શ્રી મનસુખલાલ બી. મહેતા | ૨૦૦-૦૦ | |
| શ્રી પ્યુન હરીચંદ એ.નવાળે | ૭૯૬૦-૦૦ | |
| શ્રી પ્યુન અશોક પલસમકર | ૯૫૬૦-૦૦ | |
| શ્રી વિજય સાવંત | ૧૨૭૬૦-૦૦ | |
| શ્રી અલ્પાહાર | ૪૩૮૮-૩૮ | |
| | | ૧૦૩૯૬૬-૩૮ |

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

### તા. ૩૧ મી માર્ચ, ૧૯૯૪ ના રોજ પૂરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ

| ૧૯૯૩ | આવક | | |
|---|---|---|---|
| ૪૦૪૮૬-૦૦ | ચાલુ ભેટના | ૯૬૨૭૯-૦૦ | |
| | | | ૯૬૨૭૯-૦૦ |
| | લવાજમના | | |
| ૨૧૪૧-૦૦ | વસુલ આવ્યા | ૧૦૬૦-૦૦ | |
| ૪૫૯૩-૦૦ | પ્રબુદ્ધ જીવન લવાજમના | ૩૮૬૦-૦૦ | |
| | | | ૪૯૨૦-૦૦ |
| | વ્યાજના | | |
| ૧૧૬૩૯૩-૫૫ | બેંકની ફિક્સ ડિપોઝીટ પર | ૫૪૪૫૩-૦૫ | |
| ૩૫૦૦૧૬-૮૯ | ગવર્નમેન્ટ કું.ની ડિપોઝીટ પર | ૩૬૬૫૨૧-૭૯ | |
| ૩૯૦૦૦-૦૦ | યુનિટ ટ્રસ્ટની યુનિટ પર | ૩૧૪૯૬-૦૦ | |
| ૧૨૨૫૨-૦૦ | બેંકોના ખાતા પર | ૧૦૫૭૯-૫૫ | |
| ૫૧૭૬૬૨-૪૪ | | ૪૬૩૦૫૦-૩૯ | |
| ૧૦૫૫૫૪-૦૦ | બાદ : અન્ય અંકિત ફંડોને ૧૦% | ૧૧૦૪૧૮-૦૦ | |
| ૪૧૨૧૦૮-૪૪ | | | ૩૫૨૬૩૨-૩૯ |
| | પરચુરણ આવક | | |
| ૫૦૧-૦૦ | શ્રી પરમાણંદ કાપડિયા સભાગૃહના | ૪૫૫-૦૦ | |
| ૩૫૦૦-૦૦ | શ્રી મોહનલાલ મહેતા 'સોપાન' | | |
| ૪૦૦૧-૦૦ | | | ૪૫૫-૦૦ |
| | 'આવક જાવક'ના | | |
| | આવક કરતાં ખર્ચ વધારો | | ૧૪૬૩૧-૭૨ |
| ૪૬૩૩૨૯-૪૪ | | | કુલ રૂ. ૪૬૮૯૧૮-૧૧ |

| ૧૯૯૩ | વહીવટી અથવા વ્યવસ્થા ખર્ચ | | |
|---|---|---|---|
| ૧૦૭૨૫૧-૦૦ | પગાર તથા બોનસ | ૧૧૮૮૦૧-૦૦ | |
| ૧૬૪૭૧-૧૦ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડ | ૧૯૨૯૦-૧૦ | |
| ૧૩૩૦૩-૦૬ | ગાડી ભાડું તથા અન્ય ખર્ચના | ૨૮૭૨૯-૦૫ | |
| ૩૨૭૧૮-૫૦ | સ્ટાફ બોનફિટ ખર્ચ | ૩૬૩૬૫-૦૦ | |
| ૧૦૭૨૩-૦૦ | બ્લોક મેન્ટેનન્સ તથા વિજળી ખર્ચ | ૧૮૯૯૪-૦૦ | |
| ૪૧૬૫-૦૦ | ટેલિફોન ખર્ચ | ૫૨૫૪-૦૦ | |
| ૨૦૯૩-૫૦ | પ્રિન્ટીંગ તથા સ્ટેશનરી | ૩૭૨૧-૦૦ | |
| ૬૦૫-૦૦ | પોસ્ટેજ | ૨૬૭-૦૦ | |
| ૪૧૩-૦૦ | બેંક કમિશન | ૨૬૭-૭૫ | |
| ૬૦૦-૦૦ | પ્રોફેશનલ ટેક્ષ | ૬૦૦-૦૦ | |
| ૧૫૦૦-૦૦ | ઓડિટરોને ઓનરિયમના | ૧૫૦૦-૦૦ | |
| | રિપેરીંગ ખર્ચ | ૧૮૨૫૫-૫૬ | |
| ૩૨૦૮-૦૦ | બોમ્બે પબ્લીક ટ્રસ્ટ ખાતાના | ૩૨૭૨-૦૦ | |
| ૧૪૩૩-૦૦ | ફરનીચર પર ઘસારાના | ૧૨૯૦-૦૦ | |
| ૧૯૪૪૮૪-૧૬ | | | ૨૫૬૬૦૬-૪૬ |
| | ઉદ્દેશો અંગે | | |
| ૪૩૫૭૯-૭૫ | પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ | ૫૪૪૦૫-૭૫ | |
| ૯૬૩૫-૦૦ | વસંત વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ | | |
| ૩૧૦૭૩-૦૦ | સ્નેહ સંમેલન | | |
| ૫૧૭૭-૦૦ | ભક્તિ સંગીત | ૮૬૪૨-૨૫ | |
| ૧૬૦૦-૦૦ | ચિંચણ પર્યટન | | |
| ૧૯૮૦૦-૦૦ | કેસેટ ખર્ચ | ૧૪૪૨૫-૦૦ | |
| ૬૩૦-૦૦ | ચિખોદરા મુલાકાત | | |
| ૮૬૩-૦૦ | જ્ઞાનસત્ર ખર્ચ | | |
| ૩૭૦૦-૦૦ | બોમ્બે ડાઇંગના ડિબેન્ચરો વેચતાં ઘટતા | | |
| ૩૦૦૦૦-૦૦ | અન્ય સંસ્થાઓને ઠરાવ પ્રમાણે | ૬૧૦૦૦-૦૦ | |
| ૩૪૦૫૪૧-૯૧ | | | ૧૩૮૪૭૩-૦૦ |
| | પ્રબુદ્ધ જીવન અંગે | | |
| ૫૨૯૯-૯૦ | શ્રી પ્રબુદ્ધ જીવન પોસ્ટ ખર્ચ | ૯૩૩૯-૬૫ | |
| ૩૨૯૫-૦૦ | શ્રી પ્રબુદ્ધ જીવન પુરસ્કાર | ૪૪૯૫-૦૦ | |
| ૩૪૩૦૬-૦૦ | શ્રી પ્રબુદ્ધ જીવન પ્રિન્ટીંગ | ૪૧૧૫૫-૦૦ | |
| ૧૬૯૬-૫૦ | શ્રી પ્રબુદ્ધ જીવન ખર્ચ | ૨૯૧૯-૦૦ | |
| | શ્રી પ્રબુધ્ધ જીવન પેપર ખરીદયો | ૧૫૯૩૦-૦૦ | |
| ૪૪૫૯૭-૪૦ | | | ૭૩૮૩૮-૬૫ |
| ૭૮૧૯૦-૧૩ | ખર્ચ કરતાં આવકમાંવધારો | | |
| ૪૬૩૩૨૯-૪૪ | | | ૪૬૮૯૧૮-૧૧ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર માલમ પડ્યો છે.

મુંબઇ તા. ૫-૭-૧૯૯૪

ઉત્તમચંદ સાકરચંદ શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

તા. ૩૧ મી માર્ચ, ૧૯૯૪ ના રોજ પૂરા થતાં વર્ષનું સરવૈયું

| ૧૯૯૩ | -ફંડો અને દેવું | | |
|---|---|---|---|
| | કાયમી ફંડ | | |
| ૪૦૭૮૯૪-૦૦ | ગયા સરવૈયા મુજબ | ૪૦૭૮૯૪-૦૦ | |
| | | | ૪૦૭૮૯૪-૦૦ |
| | શ્રી પુસ્તક ફંડ | | |
| ૫૫૦૦-૦૦ | ગયા સરવૈયા મુજબ | ૫૫૦૦-૦૦ | |
| | | | ૫૫૦૦-૦૦ |
| | શ્રી ફરનીચર ફંડ | | |
| ૨૪૦૦-૦૦ | ગયા સરવૈયા મુજબ | ૨૪૦૦-૦૦ | |
| | શ્રી રીઝર્વ ફંડ | | |
| ૩૧૬૭૩-૪૨ | ગયા સરવૈયા મુજબ | ૩૧૬૭૩-૪૨ | |
| | રિપેરીંગ ખર્ચ | ૨૨૪૪૦-૨૫ | |
| | | | ૯૨૩૩-૧૭ |
| | દેવું | | |
| ૩૧૪૭૬-૦૦ | શ્રી પુસ્તકો અંગે ડિપોઝિટ | ૨૫૦૦૦-૦૦ | |
| | | | ૨૫૦૦૦-૦૦ |
| | સ્ટાફ પ્રોવિડન્ટ ફંડ | | |
| ૩૯૭૬-૮૦ | શ્રી હિના પી. ગાંધી | ૬૫૩૨-૬૦ | |
| ૧૪૪૭૯-૬૭ | પ્યુન હરિચંદ એ. નવાડે | ૧૭૬૩૧-૦૭ | |
| ૧૮૪૫૬-૪૭ | | | ૨૪૧૬૩-૬૭ |
| ૭૬૩૯૧-૫૨ | શ્રી મુંબઇ જૈન યુવક સંઘ | ૯૬૩૫૬-૭૭ | |
| ૨૦૦૦-૦૦ | શ્રી ખર્ચ અંગે | ૧૦૦૦-૦૦ | |
| ૭૮૩૯૧-૫૨ | | | ૯૭૩૫૬-૭૭ |
| ૫૭૫૭૯૧-૪૧ | | | ૫૭૧૫૪૭-૬૧ |

| ૧૯૯૩ | મિલ્કત અને લેણું | | |
|---|---|---|---|
| ૫૦૦૦૦-૦૦ | સ્ટિલ ઓથોરિટિ ઓફ ઈ. | | ૫૦૦૦-૦૦ |
| | ફિક્સ ડિપોઝીટ | | |
| | ફરનીચર (ખરીદ કિંમતે) | | |
| ૨૦૧૮૭-૬૩ | ગયા સરવૈયા મુજબ | ૨૦૧૮૭-૬૩ | |
| ૧૩૪૪૫-૬૩ | બાદ : કુલ ઘસારાના ૧૯૯૨ સુધીના | ૧૩૪૪૫-૬૩ | |
| ૬૭૪૨-૦૦ | | ૬૭૪૨-૦૦ | |
| | વર્ષ દરમિયાન ઘસારાના | ૬૭૪-૦૦ | |
| | | | ૬૦૬૮-૦૦ |
| | પુસ્તકો (ખરીદ કિંમતે) | | |
| ૬૩૩૪૬-૫૫ | ગયા સરવૈયા મુજબ | ૫૭૫૧૩-૫૫ | |
| ૩૬૬૮-૦૦ | વર્ષ દરમિયાન ખરીદી | ૨૯૬૭-૨૫ | |
| | | ૬૦૪૮૦-૮૦ | |
| ૯૫૦૧-૦૦ | બાદ : વર્ષ દરમિયાન ઘસારાના | ૮૬૨૬-૫૦ | |
| ૫૭૫૧૩-૫૫ | | | ૫૧૮૫૪-૩૦ |
| | રોકડ તથા બેંક બાકી | | |
| ૩૬૦૬૦-૭૨ | બેંક ઓફ ઇ. બચત ખાતે (ટ્રસ્ટના નામે) | ૫૮૯૫-૯૨ | |
| ૫-૮૧ | રોકડ પુરાંત | ૧૦૨-૭૬ | |
| ૩૬૦૬૬-૫૩ | | | ૫૯૯૮-૬૮ |
| | શ્રી આવક ખર્ચ ખાતું | | |
| ૩૯૩૬૫૯-૯૮ | ગયા સરવૈયા મુજબ | ૪૦૭૬૩૯-૩૩ | |
| ૧૩૯૭૯-૩૫ | ઉમેરો : આવક કરતાં ખર્ચમાં વધારો | ૩૦૩૩૮-૩૦ | |
| ૪૦૭૬૩૯-૩૩ | | ૪૩૭૯૭૭-૬૩ | |
| | બાદ : જુના મેમ્બર ડિપોઝીટના ન લઈ જતાં માંડી વાળ્યા | ૮૨૯૫-૦૦ | |
| | | | ૪૨૯૬૮૨-૬૩ |
| | લેણું | | |
| | શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ | ૨૫૦૦૦-૦૦ | |
| ૭૩૦-૦૦ | શ્રી ઈન્કમટેક્ષ રીફંડ બાકી લેણા | ૧૦૯૫-૦૦ | |
| ૧૭૧૦૦-૦૦ | શ્રી મ્યુનિસિપાલિટી ગ્રાંટના | | |
| | શ્રી વ્યાજ બાકી લેણા | ૧૮૪૯-૦૦ | |
| ૧૭૮૩૦-૦૦ | | | ૨૭૯૪૪-૦૦ |
| ૫૭૫૭૯૧-૪૧ | | | ૫૭૧૫૪૭-૬૧ |

### ઓડિટરોનો રીપૉર્ટ

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય મુંબઇનું તા. ૩૧-૩-૯૪ના દિવસનું ઉપરનું સરવૈયુ મજકુર લાઇબ્રેરીના ચોપડાં તથા વાઉચરો વગેરે સાથે તપાસ્યું છે. અને ધી મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ના અનુસારે અમારા જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

મુંબઇ તા. ૨૯-૬-૧૯૯૪

ઉતમચંદ સાકરચંદ શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

### તા. ૩૧ મી માર્ચ, ૧૯૯૪ ના રોજ પૂરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ

| ૧૯૯૩ | આવક | | |
|---|---|---|---|
| | વ્યાજના | | |
| ૬૪૯૯-૦૦ | ગર્વ. કંપનીની ફિક્સ ડિપોઝીટ પર | ૬૮૬૬-૦૦ | |
| ૧૨૫૬-૦૦ | બેંકના વ્યાજના | ૧૧૩૨-૦૦ | |
| ૭૭૫૫-૦૦ | | | ૭૯૯૮-૦૦ |
| | ભેટ, ગ્રાંટ તથા લવાજમના | | |
| ૨૫૦૦૦-૦૦ | પરમાનંદ કાપડિયા સ્મારકનિધિ તરફથી | ૨૫૦૦૦-૦૦ | |
| ~~૧૭૧૦૦-૦૦~~ | મ્યુનિસિપાલિટિ ગ્રાંટના | | |
| ૯૨૧૫-૦૦ | પુસ્તક લવાજમના | ૯૬૭૫-૦૦ | |
| ૫૧૩૧૫-૦૦ | | | ૩૪૬૭૫-૦૦ |
| | પરચુરણ આવક | | |
| ૧૩૧૯-૦૦ | પસ્તી વેચાણના | ૩૫૮-૦૦ | |
| ૫૧-૦૦ | લેઈટ ફીના | ૨૮-૦૦ | |
| ૧૦૭૦-૦૦ | દાખલ ફીના | ૮૫૦-૦૦ | |
| ૩૫-૦૦ | પાસબુકના | ૩૫-૦૦ | |
| ૨૪૭૫-૦૦ | | | ૧૨૭૧-૦૦ |
| ૧૩૯૭૯-૩૫ | વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચમાં વધારો | ૩૦૩૩૮-૩૦ | |
| | | | ૩૦૩૩૮-૩૦ |
| ૭૫૫૨૪-૩૫ | | | કુલ રૂા. ૭૪૨૮૨-૩૦ |

| ૧૯૯૩ | ખર્ચ | | |
|---|---|---|---|
| ૭૦૦૩-૧૫ | પેપર લવાજમ | ૯૦૬૬-૮૦ | |
| ૪૦૪૧૭-૦૦ | પગાર, બોનસ, ગ્રેચ્યુટી વગેરે | ૩૬૨૯૫-૦૦ | |
| ૯૨૦-૦૦ | બુક બાઈન્ડીંગ | ૯૭૦-૦૦ | |
| ૫૭૪૫-૨૦ | પ્રોવિડન્ટ ફંડ તથા તેના પર વ્યાજના | ૫૩૨૨-૫૦ | |
| ૧૦૯-૦૦ | વિમા પ્રિમિયમના | ૧૦૯-૦૦ | |
| ૫૪૧૯૪-૩૫ | | | ૫૧૭૬૩-૩૦ |
| | વ્યવસ્થા ખર્ચ | | |
| ૧૦૦૦-૦૦ | ઓડિટરને ઓનરિયમના | ૧૦૦૦-૦૦ | |
| ૪૯૬૦-૦૦ | સ્ટાફ બેનિફિટ ખર્ચના | ૫૦૭૬-૫૦ | |
| ૪૫૨૦-૦૦ | સાફ સફાઈ તથા પરચુરણ ખર્ચ | ૬૧૪૭-૦૦ | |
| ૬૦૦-૦૦ | પ્રોફેશનલ ટેક્ષ | ૬૦૦-૦૦ | |
| | પ્રિન્ટીંગ ખર્ચ | ૩૯૫-૦૦ | |
| ૧૧૦૮૦-૦૦ | | | ૧૩૨૧૮-૫૦ |
| | ઘસારાના | | |
| ૭૪૯-૦૦ | ફરનીચર પર ઘસારાના ૧૦% | ૬૭૪-૦૦ | |
| ૯૫૦૧-૦૦ | પુસ્તક પર ઘસારાના ૧૫% | ૮૬૨૬-૫૦ | |
| ૧૦૨૫૦-૦૦ | | | ૯૩૦૦-૫૦ |
| ૭૫૫૨૪-૩૫ | | | ૭૪૨૮૨-૩૦ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરોબર માલુમ પડ્યો છે.

મુંબઈ તા. ૨૯-૬-૧૯૯૪

ઉતમચંદ સાકરચંદ શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

# પ્રતિબોધિત પ્રાણીઓ

❑ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

પ્રાણ ધારણ કરે તે પ્રાણી. દશ પ્રાણોમાંથી ગમે તે એક પ્રાણ ધરનારને પ્રાણી કહી શકાય. જૈન તેમજ બૌદ્ધ, વૈદિક સાહિત્યમાં પ્રાણીઓ પ્રતિબોધ પામતાં હોય તેનાં દૃષ્ટાંતો ઉપલબ્ધ થાય છે. બૌદ્ધ સાહિત્યમાં જાતકો, વગેરેમાં એતદ્‌વિષયક ઉદાહરણો મળે છે. કયા સંજોગોમાં પ્રાણીઓ-પશુ તેમજ પક્ષી ઉદ્‌બોધિત થાય છે તે જોઇએ. બૌદ્ધ સાહિત્યમાં ત્રિપિટક, થેરગાથા. જાતકમાલા વગેરેમાં આવી કથાઓ દૃષ્ટિગોચર થાય છે .

જ્યારે મહાવીરસ્વામી રાજગૃહીમાં હતા ત્યારે સમવસરણમાં રાજા શ્રેણિક, અભયકુમાર, નંદિષેણ વગેરે વાંદીને દેશના સાંભળવા બેઠા. 'મારા કિંમતી હાથીને ઘણાં માણસો વશ ન કરી શક્યા તેને નંદીષેણે કેવી રીતે વશ કર્યો ?' શ્રેણિક રાજાએ ભગવાનને પ્રશ્ન કર્યો.

ભગવાને કહ્યું કે વ્યક્તિને જોઇને રાગદ્વેષ થાય છે, તેમાં પૂર્વ જન્મના સંકેત હોય છે.

ભગવાને પૂર્વભવ કહેવા માંડ્યો. એક ધનાઢ્ય બ્રાહ્મણે લાખ બ્રાહ્મણોને જમાડવાનો નિયમ લીધો. તેની પડોશમાં એક ધર્મિષ્ઠ વિશ્વાસુ ખંતીલો નોકર હતો. તેને બ્રાહ્મણે ઉત્સવ સંભાળવા કહ્યું. તેણે આ શરતે કબુલ્યું કે જે આ અંગે જમાડતાં વધે તેનું હું મારી મરજી મુજબ કરું. પ્રસંગ સાંગોપાંગ ઉતરે તે બ્રાહ્મણને જોઇતું હતું.

કારજ પતી ગયા પછી ઘણું બધું પકવાનાદિ વધ્યું. તેણે સાધુ-સાધ્વીજીઓને વહોરાવ્યું. વહોરાવ્યાના પુણ્યથી દેવલોકમાં જઇ તારે ત્યાં પુત્ર રૂપે જન્મ્યો. તેં તેનું નામ નંદિષેણ રાખ્યું.

લાખ બ્રાહ્મણોને જમાડનાર બ્રાહ્મણે વિવેક ન રાખ્યો; તેથી પાપાનુંબંધી પુણ્ય ઉપાર્જન કરી હાથિણીની કુક્ષિમાં જંગલમાં જન્મ્યો. આનાથી જન્મેલું હાથીનું બચ્ચું તપોવનમાં મોટું થયું અને ઋષિકુમારોએ વૃક્ષોને પાણી પીવરાવી તેની સાથે મોટું થયું. તેનું નામ સેચનક પાડ્યું. સેચનક પાંચસો હાથીનો સ્વામી બને છે. જેમાં ઉછેર્યો હતો તે આશ્રમને ખેદાન-મેદાન કરાવા માંડ્યું. નંદિષેણ પર દૃષ્ટિ પડતાં પૂર્વભવના પાડેશી મિત્રોના નાતે બંનેમાં પ્રેમ જાગ્યો અને તેથી ગાંડો હાથી બનેલો સેચનક હાથી નંદિષેણને વશ થઇ ગયો.

★★★

બીજું દૃષ્ટાંત લઇએ :

મૃગ, બળદેવ મુનિ રથકારક ત્રણ્ય હુઆ એકઠા;
કરણ કરાવણને અનુમોદન સરિખાં ફળ નિપજાવે.

શ્રી કૃષ્ણના મૃત્યુ પછી બળભદ્રે દીક્ષા લઇ તુંગિકા પર્વત પર તીવ્ર તપ કરવા માંડ્યું. ગોચરી માટે ગામમાં આવેલા ત્યારે કુવા પર પાણી ભરવા આવેલી સ્ત્રીઓ સ્તબ્ધ થઇ ગઇ. ઘડો કુવામાં નાંખ્યો અને દોરડું પણ પાણીમાં, બીજી સ્ત્રીએ ઘડાને બદલે પાસે રહેલા છોકરાના ગળામાં દોરડું ભેરવ્યું; આથી તુંગિકા પર્વત પર તેઓ ગોચરી લઇ પાછા ફર્યા અને વિચાર્યું કે મારા રૂપને ધિક્કાર થાઓ કેમકે સ્ત્રીઓ તે જોઇ ભાન ભૂલી જાય છે; તેવી જ રીતે આસપાસના સાપ, સિંહ વગેરે અહિંસક બની જતા.

હવે તેઓ વનમાં તપ તપે છે. બલદેવમુનિએ જંગલમાં સામ્રાજ્ય જમાવ્યું. વાઘ, વરૂ, મૃગલાં મુનિનાં શ્રોતાવર્ગ બન્યા. હિંસક પશુ-પક્ષીઓએ જાતિવૈર ભૂલી અહિંસાનું વાતાવરણ જમાવ્યું. આમાં એક અતિભદ્રક મૃગ મુનિનું તપ અને રૂપ જોઇ જાતિસ્મરણજ્ઞાન પામ્યો. મૃગ મુનિને આહાર-પાણી લાવી આપવામાં મદદ કરતો થયો. મૃગ આહાર લેતા મુનિની વહોરવનાર રથકાર સુથારની પ્રશંસા કરતો કે આ સુથાર કેવો ભાગ્યશાળી કે જેનું ભોજન તપસ્વીને કામ આવે છે ! હું મુનિની ગમે તેવી ભક્તિ કરું તો પણ તિર્યંચપણામાં થોડું કંઇ કરી શકું તેમ છું ? આમ ત્રણે એક ધ્યાનમાં હતા ત્યારે કપાયેલી વૃક્ષની ડાળી ત્રણે પર પડી અને ત્રણે સાથે મૃત્યુ પામ્યા. માસખમણના તપસ્વી બળભદ્ર દાન લેનાર, સુથાર ભિક્ષા આપનાર; અને મૃગ લેતો દેતો ન હતો છતાં બંનેની અનુમોદના કરનાર હતો તેથી ત્રણે સરખુ ફળ મેલવી પાંચમાં દેવલોકમાં ગયા. તેમનું માત્ર અસ્તિત્વ વન્ય પશુઓ માટે ઉપકારક બન્યું હતું.

★★★

કમઠે ધરણેન્દ્રે ચ સ્વોચિત્તં કર્મ કુર્વતિ ।
પ્રભુસ્તુલ્ય મનોવૃત્તિઃ શ્રીપાર્શ્વ શ્રીયેસ્તુ વઃ ॥

કમઠના યજ્ઞમાં બળી રહેલા લાકડામાંથી અર્ધદગ્ધ સાપને બહાર કઢાવી મંત્રોચ્ચાર સંભળાવતા તે સાપ મરીને ધરણેન્દ્ર દેવ થાય છે; અને તેની સાથેની સર્પિણી પણ મરીને પદ્માવતી દેવી થાય છે. તેઓને નવકાર સંભળાવ્યો. હતો.

દશ-દશ ભવોથી બે સગા ભાઇઓનું વેર. કમઠે પાર્શ્વનાથ પ્રભુને જોતાં વેરની ભાવના પ્રબળ થતાં મેઘની વૃષ્ટિ કરી. પ્રભુના નાક સુધી જળ આવી જતાં ધરણેન્દ્રે ઉપયોગ મૂકી હકીકત જાણી. ભગવાનના મસ્તક પર છત્રની જેમ ફેણ પ્રસરાવી જળવૃષ્ટિથી પ્રભુની રક્ષણ કર્યું.

ભગવાન પાર્શ્વનાથે ઉપકાર કરવનાર ધરણેન્દ્ર અને અપકાર કરનાર કમઠ ઉપર સ્થિતપ્રજ્ઞની જેમ સમતા દૃષ્ટિ ધારણ કરી હતી.

ભગવાન મહાવીરસ્વામી દીક્ષા લઇ વિચરતા વિચરતા લોકોની મના હોવા છતાં પણ જ્યાં દૃષ્ટિવિષ સર્પ હતો ત્યાં આવી કાયોત્સર્ગમાં ઊભા રહે છે.

બાળ મુનિએ પાપની આલોચના કરવા જણાવતાં જેના મગજનો પારો ચઢી ગયો તે મુનિ મૃત્યુ પામી તાપસ બને છે. તેના આશ્રમમાં ચોરી થતાં ચોરને મારવા દોડતાં કૂવામાં પડી જાય છે. મૃત્યુ પામી ચંડકૌશિક દૃષ્ટિવિષ સર્પ બને છે. પ્રભુને જોતાં કરડવા ધસે છે, કરડે છે, લોહીને સ્થાને સફેદ પ્રવાહી દૂધ જેવું જોતાં તથા પ્રભુના મંત્ર જેવાં 'બુજઝ બુજઝ ચંડકોશિયા' સાંભળી પ્રતિબોધિત થઇ ઉંધી રીતે મસ્તક દરમાં રાખી પ્રવેશે છે. લોકો પૂજા કરે છે, દૂધ વગેરે પદાર્થોથી કીડીના ચટકા સ્થિર થઇ સહન કરે છે. મરીને આઠમાં દેવલોકમાં દેવ બને છે; જ્યારે તેણે પાંચમી નરકમાં જવાની યોગ્યતા તથા તૈયારી હતી.

સાગરદત્ત અજૈન હોવા છતાં પણ કલ્યાણમિત્રની શિખામણથી જિનેશ્વરની પ્રતિમા પ્રસ્થાપિત કરે છે. વેપારમાં રચ્યો પચ્યો રહેતો હોવાથી વિવિધ મુસાફરી માલની લેવડદેવડ, તેમાં થતાં આરંભ-સમારંભેમાંથી તેની પ્રવૃત્તિ શુભ ન ગણાવી શકાય તેવી રહેતી. તેથી તે મરીને ઘોડો બને છે. તેને પ્રતિબોધવા ભગવાન મુનિસુવ્રતસ્વામી ઠેઠ ભરુચ સુધી આવી તેને પ્રતિબોધે છે. આ વિસ્તૃત કથા પ્રાકૃત ઉપદેશપદ મહાગ્રંથમાં વર્ણવાઇ છે .

જેવી રીતે પશુ-પક્ષી પ્રતિબોધિત થાય છે તેમ તેઓના નિમિત્તે, તેઓ દ્વારા વ્યક્તિઓ પણ પ્રતિબોધિત થાય છે.

રામચંદ્રના પૂર્વજોમાં થયેલ રાજા કીર્તિધરે રાહુ દ્વારા ગ્રહણ કરાયેલા સૂર્યને જોઇ સંસારના સર્વ રંગો અલ્પકાળમાં આવરાયેલા સમજી સંસાર ત્યજી ચારિત્ર્ય ગ્રહણ કરી લીધું. એવી રીતે કરકંડુ રાજા એક વખતના હૃષ્ટપુષ્ટ બળદની કાયા ઘડપણથી દુર્બળતાથી વ્યાકુળ જોઇ કાયા માયાની અનિત્યતા સમજી પ્રતિબોધ પામી ચારિત્ર લેવા નીકળી પડ્યો.

તેતલીપુરનો રાજા કનકરથ રાજ્યના લોભથી પદ્માવતી રાણીને પુત્રો જન્મતા તેને ખોડખાંપણવાળા બનાવતો, જેથી નિયમાનુસાર

તેઓ રાજા ન થઇ શકે. પદ્માવતી તેથી તેતલીપુત્ર નામના અમાત્યની પત્નીની મૃત પુત્રી સાથે પોતાની પુત્રની અદલાબદલી કરે છે. રાજાના મૃત્યુ બાદ પ્રજામાં પદ્માવતીનો પુત્ર છે તેવો વિશ્વાસ ઉત્પન્ન કરાવી કનકધ્વજને રાજ્યગાદી મળે છે. અમાત્યનો પત્ની પ્રત્યે પ્રેમ ઓસરવા માંડ્યો ત્યારે પોટ્ટિલા સાધ્વી બને છે. કનકધ્વજ તરફથી અપમાનિત થતા તેતલિપુત્રને સાધ્વી બનવા માટેની શરત પ્રમાણે દેવ થયા બાદ તેતલીપુત્રને પ્રતિબોધે છે.

મેતરાજ પૂર્વ ભવે પુરોહિત પુત્ર હોય છે. રાજપુત્ર સાથે સાધુની મશ્કરી કરે છે. સાધુ તેના હાડકાં સરખા કરે છે. અને રાજપુત્રને પ્રાયશ્ચિત રૂપે ચારિત્ર પકડાવ્યું.

દુર્ભાવથી દુર્લોભિપણાનું કર્મ બાંધ્યું. સાધુ સ્નાન ન કરે તેવું કેમ ભગવાને કહ્યું તે દુર્ભાવથી નીચગોત્ર કર્મ બાંધ્યું. મુનિને પૂછ્યું છે કે મને ધર્મ મળશે કે? હું ક્યાં જન્મીશ? તું ભંગણીના પેટે જન્મીશ; દુર્લભબોધિ હોઇ ધર્મ જલ્દી નહિ મળે. તેથી મિત્ર દેવ પાસે કોલ લે છે કે 'દંડા મારીને મને સંસાર છોડાવજે.'

નીચગોત્ર કર્મ ભોગવાઇ જતાં શેઠાણીના મૃત બાળક સાથે અદલાબદલી થાય છે. સોળ વર્ષની વયે મેતરાજ આઠ કન્યા સાથે લગ્ન કરવા ઘોડે ચઢે છે. દેવતા યાદ કરાવી ચારિત્ર લેવા કહે છે. દેવતાએ ભંગણીના શરીરમાં પેસી, ઉત્તર મારા રોયા કહી નીચે ઉતરાવ્યો.

દેવ કહે છે કેમ પરણી લીધું?

ફજેત થઇને સાધુ ન થાઉં. આબરૂ પાછી લાવી આપ.

રત્નની લીંડી કાઢતી બકરીથી શ્રેણિક પોતાની કન્યા મેતરાજને પરણાવે છે. તેથી પૂર્વના આઠ કન્યાના પિતા પણ પરણાવવા આવ્યા. આમ નવ કન્યા પરણે છે.

'ઉઠ ચારિત્ર લો' એમ દેવ કહે છે.

દુર્લભ બોધિ હોઇ બાર વરસની મહેતલ માંગે છે. દેવતા આવ્યા. ચારિત્ર લો. પત્નીઓપાસે બીજા બાર વર્ષની મહેતલ માંગે છે. હવે દુષ્ટ કર્મ ખપી ગયું.

હવે દેવ આવતા દુષ્ટ કર્મ ખપી ગયું. ચારિત્ર લે છે. માસખમણના પારણે સોની લાડુ વહોરાવે છે. સોનીના જ્વાલા અલોપ. વહેમાયાથી સોની માથે વાધર વીંટે છે. સુકોશળ જેવા મહાત્માઓને યાદ કરી ભાવનામાં ચઢી ગયા અને કેવળજ્ઞાન પામ્યા. અહીં દેવ દ્વારા મેતરાજ પ્રતિબોધિત થાય છે.

આર્દ્રકુમારના પિતા અને શ્રેણિક રાજાને મૈત્રી હતી. આર્દ્રકુમાર પિતાની શ્રેણિકરાજા સાથેની મૈત્રી જાણી પોતે પણ તેના પુત્ર સાથે મૈત્રી બાંધવા ઇચ્છે છે. આર્દ્રકુમાર જે અનાર્ય દેશમાં હતા તેને પ્રતિબોધવા કલ્યાણમિત્ર તરીકે જાતિવંત રત્નોની બનાવેલી સુરમ્ય શ્રી આદિનાથની ભવ્ય મૂર્તિ સુંદર પૂજાની સામગ્રી સાથે પેટીમાં મૂકી વ્યવસ્થિત પહોંચી જાય તેમ મોકલી. આ ભેટ એકાંતમાં જોવા જણાવ્યું. તે પ્રમાણે એકાંતમાં જોતાં જાતિસ્મરણ જ્ઞાન થયું, પૂર્વ જન્મ સ્મૃતિપથ પર આવ્યો.

ક્ષાયિક સમકિત મહારાજા શ્રેણિક જ્યારે ભગવાન મહાવીર પાસેથી જાણે છે કે તે નરકે જશે ત્યારે તેમાંથી બચાવવાનું કહે છે. તેના પ્રત્યુત્તરમાં ભગવાન જણાવે છે કે જો તું તારી દાસી કપિલા પાસે દાન દેવડાવે, જો તુ પુણિયાશ્રાવકના સામાયિકનું ફળ મેળવી શકે, જો તું કાલસૌકરિક ને પશુ હિંસામાંથી મુક્ત કરે તો તેવું ફળ મેળવી શકે. ત્રણે પાસે કહેલું કાર્ય કરાવી શકતો નથી.પરંતુ કાલસૌકરિક કુવામાં ઉંધો લટકીને ભીંત પર પાડાના ચિત્રો દોરી તે તેને મારતો હોય એમ કલ્પનાના ઘોડા દોડાવે છે. જેથી તે સાતમી નરકે જાય છે. જડ ચિત્રો અધઃપતનનું કારણ બને છે.

ભરૂચમાં નર્મદા નદીના કિનારે ઝાડ પર માળો બાંધીને એક સમડી રહેતી હતી. એક મ્લેચ્છે બાણ મારી ધરતી પર પાડી. કોઇ એક મુનિ તેને તરફડતી જોઇને એને નવકારમંત્ર સંભળાવે છે. તેણે બહુ ધ્યાનપૂર્વક નવકાર સાંભળી દેહત્યાગ કર્યો. મૃત્યુ પામી તે સમડી સિંહલદ્વીપની રાજકુંવરી થઇ. એક વખત ઋષભદત્તને રાજસભામાં છીંક આવતાં નવકારનું પ્રથમ પદ 'નમો અરિહંતાણં' બોલ્યા. રાજકુમારીને થયું કે આવું પોતે ક્યાંક સાંભળ્યું છે. તરત ચિંતનધારાએ ચઢતાં જાતિસ્મરણ જ્ઞાન થયું; જેવી રીતે મહાવીરસ્વામીના સમજાવાથી મેઘકુમારને હાથીના ભવનું સુમેરૂપ્રભ તરીકેનું જ્ઞાન થયું હતું.

આર્તધ્યાનમાં મગ્ન બનેલ કીર યુગલ અરિહંત પરમાત્માની અક્ષત પૂજાથી શુદ્ધ ઉદીરણા વડે દેવલોકમાં ગયું છે.

બાવળના કાંટાની અસહ્ય વેદનાને સહન કરતું કેળનું પાંદડું મરૂદેવીમાતાના અવતારને પામી એક જ ભવમાં શી રીતે મોક્ષમાં ગયા હશે?

સુનંદા સાધ્વીજીને જોઇને પ્રતિબોધિત થયેલો હાથી હોય છે.

ગોવિંદ પંડિત જૈનધર્મનો કટ્ટો દ્વેષી. શ્રી ગુપ્તસૂરિને હરાવવા જિનાગમોના અધ્યયનની જરૂર જણાઇ. વેષ મૂકી ત્રણ વાર આચાર્ય સાથે વાદ કરવા આવ્યો. પ્રત્યેકવાર ઘોર પરાજયનું કલંક પામ્યો. છેલ્લા પ્રયત્નમાં આચારાંગસૂત્રનું ષડજીવનિકાય અધ્યયન તૈયાર કરવાના પ્રયત્નમાં વનસ્પતિ આદિ જીવોના જીવતત્ત્વની સિદ્ધિના તર્કોથી ચમત્કૃત થઇ ગોવિંદ મુનિએ પોકાર કર્યો 'અહો આવું સુંદર જિનદર્શન! તેની સાથે રમત રમી હું ભવ હારી ગયો!' ઘોર પશ્ચાતાપ કર્યો, પુનઃ દીક્ષા, કેવો અનોખો જીવન પલટો!

નળ જ્યારે રાત્રે ઊંઘી ગયેલી દમયંતીને છોડીને ચાલી જાય છે. ત્યારે સતીના જેવું વ્યતીત કરતી જીંદગી જીવી રહેલી દમયંતીના ઉપદેશથી નાગરાજ દેશવિરતિ ધર્મને સ્વીકારી દેવલોકનો માલિક બને છે. દમયંતીના લલાટમાં રત્નસ્વરૂપ તિલક જન્મથી હતું. અમાસની રાત્રે તેના તેજથી વિરાટ સૈન્ય અઘોર જંગલ પાર કરી શકતું. પૂર્વ ભવમાં તેણે તીર્થંકર તપ કર્યું. હતું. સેંકડો જિનબિંબને ભારે ઉલ્લાસથી લલાટે હીરાનાં તિલકો કરાવ્યા હતા. તે દમયંતીને નળ ત્યજી ચાલી નીકળે છે ત્યારે ધર્મના સહારે દુઃખી દિવસો વ્યતીત કરે છે. સાત સાત વર્ષો કેવળ ધર્મના સહારે જીવન પસાર કરે છે, તથા સતીત્વ પ્રજ્વલિત રાખે છે.

સૌધર્મેન્દ્રના સવાલના જવાબમાં મહાવીરસ્વામીએ કહ્યું કે મારા નિર્વાણ પછી હજાર વર્ષે ચૌદ પૂર્વોનો નાશ થશે. એ વખતે દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ થશે તે આ બેઠેલો હરિર્ણૈગમૈષીનો આત્મા છે. તે દેવાયુપૂર્ણ કરી વેરાવળના રાજા અરિદમનની રાણી કલાવતીના પુત્ર તરીકે જન્મશે; પરંતુ દુર્લભબોધિ હોવાથી ઝટ ધર્મ પામશે નહિ.

આ સાંભળીને ઇન્દ્રને તેણે કહ્યું કે વફાદારીપૂર્વકની સેવાના બદલામાં આટલું માંગું છું કે મને રાજપુત્રના ભવમાં ધર્મ માર્ગે ચઢાવવો.

દેવરાજે કહ્યું કે તારા વિમાનની દીવાલ પર લખ કે મારા પછી જે દેવાત્મા આવે તેણે મારા રાજપુત્રના ભવમાં મને પ્રતિબોધ કરે. આ ઇન્દ્રની આણ છે.

હરિર્ણૈગ્રમેષીએ તેમ કર્યું. હજાર વર્ષ પછી કલાવતીના પુત્ર તરીકે જન્મ્યો; પરંતુ કુમિત્રોની સોબતથી ધર્મવિમુખ બન્યો. તેને સ્થાને આવેલા દેવે ઘણી માયાજાળો વિકુર્વીને, ભયાદિ પમાડી; પ્રતિબોધિત કર્યો. દીક્ષા લીધી. જૈન શાસનના શાસન પ્રભાવક આચાર્ય દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ થયા.

નંદમણિયાર ધનાઢ્ય ધર્મપ્રિય વ્યક્તિ હતી. પૌષધ કર્યા પછી પાણી પીવાની ઇચ્છા થઇ તેથી તેણે એક સુંદર આરામદાયી વાવડી બંધાવી; જેની ચારે દિશામાં લોકભોગ્ય ચાર વસ્તુઓનું નિર્માણ કરાવ્યું. તે વાવડીમાં આસક્તિ રહી જવાતી મરીને તે તેમાં દેડકો થાય છે.

એકવાર મહારાજા શ્રેણિક ભગવાન મહાવીરના સમવસરણમાં જવા નીકળે છે; ત્યારે તેમના રથના ઘોડાના પગ નીચે બહાર નીકળેલો

આ દેડકો કચરાઇ જાય છે. મહાવીર પ્રભુની દેશનાના શબ્દો કાને પડતાં અભિગ્રહ ધારણ કરે છે. પૂર્વ જન્મનું જાતિસ્મરણ જ્ઞાન થતાં અનશન જેવું કરી પોતે ધન્ય બને છે.

સિંહગુફાવાસી મુનિ સિંહની બોડ આગળ રહી ચાર મહિનાના ઉપવાસ કર્યા ત્યારે સિંહોએ મુનિની પ્રતિભાથી હિંસા ન કરી; તેઓ ક્ષેમકુશળ રહ્યા. બીજા મુનિએ આ ચાર મહિનાના સાપના દર આગળ રહી તપ કર્યું છતાં પણ સર્પોએ કરડવાનું માંડી વાળ્યું હતું . તપથી પ્રભાવિત થયેલાને !

એક વૈદ્ય હતા. વૈદક કરવામાં દોષોનું સેવન કર્યું. જેવા કે સ્ત્રીઓ સાથે તપાવાસના બહાના હેઠળ કામુક ચેષ્ટા, ઓછી દવા આપી દરદ લંબાવવું, દરદીના રોગને સાજો કરવામાં વિલંબ વગેરે. તેથી તે મૃત્યુ પામી વાંદરો થયા.

એકવાર જંગલમાં તે કોઇ મુનિને અસ્વસ્થ જુએ છે. તેને સમજ પડે છે કે તેમના પગમાં કાંટો વાગ્યો લાગે છે. તે જંગલમાંથી ઔષધિ રૂપે યોગ્ય પાંદડા લાવી તેની લુદી બનાવી મુનિના ચરણે લગાવે છે. કાંટો નીકળી જાય છે. ઉપચાર વિધિથી મુનિ સમજી ગયા કે આ કોઇ પૂર્વ ભવમાંથી ભૂલો પડેલો જીવ છે. ગમે તે હિસાબે પૂર્વ ભવનું જ્ઞાન થયું લાગે છે. આ કોઇ વનસ્પતિશાસ્ત્રનો જાણકાર વૈદ્ય હોવો જોઇએ. હવે તે રૂદન કરે છે તેથી તેને મનુષ્યભવ એળે ગયાનો પસ્તાવો થતો લાગે છે. મુનિ ઉપદેશ આપે છે કે ધર્મ ભૂલી પાપો કરી તિર્યંચ યોનિમાં તું આવી ગયો લાગે છે. તું પસ્તાવા સાથે ધર્મનું શરણ લે. પાપોથી બચવા ઉત્તમ વ્રત દેશાવકાશિક લેવડાવે છે. તેની સાથે નવકારમંત્ર અને અરિહંતનું ધ્યાન લેવાનું. આથી બહારની દુનિયાના આ સ્થળની પરિમિતિ બહારના પાપોથી બચી જશે.

એકવાર જંગલમાં શિલા પર બેઠો છે. ભૂખ્યો સિંહ શિકાર અર્થે બહાર નીકળેલો છે. તેના પર ત્રાડ પાડી કૂદે છે. શું વાદરો ગભરાય છે? હાયવોય થાય છે. ના, હવે તે સમજ્યા પછી કાયાની માયા શા માટે રાખે ? તે વિચારે છે 'રે કુટિલ કાયા ! સિંહના જડબામાં ભલે ચવાઇ જાઓ' મારે નવકાર ધ્યાન, અરિહંત ધ્યાન મૂકવું નથી. વાંદરો મરીને દેવ થાય છે. કારણ કે તે શુભ ધ્યાનમાં નિશ્ચળ છે. નરકની અસંખ્ય વર્ષોની પીડા આગળ આ કંઇ વિસાતમાં નથી. સમાધિથી તે મર્યો તેથી ભવનિપતિમાં દેવતા તરીકે જન્મ્યો. ત્યારબાદ ઉપકારી સાધુને શાસન પ્રભાવનાના કાર્યોમાં શાસન પ્રભાવનાના કાર્યોમાં સહાય કરશે તેમ જણાવે છે.

જૈન દર્શનમાં તીર્થંકરના ૩૪ અતિશયો માનવામાં આવ્યા છે. આ અતિશયોથી સમવસરણમાં જન્મજાત વૈર કે શત્રુતા ધરાવનારા પશુ-પંખીઓ જેવાં કે ઉંદર-બિલાડી, કૂતરો-બિલાડી, સાપ-નોળિયો , મોર-સાપ, વાઘ-સિંહ વગેરે દિવ્ય વાણીના પ્રભાવથી એકબીજાની સાથે બેસી પ્રભુની માલકોશમાં અપાઇ રહેલી દેશના સાંભળે છે. શું આ કંઇ ઓછો પ્રતિબોધ છે ?

મહારાજા દશરથે કંચુકીનો ઘરડો થયાનો દિદાર જોઇ પ્રતિબોધ પામ્યા હતા.

તેવી રીતે ગૌતમ બુદ્ધે રોગી, ઘરડો માણસ તથા મૃત્યુ પામેલાને જોઇ વૈરાગ્યવાસિત થઇ ગયા હતા.

કાકા લક્ષ્મણનું મૃત્યુ થઇ ગયું. ભત્રીજા લવ અને કુશે યમરાજની એક ફૂંકે સમેટાઇ જતાં સંસારને જોઇ વૈરાગ્ય થઇ ગયો દીક્ષા લઇ લીધી!

આવી રીતે પિતાના મૃતકનું કલાકો સુધી ધ્યાન ધરતા વેંકટરામને સંસાર ત્યાગનો માર્ગ પકડી ભવિષ્યના રમણ મહર્ષિ બન્યા.

ભગવાન થનારા નેમિનાથ દ્વારા અપરિણિત રહેલી રાજીમતી પંથ ભૂલેલા અને દીક્ષા લીધેલા એવા દિયરને સદુપદેશ દ્વારા સાચા રાહ પર લાવી દે છે.

પાણી પીવા માટે કમંડલને યોગ્ય માનીને માત્ર કમંડલનો પરિગ્રહ રાખનાર નગ્ન સાધુએ જ્યારે મોં વડે તળાવનું પાણી પીતા કૂતરાને જોઇને કમંડલનો પણ પરિત્યાગ કરી દીધો !

હાથ વાળીને તેનું ઓશીકું બનાવી માથું ટેકવી સૂતા રાજર્ષિ ભર્તૃહરિની કોઇએ ટીકા કરી કે 'હજી ઓશિકાની ટેવ પણ છૂટતી નથી?' બસ. તે સાંભળી હાથ વાળી, માથું ટેકવવાનું પણ છોડી દીધું !

કોઇ રાજાનું સૈન્ય ખૂંખાર જંગ લડી રહ્યું હતું. થોડે દૂર ઉદ્યાનમાં કેટલાંક મુનિઓ પધાર્યાં હતા. યુદ્ધમાં થાકેલા હાથીને ઉદ્યાનમાં બાંધવામાં આવ્યો હતો. તેની દૃષ્ટિ સતત મુનિઓની જીવનચર્યા તરફ રહેવા લાગી. તેઓના જીવનનું પ્રધાનકાર્ય જીવદયા હતું તે જોઇને હાથીના પરિણામ જીવદયામય થઇ ગયા. યુદ્ધ ભૂમિ પર લઇ જવાયો ત્યારે લડવા માટે સજ્જ ન થતાં બધાં આશ્ચર્યાન્વિત થયાં !

કરોડની સંપત્તિ લાવનાર બત્રીસ પત્નીઓ સાથે તેનું પાણિગ્રહણ થયું છે; તેઓના આલિશાન ભવ્ય રાજમહેલની વચ્ચે રહેનાર થાવચ્ચાપુત્ર ભગવાન નેમિનાથની વાણી સાંભળી દીક્ષિત થઇ ગયા આ થાવચ્ચાપુત્ર આચાર્યે સુદર્શન શેઠને જૈનધર્માનુરાગી બનાવ્યો તથા તેણે પોતાના ગુરુ શુક્ર પરિવ્રાજકને થાવચ્ચાપુત્ર પાસે લાવી શંકાનું સમાધાન કરાવી આત્મ કલ્યાણના પંથે વાળી દીધા. પ્રતિબોધિત ભવ્ય જીવો હતા ને !

લગ્નના બીજે દિવસે દીક્ષા લેવાનું સ્વીકારાય તો લગ્ન માટે તૈયાર થયેલા જંબુ(સ્વામી)કુમાર પાંચસે ચોરોને, આઠ નવોઢા પત્નીઓને, પોતે પોતાના માતા-પિતાને તથા કન્યાઓના માતા-પિતાને એમ પાંચસો સત્તાવીશ વ્યક્તિઓને એકીસાથે પ્રતિબોધિત કરનાર જંબુસ્વામી સુધર્માસ્વામીની પાટે છેલ્લા પૂર્વધર હતા.

આગમોમાં ૧૧ ગણધરોમાંથી જીવીત રહેલા સુધર્માસ્વામી અને જંબુસ્વામી વચ્ચે ઘણા પ્રસંગો યોજાયા છે.

ધારાનગરીનો શ્રેષ્ઠીપુત્ર અભય, ભરયૌવનમાં વિરક્ત થઇ જિનેશ્વરસૂરિ પાસે દીક્ષા લે છે. પુણ્યના સ્વામી અભયકુમાર મુનિ બનીને વિદ્વતા, રૂપ, વ્યાખ્યાનશક્તિથી એકવાર એમના મધુર કંઠથી રાજકુમારી મોહી પડી. વળી બીજા પ્રસંગે વીરરસોચિત યુદ્ધના વર્ણન દરમિયાન રાજપુત્રોએ મ્યાનમાંથી તલવારો ખેંચી કાઢી.

આ પ્રસંગોમાંથી અભયમુનિના પતનને ખતમ કરવા આજીવન છ વિગયના ત્યાગની તથા જુવારનું દ્રવ્ય વાપરવાની પ્રતિજ્ઞા આપી. મુનિમાંથી અભયસૂરિ બનાવી ગુરુદેવ મૃત્યુ પામ્યા. તેમને કોઢ થયો.ચેપી અને મહાપીડાકાર. સહન કરવાનું મુશ્કેલ થતાં ખંભાત પાસે આવેલી સેઢી નદીના કિનારે અનશન કરવાની પૂરી તૈયારી કરી લીધી. તે સમયે પદ્માવતીએ પ્રગટ થઇ અનશન કરતા વાર્યા, રોગની પીડાને શાંત કરી, સહ્ય બનાવી શેષ જીવન આગમગ્રંથોની ટીકા લખવા નમ્ર વિનંતી કરી. તદનુરૂપ નવ અંગોની ટીકા લખનાર નવાંગી ટીકાકાર અભયદેવસૂરીશ્વરે જૈનશાસનની બેનમૂન સેવા કરી જીવનને કૃતકૃત્ય કરી દીધું. યતમાંથી ઉન્નતિ જૈનશાસનમાં સુલભ છે.

વાંકી ડોકવાળા મુનિને ગુરુએ સાપના દાંત ગણી લાવવા કહ્યું. સાપને દાંત ન હોય તેમ જાણતો હોવા છતાં પણ ગુરુની આજ્ઞાને શિરસાવંદ્ય ગણી તહત્તિ કરી સાપના રાફડા પાસે પહોંચી કાંકરા મારી સાપને છંછેડી બહાર કાઢ્યો. બહાર આવેલા સાપે ફૂંફાડો માર્યો. તેના ડરથી પાછળ હઠી ગયેલા શિષ્યને ઝાટકો લાગ્યો; અને તેની વાંકી ડોક સીધી થઇ ગઇ ! પ્રજ્ઞાપનીય શિષ્ય હતો ને ! તેથી અવળું કાર્ય તેના માટે સવળું થયું ! આજ્ઞા ગુરુણાં અવિચારનિયા.

સુખ સમૃદ્ધિની છોળો ઉડતી હતી, માતા-પિતાની છત્રછાયા હતી, મિત્રમંડળ તથા સુશીલ પત્ની વગેરેનું વૈભવસુખ જેની પાસે હતું તે રાજવીની અચાનક આંખમાં અસહ્ય કારમી પીડા થઇ આવી. નોકર-

ચાકરોની દોડધામ, સગાં-સ્નેહીની હૂંફ, વૈદ્ય વગેરેની સુશ્રુષા હોવા છતાં પણ જેની પીડા ઓછી ન થઇ. નાથ હોવા છતાં પણ અનાથ જેવી સ્થિતિ ઉત્પન્ન થઇ છે. તે રાત્રે એનો સંકલ્પ કરે છે કે જો સવાર પડતાં રોગ શમી જાય તો દીક્ષા લઇ લેવી. તેવું થતાં તે અનાથમુનિ બને છે. માત્ર પ્રતિજ્ઞાનો વિચાર જ ને !

એકવાર મહારાજા શ્રેણિકનો ભેટો થાય છે. તે તેને કહે છે કે હું તારો નાથ થવા તૈયાર છું. તેના પ્રત્યત્તરમાં તું પોતે જ અનાથ હોઇ કેવી રીતે મારો નાથ બનીશ ? તેવા પ્રત્યુત્તરથી ડઘાઇ ગયેલા શ્રેણિક જ્યારે નાથ અનાથની સાચી પરિભાષા સમજે છે ત્યારે નાસ્તિક શિરોમણિ જેવા શ્રેણિક અનાથમુનિના સમાગમથી ક્ષાયિક સમક્તિ બની ભાવી પદ્મનાભ નામે પ્રથમ તીર્થંકર થશે. ક્યાંથી ક્યાં ! કેવો પ્રતિબોધ !

અજૈન સાહિત્યિક કથાઓમાં ગોપીચંદનો પ્રસંગ વર્ણવાયો છે. તે યુવાન થયો હોવા છતાં પણ ઉચ્છૃંખલ, વિલાસી, ધર્મવિમુખ તથા દુષણોથી ભરપુર હતો. તેની મા ધાર્મિકવૃત્તિવાળી સન્નારી હતી . એક વાર સ્નાન કરાવતી વખતે તેના પુત્રની ચારિત્રવિહીન દશા જોઇ દુઃખી થઇ અશ્રુ સારે છે. તેની આંખમાંથી સરકેલું ઉષ્ણ અશ્રુબિંદુ ગોપીચંદના વાંસા પર પડ્યું. તેણે ઉપર જોયું. માના રૂદનનું કારણ પૂછ્યું. કારણ જાણી તે દિવસથી મનસુબો કર્યો કે માની લાગણી અનુસાર જીવન વ્યતીત કરવું અને તે મુજબ કૃતનિશ્ચયી થઇ જીવનનો રાહ બદલી નાંખ્યો. કેવી સુંદર પરિણતિ એક અશ્રુબિંદુથી થઇ શકી ! એ આઠ પત્નીઓમાં આસક્ત રહેતો હતો !

વાલીઓ જે 'રામ રામ' કહેવાની ના પાડતો હતો તેને સંત પુરુષ 'મરા મરા' કરતો કરીને કેવો સંત વાલ્મિકી બનાવી મૂક્યો !

ઇન્દ્રભૂતિ ગૌતમાદિના સરળતાને લીધે ઉત્પન્ન થયેલી પ્રજ્ઞાપનીયતાને કારણે દેવાધિદેવ મહાવીરસ્વામીએ તેઓને કેવા ધર્માભિમુખ બનાવી દીધા !

પેલો લુંટારૂ વંકચૂલ સરળતાને લીધે જ ધર્માત્મા બન્યો ને !

પેલા ધનાઢ્ય પંડિત (રાજાના) પુરોહિત હરિભદ્ર કદાગ્રહી દેખાવા છતાં ભીતરમાં સરળ હોવાથી કેવું જીવન પરિવર્તન એક શ્લોકનો અર્થ ન સમજવાથી કરી શક્યા ! હરિભદ્રસૂરિ બની શક્યા.

પરમાત્મા મહાવીરદેવની સંસારી પણાની પુત્રીને ઢંક નામના કુંભારે સાધ્વી પ્રિયદર્શનાને એક ટુચકા દ્વારા કેવી સીધી દોર કરી નાંખી!

ચંપીનગરીનો કુમારનંદી સોની અતિ કામાતુર હતો. જ્યાં રૂપવતી કન્યા દેખાય ત્યાં તેનાં મા-બાપને પાંચસો સોનામહોર આપી લગ્ન કરી લેતો. તેઓનો પતિ બનતો.

હાસા-પ્રહાસા નામની બે વ્યંતરીઓએ પતિનું આયુષ્ય પૂર્ણ થતાં કુમારનંદી પર આસક્ત થઇ. તેઓને જોઇ અત્યંત કામાર્ત કુમારનંદી કામાસક્ત થઇ ગયો. પંચશૈલ દ્વીપ પર આવી જા, ત્યાં મજા કરશું.

મહામુશ્કેલીએ ત્યાં પહોંચ્યો. મરીને અહીં આવવા અનશન કર., અહીં જન્મ લેવાનો સંકલ્પ કર, બળી મર.

પુનઃ ચંપા નગરીમાં આવી. નાગિલ નામના મિત્રને બધી વાત કરી. આમ ન કરવા સમજાવ્યો. પણ તે નિષ્ફળ ગયું. બળી મર્યો પણ પુણ્ય ઓછું તેથી તે માત્ર ઢોલિયો દેવ બન્યો.

તેના બળી મરવાથી નાગિલે દીક્ષા લીધી. કાળધર્મ પામી બારમા દેવલોકમાં વિદ્યુમાલી દેવ થયો. ઉપયોગ મૂકતાં મિત્રની દુર્દશા જાણી. કુમારનંદી ખૂબ પશ્ચાતાપ કરે છે.

વિદ્યુમાલી કહે છે, 'હવે સમાધિ મેળવવા પરમાત્માની અનન્ય અને અકામભાવે ભક્તિ કર.'

તારા પૂર્વ ભવની ચિત્રશાળામાં ધ્યાનસ્થ પરમાત્મા મહાવીર દેવની મૂર્તિ છે. તેવી ધ્યાનસ્થ મુદ્રાની આબેહૂબ પ્રતિમા તૈયાર કરી વંદન, પૂજા, અર્ચનાદિ કર જેથી તેને સમાધિ પ્રાપ્ત થશે.

તેમ કરતાં તેની વાસના, દીનતા, ઘણા પ્રમાણમાં ક્ષીણ થઇ ગઇ! ક્યાં વાસનાપીડિત કુમારનંદીનો દેવતાત્મા ! ક્યાં જ્ઞાન-ગર્ભવિરાગી નાગિલનો બારમા દેવલોકનો દેવાત્મા ! જેનું રૂપ જોવા માટે દેવે રૂપ સંહરી લેવું પડતું. કેવો આદર્શ રીતનો મિત્રનો મિત્ર પ્રત્યેનો બોધ !

અકબર બાદશાહના પ્રતિબોધક જૈનાચાર્ય હીરસૂરીશ્વરજી જ્યારે સિરોહી (રાજસ્થાન)માં હતા ત્યારે શ્રાવકો ઉપાશ્રયમાં પ્રતિક્રમણ કરતા હતા. ઠંડીની ઋતુ હોવાથી એક યુવાને મુનિના જેવી કામળી ઓઢી હતી. આ યુવાનની જે યુવતી સાથે લગ્ન થવાના હતા તે મુનિને વંદન કરવા આવી. પોતાના ભાવી પતિને મુનિ સમજી વંદન કર્યું. સાચી સ્થિતિ સમજી માતા-પિતાને કહ્યું કે આ હવે મારા માટે પૂજનીય બની ગયા. તેથી આ ભવમાં બીજો પતિ ન કરી શકું. તેણે દીક્ષા લઇ આત્મકલ્યાણ કર્યું. કેવી વિલક્ષણ પ્રતિબોધ માટેની ઘટના !

પુષ્પસેના રાણીના પતિને તેના પુત્ર-પુત્રી પર પુષ્કળ પ્રેમ હતો તેથી ભાઇ-બહેનના અતિશય સ્નેહને વશ થઇ માતાની મરજી વિરૂદ્ધ તેઓના લગ્ન કર્યાં. મોહાંધ પિતાના આ કૃત્યથી દુઃખી થયેલી રાણીના વિરોધનું કશું નહિ ત્યારે દીક્ષા લઇ ઉગ્ર તપસ્યા કરી દેવી થઇ.

તેણીએ પુત્રી પુષ્પચૂલાને નરક અને સ્વર્ગના દુઃખ-સુખો આબેહૂબ દર્શાવ્યા. તેણીએ ગીતાર્થ ગુરુ પાસે આ પ્રકારનું વર્ણન સાંભળી દીક્ષા લીધી. પરંતુ, તેના ભાઇ પતિની બે શરતો : (૧) તે હંમેશા આજ શહેરમાં રહે, (૨) તથા તે તેનું મુખ પ્રતિદિન જોઇ શકે. બંને કપરી શરતો કબૂલ કરી યથાશસ્ત્ર સંયમાદિ પાળી કેવળી બની એટલું જ નહિ પણ તેના ગીતાર્થ ગુરુ અર્ણિકાપુત્ર પણ કેવળી બને છે.

કેવા કેવા કારણોથી પુષ્પસેના, પુષ્પચૂલા અને અર્ણિકાપુત્ર પ્રતિબોધિત થાય છે તે આ કથા પરથી જાણી શકાય છે.

એક રાજાને પહાડની વચ્ચે રાજમહેલ બંધાવવાનો વિચાર આવ્યો. તેણે મજુરો રોક્યા. એક મજુર ઘણો મજબૂત અને કદાવર હોવાથી મોટા પથ્થરો ઉંચકી શકતો તેથી રાજાએ કામ ઝડપથી થાય તે માટે તેના માર્ગમાં કોઇ આવે તો તેને ધક્કો મારી દૂર હડસેલી લેવો તેવી આજ્ઞા કરી.

એકવાર મુનિ તરીકેનું જીવન જીરવી ન શકવાથી આ મજુર થયો હતો. તેના માર્ગમાં એક મુનિ આવ્યા. તેણે પથ્થરો બાજુ પર મૂકી રસ્તો કરી આપ્યો. આથી ઇર્ષાળુઓએ તેના વિરુદ્ધ ફરિયાદ કરી. ત્યારે તેણે રાજાને કહ્યું કે હું પાંચ પથ્થરો જ ઉંચકું છું. અને શ્રમિત થતાં બાજુ પર મૂકી શકું છું. ત્યારે આ મુનિ પાંચ મહાવ્રતોનો ભાર આખી જીંદગી સુધી વગર શ્રમે ઉપાડતા હોય છે. આ પ્રત્યુત્તરથી રાજા આનંદિત થયો. કેવી ધર્મ વિષયક શ્રદ્ધા અને પરિણતિ !

ધારાનગરીનો મંત્રીશ્વર ધનપાલ અને શોભનમુનિ જે તેમનો અનુજ હતો તથા જેણે ધારામાંતી જૈન સાધુઓની હકાલપટ્ટી કરાવી હતી તે ધનપાલને શોભનમુનિનો ભેટો થતાં કહે છે :-

ગદર્ભદ ન્ત જાદન્ત નમસ્તે । કેમકે મુનિનો દાંત આગળ પડતો હતો.

તેના પ્રત્યુત્તરમાં પ્રત્યુત્પન્નમતિવાળા શોભનમુનિ સણસણતો જવાબ આપે છે :-કપિવૃષણાસ્ય...

તેથી શરમથી બેવડો વળી ગયેલો ધનપાલને, વાસી દહીંમાં જીવતત્ત્વનો તથા લાડુમાં ઝેરનો પરચો બતાવી જૈનધર્મના આરાધક બનાવ્યા.

તેવી જ રીતે પ્રતિમાના આકારની માછલીએ લાખો જીવોને જાતિસ્મરણ કરાવી ઠેકાણે પાડ્યા હતા.

ધર્મનિષ્ઠ પિતાના નાસ્તિક પુત્રને માર્ગાનુસારી બનાવવાના માટેનો ખૂબ પ્રયત્ન નાકામિયાબ રહ્યો તેથી પિતા મૃત્યુ શય્યા પર ચિંતાગ્રસ્ત હતા ત્યારે પગ પાસે પુત્ર બેઠો હતો.

પિતા કહે છે કે : બેટા, પરંતુ કશું બોલી શકતા નથી. બીજી વાર પિતા કહે છે બેટા, કશું કહી શકતા નથી, ત્રીજી વાર પુત્ર કહે છે કે શું છે પિતાજી, ત્યારે પિતા કહે છે કે મારા મૃત્યુ પછી આ ઘરમાંથી ધર્મ પણ વિદાય થઈ જશે.

તેના પ્રત્યુત્તરમાં પુત્ર કહે છે કે પિતાજી તમારા મૃત્યુ પછી આ ઘરમાં ધર્મ સવાયો થશે !

તે સાંભળી સાંત્વન પામેલા પિતાએ હર્ષાશ્રુ સાથે દેહ છોડ્યો.

તીર્થંકરોના સમવસરણમાં ક્રોડો આત્માઓ ખેંચાઈને જિનવાણીથી વાસિત બની જાય છે.

એકસો પચીસ યોજનમાં ભયાનક દર્દીઓ તેનાથી ઊભા થઈ ગયા. દોડવા લાગ્યા, વીસ હજાર પગથિયાં ચઢી ગયા, ભોગમાં ડૂબેલાં દેવો ૧૯ અતિશયો તૈયાર કરવા લાગ્યા, રાજાઓ કાર્યો મૂકી સમવસરણ તરફ ચાલ્યા, પક્ષીઓ પ્રદક્ષિણા દેવા લાગ્યા. કાંટા ઉંધા થઈ ગયા, ઋતુઓ જીવંત બની ગઈ, વૃક્ષો નમવા લાગ્યા, પશુ-પંખી પોતાની વાણીમાં દેશના સાંભળવા લાગ્યા. કેવો તીર્થંકર ભગવંતના અસ્તિત્વનો પુણ્ય પ્રભાવ !

ધર્મદત્તમુનિએ અહિંસા ગુણને સ્વમાં પ્રતિષ્ઠાપિત કરી દીધો અને તેના પ્રભાવથી હજારો હિંસક પશુઓ અને માનવોનાં જીવન અહિંસક બની ગયાં.

ચંદનબાળાના સાધ્વી તરીકેના મોં પર સંયમજીવનની સિદ્ધિના દર્શન કરી અજૈન ખેડૂત શેવડૂક સંયમ જીવન પામી ગયો !

જટાયુ રોગિષ્ટ અને ગંધાતું ગરુડ હતું. એકવાર જંગલમાંથી પસાર થતાં આમર્ષોષધિના ધારક બે મુનિઓએ વૃક્ષ નીચે વિસામો કર્યો. ઝાડ પરથી નીચે પડેલા જટાયુનો તેમની સાથે સંપર્ક થયો. અડતાની સાથે કાયા સંપૂર્ણ દિવ્ય બની ગઈ ! રામાયણમાં રામના સંસર્ગથી જટાયુ પામી ગયો.

પરમાત્મા આદિનાથના છેલ્લેથી ત્રીજા ભવમાં-વજ્રનાભ મુનિના ભવમાં અઢળક લબ્ધિના બળે તેમને અડીને આગળ વધેલો પવન જેને સ્પર્શે તે રોગી નિરોગી થઈ જતો.

સનતકુમાર ચક્રવર્તી પોતાના થૂંકથી રોગનાશની શક્તિ ધરાવતા હતા.

આનંદઘનજીના પેશાબમાં સુવર્ણસિદ્ધિ હતી.

જિનદાસ શેઠના બે બળદો, તેમના સત્સંગે ધર્મી જીવ બની ગયા.

નાસ્તિક રાજા પ્રદ્યુશી કેશી ગણધરના સત્સંગે પામી ગયા.

ગૌતમબુદ્ધના સંગે અંગુલિમાલ પામી ગયો.

મરા મરાના જાપથી રામ રામ કરતો વાલિયો વાલ્મીકિ બન્યો.

પિંગલાના અકાળ અવસાનના નિમિત્તે બનેલ સંત બની ગયેલા ભર્તુહરિ.

ગણધર ગૌતમના સંગે કેવળજ્ઞાન પામી ગયેલા કૌડિન્ય વગેરે ૧૫૦૦ તાપસો.

પ્રભુ વીરની ભૂલમાં સંભળાઈ ગયેલી વાણીથી રોહિણીયો ચોર પામી ગયો.

દુરાચારી ચિલાતી તથા દ્રઢ પ્રહારી સત્સંગે પામી ગયા.

ધ્યાનસ્થ મુનિના મુખ પરની આત્મમસ્તી જોઈને વજ્રબાહુ, નવોઢા મનોરમા તથા સાળો ઉદયસુંદર પામી ગયા.

પરમાત્મા આદિનાથ તથા મહાવીરદેવનો સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો પ્રથમ ભવ, ધન્ના અને નયસાર તરીકેનો, બંને મુનિના સંસર્ગે સમ્યગ્દર્શન પામ્યા.

ગાંઠ ખોલ્યા વિના દારૂ નહિ પીવાનો, પહેલી માછલી નહિ પકડવાની એવી ક્ષુલ્લક પ્રતિજ્ઞા પાળનારા હરિબલ મચ્છી, ભિક્ષા દેતી સુંદર સુંદરી, પાસેથી નીચું મોં રાખી મુનિના ચમકતા તેજને જોઈને કૈવલ્ય પામતો નર ઈલાચી.

જીવનમાં નખશિખ પરિવર્તન કરનારાં દ્રષ્ટાંતો જોઈએ.

ઉપવાસની પ્રસન્ન તપશ્ચર્યાએ અકબર પાસે અમારિ પ્રવર્તન કરાવ્યું.

ચાંલ્લાએ કુમારપાળ દ્વારા સાડા ત્રણ લાખ અગ્રવાલોને જૈન ધર્મ બનાવ્યા.

દહીંની અભક્ષ્યતા તથા લાડુમાં ઝેર જોઈ મહાકવિ ધનપાલ આવ્યા.

પ્રતિમાના આકારની માછલીએ લાખો જીવોને જાતિસ્મરણ કરાવી ઉદ્‌બોધિત કર્યાં.

કાયોત્સર્ગમાં રહેલાં મુનિને દૂરથી નિહાળી, મીંઢળ જેના કરમાંથી છોડાયો તે ચોરીમાં વજ્રબાહુ અને તેની સાથે મનોરમા, તેના ભાઈ ઉદયશંકર, માતા-પિતા, સાસુ-સસરા સર્વવિરતિના પંથે પ્રયાણ કરનારા થયા.

ગુણસાગરની રોમાંચક કથા સાંભળી પૃથ્વીચંદ્ર રાજા કેવળી થયા!

અરીસા ભુવનમાં વીંટી ઉતારતાં અશુચિ, અનિત્ય ભાવના ભાવતાં ભરત ચક્રવર્તી કૈવલ્ય પામ્યા.

લક્ષ્મણનાં અપમૃત્યુથી સંસારનું નગ્ન સ્વરૂપ જોઈ લવકુશ સર્વવિરતિના માર્ગે ચાલી નીકળ્યા.

સ્વામી શબ્દના અપમાનથી સુખભોક્તા શાલિભદ્રને સર્વવિરતિનું રત્ન જડી ગયું.

જયાનંદકુમાર મહામંગલમય માર્ગે જવા તૈયાર થયા ત્યારે તેમના ઉત્કૃષ્ટ ત્યાગથી ૫૦,૦૦૦ સ્વજનોતથા નગરના ૫૦,૦૦૦ આત્માઓ પણ જોડાઈ કુલ એક લાખે સર્વવિરતિ સ્વીકારી.

પિતાના અપમૃત્યુની જાણથી સ્થૂલભદ્રે દીક્ષા લીધી.

માતાના અશ્રુબિંદુથી ગોપીચંદે સંન્યાસ જીવનના વાઘા પહેરી લીધા.

ધોળા વાળ રૂપે ફૂલ જોઈ રાજા સોમચંદ્રે સંન્યાસ સ્વીકાર્યો. પ્રભુ વીરના પરમ ભક્ત ઢંક કુંભારે ભગવાનના સંસારી જમાઈ અને સંસારી દીકરી પ્રિયદર્શનાજીને પણ ટૂચકો કરી પાછા સતપથ પર લાવી મૂક્યા. તથા કમર કસીને અનેક સાધુ-સાધ્વીજીને સન્માર્ગે વળાવ્યા.

કેટલાંક અવળા નિમિત્તોથી સન્માર્ગેથી ફેંકાઈ ગયેલાને પણ જોઈ લઈએ :-

પેલા સુમંગલાચાર્ય નાનકડા ચીંથરામાં આસક્તિથી માંસાહારી અનાર્ય દેશમાં જન્મ્યા.

ખેડૂત સામયિક નામના મુનિ કામવિકારમાં અનાર્ય દેશમાં આદ્રકુમાર બન્યા.

તપસ્વી સાધુ છેલ્લી ક્ષણોમાં કોપાન્વિત થતાં ત્રીજા ભવે ચંડકૌશિક દષ્ટિવિષ ભયંકર સાપ થયા.

નાનકડા કુસંગમાં ઈલાચીકુમાર બરબાદ થયા પણ કુનેહથી માતા સાધ્વીએ પથ ફેરવી નંખાવ્યો.

જે તપસ્વી તાપસે ૬૦,૦૦૦ વર્ષ સુધી ૨૧-૨૧ વાર પાણીથી ધોયેલી વસ્તુ વાપરી તપ કર્યું હતું. પરંતુ શાસ્ત્રમાં સમ્યગ્દષ્ટિથી કરાયેલી નવકારશીને તેના કરતાં વિશેષ ગણી છે. તે તામલી તાપસ નીચું મોઢું રાખી ચાલતા મુનિઓના દર્શન માત્રથી સમ્યક્ત્વ પામી જીવનની બાજી પલટી નાંખી.

પ્રેરણાના પીયૂષ પાનારાંના જીવન જોઈ આ પ્રમાણે મનસૂબો કરાય:

પત્ની બનવું પડે તો મદનરેખા કે નાગિલા બનવું.
પતિ બનવું પડે તો જંબૂકુમાર કે ગુણસાગર બનવું.
પિતા બનવું પડે તે ધનગિરિ બનવું.
બહેન બનવું પડે તો શ્રીયકની બહેન યક્ષા બનવું.

ભાઇ બનવું પડે તો કંડરિકના ભાઇ પુંડરિક બનવું.
પુત્ર બનવું પડે તો રામ કે ભરત બનવું.
પુત્રી બનવું પડે તો મયણાસુંદરી બનવું.
સાસુ બનવું પડે તો કૌશલ્યા બનવું.
વહુ બનવું પડે તો સીતા બનવું.
સાળા-બનેવી બનવું પડે તો ધન્ના-શાલિભદ્ર બનવું.
સસરા બનવું પડે તો દશરથ રાજા બનવું.

ભગવતિસૂત્રમાં તિર્યંચો પણ દેશવિરતિ ધર્મ સ્વીકારી દેવલોક કે મનુષ્યલોક મેળવવા માટે ભાગ્યશાળી બને છે. તેના દષ્ટાંતોમાં ચંડકૌશિક નાગરાજ, હાથીના શરીરધારી રૂપસેનનો જીવ, કાદંબરી અટવીમાં પાર્શ્વનાથ પ્રભુને પૂજતો મદોન્મત્ત હાથી, પરમાત્માની અક્ષતપૂજા કરતું કીર યુગલ, જટાયુ પક્ષી આદિ લોકજીભ પર રમી રહ્યાં છે.

ઉપર ગણાવેલાં સંસારનાં સગાંઓને તેમની સાથે સંકળાયેલા અન્ય જીવોને પ્રતિબોધિત કરી પરિણતિથી પાવન પંથે પ્રયાણ કરાવવા માટે અનન્ય કાર્ય કરી પોતાનું તથા પરનું જીવન માંગલ્યમય બનાવી ભાવી જીવોને જીવન જીવવાનો મધુરો માર્ગ બતાવ્યો છે.

પર્યુષણ મહાપર્વમાં જેનું વાંચન ઉત્સાહપૂર્વક સંભળાવવામાં આવે છે તે કલ્પસૂત્રમાં જણાવ્યા પ્રમાણે આભીર દંપતીના વિવાહ પ્રસંગે મળેલી મદદના બદલામાં તે શ્રાવકને દબાણપૂર્વક ઇચ્છા ન હોવા છતાં પણ તેઓ બે બળદની જોડી તેમને ત્યાં મૂકી જાય છે. તેઓ જ્યારે તિથિને દિવસે પૌષધ કરતા ત્યારે તે બળદો તૃણાદિ ન ખાતાં, આથી શ્રાવકને ઘણાં પ્રિય થઇ પડ્યાં. એકવાર જિનદાસના મિત્રે સુંદર બળદો જાણી વગર પૂછે તેને લઇ ગયો, તથા તેઓ દ્વારા ગજા ઉપરાંત કામ કરાવ્યાથી તૂટી પડ્યાં. તેઓને તે શ્રાવકે ભક્ત પ્રત્યાખ્યાન, નમસ્કારાદિથી પરિકર્મિત કર્યાં. મૃત્યુ બાદ તે બંને નાગકુમાર દેવો થયા. હોડીમાં જઇ રહેલા ભગવાન મહાવીરસ્વામીને એકે હોડીનું રક્ષણ કર્યું, જ્યારે બીજાએ પ્રભુને ઉપસર્ગ કરનાર સુદંષ્ટ્ર અસુરનો વધ કર્યો. બળદો પણ પ્રતિબોધિત થઇ કેવું કાર્ય કરે છે.

પંદરમાં તીર્થંકર ધર્મનાથને સમવસરણમાં પ્રશ્ન પૂછ્યો કે આ જન્મજાત વૈર ભૂલી ગયેલા પશુ-પક્ષીમાંથી કોઇ ભાવી જીવ મોક્ષ મેળવનારો છે ? તેના જવાબમાં ભગવાને કહ્યું કે સામેથી આવી રહેલો આ ઉંદર મારા પહેલાં મોક્ષે જશે.

વિંધ્યવાસ નામે નાનકડા સંનિવેશમાં તેના રાજારાણીને તારાચંદ્ર નામે પુત્ર હતો. યુદ્ધમાં મહેન્દ્ર રાજાનું મૃત્યુ થતાં શીયળ બચાવવા રાણી પુત્ર લઇ ભાગી છુટી. ભરુચ સુધી પહોંચી ધર્મસ્થાનકમાં જઇ રાણીપુત્રને શ્રાવકના ઘેર લઇ ગયા. વૈરાગ્યવાણી સાંભળતા રાણી તથા પુત્ર સંયમ સ્વીકાર્યું. ચૌદમા અનંતનાથ ભગવાનના શાસનમાં સારી રીતે આરાધના કરી.

એકવાર તારાચંદ્ર મુનિ વાસનાથી વ્યાકુળ થઇ પ્રકૃતિને જોતાં ઉંદરનાં ટોળાને ગેલ કરતાં જોઇ તેનું મન ચકડોળે ચઢ્યું. સાધુ જીવન કરતાં આ ઉંદરોનું જીવન સુંદર છે. અશુભ ભાવના આલોચ્યા વિના મૃત્યુ પામી અલ્પ આયુષ્યવાળા દેવ થયા. ઉપરના વિચારોને લીધે દેવનું આયુષ્ય પૂર્ણ થતાં ઉંદર બનવું પડ્યું . ભગવાનની વાણી સાંભળી સભા છક થઇ ગઇ; અશ્રુભીની આંખે ઉંદરે ભગવાનને ઉદ્ધાર માટે માર્ગ પૂછ્યો. અનશન કરીશ તો બાજી સુધરી જશે. તેથી તેણે અનશન કર્યું. પાપનો તીવ્ર પશ્ચાતાપ કરી ઉંદરડીઓથી વશ ન થઇ, વૈરાગ્યથી વાણી દ્વારા જાતિસ્મરણ જ્ઞાન થતાં ક્ષપકશ્રેણિએ ચઢી ભાવચારિત્ર મેળવી તે મોક્ષે ગયો.

આવી રીતે તીર્થંકરની દેશના સાંભળનાર એક દેવે પૂછ્યું કે હું મરીને ક્યાં જઇશ ? તું વનમાં વાંદરો થશે. તેથી ધ્રુજી ઉઠેલો દેવ પુણ્યથી દેવપદ પરંતુ હવે વાંદરાનો અવતાર !

દેવે ભાવી સુધારવા તે જંગલના પ્રત્યેક પત્થર પર નવકારમંત્ર કોતરાવ્યો, જેમાં ઝીણા ઝીણા રત્નો કેમ જાણે ન ભર્યા હોય.

દેવ જ્યારે મૃત્યુ પામી વાંદરો થયો ત્યારે દરેક સ્થળે એક જ પ્રકારના અક્ષરો જોઇ જાતિસ્મરણ જ્ઞાન થતાં પોતે ધર્મ પામવા માટે જ આ કર્યું છે તેમ જાણી દેવભવ વિષય વિલાસોમાં બરબાદ કરી હું અહીં વાનર બન્યો. પશુ યોનિમાં પટકાઇ ગયો ! આ વાતનો આનંદ થયો કે દેવભવમાં નવકારમંત્ર કોતર્યા તેથી જે મને જ્ઞાન થયું તેથી કૂદાકૂદ અને હુપાહુપ કરવાનું બંધ કરી પાપ પ્રવૃત્તિઓ રોકી બને તેટલું કરી લઉં. આમ વિચારી વાનરે અનશન કર્યું, નવકારના ધ્યાનમાં લીન થયો. આયુષ્ય પૂર્ણ થતાં ફરી દેવલોકમાં ગયો.

લોકાલોકમાં રહેતી જીવંત સૃષ્ટિ આ પ્રમાણે કંઇક નિમિત્ત, ટકોર, વસ્તુ, વિચાર, ભાવ, અધ્યવસાયાદિથી કેવી રીતે જીવનને વળાંક આપી પ્રોત્સાહિત થઇ પ્રતિબોધિત થઇ જાય છે.

આ લેખ વધુ લાંબો ન કરતાં વિહંગાવલોકન રૂપે નિમ્લિખિત દ્રષ્ટાંતો નવકારના શ્રવણથી પ્રાણિવર્ગ અજ્ઞાની છતાં, મીંઠ અને ક્લિષ્ટકર્મી છતાં નવકારથી સુખી થયો.

આવશ્યકમાં ત્રિદંડી નવકારથી આલોકમાં સુખી થયો એવું કહ્યું છે.

પ્રહાર વિધુર યુગ બાહુને મદનરેખાએ નવકાર સંભળાવ્યાથી પાંચમાં દેવલોકમાં ગયા.

જંબુસ્વામીના પિતા ઋષભદેવ લઘુ ભાઇ જિનદાસને નવકાર વગેરે ક્રિયા કરાવ્યાથી તે જંબુદ્વીપનો અધિપતિ અણાઢિયો દેવ થયો.

તિર્યંચોમાં કેટલાંકને મહર્ષિઓએ અને કેટલાંકને શ્રાવકોએ પર્યંત ક્રિયા કરતાં નવકારના પ્રભાવે દેવપણું તથા બોધિબીજ મળ્યા છે. દાખલા તરીકે પાર્શ્વનાથનો જીવ હાથી, મુનિસુવ્રતસ્વામી પ્રતિબોધિત અશ્વ, સોદાસનો જીવ ગેંડો, સહદેવીનો જીવ વાઘણ, વૈતરણીનો જીવ વાનર, ભદ્રક મહિષ, કંબળ સંબળ નામે બે બળદ, શ્રેષ્ઠિ પુત્રનો જીવ મત્સ્ય, નંદમણિયારનો જીવ દેડકો, ક્ષુલકનો જીવ શુક, બીજા ક્ષુલકનો જીવ પાડો, ચંજકૌશિક સર્પ, ભરૂચની શકુનિકા, સેડકનો જીવ દેડકો, ત્રિવિક્રમ ભટ્ટનોબોકડો, કમઠની પંચાગ્નિમાં બળતો સાપ, કુરગુકના પૂર્વભવનો જીવ દ્રષ્ટિવિષસર્પ, પ્રદ્યુમનની માનો જીવ કૂતરી, ચારુદત્તે આરાધના કરાવેલો બોકડો, સિંહસેન રત્નનો જીવ હાથી વગેરે અનેક જીવોનું કલ્યાણ નવકારમંત્રથી થયું છે.

એકડા મંત્રથી નૃપતિ રાજમેહેલની અગાશી પર ચઢી નગરની શોભા નિહાળી રહ્યાં છે; સમય સંધ્યાનો હતો આકાશ ક્ષણવારમાં વાદળોથી ઘેરાઇ ગયું, બીજી ક્ષણે તે વિખરાઇ ગયું. ઉત્તમ પુરુષોને આટલું નિમિત્ત બસ હતું. તેઓ આ સામાન્ય નિમિત્તથી વૈરાગી બની ત્યાગી બને છે, અને સંસારની સમસ્ત સુખ સાહ્યબીને તણખલા તુલ્ય તુચ્છ સમજી ત્યજીને સાચા અણસાર બને છે, પ્રત્યેક બુદ્ધ બને છે.

જ્ઞાન, ધ્યાન અને તપની સાધના દ્વારા જીવનને અજવાળતા દમદંત રાજર્ષિના પુનિત પગલે હસ્તિનાપુરી પાવનમ થઇ. ધ્યાનની ધૂનમાં આત્માનો અનેરો આનંદ લૂંટવા લીગ્યા; નિજમાં ખોવાઇ ગયા.

ફરવા નીકળેલા પાંડવોએ દમદંત રાજર્ષિ છે એમ જાણી ત્રણ પ્રદક્ષિણા દઇ ભાવભર્યા હૈયે મુનિને નમસ્કાર કર્યાં. જ્યારે દુષ્ટ દુર્યોધને આપણો કટ્ટો વૈરી છે, દુશ્મન છે તમ માની તેનું મુખ જોવામાં પાપ માન્યું; તેમના ઉપર બીજોરાનું ફળ ફેંકી ચાલતી પકડી.

મુનિશ્રીને પાંડવો તરફથી સત્કાર તથા દુર્યોધન તરફથી દુ:ખદ પરિચય છતાં રાગદ્વેષમાં ક્ષમતા રાખી, ન કર્યો તોષ કે ન કર્યો રોષ. ક્ષમાનો આદર્શ રજુ કર્યો.

★★★

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦ ૦૦૮, લેસરટાઇપસેટિંગ : મુદ્રાંકન, મુંબઇ-૪૦૦ ૦૯૨.